:: **અનુક્રમણિકા** ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૨ | ૧/૨ | સાધર્મિક એટલે કોણ ? | ૧ |
| ૨. | ૨ | ૩ | સાધર્મિક ભાઈઓની વર્તમાન પરિસ્થિતિ | ૨૧ |
| ૩. | ૨ | ૪/૫ | સાધર્મિક ભાઈઓની વર્તમાન પરિસ્થિતિ | ૩૫ |
| ૪. | ૨ | ૭ | સાધર્મિક ભાઈઓની ભક્તિ અને ઉદ્ધારના ઉપાયો | ૩૯ |
| ૫. | ૨ | ૮ | સાધર્મિક ભાઈઓની ભક્તિ અને ઉદ્ધારના ઉપાયો | ૫૦ |
| ૬. | ૨ | ૯ | સાધર્મીની આશાતનાનો ત્યાગ નિંદાનું સ્વરૂપ | ૬૩ |
| ૭. | ૨ | ૧૦ | સાધર્મીની આશાતનાનો ત્યાગ આળ-આક્ષેપનું સ્વરૂપ | ૭૬ |
| ૮. | ૨ | ૧૧ | સાધર્મિક ભાઈઓની ભક્તિના પ્રકાર | ૮૯ |
| ૯. | ૨ | ૧૨ | સાધર્મિક ભાઈઓની ભક્તિ અને ઉદ્ધારના ઉપાયો | ૧૦૧ |
| ૧૦. | ૨ | ૧૩ | સાધર્મિક ભાઈઓની ભક્તિ અને ઉદ્ધારના ઉપાયો | ૧૧૨ |
| ૧૧. | ૨ | ૧૫ | સાધર્મિક ભાઈઓની ભક્તિ અને ઉદ્ધારના ઉપાયો | ૧૨૫ |
| ૧૨. | ૨ | ૧૬ | સાધર્મિક ભાઈઓની ભક્તિ અને ઉદ્ધારના ઉપાયો | ૧૩૭ |
| ૧૩. | ૨ | ૪૮ | સાધર્મિક ભક્તિ (પર્યુષણ પ્રવચન, બીજું કર્તવ્ય) | ૧૫૩ |
| ૧૪. | ૨ | ૧૯ | જીવનના આદર્શ | ૧૬૧ |
| ૧૫. | ૨ | ૨૦ | જીવનના આદર્શ | ૧૬૫ |
| ૧૬. | ૨ | ૨૧ | જીવનના આદર્શ | ૧૮૨ |
| ૧૭. | ૨ | ૨૨ | જીવનના આદર્શ | ૧૯૦ |
| ૧૮. | ૨ | ૨૩ | જીવનના આદર્શ | ૨૦૩ |
| ૧૯. | ૨ | ૩૨ | અનંતના પ્રવાસે અને પ્રવાસી સ્વજનોની ગુણગાથા | ૨૧૮ |
| ૨૦. | ૨ | ૩૩ | અનંતના પ્રવાસે અને પ્રવાસી સ્વજનોની ગુણગાથા | ૨૨૬ |
| ૨૧. | ૨ | ૩૪ | અનંતના પ્રવાસે અને પ્રવાસી સ્વજનોની ગુણગાથા | ૨૩૯ |
| ૨૨. | ૨ | ૩૫ | અનંતના પ્રવાસે અને પ્રવાસી સ્વજનોની ગુણગાથા | ૨૫૫ |
| ૨૩. | ૫ | ૧૯ | માનવનાં તેજ | ૨૬૬ |
| ૨૪. | ૫ | ૧ | બંધન અને મુક્તિ | ૨૯૩ |
| ૨૫. | ૫ | ૨ | બંધન અને મુક્તિ | ૩૦૩ |
| ૨૬. | ૫ | ૯ | પુરુષાર્થ અને પ્રારબ્ધ | ૩૧૦ |
| ૨૭. | — | — | કથા કથન કૌશલ્ય | ૩૧૩ |






E:/Divya-Darshan(part-12).pmd/prf.4

(૧)

# સાધર્મિક એટલે કોણ ?

("સાધર્મિક ભાઈઓની વર્તમાન પરિસ્થિતિ" એ વિષય ઉપર તા. ૧૧-૫-૫૨ રવિવારના દિવસે મુંબઈ **ગોડીજી જૈન ઉપાશ્રયમાં** અપાયેલા **બે** જાહેર વ્યાખ્યાન પ્રસંગે પહેલા વ્યાખ્યાનમાં પૂ. મહારાજશ્રીએ અદ્ભુત કોટિની સાધર્મિક ભાઈઓની જુદીજુદી રીતે ઓળખ કરાવી હતી. આજના વિષમ અને વિકટ કાળે આ પ્રવચન બહુજ પ્રેરક થશે એમ જાણીને અહીં તેનું અવતરણ અપાયું છે.)

**ધર્મ શાસન અને તત્ત્વની સમજ જ નિરાધાર, અજ્ઞાન અને દુઃખી દશા ટાળે :-**

અનંત ઉપકારી અરિહંત પરમાત્મા શ્રી જિનેશ્વરદેવો જગતપર ધર્મશાસન સ્થાપીને અને જગતના જીવોને તત્ત્વની સમજ આપીને એક એવા પ્રકારની કલ્યાણ-સ્થિતિ ઊભી કરે છે, કે જેના યોગે નિરાધાર, અજ્ઞાન, અને દુઃખી જગતમાંથી અમુક હિસ્સો જુદો પડી જાય છે. એ વિભાગમાં આવતા જીવો પોતાની જાતને આધારવાળી, જ્ઞાની અને સુખી બનાવવા ઉપરાંત જગતના બીજા જીવોને પણ આલંબન આપી સનાથ, જ્ઞાની અને સુખી બનાવવા સમર્થ થાય છે. **આપણે આજે જો કોઈ આધારવાળા અને શરણવાળા બન્યા હોઈએ, યત્કિંચિત્ જ્ઞાનના પ્રકાશને ધરનારા થયા હોઈએ અને અનંતા દુઃખમાંથી નીકળી સુખની ઝાંખી પણ જ્યોતને જગાવનારા બન્યા હોઈએ, તો એ પ્રતાપ શ્રી જિનેશ્વરદેવના સ્થાપેલા શાસનને અને એમણે આપેલા તત્ત્વસમજને આભારી છે.** એ બળના ઉપર તો આપણે બીજા જીવોને પણ આપણા જેવી ઉન્નત સ્થિતિ પમાડવા માટે સમર્થ છીએ. એ કોના બળ પર ? પ્રભુએ સ્થાપેલા શાસનના બળ પર, પ્રભુએ આપેલી તત્ત્વની સમજના બળ પર.

**સાધર્મિક એટલે જિનશાસનની રૂએ મોક્ષ તરફ મીટ અને દોટવાળો :-** જગતમાં ધર્મનું શાસન અને તત્ત્વની સમજ આ બે આપણને નિર્બળ અને નિરાધાર કોટિમાંથી બહાર કાઢીને સબળ-સનાથ કરી શકવા સમર્થ બનાવનાર છે. અજ્ઞાનમય દશાને ટાળનાર હોય તો તે છે. દુઃખ અને મહા ત્રાસમાંથી છોડાવીને સુખના



ઝરમરીયા વરસાદ કરનાર હોય તો તેજ છે ! જે આત્માઓ આ શાસન અને તત્ત્વની સમજ પામ્યા છે, તેના બે વિભાગ છે. **એક વિભાગ** એ કે જેમણે ધર્મનું શાસન અને તત્ત્વની સમજ ઝીલી, તેથી **આજસુધી જે સંસાર** તરફ મીટ માંડી દોટ મૂકી હતી, તે હવે **મોક્ષ તરફ મીટ માંડી રહ્યા છે, પણ હજુ દોટ મૂકી નથી.** આજે સાધર્મિક ભાઈઓની વર્તમાન પરિસ્થિતિનો વિચાર કરવાનો છે, તે પહેલા સાધર્મિક એટલે કોણ ? તે સમજવું જોઈશે. સાધર્મિક એટલે તે કે જેણે જિનશાસનની રૂએ હવે સંસાર તરફથી દૃષ્ટિ ખસેડીને મોક્ષ તરફ દૃષ્ટિ નાખેલી હોય. એ ઝંખે છે કે "ક્યારે એવો ધન્ય દિવસ આવે કે મોક્ષમાં મારો આત્મા સ્થિર થઈ જાય, એ માટેની દોટ મૂકું ?" જ્યારે **બીજો વર્ગ** એવો છે કે જેણે **મોક્ષ તરફ મીટ માંડી દોટ મૂકી છે.** એવી મોક્ષ તરફ મીટ અને દોટ બંને છે, તે કોણ ? સાધુ મહર્ષિઓ, મુનિવરો, ત્યારે આજે સાધર્મિક સીદાય છે એમ કહીએ છીએ. તેમાં સાધર્મિક એટલે કોણ ? તે કે જેણે મોક્ષ તરફ દોટ મૂકેલી છે, તે સાધુ અને જેણે દોટ નહિ પણ મીટ માંડેલી છે, એવો ગૃહસ્થ વર્ગ.

**બે પ્રકારના સાધર્મિકમાં સમાનતા અને જુદાઈ :-** શ્રાવક અને સાધુ બંને શાસનને સ્વીકારનારા છે. તો બેમાં શું ફેર છે ? અને શું સમાનતા છે ? એ કે એક સંસારી છે અને બીજો ત્યાગી છે. આવો ફેર હોય ત્યાં સમાનતા છે ? હા ! સમાનતા એ છે કે બંનેએ મોક્ષ તરફ લક્ષ્ય બાંધ્યું છે. બંનેને પૂછીએ કે "તમારે અંતે શું જોઈએ છે ?" તો કહેશે કે 'મોક્ષ' !

**પ્ર.** - સંસારીને તો પૈસા ટકા ય જોઈએ છે ને ?

ઉ. - એ જે તમે વાત કરો છો તે વાત પણ સીધી કે આડકતરી રીતે ક્યાં જઈને મળનારી બનાવવાની છે ? મોક્ષના માર્ગ તરફને ? ચારિત્ર સ્વીકારી પાપ છોડીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપના આચારોમાં જ લીન રહેશે તેનો તો સીધો મોક્ષ સાથે સંબધ છે; કેમ કે એ મોક્ષના રાજમાર્ગો છે. પરંતુ જે શ્રાવક આવશ્યક ક્રિયાઓ કરી બજારમાં ભરાશે, તે મોક્ષ તરફ મીટવાળો હોવાથી આડકતરી રીતેય મોક્ષ સાથે સંબધવાળો ખરો કે નહીં ? એ મનમાં વિચારે છે કે 'શું કરું ? પેટ અને પરિવારને સંભાળવા પડે છે ! પેટ નહિ સંભાળું ત્યાં સુધી, કથીર કાયા પ્રભુ ભજનમાં મોક્ષ સાધનામાં ભંગ કરવાની એટલે જવા દે, કાયા કૂતરીને રોટલો નાખી દેવા દે ! એમ કરી એ રોટલા માટે બજારમાં જાય છે. છતાં સંબંધ કોની સાથે જોડ્યો ? મોક્ષ સાથે ! **એક સંસારી અને બીજો ત્યાગી છતાં બંને મોક્ષની દૃષ્ટિવાળા છે, બંને પ્રભુના શાસનને સ્વીકારનારા બન્યા છે, મોક્ષના રાગી છે, તેથી બંનેની સમાનતા છે.** ત્યારે જુદાઈ ક્યાં ? ત્યાં એક જુદાઈ છે. **એક મોક્ષ તરફ દોટ**



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

**મૂકનાર છે, અને એક વચમાં થોભી થોભી બહુ ધીમે ચાલનાર છે !** મુસાફરી કરનારા બેય આત્મા છે. એક મોટરવાળો ને બીજો પગપાળો. હવે બંનેના સહચારી કોણ ? તો મોટરવાળાનો સહચારી પગપાળો ન કહેવાય એ તો મોટરવાળાનો સહચારી મોટરવાળો કહેવાય, અને પગપાળાનો સહચારી પગપાળો. તેમ **સાધુના સાધર્મિક સાધુ અને શ્રાવકના સાધર્મિક શ્રાવક.** અત્યારે આપણે સાધર્મિક શબ્દથી શ્રાવકના સાધર્મિક લઈએ છીએ.

## • સાધર્મિની પહેલી ઓળખ •

(૧) **ભવાટવીમાં ધર્મની હુંફ, જોમ અને ઝડપ આપનાર** સાધર્મિક છે :- ગમે તેમ પણ, **સાધર્મિક એટલે સ્વયં મોક્ષ માર્ગના પ્રવાસી ! અને સંસાર અટવીમાંથી પસાર થતાને હુંફ, જોમ અને ઝડપ આપનાર સથવારો છે.** એ સથવારો જેને મળે તેય પાવરથી ચાલે ! કેમ કે સથવારા તરફથી હૂંફ, જોમ અને ઝડપ છે ! નહિતર તો સંસારઅટવી ભયંકર છે. પણ એમાંય એવી હૂંફ આપનાર, જોમ દેનાર,અને ઝડપ આપનાર સાધર્મિક મોજુદ છે. સાધુ તો માત્ર મોટે ભાગે ઉપાશ્રયમાં જ અને નિયત સમયે જ દેશના પ્રેરણા આપે અને તેય કેટલાંને મળે ? જ્યારે સાધર્મિક તો હાલતાં ને ચાલતાં મળે, રાત્રે ને દિવસે મળે. એટલે ગમે ત્યાં ગમે ત્યારે ધર્મ પ્રેરણા આપે, તેવી તે **સાધર્મિક કેવી વ્યક્તિ ગણાય ? કહો જેની જોડી સંસારી જગતમાં ન મળે તેવી.** સાધર્મિકની આ રીતે ઓળખાણ કરવી છે, એના પર ત્યારે સાધર્મિક એટલે શું ? એ સાચું સમજાય તો પછી હાડોહાડ લાગે કે 'આ સાધર્મિક ! અને અમે એની ઉપેક્ષા કરીએ છીએ !' સાધર્મિક એ તો કલ્પવૃક્ષ સમાન છે ! એનામાં શું નથી ? આવી વિચારણા જાગે, પછી એમ થાય કે **એવા સાધર્મિકની જો વર્તમાન પરિસ્થિતિ વિકટ છે, તો અમારું પહેલું કર્તવ્ય એ છે કે એની પાછળ સર્વસ્વનો ભોગ આપવો પડે તો આપીએ. પણ એ કલ્પવૃક્ષની આરાધના કર્યા વિના રહીએ નહિ !** તો હવે ફરી ફરી યાદ કરો સાધાર્મિક એટલે કોણ ? આ સંસાર અટવીમાંથી મોક્ષપ્રયણ કરતાં વચ્ચે પ્રમાદ જાગે છે, માર્ગથી ખસી જવાય છે, નિરાશ અશકત અને મંદ પડી જવાય છે, તે વખતે મોક્ષ પ્રયાણમાં હૂંફ તથા જોમ આપનાર અને ઝડપ કરાવનાર બીજું કોઈ સગુંવહાલું દુનિયામાં નથી મળતું. એક સાધર્મિક નામનું તત્ત્વ એવું છે કે જે એ બધું પૂરું પાડે તેમ એમ છે. બાકીના સંસારી સગાં સ્નેહિ માતા કે પિતા, પુત્ર કે પુત્રી, પતિ કે પત્ની, બહેન કે ભાઈ, ઉપકારી કે મિત્ર-ગમે તે હોય, પણ જે કામ સાધર્મિક કરે છે તે કામ એ શું કરી શકે, કે શું કરે છે ?



**કાલસૌકરિક કસાઈના પુત્ર સુલસને સાધર્મી અભયકુમારે ધર્મ હુંફ દીધી :-** ઘણા પ્રસંગોમાં દેખવા મળે છે કે મનુષ્યનો અંતકાળ પણ સુધાર્યો હોય તો સાધર્મિકે-ત્યાં કદાચ ઘરના માણસોએ સદ્‌બુદ્ધિ સુઝાડી આપી હશે, તો એ ઘરના મોહાંધ કુટુંબીજન તરીકે નહિ, પણ સાધર્મિક તરીકે ! તેમ **જીવનકાળ સુધારનાર પણ સાધર્મિક છે.** જાણો છો ને ? કાલસૌરિક કસાઈનો દીકરો સુલસ કુટુંબીઓએ એને શું આપ્યું ? મોક્ષમાર્ગ જવાનું જોમ નહિ, ઝડપ નહિ અને હૂંફ પણ નહિ ! બલ્કે એનાથી વિપરીત, સંસાર તરફ જવાની હૂંફ આપી, ઝડપ આપી, ને જોમ આપ્યું ! એ લોકો એને કહે છે "કાયર છે તું.' 'હું ધંધો નહિ કરું'લ્યો બોલી નાખ્યું ! જે ધંધો બાપદાદાથી ચાલ્યો આવે છે, તે મુકાય ? જો તે નહિ કરે તો કુટુંબને કેવી રીતે સાચવીશ ?

સુલસ કહે છે 'ગમે તે થાય પણ આવો ક્રૂર ધંધો મારાથી નહિ થાય.'

ત્યારે સંસાર પ્રવાસી શું કહે "તો બાવો જ બની જાને ! શા માટે સંસારમાં રહે છે ?" એમને ? તો શું એનો અર્થ એજ ને કે સંસારમાં રહેનાર પાપનો ઈજારો રાખવો જોઈએ ? આ કોની વ્યાખ્યા છે ? એકલા કાલસૌરિકના કુટુંબીઓની, કે આજના કેટલાક આર્ય ગણાતા કુટુંબીઓની પણ ?

હવે જુઓ કે જ્યારે સુલસને મળેલા સાધર્મિક અભયકુમારે શું આપ્યું ? મોક્ષ માર્ગ જવાની હૂંફ, જોમ અને ઝડપ આપી ! તેણે સુલસ પર એવી છાયા પાડી કે "જો તારો બાપ આ હિંસાના યોગે જ અહીં નરકની પીડાની વાનગી પામ્યો, અને પછી તો જરૂર નરકમાં પડ્યો હશે ! તું પણ ધ્યાન રાખજે, **અહીંની પાંચ પચાસ વર્ષની પાપમય જિંદગી એ તો એક વીજળીનો ઝબુકો છે. પણ એની પાછળ દુઃખનાં અંધારાના અસંખ્યકાળ ઊભા થશે !! ત્યાં બે પાંચ વર્ષે પતે એમ નથી.** એવું અભયકુમારે સમજાવેલું છે, એથી સુલસને એની હૂંફ છે ! "ભૂખે મરું તે હા, પણ કસાઈનો ધંધો ન કરું" આ સ્થિતિ કોણે કરી આપી ? સાધર્મિકે ! જ્યારે સંસારીઓએ કાલસૌરિકને શું કરી આપ્યું ? સુલસને શું આપતા હતા ?

**આર્દ્રકુમારને અભયકુમાર સાધર્મિએ ઝડપ આપી :-** આર્દ્રકુમારને પિતાએ સારું શું પમાડ્યું ? કંઈ પમાડ્યું નહિ; એને જે હૂંફ અને આશ્વાસન કુટુંબીઓએ ન આપ્યા તેવા હૂંફ અને આશ્વાસન અભયકુમારે આપ્યા. જિનમૂર્તિ સાથે મિત્રતા મોકલીને સુંદર કોટિનું ધર્મનું જોમ અને મોક્ષ તરફની અદ્‌ભુત ઝડપ આપી. આવી શક્તિનું નામ સાધર્મિક છે, તો **કહો સાધર્મિક ભક્તિ એટલે શું ? આવા પુણ્યવાળી પુરુષની આરાધના અને તેના યોગે સાચી રીતે ધર્મનાં બહુમાન.**

**સાધર્મિક એ પુણ્ય પુરુષ એટલા માટે છે કે જગતના મોટા વિભાગને છોડીને જે નાનો વિભાગ શાસન પામ્યો છે, અને સર્વજ્ઞકથિત તત્ત્વને જેણે અપનાવ્યો છે, તે વિભાગરૂપ શ્રી જૈન સંઘનો એ સભ્ય છે,** આની ભક્તિ એટલે વર્તમાનમાં આપણા હૃદયમાં રહેલા ધર્મની અને ભવિષ્યમાં વધુ સારા ઉગી નીકળનારા ધર્મની આરાધના છે **એ કાંઈ ગરીબડાને ભોજન કરાવવાનું નથી. એને નિરાધાર અને બિચારો ગણી ઓથ આપવાની વાત નથી, પણ એ તો પરમાત્માએ સ્થાપેલા સંઘના અનુયાયીની ભક્તિ અને સેવા છે. તે વાત ક્યારે સમજાય કે સાધર્મિક એ ભવાટવીમાંથી ઉતરતાને જબરજસ્ત સથવારો છે તેમ સમજાય ત્યારે !**

**સહધર્મિણી મદન રેખાએ પતિને મહાન ધર્મ જોમ આપ્યુ :-** આ વાત આપણને મદનરેખાના જીવનમાં દેખાય છે. મદનરેખા મહાસતી, એ હતી પત્ની યુવરાજ યુગબાહુની, પણ જો માત્ર પત્ની જ રહી હોત, તો યુગબાહુને પાંચમાં દેવલોકમાં મોકલી શકત નહિ અને નરક મીટાવત નહિ. **પત્ની એટલે શું ? શું પતિને વિષય સામગ્રી પૂરી પાડનારી ? શુ એના આરંભ પરિગ્રહરૂપ સંસારને ઉપડાવનારી ? અને પતિના મરી ગયા પછી જે જમેલો આરંભ-સમારંભ બાકી રહ્યો, તેમાં જીવન ઢસેડી પતિને પરલોકમાંય પાપના પારસલ મોકલનારી** ? આવી જો રહી હોત મદનરેખા, તો પતિના મરણ વખતે પોક મૂકત ! એમ કહેત કે 'મરતા ગયા ને મારતા ગયા ! અરેરે ! મારું **ભાગ્ય ફૂટી ગયું** ! (કોનું ભાગ્ય ફૂટ્યું ? મરનારનું કે જીવતાનું ? જીવતાને તો હજી ઉત્તમ સાધનાનો અવકાશ છે, ત્યારે મરનાર તો બિચારો અહીંથી તગેડી મૂકાયો) હાય! શું કરું ? લાવ લાવ ઝટ હીરા માણેક હાથ કરી લઉં. નહિતર પછી મારું કોણ છે ? આ બાપે, લ્યો, આવા સાથે પરણાવી ! આ કરતા ગરીબ પતિ સારા... વગેરે ... ઘણું બોલે વિચારે, પણ કોણ ? પત્ની હોય તે. પણ આ તેવી પત્ની નહોતી, પણ સાધર્મિક હતી. એટલે જુએ છે કે ''અહો મારો સાધર્મિક પતિ કષાયમાં સળગી રહ્યો છે, અને આયુષ્ય ખૂટવા આવ્યું છે ! અહાહાહા ! હમણાં નરકના જમડા તેમને તાણી જશે, માટે ઝટ સાવધાન કરવા દે.''

**મદનરેખાની નિર્યામણા :-** પછી શું કર્યુ એણે ? **મોક્ષ તરફ યુગબાહુની મીટ મંડાવી, કષાય લુંટારાઓની ઓળખ કરાવી, જીવનની બાકી રહેલી થોડી પણ ઘડીનો શુભધ્યાનની લગનીમાં ઉપયોગ સૂચવ્યો એના ઊંચા મૂલ્ય સમજાવી દીધાં !** ટૂંકમાં કે 'કોઈનાથી નિરાધાર પણે કપાઈ ગયેલો હું' એવો ભાવ ભૂલાવીને એને અદ્ભુત આરાધક બનાવી દીધો. એણે કહ્યું. **''ક્ષત્રિય થઈને આ શું કરો છો ? મરતાને મારવા ઈચ્છો છો ? ભાઈ તો બિચારો એના ઘોર પાપે મરી રહેલ**



**છે. એને શું મારવો ? સમજજો કે આપણા પોતાના પૂર્વકૃત કર્મનું ફળ મળે છે. આપણા સારા નરસામાં આપણાજ શુભાશુભ કર્મ કારણ છે, બીજા તો નિમિત્ત માત્ર છે, હવે જવું છે ચોક્કસ, તો અરિહંત પ્રભુનું શરણ કરો, દુષ્કૃતની ગર્હા કરો, નવકાર મંત્રનું ધ્યાન કરો, એજ તરણતારણ છે.''** પણ આ શી રીતે કહ્યું ? જો એમજ યાદ રાખ્યું હોત કે 'અમે આર્યદેશની બાળા, એને એકજ પતિ હોય, તે મરે તો અમે વિધવા થઈએ. પછી અમારું બેલી કોણ ?' તો એ શું પમાડત ? સંસારી તરીકે વધુ નીચી નરકની સગવડ કરી આપત ! કેમકે એ કહેત કે 'તમારો ભાઈ હરામખોર ! એવાને તો પહેલેથી જ...' આવું કહીને કષાયની સામાન્ય હોળીમાંથી દાવાનળ કરાવત ! એના બદલે **આ, મારો સાધર્મિક એ, હું એમની સાધર્મિક, એની હાજરી છતાં નરકમાં જાય તો મારા સાધર્મિપણામાં ધૂળ પડે !''** કેવી સદ્ગતિ તરફ ઝડપ આપી યુગબાહુને ? નરક ઉડાવી ! તિર્યંચગતિ-મનુષ્યગતિ ઓળંગાવી ! ભવનપતિ વ્યંતર વટાવ્યા ! જ્યોતિષ અને પહેલા ચાર વૈમાનિક પડ્યા રહેવા દીધા ! અને સીધા પાંચમા દેવલોકમાં પહોંચતા કર્યા. આ કોણે કરાવ્યું ? સાધર્મિકે ! જ્યાં જ્યાં સાધર્મિક મળે તેને આ રીતે ઓળખી હર્ષના આંસુ વહાવીએ તો આત્માનો ઉદ્ધાર છે. **સાધર્મિક ગમે તેવો દુઃખી, ગરીબ, મેલો ઘેલો હોય, પણ જો એના તરફ સૂગથી જોયું, ગરીબડા તરીકે કે હાલીમવાલી તરીક હલકી રીતે જોયું, તો ભવિષ્યમાં એવા સાધર્મી તો શું પરંતુ આ ધર્મ પણ મલવો મુશ્કેલ ! કેમ ? સાધર્મિક તરફની સૂગ, અભિમાન, દુગંછા અને અવગણના એ દર્શાનાચારને મલીન કરનાર છે, એથી સમકિત દુર્લભ થઈ જાય. પ્રભુ કહે છે કે સાધર્મિકને માને છે, તે મને માને છે.**

**ગરીબ પણ સાધર્મિની દયા નથી ખાવાની, ભક્તિ કરવાની છે, કેમ કે એ દેવ ગુરુ ધર્મની મુડીથી શ્રીમંત છે :-** આવા સાધર્મિની દયા નથી ખાવાની. એની તો મહાન ભક્તિ કરવાની છે. શ્રેણિક પુણિયાની દયા ખાવા નહોતા ગયા. ત્યારે તમે પૂછો કે અમારાથી એવી ભક્તિ ન બને તો અમે દયાય ન કરીએ ? ''પણ એમ ન પૂછતા, કેમ કે સીદાતા સાધર્મીની જરૂર ભાવ દયા કરવાની છે, પણ બાહ્ય ભક્તિ સાથે, કહો તો ખરા કે દયાને બદલે ભક્તિ કરતા કોણ રોકે છે ? કોઈ સારો અમલદાર ઘેર આવવાનો હોય અને બાપ છોકરાને કહે કે'' એના કરતાં એને પેસવા જ નહિ દઈએ તો ? ''એ કેવું ? ખોટું ને ? કહેવું પડે કે એમ કરીશ તો દુઃખી થવાશે. તેમ અહીં આ સાધર્મિક એટલે'' મારા જેવાને ભવાટવીમાં ઊંચી કોટિનું જોમ, ઝડપ અને હુંફ આપનાર સથવારો છે ! તો યદ્યપિ આજે એને પૈસાની જરૂર છે, પણ તે હું આપું એ દયાથી નહિ, પણ ભક્તિથી. કેમ કે હું



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

ન આપું તોય એનું બહુ બગડી જતું નથી. **કારણ કે એની પાસે દેવગુરુ ધર્મની મહાન મુડી છે. દુનિયાના બીજા દુઃખી પાસે એ નથી માટે ગરીબડા રાંકડા છે, પણ સાધર્મિ પાસે તો એ છે, પછી બિચારા કહેવાય ? તમે લોકોએ તો એને બિચારા કહી કહીને ખરેખર બિચારા બનાવી દીધા. કદાચ પૈસાની ભક્તિ ન બને તોય આ મુડીની ખુમારી શિખવો.**

**તરવાનો મંત્ર-મારે મારું કર્તવ્ય બજાવવું જોઈએ; ભરત મહારાજા અને વાગ્ભટ મંત્રીનાં દષ્ટાંત યાદ રાખો.** તેમણે સાધર્મિકનાં સન્માન કેવાં કર્યા ? વાગ્ભટ્ટ મંત્રી સિદ્ધગિરિના ઉદ્ધાર માટે જઈ પહોંચ્યા છે. વચ્ચેના નગરોના લોકોએ વિનંતી કરી કે 'આપ એકલા ઉદ્ધાર કરી શકો તેમ છો, પરંતુ અમને પણ ઉદ્ધારમાં લાભ આપો. ફૂલ નહિ તો ફૂલની પાંખડી ખર્ચવા દો.' શું આ ? એ સમજે છે કે વાગ્ભટ્ટ મંત્રીની જેમ પ્રભુ શાસન સુકાનીની નાવડીમાં મુસાફર થઈને તરવાનું તો જોમ છે !'' પણ વાગ્ભટ્ટ મંત્રી એ લોકોને દાદ આપી નહિ. કેમ વારું ? **ધર્મના કામ મળવાં જ દુર્લભ છે. પાપનાં કામ, મોહનાં કામ, લુંટાવા-ગુમાવવાના પ્રસંગ તો આ જગતમાં હાલતા ચાલતા મળવા બહુ સહેલા.** મંત્રી સમજે છે કે શું છતી શક્તિએ ફંડફાળા કરવાના ? ''પણ આ તો સંઘનું કામ છે. તે બધું જ પોતાના માથા પર લેવાનું ?'' હા, કેમ **કે આખા સંઘની ભક્તિનો પણ એમાં મહાન લાભ મળે એમ છે, પણ ધર્મ સેવાનો આ બધો ભાર પોતે જ ઉઠવાનું કોને ન ખપે ?** જેને ધર્મ પોતાનો ન લાગ્યો હોય, જેમ પોતે સંસાર ઉપાડેલો છે, અર્થાત્ પત્ની છોકરાં, પોતાના માતાપિતા, વગેરે જેને હૈયે વસેલું છે, તે ફંડફાળા કરે ? જેને હૈયે ધર્મ નથી વસ્યો તેને તો લાગે કે ''શું આ બધું એકલાં અમારે જ ઉપાડવાનું ? એકલા અમે જ આ ધર્મના છીએ ? ધર્મનો તો આખો સંઘ છે.'' આવા અજ્ઞાનીને જ્ઞાની સમજાવે છે કે ''તારે એ જોવાનું નહિ. **આ અસ્થિર સંસાર અને ક્ષણિક જીવનમાં તારે તો તારાથી જેટલું વધારેમાં વધારે બને તેટલું સારું કરી છુટવાનું. બીજા લાભ લેશે એટલી તારા પુણ્યમાં ઓછાશ રહેશે.** તું તારો સંસાર પણ એ રીતે ચલાવે છે કે તારી શક્તિ મુજબ ઘી કેળાં ખવરાવવાની શક્તિ હતી તો ઘી કેળા ખવરાવ કુટુંબને; અને આજે સુક્કો રોટલો છે તો એ, પણ ત્યાં ફંડફાળો કરવા ન નીકળે ને ? તારે તો એટલું જ જોવાનું કે મારે મારું કર્તવ્ય બજાવવું જોઈએ આ જાતની દઢ બુદ્ધિ રહે તો આત્મા જ્વલંત રીતે સુંદર ધર્મ આદર્યા વિના ન રહી શકે.

**વાગ્ભટ મંત્રીની ધગશ : સંઘ એટલે શાસન સ્તંભ :-** વાગ્ભટ્ટ મંત્રીને મનમાં થયું કે ''આનંદ કલ્યાણી સંઘ તો શાસનના ઘણાંય કાર્યો કરે છે. પણ આ



જીર્ણોદ્ધારનો લાભ તો મારે જ લેવો જોઈએ. મારા હાથમાં આવેલું આવું આત્મોદ્ધારક અણમોલું ક્ષેત્ર કેમ જવાય દેવાય ? આ બાજુ સંઘ જુએ છે કે આ મંત્રી પ્રભુનો મહાભક્ત છે, એને કોડ જરૂર હોય કે ''બધો લાભ મળે ક્યાંથી મળે ?'' પણ આપણેય લાભ ગુમાવવો નહિ એટલે જુદા જુદા સંઘ નાયકો પણ સિદ્ધગિરી પહોંચી ગયા અને મંત્રીનું સિદ્ધગિરીમાં મોટું સામૈયું કર્યું, સંઘની સભા થઈ અને મંત્રી પાસે માંગણી કરી.'' મંત્રીધર અમે હવે પાછા જવાના નથી ? જ્યાં સુધી અમારી ફૂલ નહિ તો ફૂલની પાંખડી આમાં સ્વીકારવામાં નહિ આવે ત્યાં સુધી અમે અહીં બેઠા છીએ.'' કોણ છે આ ? સંઘ એટલે ? નગર નગરના ચુનંદા શાસનના સ્તંભસમા શ્રાવક ! **સંઘ એટલે જેના પર જિનશાસનની મહેલાત અખંડ ઊભી રહે છે તેથી શાસનને ચિંતા નહીં કે, ''હું નીચે પડીને ભાંગી જઈશ તો.'' કેમ કે શ્રાવકો સ્તંભ સમા હોય. એટલે વાતવાતમાં શાસનને જ ઊંચું રાખ્યા કરે,** ઘરને નહિ ! શું સમજ્યા ? છેવટે વાગ્ભટ્ટ મંત્રીને નમવું પડ્યું ટીપ નોંધાવા માંડી, મંત્રીએ પોતાના અંગત માણસને ઊભો કર્યો ''ચાલ નોંધવા માંડ, સંઘની ઈચ્છા પાછી ઠેલાય નહીં.'' નોંધ થવાની તૈયારી થઈ ગઈ, શાની નોંધ ? પ્રભુ ભક્તિની, મોક્ષની ઉમેદવારીની. મંત્રી ચારે તરફ નજર નાખે છે. ત્યાં દેખ્યો, છેવાડે ઊભેલો મેલાઘેલા વસ્ત્ર પહેરેલો **ભીમો શ્રાવક** ! શું કરે છે એ ? હાથ લંબાવે છે ને સંકોચે છે. આ અદ્ભુત ભક્તિના અવસર માટે પોતે ઊંચો નીચો થાય છે ! આ બધું વાગ્ભટ્ટ મંત્રી દૂર બેઠા બેઠા જોઈને વિચાર કરે છે કે ''અહો આ કોઈ શ્રાવક મુંઝવણમાં પડેલો લાગે છે ! મારી નજર સામે આ કોણ છે ? મારે તો અત્યારે સાધર્મિક માત્ર સરખા, **કોઈ શ્રીમંત નહીં કે ગરીબ નહીં, પારકો નહિ ને પોતાનો નહિ. મારી નજરમાં તો બધા સરખા સાધર્મીક છે. તેમ આ ગરીબ શ્રાવક પણ સાધર્મિક જ છે. એની મુંઝવણ મારે ટાળવી જ જોઈએ.**

**ભીમાનું સર્વસ્વનું સમર્પણ :-** વાગ્ભટ્ટ મંત્રીએ બહુમાન પૂર્વક ભીમાને બોલાવ્યો. પણ મોટા માનવ સમુહમાં ભીમાને સંકોચ થાય છે. જ્યાં પહેરવાના થેપાડાને દસ તો થીગડાં હોય, ખભે નાંખેલા ખેસમાં દસ ઠેકાણે ઘીનાં ધાબા પડ્યા હોય, મોં પર ધૂળના ગોટા ચઢ્યા હોય, ત્યા સંકોચાય નહિ તો શું થાય ? મંત્રી પાસે જવું શી રીતે ? પણ વાગ્ભટ્ટ મંત્રી છોડે એમ નથી. ભીમાને કહે છે ''શેઠજી, પધારો અહીં.'' પણ **'એ ગરીબડાને, મેલીયા ઘેલીયાને કેમ બોલાવાય ? જો આ વિચાર આવે તો ખુદ તીર્થંકર દેવનું અપમાન છે એમાં. સાધર્મિકની જે વિટંબના, તે પરમાત્માની જ વિટંબના છે.** ગુજરાતના મહામંત્રી અને સંઘના આગેવાનોના અવાજ ! કે આખા માનવ સમુહમાં ચુપચાપ શાંતિ ! આવવાની

જગા થઈ જાય ! પેલો ભીમો સમજે છે કે પોતાના કશા ઠેકાણા નથી. ત્યાં તેને મંત્રીના માણસોએ આગળ કર્યો "પધારો શેઠ" ભીમાને સંતોષથી મંત્રી પૂછે છે, "શું મુંઝવણમાં ? ફરમાવો અહીં જરાયે સંકોચ રાખશો નહિ. "ભીમો કહે છે" મંત્રીશ્વર મારું જોમ કે ગજું સુકાની થવાનું નથી પણ સુકાનીની નાવડીમાં બેસવાનો તો મનેય ભારે તાલાવેલી છે. "શેના પર ? એક દ્રમ્મક ઉપર ! પંચાશકજીમાં કહ્યું છે કે "પ્રભુની ભક્તિમાં ભલે અલ્પ પણ સ્વદ્રવ્ય નિક્ષેપ કરવો એ એક બિદુને સમુદ્રમાં નાખી અક્ષય કરવા જેવું છે. એટલે ? જેમ સમુદ્રમાં પાણીનું એક બિંદુ નાખ્યું. એ અક્ષય બની જાય છે. એટલે કે હવે જ્યાં સુધી તે આખા સમુદ્રની સુકામણી ન થાય, ત્યાં સુધી તે બિંદુની સુકામણી ન થાય, હયાતિ પહોંચે. તેમ પ્રભુ ભક્તિનું દ્રવ્ય લાંબોકાળ પુણ્ય લાભ આપે છે. ભીમો કહે છે. "મારી એ ભાવના છે કે મારી પાસે જે આ એક જ દ્રમ્મકની મુડી છે, તેને આ તીર્થ ભક્તિમાં ખરચવી, પણ તેને હું અહીં કેવી રીતે આપું ? જ્યાં હજારો લાખો નોંધાતા હોય, ત્યાં એ શે બને ?" મંત્રીશ્વર કહે છે કે "વાહ, કેમ ન અપાય ? જરૂર અપાય." ભીમાને પોતાના અર્ધ આસને બેસાડે છે. ભીમાનું સ્વીકરાયું એટલે ભીમાને જાણે ઘેબરનાં ભોજન મળ્યા ! આ દ્રમ્મક આપ્યા પછી ભીમાને ઘેર જઈને એક કોડીના ફાંફા છે. ! શ્રાવિકા ઘેર રાહ જોઈને બેઠી હશે કે "શ્રાવક કંઈક કમાઈ લાવશે એથી નિર્વાહ થશે. "પણ અહીં ? **"આ મારો એક દ્રમ્મક સ્વીકારાય તો તે મહાન તીર્થોદ્ધારમાં અમર થઈ જવાનો. મારા તો અનેક ભવો સુધરી જાય" આ ભાવનામાં સર્વસ્વનું સમર્પણ છે !**

## • સાધર્મિક ભક્તિની ધૂન ક્યારે લાગે ? •

**મારા જીવનની આ ઘડી પસાર થાય છે, તેવી ઘડી બીજી કોઈ નહિ ! અનંતાકાળમાંય આવી કોઈ ઘડી નહીં લાધી હોય ! કેવી આ ધન્ય ઘડી ! પ્રભુ અને પ્રભુ શાસનની ભક્તિમાં સર્વસ્વ આપી દેવાની ઘડી ક્યાંથી પૂર્વે મળી હોય** ? મળી હોય તો હું આજ સુધી રખડું ? જો વાગ્ભટ્ટ મંત્રીએ મેલાઘેલા ભીમાને ગરીબડા તરીકે ઓળખ્યો હોત કે "હું એટલે એક મહાગુજરાતનો મહામંત્રી, અને આ ભીમો એટલે મારા પ્રજાજનમાં ગણાતા અનેકાનેક કોટ્યાધિપતિ-લખપતિઓ વગેરે, તેમનાથી પણ તદ્દન નીચી પાયરીનો ! બિચારો છેકછેલ્લે પાટલે બેસનાર એક દરિદ્ર પ્રજાજન," આમ જો ઓળખી ભરી સભામાં **ભીમાની પીઠ ન થાબડી હોત, અને પોતાની અડધી ગાદીપર બેસાડત નહિ, તો સાધર્મી ભક્તિના મૂલ્ય અને આત્મપરાક્રમની કિંમત જાતેય ક્યાંથી સમજત અને સંઘનેય કયાથીં સમજાવત ?**



સાધર્મિક ભક્તિ કરવા પહેલા 'સાધર્મિક એટલે કોણ ?' એ સમજીએ, પછી તો ધૂન લાગવાની કે, પહેલાં સાધર્મિકની ભક્તિ, આદર અને બહુમાન-સત્કાર કરવાના, પછી દુનિયાનું બીજું બધું કાર્ય ?

**જે દયા માંગતા નથી તેમની દયા ન ખાઓ :-** અવસરે તમે સાધર્મિકને પાંચહજાર આપી દો, પણ રસ્તે સાધર્મિક મળતાં તેના તરફ રોફની નજર નાખો તો એ પાંચહજાર આપ્યાનું બહુ મૂલ્ય નથી. તેની સામે, **કદાચ સાધર્મિકને કંઈ ન આપી શકનારો પણ માત્ર એના દુખમાં દિલાસાનો સુર પુરાવનારો અને સમાધિની પ્રેરણા પાનારો તથા એનાં આંતર બહુમાન અને બાહ્ય સન્માન કરનારો, કરાવનારો, તે સાધર્મિકનો ઊંચો ઉપાસક છે.** આ મંત્રી ભીમાનું સર્વસ્વ આપી દેવાનું પરાક્રમ જોઈને પીઠ થાબડે છે. "ધન્ય છે ! આવો, આ આસને બીરાજો." ભીમો મનમાં સમજે છે કે "હું કોણ ? આપી આપીને શું આપીશ ? માત્ર એક રૂપિયો !" ત્યારે આ મહામંત્રી કેવું માન આપે છે ? તેના હાથ ધ્રુજે છે ! એને થાય છે કે "મારા હાથે શું મોટું આપવવાનું દેખાડું ? મારી પાસે ક્યાં એવું પુણ્ય છે ? આ તો મને આ મોટી સભામાં પ્રમુખ તરીકેના પોતાના અડધા આસને બેસાડે છે. અને પાછું કહે છે કે પહેલું નામ લખો ભીમાજીનું. પછી બીજું નામ પોતાનું-મંત્રી વાગ્ભટ્ટનું !" ભીમો મનમાં કેઈ આશ્ચર્ય અનુભવતો હશે, ત્યાં જાહેરાત સાંભળતાં સભામાં સનસનાટી વ્યાપી ગઈ ! એક છુપો તડફડાટ અને ફડફડાટ થઈ ગયો ! કેઈક શેઠીયાઓ માથું ખણવા માંડ્યાં, અને કેઈક હાથ ઘસવા માંડ્યા !

**મંત્રીની અમર વાણી; મારું લલાટ મારી પાસે છે;**-એટલે મંત્રી ઊભા થઈને કહે છે "મહાનુભાવો ! જરાયે બીજા વિચાર મનમાં ન લાવતા. આ તીર્થ-ઉદ્ધારની ટીપમાં જે પહેલો નંબર આ ભીમાશેઠનો પડે છે, તેનું કારણ એ છે **હું ને તમે બધા તો પાસે ઘણું રાખીને અહીં થોડું આપીએ છીએ. જ્યારે આ ભાગ્યશાળી નરવીર તો જીવનનું સર્વસ્વ આપી દે છે !** આપણે એમની દયા ખાવાની નથી કે ભીમો બિચારો હવે શું ખાશે ? કેમ કે એ તો માને છે કે **મારું લલાટ મારી પાસે છે. એ લલાટ જો સદ્ધર છે, તો એમાં બધું છે. જો એ સદ્ધર નથી તો પાસેનું બહારનું ઘણુંય પોતાનું નથી." માટે સમજો કે જે દયાપાત્ર નથી. તેની દયા ખાઈશું તો આપણા બાર વાગી જશે**. પરાક્રમ કરનાર પોતે છે અને તે કરાવનાર પ્રભુશાસન છે, ત્યાં આપણે દયા ખાઈએ કે અનુમોદના અને ધન્યવાદ વરસાવીએ ? **શાસને શિખવ્યું છે કે "બધું મૂકીને મરવાનું છે, કેટલું મૂકીને ? બધું જ. તે મૂકીને જાઓ તે પહેલાં બધુ સાત ક્ષેત્રોમાં પાથરીને જજો."** મંત્રીનું ભાષણ સાંભળીની સભા ઠંડી



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

થઈ ગઈ. ખુશ થઈ ગઈ. મંત્રીને જે ગમે તે એમને ગમે. કેમકે આ મહામંત્રી એટલે અવિવેકી ને અર્ધમી નથી. પણ એ તો મહાધર્મી, મહાચતુર અને મહાબુદ્ધિમાન છે. આખી સભા ભીમાને હાથ જોડે છે.

**ભીમો સાધર્મી આપણને હૂંફ આપે છે :-** મોક્ષ તરફ લક્ષ રાખીને સંસાર અટવીમાંથી પસાર થતા આપણને તેમાં અનેક ભય ને ત્રાસ ઊભા થાય છે, તે વખતે સાધર્મિ એ મહાન હુંફ અને જોમ આપે છે. તો, જો જો, વધુ ખટપટ રાખતા નહિ. પણ "માથે ઘણી ફરજો છે તેનું શું ? દીકરા-દીકરી ને પરણાવવાનાં છે. પેઢીને પગ ભર કરવાની છે...' આ બધી જે **મનની ઘેલી વૃતિઓરૂપી લુંટારાઓ લુંટે છે, તે વખતે ભીમો પોતાની પ્રવૃતિથી આપણને જે હુંફ આશ્વાસન આપે છે તે લેજો. "ગભરાશો નહિ. આપણી પાસે ધર્મ છે તો બધું જ છે, પછી ચિંતા ન કરો. ધર્મમાં બધું હોમી દો, તીર્થરક્ષાનો લાભ કદાચ અનંતકાળેય નહીં મળે,"** તે હૂંફ અને જોમ લઈ રાખજો. સહુનાં હૈયાં ભીમા તરફ ઝુકી પડ્યાં !

## • સાધર્મિકની બીજી ઓળખ •

**બીજી વાત :- સાધર્મિક એ ભવભ્રમણથી થાકેલાને આશ્વાસન છે.** અટવીમાંથી મુસાફરી કરતાં સથવારાની જરૂર છે. તેમ જે ચાલ્યા છીએ તેનો થાક પણ લાગ્યો છે, તે થાકને ઉતારવા માટે આ સાધર્મિક શાંતિ આપનાર છે. તમને મનમાં નિરાશા થાય કે, "આ જીવનમાં બહુ પાપ ! ઘણી માથાફોડ !" તે વખતે પેલો સાધર્મિક આશ્વાસન આપે છે. "એટલું જ ને ? એમાં શાંના મુંઝાઓ ? **પાપનાં પશ્ચાત્તાપ અને પ્રાયઃશ્ચિત્ત જ્ઞાનીઓએ કહ્યાં છે, સમતા સમાધિના પાઠ એમણે ભણાવ્યા છે."** આવા પ્રકારનાં સુંદર આશ્વાસન આપનાર કોણ છે ? એવું સક્રિય જીવન જીવનાર સાધર્મિક ! તે સાધર્મિક માત્ર રૂપરંગવાળો નહિ. માત્ર શ્રીમંત નહિ, માત્ર શ્રીમંત નહીં, માત્ર પંડિત જ નહિ, ચાહે ગમે તે હોય, પણ તેની સાથે સંબંધ બાંધીએ કે એ આશ્વાસન આપે, આ સંબંધ બાંધતા પહેલાં જ ચોખવટ કરે કે જો ભાઈ આપણો સંબંધ સાધર્મિકનો છે, પણ સીનેમા જોવા જવાનો કે ચોપાટી બેન્ડસ્ટેન્ડ પર ફરવાનો સંબંધ નહિ !" સાધર્મિકનું જીવન જ આવું આશ્વાસન આપે છે. એવાનો અહીં આપણને સંબંધ એ મહાન લોટરી સંબંધ જેવો થઈ ગયો લાગે છે.

**છ ખંડના જીતનારાય જિતાયેલા છે. બીજાને નિર્ભય કરનારાય ભયભીત છે :-** ભરત ચક્રવર્તીએ સાધર્મિકો સાથે આવો જ સંબંધ રાખ્યો હતો, માટે જ એમણે સાધર્મિકોને કહી રાખ્યું હતું કે તમારે ખુશીથી માત્ર ધર્મજીવન જીવવું. અને



ભોજનાદિ માટેનો લાભ મને આપવો. ફક્ત જ્યારે હું રાજ દરબારમાં બેસું ત્યારે તમારે મને આ ચેતવણી આપવી કે **"તું જીતાયેલો છે ભય વધે છે, માટે આત્માને હણ નહિ, હણ નહિ"**-અહીં જુઓ કે સમ્રાટ ભરત પોતાને ભવભ્રમણથી થાકેલો માને છે. તેથી જ હવે એ ભ્રમણા અટકાવવા માટે તમન્ના રાખે છે. પણ એમાં ચક્રવર્તિની સંપત્તિમાં મોહરાજાના સુભટો પોતાને હરાવીને પોતાના ઉપર સ્વાર થાય છે, તેથી જ ભવભ્રમણનો ભય વધે છે. માટે આ **સાધમિકો એ વસ્તુ ખ્યાલ બહાર ન જાય તેની વારંવાર ચેતવણી આપીને રાજાધિરાજ ભરતને સાવધાન રાખે છે; જેથી એ પોતાના ચક્રવર્તી જીવનમાં અંતર્ગત રીતિએ મોહની તેવી પરાધીનતા સ્વીકારતા નથી, મોહના સુભટોને ફાવવા દેતાં નથી અરિસાભુવનમાં કેવળજ્ઞાન પામવાની તૈયારી કરી રહ્યા છે !** આ વસ્તુ સાધર્મિકોની રોજની ચેતવણીની વાણીથી સરળ બને છે. માટે ભરત રાજાને આ સાધર્મિકો આશ્વાસન રૂપ છે. **આવા સાધર્મિકોનો સંયોગ કોઈ મહાન પુણ્યોદયે મળે તેથી મળેલી સાધર્મિકોની સાચી કિંમત સમજવી જોઈએ.** તેમજ એમના પ્રત્યે ઊંચો સદ્ભાવ, પ્રેમ અને બહુમાન કેળવી, એમની સારામાં સારી સેવા ભક્તિ કરવી જોઈએ.

**પુણિયો અને વિજય :-** પુણિયા શ્રાવક અને શ્રાવિકા અરસ પરસને મહાન આશ્વાસનરૂપ હતાં. વિજય શેઠ અને વિજયા શેઠાણી એ પણ અન્યોન્યને મહાન આલંબનરૂપ હતા. કેમ; એ સમજી શકાય એવું છે, પુણિયા શ્રાવકને સાડા બાર દોકડાની કમાણીમાંથી રોજનો સાધર્મિક ભક્તિનો ધર્મ કરવો હતો, તેમાં શ્રાવિકાએ સાથે એકાંતરે ઉપવાસ કરવાની સંમતિ દેખાડી, એ આશ્વાસન. વિજય શેઠને જીવનભર બ્રહ્મચર્ય પાળવાની પ્રેરણાં, વિજય શેઠાણાએ પોતે જિદંગીભર બંને પક્ષના બ્રહ્મચર્ય સ્વીકારીને આપી.

## • સાધર્મિકની ત્રીજી ઓળખ •

### સાધર્મિક એ દેવગુરુ અને ધર્મનો સંસ્મારક છે :-

**ત્રીજી વાત :-**સાધર્મિક એ દેવગુરુને ધર્મનો સંસ્મારક છે, અર્થાત્ સાધર્મીકને જોતાં જ દેવ, ગુરુ ને ધર્મનું સ્મરણ થાય છે. તેવી એક જ સાધર્મિક નામની વ્યક્તિ છે. કાકો કે મામો નહિ. કેમ કે કાકાને કે મામાને જુવો કે તરત દુનિયા યાદ આવે. તે વખતે દેવગુરુ કે ધર્મ યાદ નથી આવતા. કદાચ એ કાકા, મામા ધર્માત્મા હોય તો હજી દેવ ગુરુ યાદ આવે, પણ ત્યાં તો એ સાધર્મિક છે. તેથી સાધર્મિકથી જ દેવગુરુ યાદ આવ્યા એવું થયું. દીકરા કે બાપને જુએ કે મનમાં શું થાય ? "બાપુજી

પાસે ઘણી મુડી છે, ચાલો ચિંતા નથી ! પત્નીને પતિ દેખાય, કે પતિને પત્ની દેખાય, તો શું યાદ આવે છે ? રહેવા દો, કહેવા જેવી વાત નથી. ત્યારે સારાયે જગતમાં સાધર્મિક એક એવી ચીજ છે કે જે દેવ ગુરુ અને ધર્મનું સ્મરણ કરાવે છે. અવસરે તે મહામૂલું સ્મરણ જે કમાણી કરાવે, તે કરોડોનો વારસો આપનાર બાપ ન કરાવી શકે. વિચાર તો કરો દેવગુરુ ધર્મનું સ્મરણ ક્યાં સસ્તું છે ? દેવગુરુ ધર્મના સ્મરણની કિંમત કેટલી ઊંચી છે ? આવા સાધર્મિકના કેટલા ગુણ ગાઈએ ? કેવો ઉપકાર માનીએ ? કઈ ભક્તિ કરીએ ? સાધર્મિકની જો ભક્તિ કરી તો સમજી લ્યો કે ખુદ કલ્પવૃક્ષની જ તમે ભક્તિ કરી

## • સાધર્મિકની ચોથી ઓળખ •

**સાધર્મિક એ પ્રભુ શાસનની પેઢીની જવાબદારીને ઉપાડનાર છે :- ચોથી વાત :-** સાધર્મિક એટલે ? **જે મને પ્રાણથી પ્યારૂં વીર પરમાત્માનું શાસન, તેની અને પ્રાણથી અધિક પ્યારી મારા પ્રભુના શાસનની પેઢી, તે પેઢીની જવાબદારી ઉપાડનાર સાધર્મિક છે.** દા. ત કોઈ પુણ્યશાળી બાપ હોય, તેને ઘેર છોકરા. ને તેને ઘેર છોકરા થાય. મોટો વિસ્તાર વધી ગયો. શેઠે સ્થાપેલી જે પેઢી, તે પેઢીને પહેલાં તો શેઠને પારકા માણસોની મદદથી ચલાવવી પડતી હતી. પણ હવે તો છોકરા, ને તેનાયે છોકરા આવી લાગ્યા ! ત્યારે શેઠને તો મોટી રાહત મળવાથી ઉછરંગ થાય, સાથે દરેક દીકરાને એમ થાય છે કે "મારા બાપુજીની અને એમની પેઢીની ખ્યાતી વધારનાર આ અમારા ભાઈઓ છે બધા," એમ કરી ભાઈઓ તરફ પ્રેમ-ભક્તિ વધે છે. એવું જ આપણને થાય કે **"મારા પ્રભુનો ધર્મ અને એ ધર્મશાસનની પેઢી એ અણમોલ વસ્તુ છે.** તેની શોભા અને જવાબદારી ઉપાડનારા આ મારા સાધર્મિક ભાઈઓ છે." એમ કરીને એમના પ્રત્યે તો ભારે સન્માન ! ને સત્કાર જોઈએ ! પેલા સગાભાઈઓ જેવા આ આદરણીય છે. શાસનની પેઢીની એ જવાબદારી કેવી રીતે ઉપાડે છે ? એ રીતે કે જો એ બધા ઉપાશ્રયમાં આવી વ્યાખ્યાન શ્રવણ આદિ ધર્મ સાધનાઓ કરે છે, તો ઉપાશ્રયો દીપી રહ્યા છે. અનેકને આકર્ષી રહ્યા છે. એમ એ સાધર્મિઓ જો પ્રભુના દર્શન, પૂજન કરનાર છે તો આજે મંદિરો ગાજી રહ્યા છે, અને જૈનશાસનની હયાતી સૂચવી રહ્યા છે; વિશિષ્ટ જૈન પૂજાના પ્રકારથી જૈન શાસનની વિશેષતા સૂચવી, શાસનની શોભા વધારી રહ્યા છે ?

**ધાર્મિક આચાર અને અનુષ્ઠાનને આચનારાજ શાસનને ટકાવે છે :- પણ જો દર્શન, પૂજા કરનાર જ ન હોય તો મંદિરની શોભા કોનાથી ? શાસનની વિશિષ્ટ**



**ધર્મ સાધના કરનાર જ ન હોય તો જૈન શાસનની હયાતી અને વિશેષતા શાના પર દેખાય ? શાસનની પેઢીની જવાબદારી ઉપાડનાર અને શાસનની શોભા વધારનાર તથા શાસનની પરંપરા ચલાવનાર છે. એ આપણા પ્રભુના ભક્ત છે. ક્રિયાકાંડ કરીને જગતમાં શાસન જયવંતુ છે, તે બતાવનારા છે.** પર્યુષણ મહાપર્વ આવ્યું અને જૈનો દોડાદોડ ન કરે તો જગતને શું ખબર પડે કે "જૈનોનાં પર્યુષણ આવ્યાં !" **દોડાદોડ એટલે શું ? સમજ્યાને ? સર્વ ચૈત્ય પરિપાટી, અખંડ કલ્પસૂત્ર-શ્રવણ, સાધર્મિક વાત્સલ્ય વગેરે માટે સ્ફુર્તિબંધ ગમનાગમન.**

**આત્મ ધર્મના દંભ :-** તમને આ નથી ગમતું ? કે પછી કેવળ કોરો આત્મધર્મજ સાધવો છે ? બાહ્ય ક્રિયાને નકામી ઠેરવી, માત્ર આત્માના પર્યાય શુદ્ધ કરવાનો ચાળો. આ ગમે છે ? જો જો ભૂલા ન પડતા, દેરાસરમાં તમને એમ થશું હશે કે "આ બધા પરમાત્માના મંદિરમાં ભીડ કરનારા ! અમને સીધા દર્શન પણ ન કરવા દે ! કેવા ધાંધલીયા છે ? એમ ધર્મ થતો હશે ?" આવું તમને મનમાં થાય છે ને ? પણ તમને ખબર નથી કે તેમના અંતરમાં ભક્તિના ઉચ્છરંગ છે, એટલે પછી એને વિચાર જ નથી રહેતો કે 'પાછળના ભાઈના દર્શન પૂરા થાય પછી હું દર્શન કરવા જાઉં' એ તો ઓછી કે વધતી ભક્તિની ઊલટથી દર્શન માટે સીધો પ્રભુ સામે ઊભો રહે છે. એવી રીતે ન વિચારે કે "આ ભાઈનું સ્તવન પૂરું થાય પછી હું ચાલું કરું" આમ થોભવાનું નથી બનતું. કેમ કે એ તો ભક્તિની ક્રિયામાં જોડાયો કે ક્રમસર આવતી સ્તવન બોલાવાની ક્રિયા મંડાય છે. **આમ આ ક્રિયાકાંડ કરનાર સાધર્મિઓ જૈનશાસનની હયાતી ટકાવે છે.** પણ જો બનાવટી આત્મધર્મ જગત પર ચાલતો હોય તો પછી શું ખબર પડે કે "જૈન ધર્મ જીવતો-જાગતો છે. ?" એવા કહેવાતા આત્મ ધર્મવાળાને પણ પ્રવચન-શ્રવણ, સ્વાધ્યાય, વગેરે ક્રિયાઓ તો પાછી રાખવી જ પડે છે !! નહિતર એય સમજે છે કે, પોતાનું ટટ્ટું ચાલે શી રીતે ? આમ ક્રિયા નકામી કહેવામાં એ દંભી છે. **શાસન જે આજે ચાલે છે, તે શાના પર ? જગતમાં પ્રભુ શાસનને બતાવેલા સાધુ, શ્રાવકના આચાર-વિચારો અને પવિત્ર ધર્મના ક્રિયાકાંડ ચાલ્યા આવે છે. એનાં સચોટ શાસ્ત્રો રચાયેલા છે, તેના ઉપર શાસનનો પ્રવાહ અખંડ વહે છે.**

ધાર્મિક ક્રિયાકાંડ એટલે પર્વોની આરાધના, સંઘવાત્સલ્ય, પ્રભુપૂજા-મહોત્સવ વગેરે, એ બધું આચરનારા, શાસ્ત્રો ભણનારા, શાસ્ત્રોને સન્માનનારા સાધર્મિઓ જ્યારે મોજુદ છે, ત્યારે દેખાય છે કે પ્રભુશાસન જીવંત છે : આત્મધર્મની વાતો કરનારાને પણ આ વાતોમાં જવું જ પડે છે. કે "પ્રવચન મંડપમાં આવો. એકધારા પ્રવચનો સાંભળો, પછી સમજાશે." અર્થાત્ આ ક્રિયામાં જોડાવાથી પર્યાય શુદ્ધ



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

થશે-એ કહેવાનો ભાવ છે. એમનેય ફંક્શનો હોય છે, ઉજવણીઓ થાય છે. શું આ બધું આત્મધર્મ છે ? કે બાહ્ય ક્રિયાકાંડ છે ? એટલે **ખરી રીતે શાસનની પેઢી માત્ર અંતરના આત્મધર્મ ઉપર નહિ. પણ સાથે સાથે જૈનપણાના આચાર વિચારો અને ધર્મના ઉત્તમ ક્રિયાકાંડો ઉપર ચાલે છે.** પણ એ આચાર-વિચારો કે ક્રિયાઓ કાંઈ મૂર્તિમંત નથી કે એમને એમ દેખાય ? તેમ એ સચેતન નથી કે એમજ જગતમાં વહ્યા આવે. ત્યારે ? એ તો જૈન ધર્મના અનુયાયીઓના આધારે વર્તાય છે. તેમાં માત્ર એક સાધર્મિક છે, જે એ આચારાદિને જીવનમાં ઉતારી જૈનશાસનનો પ્રવાહ વહેતો રાખે છે. સાધર્મિકના આધારે દેખાય છે કે પર્યુષણ પર્વ આવ્યું. છ સાત વર્ષના નાના બાળક પણ ઉપાશ્રયે પહોંચે છે. બિઆસણ. એકાસણના તપ કરે છે, દાન દે છે. સાધુની ભક્તિ કરે છે !

**ઝાંઝણ શાહ કહે છે 'મારે તો બધા સાધર્મિક સારા છે ! :-** આવા સાધર્મિક તે માત્ર આ સામાન્ય ક્રિયાકાંડ કરીને બેસી રહેનારા નથી. ત્યારે ? **ઠેઠ સાધુ સુધી બનનાર પણ સાધર્મિક છે. સંઘપતિ કોણ થાય છે ? આદીશ્વર ભગવાનના મસ્તક પર લાખોના મુગટ કોણ ચઢાવે છે ? મોટા મોટા મંદિરો અને ઉપાશ્રયના મુશ્કેલીભર્યા વહિવટ કોણ ચલાવે છે ? ઉપધાન ને પૌષધની મહાપવિત્ર ક્રિયાઓ આચરનારા કોણ ? માત્ર એક સાધર્મિકો.** એનામાં સંયમ, તપ, પ્રભુની ઊંચામાં ઊંચી ભક્તિ, અને શાસનનો જય ડકો છે. આવા સાધર્મીઓને જરાય હલકા, કે ગરીબડા ગણતા મા. પેથડશાહનો દીકરો ઝાંઝણશાહ પોતે મોટો સંઘ લઈને જઈ રહ્યા છે. ત્યાં વચ્ચે એક નગરના રાજાએ પ્રધાન દ્વારા નોતરું મોકલ્યું. પ્રધાને કહ્યું કે 'મહેલ પર ભોજન કરવા સારુ તમારા સારા માણસોને લઈને પધારો. રાજા સાહેબ ખાસ ઈચ્છે છે.'' ત્યારે આ ઝાંઝણશાહે જવાબ આપ્યો કે **''મારે તો બધા જ સાધર્મિ સારા છે !** એટલે ?

એટલે એ, કે **રાજા તો આ સાંભળતા જ એવો અચંબો પામી ગયો** કે ''આ ઝાંઝણશાહ પોતે કરોડાધિપતિ હશે; જ્યારે સંઘમાં તો એની સાથે કેટલાક તો સો રૂા. ની મુડીવાળા પણ નહિ હોય. મેલાઘેલા કપડાંમાં હશે. એવાને પણ આ સારા માને છે !'' થાય ને આશ્ચર્ય ? કેમ થાય ? કારણ છે,-સામાન્ય રીતે જગતનો કરોડાધિપતિ માનવી એમ સમજે છે કે ''હું એટલે કરોડોપતિ ! મારી તોલે કોણ છે ? આ બીજા તો બધા ઠીક છે, આપણે જાણીએ છીએ...' ઝાંઝણશાને આવું તો નહિ, પણ આનો અંશ નહિ **! જો એવું કંઈક** અંતરમાં હોત તો બીજી ત્રીજી રીતે પણ એ જણાઈ આવત. ત્યાં એ કાંઈ આવો જવાબ ન આપી શકત કે 'મારે તો બધા સારા છે.' પણ આ તો કહે છે કે ''મારે તો બધા જ સારા છે.'' એટલે



શું ? એનો અર્થ એ કે **'કહો તો બધાને લઈને આવું.'**

**રાજા મંત્રી પાસેથી સાંભળી વિચારમાં પડ્યો.** 'એટલા બધાને હું કેમ પહોંચી શકું ? અને બીજોય કોણ પહોંચી શકે ?લાખો માણસોને પહોંચાય ? પણ જો આના મનમાં ફાંકો છે તો એ જોઈએ તો ખરા કે કેવુંક પાણી છે.' એટલે મંત્રીને કહે છે કે ''જાઓ એમને કહો કે શું બધાને બોલાવી સન્માનવાનું શક્ય છે ? માટે જ કહેવરાવ્યું હતું કે સારા સારા માણસો સાથે પધારો.' નહિતર એમ તો માનો કે તમેજ અમને એ પ્રમાણે કહેવરાવો કે ''આપ આપના સારા માણસો સાથે પધારો.' તો શું મારે આખું ગામ સારું છે, માટે કરીને આખા ગામને લઈને આવવું ?

**જૈનને મન દરેક સાધર્મિક પૂજ્ય; જૈનને મન ધર્મ આગળ લક્ષ્મી તુચ્છ :-** મંત્રી આવ્યો ઝાંઝણશાહ પાસે રાજાનો સંદેશો આપ્યો, આ સમજી જાય છે રાજાના મનનો ભાવ. અહીં એને શાસન પ્રભાવનાનું મહાન નિમિત્ત દેખાય છે રાજા જેવાને પણ સાચો ખ્યાલ આપવો જોઈએ કે **'જૈનશાસનના અનુયાયીઓને મન શ્રીમંત કે રંક, દરેક દરેક સાધર્મિક એ પૂજ્ય છે. તેમજ શાસનસેવા આગળ લક્ષ્મી એ કાંઈ વિસાતમાં નથી,'** કહે છે ''મંત્રીશ્વર ! રાજા સાહેબને કહેજો કે સારાયે નગરની સાથે આપ પધારજો. આપને મારું આમંત્રણ છે. મારા અહોભાગ્ય ક્યાંથી ?'' ઝાંઝણની સાથે પધારેલા આચાર્ય ભગવંતને શિખવાડવું પડતું નથી કે ''ઝાંઝણશાહ ! રાજાને બરાબર ખબર પાડો.''

**ગુરુઓને જ્યા વારંવારં ટોકવું પડે, કહેવું પડે, ત્યારે જાણે પરાણે કાંઈ કામ કરે, એવા શિષ્ય કે ભક્ત શું મહાન કાર્ય કરી શકે ? શો ઊંચો લાભ પોતાની શક્તિ સામગ્રીમાંથી લઈ માનવતાને દીપાવી શકે** ? ત્યારે ઝાંઝણશાહને પણ એમ નથી થતું કે ''હું તે આદીશ્વર ભગવાનની યાત્રા કરવા નીકળ્યો છું કે આ રાજાની ? મારે તે મારા સાધર્મિક સંભાળવવાના કે રાજાના ગામની વેઠ કરવાની ?' આવું એ સમજતો નથી. એ તો માને છે કે **''આમાં પ્રભુની, પ્રભુના ધર્મશાસનની, પ્રભુના સંઘની, મહાન ભક્તિ છે. સાધર્મિકનું આમાં ઊંચું દેખાય, શોભા વધે, માટે આમાં સાધર્મિકની પણ ભક્તિ છે ! આપણી માનવ જેવી મહાન જાગ્રત સશકત અને સામગ્રી સંપન્ન દશામાં સાધર્મિકની ભક્તિ, સાધુભક્તિ, શાસનભક્તિ, પ્રભુશક્તિ વગેરે જેટલી થાય એટલી કરી લો. ભક્તિમાં જે આપણું ખરચાશે તે ઊગી નીકળવવાનું છે. પછી કસર કે પાછી પાની શા માટે કરવી ?''** ઝાંઝણની ઉછળતી ભાવનાની ભરતી જુઓ. તમે પ્રભુના ભક્ત છો ને ? પ્રભુની ભક્તિમાં તમારું દુધ, કેશર વગેરે વપરાય છે ? ગોઠી તમારા પગારથી ને ? કે સાધારણના ? કે દેવદ્રવ્યના ?

**પ્ર.** :- દહેરાસરમાં ગોઠી શા માટે રાખવામાં આવે છે ?

ઉ. :- તો ગોઠીને પ્રભુએ મોકલ્યો હશે ? 'જાજે મારી મૂર્તિની પૂજા સાચવજે, એમ ? કે પૂજારીને આપણે ઊભો કર્યો છે ? **પૂજારીથી કામ લેતા થઈને શું કરી રહ્યા છો તે ખબર છે ? આપણા હાથે પ્રભુની આશાતના વિટંબના કરતાં ન આવડે તે જાણે અજાણે આ પૂજારી પાસે કરાવી રહ્યા છો. ગોઠી પ્રભુની આશાતના વિટંબના કરીને એના પાપના પારસલ કરીને તમને મોકલી આપે છે, એ જાણો છો ? ગભરાઈ ન ઉઠતા. તપાસ કરીને જો જો કે પૂજારી બીડી પીનેય તરત કેવો પ્રભુ પાસે જાય છે ? મોર પીંછી પ્રભુ પર ફેરવીને પબાસણની જમીન પર પણ પીંછી કેવી ફેરવે છે ? કીડીઓ તરફ કેવો બેદરકાર છે ? કેશર પોથો ન રાખતાં વાળાકુંચીથી પ્રભુને લોટાની જેમ કેવો ઉટકે છે ? સુખડ વાટતાં ઉધરસ છીંક ક્યાં ખાય છે ? ઈંદ્રોના પૂજ્ય જગદગુરુ તમારે પનારે પડ્યા માટે જે આ દશાને ?** પ્રભુશક્તિ કરવાની એટલે શું ? પૂજારીને ભળાવી દેવાના. એમ ?

તો સંઘ કાઢવાનો એટલે માત્ર સિદ્ધગિરી પહોંચી જવાનું ? પછી વચ્ચે નાનાં ગામડાં આવે ને તેમાં વળી મંદિરને ઉપાશ્રય તૂટ્યાં ફૂટ્યાં હોય તે જોવાનું નહિ, એમજને ? બાપુજીને જેમ ખીરપુરીને ઘેબરપાક ખવરાવવાનાં, તેમ બાપુજી જ્યારે માંદગીની વિટંબનામાં હોય ત્યારે ઔષધ અને સેવા કરવાની કે નહીં ? ખરી રીતે આ કરનારને પેલા કરતાં પણ ઊંચો લાભ થાય. તેમ **આજે પ્રભુની મૂર્તિ પરનો એવો વિટંબનાકાળ છે,** કે પ્રભુનાં માથે કુચડા જેવા બરછડા વાળાકુંચીના ગુચ્છા ફરી વળે, પ્રભુને જે કાંઈ ટીકા-ચક્ષુ ચોઢાય તે ધખધખતા ચોડાય, અંગલૂછણાં ગમે ત્યાં ધોવાયા હોય, કેટલાં બધાં મેલાં હોય, જે પબાસણ પર પ્રભુ પધરાવવાના હોય ત્યાં આગળ પૂજા માટે નાનાં છોકરાં ઊભાં કર્યા હોય. પૂજારીને માટે પાછળના પુઠીયાં ઊંચા કરવા ચઢવા ઉતરવાથી પબાસણ પર પગની ધૂળ લાગતી હોય, એવા પબાસણ પર કેટલીકવાર પ્રભુ પધરાવતા હોય ! હાથમાંથી ફૂલ પડી જાય તો પણ પ્રભુના અંગે ચઢાવાય નહિ. અને ચઢાવો તો ભંગીનો અવતાર મળે છે, તેના ઠેકાણે ગોઠીની ચરણરજથી પવિત્ર બનેલી ભૂમિ પર પ્રભુને પધરાવવાના ? કેવી આ પ્રભુની કદર્થના છે ? પૂજારી વરખ ઉતારે ત્યારે પહેલા પોતાના નખ ઘસીને ઉતારે છે ? સમજી લ્યો કે **પ્રભુ એ પાષાણ નથી, પણ જિનેશ્વરદેવ છે,** એના પર ઉટકણા ઘસેડા ન હોય, વાળાકુંચી વિના કદાચ ખુણામાં (પ્રભુની મૂર્તિના) કેસર રહી ગયું તો જે વિરાધના નથી તેના કરતાં આ ઘસેડા કરવામાં ભારે વિટંબના છે.



**સાધર્મિકને પુત્ર કરતાં પણ અધિક માનો :-** હવે આપણી વાત પર આવીએ કે સાધર્મિક એટલે કોણ છે ? કેઈ સાધર્મિકો તીર્થંકરના જીવદળ હોય છે. પૂર્વે સમકિત પામીને ભવગણત્રી પામી ચૂકેલા હોય છે, તે અહીં આવ્યા છે. તેવાની આપણાથી અવસરે ભક્તિ થઈ જાય તો આપણે કેવા મહાન ભાગ્યશાળી ? કેવો સરસ લાભ પામીએ ? **"મારા સાધર્મિક એક કેવળ પેટની ચિંતામાં મહાદુર્ધ્યાનથી પાપનાં પોટલાં બાંધે છે, ધર્મક્રિયા ગુમાવે છે, તે સમયે હું જો તેની કાળજી ન કરું તો પછી મેં શું પ્રભુશાસનની શી ચિંતા કરી કહેવાશે ?"** આવી કોઈ વિવેકભરી સમજ લાવો પછી કહેવું નહિ પડે અમારે, ને ઝડપથી ભક્તિ થશે.

**પ્ર.** :- ભક્તિ કરવાના કોડ થાય પણ ખીસામાં પહોંચે તો ને ?

ઉ. :- આજ ખોટો ખ્યાલ છે, તેને પહેલાં દૂર કરો. ઘરમાં છોકરાં ત્રણનાં પાંચ થઈ જાય તો પાલવે છે કે નહિ ? ખેર, પાંચ નહિ ને ત્રણ જ હોય, પણ તેમાં એકને ટાઈફોઈડ થઈ ગયો તો રોજ ડૉક્ટરની દવાનું પાંચ-સાત રૂપિયાનું બીલ ઉપાડાય છે કે નહિ ? **તો શું આ સાધર્મિકને માટે જ તમારી પાસે નથી પહોંચતું ને** ? પુત્ર કરતા પણ સાધર્મિકને અધિક માનશે તો આપોઆપ ભક્તિ થશે.

**સત્ય અને નીતિની અછત તે મોટું દુઃખ છે આજનું :-**

વળી બીજી અમુક સહેલા પ્રકારની તૈયારી તો છેજ. જ્યારે જ્યારે સાધર્મિક દેખાય કે હૃદય શું ઉઠે છે ? એ કે "આ સાધર્મિક એટલે, તો મુક્તિનો સથવારો ! દુઃખમાં ભારે આશ્વાસન આપનાર! અને દેવગુરુ, ધર્મનો સંસ્મારક !" પછી સાધર્મિક પર કેવો આનંદ ને પ્રેમ ઊલટે ? જોરદાર ભૂખ લાગી હોય, અને ખાવા પાસે કાંઈ નથી, તે વખતે કોઈ આશ્વાસન આપે કે **"આપણે જ ભૂખ્યા છીએ તેના કરતાં તો જગતમાં બીજા કોઈ કારમી ભૂખમાં રીબાય છે ! આપણે તો જૈન શાસન પણ પામ્યા છીએ, અને રોટલાય છેવટે મલી જાય છે."** તો એ કેવી સરસ રાહત અને સમાધિ આપે ? કમમાં કમ આટલું સાધર્મિકને આશ્વાસન તો આપો વળી કહોકે **આ દુઃખ ગણીએ છીએ તેમ બીજી બાજુ ધર્મ ટકાવવાની પણ તંગી દેખાય છે, જે મોંઘવારીનું દુઃખ નથી, વસ્તુની અછતનું દુઃખ નથી, તે સત્ય અને નીતિની જે અછત કરી છે તે મોટું દુઃખ છે. ભવાંતરમાં અનેક ભવો આપણને જવાબ આપે તેવી ધર્મની વસ્તુઓ ભવિષ્યમાં અચુક જવાની હોય તેની ઓછાશ પર બહુ દુઃખ શાને** ? આવી જાતનું આશ્વાસન પણ આપી શકાય એમ છે, પણ તે ક્યારે આપી શકે ? જ્યારે તેણે "સાધર્મિક એટલે શું" એ વાતો નક્કી કરી હોય તો.



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

## • સાધર્મિકની પાંચમી ઓળખ •

**પુણ્યની વાવડી ! પુણ્યની પરબ :- પાંચમી વાત-શું** સાધર્મિક એટલે ? સાધર્મિક એટલે **પુણ્યની વાવડી છે. એ વાવડીમાં લોટો ઝબોળીયે કે પુણ્યરૂપી પાણી ભરાઈ આવે,** એ સાધર્મિક માટે જેટલો, તન-મન ને ધનનો ભોગ આપીએ, **એમાં જેટલી સંપત્તિ કે સમયનો ભોગ આપીએ, તેટલી કમાણી આપણને થવાની. દીકરાને પાસે બેસાડી હોશેં હોશેં માલ મેવા ખવડાવો તે પુણ્યના ચોપડે જમા ન થાય; અને સાધર્મિકને જમાડો તે જમા થાય.** બ્રહ્મદત્ત ચક્રવર્તીએ કેટલા દીકરા જમાડ્યા ને કેટલા દિવસ સુધી ? સાતસો વર્ષનું આયુષ્ય હતું. એક લાખને બાણું હજારનું તો રાણીઓનું અંતેપુર હતું તેમાં કેટલા દીકરા દિકરીઓ હશે ! એ બધાને પોષ્યા તે પુણ્ય દીકરા કે દિકરીના જમણના ખર્ચા પુણ્યના ચોપડે જમા નહિ થાય, પણ "સાધર્મિકને લાવ પચાસની પહેરામણી કરું," એમ વિચારી એવું કાંઈક કરશો તો જમે થશે, તો ભક્તિ કરી કહેવાશે. શું સાધર્મિક એટલે ? સાધર્મિક એટલે પુણ્યની પરબ છે. ! એમાંથી જેટલી તાકાત હોય તેટલું પાણી પુણ્યનું ભરી શકીએ. **વિજય શેઠ વિજયા શેઠાણીની ભક્તિમાં કેવળજ્ઞાની ભગવંતે જિનદાસ શ્રાવકને ૮૪૦૦૦ સાધુ ભક્તિનું પુણ્ય દેખાડ્યું.** જો જો હો, આ અનંત જ્ઞાનીન સ્ટેમ્પ છે. અશ્રદ્ધા કરતા નહિ. અથવા એ તો વિજય-વિજયાની ભક્તિથી લાભ મળે, પણ આજના સાધર્મિકની ભક્તિમાં શું મળે ? એમ ન સમજતા.

## • સાધર્મિકની છઠ્ઠી ઓળખ •

**સાધર્મિક એટલે આજના નાસ્તિક વાદની સામે સામી છાતીએ ઊભેલો સુભટ છે :-** છઠ્ઠી વાત કદાચ તમારા દીકરા દિકરી આજની પશ્ચિમની કેળવણીમાં તણાયા હશે તો શું સુભટ બનવાના ? જ્યારે આ સાધર્મિક એ સામી છાતીએ ઊભેલો સુભટ છે, "ગમે તેવી સ્થિતિ આવી પણ અભક્ષ્ય નહિ ખાઈએ, તો ઈંડા માછલાંની શી વાત ? દેવગુરુ અને ધર્મની શ્રદ્ધા બીલકુલ નહિ છોડીએ. "આ અમારો સાધર્મિક કહે છે. "તો આવા અમારા ભડવીર સુભટને અમારું સર્વસ્વ સમર્પિત હો !" સાધર્મિક ભાઈઓની વર્તમાન પરિસ્થિતિ" જ્યારે વિચારીશું ત્યારે તો કેવળ દુ:ખને દર્દની જ વાતો આવશે. પણ અત્યારની વિચારણામાં સાધર્મિક એટલે મહાન ગૌરવની વાત છે. આજે એની કઈ પરિસ્થિતિ ? એના તરફ તમારી કઈ ફરજ ઓળખી લો કે સાધર્મિક એટલે કોણ ? "મારો સાધર્મિક એટલે ઝઝુમતો સુભટ છે." તો પછી આજની આ દુ:ખમય સ્થિતિમાં એ બેસી કેમ રહ્યો છે ? શું



કરે એ ? એ લાચાર બની ગયો છે. કેમકે આજના નાસ્તિકવાદનું ઝેર બરાબર ચાલુ થઈ ગયું છે. કેટલાક સમાજવાદીઓ માને છે કે "ગરીબો દુ:ખી હોય ત્યાં શ્રીમંતો તાલેવંત ન જોઈએ, અને આ લોકો ગરીબ છે તેનું એક કારણ આ ધર્મના મંદિરોને ઉપાશ્રયો છે." એમ માને છે. આનો સામનો કોણ કરે ? શાસ્ત્રો ? ના. શાસ્ત્રો તો મૌન છે. ત્યારે મોટું મંદિર સામનો કરશે ? ના. તો સાધુઓ કરશે ? સાધુ પણ પાંચ પચાસ હોય સામનો કરનારા. બીજા કોક સાધુ વેશમાં છતાં શાસ્ત્રવચનને અનુસરનારા જ ન હોય. તો સામનો કરનારા સાધર્મિઓ છે,કે જીવનમાં ધર્મ અને આસ્તિકયવાદ જીવે છે. બાકી આજે નાસ્તિકવાદ જોરદાર ચાલે છે. આ બધું છતાં હજુ પાપવાદનું ઝેર નથી. પ્રસરતું તે કેમ ? કેમ કે આ સુભટો જીવંત છે.

**ધર્મી તરીકેની ફરજ :-** ઊંચું પરમાત્માનું શાસન મળ્યું છે, ત્યાં આ વિચારણા સુલભ છે. જોજો કે જિનધર્મ નહિ પામેલા પણ આ ધર્મ કરી શકે છે કે દા.ત. બજારમાં કોઈ પેઢી તૂટતી હોય તો બીજા વેપારીઓ ફંડફાળા કરીને એને ઊભો રાખે છે તો કાલે કમાઈને બધાને આપશે. ને જો આ તૂટ્યો તો ખલાસ. આ તો ધર્મની વાત નથી ને ? **પણ જો આપણે ધર્મી છીએ તો આપણે આપણા સાધર્મિક માટે શું ન કરવું જોઈએ. એને ટેકો આપી ઊભો રાખવાથી એ ધર્મ ટકાવી બીજાનેય ધર્મ આપશે.**

વિમલકેવળી મહારાજને જિનદાસ શ્રાવક કહે છે, "પ્રભુ, મારે ચોર્યાસી હજાર સાધુની ભક્તિ કરવી છે." ત્યારે આ કેવળી ભગવંત કહે છે "જિનદાસ, તારી ભાવના ઊંચી અને સાચી છે. પણ તે કેવી રીતે બની શકે ? તું અમારા માટે આરંભ-સમારંભ કરીને રસોઈ બનાવે તે અમને ન ખપે, એટલો બધો નિર્દોષ આહાર તું ક્યાંથી આપી શકે ?"

"તો પ્રભુ, આપ કેળવજ્ઞાની છો, ઉપાય બતાવો."

"જા. વિજય શેઠ અને વિજયા શેઠાણી જન્મથી બ્રહ્મચારી છે, તેમની ભક્તિ કર. તો તને ચોર્યાસી હજાર સાધુને જમાડવાની ભક્તિ મળશે."

આ કેવળી ભગવંતે સાધર્મિમાં શું જોયું હશે ? **સાધર્મિક એટલે જાણે આખું જૈન શાસન છે ! સાધર્મિકમાંથી સાધુ અને આચાર્ય બને છે. સાધર્મિકોમાંથી જ તીર્થો ઊભાં રહે છે. સાધર્મિકમાંથી જ બધું છે,** માટે સાધર્મિકની ભક્તિ એટલે આ બધાની ભક્તિ છે.



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

## (૨) સાધર્મિક ભાઈઓની વર્તમાન પરિસ્થિતિ

**સાધર્મિકની વિચારણા કરતાં હૈયાના તાર હાલી ઉઠે :-**

અનંત ઉપકારી પરમાત્મા શ્રી તીર્થંકર દેવોએ સ્થાપેલા ધર્મશાસનને ઝીલનાર પુણ્યશાળી સાધર્મિક બંધુઓની વર્તમાન પરિસ્થિતિ પર વિચારણા કરવાની છે. તેમાં સાધર્મિક એટલે શું ? એની કેટલીક ઓળખાણ પહેલા વ્યાખ્યાનમાં કરી હતી. આજે વધુ વિચાર સાધર્મિકની આધુનિક દુઃખદ સ્થિતિનો કરવાનો છે. પરિસ્થિતિ વિચાર હૃદયના તારને તો જ હલાવી શકશે કે જો સમજાશે કે **સાધર્મિક એટલે આપણા જીવનમાં પ્રાપ્ત થયેલી મોટામાં મોટી વસ્તુ અને શાસનની મુડી છે.** એના બદલે સાધર્મિક એટલે આપણા દુન્યવી સ્વાર્થમાં કામ લાગે તેવી કોઈ વસ્તુ, કે સાધર્મિક એટલે કોઈ 'ગરીબ બિચારો પ્રાર્ણી' આવું કંઈક જો હૈયે વસેલું હશે તો લાખવાર એનો વિચાર કરવા છતાં હૈયાના તાર નહિ ઝણઝણી ઉઠે; તેમ લાવ એની ભક્તિ કરી લઉં. એનો ઉદ્ધાર કરી લઉં. એવો કોઈ ઉમળકો નહિ જાગે. જાણે એને ને મારે શું લેવા દેવા ? એવો ભાવ મનમાં રહેશે ! એ ખોટું છે. માટે પહેલા તો સાધર્મિકનું ગૌરવ સમજી લો. ગયા વ્યાખ્યાનના મુદ્દા અહીં ટૂંકમાં જોઈ લઈએ, કંટાળશો નહિ, એમાં ય કેટલીય નવી વાતો મળશે.

**(૧) સાધર્મિક એટલે. મોક્ષમાર્ગે સથવારો, 'પ્રવાસી એવા આપણને સંસાર અટવીમાંથી પસાર થઈ મોક્ષ તરફ જવામાં સાધર્મિક એ જોમ, ઝડપ અને હુંફ આપે તેવી સમર્થ વ્યક્તિ છે.** એને એ તો આપણને અનુભવ છે કે જ્યારે આપણા હૃદયમાં પાપ વિચારણા જાગી હોય કે કોઈ એવો પ્રસંગે ચિત્ત મૂંઝાતું હોય, ત્યારે સાચી રીતે આશ્વાસન આપનાર સાધર્મિક જ હોય છે !

એ તો કહે **"ભાગ્યવાન, પ્રભુ શાસન પામ્યા છો, હવે શા માટે ઓછું લગાડવાનું ? જેમ કરોડ રૂપિયા આગળ એક પાવલી ન મળી એમાં ચિંતા નહિ, કારણ કે પાસે ઘણું છે; તેમ જગતની સંપત્તિ આગળ પ્રભુનું શાસન કેઈ ગુણા ઊંચા મૂલ્ય ધરાવે છે; એ આપણી પાસે છે, પછી પાવલી જેવી પેલી જગતની સંપત્તિ ન મળી કે ગુમાવી. એમાં શા માટે શોક કરવાનો ?"** સાધર્મિક આવા આશ્વાસન આપશે, જગત તો શોકની પોકમાં વધારો કરી આપશે. કષાયોને ઠારવા માટે સાથે આવીને જો કોઈ ઊભા રહે, તો તે સાધર્મિક જ. 'એટલે મુક્તિ તરફ પ્રવાસ કરતાં સથવારો આપનારા મારા સાધર્મિકનાં સન્માન અને સ્વાગત ખૂબ કરું,' એમ ધગશ જોઈએ.

**(૨) સાધર્મિક ભવભ્રમણથી થાકેલા આત્માઓને દિલાસો આપનાર છે.** 'અરેરે ! અત્યાર સુધી ઘણું ભમ્યા, ચારિત્ર પણ અનંત અનંતવાર લીધાં, છતાં હજુ ઉદ્ધાર નથી થયો,' આમ કરીને આત્મા નિરાશ જ્યારે થતો હોય તે વખતે સાધર્મિક કહે "મૂંઝાવાની જરૂર નથી. જે પૂર્વેના ચારિત્ર નકામાં ગયાં તે તો ઉખર ભૂમિ પર વરસેલા વરસાદ હતા. જ્યારે આ **જૈન શાસનની ઓળખ અને હૃદય સ્પર્શના સાથે મળેલ માનવ ભવ એ તો રસાળ ભૂમિ છે.** આનું ચિન્હ એ કે અહીંયાં મોક્ષ માર્ગની વાતો સાંભળીને હૃદયમાં આનંદ ઊલટે છે **તેથી હવે પુરુષાર્થ બધો લેખે લાગશે.** માટે કરો મહેનત !" આ રીતે સાધર્મિક હતાશ બની ગયેલા આત્માને દિલાવર દિલાસો આપે છે, ઉત્સાહ આપી શકે છે. કુટુંબને મિત્રોને, પડોશીને આવા સાધર્મિક બનાવી શકો છો.

**(૩) સાધર્મિક એ દેવ, ગુરુ અને ધર્મના સંસ્મારક છે.** વેપારીને જોતાં વેપાર યાદ અને દૂધવાળાને જોતાં દૂધ યાદ આવે, ભણતા છોકરાને જોતાં પરીક્ષા યાદ આવે. તેમ આ સાધર્મિકને જુઓ ત્યારે ? "ઓહો આ મારો જૈન બંધુ ! જે ધર્મ હું પાળું છું તેજ ધર્મને પાળે છે. એજ અરિહંત દેવ, અને સંયમી સાધુને માને છે, તેમને જ પૂજે છે." આમ દેવ, ગુરુ અને ધર્મની સ્મૃતિ કરાવી કોણે ? સાધર્મિકે, આવી અણમોલ સ્મૃતિ કરાવનારને ભારે સન્માનના ઈનામથી નવાજવો જોઈએ.

**જાણો છો પ્રભુની સુખશાતાના સમાચાર સાંભળવા શ્રેણિક કેવા આતુર રહેતા** ? શ્રેણિકને ત્યાં ઘોડેસ્વારો આવીને ખડા થતા, અને કહેતા "મહારાજા ! જગત પિતા મહાવીર દેવ સુખશાતા સાથે અમુક દિશામાં વિચરી રહ્યા છે." ત્યારે શ્રેણિક ઉછળી પડતા "એમ ? તો લ્યો લેતા જાઓ ઈનામ !" કોણ આ ઈનામ આપે છે ? તે શ્રેણિક કે જેને એક રત્નકંબલ લેવા નાણાં નથી ખરચવા ! સોળ રત્નકંબલ લઈને આવેલો નેપાળનો વેપારી રાજગૃહીમાં ભમતો ભમતો, રાજમહેલમાં પહોંચી ગયો. વીસ લાખનો પાસે માલ છે. મહારાણી ચેલણાએ આ રત્નકંબલને જોઈ, લેવાનું મન થયું. શિયાળે ગરમી અને ઉનાળે ઠંડક આપે એવી એ કામળો છે, એને સાફ કરવા અગ્નિમાં નાંખવી પડે ! એ બળે નહિ, કંચનની જેમ શુદ્ધ થાય. ચેલણાને થયું કે "આ લેવા જેવી છે.

શ્રેણીક પાસે પહોંચ્યો વેપારી, "મહારાજા આ કંબલો લો."

"શું મૂલ્ય ?"

"સવા લાખ સોનૈયાની એક."

"ના ભાઈ, કિંમત ઘણી મોંઘી છે."

"ભલે સોળ નહિ. તો આઠ લો."

"ના ભાઈ"

"તો ચાર...બે, એક એકે નહિ ?"

વિચાર તો કરો કે એ વેપારીને શું કહેવાનું મન ન થાય કે "મહારાજા એક તો લ્યો. નહિતર બહાર જઈશ જો હું જેવો આવ્યો તેવો, તો જગત ફિટકાર તંમને વરસાવશે, કે આવા કૃપણને તે ક્યાં મહામગધની સમ્રાટ-સત્તા પર ચઢાવી દીધો ?" નથી કહેતો કાંઈએ.

ચેલણા પણ શ્રેણિકને કહે છે "એક તો લ્યો," કોણ ચેલણા ? શ્રેણિકની અતિ પ્યારી પટ્ટરાણી.

શ્રેણિક કહે છે, "સવા લાખ સોનૈયા સસ્તા નથી. એમાંથી તો પરોપકાર ઘણો થઈ શકે. એમ પ્રજાના પૈસા વેડફી નથી નાખવાના."

કંબલના આખાય પોટકાં સાથે વેપારી પાછો ચાલતો થયો. એ તો રાજગૃહીનું નાક કાપીને જાત ! પણ ભદ્રામાતા મલી ગયા, અને સોળે કંબલ પોતાના લાડીલા શાલિભદ્રની બત્રીસ વહુઓ માટે લઈ લીધી. એમ તો બીજી સોળ માગી વેપારી પાસે, પણ નહોતી, તેથી એકના બબ્બે ટૂકડા કરીને બત્રીસે સ્ત્રીઓને વહેંચી આપી !

આપણી વાત શું છે, **જે શ્રેણિકને રત્નકંબલ લેવા સવા લાખ નહોતા ખરચવા, તેજ શ્રેણીક જ્યારે 'પ્રભુ મહાવીર દેવ ક્યાં વિચરે છે,' તેના સમાચાર લઈને ઘોડેસ્વાર આવે છે, ત્યારે ઈનામો ઉછાળી દે છે !** પ્રભુના સમાચારનું એટલું બધું મૂલ્ય છે. તો સાધર્મિક પણ પ્રભુની સ્મૃતિ કરાવે છે એનું કેટલું મૂલ્ય ? સાધર્મિક ભક્તિ માટે આજે કેમ બૂમો પાડવી પડે છે ? એટલા માટે કે,

**રૂપિયા પરમાત્માના નહિ. પણ પોતાના માની લીધા છે.** મારા પરમાત્માનો ધર્મ કરનારા સાધર્મિકો આર્થિક ચિંતામાં અનેક પ્રકારની ધર્મની સાધનાથી વંચિત રહી જાય છે. જીવન નિર્વાહની સંકડામણમાં અનેક પ્રકારના દુર્ધ્યાનમાં સડી રહ્યા છે, તો **મારી પાસે રહેલા વસ્તુ ગત્યા પ્રભુના પૈસા એમના કામમાં નહિ લાગે તો કોના કામે લાગશે ?** માણસ લાખ રૂપિયાનો હીરો લઈને તેને મુઠીમાં બરોબર પકડીને મરી જાય તો તે **હીરો સાથે જશે ? કે કદાચ મુઠી સજ્જડ થઈ ગઈ તો સગાવહાલાં તેને સાણસાથી..... શું** ? બોલો. "તો એના કરતાં હું હવે અહીંયાં એ ધનને સાધર્મિક ભક્તિમાં જ ઉછાળી મૂકું !" એવું ન થાય ? પછી કદાચ મૂઠી નહિ



વાળો તો પણ આગળ માટે ધન રીઝર્વર્ડ થઈ ગયું સમજો. ત્યારે શું તમે એમ સમજો છો કે સાધર્મિક ભક્તિનું ક્ષેત્ર એટલે તેમાં નાખેલા પૈસા કાદવમાં પડી ગયા ? અને ડોકટરના બીલના ભરેલા પંદરસો રૂપિયા લેખે લાગ્યા ?

**(૪) કૃતજ્ઞતાને ધર્મ પ્રત્યે અદા કરવા સાધર્મિક એ એક સુંદર ક્ષેત્ર છે-** માર્ગાનુસારિ જીવનમાં કૃતજ્ઞતા નામનો એક ગુણ છે. **માર્ગાનુસારિતા એટલે ધર્મી તરીકે દાખલ થવાનો અને આગળ વધવાનો પાસપોર્ટ. પછી કદાચ તમે તે પાસપોર્ટ** વિના એક બીજાને ધર્મી કહો તે જુદી વાત. પણ સાચે જ ધર્મી થવું હોય તો આ પાસપોર્ટ જોઈએ. એ જેની પાસે નથી એને **અન્યાય ધન, અનુચિત વ્યય, ઉદ્ભટ જીવન, અસૌમ્યતા અંતરંગ-શત્રુ, વગેરેનું એવું તોફાન છે કે, એને સમકિત કાં તો પામવા ન દે, અગર તો** પામેલું ચાલ્યું જાય. આવી માર્ગાનુસારિતાનો એક ગુણ છે કૃતજ્ઞતાનો. અર્થ શું ? કરેલા ઉપકારને જાણવો. એટલે ? ઉપકાર કરનારને સભા સોસાયટીમાં અભિનંદન નથી આપવાના, પણ અમુક અવસરે ખબર પડે કે એને ત્યાં ભીડ છે, તો એના ઘરના ખુણામાં થેલી મૂકી આવવાની છે. એ કૃતજ્ઞતા એવી ધર્મ પ્રત્યે કૃતજ્ઞતા કરવાની છે. કહો અહીં જે તમને સારું મલ્યું છે તે કોણે આપેલું છે ? નળની ચકલી ખોલો કે પાણી આવે. એટલે શું માત્ર નળમાંથી પાણી આવ્યું ? ના, ટાંકીમાંથી. એ તો ટાંકી ભરેલી છે, તો આવ્યું, તો **પૂર્વે સાધેલા ધર્મરૂપી ટાંકીમાંથી નળરૂપી પુણ્યદ્વારા અહીંયાં આ લીલી વાડી ઉતરી આવી છે.** આ એક શરીરનો વિચાર કરો કે શરીરમાં જે યંત્ર કામ કરી રહ્યું છે તેમાં, જો ધર્મ ન હોત તો, કોઈ ફેરફાર થઈ જાત ! શરીર સમજો કે સુસ્વસ્થ હોય, પરંતુ મળ-મૂત્રના દરવાજા જ બંધ થઈ જાય તો ? કોણ બંધ નથી થવા દેતું ? પૂર્વના ધર્મથી કમાયેલ પુણ્ય. માટે જ ખ્યાલ રાખવો જોઈએ કે **પૂર્વે આચરેલા ધર્મે રજથી માંડીને મોટા પર્વત જેવા સુખો સુધીની આપણી ચિંતાઓ કરી છે; તેથી ધર્મ એ આપણો મહાન ઉપકારી છે.** માટે ધર્મે આપેલું ધર્મના જ ચરણે ધરવું જોઈએ, સંસારને નહિ. કદાચ સંસારને આપવું પડે છે, પણ આપતા મનમાં શું થાય છે ? પોતાના ઉપકારીને છોડી બીજા અપકારીને આપવાનું આવે તો હૈયું કપાઈ જાય કે નહિ ? તત્ત્વની દષ્ટિએ ધર્મ જેવો ઉપકારી છે, તેવી ઘરની સ્ત્રી પણ ઉપકારી નથી. તો હીરાનો સુંદર નેકલેસ પ્રભુને મૂકી કદાચ સ્ત્રીના કંઠે નાખવાનું આવે તો હૈયું ખેદ અનુભવે કે નહિ ? તેથી જ કૃતજ્ઞતા ગુણની રુએ પણ **સાધર્મિક ભક્તિમાં અને સાધર્મિક ઉદ્ધારમાં સારું ખર્ચવાની જરૂર છે.**

**(૫) સાધર્મિક એટલે તો પ્રભુશાસનની ગાડીને વહન કરનારા છે.** સાધર્મિકના આધારે શાસન ચાલે છે. પાંચમાં આરાને છેડે સાધર્મિક નહિ રહે, તેથી શાસનનો

અંત આવશે, એવા શાસનના મેમ્બરોની સેવા એટલે શાસનની જ સેવા છે.

ઋષભદેવ ભગવાનના પુત્ર **ભરત મહારાજે** પોતાના રસોડે કરોડો સાધર્મિકોને જમતા કરી દીધા હતા.

**વિમળશાહે** સ્થાપેલી ચન્દ્રાવર્તી નગરી, જે જૈન શાસનની ભવ્યતાનું પ્રતીક હતી, આજે એના ખંડિયરો એવા પડ્યા છે કે એના પાષાણોને જોતાં મુગ્ધ થઈ જઈએ; અને આંખ આંસુથી છલકાય. વિમળશાહે એમાં સાધર્મિકોની મહાન ભક્તિ કરી હતી.

દેવગિરિમાં **જગસિંહ શેઠે** ત્રણસો સાઈઠ વણિક પુત્રોને પોતાના જેવા શ્રીમંત બનાવી એવી વ્યવસ્થા ઊભી કરી હતી કે એ દરેક તરફથી ૭૨૦૦૦ ટંકના ખર્ચે એક એક દિવસ સાધર્મિક વાત્સલ્ય થાય ! પછી સાધર્મિકો કેવા ધર્મ ધ્યાન કરે ? કર્મ કાપે અને સંસાર તરી જાય ? જૈન શાસનની કેવી પ્રભાવના થાય ? આ માટે ઓળખો ઓળખો સાધર્મિકને, કે એ કોણ છે, અને પછી એની ભક્તિમાં કમી ન રાખો.

સાધર્મિક એટલે જેની પાછળ ભરત ચક્રીના વંશમાં થયેલ **દંડવીરજ રાજાએ** ભારે કસોટી વધાવી લીધી. પોતાને સાધર્મિકની ભક્તિ કર્યા પછી જમવાનો નિયમ. તેમાં ખુદ ઈન્દ્ર કસોટી કરવા આવ્યો સવારથી સાંજ સુધી સાધર્મિકો આવ્યે જ જાય. દંડવીરજ ભક્તિમાં દિવસ પૂરો કરી ભૂખ્યા રહે. પાછું બીજે દિવસે પણ એજ પ્રમાણે. એમ સાત દિવસ ચાલ્યું. પણ દંડવીરજે તો સાત ચોવિહાર ઉપવાસમાંય પ્રસન્ન ચિત્તે સાધર્મિક ભક્તિ કરી આનંદ માન્યો ! સાધર્મિકને એ શું સમજ્યા હશે. અને તમે શું સમજો છો ? **પેથડશાહની** મંત્રીગીરી દરમિયાન માંડવગઢમાં રહેવાસીઓએ નક્કી કરેલું કે કોઈ બહારથી સાધર્મિક આવે તેને ઘર દીઠ એક એક દીનાર અને એક એક ઈંટ પહેરામણીમાં આપવાની. ઈંટો તો એટલી બધી ભેગી થઈ જાય કે તેમાંથી પોતાનું મકાન ઊભું થઈ જાય. અને દીનાર લાખો મળે પછી શું બાકી રહે ? એ સમજતા હતા કે,

**(૬) સાધર્મિક એટલે પુણ્યની કમાણી કરાવી આપનાર બજાર છે, પુણ્યના લોટા કે બેડાં ભરી લેવાં માટે વાવડી છે. પુણ્યની પરબ છે.** સાધર્મિક છે તો અમે ભક્તિ કરી શકીએ છીએ ! એ વાવડીમાંથી ભક્તિ લાભના લોટા ભરાય એટલા ભરી લેવાના; ભક્તિ કરીને પુણ્યના બેડાં ભરી લેવાના. જેમ મંદિર, ઉપાશ્રય ઉપયોગી છે. સાધુઓ ઉપયોગી છે, તેમ સાધર્મિકો પણ ઉપયોગી છે. મંદિર કે ઉપાશ્રય પોતે કોઈનો હાથ નહિ પકડે, ત્યારે આજની દુનિયા સાધુવર્ગથી ઘણી દૂર પડી ગઈ છે, પણ આ સાધર્મિક એવી કોટિનું મંડળ છે કે જે સંસારમાં રહ્યા છતાં જૈનશાસનની સંસ્કૃતિનું પાલન કરી બતાવે છે. જેના યોગે નસ્તિકવાદનું બહુ ચલણ



નથી ચાલતું. મુંબઈ જેવું મોટું શહેર અલબેલી નગરી કહેવાય. **દિ'ઉગે જ્યાં નવી. નવી જડવાદ અને ધર્મવિધ્વંસવાદની વાતો પ્રસરે છે, નવાં નવાં ભોગવિલાસનાં સાધનો ઠલવાય ! તેવી સ્થિતિમાં પણ શાસનનો ઉદ્યોત દેખાય છે, તેનું કારણ શું ? પોતાના જીવનમાં ધર્મીપણું જીવનારા સાધર્મિકો વસે છે તે.** એમની ધર્મ શ્રદ્ધા અને ધર્મ કરણીથી આજે ઝાકઝમાળતા દેખાય છે. એવા સાધર્મિકની ભક્તિમાં તન-મન-ધનના વ્યય અપૂર્વ કમાણી કરાવે છે.

**પ્રભુ ભક્તિની તેમજ સાધર્મિક ભક્તિ જરૂરી છે :-** આપણા તરણ તારણ જિનેશ્વરદેવની ભક્તિ ઘણી જરૂરી છે, ઉત્સવો-મહોત્સવો ઘણા જરૂરી છે, માત્ર સુકાળીને સ્થિતિમાં જ નહિ, બલકે દુકાળની સ્થિતિમાં પણ ! કેમ કે **ધર્મથી પાપ** ઠેલાય છે. શાન્તિસ્નાત્રના પ્રાંતે જે આશીર્વાદના શ્લોકો બોલાય છે **'ક્ષેમં ભવતુ સુભિક્ષં** તે શુ છે ? બહુ સુકાળ થાઓ ! લોકોના ઘર ધન ધાન્યથી ઊભરાવો! વગેરે અસત્ય નથી બોલાતું. કેમ કે શાંતિ સ્નાત્રનો અજબ પ્રભાવ છે. આ ધાર્મિક ઉત્સવ-મહોત્સવોથી સમાજનાં પુણ્ય વધે છે, પાપ ઠેલાય છે, અને સંઘમાં સુંદર સ્થિતિ પ્રાપ્ત થાય છે તેથી જ **ભવોભવના ઉપકારી શ્રી જિનેશ્વરદેવના ઉત્સવો પૂરેપૂરા જરૂરી છે.** તેમ એ ઉજવનારા સાધર્મિકો ઓછા જરૂરી નથી, એ પણ પૂરા જ જરૂરી છે. એ ન હોત તો ભરત મહારાજા કોની ભક્તિમાં રસોડાં ખુલ્લાં રાખત ? એ કાળમાં લોકોની સ્થિતિ સુખાકારી હતી છતાં શા માટે રસોડા ખુલ્લા ? એટલા માટે કે ઉત્સવો અને મહોત્સવો **જેટલા જરૂરી છે, તેટલી જ જૈનને સાધર્મિક ભક્તિ ખુબ ખુબ જરૂરી છે.** આ જો હૃદયમાં હોય તો આપણા તારક ક્ષેત્રો માટે દોરાપુર પણ હલકો વિચાર મનમાં ન આવે કે હલકો શબ્દ બોલાવા ન પામે.

**કુમારપાળનો પૂર્વ ભવ અને ઉદયનની સાધર્મિક ભક્તિ :-** ડૉક્ટર વગેરેના ખર્ચા ઘણા નભે છે, તો તેમાં એકાદ સાધર્મિકનો ખર્ચો ઉઠાવવો પડે તો ભલે,' આવા ઉમળકા કેમ નથી જાગતા ? કેમ કે જેટલી બીજી ઉપયોગિતા સમજાય છે, તેટલી આની ઉપયોગિતા સમજાતી નથી. જુઓ સાધર્મિક ભક્તિમાંથી બનેલા મંત્રી ઉદાયન કેવા શાસન ભડવીર ! શાસનની પ્રભાવનાને પોતે કરનાર ! અને મહાન પ્રભાવના કરનાર વાગ્ભટ્ટ સરખા પુત્રરત્નોને તૈયાર કરનાર ! કુમારપાળ પૂર્વ ભવમાં રાજપુત્ર છતાં વ્યસની બનીને દેશ નિકાલ થઈ લૂટારાપણું કરતા હતા. એમાં જંગલમાં સાધુને લૂંટવાની અને મારવાની બુદ્ધિ સુધી પહોંચે છે ! પરંતુ મુનિએ તેને બોધ આપ્યો એટલે સાધુની સાથે જ વિહારમાં એ ચાલ્યો. વિહાર કરીને જે ગામમાં આવ્યાં, ત્યાં ઉદયનનો જીવ જે ત્યારે શ્રાવક હતો. તેને સાધુએ આની ઓળખ કરાવી. આ શ્રાવક એવો સાધર્મિક મલ્યો કે પર્વ દિવસે કુમારપાળના

જીવને પૂજા કરવા લઈ જઈ રહ્યો છે, સાધર્મિક ધારે તો શું કરી શકે ? બીજાને ધર્મમાં સહાય પ્રેરણા કરી ઊંચે ચઢાવી શકે. પણ પોતાને મૂળમાં ધર્મની લાગણી જોઈએ, ખમીર અને ધગશ જોઈએ. ત્યારે જુઓ કે કુમારપાળ આટલા ઊંચા શી રીતે આવ્યા ? જૈન ધર્મના પ્રભાવક શી રીતે બન્યા ? કુમારપાળના જીવને થાય છે કે 'હું હીણભાગી ! મારી પાસે કંઈ નથી, હું પ્રભુ ભક્તિ શી રીતે કરું ?''

શ્રાવક કહે છે. ''આ ઘર તારું જ છે. જે જોઈએ તે લઈ જા, અને પ્રભુની ભક્તિ કર.'' પરંતુ આ કુમાર એમ સમજે છે કે પારકે પૈસે દિવાળી ન થાય, તેથી પૈસા લેવા ના પાડે છે.

''તો તારી પાસે શું છે ?''

''મારી પાસે પાંચ કોડી છે.''

''તેનાથી ભક્તિ કર.''

એ તો ઉપડ્યો, પાંચ કોડી લાવી ફૂલ લઈ તેણે અપૂર્વ પૂજા કરી. **આપણી પોતાની અલ્પ પણ સામગ્રીથી કરેલી જે ભક્તિ, તેના મૂલ્ય આંકી શકાય એમ નથી.** એ મરીને કુમારપાળ થયા. પેલા શ્રાવક એની ખૂબ અનુમોદના કરી તેમાંથી તો તે ઉદાયન મંત્રી થયા, કેવા મંત્રી ? હેમચન્દ્રસરિ મહારાજને ઊભા કર્યા એમણે. ગુરુ દેવચન્દ્રસૂરિજી મહારાજ તો હેમચન્દ્રસૂરિ મહારાજને બાળક પણે એમની મા પાસેથી વહોરી લાવ્યા એટલું જ. પણ તે કાચી ઉંમરના અને બાપે નહિ વહોરાવેલા તેથી એકદમ દીક્ષા કેમ અપાય ? છ વર્ષના એમને દેવચન્દ્રસૂરિજી મહારાજે ઉદાયન મંત્રીને સોપ્યા, અને ઉદાયને તેમને એમના બાપ પાસેથી સમજાવીને મેળવ્યા. કેવી રીતે ? એ બાપને પોતાના દેવકુંવર જેવા બે પુત્રો વાગ્ભટ્ટ-આમ્રભટ્ટમાંથી ગમે તે એક પુત્ર અને ત્રણ લાખ સુવર્ણ આપી દેવાની તૈયારી બતાવીને. કયું હૃદય એ ? પરમાર્થ કરવાની કઈ ધગશ એ ? પોતાના દુન્યવી સ્વાર્થ માટે એવું કરે તો કોઈ લાભ નહિ. એવી રીતે સાધર્મિક તાવમાં ધખે છે, તેની તમે પગચંપી કરો દવા લાવી. આપો, ઠંડુ પાણી પાઓ તો એ બધું પુણ્યમાં જવાનું. પરંતુ પોતાના કુટુંબનું કે શેઠનું ઘણું ય કરો. પાંચસો કે પાંચ હજાર રૂપિયાની દવા પાઈ દો, છતાં એ સેવા કર્યા જવાની ? પાપના ખાતામાં; કેમ કે ત્યાં મોહના સબંધ, કારણ છે, તેમજ મોહની લાગણીઓનું કાર્ય છે.

**(૭) શું સાધર્મિક એટલે ? સાધના કરવા માટે એક કલ્પવૃક્ષ છે.** કોઈ સાધર્મિક દીક્ષાર્થી છે, કોઈ તપનો ઇચ્છુ છે, કોઈ વ્રતનો અભિલાષી છે. કોઈ વીશ સ્થાનકનો સેવા કાંક્ષી છે, કોઈ જ્ઞાન ઇચ્છે છે, કોઇ સાધુ ભક્તિ કરવા ચાહે છે. કોઈ તીર્થંકરનો જીવ છે, કોઈ ગણધરનો જીવ છે. આવા આવા સાધર્મિકોની ભક્તિ શુશ્રૂષાના લાભ અપાર, છે. સાધર્મિક છેવટે શાંતિથી માત્ર નવકાર ગણવાની



ઇચ્છાવાળો હોય, પણ મોટા કુટુંબના જીવન નિર્વાહના પ્રશ્નથી મૂંઝાતો હોય, તો એનોય ઉદ્ધાર એ મહાન લાભકારી છે.

## • સાધર્મિકની બે રીતે ઓળખ : ગૌરવ અને સીદામણ •

અત્યાર સુધી તો જુનુ તાજું કર્યું. એ બધું તો સાધર્મિકના **ગૌરવનું વર્ણન થયું. એમા સાધર્મિક ભક્તિના ઉછરંગ જાગે છે.** પરંતુ હવે વર્તમાન કાળે કેટલાય સાધર્મિકની જુદી જુદી જે દુઃખદ સ્થિતિ છે તેનું વર્ણન કરવાનું છે. અર્થાત્ હવે સાધર્મિકને વિકટ પરિસ્થિતિથી પીડાતા તરીકે ઓળખવાના છે. **આ વિવિધ સીદામણની ઓળખ થાય તો સાધર્મિકના ઉદ્ધારના ઉછરંગ જાગે. આ ઓળખ થવાથી સમજમાં પણ આવે કે આજે કેટકેટલી રીતે સાધર્મિકના ઉદ્ધાર કરવાની જરૂર છે. આ તો તમે માત્ર 'સાધર્મિકને રોટલા નથી મળતા' એટલું જ દુઃખ માની લીધું, અર્થાત્ એમને ફક્ત રોટલા દુઃખી તરીકે જ ઓળખ્યા તેથી બીજી કેટલીય એમની વિટંબણાઓનો વિચાર નથી કરતા, ખરી રીતે આજે એવી અનેક પીડાઓ સાધર્મિકોને પીડી રહી છે, જે સર્વનો ઉદ્ધાર કરવાની જરૂર છે. તેમજ શાસનની સાચી રક્ષા અને આરાધના થશે, શાસનનો અવિચ્છિન્ન પ્રવાહ વહેતો રહેશે અને પ્રચાર પ્રભાવના થશે તો જ એ સાધર્મિકનું પણ સાચું કલ્યાણ થશે; અરે તોજ એનું રોટલા દુઃખી મન સુધારી શકશો; ઉપરાંત એના જીવનમાં જ્વલંત ધર્મ જ્યોતિ જગાવી શકશો.**

**(૮) ધર્મશ્રદ્ધાળુ પણ કેટલાંય સાધર્મિ ધનથી દુઃખી છે :-** પહેલી વાત એ છે કે વર્તમાન કાળે,શું ગામડાઓમાં કે શું શહેરોમાં, એવા કેટલાય સાધર્મિકો છે કે જે ધર્મની શ્રદ્ધાવાળા છે ધર્મ કરી શકે એમ છે, છતાં ધનથી દુઃખી છે, જીવન નિર્વાહની મુશ્કેલીમાં છે તેથી ધર્મ નથી સાધી શકાતા; ધર્મના નિયમોનું પાલન નથી કરી શકતા, સંતાનના ધર્મસંસ્કાર અને ધર્મશિક્ષણની કાળજી કરવાનો સમય પણ કાઢી નથી શકતા. પરાઓમાં રહેનારને પૂછો કે બચ્ચાની ખબર ક્યારે લો છો ? અરે કેટલાય તો છોકરાઓને મૂકી પેટ માટે ઘરમાંથી નીકળી પડે છે,અને ઠેઠ રાતે છોકરા સૂતા હોય ત્યારે ઘેર પાછા ફરે છે ! કેમ આમ ! શેઠ જૈન નથી; જૈન છે તો સ્વપરના ધર્મની તેવી ગરજ નથી, કિંમત નથી; ધર્મ ખોઈને પણ ધન ભેગું કરી શકાતું હોય તો કોઈ અફસોસ નથી. રાત્રિભોજનમાં ધર્મ રહે કે ખોવાય ? કર્માદાનના ધંધામાં ધર્મ રહે કે જાય ? ત્યારે સાધર્મિ જીવનનિર્વાહ માટે જ્યાં ત્યાં ફાંફા મારે છે, દોડાદોડ કરે છે, છતાં પૂરું કરી શકતો નથી. ઘરની મુડી ખતમ થાય છે. માથે દેવા ચઢે છે. દેવાં ઉતારવા ઘરના દાગીના વેચવા પડે છે.

**વર્તમાન મોંઘવારી-બેકારી તથા જડવાદ અને ધર્મવિધ્વંસના ક્રૂર કાળમાં સાધર્મિક, એ દ્રવ્યથી અને ભાવથી જે હાડમારી ભોગવી રહ્યો છે, તેની વિચારણા પર ત્રાસ ઉપજે એવો છે.**

દ્રવ્યની હાડમારીમાં કેઈ સાધર્મિકના ઘરનાં ઘરેણાં ગાંઠા પણ વેચાઈ ગયો છે. પરંતુ કુલવટ એવી છે કે હાથ બીજા આગળ ધરાય એમ નથી. તેથી સુશીલ પત્નિઓ બેધડક કહી દે છે કે "લઈ જાઓ આ ઘરેણાં, ગમે તે રીતે કપરો કાળ કાઢી નાખો" માત્ર સૌભાગ્યચિન્હ રાખી બધું અર્પણ કરી દે છે. **કેવી પરિસ્થિતિ ! કેવી હૃદયવિદારક દશા ! આંખે આંસુ વહે છે ?** આમાં પ્રજાના જીવન ધોરણમાં કરકસરને બદલે વ્યવહાર ખર્ચ ઘણા વધી ગયા છે. માંડમાંડ ઘરનું પૂરું થતું હોય. ત્યાં જરા કોઈ માંદુ પડ્યું તો ડૉક્ટરી મોટા બીલ ! પેટંટ દવાઓ, મોસંબીના મોટા ખર્ચ. પાછા રૂમનાં મોટા ભાડા અને કપડા વગેરેના મોટા ખર્ચનો ભાર ઉપાડવાનો ! છોકરાઓના ભણતરના ખર્ચ એટલે ? સાત ચોપડીઓ અને સાત બસો પાનાની નોટો ! કનૈયો શું ભણે છે ? ત્રીજી ચોપડી ! એની નિશાળની ફી ઉપરાંત ટેનીસ'ની ફી, રવિવારની ટ્રીપના ખર્ચ ! આ આજનું ભણતર !

**સાધર્મિકની સીદામણનું કરુણ દર્શન :-**

પરિસ્થિતિ જુઓ ત્યારે આવકની કેવી મહાન મુશ્કેલી છે ? ગામડામાં રહેનારને ધંધા તૂટી ગયા છે. શહેરમાં રહેનારને લાઈસન્સ નથી મળતા. કેટલાક વેપાર તો સરકાર પોતે જ કરવા મંડી પડી છે. નોકરી માટે મહિનાઓ સુધી ફાંફા મારવા છતાં નોકરી મળતી નથી, મળે છે તો ગરજ છે તેથી બહુ થોડા પગારે ચલાવવું પડે છે. એમાંય પાછા આજના શેઠીયા એટલે કેમ, તો કે માણસો ઓછા કરો એમ કરી ઘેર બેસાડે, પછી જુઓ વિકટતા, ક્યાંક તો એવી સ્થિતિ આવીને ઊભી રહી છે કે ઘરમાંથી કપડાં સુદ્ધાં ખતમ થયા છે; તે ત્યાં સુધી કે માત્ર ચાલુ પહેરવાની જોડ હોય તેને, રાતના ગમે તેવું કપડું પહેરી લઈ, ધોઈ સવારે તૈયાર કરી એની એજ પહેરવી પડે છે, ક્યાંક નાના છોકરાને દૂધના વાખા છે, ક્યાંક નિશાળ ફી તથા પુસ્તકના વાંધા છે.

**સુખશીલતા, માન, મોભા વગેરેના ખોટા ખ્યાલ દૂર કરી કરકસર કરો :-** જો જો હો આ બધું કહીને એમ નથી કહેવું કે આવા બધાને રૂપીયાની કોથળીએ કોથળીઓ આપી દો, એનું એક કારણ તો એ છે કે એ રીતે તમે ભક્તિ કરવાના નથી; તેમ એ રીતે પહોંચાવાનું નથી. આ તો માત્ર વર્તમાન પરિસ્થિતિની પિછાણ છે, એમાંથી પછી ઉદ્ધારના યોગ્ય માર્ગ વિચારવાના છે, એ પણ જોવું પડશે કે **આવી પરિસ્થિતિ એકલી મોંઘવારી અને બેકારીને લીધે જ નથી; પણ આજના**



**મનના માનેલા કેટલાક વધુ પડતા અને બિનજરૂરી ખરચાએ આ સ્થિતિ ઊભી કરી છે,** 'એમ અત્યાર સુધી આ ટાઈપનું આ ઢબનું જીવન ગાળનારા, એમાં અમારાથી કેમ ઓછું કરાય ? અમારી પોઝીશન શું રહે ?' આમ સુખશીલતાના, માનના, પ્રતિષ્ઠાના વગેરે ખોટા ખ્યાલોમાં તણાઈ હાથે કરીને આપત્તિ વધારી મૂકાઈ છે. અલબત એમાં એવા પણ છે કે જે બધા ખર્ચ સંકોચી લેવા છતાં નિર્વાહ દુઃખી છે, છતાંય કરકસર અને જબરજસ્ત ખર્ચ સંકોચ આજે જરૂરી છે, સાધર્મિક ઉદ્ધારનો વિચાર **કરશો ત્યારે આ વિચાર કરવો પડશે કે પહેલા તો કરકસરના ધોરણો શરૂ થાય. અને આજની ખર્ચાળ પદ્ધતિઓને ધરમૂળથી પલટાય.**

**સ્વાર્થમાં પહોળા, તે પરમાર્થમાં સાંકડા :-** કરવી છે પહેલ ? પોતાના ઘરથી ચાલુ કરો. લોક વ્યવસ્થા આપણને અનુકૂળ વર્તે એવું નહિ બને. પરંતુ એવી યોજના કરી દો કે જેમાં જૈનો કરકસરથી જીવન જીવતા થઈ જાય. લાખોપતિ હોવા છતાં સાધર્મિક માટે પૈસા ખરચવા નથી; પણ દીકરા-દિકરીના લગ્ન હોય તો માધુબાગમાં પંદર હજારનો માંડવો તૈયાર ! પૂર્વે લગ્નમાં દોઢ હજાર જ ખર્ચતા હતા. તે પાછા જતાં ક્યાં ? જમણ રૂપે સાધર્મિકના પેટમાં ! અને આજે ? પરધર્મી કોન્ટ્રાકટરના પેટમાં ! કેવું બેહુદું ? માટે પહેલા ખોટા ખર્ચાઓને બંધ કરી દો. કોઈને ત્યાં જઈને બેઠા એટલે સામો માણસ ઔચિત્ય ખાતર તરત જ 'પ્રાઈમસ' પેટાવીને ચાની તૈયારી કરે ત્યાં જ કહી દેવું જોઈએ કે "બસ બધ રાખો" આજની પરિસ્થિતિમાં આવા ખોટા ખર્ચા આપણને પાલવે નહિ. સાચા પ્રેમનું પાણીનું પવાલું આપો, એટલે બસ!" **જ્યાં સુધી સ્વાર્થમાં કરકસર નહિ આવે ત્યાં સુધી પરમાર્થ, પરોપકારમાં હાથ પહોળો નહિ થાય.**

## • કરકસરીયા પતિ-પત્નીનું દૃષ્ટાન્ત •

મુંબઈમાં એક જૈન ધણી-ધણીયાણી વસતા હતા. કેટલાક જુવાનીયા જીવદયાની ટીપ લઈને નીકળી પડ્યા. તે એક વ્યક્તિના કહેવાથી પહેલા આ ગૃહસ્થના ઘર તરફ પહોંચ્યા. શા માટે ? 'પહેલાં જ સારી રકમ ભરાય.' મકાને આવ્યા. દાદરના પગથીયાં ચઢે છે. ત્યાં જાળીમાંથી અવાજ આવે છે. શાનો ? ધણી-ધણીયાણીના વિવાદનો. એમાં ડોસો ઠપકો દેતો ખુલાસો માગે છે.

"પંદર દિવસ દિવાસળીનું એક બાકસ ચાલતું હતું તે કેમ દસ દિવસમાં પૂરું થઈ ગયું ?"

"આ તો ચોમાસામાં દિવાસળી હવાઈ ગયેલી હોય છે તે કેટલીક નકામી જાય છે." ડોશી ઠંડે કલેજે જવાબ આપે છે, આ સાંભળીને જુવાનીયા વિચારે છે

કે "આને ત્યાં મોટી રકમ લેવા જવાનું છે ? હેઠા ઉતરો ભાઈ !" પરંતુ સાથે આવનારો જાણકાર કહે છે "તમે ચિંતા ન કરો. ચાલો, બધું સારુ થશે."

ઓરડામાં પેઠા કે તરતજ બાજી સંકેલાઈ ગઈ. બુઢ્ઢો તરત જ ઊભો થઈ ગયો, એને આવકાર આપ્યો. "આવો, પધારો !" કહી એક ગાદલા પર જુવાનીયાઓને બેસાડ્યા. ડોસાએ તરત જ પાડોશીના છોકરાને હાક મારી. એક હાકે જ છોકરો આવીને ઊભો. વિચારો કે પાડોશીને કેવી રીત આ બુઢ્ઢો સાચવતો હતો ? છે તમારે આવા પાડોશી ?

"જા, ચા બનાવી લાવ," ડોસાએ કહ્યું.

જુવાનીયા કહે છે, "કાકા રહેવા દો, ચા નથી પીવી." ડોસો કહે છે. "અલ્યા છોકરા, જા, બશેર કેશરીયા દૂધ લઈ આવ, અને જો જે હોં, અંદર બદામ-પીસ્તા નાંખવાનું ભૂલતો નહિ."

**હૃદયની દિલાવરતા આવા સમયે ઝળકે ત્યારે વિશેષતા ગણાય. બાકી તો બજારમાં વેપારીઓ સામસામા સ્વાર્થના ઘણાયે સોદા કરે છે.** આડતીયાની પાછળ ભરપૂર ખરચ કરી નાખે છે, તેથી શું ?

"કાકા, આ કાંઈ દૂધ પીવા માટે ચાની ના નથી પાડી. પરંતુ અમારે જવું છે. માટે ખટપટ રહેવા દો."

પણ કાકા ક્યાં રહેવાદે એમ હતા. દૂધના કટોરા પાઈને પછી પૂછે છે, "બોલો ભાઈ, કેમ પધારવું થયું ?" **કામ પૂછવાનું તે પણ પહેલાં ઉચિત ભક્તિ કરીને.** આજે તો શબ્દના સ્વાગત પણ મોંઘા થઈ ગયા છે. ઉપરથી 'ક્યાંથી હાલી નીકળ્યા છે આવા ટીપટપોરોવાળા ?' એવું કંઈક ન સુણાવી દે તો સારું.

"જુઓને કાકા ! આ ઢોરોને ઘાસપાણીની ભીડ પડી છે. જીવદયાનું કામ છે એ માટે નીકળ્યા છીએ. પહેલા સીધા તમારે ત્યાં જ આવ્યા છીએ."

"અરે ભાઈ, મારે ત્યાં શું આવ્યા ? બીજે ક્યાંક ગયા હોત તો ઠીક ઠીક રકમ મલત."

"ના ના, અમારે મન તો તમે જ ઠીક કરી આપશો.'

"પણ પહેલાં કોઈ સારા અને જાણીતા માણસનો આંકડો લખ્યો હોય તો ટીપ ઝટ ભરાય. નાની રકમથી મારું નામ શરૂ કરશો, એમાં ઠેકાણું નહિ પડે"

"કાકા, ના કહેશો તો નામ તમારું નહિ લખીએ."

"સારું ત્યારે, લ્યો એકાવન રૂપિયા લઈ જાઓ."

"ના ના, એટલા નહિ... વધુ આપો !"

"સો લઈ જાઓ."



"એટલે શું થાય કાકા ? એમ કાંઈ પાંચ હજાર પૂરા થાય ?" આમ રકઝક ચાલી તેમાં પાંચસો સુધી વાત પહોંચી. પણ જુવાનીયાને તો દાઢે ગોળ ચોંટ્યો. એમ કંઈ છોડે ? જોઈ લીધું કે તલમાં તેલ છે, તો એમ કેમ ફેંકી દેવાય ? આ બાજુ ડોસી કપડાં સુકવતી હતી. જુવાનીયાની અને બુઢ્ઢાની રકઝક જોઈને ડોસાને બુમ પાડે છે.

"નાહકના આ બિચારાને હેરાન શા માટે કરો છો ? ઘરનું તો કામ નથી કરવા નીકળ્યા ? આ તો ધર્મનું કામ છે, રાજી કરો."

સાધર્મિક ભક્તિ શું કે બીજા જીવોની રાહત શું તેના મૂલ્ય આ બુઢ્ઢા-બુઢ્ઢીમાં કેવા વસ્યાં છે, તે જોવાનું છે, નહિતર એમ ન કહી દે કે "લેવા હોય તો લ્યો. નહિતર રસ્તો માપી લ્યો !"

ડોસી વચ્ચે પડી કહે છે એ "ક્યાં બિચારાઓને લઈ જવા છે રૂપિયા, પરમાર્થનું કામ છે. બોલો ભાઈઓ તમારે કેટલા જોઈએ છે ?"

"અમારે એક હજારને એક જોઈએ."

તરત જ બુઢ્ઢાને કહ્યું, "આમને આપી દો." **એમ નહિ કે "હમણાં નામ લખી લ્યો, પછી ઉઘરાણી કરવા મોકલજો."**

તરત જ ડામચીયા નીચેના પીપમાંથી કવર કાઢી એમાંથી એક હજારને એક રૂપિયાની નોટો ગણી આપી. જુવાનીયા ટીપમાં નામ લખવા પૂછે છે.

"કાકા તમારું નામ ?"

"નામ નહિ લખાવું. પહેલા જ વાત થઈ ગઈ છે."

"તો અમારાથી પૈસા કેમ લેવાય ?"

"લખો એક શ્રાવક તરફથી." જુવાનીયાઓ બુઢ્ઢાની વર્તણુંકથી દિંગ્મુઢ થઈ ગયા ! એમને પેલા દાદર પરથી જોયેલા દશ્યનો અને આનો પાટો મળતો નથી લાગતો. **એક પૈસાનું બાકસ પંદરને બદલે દસ દિવસમાં પૂરું થયું એની ચિંતા કરનાર બુઢ્ઢા એકી કલમે રૂપિયા હજાર જીવદયામાં આપી દે છે.** કારણ પૂછવા માંગે છે પણ શબ્દ નથી કાઢી શકતા, ડોસો કહે છે, "બોલો બોલો, જે પૂછવું હોય તે પૂછો..."

પેલો કહે છે, "અમે દાદર પર ચઢતા હતા ત્યારે પેલી દિવાસળીની ..."

"હા હા ! સમજી ગયો, જુઓ તમને ખબર છે ? **આ દુનિયામાં જીવન જીવતાં આટલી ચોક્કસ કરકસર કરીએ છીએ તો અવસરે હાથ છૂટો રહે છે. પરંતુ પેટ જ પટારા જેવડું રાખ્યું હોય તો પછી પરમાર્થની નાની પણ પેટીઓ ક્યાંથી પૂરાય ?"**



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

ડોસાની કેવી અણમોલ શિખામણ છે ? બહાર નીકળતા જુવાનીયા એક જાણકારને પૂછે છે, "આ તે કોણ છે..."

પેલો કહે છે, "હજુ તમને એની પૂરી ખબર નથી. જે પીપમાંથી તમને પૈસા કાઢીને આપ્યા, તેની બાજુની પીપમાં લાડવા ભરી રાખે છે. જ્યારે જાણે કે અમુક સાધર્મિકની ભક્તિ કરવા જેવી છે. એટલે થાળી ભરીને મોકલાવી દે છે. એને ત્યાં ! દયા દાનથી નહિ ! કહેવરાવે છે," આ તો સિદ્ધગિરીની યાત્રા નિમિતે આવ્યા છે ! યાત્રાની ખુશાલીમાં... વગેરે વગેરે... **સાધર્મિકની ભક્તિ એટલે જડાંધ દુનિયામાં દિવ્ય કાર્યવાહી છે.** આ વાતનો ખ્યાલ આવે તો જ ભક્તિ શક્ય છે. તે માટે પહેલાં કરકસર કરતાં શીખી જવું જોઈએ. એક બીજા સાથે લેવડદેવડની સગવડ એવી થાય કે એક બીજાને ઉપયોગી થાય. આ તો બે-ચાર સરખે સરખા ભેગા થાય એટલે કેમ ? તો, કે 'લાવો આઈસ્ક્રીમની ડીસો ઉડાવીએ !' પછી એમાંથી શું લઈ જવાનું ? પૈસાનું પાણી આરોગ્યનું નાશ, પાપની કમાઈ અને તપને ગુમાવનારા બનવાનું. ખોટા ખરચાઓને ઓછા કરવાની જરૂર છે. નહિતર એ ખોટા ખરચા માટે પછી એક સૂત્ર રહેશે કે "ગમે તે રીતે પૈસા લાવો" અનીતિથી જૂઠ ડફાણ હાંકીને પણ પૈસા લાવો !"

**શ્રાવિકાનો દીકરો માંગણીઓ ? :-** સાધર્મિકની વર્તમાન પરિસ્થિતિ એવી છે કે કોઈકને જીવન નિર્વાહના પણ સાંસા છે. **સુખીને ત્યાંના ઢોર પણ પુણ્યશાળી એટલે વગર ચિંતાએ સાંજે પેટ પૂરતું મળી જાય. અને આજે માનવ જેવા માનવ, તેનું પેટ પણ જ્યાં સાજે પૂરાતું નથી ! કેવી કંગાળ દશા !** પાછો આજનો યુગ સમાધિ, સહિષ્ણુતા, સ્વકર્મદૃષ્ટિ તો શિખવતો નથી, 'પાપનો સમય ચાલે છે માટે ધર્મ વધારે કરો' એમ કહેતો નથી. આ પ્રગતિવાળો યુગ !! કેઈક બિચારા આ બંધુ સમજે છે, છતાં કુટુંબ મોટું, તેથી ભારે દુર્ધ્યાનમાં સડે છે, જૈનોમાં અરસપરસનો તેવો ધર્મ પ્રેમ નહીં એટલે એક બીજાને સહાયક નથી થતા. સહાયનો અર્થ એ નથી કે કોથળીઓ કાઢીને આપી દે. પણ ભાગીદારી દલાલી, નોકરી, લોન, ભલામણ, વગેરે અનેક રૂપની સહાય તમે સમજો છો. ક્યાંક કમાનાર એક અને ખાનારા આઠ હોય છે, ઘરમાં ડોસા ડોસીને ભૂલે ચૂકે જો કહે કે, 'શું અમે દરજી-બરજી છીએ ? હવે આ ઘરડે ઘડપણે બાકી રહ્યું હોય તો એ કરાવો.' તો પછી લુખ્ખો રોટલો ખાઈને ચલાવી લેવાની તૈયારી રાખો. તે ના, 'અમારે તો દૂધ, ઘી બધું જોઈએ, તમારે જોઈએ તો ગમે તે કરો, પણ પૈસા લાવો, ગમે તે એટલે ? અનીતિ, પાપ ! બીજું શું ? પરિસ્થિતિનું માપ કાઢવા માટે આ વિચારણા છે. પૂર્વે



મંદિર બંધાવનાર શ્રીમંત શેઠ અવસર આવ્યે પાછળથી મસાલાનો થેલો પણ ફેરવતા હતા હો. બીજા ગામ જઈ મહેનત કરી જીવનનિર્વાહ કરી લેતા, માંગવાનું હરામ સમજતા, આજે કેઈકને શરમ આવે છે; 'એવો ધંધો કેમ થાય ? કરકસર કેવી રીતે કરાય ? અને માંગવામાં વાંધો નહિ!'... કેવો કાળ આ ? શ્રાવિકાનો દીકરો માંગણીયો ?

**'સાધર્મિક દુઃખી'ની બહુ બુમોથી શું નુકસાન ? :-** મોટા રામચન્દ્રજી કે નળરાજા જેવાએ વનવાસને વહાલો કર્યો, સતી દમયંતીને સાતસાત વર્ષ પતિવિયોગે ગૂફામાં રહેવું પડ્યું. છતાં કોઈ કુવિકલ્પ કરવાનો ખરો ?ના મહાસમતા અને મહાસમાધિ ! તેથી જ ગુફામાં રહ્યે છતે કેઈ તાપસોને જિનધર્મના રાગી બનાવી દીધા. આજે આ પાઠ કોણ ભણાવે ? બને છે એવું કે સાધર્મિકને **'બિચારા દુઃખી, બિચારા દુઃખી, એનું કાંઈ કરો,' એમ કરવાથી તો, ઊલટા એ દીન બને છે, સત્ત્વહીન થઈ માંગણ વૃત્તિવાળા બને છે.** એને અમુક ધંધા કરવામાં શરમ લાગે છે. ખરી રીતે એણે સત્ત્વ કેળવવું જોઈએ. માટે જ એમની ભક્તિ કેવી રીતે કરવી તે જોવાનું છે. **સાધર્મિકના હૈયામાં જ્યાં સુધી આડી અવળી મોટાઈ અને માન્યતાઓના દુઃખો ઊભાં હશે ત્યાં તમે અનાજ, કપડાં એમને પૂરાં પાડો તેટલા માત્રથી તમે એમને સુખી નહિ કરી શકો, તેમ દુઃખી દુઃખીની બહાર બહુ બુમો પાડવાથી જૈનો હલકા પડે છે.** વાત સાચી છે કે આજે કેટલાક સાધર્મિકની સ્થિતિ ભારે ખેદ કરાવે તેવી છે. છતાંય એમાં વટ, ફેશન અને આડંબર વધી ગયા છે, તે ઓછા નથી કરાતા, કેટલાક પોતાની ખોટી આદતોને પનારે પડી ગયા છે. મહિને ખીસાપાકીટનો રૂા. ૩૦-૪૦ નો ખર્ચો. કેટલાક પોતાની સુકોમળતાને વધારતા ગયા છે. એટલે કેમ ? કાલબાદેવીથી પાયધુની આવવું હોય તો ચાલવાનું નહિ ! તરત જ ટ્રામનો એકઆનો ખર્ચી નાખવાનો ! આવા દિવસમાં ટ્રામ બસના ખરચા કેટલા ? રોજના ચાર છ આના સહેજે થઈ જાય. પાછું છાપું રોજ ખરીદવા જોઈએ. આટલાનો માસીક ખર્ચી ખાસ્સો ૧૦-૧૫ રૂપિયાનો ! વાર્ષિક ? ૧૨૫-૧૫૦ રૂપિયાનો ! આવા ખોટા ખર્ચાઓના પ્રતાપે (૧) નીતિ અને પરમાર્થના પાઠ ભૂલાયા, અને (૨) ધર્મી તરીકે જોઈએ તો આજે ઘણી ધર્મસાધનાઓથી વંચિત રહેવું પડે છે. અનિચ્છા છતાં અનીતિ અન્યાયનું પાપ કરવું પડે છે.



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

## ③ સાધર્મિક ભાઈઓની વર્તમાન પરિસ્થિતિ

**વર્તમાન કાળમાં આજે કેટલાક સાધર્મિક બંધુઓ ધર્મશ્રદ્ધામાં શિથિલ છે, કેટલાક નિંદા, ઈર્ષ્યા, અભિમાન વગેરે પાપથી પીડાય છે. કેટલાકમાં ધર્મનું, ક્રિયાકાંડનું તત્ત્વનું ખૂબ જ અજ્ઞાન વર્તે છે, અને આગળ વધીને કેટલાક તો જૈન ધર્મના સિદ્ધાંતોના વિરોધી પણ બની જાય છે.**

**જેમ જીવન નિર્વાહની પરિસ્થિતિ આજે વિચારણીય છે તેમ એ પણ વિચારવાનું રહે છે કે આજે વીરપરમાત્માના અનુયાયીઓ કેટલા બધાં નીચે ઉતરી ગયાં છે.**

**આજે ભોગવિલાસોની વધુ પડતી લાલસાઓને દૂર કરવાની જરૂર છે, સાથે જે પ્રભુશાસન પર અવિચલ શ્રદ્ધાની ખામી છે તે દૂર થાય, સમ્યક્ શ્રદ્ધાનું બળ જો કેળવાઈ જાય અને અજ્ઞાન-નિન્દાદિ દોષો ઓછા કરાય તો આજનો મોટા ભાગનો પ્રશ્ન ઉકેલાઈ જાય એમ છે. અને તે પછી જ ગમે તેવા આર્થિક મુશ્કેલીના કપરા સમયમાં પણ "મારી પાસે કરોડોથીયે કિંમત ન આંકી શકાય એવા સર્વોત્તમ દેવ-ગુરુ-ધર્મ છે, તેથી હું મહા શ્રીમંત છું, એવું સાચું ભાન થાય."**

(૯) **કેટલાક સાધર્મિક ધર્મશ્રદ્ધામાં શિથિલ છે :-** ધર્મશ્રદ્ધાળુ છતાં ધનથી દુઃખીની સ્થિતિ જોઈ, બીજો વર્ગ એક એવો છે કે જે પૈસટકે સુખી છે, પણ ધર્મશ્રદ્ધા શિથિલ છે. એ એટલો બધો ભોગમસ્ત છે કે જાણે ધર્મની એને જરૂર કે ગરજ જ નથી. બસ, 'આ ભવ મીઠા તો પરલોક કોણે દીઠા.' પણ ખબર નથી કે ભૂલવા માત્રથી નહિ અટકે. જૈન કુળમાં જન્મવા છતાં જૈનશાસનની પેઢીની કોઈ ચિંતા, પરવા જ જો નહિ, તો પોતાનો પરભવ બગડવાની તો શાની જ ચિંતા હોય ? પછી બાપદાદાની કુલવટ મૂકતાંય સંકોચ નહિ. તે દાન ભૂલે, આવાઓ શાસનની પરંપરા શું આગળ પહોંચાડશે ? માટે આવાનોય ઉદ્ધાર કરવા જેવો છે, અને જ્યાં એમાંના કેટલાક સારા સંગમાં આવે છે, તો થોડી પણ ધર્મ સાધના કરતાં કરતાં ધર્મમાં આગળ વધી ગયાના દાખલા આજે મોજુદ છે.

(૧૦) વળી જુઓ કે, આજે **કેટલાય સાધર્મી નિંદા, ઈર્ષ્યા, અભિમાન વગેરે પાપથી પીડાય છે.** આ પાપોને તમે સામાન્ય ગણી નજરમાંથી કાઢી નાખતા નહિ. **ઈર્ષ્યા, નિંદા, ઘમંડ, વગેરેથી તો સંઘના પુણ્ય ઘટે છે. સામર્થ્ય ઘટે છે,** કુટુંબમાં કલેશ થાય છે. જ્ઞાતિના બંધારણ ઢીલા પડે છે, ગુણીના અવર્ણવાદ બોલાય



છે, પૂજ્યની પૂજાના અતિક્રમ ઉલ્લંઘન થાય છે. એથી પાપરાશિ વધે છે, સાધર્મિકના ઉદ્ધારમાં આ પણ લક્ષમાં રાખવા જેવું છે.

(૧૧) ત્યારે જુઓ કે **આજના કેટલાય સાધર્મિકમાં ધર્મનું, ક્રિયાકાંડનું અને તત્ત્વનું કેટલું બધું અજ્ઞાન વર્તે છે.** વર્ષોથી ધર્મી બનવા છતાં કેટલાયને હજી છ આવશ્યક ક્યાં ક્યાં આવે તેની ખબર નથી; મંદિરના દસ ત્રિકની જાણ નથી; ભક્ષ્યાભક્ષ્યની માહિતિ નથી; નવતત્ત્વ કે કર્મ સિદ્ધાન્ત આવડતા નથી. પૂર્વે આર્યરક્ષિત શ્રાવિકા માતાને દૃષ્ટિવાદ સુધીના નામ-વસ્તુની ખબર હતી. મયણા સુંદરી મહાન તત્ત્વવિદૂષી હતી, શ્રાવકજીવનને જરૂરી પણ જ્ઞાનના અભાવે આજે ધર્મક્ષેત્રના વહીવટમાં કેટલાય છબરડા વળે છે; દા. ત. દેવદ્રવ્યનું સાધારણમાં તણાય છે વગેરે સાધર્મિકના ઉદ્ધાર કરતી વખતે આ પણ એક મહત્ત્વનો મુદ્દો ધ્યાનમાં રાખવાનો છે.

(૧૨) હજી એક વધુ સીદામણ જુઓ, **કેટલાય જૈન ગણાતા જૈન ધર્મના સિદ્ધાન્તોના વિરોધી બની ગયા છે;** જૈન સાધુઓના નિંદક થાય છે; જૈન સંઘની ચાલી આવતી પવિત્ર ધાર્મિક પ્રણાલિકાઓ પ્રત્યે સૂગ કરતા થયા છે, આમાં બધા દુરાગ્રહી નથી. એ તો એને એવા કુમિત્રો, પાપ છાપાં, પાપ પુસ્તકો વગેરે મળવાથી દોરવાઈ ગયા છે, પણ જો વ્યવસ્થિત માર્ગો-ઉપાયો યોજવામાં આવે તો એવાનો પણ ઉદ્ધાર થઈ શકે એમ છે. ઉદ્ધાર કરવા યોગ્ય આવી બધી અનિષ્ટ બદીઓની ઉપેક્ષા કરવા જેવી નથી. જૈનધર્મ માત્ર સંખ્યાબળ પર નથી જીવતો. એને સાથે ગુણસંપન્ન આત્માઓ જોઈએ છે, ધર્મશ્રદ્ધાની શિથિલતા, નિંદા, ઈર્ષ્યા, ગુમાન, તત્ત્વનું અજ્ઞાન, ધર્મ વિરોધ... વગેરે તો જૈન શાસનના મળમાં સડા સમાન છે. આજે કોઈક જૈન નામ ધારીને પણ સામ્યવાદના છાંટા ઉડ્યા છે. પણ હજી જૈન કુળના હોવાથી એમ નથી કહેતા કે ધર્મ હંબગ છે. પણ એમ તો કહેતા આચંકો નથી આવતો કે "ધર્મ આ કાળમાં ન જોઈએ." આગળ વધીને આચરણમાંય આજના કાળમાં જો કાંઈ તેવી બિમારી આવી તો જાઓ હોસ્પિટલમાં ત્યાં શું ? દૂધ ભેગા ઈંડાનો રસ, કહે છે 'વાપરી લો, નહિતર જીવશો નહિ'. આગળ વધેલો યુગ ને ?

આજે શું વધુ વહાલું લાગે ? વિજ્ઞાનવાદ !! કે જે વિજ્ઞાનની શોધે સારા સારા માણસોને અકસ્માતમાં વિમાનમાંથી પટકીને સાફ કરી નાખ્યા ! આજે વળી એટમબોમ્બના અખતરાઓ ચાલી પડ્યા ! બિચારા લાખો પ્રાણીઓનો તેમાં નાશ ! આગળ વધીને જૈન કુળમાં જન્મ્યાં છતાં હૈયામાં કેવળ જડવાદના અંજામણથી અંજાયા એવા, કે વેશ પરિધાન વેશ્યાને ટપી જાય તેવા ઊલ્લંઠ થઈ ગયા. ઊંડા



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

ઉતરીને વિચાર કરો તો દેખાશે કે જેને ઉદ્ભટવેશ પહેરવાનું મન થાય છે, ગણિકા જેવા વેશ પહેરવાનું મન થાય છે, તેને અંદરખાને વાસના નથી સળગતી તો બીજું શું છે ? ધાર્મિક દૃષ્ટિની વાત પછી, પણ દુન્યવી દૃષ્ટિને લાજ મર્યાદા અને મોભો વગેરે મોંઘા થઈ ગયા. જીવનનિર્વાહની પરિસ્થિતિ જેમ વિચારણીય છે. તેમ આ પણ વિચારવાનું રહે છે કે આજે વીરપરમાત્માના અનુયાયીઓ કેટલા નીચે ઉતરી ગયા છે.

સમય બહુ થયો છે, તો હવે ભાવથી ઉદ્ધાર કરવા અંગેનું એક દૃષ્ટાત સાંભળી લો.

## • ચોરની ચોરી મિટાવી •

પશ્ચિમ દેશમાં બનેલો આ એક બનાવ છે કે, એક ચોર ચોરી કરવા એક મકાનમાં પેઠો, પોલીસ પાર્ટી આવી પહોંચી. એને ઘેર્યો પરંતુ ચાલાકીથી આ ચોર જીવ બચાવવા ત્યાંથી નાઠો. રાત્રિનો સમય છે, ઘોર અંધારી રાત્રિ છે. આ ચોર દોડતો જાય છે, રસ્તામાં તેણે **ચર્ચ**ના દરવાજા ખુલ્લા જોયા. અડધી રાતે એના વિના બીજા કોના દ્વાર ખુલ્લા હોય ? અને એ એમાં પેઠો. પાદરી અંદર સુતેલો છે. પરંતુ જાગતો પડ્યો છે. એ વિચારે છે કે "આ કોઈ માણસ થરથર ધ્રુજી રહ્યો છે." એટલે એને પૂછે છે "કેમ ભાઈ, કોણ છે તું ?" **દુનિયામાં ધર્મગુરુ એક એવી સંસ્થા છે કે જ્યાં દિલનો એકરાર કરવાનું મન થાય, ઊંચી કોટિનું જ્યાંથી આશ્વાસન મળે.**

પાદરી પૂછે છે, એટલે આ કહે છે, "ચોરી કરવા નીકળ્યો હતો. પરંતુ હું સપડાઈ ગયો. મારી પાછળ પોલીસ પાર્ટી આવી રહી છે." આ કહી રહ્યો છે ત્યાં તો પોલીસના મજબુત પગલા ચર્ચના દરાવાજા પર ખખડાયાં.

પાદરી કહે છે, "અહીં ચોર કેવો ! આ તો ચર્ચ છે !" હવે જુઓ શું બન્યું. પાદરી કહે છે એટલે એના પર પોલીસને વહેમ કરવાનો હતો જ નહિ. **વિચારો ધર્મગુરુ પર એ દેશમાંય પોલીસ જેવાને કેટલી શ્રદ્ધા !** પોલીસપાર્ટી આગળ ચાલી શોધવા. પાદરીએ તો ચોરની દયા ખાધી, પણ પોલીસની લપ ગઈ એટલે પેલો ચોર શું કરે છે તે હવે જુઓ. રાત્રિ વધવા માંડી, પાદરી આને કહે છે, "આ બાજુની જગામાં તું સૂઈ જા. સવારે તારે જ્યાં જવું હોય ત્યાં જજે." ચોર સૂતો, પાદરી પણ સૂઈ ગયો. આ ડામીસ ચોર પાદરીની બાજુમાં પડેલા ચાંદીના કપને જોઈ લલચાયો. વિચાર આવ્યો કે "મારી પાસે કંઈ નથી, સવારે ઉઠીને શું ખાઈશ ? માટે આ ઠીક છે. લઈને ચાલતો થાઉં." વળી જોઈ લીધું કે પાદરીની



આંખ ખુલ્લી તો નથી ને ? આવા માણસને અને સર્પમાં શો ફેર છે ? **કર્યાનો ગુણ ન માને, એ માણસ શાનો** ? ચોર ચાંદીના વાસણ ઉપાડીને બહાર નીકળ્યો. **પાપી આત્મા વાર્યો થકો સમજીને પાપથી પાછો ન વળે, પરંતુ હારીને તો પાછો વળેને** ? આ કમનસીબ છે, ચોરી કરી ને જ્યાં બહાર નીકળ્યો. ત્યાં તો પેલી પોલીસ ચોરની તપાસ કરીને પાછી વળતી હતી. આને જોયો માલ સાથે; પકડ્યો અને ચોર તરીકે સાબિત કરી દીધો. તેને સવારમાં કોર્ટમાં હાજર કર્યો. સાક્ષી તરીકે પાદરીને બોલાવવામાં આવ્યા.

"બોલો આ વાસણને તમે ઓળખો છો ?" ન્યાયાધીશે પાદરીને પૂછ્યું.

"હા"

"એ તમારા છે ને ?"

"એક વખત અમારા હતા."

"તો આ ચોર કેવી રીતે તે ચોરી ગયો ?"

"અરે, આ શું બોલો છો ? ચોરી ગયો ? તમે મારા મહેમાન પર આરોપ મૂકો છો. મેં એમને મારે ત્યાં જમણ આપેલું અને ખુશાલીમાં મેં એમને આ વાસણો ભેટ કરેલા."

પાદરી એમ માનનારો હતો કે **ચોરને ચોર તરીકે બનાવીને દંડા મરાવવા તે તો તેને હવે વધારે ચાલાકીવાળો ચોર બનાવવા બરાબર છે.** પોલીસ તો આ સાંભળીને ભોંઠી પડી ગઈ. પાદરી ચોરનો હાથ પકડીને પોતાના ચર્ચમાં લઈ ગયો, પણ પેલો ચોર હવે ક્યાં ઊંચું પણ જોઈ શકે એમ હતો ? પાદરીના પગમાં માથું મૂકીને ધૂસકે ધૂસકે રડી પડ્યો, ત્યાં તેણે પ્રતિજ્ઞા કરી કે "હવેથી ચોરી, બદમાશી વગેરે નહિ કરું."

પરદેશમાં જ્યાં આર્ય ધર્મો નથી ત્યાંની આ વાત, બાકી આપણે ત્યાં આવા કેઈ દૃષ્ટાન્ત છે. સુવ્રત શેઠ ચોરની ચોરી મુકાવી, તે તો આ પાદરી કરતાંય બહુ ગજબ રીતે સાધર્મિકોની વર્તમાન પરિસ્થિતિનો વિચાર કર્યો. તેમના હૃદયમાં પેસી ગયેલી ભોગવિલાસની વધુ પડતી લાલસા દૂર કરવાની જરૂર છે. સાથે એમનામાં જે પ્રભુશાસન પર અડોલ શ્રદ્ધાની ખામી છે તે દૂર કરી એવા શ્રદ્ધાળુ અને શૂરવીર બનાવવાની જરૂર છે કે "મારી પાસે કરોડોથીય કિંમત ન આંકી શકાય એવા સર્વોત્તમ દેવ-ગુરુ-ધર્મ છે, તેથી હું મહા શ્રીમંત છું. મહા સુરક્ષિત છું. પછી હું શા માટે ઓછું માનું ? શા માટે રોદણાં રોઉં ?"

આ બે ભોગવિલાસની લાલસાને કાપ અને સમ્યક્ શ્રદ્ધાનું બળ જો કેળવાઈ જાય, સાથે અજ્ઞાન નિન્દાદિ દોષો ઓછા કરાય તો આજનો ઘણો પ્રશ્ન ઉકલે એમ



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

છે. સાધર્મિકની વિવિધ ઓળખાણ કરાવી છે. એમાં સાધર્મિકોને આપણાં જીવનમાં એક ઉચ્ચ પ્રેરક તરીકે ઓળખાયા છે. તેમજ બીજી રીતે સાધર્મિકને દ્રવ્ય-ભાવથી સીદાતા તરીકે પણ ઓળખ્યા છે. જો કે એમાં એ સાધર્મિકની ભક્તિ અને ઉદ્ધાર કેવી રીતે કરવા તેની આછી આછી વાતો આવી છે. છતાં એના ઉપાયોની વ્યવસ્થિત અને વિસ્તૃત વિચારવા જરૂરી છે તે વળી કોઈ અવસરે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૭,તા. ૨૪-૧૦-૧૯૫૩

## (૪) સાધર્મિક ભાઈઓની

### (ભક્તિ અને ઉદ્ધારના ઉપાયો.)

(વ્યાખાનકાર પૂજ્યશ્રીએ શ્રી ગોડીજી ઉપાશ્રયમા આપેલા 'સાધર્મી ભાઈઓની વર્તમાન પરિસ્થિતિ' ઉપરનાં બે વ્યાખાન આ વર્ષના અંકોમાં છપાયેલા. તે વાંચી 'દિવ્યદર્શન'ના શુભેચ્છક વઢવાણવાળા શેઠ રતિલાલ જીવણભાઈએ વીલાપારલામાં પૂ. મહારાજ સાહેબને 'સાધર્મિકોની ભક્તિ અને ઉદ્ધારના ઉપાયો' ઉપરનું વ્યાખાન આપવા આગ્રહભરી વિનંતી કરી તે અનુસારે સ્થાનિક સંઘે વર્તમાનપત્રો અને હેન્ડબીલ દ્વારા જાહેરાત કરીને કુમારિકા મંડપના વિશાલ હોલમાં રવિવાર તા. ૪-૧૦-૫૩ ના રોજ જાહેર વ્યાખાન રાખવાની યોજના કરી હતી. શેઠ રતિલાલ મણિભાઈ નાણાવટી, શેઠ ચંદુલાલ ટી શાહ. શેઠ નગીનદાસ કરમચંદ, શેઠ કલ્યાણભાઈ નાણાવટી, સ્થાનકવાસી સંઘના પ્રમુખ શેઠ ખુશાલભાઈ વગેરે ગૃહસ્થોની વિશાળ મેદનીમાં લગભગ સવા બે કલાક ઉક્ત વિષય ઉપર પૂ. મહારાજશ્રીએ એકધારાએ બોધક અને રોચક પ્રવચન આપ્યું હતું. એનું અવતરણ અત્રે પ્રસિદ્ધ કરવામાં આવે છે.)

**एगत्थ सव्वधम्मा, साहम्मिअ-वच्छल्लं तु एगत्थ ।**
**बुद्धितुलाए तुलिआ दो वि अ तुल्लाइ भणिआई ॥**

**બીજા સર્વ ધર્મોની તુલના કરી શકે એવો ધર્મ સાધર્મિક-વાત્સલ્ય :-** અનંત ઉપકારી ત્રિલોકનાથ શ્રી તીર્થંકરદેવો, અનાદિ અંનતકાળથી ભવચક્રમાં ભટકતા જીવોને પરમસુખમય મુક્તિના માર્ગે ચઢાવવા ધર્મશાસનની સ્થાપના કરે છે, એ શાસન સુવ્યવસ્થિત વહન કરાતું જાય, એ માટે પ્રભુ શ્રી ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. સાધુસાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ, એની સ્થાપના જો



પ્રભુ કરે છે, ત્યારે પ્રભુએ સ્થાપેલા આ જૈન સંઘનું ગૌરવ તમે સમજો છો ? જો હા, તો સાથે સમજી લો કે માટે જ એની ભક્તિ કરવી એ સંસારસાગરથી તરવાનું એક મહાન સાધન છે. શ્રી જૈન શાસનમાં આત્મકલ્યાણના અર્થે અનેક પ્રકારના ધર્મોની આરાધના ફરમાવવામાં આવી છે. પણ એક સ્થાને શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે "બુદ્ધિને એક જોખવાનું ત્રાજવું કલ્પીએ, પછી એમાં એક બાજુના પલ્લામાં બીજા સર્વે ધર્મો મૂકીએ, અને બીજી બાજુના પલ્લામાં માત્ર સાધર્મિકભક્તિનો ધર્મ મૂકીએ. અને જોખીએ, તો બંને બાજુના પલ્લાં સમાન ઉતરે !

પણ પહેલું નીચું આવે અને બીજું ઊંચું જાય, એમ ન બને. ખરી રીતે એક બાજુ બીજા બધા ધર્મો છે, એનું તો ખૂબ સારું વજન હોય; તેથી એનું પલ્લું નીચું ઉતરવું જોઈએ, ત્યારે જે બીજી બાજુ સાધર્મિક-વાત્સલ્ય છે, એ તો એકજ ધર્મ હોવાથી હલકો અને ફોરો ગણાય, તેથી એનું બહુ ઓછું વજન હોવાથી પલ્લું ઊંચું ચઢી જવું જોઈએ. પણ એવું બનતું નથી; કિંતુ બુદ્ધિએ વિચારી જોતાં સમાન દેખાય છે ! એ સૂચવે છે કે સાધર્મિક-વાત્સલ્યનો મહિમાં અપરંપાર છે. આમ તો એ સિવાયના બીજા ધર્મોના સમૂહમાં શું શું નથી આવતું ? ઘણું ઘણું આવે છે. બીજા કેઈ દાન, કેઈ વ્રત કેઈ પચ્ચકખાણ, કેઈ તપસ્યા વગેરે ધર્મો આવે છે. છતાં જાણે એ બધાની તુલના કરી શકે એવો આ પ્રભાવિક ધર્મ કહ્યો છે. એ સાધર્મિક વાત્સલ્યમાં સાધર્મીની પૂજા-ભક્તિ, અને ઉદ્ધાર-ઉન્નતિ એમ બે વસ્તુ લેવાની. આજે આ બંનેની વિચારણા કરવાની છે.

**સાધર્મિક નાગકેતુએ કરેલું વાત્સલ્ય**-સાધર્મિક-વાત્સલ્યનું એવું મહત્ત્વ શાથી, એ પૂર્વે અને પર્યુષણપર્વમાં સાધર્મિની ઓળખ કરતાં વિચારેલું છે. સાધર્મિક એ મહાન કલ્પવૃક્ષ છે, એ પુણ્યની પરબ છે, એ શાસનનો આધાર છે. મોક્ષમાર્ગે સહાયક પ્રેરક છે. ઈત્યાદિ જે ઘણી ઘણી ઓળખ કરી છે. એ પરથી સમજી શકાય છે કે એવા સાધર્મિકનું વાત્સલ્ય અવશ્ય મહાન લાભદાયી હોય તેમાં કોઈ સંશય નથી. સાધર્મિકમાંથી સાધુ થાય છે. સાધર્મિક માંથી ગણધર મહારાજ તીર્થંકરદેવ અને શાસન પ્રભાવકો બને છે. એક નાગકેતુએ આખા નગરનું રક્ષણ કર્યું. ત્યાંના રાજાએ ભૂલમાં કોઈ નિર્દોષ માણસને ગુનેગાર ગણી મરાવેલો; એ મરીને વ્યંતર થઈ રાજાને સિંહાસન પરથી નીચે પટકી સમસ્ત પ્રજાને કચડી નાખવા માટે તૈયાર થયો. દેવપણું એ માટે ? પણ કષાય ભૂંડી ચીજ છે. એણે આખા નગર પર એક મોટી પત્થરની શિલા વિકૂર્વી. નાગકેતુએ તે વખતે શ્રી જિનમંદિર અને શ્રી સંઘના રક્ષણાર્થે ઊંચા સ્થાને ચઢી પોતાની આંગળી ઊંચી કરીને દેવતાને મહાત કરી દીધો. સાધર્મી શું ન કરે ?



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

સાધર્મિકની ભક્તિ કર્યાથી અવસરે એ હાથ ઝાલે !-સાધર્મિક આપણને અંતકાળે સુંદર કોટિની નિર્યામણા કરાવી સદ્ગતિ અપાવી શકે. એવી સાધર્મીની ઓળખાણ રાખતાં આવડે તો એની ભક્તિ-ઉદ્ધારમાં બધું ન્યોચ્છાવર કરવાની તૈયારી આવે. આપણે કોઈ સાધર્મિકને ધર્મ-પ્રેરણા પાઈ હોય. એની ભક્તિ કે એનો ઉદ્ધાર કર્યો હોય તો અવસરે એવું બને કે એ દેવ કે માનવ થઈ આપણો હાથ પકડવા આવે. સાધર્મિકને ધર્મપાન કરાવવું એ પણ એક મહાન ભક્તિ છે.

**બળદમાંથી રાજકુમાર બન્યાનું દૃષ્ટાંત :-**

ધર્મપાન કરાવવાના લાભ પર એક પ્રસંગ આવે છે. એક નગરમાં રાજકુમારે નવું દેરાસર બનાવરાવ્યું છે. એની અંદર એક દિવાલ પર ચિત્રામણ છે. અનેક માણસો દર્શનાર્થે આવે છે. એમાં એક શ્રાવક તો ચિત્ર જોઈને ચકિત થાય છે. એના મો પર જાણે એમ દેખાય છે કે 'આ તો મારું જ ચિત્ર છે !' ત્યાં રાજાના સિપાઈઓ ઊભા છે. એ આ શેઠને કહે છે, "ચાલો, તમને બોલાવ્યા છે."

"કેમ ?"

"રાજકુમારનો હુકમ છે."

શ્રાવક શેઠને કાંઈ જ ગભરામણ થતી નથી. જીવનમાં ઝીણાંમાં ઝીણુંય કાળું જેણે કર્યું નથી તેને ભય શાનો ? એમને લઈ ગયા રાજકુમાર પાસે

ત્યાં જઈને એ શેઠ પૂછે છે, "કેમ ભાઈ ! મારી શી જરૂર પડી ?"

"હા, એ ચિત્રમાં જે એક બળદ મરવા પડેલો દેખાય છે, અને તેના પાસે થઈને ઘોડા પર જતો એક માણસ ઘોડેથી ઉતરી તેના કાનમાં કંઈક કહે છે, એ અંગે હું એમ કહું કે મારે એવું બનેલું, કેમ કે એજ રસ્તે એકવાર હું ઘોડા ઉપર બેસી જતો હતો, તો બળદને મરવા પડેલો દેખી, મેં નીચે ઉતરી એને નવકારમંત્ર સંભાળાવેલો."

"તો શેઠ ! શું તમે એ જાણો છો કે પછી બળદ મરીને ક્યાં ગયો ?

એ તો ભાઈ ! જ્ઞાની જાણે.

તો જુઓ શેઠ એ બળદ એજ હું અહીં રાજકુમાર થયો છું ! આ રસ્તેથી જતાં વિચારમાં ચઢતાં મને જાતિસ્મરણ જ્ઞાન થયું. મારો બળદનો ભવ મને યાદ આવ્યો. મેં જોયું કે મરતાં મને કોઈ શ્રાવકે નવકારમંત્ર સંભળાવ્યો તેથી હું અહીં રાજકુમાર થયો તો એ **નવકારમંત્રનો અને એ સંભળાવનાર ભાઈનો કેટલો બધો ઉપકાર !!** પણ હવે એ ઉપકારીની તપાસ કેમ કરવી ? એ માટે આ દેરાસર બંધાવ્યું,અને એમાં ચિત્રામણ કરાવ્યું."



**શ્રાવક અનર્થદંડ ન સેવે :-** ખાલી એકલું ચિત્રામણ જ હોય તો શ્રાવક થોડે જ એને જોવા આવે ? એ તો અનર્થદંડથી એટલે કે નાટકચેટક-ખેલચિત્રામણ વગેરેથી વિરામ પામેલો હોય. 'એ ન જોવું,' એવા એને પચ્ચકખાણ હોય હા, દહેરું હોય તો શ્રાવક પ્રભુદર્શનના નિમિત્તે આવે અને એ ચિત્ર જોતાં અચંબો પામે તો એને પૂછાય. શ્રાવકની કઈ મર્યાદા ? એ જરા ધ્યાનમાં લેવા જેવું છે. **એવી મર્યાદા વિના હૈયામાંથી મોહના ચાળા કાંઈ એમજ નથી જતા.**

કુમાર કહે છે. "એમાં તમે મળી ગયા. તો અહીં જે આ સ્થિતિમાં છું. તે ઉપકાર તમારો છે; માટે આ મળનારી રાજ્યગાદી તમને સોંપી દઉં છું."

શેઠ કહે છે. "ભાઈ, એમાં મેં શું કર્યું છે ? કોઈનો માલ, ને કોઈએ મહેનત કરી ! શ્રી જિનેશ્વર ભગવાને આપેલો નવકારમંત્ર,અને તમે એના પર મરણની પીડા વખતે મન લગાવ્યું, તો તમે આ ફળ પામ્યા ! એમાં મેં કાંઈ નથી કર્યું. મારે રાજ્ય ન જોઈએ. મને એ ન ખપે."

રાજકુમારે ઘણો આગ્રહ કર્યો. પરંતુ **આમેય મહાઆરંભ-પરિગ્રહાદિની દૃષ્ટિએ પણ શ્રાવકને રાજ્ય ખપતું નથી;** તેમ કોઈના પર કરેલા ધર્મોપકારના બદલામાંય કાંઈ ખપે નહિ, તેથી ના જ પાડી. પછી તો એ બંને મોટા મિત્ર સાધર્મી બની ગયા.

**સાધર્મિ ભક્તિનું વ્યસન :-** સાધર્મિક શુ છે ? આ ! એક નવકાર આપ્યો, તો હવે એ આવીને સાધર્મીનો હાથ પકડે છે, "રાજ્ય લઈ લો," એમ કહે છે ? એવાય દાખલા આવે છે કે જેમાં સાધર્મીઓ દેવલોકમાંથી આવી પૂર્વના સંબધી સાધર્મિકની દ્રવ્ય-ભાવભક્તિ કરી હોય, ઉદ્ધાર કર્યો હોય. એટલે કે સાધર્મિક તો ભવિષ્યમાં આપણા સારા સહાયક થાય. માટેય એની ભક્તિ કે ઉદ્ધારમાં અહીં સારું ખર્ચવાનું વ્યસન બની જવું જોઈએ. વ્યસન સમજ્યાને ? જેની સદા શોધમાં રહેવાય, જે મેળવવા તલસાય, જે ન મળે ત્યાં સુધી જંપ ન હોય, બેચેની હોય, જે ખૂબ મળ્યેથી અતીવ આનંદ અને હૃદયતોષ હોય, તે વ્યસન. સાધર્મિકની ભક્તિ અને ઉદ્ધારનું વ્યસન લાગી જવું જોઈએ. સમજી રાખજો કે જેટલું તમે ભક્તિ કે ઉદ્ધાર રૂપે સાધર્મિકને આપો એથી કેઈગુણું એવું ઉગી નીકળવાનું છે, કે જેની કલ્પના ન આવી શકે. **સંભવનાથ ભગવાન**ના જીવે તીર્થંકર નામકર્મ કેવી રીતે ઉપાર્જ્યું ? પૂર્વનાા ત્રીજા ભવમાં દુકાળમાં સાધર્મિક ભક્તિ કરીને ! સંસારમાં, કુટુંબીઓમાં, મિત્ર-મંડળમાં જેટલું તમે કરી વળો, તેટલું બધું અંતે મીંડામાં ! કાંઈ જ જમે ન થાય. પછી મુડીય નહિ, તો વ્યાજ શાનું ? કુટુંબ પાછળ જે લાખો



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

ખરચી નાખ્યા, તે બધા પડી ગયા સમજો. પણ સાધર્મિકને પાંચ રૂપિયાની પહેરામણી આપી તો તે પુણ્યના ચોપડે તમારા ખાતે જમે થઈ ગઈ ! કારણ કે સાધર્મીભક્તિની જિનાજ્ઞા છે; એમાં જિનભક્તિ છે.

સાધર્મિક એ પુણ્યની પરબ છે. તેમાંથી ભક્તિ અને ઉદ્ધારરૂપી ઘડા દ્વારા જેટલું પુણ્યનું પાણી ભરી લેવું હોય તેટલું ભરી શકીએ ! રોજ ભરો છો ને ? રોજ નહિ તો અઠવાડીયે નિયમિત ? કેમ બોલતા નથી ? સાધર્મી યાદ પણ નથી આવતા ? આટલું બધું વિસ્મરણ ? કદાચ યાદ આવે છે તોય 'હશે હવે, ચાલ્યા કરશે' એમ માંડવાળ ? કેમ આટલી બધી બેદરકારી-ઉપેક્ષા થઈ રહી છે ? અને એ પણ આ શાસનમાં ? આશ્ચર્ય છે ! જે સાધર્મિકભક્તિ અને ઉદ્ધાર નક્કર લાભ આપે છે. તે ઠેઠ તીર્થંકર નામકર્મ અને મોક્ષ જેવો અનંત લાભ આપે છે, પછી કયો લાભ બાકી રહ્યો; એ સાધર્મિક ભક્તિ તરફ બેપરવા !!! ત્યારે શું એ લાભ જોઈતો નથી ? જોઈએ તો છેજ, માટે તો અહીં દોડ્યા દોડ્યા આવો છો, અઢી કલાક અહીં ગોંધાઈ રહો છો, રસપૂર્વક સાંભળો છો પરંતુ કહું ? હજી સાધર્મીની હાર્દિક ઓળખ નથી થઈ. કહો જો, કમમાં કમ જ્યારે જ્યારે કોઈ પણ જૈનભાઈને જુઓ ત્યારે ત્યારે હૈયું આનંદથી પુલકિત થાય છે ?

કહે છે. 'થવું જોઈએ.'

અને **'થવું જોઈએ' એવું સમજવા છતાં એવું ન બનાવે એનામાં ધિટ્ઠાઈ નહિ ?**

સાધર્મીને જોતાં ખૂબ ખુશ થાઓ.

**બાહ્ય ધાર્મિક આચાર-અનુષ્ઠાન ખુબ જરૂરી છે :-** સાધર્મી એ જિનશાસનનો આધાર છે. મહાવીર પ્રભુએ શાસન સ્થાપ્યા પછી એના માનનારા સાધર્મિકો ચાલ્યા આવે છે, તો આજે આપણા હાથમાં શાસન મળ્યું છે ! નહીંતર તો કોના ઉપર શાસન ? આથી એમ નથી કહેવું કે સાધુના ઉપર આધાર નથી. મહાન આધાર છે. કહો, સાધુ પણ ઘણા સાધર્મીમાંથી પાકે છે ને ? આજના બનાવટી આત્મધર્મવાળાની જેમ રાખ્યું હોત કે ધર્મક્રિયા નકામી, ધર્મવ્યવહાર નકામો, સાધર્મી એવું નામ પણ નકામું, તો પછી સંઘ જેવી વસ્તુ,શાસન જેવી વસ્તુ, બહાર શું દેખાત ? તો પ્રભુની પરંપરામાં શું ચાલત ?એ તો ધર્મના બાહ્ય આચાર અને અનુષ્ઠાન આરાધનારા સાધર્મિકો મોજુદ છે, તો શાસન બહાર દેખાય છે, બીજાને આપી શકાય છે. સાધર્મિકની દેખાદેખીથીય જીવો ઉત્તમ પ્રકારના ધાર્મિક અનુષ્ઠાનોમાં જોડાય છે.



સાધર્મિકની ભક્તિ-ઉદ્ધારના ઉપાયોની વિચારણા કરવાની છે, તેમાં આ ઓળખ ક્યાં લાવ્યા ? એમ ન પૂછતા. કેમકે અહીં સાંભળનારા કેટલાય નવા હશે. તેમ બીજું એ છે કે સાધર્મિકોની ઓળખાણ વારે વારે થવાની જરૂર છે. એ માટે એના ગુણગાન સારી રીતે કરવા પડે. ગુણગાન એ પણ ભક્તિનો એક પ્રકાર છે એ ખૂબ થાય તો આત્મા અંદરથી પલળે. અને સાધર્મી તરફ એવો આકર્ષાય કે પછી તો જાણે હું મારા સાધર્મી બધુંની કઈ કઈ ભક્તિ કરી લઉ ! કેવો ઉદ્ધાર કરી લઉં !' એમ કોડ અને યત્ન થાય.

**નામથી જૈન એ પણ સાધર્મી.**

માત્ર વ્રતધારી કે ક્રિયાચુસ્ત જ સાધર્મી કહેવાય એવું નથી :- સાધર્મીને શાસનનો આધાર કહ્યા ત્યારે પ્રશ્ન કરો છો કે 'ઠીક છે, આચારમાં ચુસ્ત હોય તેને તો સાધર્મિક માનીએ, પણ જેનામાં આચારનું કાંઈ ઠેકાણું ન હોય, તો શું એનેય સાધર્મિક કહીએ ?' આનો ઉત્તર એ છે કે હા, જે જૈનકુળમાં જન્મ્યો છે અને એની જાહેરાત એ જ છે કે 'હું જૈન છું !' એ સાધર્મિક છે; શરતમાં, માત્ર એ જૈન ધર્મનો કે જૈનશાસ્ત્રોનો વિરોધી ન જોઈએ. બાકી જે એમ માનતો હોય કે 'મારા દેવાધિદેવ તો શ્રી તીર્થંકર ભગવાન જ, મહાવ્રતધારી સાધુ જ મારા ગુરુ, મારો ધર્મ જૈનધર્મ,' એ સાધર્મી છે. એવા પણ થતા આવ્યા છે તો જગતમાં જૈન શાસન વિશાળ રહ્યું છે ! સાધર્મીની ભક્તિ કરવા બેસીએ તે વખતે ભેદ ન પડાય કે 'આ સાધર્મી સામયિક કરે છે ? પ્રતિક્રમણ કરે છે ? વ્રત લીધાં છે ? ના, તો જાઓ, એ કાંઈ અમારો સાધર્મિ નથી.' આવી ગણત્રી ન કરાય. જેમ જૈન ધર્મના વ્રતો વગેરેને પાળનારા એ જૈન છે, સાધર્મી છે. પરંતુ જો જો હોં, એ તો નામજૈનો છે, નામ જૈનો છે,' એમ કરીને એમને ઉવેખતા કે ઉતારી પાડતા નહિ.

**સાધર્મી દુર્લભ છે :-** આજની આ દુનિયામાં સવા બસો કરોડ માનવોમાં, એટલે કેટલા લાખ ? સાડી બાવીસ હજાર લાખ થાયને ? તો સાડી બાવીસ હજાર લાખ માનવોમાં, વધારે તો નહિ પણ માત્ર 'અમારા ભગવાન મહાવીર સ્વામી, અમારા શાસ્ત્ર ૪૫ આગમ' એવું માનનારા કેટલા ? અતિશય અલ્પ ને ? હવે એમાંથીય તમારે વ્રતધારી લેવા છે ? તો કેટલા મળશે ? એટલું જુઓ કે એ જૈન ધર્મને, જૈનશાસ્ત્રોને, અરિહંત દેવને અને સુવિહિત સાધુને તરણતારણ માને છે ? સંયોગવશાત્ એ કદાચ રાત્રિભોજનેય કરતો હોય, સામયિક વગેરેય ન કરી શકતો હોય, અરે ! પ્રમાદથી ન કરતો હોય, તોય એ સાધર્મી છે.

અને તમને ખબર છે ? એવાની પણ 'મારા વહાલા સાધર્મી' એમ માનીને,



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

અને એમ કરી દેખાડીને અવસરે અવસરે સારી વાણીથી સારા બીજા સ્વાગત સન્માનની ભક્તિ કરીએ, તો એના દિલમાં ચોંટ લાગી જાય ! પછી અવસર પામી કહી શકીએ કે "તમે પુણ્યશાળી છો, ઈન્દ્રોનેય માન્ય એવું પ્રભુનું શાસન પામ્યા છો. તમને જોઈને અમને આનંદ થાય છે. શાસનને શોભાવવાની આપણી ફરજ છે. તમે દુનિયાની સંખ્યાબંધ કપરી ફરજોય અદા નથી કરતા ? તો આ તો જૈનધર્મની આત્મહિતની ફરજો છે. ધર્મનું આટલું તો નિત્ય કરવું જ જોઈએ; પ્રભુનું શાસન ક્યાંથી મળે !" એમ પ્રેરણા જો કરીએ. તો શું કંઈ ન થાય એને ?

**"હું શ્રાવિકા માતાનો દીકરો છું; મહાન ધર્મી પૂર્વજોનો વંશજ છું; શ્રી જિનશાસનનો વારસદાર છું એ બધી વિશેષતા શું હરામમાં જવા દેખાય ?"** એમ આ નામના ગણાતા જૈન સાધર્મીને પણ થવાનો સંભવ છે. તેથી ધર્મસાધના લગભગ નહિ કરી શકનારા એવા પણ જૈનોને સાધર્મી ગણી એમની પણ ભક્તિ કરવી આવશ્યક છે. એમાં જૈનશાસનનો ઉદ્યોત છે, પ્રતિષ્ઠા વધી જાય એમ છે, બીજા અનેક ને સારું આલંબન મળે એવું છે.

**ગમે તેવા પણ સાધર્મીની ભક્તિનો મહિમા :-** જેના વડવા પૂર્વે જૈન હોય, પણ પાછળથી એ કુળમાં ધર્માંતર થયો હોય, ત્યાં એ કુળવાળાનેય આ ભક્તિ મળે તો તે પણ શાસન તરફ આકર્ષાય ! તેમજ વર્તમાનમાં જે શિથિલ સાધર્મીકો છે તેમની પણ ધર્મ-આસ્થા અને ધર્મીઓ પર શ્રદ્ધા વધી જાય, તથા ક્રિયા પર ધગશ જાગે. અમારે તો જે કોઈ જૈન કહેવાય, તેને ઇતર પણ કહે કે મને વિશ્વાસ જૈનધર્મ પર છે, અને હું જૈનધર્મને માનું છું, તો તેને પણ અમે અમારા સાધર્મિક માનનારા છીએ ! શાસન જે ચાલ્યું આવ્યું છે, તે માત્ર બારવ્રતધારી શ્રાવક કે પંચમહાવ્રતધારી સાધુઓ ઉપરજ નહિ **! જેમ સાધુમાંય કોઈ માસખમણી હોય તો કોઈ નવકારશીવાળા પણ હોય, છતાં એ બધા સાધુ છે, ભક્તિયોગ્ય છે. એમ જૈન ગૃહસ્થોમાંય કોઈ બારવ્રતધારી હોય, એ જૈન છે, એવી જ રીતે માત્ર જૈનધર્મમાં વિશ્વાસ રાખનાર એ પણ જૈન છે, સાધર્મિક છે, ભક્તિ યોગ્ય છે.** એવાય જૈનકુળ છે, કે જે માત્ર સંવત્સરી પડિક્કમણું કરવા જ જાય છે. છતાં પોતાને મનાવે છે કે "હું જૈન છું." એવા પણ સાધર્મિક છે. એ પણ આધાર છે શાસનનો. એનીય ભક્તિ અને અવસરોચિત ઉદ્ધાર કરવો જોઈએ.

**ધર્મક્રિયા વિનાના જૈનો પ્રત્યે સૂગ ન કરો :-** પોતાના જૈનબંધુઓ જે આવા ક્રિયાકાંડથી રહિત હોય છે, તેમની પ્રત્યે કેટલાકો અભાવ ધરાવે છે, સૂગ કરે છે. કહે છે કે "જોયા આ જૈન નામધારીઓ ? રાત્રિભોજન કરે છે, હોટલમાં જાય છે, સિનેમાઓ જુએ છે! કોઈ દિ'ન સામાયિક, ન પડિક્કમણું, ન ઉપવાસ. કે ન



એકાશન ! ઉપાશ્રયે તો જાણે આવવાની જ બાધા ! આવા તો જૈનશાસનમાં ઘુસી ગયા છે મફતના." ઈત્યાદિ ઈત્યાદિરૂપે માનીને જાણે એમને જૈન સંઘમાંથી ઉડાવી દેતા ન હોય, જાણે જૈનેતર ન ગણાતા હોય, એમ હલકી દૃષ્ટિથી એમના પ્રત્યે જુએ છે ! 'આ તે જૈન કે જન ?' એમ કહી મશ્કરી કરે છે ! અવસરે તિરસ્કાર બતાવે છે ! 'આમને સાધર્મિક કહેવાય ?' એમ એ જુગુપ્સા કરે છે ! પણ આ એમનો વર્તાવ તદ્દન અનુચિત છે. પહેલી તો એમની માન્યતા જ ભ્રમણારૂપ છે; ભૂલ ભરેલી છે. કેમ કે એવા પણ જૈનો જૈન જ છે, સાધર્મી છે.

એનું એક મુખ્ય કારણ એ છે કે,

(૧) જ્યારે કદાચ મંદિર ઉપર, ઉપાશ્રય ઉપર, મૂર્તિ ઉપર, સાધુ ઉપર, જૈનો ઉપર આક્રમણ આવે છે, ત્યારે આમના એ કાઢી નાખેલા જૈનો આગળ આવીને આક્રમણનો સામનો કરે છે. એમને મનમાં દાઝ થાય છે કે 'હેં, અમારા દહેરા સામે, અમારા ભગવાન સામે, અમારા સાધુ સામે, તમે હુમલો કરવા આવ્યા છો ?' આ મંદિર, પ્રભુ અને સાધુ પ્રત્યે અમારાપણું અને અંતરની દાઝ એ જૈનપણું જ છે. એ ધરાવનાર જૈન છે, સાધર્મી છે

(૨) વસતી ગણત્રીમાં જૈન તરીકે મમત્વ કરતો એ આવે છે, ઈતર નહિ.

(૩) પરદેશમાં જૈનભાઈ ઉપર જૈન તરીકે મમત્વ કરતો એ આવે છે, ઈતર નહિ.

**અવગણનાના નુકશાન :-** માટે જો જો હોં ધ્યાન રાખજો. 'શું છે એવા ઓમાં ? શાના એ જૈન ?' એમ કહી અવગણના ન કરતા. નહિતર (૧) આશાતના લાગશે, (૨) હૃદય ક્ષુદ્ર બનશે. (૩) પ્રભુના શાસનનો મર્મ હાથ નહિ આવે, (૪) ધર્મક્રિયાનું અજીર્ણ થશે. (૫) આ બધાથી ભારે પાપ બંધાશે (૬) એમને અવગણી-અવગણીને ઊલટા વિરોધી બનાવવાનું દુષ્કાર્ય થશે. માટે હૃદય વિશાલ રાખો. એમાં આવા પણ સાધર્મીને સમાવો. અરે ! એટલું જ નહિ, કિન્તુ એને સારું પ્રેમનું સ્થાન આપો. એની પણ ભક્તિ કરો, જરૂરી ઉદ્ધાર કરો, અને એમને ઊંચે લાવો.

**તમારા કુટુંબોમાં કેમ ચાલે છે ?** એમાંય પુરુષોમાં કોઈ નહિ કમાતા, કોઈ નહિ કામ કરતાં, કોઈ માંદા, કોઈ ઢીલા, એવા એવાય હોય છે ને ? પછી એને કુટુંબમાં ગણો કે નહિ ? 'આ શાના કુટુંબી ? આ શાના આ ઘરમાં રોટલા ખાવા લાયક ? કરવું તો કાંઈ છે નહીં.' એમ કહી એને રોટલા બંધ કરો છો ? ત્યારે સમજી રાખો કે સમુદાયમાં બધા સરખા પુરુષાર્થી, સરખા ઉપયોગી, સરખા ગુણીયલ, સરખા કામ કરનારા હોય નહિ. હા એટલું તો જોવું જ જોઈએ કે એ કુટુંબનો, સંસ્થાનો વિરોધી નથી ને ? કુટુંબ કે સંસ્થાની મર્યાદાઓ અને માન્યતાઓ સામે

જેમ તેમ બોલનારો નથી ને ? જો તેવો હોય તો એને અંદરનો માણસ ન ગણાય. એજ રીતે જૈન સંઘમાં ક્રિયા વિનાના, વ્રત વિનાના, દાન વિનાના પણ ગૃહસ્થો હોઈ શકે છે, પણ શાસ્ત્ર-ક્રિયાદિના એ વિરોધી ન જોઈએ.

**વિરોધી બધા જ ખરેખર વિરોધી છે ? :-** પણ આજ તો એ કાળ છે કે જેમાં એય જોવું પડશે કે આપણે જેને વિરોધી તરીકે, ધર્મહીન તરીકે, સુધારક તરીકે ઓળખીએ છીએ. એ બધાજ શું ખરેખર તેવા છે ? કે પછી આપણા હાથે કોઈ એવી ઉતાવળ, કે કોઈ એવી ગફલત થઈ ગઈ છે, કે જેથી એ આપણાથી અલગ નહિ છતાં એમને એવા માની લીધા છે ? આજે આ એક મોટો પ્રશ્ન છે. એ બહુ વિચારણા માગે છે. જો આપણે વ્યુદ્ગ્રાહિત હોઈશું, અગર બદ્ધવિચારના હોઈ શું કે 'અમે જ ધર્મી, અમે જ શાસનરાગી,' એવા સ્વોત્કર્ષમાં તણાયેલા હોઈશું. અને બીજાઓ માટે અધર્મીનો ટાઈટલ રજીસ્ટર્ડ કરી રાખ્યો હશે; તો આ વાત સમજાવી કઠિન છે. બાકી જો પેટ મોટું રાખી વસ્તુને પચાવતાં શીખીએ, સારા તત્ત્વને વધાવતા શીખીએ, તો આજયે આપણે ધર્મવિરોધી તરીકે માની લીધેલા એવા કેટલાય માણસો નીકળે, કે જે ધર્મમાં સારા જોડાય, સાધુના ભક્ત થઈ જાય અને દેવગુરુધર્મના ગુણ ગાતા બની જાય. એ પછી તો આશ્ચર્ય આપણને થાય કે 'ઓહો ! આ ભાઈ આવા ધર્મરાગી બની ગયા !' જરૂર પડ્યે દાનાદિ ક્રિયામાં આપણને ટપી જાય. ત્યારે ખરું જોતાં એ ધર્મવિરોધી નહોતા. પણ આપણે એવા પ્રત્યે સંકુચિત વર્તાવ, એમને ઉતારી પાડવાનું, એવાથી અલગ પાડવાનું, વગેરે દેખાડેલું, તેથી એ હજી એટલી ઊંચી ભૂમિકાએ નહીં પહોંચેલો એટલે આપણા વ્યક્તિગત વિરોધી બની બેઠા, અને બીજો વર્તાવ એવો કરવા લાગ્યા કે જેથી આપણે એમને સામાન્યથીજ ધર્મના વિરોધી માની લીધા. જો કે સાચેસાચ ધર્મવિરોધી માણસો પણ લગભગ દરેક કાળમાં હોય છે, અને આજેય છે; કિન્તુ આપણી વાત એ છે કે એવાં પણ માણસો છે કે જે અંતરથી ધર્મ વિરોધી નથી, પણ એમને આપણે એમ માની લીધા છે. ત્યારે એમાં આપણી થઈ ગયેલી ભૂતકાળની ભૂલોનું પરિમાર્જન કરવું પડશે. એ કરવાનો અવસર આવી લાગ્યો છે.

**ભયંકર જડવાદ અને ધર્મવિધ્વંસવાદનો હાઉ ડોળા ફાડી રહ્યો છે, તેની સામે સંગઠિત બળથી પ્રયત્નો કરવાની મહાન જરૂર છે.** એને બદલે ઘરમાંને ઘરમાં જ 'આ ધર્મવિરોધી, આ શાસનવિરોધી,' એમ સિક્કા છાપી માત્ર એની સાબિતિ કરવામાં અને આપણી જાતની જમાવટ જમાવવા માત્રમાં પડ્યા રહીશું, તો શું પરિણામ આવશે એ કલ્પનામાં આવે છે ? જૈન ગણાતાને સાધુ ઉપર સદ્ભાવ થાય, ધર્મી ઉપર પ્રેમ અને એમના શાસ્ત્ર માટે ગૌરવ ઉત્પન્ન થાય-એવું ઉદારભાવે



કરવાની જરૂર છે, શક્ય છે એ. દેવગુરુધર્મને અને શાસ્ત્ર-સિદ્ધાન્તને સાચવીને જ આ કરવાનું છે. પણ એમાં ઉદારતા જરૂરી છે, મોટું મન જરૂરી છે, ગુણાનુરાગ જરૂરી છે, અલબત ધર્મવિરોધી તરીકે ગણાતામાં જેઓ જૈન શાસ્ત્રોના વિરોધી છે. જૈન આચાર-વિચારના વિરોધી છે, જૈન સિદ્ધાન્તના વિરોધી છે, જૈન પ્રાચીન સંસ્કૃતિ અને ક્રિયાકાંડના વિરોધી છે, એમને આપણા ભેગા નથી ભેળવવાના, કે નથી આપણે એમના ભેગા જઈને બેસવાનું-આ બરાબર ધ્યાનમાં રહે.

સાર એ છે કે સાધર્મીનું ક્ષેત્ર વિશાલ રાખો, એમાં જૈન ધર્મની અને પીસતાલીસ આગમ વગેરે શાસ્ત્રો અને સમાચારીની શ્રદ્ધાવાળા દરેકને લો. એની ભક્તિ એનો ઉદ્ધાર કરવાની કાર્યવાહી ભેદભાવ વિના કરો, તો એ આત્માઓ પણ ભારે આકર્ષાઈ જશે.

ખુદ મહાવીર દેવના ભક્ત શ્રેણિકને શું હતું ? બીલકુલ વ્રત વિનાના હતા ! છતાં એમને શાસનની અંદર ગણ્યા. સાધર્મી તરીકે જેમ વ્રતધારી આનંદકામદેવ શ્રાવકને ગણ્યા તેમજ શ્રેણિકાદિને ગણ્યા, સાધર્મી તરીકે ગણવામાં આપણે તો જૈન છે એ જોવાનું ! જૈન કુળમાં જન્મ્યો હોય, પણ જૈનધર્મની સામે બંડ જગાવવા જેવું કરતો હોય, શાસ્ત્રોને ખોટાં અથવા નકામા કહેતો હોય, સાધુને માનતો ન હોય અગર નિંદતો હોય તો એ સાધર્મી નહિ. કુટુંબમાનો કોઈ માણસ જરાયે ધંધો ધાપો કરે નહિ, અને ખાય મફતનું પાછો બહાર કુટુંબની વિરુદ્ધ દાટ વાળતો હોય, તો એને તમે માનો કુટુંબી ? ના, તગેડી મૂકોને એને ? તેમજ અહીંયાં કોઈ કહે કે 'અમારા જૈનો મહાલુચ્ચા, અથવા વેવલા, વૈરાગ્ય વૈરાગ્ય કરીને બાયલા બની ગયેલા. શાસ્ત્રો જુના પુરાણા આ કાળને જરાય માફક નહીં ભગવાન મહાવીર કે પાર્શ્વનાથ તો અમારા તીર્થંકર ખરા પણ તે પૂર્વેના નહિ. કેમકે ઐતિહાસિક પ્રમાણ નથી.' આવા આવા લવારા કરે તે જૈન નથી. સાધર્મી નથી, એ તો જૈનત્વશૂન્ય છે. જૈન સંઘની બહાર છે. જૈન શાસનના દ્રોહી છે.

## • નિર્યામણા એ ભાવ ભક્તિ : મૃત્યુ પૂર્વે જ પસંદગી ચાલે : •

સાધર્મી બીજા સાધર્મીને અંતકાળે મહાન નિર્યામક બને છે, એ સાધર્મીની ભાવભક્તિ છે. નિર્યામણા કરાવવામાં સાધર્મી ભક્તિ છે, ઉદ્ધાર છે. **નવકાર સાધર્મિક સંભળાવે ડૉક્ટર નહિ ! ડૉક્ટર તો કહે છે "આઘા ખસી જાઓ, ગરબડ ન કરો, શાંતિ રાખો."** કેમ વારૂ ? પછી મહાન શાંતિ મળે ને સોનાપુરમાં ! જીવ મરવા પડ્યો હોય તો સાધર્મિક કહે. "નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં..." એમાં જ મદનરેખાએ દુર્ગતિ તરફ ધસેલા પતિને પાંચમા દેવલોકમાં ચઢાવી દીધો.

મદનરેખાને 'પોતાનું શું' એ યાદ નથી. એને તો મરતા એવા આ જીવનું શું થાય ?' તે જ યાદ છે ! એ જુએ છે કે 'આ જીવની જે આંખની લાલાશ દેખાય છે, તે ભયંકર ક્રોધની છે, અને તે એને નરકમાં તાણી જશે !' કહે છે, **''અરે ! મરણ વખતે પરભવ જતી વખતે હોય ? આપણે, અને આ ?** આપણે એટલે કોણ ?'' જૈનશાસનને પામેલા, મહાવીરદેવ ઉપરના સંગમના અતિ ભયંકર ઉપસર્ગો સાંભળનારા ! એને આ કષાય ? 'મારું મોટાભાઈને ?' આ હોય ? **ક્રોધ કરવાથી બચાશે નહિ ! રૌદ્ર ધ્યાનથી કાંઈ જીવ ટકશે નહિ !** મૂકી દો એ. મોટાભાઈની તો **બિચારાની દયા ખાઓ કે એને કેવા નરકના દુઃખ આવશે ! તમારે તો દુઃખ અહીં જ પતી ગયું !** સમજી રાખો કે આપણને જે આવી પડ્યું તે આપણા કર્મે, હવે તો સદ્‌ગતિ કે દુર્ગતિનો આ ચાન્સ છે, શું પસંદ છે ? જે પસંદ હોય તેનો માર્ગ લઈ શકાશે. **મૃત્યુ થયા પછી પસંદગી નહિ કરી શકાય. વસ્તુનું લિલામ થતું હોય ત્યાં 'વન, ટુ, થ્રી...' નથી થતું ત્યાંસુધી ઓફર મૂકી શકાય, પણ પછી ન બોલાય ! તેમ મૃત્યુ પણ** 'One, two, three...' છે. મૃત્યુ પછી કહો કે 'હું સિદ્ધગિરિનો સંઘ કાઢી લઉં !'' તો કર્મસત્તા કહેશે ''હવે બેસ !'' મૃત્યુ વખતે સામે ઊભી છે સદ્‌ગતિ કે દુર્ગતિ ! ત્યાં બે મિનિટ મન માનવી સદ્‌ગતિનો રાહ પકડી લઈએ તો લાભ કેટલો ? **એક સદ્‌ગતિ મળવાના લાભે ત્યાં બીજા કેટલા બધા પુણ્ય-કમાઈ અને પાપ-અટકાયતના લાભ મળે ?**

મહાસતીનો પતિ શાંત થઈ ગયો. ''હું તો નક્કી અહીંથી હમણાં જ ઉખડી જઈશ, પણ જો આ ભાઈનું ખોટું ચિંતવતો રહીશ, તો હું જ ખલાસ !'' એમ વિચારી મન ફેરવી ક્ષમા, સમતા, ચાર શરણ, દુષ્કૃત-ગર્હા, અરિહંત ભગવાન વગેરે પંચપરમેષ્ઠિનું સ્મરણ એકતાનથી મનમાં લઈ આવે છે. દશા ફરી ! કદાચ આખી જિંદગીમાં આવો શુભભાવ નહિ કર્યો હોય; પરિણામે મરીને ન નરક, ન તિર્યંચ, ન મનુષ્ય, ન વ્યંતર ભવનપતિ ન જ્યોતિષ, પણ વૈમાનિકના ચાર દેવલોક વટાવી, એ પાંચમે દેવલોકે પહોંચ્યા. પત્નીએ કરેલી સાધર્મિક તરીકેની ભાવભક્તિ અને ભાવઉદ્ધારે દુર્ગતિ અટકાવી સદ્‌ગતિ અપાવી.

સાધર્મી ભક્તિ માટે ફરી ફરી બહુ વિચાર્યું છે, એટલા માટે કે, હૈયામાં અક્ષય ઊર્મિ જાગે કે લાવ, ભાઈ ! બધું પછી, પણ સાધર્મીની ભક્તિ અને સાધર્મીનો ઉદ્ધાર એક દિવસ ન ચૂકું.'







## (૫) સાધર્મિક ભાઈઓની ભક્તિ અને ઉદ્ધારના ઉપાયો.

**સાધર્મિકની ભક્તિ બે પ્રકારે છે, ૧. આરાધનાની ભક્તિ અને ૨. આશાતના ત્યાગની ભક્તિ.**

**આ પ્રત્યેકના ત્રણ જાતના ઉપાય છે :- ૧. માનસિક, ૨. વાચિક, ૩. કાયિક, માનસિક આરાધના ભક્તિના ઉપાયો :- ૧. ઓળખનું વારંવાર સ્મરણ, ૨. પ્રેમ અને બહુમાન, ૩. મમતાં, આકર્ષણ-લાગણી, ૪. ઉદાર મન, ખામોશ, અને શુભની ભાવના.**

**પેથડશા, આર.એસ.એસ., જગડુશા, કામી શ્રાવક વગેરેના અદ્‌ભુત દૃષ્ટાંતો.**

**આત્મપરાવર્તન, કોમળતા, અને ઉમદા વિચારસરણીનો પાયો, સાધર્મી ઉપરના પ્રેમ-બહુમાનમાં છે.**

**ખરેખર કામ કરનારા પોતાના માથે શક્ય એટલી જવાબદારી ઉઠાવી જ લે છે.**

**પુણ્ય વધે ત્યાં પાક બહુ ઉતરે, પાપ વધે ત્યાં નુકસાન બહુ ઉતરે.**

**સત્તાધીશ છે માટે ધાડના પડાય, ખાસ ન્યાયી રહેવું જોઈએ-એનું નામ માનવતા. ગંજાવર અનાજનું દાન કરનાર છતાં કહેવું કે 'કોઠાર મારા નથી.' એ દિલ જિનના થઈ ગયેલા શ્રાવક જગડુનું હતું.**

**૧. અમારા સાધર્મી આખા જગતમાં બીજા બધા જીવો કરતાં ઉચ્ચ કોટિના જીવો છે. ''બાવા, જોગી, તપસી કરતાંય કેઈ ગુણા ઊંચા છે.''**

**૨. આ જગતમાં દુર્લભ એવું જે જૈનપણું, એના કોઈને કોઈ સુંદર તત્ત્વો સાધર્મીમાં છે.- એ તરફ આપણું હૈયું હર્ષથી પુલકિત અને ઝુંકતું થઈ જવું જોઈએ.**

**૩. જૈન શાસન એવું અલૌકિક છે કે એમાં સાધર્મી ભક્તિની પણ અપૂર્વ વાતો મળે છે.**

**૪. જ્યાં સુધી લક્ષ્મી એ નાગણ નહિ લાગે, પારધીની જાળ નહિ લાગે, ત્યાં સુધી પરમાર્થનું વ્યસન નહિ લાગે; અને સ્વાર્થનું વ્યસન જે અનાદિ કાળથી લાગેલું છે તે ઊભું રહેશે. પરિણામે ભવભ્રમણ.**

**૫. સાધર્મી પ્રત્યે હૃદયના પ્રેમ-બહુમાનના અભાવે વાચિક ભક્તિ ફીક્કી લાગે છે, અને કાયિક ભક્તિમાં રંગ નથી આવતો. પ્રેમ-બહુમાન એ બાહ્યભક્તિનો પાયો છે.**



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

**૬. ફંડફાળાથી અને ડિંડિમ પીટવાથી સાધર્મિકની ભક્તિનું કાર્ય પૂર્ણ નહિ થાય પણ દરેકે પોતાના શિર પર શક્યભર લઈ લેવો જ જોઈએ.**

**૭. જ્યાં સુધી સાધર્મી પ્રત્યે મમતાનો ભાવ નહિ આવે ત્યાં સુધી ભક્તિના કાર્યમાં હોંશ, રસ કે અવસરે ભોગ આપવાની તૈયારી નહિ આવે. માટે જ અહર્નિશ 'મારો સાધર્મી' એ ભાવ કેળવો !**

આજે આપણે સાધર્મીની ભક્તિ અને ઉદ્ધાર બંનેના ઉપાય વિચારવાના છે. તેમાં ભક્તિ એ પૂજ્ય માનીને કરવાની છે, આપણા આત્માને ઊંચે લઈ જવાની દૃષ્ટિએ કરવાની છે. ત્યારે ઉદ્ધાર એ સાધર્મીને સગોભાઈ સમજીને કરવાની છે, એને ઊંચે લાવવા કરવાની છે. સાધર્મિકનું વાત્સલ્ય શ્રાવક જીવનમાં ઘણું જ આવશ્યક છે. વાત્સલ્ય કહો કે ભક્તિ કહો, એક જ અર્થ સમજવાનો છે; એ ખાસ કર્તવ્ય છે. એના ઉપાય એટલે કે એ શી રીતે સાધવું. એની વિચારણા કરવાની છે !

સાધર્મિક ભક્તિ બે રીતે કરવી જોઈએ (૧) આરાધના, અને (૨) આશાતના ત્યાગ. સમજો છો આ બે ભેદ કેમ પાડ્યા ? એનું કારણ એ છે કે કેટલીકવાર એમજ સમજી લેવામાં આવે છે કે 'આપણે સાધર્મીની ભક્તિ કરવાની એટલે ફક્ત એમને આપણા આંગણે નોતરી એમને સારી રીતે પ્રભાવના આપવાની, કે સારા સારા પકવાન્નથી જમાડવાના.' પણ સાથે સાથે એ ખ્યાલમાં નથી હોતું કે 'આપણા થકી એમની આશાતના ન થઈ જાય,' એ પણ પૂરી ચોક્સાઈ રાખવાની. એ ધ્યાનમાં નથી હોતું માટે એવું પણ બને છે કે પ્રભાવના કે જમણ ભલે પકવાન્નનું હશે, પણ આપવાની કે પીરસવાની પદ્ધતિ બરાબર બહુમાનવાળી નહિ હોય. જમવાની થાળી ચોક્ખી ચકચક નહિ, પણ ચીકણી રજવાળી હશે; અથવા બેસવાની જગા ખરાબ હશે; અથવા ભીડના હિસાબે ધક્કા મુક્કી કરાતી હશે, કે અમુક સાધર્મીને તડકાવાતા હશે 'કેમ વહેલા આવ્યા ? કેમ મોડા આવ્યા ?...' વગેરે. આ તો એક બહુ નાનું ઉદાહરણ છે; પણ એવું બીજા અનેક ક્ષેત્રમાં બનવાનું સમજી લેવાનું છે, આશાતના કેવી કેવી રીતે થાય છે, અને એને કેમ કરીને ટાળવી એની વિચારણા આગળ કરીશું. અહીં તો માત્ર એટલું ખાસ ધ્યાનમાં લાવ્યા કે ભક્તિમાં બે વસ્તુ કરવાની છે, ઉપાસના અને આશાતના-ત્યાગ.

## • આરાધના ભક્તિ •

આરાધના ભક્તિ અથવા ઉપાસના ભક્તિ ત્રણ રીતે કરવાની હોવાથી એના ઉપાયો ત્રણ વિભાગમાં વહેંચાશે. **(૧) માનસિક (૨) વાચિક અને (૩)**



**કાયિક**. આ ત્રણ વિભાગમાં તો અનેક વસ્તુઓ આવશે. તેનો વિસ્તાર જાણવાથી સમજાશે કે એકાદ જમણવાર કે પ્રભાવનામાં સાધર્મી-ભક્તિનું કાર્ય પતી જતું; નથી તો પછી આજે અનેક વાતો વિચારીએ એથી મુંઝાઈ જશો નહિ. આટલું બધું કેમ યાદ રહે એવી ગભરામણ ન કરતાં. કેમકે એમાં ઘણો પ્રકાશ મળશે ઊલટું એમ ખ્યાલ કરજો કે ક્રિશ્ચિયાનીટી વગેરે બ્રધરહુડની શું વાત કરતા હતા, **જૈન શાસન એવું અલૌકિક છે કે એમાં એક સાધર્મિક ભક્તિનીય અપૂર્વ વિશાલ અને ભવ્ય વાતો મળે છે.**

## • માનસિક ભક્તિ •

**માનસિક ભક્તિ માટે પહેલો ઉપાય 'સાધર્મીના ગૌરવનો જાગતો ખ્યાલ' છે**. અર્થાત્ પૂર્વે સાધર્મીની જે વિવિધ ગૌરવવાળી ઓળખાણ કરી છે, તે કે તેવી બીજીમાંથી કોઈ પણ પ્રકારે સાધર્મિકની ઓળખાણની સ્મૃતિ રહેવી જોઈએ. શ્રાવક જ્યારે સામે મળે ત્યારે અવારનવાર આ વાતો વિચારવાની છે. એને એમાંની જ કોઈ પણ રીતે ઓળખવાનો છે. સાધર્મીની સાચી ઓળખ સદા જાગ્રત રાખવી એ પહેલું જરૂરી છે; તેમ કદાચ શ્રાવક સામોસામ જોવામાં ન ય આવ્યો હોય. પણ માત્ર આપણી વિચારણામાં આવ્યો તોય આ સ્મરણ-**'અમારા સાધર્મી' આખા જગતમાં બીજા બધા જીવો કરતાં ઉચ્ચ કોટિના જીવો છે.** કેમકે પૂર્વે કહ્યું તેમ એ સાચા મોક્ષ માર્ગે પ્રવાસી. સહાયક અને પ્રેરક છે, જિનશાસનના આધાર-સ્તંભ છે વગેરે. તેથી જગતના બાવા-જોગી વગેરે કે જે જંગલમાં ઘોર તપ તપતા હોય, શરીરે કાળા અને હાડપિંજર જેવા બનેલા હોય, કઠોર તપ ઉપરાંત અગ્નિ અને સૂર્યની આતાપના લેતા હોય, એના કરતાંય સાધર્મી લાખો કરોડો ગુણા ઊંચા છે ! આવો સાધર્મી માટેનો ઊંચો ખ્યાલ એ મૂળ પાયો છે ! એના પર ભક્તિ ખીલી નીકળશે. જો સાધર્મિકની હલકી કે સામાન્ય કિંમત આંકી તો તે ભક્તિને ખીલવા નહિ દે એટલે આ કાર્ય માનસિક ભક્તિમાં પહેલું સિદ્ધ થઈ જવું જોઈએ. 'સિદ્ધ' એટલે ટેવરૂપ દૃઢ અભ્યાસ રૂપ બની જવું જોઈએ.

**માનસિક ભક્તિ માટે બીજો ઉપાય 'સાધર્મી માટે હૃદયમાં બહુમાન અને પ્રીતિ, કેળવવાનો છે.'** આ કેળવવાનું કઠિન નથી. જો પૂર્વે કહેલી ઓળખાણ આપણા હૃદયમાં રમતી હોય. **'બહુમાન'** એટલે બહુ માનવું. સાધર્મીને બીજા બધા દુન્યવી માણસો કરતાં અધિક માનવા જોઈએ. માનવાનું હૃદયથી છે. એમાં હૃદયને એમ લાગે છે કે **'ધન્ય મારા સાધર્મી', એ તો મારા પૂજ્ય છે,** મુરબ્બી છે, માનનિય છે. કેમ કે એ પ્રભુના સ્થાપેલાં સંઘનું એક અંગ છે. જો સંઘને પૂજ્ય ગણું



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

તો આમનેય મારે પૂજ્ય ગણવા જોઈએ.' વાત સાચી છે, કે જો સાધર્મી પૂજ્ય નહિ, માન્ય નહિ, તો એમને બાદ કરીને સંઘ તરીકે શું લેવું ? એકલા સાધુ સાધ્વી ? સંઘ તરીકે તો શ્રાવક શ્રાવિકા પણ છે જ. માટે એ પણ બહુ માન્ય છે. એમ મનાય તો જ અવગણનાનું પાપ ન થાય અને ભક્તિ થાય. એવી જ રીતે સાધર્મીક પર **અખૂટ પ્રેમ-પ્રીતિ** જોઈએ, એથી હૈયું આનંદથી ઊભરાઈ જાય. હૈયું ઠરે તો સાધર્મી પર; પરંતુ નહિ કે સ્વારથિયા સગા પર **મન ખુશી થાય, પ્રેમાળ બને તો સાધર્મી પ્રત્યે; કેમ કે જગતમાં સાચાં સગા એ છે, સાચા સગા તરીકેનું કામ એ કરે છે. મોક્ષમાર્ગનું જીવન જીવવામાં એ સહચારી છે.** બહુમાન અને પ્રેમમાં શો ફેર ? એ સમજવા દુનિયાની વસ્તુ જ ખ્યાલમાં લો. પુત્રને પોતાની માતા પર બહુમાન હોય છે, પણ પોતાની પત્ની પર પ્રેમ હોય છે. બેમાં એકેય લાગણી ઉતરતી નથી. બંનેમાં પોત પોતાની ખાસ વિશેષતા છે. અલબત, બહુમાનથી માતાનો અદનો સેવક થઈને રહે છે, પણ એમ તો પ્રેમથી સ્ત્રીની પાછળ ખુવાર થવા સુધી તૈયાર હોય છે. રામચંદ્રજીએ બહુમાનથી પિતાના વચનને સ્વીકારી લઈ ખુશીથી વનવાસ માટે ચાલ્યા જવાનું કર્યું પણ ત્યાં પ્રેમથી સીતાની પાછળ રાવણ સાથે યુદ્ધ કર્યું. સાધર્મી પ્રત્યે આ બહુમાન અને પ્રેમ બંને લાગણી જોઈએ. આ એવી આવશ્યક છે કે એની પાછળ જ વાચિક-કાયિક ભક્તિના ઉપાયો આદરવાનો ઉલ્લાસ જાગે છે; અને એમાં જ રંગ આવે છે. **બહુમાન-પ્રેમના અભાવે વાચિક ભક્તિ ફીક્કી લાગે છે, અને કાયિક ભક્તિમાં રંગ નથી આવતો**, એનો પ્રભાવ નથી પડતો.

**પેથડશાહ અને સાધર્મી પર પ્રેમ-બહુમાન :-** માંડવગઢનો મંત્રી પેથડશાહ હાથીના હોદ્દે બેસી મોટી નગરીમાં સવારીએ નીકળે છે. ત્યાં જો જુએ કે રસ્તા પર કોઈ નવો પરદેશી સાધર્મિક દેખાય છે, તો તરત જ હાથીના હોદ્દા પરથી નીચે ઉતરી પડે; અને સાધર્મીને પ્રણામ કરી એને બે હાથે ભેટી પડે. કોણ ભેટી પડે ? મહામંત્રી ! પોતાની કુનેહ પર જે માળવાનું રાજ્ય સમાલે છે ! એના અંગે કપડાં અને અલંકાર કેવાંક હશે, કહો તો ખરા ? અને આ આવનારા સાધર્મી મુસાફરના કપડા કેવા હશે ? આવનારા કોઈ ગરીબ પણ હોય, થીંગડીયાં કપડાં પર ધૂળના ગોટા ચઢી ગયા હોય, એવા પણ આ સાધર્મીને પેથડશાહ છાતી સરસો ચાંપે છે ! કલ્પનામાં આવે છે ? આ હૈયામાં સાધર્મી માટે કેટલું બહુમાન અને પ્રેમ ઉછળતા હશે ? મુંબઈ કોટના રસ્તા વચ્ચે કોઈ મહાન કરોડપતિ શેઠિયો મોટરમાંથી ઉતરી પડે, અને કોઈ ગરીબ સાધર્મીને નમી, હરખથી ભેટી પડે, તો સાધર્મીને કેટલું બધું ધર્મ પ્રોત્સાહન મળે ? બીજાઓને પણ શું થાય ? થાય કે કેવાક ધર્મી



આ. **આત્મ-પરાવર્તન કોમળતા અને ઉમદા વિચારસરણીનો પાયો સાધર્મીના પ્રેમ-બહુમાનમાં છે. સાધર્મી પ્રત્યે બહુમાન અને પ્રીતિ એવી અહર્નિશ જાગતી રાખવાની છે કે, એનાથી આપણો આત્મા ભાવિત થઈ જાય, એનાથી ભાવિત એટલે એના જ વલણવાળો.** હવે ગમે ત્યારે પણ સાધર્મીનો પ્રસંગ આવે ત્યાં હૈયામાંથી બહુમાન ઊભરાય, દૃષ્ટિ મીઠા પ્રેમની નખાય. **પ્રેમ, બહુમાન એ બાહ્ય ભક્તિનો પાયો** છે, એ વસ્તુ ખાસ ન ભૂલતા. **આપણા આત્મામાં પરિવર્તન એ કરી શકશે ! કોમળતા અને સ્નિગ્ધતા એ લાવશે ! ઉમદા વિચારસરણી અને ઉદાત્ત વલણ એ ઘડશે !**

**બહુમાનનો ઉપાય :-** એવા બહુમાનને કેળવવું સહેલું છે. **સાધર્મી એ જૈન ધર્મી છે, અને જૈન ધર્મીપણામાં ઘણી સારી વિશેષતાઓ અને ઘણા સારા ઊંચા તત્ત્વો** છે. એ બરાબર લક્ષમાં રાખીએ તો એના તરફ પૂજ્યતા-માન્યતાનો હાર્દિક ભાવ જરૂર જગાવી શકીએ. વસ્તુ સારી લાગ્યા પછી તો સહેજે આકર્ષણ થાય છે. હૈયું તે તરફ ઢળે છે, નમી પડે છે. એ માટે આ રહસ્ય સમજી રાખો કે આ જગતમાં દુર્લભ એવા જૈનપણાના કોઈને કોઈ સુંદર તત્ત્વો સાધર્મીમાં છે. એ તરફ આપણું હૈયું હર્ષથી પુલક્તિ અને ઝુકતું થઈ જવું જોઈએ. એ પ્રેમ અને બહુમાન.

**માનસિક ભક્તિ માટે ત્રીજો ઉપાય છે, હાર્દિક લાગણી, મમતા અને આકર્ષણ :-** ઉપર કહ્યા મુજબ બને તો પછી સાધર્મી પ્રત્યે હાર્દિક લાગણી, મમતા અને આકર્ષણ જગાવવું સહેલું પડશે. કેટલીકવાર આપણે ભક્તિ અને ઉદ્ધારની વાતો કરીએ છીએ પણ હૃદયના આ ભાવોની બહુ ખામી હોવાને લઈને બધું વાતોમાં જ રહે છે. નહિતર જેણે આ કેળવ્યું હોય તે સામાન્યરૂપમાંય ભક્તિ ઉદ્ધાર કરવામાંથી જાય ? હાર્દિક લાગણી ચીજ એવી છે. પૈસા ન હોય તો છેવટે મુખનો દિલાસો એવો અપાવે, કે સામાને ધીર બનાવી દે. એક કુટુંબીની જેમ લાગણી જોઈએ. સાધર્મીનું નામ સાંભળતાં અંદરની લાગણી ઉછળી પડે.

**લાગણી કેમ કેળવાય એનો જીવંત દાખલો :-** સાંભળ્યું છે કે આર. એસ. એસ. નામની એક સંસ્થા કેટલાય વર્ષોથી કામ કરે છે. એના સભ્યોની અરસપરસ હૃદયની લાગણી, મમતા અને આકર્ષણ એવાં હોય છે કે એનાં ફળરૂપે એકબીજાને બહુ સહકાર આપે છે, એ ફંડ નથી કરી રાખતા. ફંડની પાછળ અનેક ભયસ્થાનો છે, ફંડ ચવાઈ જાય; ફંડ ઉપરની સત્તા માટે વિખવાદ થાય, ફંડ માટે જ્યાં જ્યાં ભીખ માગવી પડે; ફંડ પાછળ બીજા ત્રીજા ઓફીસીયલ ખર્ચા વધે. મૂળ સેવા રહી જાય; ખાસ કરીને ફંડ જેના માટે હોય તેના ભાગે પૂરું આવે નહિ માટે એ લોકો તો જે અવસરે જે કાર્ય ઊભું થાય, તેને ત્યારે જ અંદર અંદર વહેંચી લે છે, જેથી મુખ્ય ઉદ્દેશ કાર્ય બજાવવાનો, તે પતી જાય. આમાં જેણે વધુ સેવા આપવી હોય



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

તેણેય સ્વાવલંબી બનવું પડે છે. ભલે થોડી સેવા થાય, પણ જાતે બને એટલું જ કરવાનું. આ કાર્યનો સ્વીકાર હોંશે હોંશે થાય, એ માટે સભ્યો વચ્ચે હાર્દિક લાગણી જોઈએ. તેથી એ શું કરે છે, જાણો છો ? રોજ કે અવર-નવર એક સ્થાને બધા ભેગા થાય છે. વર્તમાન સંયોગો, પરિસ્થિતિ અને અન્યોન્યના સુખ દુઃખની તથા પ્રેરણા-પ્રોત્સાહનની વાતો કરે છે. આ વાતોથી લાગણી બહુ વધે છે. હવે શું શું કર્તવ્ય છે, તેનો નિર્ધાર કરે છે; અને અવસરોચિત કોણે કોણે શું શું કરવું, તેની વહેંચણી કરી લે છે. 'આને નોકરી નથી. તો એના ભોજનનું મહીનો હું સંભાળીશ...' એમ, અથવા બીજી કોઈ ખાસ આર્થિક જરૂર છે અને ટપ ટેકો કરી લેવાની વાત રાખે છે. સભ્યોમાંથી કોઈ માંદો પડ્યો હોય તો ઝટ ત્યાં જઈને એના બીજા સભ્યો સેવામાં ઊભા રહેવાના ! એટલું એનું સંગીન (firm) અને રચનાત્મક (concrete) કાર્ય છતાં બધું ગુપ્ત. કહો કોઈદિ' એની કાર્યવાહી છાપામાં વાંચી ? આની સામે આજે માત્ર ફંડફાળાની વાતો કરનાર કે 'સાધર્મી' બિચારા બહુ દુઃખી, સાધર્મી બહુ દુઃખી' એવી ફક્ત રાડ પાડનાર કેટલા ઊભા છે ?

ત્યાં તો એટલી હાર્દિક લાગણી એટલી બધી મમતા, અને એટલો બધો બંધુભાવ કેળવે છે કે બસ દરેકે પોતાના શિર પર શક્ય ભાર લઈ જ લેવાનો. અને કાર્યનો તરત નિકાલ લાવવાનો ! ગામે ગામ એનું કામ ચાલે છે, પણ ન છાપું ન ડિંડિમ, સાધર્મિકનો ઉદ્ધાર કરવો હશે તો આવા દિલ બનાવવાં પડશે. આવી નક્કર યોજનાઓ અમલમાં લાવવી જોઈએ. પરસ્પર મળવા-કરવાથી મમત્વ વધે છે, **તેથી ભક્તિ કે ઉદ્ધાર સહેલાઈથી બની આવે** છે. સંઘના દરેક મેમ્બર સમજે છે કે 'આ ભક્તિ અને આ ઉદ્ધાર મારે કરવા લાયક છે, મારે કરવાનો જ છે,' તો શું કઠીન છે ? ખરેખર કામ કરનારા પોતાના માથે શક્ય એટલી જવાબદારી ઉઠાવી લે છે.

એમ સમજી લેવું ખોટું છે કે, "ક્યાં હું એકલો છું, મોટો આનંદ કલ્યાણી સંઘ બેઠો છે ! થોડું જ મારા એકલા પર છે."

## • જગડુશા દાનવીરનું દૃષ્ટાન્ત •

આમ કર્યું હોત તો જગડુશા નામ અમર ન કરી ગયા હોત. જાણો છો જગડુશાને ? કચ્છનો વાણિયો, પણ ગુજરાતના રાજાનું માથું ધુણાવી દે તેવો ! ત્રણ વરસની દુકાળી પહેલાં કોઈએ ખબર આપી દીધી 'જોજે જગડુ ! પુણ્યે તને લક્ષ્મી આપી છે, એને ઠેકાણે મૂકવાનો અવસર આવી લાગ્યો છે.'

'હા, બતાવોને બાપજી ! રસ્તો ?



'આ ત્રણ વરસ લાગટ દુકાળ પડવાનો છે...'

'સમજી ગયો દાદા !'

**જગડુશાને પરમાર્થનું વ્યસન :-** જગડુશેઠ હોંશમાં આવી ગયા. કેમ વારૂ ? પરમાર્થની એમને લાલસા હતી, તેથી જ પરમાર્થનું વ્યસન હતું. લક્ષ્મીને તો એ સાપના ભારા સમજતા હતા. વાત સાચી છે. **લક્ષ્મી એ નાગણ નહિ લાગે ત્યાં સુધી પરમાર્થનું વ્યસન નહિ લાગે ! અને સ્વાર્થનું વ્યસન જે અનાદિકાળથી લાગેલું છે તે ઊભુ રહેશે.** એનું પરિણામ સમજો છો ? **સ્વાર્થના વ્યસનીના** હાલ ભવાંતરે બહુ ભૂંડા. માટે જ આર્યદેશમાં વ્યસન પરોપકારના લગાડાતા. શાસ્ત્રોમાં પણ આવે છે કે અમુક પ્રજા પરમાર્થની વ્યસની હતી.

**પરમાર્થની વ્યસની એટલે** ? પરમાર્થની શોધમાં રહે કે પરમાર્થ કરવાનો ક્યાં મળે ? એના વિના ચેન ન પડે. જગડુને એ વ્યસન હતું. તેથી એની ભાળ મળતાં અપૂર્વ આનંદ છે. જેમ સ્વાર્થના વ્યસની સ્વાર્થની શોધમાં હોય, એને તો સ્વાર્થ સધાયે ખાવું ભાવે, જીવન કૃતાર્થ લાગે તેમ પરમાર્થના વ્યસનીને કાંઈ પરમાર્થ-પરોપકાર કરવાનો મળ્યેથી જ ખાવું ભાવે. અપૂર્વ આનંદ જીવન સાર્થક લાગે, પરમાર્થ દેખાય કે તુરત જ એમાં મનોવૃત્તિ દોડી જોય. પરમાર્થ કરવાનો મળ્યાથી જીવનને ધન્ય માને, કૃતાર્થ માને. પરમાર્થ કરવાનું નિમિત્ત આપનારને મહાન ઉપકારી માને, કેમ જાણે, પરમાર્થની તકની ખબર દેનારા ઊભા કરી રાખ્યા હોય ! પછી પરમાર્થનું કામ પણ બને ત્યાં સુધી ગુપ્તપણે લેવાની ધગશ; તેથી વગર જાહેરાતે ખાનગીમાં ક્યાં થઈ જાય તેનો પત્તો નહિ. આજે પણ એવા મોજુદ છે ! ખાનગી રીતે માસિક કે વાર્ષિક હજારોનો પરોપકાર કરે છે. લોકને ખબર નથી માટે ઊંધુ બોલે છે, "છે પરવા ગરીબોની ? મોટા બંગલા ને મોટરો રાખી બેઠા છે !" પણ એ લોકને ક્યાં ભાન છે કે એની પાછળ કેટલાં કુટુંબો પોષાઈ રહ્યા છે. અવસરે એવા માણસો મહાન ધર્માર્થ પરમાર્થ કરે છે. પરંતુ વાત સાચી છે કે શ્રીમંતોમાં છૂટથી પરમાર્થ કરનારા બહુ થોડા છે, એની વ્યાપક સ્થિતિ થવી જોઈએ. અર્થાત્ પોતપોતાની શક્તિ મુજબ પણ પરમાર્થ કરવાના વ્યસનની સંખ્યા વધી જવી જોઈએ.

**પરમાર્થનું વ્યસન ક્યારે આવે ?** પીળી સોનાની પાટો કે ધોળી આજની કરંસી નોટોના ઢગલા ફણિધર જેવા લાગે ત્યારે ! લક્ષ્મી માટે એમ થાય કે **'આ મારું મોત છે. આ મારું નિકંદન કાઢનારી પારધીની જાળ છે ! જાળમાં જેમ ખાવા માટે માછલી હોંશે આવે, તેમ હું માન અને ભોગ માટે હોંશે લક્ષ્મીમાં ફસાયો છું.** આને તેવામાં બરાબર ઓળખી લઈ, જે એમાંથી છૂટીને મુનિ બન્યા છે. તેમને



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

મહા ધન્ય છે ! આને તેવી સમજી જેમણે લાખો કરોડોના પરમાર્થ કર્યા છે, તે પુરુષોત્તમોને ધન્ય છે ! હું પણ શા માટે પુરુષાર્થમાં ન રહું ? હુંય ખૂબ પરમાર્થ કરું ?

**જગડુની દુકાળ પૂર્વે અગમચેતી, વિવેક અને અપારસાહસ ! :-** જીવરૂપી મૃગલાને ફસાવનારી લક્ષ્મીને પારધીની જાળ સમજનાર જગડુ, અવસર આવ્યો ત્યારે શું કામ બાકી રાખે ? જ્યાં જ્યાં પોતાની પેઢીઓ હતી ત્યાં ત્યાં અનાજ ખરીદી લેવાના ઓર્ડર આપી દીધા. પણ જગડુશાહના ઓર્ડરો કેવા કહેવરાવે છે કે-"પ્રજાને હેરાન કર્યા સિવાય, અર્થાત્ અનાજના ભાવ બગાડ્યા વિના, જેટલું અનાજ ખરીદાય તેટલું ખરીદી લો !" નહિતર તો જગડુ તરફથી ખરીદી થતાં ભાવ આસમાનમાં જ ઊડે ને ?

તો પૂછો કે એમ ન ખરીદે તો અનાજ રીતસર મળે ?

ઉત્તર એ છે કે મળે. કેમકે ત્યારે પુણ્ય ·બહુ તેથી પાક ઉતરતો. આવું પાપ વધી ગયું તેથી નુકશાન બહુ ઉતરે છે.

અહીં તો ભરાયા મોટા મોટા કોઠારો ! પછી દુકાળ શરૂ થયો એટલે કેમ, તો કે ગરીબો ! લઈ જાઓ. લઈ જાઓ. પૈસા લેવાના ? ના, તો પછી અનુપમ લાભ ક્યાંથી મળે ? બીજી સાલ, ત્રીજી સાલ પણ ઉપરાઉપર દુકાળ આવી લાગ્યો.

માનવતા શી ? :- દુકાળ એટલે સુધી કે ગુજરાતના રાજાનેય અનાજની જરૂર પડી. શું કરે સોનાના રાજમંદિર અને સોનૈયાના ભંડારને ? અનાજની તપાસ કરાવતાં પત્તો મળ્યો કે જગડુશાના અનાજની તપાસ કરાવતાં પત્તો મળ્યો કે જગડુશાના અનાજના કોઠાર છે. હુકમ કરે છે, "જગડુશાહ શેઠ જેટલા પૈસા લે તેટલા આપીને અનાજ ખરીદી લો." શું સમજ્યા ? **સત્તાધીશ છે માટે ધાડ નહિ પાડવાની, પણ ખાસ ન્યાયી રહેવાનું એનું નામ માનવતા; એનું નામ રક્ષકપણું,** ધાડપાડે તો ધાડપાડું ગણાય. અમલદારો ગયા ખરીદવા, પણ કોઠારના અધિકારીઓએ ના પાડી દીધી. કહે છે કે, "જગડુશાના હુકમ વિના ન મળે." અધિકારીઓના હાથમાં અમૂલ્ય માલ છે, પણ લાંચરુશ્વત-ઘાલમેલનું નામ નહિ. આજે ઘણું બગડી ગયું. એ વખતની સ્થિતિ એટલી બધી નીતિવાળી ! નહિતર ધારે તો વિશ્વાસઘાત કરી ઘણીય લાંચ અને માલ ખાઈ જાય ! પણ એ તો સમજતા કે એનો અર્થ શું ? તાત્કાલિક કદાચ પૈસા મળે, પણ જીવન લુચ્ચા શિયાળીયા જેવું કે બીજું કાંઈ ? અને પરભવે એનો ભયંકર નતીજો કેવો ?

અમલદારો પૂછે છે, "જગડુશા શેઠ ક્યાં છે ?"



"કચ્છમાં છે."

રાજાએ તુરત માણસ મોકલ્યો, કહીને કે "જા, જઈને શેઠને કહો કે અમારા રાજા સાહેબને અનાજની જરૂર છે ! જે કિંમત હોય તે લઈને આપો."

માણસ જઈને શેઠને જુહાર કરી રાજાનો સંદેશ કહે છે, ત્યારે શેઠ શું કહે છે ? એજ કે "મારું અનાજ નથી."

"અરે તમારા તો કોઠાર ભર્યા પડ્યા છે ને ?"

"નારે ના, ભૂલા પડ્યા તમે, જાઓ જઈને બરાબર જુઓ કે ભંડાર કોના છે ?"

શું કહે છે આ જગડુશેઠ ? **તૃષ્ણાના ગુલામને, સ્વાર્થના અંધાપાવાળાને, માનના ભૂખ્યાને અને શુદ્ર તથા ગર્વિષ્ઠોને એ નહિ સમજાય.** 'આટલા મોટા ગંજાવર દાનને કરવા છતાં કહેવું કે એ કોઠાર મારા નથી.' એ દિલ જિનના થઈ ગયેલા શ્રાવકનું હતું.

માણસ જઈને તપાસ કરે છે તો કોઠારની અંદર તક્તી લગાવી છે "આ ગરીબો માટે છે" રાજા દિંગ થઈ જાય છે, કે આ કયું દિલ ! કઈ ઉદારતા ! કેવો ધર્માત્મા ? જો કે જગડુશાએ રાજા એટલે પ્રજાનો સંભાળનાર છે, માટે પોતાની પાસેથી મદદ કરી હશે. પણ જે પરમાર્થ માટે કાઢ્યું તેમાંથી જરાય વેપાર કરવાનો નહિ; શાનો વેપાર નહિ ? નહિ નાણાં ઉપજાવવાનો, કે નહિ; રાજાની શીફારસ ખરીદવાનો ! એકલે હાથે દુકાળમાં ગજબની રાહત આપી.

શું આ ? પોતે સમજેલા કે **આપત્તિ નિવારવાની શક્તિ જો પુણ્યે આપી છે, તો તે કરવાનું મારે એકલાએ** ! સંઘ કરે તેમાં સંઘ ભાગ્યશાળી ! આ જીવનનો પૈસા માટેનો વેપાર કરવા માટે ક્યાં સંઘના માથે નાખું છું ? તો પછી પરભવ માટેના ધર્મ વેપાર શા માટે બીજા પર ભળાવું ? કોઈ પણ પ્રસંગ આવે કે પોતેજ સંભાળી લેવાનો ! આજે પણ છે એવા ! આખા સંઘની ભક્તિ કરે. બહારથી આવનાર બધા સાધર્મિકની પોતે જ ભક્તિ કરે. શું મુશ્કેલ છે આ જૈન જેવો સર્વોચ્ચ ધર્મ પામેલાને ? આર.એસ.એસ.ની વાત થઈને ? જેની પાસે પરલોકની ઊંચી વાતો નથી. જેને દેવાધિદેવ તરીકે તીર્થંકર પ્રભુ નથી, તેને ત્યાં પણ સગાઈ વિનાના પ્રત્યે પણ હૃદયની લાગણી, મમત્વ, ભ્રાતૃભાવ છે, કે એની પાછળ એ સંઘના મેમ્બરને બૂમ પાડવી ન પડે, તો જૈનશાસનમાં તો કેટલા બધી ઊંચી પરિસ્થિતિ હોય ? જૈન ગણાતાને હૈયે કેટલી ઊંચી લાગણી-મમત્વ હોય ?

આ માટે જ પહેલાં સાધર્મિકની ઓળખાણ જોઈએ છે કે, 'આ મારે પૂજ્ય છે, બહુમાન કરવા યોગ્ય છે, કુટુંબ પર જે પ્રેમ ન ઊભરાય, તેવી પ્રીતિના આ

યોગ્ય પાત્ર છે.' પછી કુટુંબ પણ સાધર્મિક હોય તો એના પર પણ એ બધી સારી લાગણીઓ રાખવાની. એવા દીકરા, પત્નીઓ છે કે જે કહી દે છે કે, 'અમારા માટે પૈસા રાખતા નહિ !' આવી અનુકૂળતાં છતાં મોહરાજા એવો બળવાન હોય છે કે તો પણ કેઈકને હાથમાંથી છૂટતું નથી ! કારણ કે લક્ષ્મીની ઓળખાણ નથી ! માનવજીવનના સોનેરી અવસરની ખબર નથી ! 'પરભવ પછી આત્માનું કોણ ?' તેનો વિચાર નથી ! કુટુંબ પણ સાધર્મિક થઈ શકે છે ! સાધર્મિક પર બહુમાન, પ્રીતિ, હાર્દિક લાગણી, મમતા, આ બધુ માનસિક ભક્તિમાં આવે છે !

**સાધર્મિક પર પુત્રાદિની જેમ મમતા :-** સાધર્મિક પ્રત્યે મમત્વ જોઈએ એટલે કે 'મારા સાધર્મિક' એમ મારા પણાની લાગણી જોઈએ. પછી તો એના દુઃખે પોતે દુઃખી થાય. જેમ બચ્ચાને 'મારી માતા' કે યુવાનને 'મારી પત્ની' એવું મમત્વ છે, તો એના દુઃખે પોતે દુઃખ વેદે છે; તેમ અહીં પણ જ્યાં જૈન ભાઈ દેખાય કે એમ થાય કે 'મારા જૈનબંધુ' આ મમત્વ હશે તો પછી વાચિક અને કાયિક ભક્તિ કે ઉદ્ધારની પ્રવૃત્તિ આદરાશે. આજે આ મમત્વના વાંધા દેખાય છે ઊલટું જૈનેતર પ્રત્યે કેઈકને મમત્વ છે 'મારા મિત્ર,' મારા પાડોશી' અને જૈન પ્રત્યે પરાયાપણું છે !! જાણે કાંઈ સંબંધ જ નથી ! રખેને સામે ચડી ગયો તો કર્કશતાથી કહેશે 'કેમ શું છે ?' મહાવીરના સંતાનનું આ લક્ષણ ? સમસ્ત જૈન પ્રજામાં 'મારો જૈન ભાઈ !' એમ અન્યોન્ય મમત્વ જોઈએ. હૃદયનું એ સાચું મમત્વ આજના ઘણા પ્રશ્નો હલ કરશે, ક્યાંક દુઃખ જે રોટલાનું નથી, તે દિલ તૂટ્યાનું છે, દિલ નિરાશ બન્યાનું છે. એવા દિલને ઉત્સાહિત કરનાર છે સાધર્મિક તરીકેનું મમત્વ. પુત્રાદિ પરિવારની જેમ મમતા જોઈએ. મમતા વિના સેવાના કાર્યમાં રસ નહિ હોય. પરાણે પ્રીત થશે; ઓછે પતાવો, એમ થશે; આપણા એકલાના માથે ક્યાં છે, એમ થશે. માટે પહેલી સાધર્મી ઉપર મમતા કેળવો 'મારો સાધર્મી'.

## • મમત્વ પર કામી શ્રાવકનું દૃષ્ટાન્ત •

રામાયણમાં એક પ્રસંગ આવે છે. રામચંદ્રજી અને લક્ષ્મણ જ્યારે વનવાસ સેવી રહ્યા છે, ત્યારે ફરતા ફરતા એક નગરની નજીકમાં આવે છે. ત્યાં સાંભળ્યું કે તે નગરના જૈન રાજા પર બીજા મોટા રાજાએ ઘેરો ઘાલ્યો છે.

બનેલુ એવું કે મોટા રાજાને ખબર પડી કે આ જૈન રાજા એના દેવ-ગુરુ સિવાય બીજાને નમતો નથી; તેથી એકાએક એના પર હલ્લો કરવો, અને એને નમાવવો. જુઓ સંસારની દુષ્ટતા. કેવી ભંગી જેવી ભાવનાઓ કરાવે છે ? માટે



જ સંસાર અસાર છે. હવે વસ્તુ એવી બની કે જૈન રાજાના પુણ્યોદયે જ્યાં રાતના રાજમહેલમાં આ મંત્રણા ચાલતી હતી, ત્યાં એક કામી શ્રાવક ચોરી કરવા ગયેલો. ચમકતા નહિ. શ્રાવક અને કામી ? અને પાછો ચોરી કરવા ? વાત સાચી છે, શ્રાવકે કામાંધ ન બનવું જોઈએ, ચોરી ન કરવી જોઈએ, પણ આ શ્રાવક એક સ્ત્રીના પ્રેમમાં પડ્યો હતો. **મોહ અને કામરાગ અજબ ચીજ છે, ભલભલાના મદ ઉતારી નાખે, શોભા બગાડી નાખે ! માટે જ તેનાથી સર્વથા છુટી ગયેલા મુનિઓ જ ખરેખરા ભાગ્યશાળી છે, ખરેખરા વંદનીય સ્મરણીય છે. બાકી મોહ અને દુર્ગુણમાં ફસેલાને શું જૈન ધર્મની શ્રદ્ધા ન હોય ?**

શ્રાવક પોતાના એ પ્રેમપાત્રને ખુશ કરવા માટે રાણીનો હાર ચોરી લાવવા રાજમહેલમાં રાતના પહોંચ્યો છે, ત્યાં તો આ મંત્રણા સાંભળી, 'શું સમજે છે એ અભિમાની ? કાલ સવારે જ એને ફસાવો...' આવું સાંભળીને શ્રાવક હવે ઊભો રહે ? 'અરે ? મારા સાધર્મિક પર આફત ? અજાણમાં એના પર હલ્લો આવે અને હું જાણવા છતાં ચેતાવું નહિ તો હું એનો સાધર્મિક શાનો ? પ્રેમ-પ્રિયાને બેસી રહેવા દે એના સ્થાને. અત્યારે તો હવે આજ મહાન અને એકજ કર્તવ્ય !' કેવું મમત્વ ! કેવી હૃદયની લાગણી ! પ્રેમમાં પરવશ બનેલાને અનુભવ છે કે એમાં હૈયું કેવું તરબોળ હોય છે, એની આગળ બીજું બધું કેવું વિસાતમાં નથી હોતું ! પ્રેમપાત્રની પાછળ બધી કુરબાની ! પણ આ બધું બીજા પ્રેમપરવશને. **જૈન પ્રેમપરવશ તો અવસરે સાવધાન હોય છે.** આ શ્રાવક તો ત્યાંથી પાછો ફરી તુરતા તુરત ઉપડ્યો જૈન રાજાની રાજધાની તરફ. રાતના એ પહોંચ્યો રાજા પાસે પ્રણામ કરીને ઊભો રહે છે,

રાજા પૂછે છે 'કોણ તમે ?'

'હું તમારો સાધર્મિક બંધુ.'

'એમ ?' કહી રાજા પ્રણામ કરે છે. સમજ્યાને ? રાજાઓ પણ સાધર્મિકને પ્રણામ કરે. પ્રણામ શાના ? સાધર્મિક તરીકેના. એ પણ ભક્તિ છે હોં. ત્યાં અક્કડ ટાઈટપણું એ અવગણના છે.

રાજા-અત્યારે રાતના એકાએક કેમ આવવું થયું ?'

'આ... રાજા તમારી સમ્યક્ત્વની ટેકમાંથી ચલિત કરવા અને પોતાની આગળ તમને નમાવવા સવારે જ તમારા પર હલ્લો કરનાર છે. એવી મંત્રણા એના મહેલમાં અત્યારે ચાલી રહી છે, તેની તમને ખબર આપવા આવ્યો છું.'

'તે તમને શી રીતે ખબર પડી ?'

'કહું ? તમારા જેવા સાધર્મિકને કહેવામાં વાંધો નહિ. સાધર્મિક પર વિશ્વાસ



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

મૂકવામાં શો ભય છે ? અને તમે મારા આવા ઉચ્ચકોટીના સાધર્મિક છો એવી તો મને ત્યારે જ ખબર પડી, **વાહ ? કેવું તમારું નિર્મળ સમ્યક્ત્વ ! મને તો તમારા જેવા સાધર્મિક મળવા માટે ખૂબ હર્ષ અને ગૌરવ થયું ! ધન્ય છે પ્રભુના શાસનને, જેમાં અજબ જૈનરત્નો મળે છે !** મારી વાત એમ છે કે આવા... કારણે ગયો 'તો ચોરી કરવા. ત્યાં આ મેં મંત્રણા સાંભળી. પછી તો બધું પડતું મૂકી તરત અહીં આવ્યો, હવે તમારે તૈયારી કરવી હોય તે કરી લો.'

રાજાએ સાંભળીને નગરના તરત જ દરવાજા બંધ કરાવી દીધા, અને બીજી વ્યવસ્થા કરી લીધી.

જુઓ કેવી સાધર્મિક ભક્તિ ! કેવું સાધર્મિક પ્રત્યે મમત્વ ! 'મારો સાધર્મિક અને એના પર આફત ?' પ્રાણથી અધિક પેલી પ્રિયાનું કાર્ય છોડી દીધું અને રાતોરાત ઉપડી આવ્યો સાધર્મિક પાસે ! રાતના આવવામાં કેટલી મુશ્કેલી ય પડી હશે ! પણ 'મારા' સાધર્મી માટે જીવનનું સર્વસ્વ ફના કરવાનું ભાગ્ય મળે ક્યાંથી ?

ત્યારે રામચંદ્રજીને પણ એવું જ મમત્વ છે, અને લક્ષ્મણને તો જાણે એથીય વધુ. તેથી આ મોટા રાજાના હલ્લાના સમાચાર જાણી લક્ષ્મણ તરત મોટાભાઈને કહે છે' જરા મને જઈને એ ચઢી આવનાર રાજાને સરખો કરવા દો' પણ રામ ના કહે છે. અને પહેલા શાંતિથી સમજાવવા કહે છે. લક્ષ્મણ જાણે રામના દૂત તરીકે જઈને શાંતિથી સમજાવે છે. રામનો સંદેશ છે કે આવા પરમાત્માના ભક્ત ઉપર તમને આક્રમણ કરવું શોભતું નથી, માટે ચાલ્યા જાઓ. પણ આ માને શાનો ? કહે છે 'કોણ છે વળી એ રામ ?' ઉપરથી અભિમાનમાં પોતાનાં સિપાઈઓને લક્ષ્મણ પર ધસવા મોકલે છે, હવે લક્ષ્મણ સહે ? મોટી ગર્જના કરે છે, ત્યાં તો સૈનિકો ગભરાઈ થંભી ગયા ! રાજાને કેશવડે પકડી રામ પાસે હાજર કરે છે, પછી તો રાજા ક્ષમા માગી છૂટકારો મેળવે છે.

**માનસિક ભક્તિનો વધુ પ્રકાર વિશ્વાસ :**-આપણી વાત થઈ, સાધર્મિક ઉપર મમત્વ અને આકર્ષણની, એ સાથે સાધર્મિ ઉપર વિશ્વાસ કરવાનો છે, અને જાતે સાધર્મિકના વિશ્વાસને પાત્ર બનવાનો છે, અર્થાત્ વિશ્વાસને પાળવાનો સુદર્શનશેઠ પર એમની પત્ની મનોરમાને એવો વિશ્વાસ હતો કે 'આ મારા પતિમાં કલંક હોય નહિ,' તો શેઠને શૂળીએ ચઢાવવા લઈ ગયા ત્યારે પોતે અનશન કરી કાઉસ્સગ્ગમાં રહી. એમ સાધર્મિક પર વિશ્વાસ મૂકવાનો ગુણ જો અમલમાં આવે તો પણ આજે સાધર્મિક ઉદ્ધારનું સરસ કાર્ય નીપજે એમ છે. સાધર્મિક કદાચ કોઈક વિશ્વાસઘાતી નીકળે તો 'શું કરે વિશ્વાસ કરીને ?' એમ પ્રશ્ન કદાચ થવો સંભવિત છે. પણ તે



વખતે એ વિચારવા જેવું છે કે, બધા એવા નથી હોતા. જૈનમાં તો મોટે ભાગે સારા હોય; અને કેટલીકવાર કોઈક તેવા દેખાય છે, ત્યાં પણ તેના સંયોગો સુધારી દીધા હોય તેમ એના સાથે સુંદર વાત વિચાર અને અંગતભાવે સલાહ-સૂચના કરી હોય, તો સંભવ છે કે એ મહાવિશ્વાસપાત્ર નીવડે. અલબત સામા સાધર્મિકની પણ ફરજ છે કે વિશ્વાસનું પાલન બરાબર કરવું. ત્યાં ગંભીરતા ન ગુમાવાય તેમ કોઈક વાર સંયોગ ફર્યા, કંઈક મનભેદનું કારણ થયું, તો પણ એણે વિશ્વાસમાં કરેલી વાતોને બરાબર ગુપ્ત રાખવી જોઈએ.

**વધુ માનસિક ઉપાય, ઉદાર મન, ક્ષમશીલતા અને શુભની ભાવના :-** બાકી સાધર્મિક પ્રત્યે ઉદાર મન ક્ષમશીલમન-સહિષ્ણુમન, અને શુભની ભાવના, એ પણ જરૂરી છે. પાર્શ્વનાથ ભગવાનનો જીવ મરુભૂતિ નાલાયક એવા નાનાભાઈ કમઠ પ્રત્યે છેવટે ક્ષમાશીલ મન કરી ક્ષમાવવા ગયા ! ઉદાયન રાજાએ પ્રતિમા ચોર એવા ચંડપ્રદ્યોત રાજાને, સંવત્સરીએ ઉપવાસ કર્યો માટે સાધર્મિક જાણી, કેદમાંથી છૂટો કર્યો, અને લલાટનો ડામ ઢાંકવા સોનાનો પટ્ટો કરાવ્યો, તથા રાજ્ય પાછું સોપ્યું. કદાચ સાધર્મિકની કોઈ વાર ભૂલ થઈ જાય, છતાં આપણે વિશેષ કરીને એના પ્રત્યે ક્ષમાશીલ હૃદય રાખવાનું છે. એવું જ સાધર્મિક પ્રત્યે ઉદાર મનસ્ક રહેવાનું છે, એટલે કે સાધર્મિકની સેવા માટે દિલ ઉદાર બનાવવાનું, ક્ષુદ્ર નહિ. આ ખામોશ અને ઉદારતા વર્તમાન કાળે બહુ જરૂરી છે, અને લાભદાયી છે. ત્યારે સાધર્મિકના શુભની ભાવના, અર્થાત્ 'સાધર્મિનું ભલું થાઓ, એની ઉન્નતિ થાઓ, એ આગળ વધો,' એવી હાર્દિક ભાવના પણ ભક્તિસાધક છે. સામુદાયિક આવી ભાવના ખૂબ લાભ કરે તેમ પોતાને સારા પુણ્યનો લાભ કરે.

પૂર્વે કહેલા પ્રેમ-બહુમાન વગેરે અને આ જ્યાં સુધી સાચા રૂપે ખીલવવામાં નહિ આવે ત્યાંસુધી આગળની વાચિક-કાયિક-આર્થિક વગેરે પ્રકારની ભક્તિ તથા ઉદ્ધારના માર્ગો યોજવા બહુ કઠિન છે. ભક્તિ કે ઉદ્ધારમાં કાંઈ પરાણે પ્રીત થોડીજ થાય એવી છે ? એ તો પોતાના મન પર વસે તો ભક્તિ થવાની છે. એ મન પર વસાવવા માટે સાધર્મિકની ઓળખથી માંડી ઉદાર-મનસ્કતાદિ સુધીના ગુણો ખીલવવાની જરૂર છે. ભૂલશો નહિ, આ બધું કેટલું મહાલાભને પમાડનારૂ બનવાનું છે ! ત્યારે **આ જગતમાં જન્મ પામ્યા પછી આપણા અતિ પ્યારા પ્રભુના બચ્ચા પ્રત્યે પ્રેમ, વિશ્વાસ, ક્ષમા, ઉદારતા નહિ કેળવતા આવડે, તો સમજુપણું શું** ? એ ન કેળવ્યું અને ઊલટું ઊંધુ કેળવ્યું તો એ જૈનનું જીવન જીવ્યા કે જ'ન (રાક્ષસ)નું ? એક વાર ઉક્ત ગુણો કેળવી જુઓ, પછી એનો અનુપમ સ્વાદ જો જો, કે મન કેટલું વિશુદ્ધ બને છે, વિશાળ બને છે, અને પ્રભુનું પણ સાચું પ્રેમી

બને છે ! ત્યારે એ પણ જો જો કે સાધર્મિકનો કેવો સુંદર સહકાર મળે છે ! ગામેગામ સાધર્મિક આ રીતે મન કેળવી દે, તો શાસનનો મહાન ઉદય આજે દેખાય,

સાધર્મિક તરફથી કદાચ અગવડ આવી તો મન મોટું કરી વિચારવું ઘટે, 'હશે એ પૂજનીય સાધર્મિક છે. મારા સાધર્મિક બધું છે, એમનાથી મને આત્મિક લાભ જો મળે છે, તો પછી બીજી ત્રીજી અગવડની બહુ કિંમત નહિ.' આમ દિલ સહિષ્ણુ અને ખામોશવાળું બનાવવું જોઈએ. એવું જ સાધર્મિક ખૂબ સુખી થાઓ, ખૂબ આગળ વધો, એ ભાવનાથી મન ઉદાર બનાવવું જરૂરી છે. 'સારું મળ્યું તો મારા સાધર્મિકને મળ્યું છે ને ? બહુ સરસ !' એવી રીતે સાધર્મિક સાથે કોઈ વ્યવહાર કરવાનો આવે ત્યાં મનની મોટી ઉદારતા જોઈએ. તેમ સાધર્મિક તરફથી લીધેલી સેવાના બદલામાં મનમાં કૃતજ્ઞતાનો ભાવ જાગતો જોઈએ.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨,અંક-૯,તા. ૧૪-૧૧-૧૯૫૩

## (૬) સાધર્મીની આશાતનાનો ત્યાગ

### નિંદાનું ભયંકર સ્વરૂપ.

**આશાતના ૩ પ્રકારે :- માનસિક, વાચિક અને કાયિક.**

**માનસિક ૪ પ્રકારે :- અવજ્ઞા-સૂગ, અક્કડતા, અતડાશ, હલકી વિચાર-લાગણીઓ.**

**વાચિક ૪ પ્રકારે :- નિન્દા, અવજ્ઞાવચન, આળ-આક્ષેપ, ઊંધી સલાહ.**

### • સાધર્મીની આશાતનાનો ત્યાગ. •

માનસિક ભક્તિનો વિચાર કર્યો, એ પછી ભક્તિના ઉપાયો વિચારવા જરૂરી છે. પરંતુ એ પહેલાં માનસિક આશતનાનો ત્યાગનો વિચાર કરી લેવા જેવો છે, કેમકે એને માનસિક ભક્તિ સાથે સંબંધ છે. જો આશાતના ત્યજાય તો આરાધના સુંદર રૂપમાં થાય; અને એમાંય માનસિક આશાતનાથી દૂર રહેવામાં આવે તો માનસિક આશતનાથી દૂર રહેવામાં આવે તો માનસિક આરાધનામાં સારા જોડાઈ શકાય. એ પછી તો વાચિક વગેરે આરાધના સમજવીય સહેલી છે, અને આરાધવી પણ સહેલી છે.



### ''મનનું મહત્ત્વ.''

**મનનું સાયન્સ** :- જાણો જ છો ને કે **આરાધના કે વિરાધના, એ બધાનો આધાર મન પર છે. मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः**

**'મન સાધ્યું તેણે સઘળું રે સાધ્યું.'**

**'ઉપયોગે ધર્મ; ક્રિયાએ કર્મ, પરિણામે બંધ,'**

પરિણામ એટલે માનસિક ભાવને અનુસરની આત્માની પરિણતિ.

**'મન ચંગા તો કથરોટમેં ગંગા'**- અર્થાત્ જો મન સાફ હોય, તો દૂર દેશમાં રહ્યો છતાં નિર્મળ એવા કથરોટના પાણીમાં ગંગાના પાણીની કલ્પના કરી એનાથી દેવને અભિષેક કરી શકે, અથવા બીજું તેવું ગંગાજળનું કાર્ય કરી શકે છે.

મનની તો મોટી કિંમત છે. એની એજ સુખની સગવડો હયાત હોય, પણ જો મનને કાંઈક અનિષ્ટ લાગી ગયું, તો સુખને બદલે દુઃખનો અનુભવ થાય છે ! તેથી ઊલટું ફકીરીમાં પણ મન જો ત્યાગને ઈષ્ટ માને છે, તો એ મહાસુખનો અનુભવ સતત કરાવે છે. એક વસ્તુમાં અનેક જીવો જુદી જુદી માનસિક કલ્પનાના હિસાબે જુદા જુદા પ્રકારની લાગણી અને સુખ-દુઃખ અનુભવતા દેખાય છે. મનથી જેમ ધર્મ મોટો થઈ શકે છે, તેમ મનના પાપ પણ મોટા જ હોય છે.

**સારા નરસા મનના અદ્‌ભુત પરિણામના દૃષ્ટાન્તો** :- નાનો ઉપસર્ગ વેઠવા છતાં કેઈ મહાત્મા મનોબળ અને ભાવનાબળથી કેવળજ્ઞાન અને મોક્ષરૂપ મહાન સ્થિતિએ પહોંચાડનાર ધર્મ પામ્યા છે ! ત્યારે બીજાઓ એથીય વધુ ઉગ્ર ઉપસર્ગોમાં માત્ર દેવલોક પામ્યા છે ! અને સત્ત્વહીન જીવો તો વળી એવા ઉપદ્રવમાં મન બગાડી ઊલટા નરકના પાપ બાંધી જાય છે ! ત્યારે તંદુલિયા મચ્છ જેવા તો વિના ઉપદ્રવે પણ મનથી પાપી કલ્પનામાં ચઢી નરકનાં પાપ ઉપાર્જે છે ! મન કેવું ? આ ધ્યાનમાં રહે તો ?

એવું જ ધર્મક્રિયા નહિ એવી લગ્નની ક્રિયા, આરિસા ભવનમાં અલંકારેલ અંગ જોવાની ક્રિયા, રાજ્યસિંહાસને ઠકુરાઈ ભોગવવાની ક્રિયા, ઈત્યાદિમાં પણ મનની વિશુદ્ધિ, અને ઉચ્ચ ભાવનાના જોર પર કેવળજ્ઞાન પામ્યાના દાખલા છે. ત્યારે પ્રભુની ફૂલપૂજા જેવી સામાન્ય દેખાતી ધર્મક્રિયામાં નાગકેતુ જેવા મનથી પ્રબળ શુભ ધ્યાનમાં ચઢી વીતરાગ સર્વજ્ઞ બન્યા છે.

એટલે મન બહુ મહત્ત્વનું છે; અને એના વલણ પર વાણી અને કાયાએ પ્રવર્તવું સહેજે બની આવે છે. યુદ્ધભૂમિ પર નિરાશ અને હતોત્સાહ બની ગયેલા સુભટોના **મનને** ભાટ લોકો પૂર્વજોના પરાક્રમ સંભળાવી ઉશ્કેરી મૂકે છે; પછી તો



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

એનાએજ સુભટો યાહોમ કરીને ઝઝૂમે છે. એથી ઊલટું દુશ્મને ખાનગી ફોડી નાખેલા સૌનિકોનું મન ફરી ગયું હોવાથી છતાં બળ અને શસ્ત્રે લડાઈ બરાબર લડતા નથી.

**આમ મન એ પ્રવૃત્તિનું એન્જિન જેવું હોવાથી, સાધર્મિકભક્તિની પ્રવૃત્તિ કરવા પહેલાં સાધર્મિક ભક્તિનું મન બનાવવું જોઈએ, અને સાધર્મી ઉપર માનસિક બહુમાન, પ્રીતિ, લાગણી, મમત્વ વગેરેનો દૃઢ અને સતત અભ્યાસ કેળવવો જોઈએ.** એ કેળવ્યા પછી અર્થાત્ સાધર્મીને જાણે પોતાનો આત્મા બનાવ્યા પછી તો તમે ઝાલ્યા નહિ રહો. ભક્તિની મહાન પ્રવૃત્તિઓ આદરવા લાગી જશો. 'સાધર્મિકભક્તિ કેવા ખુણામાં કેવા પ્રકારની કરવા મળી શકે એમ છે,' એ શોધતા ફરશો.

ત્યારે કહો શું આવ્યું ? પહેલા માનસિક આદર, બહુમાન, મમતા વગેરે અવશ્ય કેળવવા જોઈએ. હવે એમાંય એવું છે કે એ માટે મનનો કેટલોક મળ કાઢવો જોઈએ. એ મળ છે સાધર્મી પ્રત્યેની માનસિક આશાતનાનો. એવી એવી દુષ્ટ માનસિક લાગણીઓ હોય છે કે જે પ્રભુએ સ્થાપેલા જૈન સંઘના જ અંગ ગણાતા શ્રાવકશ્રાવિકાની આશાતના કરનારી છે. એવી દુષ્ટ લાગણીઓને પહેલી તકે વિદાય કરવામાં આવે તો પછી બહુમાન, પ્રીતિ વગેરેની શુભ લાગણીઓ કેળવવામાં તેવો વિલંબ નહિ થાય. યાદ રાખજો કે **બહુમાન વગેરે મનનું ભુષણ છે, ત્યારે આશાતનાકારી લાગણીઓ મનનું દુષણ છે.**

માનસિક દુષણો ટાળવા જ જોઈએ. 'મારો સાધર્મિક છે, મારે એ પૂજનીય છે,' એવી એના માટે અત્યંત મમતા અને માનની લાગણી હોવી જોઈએ, ત્યાં દુષણ કેમ જ રખાય ? સાધર્મી કદાચ **પૈસે ગરીબ હોય તો તેથી કાંઈ એ ધર્મે ગરીબ નથી થઈ જતો. ધર્મની સંપત્તિથી તો તે મહાન શ્રીમંત છે !** એના પર ભારે વિશ્વાસ, ભારે અનુરાગ હોય. સમજદાર એ છે. સાચી સલાહ એ આપશે. આ ભાવો જગાડવા માટે સાધર્મિકની આશાતના કરાવનારી લાગણીઓ છોડી દેવી જોઈએ ! જ્યાં એ લાગણીઓ ચોર તરીકે ઘુસી ગઈ હોય છે, ત્યાં આ સારા ભાવ આવે કેવી રીતે ?

**(૧) સાધર્મિકની આશાતનામાં પહેલી છે. સાધર્મિક અવજ્ઞા અને સૂગ !** મનમાં સાધર્મીને હલકા ગણે. સાધર્મિકનું નામ સાંભળતાં જ મનમાં સૂગ થાય; અથવા એના દર્શન પર કે કાર્ય પર સૂગ ! પાછા સાધર્મિક જેવા તેવા ન હોય, વ્રતમાં પૌષધમાં હોય ! તો પણ આ સૂગવાળો કહેશે, 'જવા દો પોસાતીનું નામ ! એમનામાં વિવેક જ ન મળે !' હવે આ સૂગવાળાને કોણ કહે, અલ્યા મૂર્ખ ! જે પોષધવાળા સાધર્મિકના તો તારે પગ ધોઈ પૂજવા લાયક છે, જે



સાધર્મિક તો ભારે સન્માનવા લાયક છે. એના પર તું સૂગ કરે છે ? **જગતમાં સૂગ કરવા લાયક આ** ? કે તને પૌષધ ન લેવા દેનારી સાંસારિક તૃષ્ણાઓ સૂગ કરવા લાયક ? શું મોહની રમતો સૂગ કરવા લાયક કે તીર્થંકર દેવે ફરમાવેલ ક્રિયાઓ ? અરે ! ઉત્તમ પૌષધ જેવી ધર્મક્રિયામાં સાધર્મી કદાચ ન પણ હોય તોય જૈન ધર્મી છે, માટે સૂગ કરવા લાયક નથી. પણ આ તો જાતનું અજ્ઞાન હોય છે કે 'હું એક ભવાટવીમાં નિરાધાર ભમતો રંક છું; એવા મને અહો ! અહીં જૈન બંધુ જોવાનું સદ્ભાગ્ય મળ્યું છે !' આવું ભાન નહિ હોવાથી જૈન ભાઈ છે માટે જ સૂગ થાય છે. પણ ધ્યાન રાખો, સૂગ કરવા જેવી નથી.

**ધર્મી પ્રત્યે સૂગ કરવાથી (૧) ધર્મનું અપમાન ગણાશે** તેથી ધર્મ ફરી પામવો મુશ્કેલ બનશે. તેમજ (૨) સાધર્મિકો ધર્મમાં નિરુત્સાહ થશે, અથવા ગુસ્સે થશે. (૩) ઈતરો પણ જૈનો તરફ વધારે સૂગ કરતા થશે. (૪) ધર્મી પ્રત્યે સૂગ કરવામાં જાતનો અહંભાવ પોષાય છે, સામાને ઉતારી પડાય છે, તેથી ભયંકર નીચ ગોત્ર વગેરે કર્મ બંધાશે. વળી (૫) એ પણ વસ્તુ છે કે જૈન બંધુઓ પ્રત્યે દિલમાં સૂગ ધરવાનો ચેપ ભયંકર છે. પછી એ **વાણીમાં** નિંદા રૂપે, કે તિરસ્કારી વચન રૂપે ઉતરે છે; અને **કાર્યમાં** મુખની બગડેલી મુદ્રારૂપે અવતરે છે. (૬) આથી આજુબાજુના બીજા લોકો પણ સૂગ કરવાનું શીખે છે, અને એ લોકો વળી બીજાને તેવી સૂગ કરતા કરે છે, આમ ચેપ ચાલે છે માટે જ ભૂલે ચૂકે જૈન બંધુ પ્રત્યે સૂગ રાખવા જેવી નથી. અંગ્રેજીમાં કહેવત છે "Love me and my dog" મને ચાહો અને મારા કૂતરાને પણ ચાહો.' અર્થાત્ શેઠ પરના પ્રેમની જેમ શેઠના પ્રેમપાત્ર પર પણ સ્નેહ જરૂરી છે. સાધર્મી એ પણ પ્રભુના કૃપાપાત્ર છે, માટે પ્રભુની જેમ પ્રેમ કરવા યોગ્ય છે. ત્યાં પછી સૂગ ન છાજે. He is only a true worshipper of God, Who loves his brother worshipper ઈશ્વરનો તેજ સાચો ભક્ત છે કે જે ઈશ્વરના બીજા ભક્તને ચાહે છે. એ લોકો આમ માને ત્યારે આપણે ? જો જૈનબંધુઓ તરફ સૂગ કરવાનું હોય, તો ચાહવાનું ક્યાંથી આવે ? લખી રાખો **'સાધર્મિક પ્રત્યે સૂગ એ ભારી આશાતના છે. એમાંથી તો બીજી અનેક આશાતનાઓ અને દુર્ગુણો નીપજે છે.'** માટે સૂગને દિલમાં પેસવા ન દો. સાધર્મિક ગમે તેવો ગામડાનો હોય બોલવામાં ગામડીયાની ભાષા હોય, કપડાં ફાટલા-તૂટલા અગર પટેલ-સીસ્ટમના હોય, ખાવામાં ફેશન ન જાણતો હોય, રીત-ભાત સુધરેલી સંસ્કારો ન હોય, તો પણ એના પર સૂગ જરાય ન કરવી.

(૨) **બીજી અને ત્રીજી આશાતના છે અકડાશ અને અતડાશની.** અક્ડાશ એટલે અક્કડપણું-ગર્વ અને અહંભાવ. અતડાશ એટલે અતડાપણું-અળગાપણું,

નિરાળાપણું, જુદાઈ.

**અક્કડપણું એટલે** સાધર્મિકની સામે મનમાં ખુમારી રાખવી, એની પ્રત્યે ચિત્તમાં અહંભાવ રાખવો, હૈયું અક્કડને અક્કડ રાખવું, કેમ જાણે એની આગળ નાના બાપના ન થઈ જવાય ! આ બધી અકડાશ છે.

ત્યારે **અતડાશ એટલે** સાધર્મિકથી જુદાઈનો ભાવ રાખવો. મનમાં માનવું કે એ બધા અમારાથી નીચી પાયરીના છે. નીચલા થરના છે, અમે ઊંચી સ્થિતિના છીએ, માટે એનાથી અમે નિરાળા !' રખેને એમના ભેગા ગણાઈ અમારું સ્ટેટસ અમારી પોઝીશન હલકી ન ગણાય, એમ માનવું'-એ બધું **અતડાશ** છે.

આ બંને ભાવો આશાતનાકારી છે. સાધર્મિકની ભક્તિ કરવી હશે તો આવી આવી આશાતના પહેલી ટાળવી પડશે. ભૂલશો નહિ. ભરત ચક્રવર્તી સાધર્મિઓ તરફ કેવું સુંદર નમ્ર અને મળતાવડું દિલ ધરાવતા હતા ! સાધર્મિકની પ્રત્યે **અકડાશ અને અતડાશની આશાતના કોણ કરાવે છે** ? કાં લક્ષ્મી, કાં સત્તા કાં આબરૂ, કાં ડીગ્રી કે પંડિતાઈ, એજને ? એમાનું કશું કાયમી ખરું ? પરલોક અજવાળનારું ખરું ? ના, તો એના ઉપર જૈનબંધુ પ્રત્યે અકડાશ ? આપણે ગરીબ હોઈએ, મોટી આબરૂ ન હોય, અને બીજા આપણી સામે અક્કડ ચાલે તો કેવું લાગે ? સાધર્મી પ્રત્યે તો મૃદુ અને મળતાવડા રહેવું જોઈએ. કેટલાક ગાંડાને એમ થાય છે કે 'સાધર્મિકનું સર્કલ જુદું રાખો, અને આપણા જૈનેતર મિત્ર દોસ્તદારોને આપણી સાથે બેસાડો, એ લોકો સારા સમજદાર ! સાધર્મિઓને આપણી સાથે મેળ નહિ ખાય !' આમ કરી કરીને જ જૈનશાસનની હલકાઈ કરી છે. ધર્મની પડતી કરી છે. **ધર્મીના અનાદર અને ઓછી કિંમત એટલે ધર્મ પ્રત્યે પોતાના અને લોકોના પ્રેમભાવ પર કાપ.** જૈન સંઘનો પાયો છે સાધર્મિક ! એની પ્રત્યે સૂગ-અકડાશ વગેરે એનું હૈયું ભાંગી નાખશે ! પાયો દોદરો થયા પછી ઈમારત કોના પર ? પાયો નહિ હોય તો ઈમારત નહિ રહે. પાંચમા આરાને છેડે એવું બનવાનું છે. તે અત્યારે બનાવવું છે ? જૈન થઈને તમે જ જૈન બંધુની આશાતના કરશો ? ત્યારે તમારે ખપ શાનો છે ? માત્ર પૈસાનો અને સ્વાર્થીયા સંસારનો જ ખપ છે ? **જૈન એટલે જિનાજ્ઞાનો ખપી કે લક્ષ્મીનો** ? લક્ષ્મીના ખપનું ગાંડપણ સારું નથી.

## • લક્ષ્મી પાછળ એક મૂર્ખનું દૃષ્ટાન્ત •

એક માણસે ખાટલાની ઈસોમાં રત્નો ભર્યા. છોકરાય ન જાણે ! કેમ ? મર્યા પછી સાથે લઈ જવા. હવે મરવાનું આવ્યું ડચકાં લે છે. પણ જીવ જતો નથી !



છોકરા ગરીબ પ્રકૃતિના તે બાપને મુંઝવણ થાય છે જાણી રોઈ પડે છે; પૂછે છે, 'બાપાજી, શું મુંઝવણ છે ? કહો તે કરીએ.'

'આ ભાઈ ! બીજું તો કાંઈ નથી. પણ તમને થશે કે મારા મર્યા પછી આ ખાટલી રાખી મૂકો, પણ મને આ ખાટલી પર સૂતાં વર્ષો થયા, તે આના પર જરા મને મમતા છે તો મારું તમને કહેવું છે કે મારા મડદાને ખાટલીમાં રાખીને જ લઈ જઈ ખાટલા સાથે બાળી મૂકજો. કહો એટલું બનશે ?'

છોકરા ડાહ્યા છે, ડોસાનો જીવ જો ખાટલીમાં રહી જશે તો ગતિ સારી નહિ થાય, એમ સમજી તે પ્રમાણે કરવાનું કબૂલ કરે છે. ડોસાએ કેમ આમ કહ્યું ? એ મૂર્ખ છે, એમ સમજે છે કે જેમ શરીર બળ્યાથી પરભવ શરીર મળે છે, તેમ રત્નો બળ્યાથી પરભવ રત્નો મળશે. એક નંબરનો ઉલ્લું કે બીજું કાંઈ ? રત્નો એમ પછીના ભવમાં મળે ? કદાચ એમ મળતા હોય તો તો. કહો, તમેય બાકી રાખો ? પણ એમ નથી મળતા હા, **દાનમાં ઉછાળ્યા હોય તો મળે; ત્યાગ કરી ચારિત્ર લીધું હોય તો ભવાંતરે મળે; નહિતર રત્નો હાથવેંતમાં હોય છતાં ન મળે.**

જુઓને ડોસાના માર્યા પછી છોકરા હાથે કરીને રત્નોની ખાટલી મસાણે લઈ ગયા. તમે કહેશો કે એમને ખબર નહોતી ને ? તો, **મોંકાણ ખબરની જ છે ને કે રત્નોની બલા જિંદગીભર માથે ઊંચકી ફરાય અને કલ્પવૃક્ષથીય અધિક એવો માનવભવ બરબાદ કરાય** ? પણ છોકરાના ભાગ્ય જ નહિ. તે ક્યાંથી ખબર હોય ? હવે મસાણમાં આવ્યો ભંગી. કહે છે, 'બાપા, હું ગરીબ માણસ ખાટલો મને આપી દો, અહીં તો મારો હક છે.'

છોકરા જવાબ દે છે, 'પણ અમારા પિતાજીની છેલ્લી ઈચ્છા ખાટલી બાળી મૂકવાની હતી, તેમ કરવાનું અમે કબૂલ કર્યું છે'

'હં ભા ! પણ તે કબૂલાતથી એ શાંતિથી મર્યા. એટલે એમની સદ્ગતિ તો થઈ ગઈ. હવે મને ખાટલી દેશો એમાં એમની ગતિ નહિ બગડે.'

**આર્યોની ખોટી દીનતા : આર્યો પાસે સર્વ શ્રેષ્ઠ છે :-** કેવો ચતુર ? આર્ય દેશના પ્રભાવ જ ઓર, પણ તે આર્ય રહે ત્યાંસુધી, હોં. આર્ય પ્રજા પણ અનાર્યના રવાડે ચઢી અનાર્યતાના ચાળા જમાવે એટલે ખલાસ. આજે ભારત કેવું દીન બની ગયું છે ? જાણે એનામાં સંસ્કૃતિ નથી, વિદ્યા નથી, આવડત નથી, તે પરદેશ સામું જ જોયા કરે છે ! પરદેશીની દૃષ્ટિમાં હાથે કરીને પોતે હજી જાણે બાળક જેવો દેખાવ કરે છે ! પશ્ચિમની સંસ્કૃતિ-ફેશન-પદ્ધતિ, એની ડાક્ટરી, ઈજનેરી વગેરે વિદ્યાઓ, એના નિષ્ણાતો-ઈત્યાદિની પુંઠે ફોગટ પડી ગયું છે ભારત ! શી

જરૂર છે એવી એને ? ભારતમાં આર્ય-સંસ્કૃતિ, વિદૂર-ચાણ્યકનીતિ વગેરે ક્યાં નથી ? સંસ્કૃત પ્રાકૃત ભાષામાં અદ્ભુત સાહિત્ય, આધ્યાત્મિક, દાર્શનિક, મન્ત્ર તન્ત્ર સંબધી, શિલ્પ અને કલા સંબંધી વગેરે વિદ્યાઓનો ભારતમાં ક્યાં ટોટો છે ? નિષ્ણાતો અને ભેજાંબાજો ભારતમાં ક્યાં પાક્યા નથી કે પાકતા નથી ? ખરી રીતે તો ભારતે પોતાની અધ્યાત્મભાવને પોષક એવી વસ્તુની ખીલવણી કરી, પોતાની વસ્તુ પર મગરૂબ રહી, ઓછી જરૂરિયાત, ઓછી ઉપાધિ, સંઘ અને સંગઠ્ઠન, પ્રેમ અને પરમાર્થ, ઉચ્ચ આધ્યાત્મિક જ્ઞાન ગોષ્ઠી આને તત્ત્વ-ચિંતન, પાપભય અને ધર્મપ્રેમ વગેરેથી એવી આબાદી કેળવવી જોઈએ કે બીજા સામે એને શું જોવાનું હતું, એની તરફ વિલાયત અને અમેરિકાવાળા મીટ ન માંડે ? પશ્ચિમવાળા આકર્ષાઈ ભારત પાસે શીખવા આવે, એવું ભારત પાસે ઘણું છે. જીવી બતાવતાં આવડવું જોઈએ.

**રત્નો કોના ? :-** હવે પેલા ભંગીના વચનથી છોકરા સમજી ગયા. ખાટલી આપી ભંગીને. કહો છોકરા પાસેથી તો હવે રત્નો ગયા, પણ ત્યારે ભંગીને રત્નો મળ્યા ? શાના મળે ? પરભવે દીધું હોય તો મળે. આ તો બિચારો ઘેર લઈ ગયો. માને છે કે, 'હાશ ! સૂવા કામ લાગશે !' આમ કરીનેય ઘરમાં રાખે તો વળી કોઈ દિ ચાન્સ રહે કે ખાટલી ભાંગશે તૂટશે તો વળી રત્નો મળશે ભંગીને. પરંતુ ભાગ્ય એમ કેમ ચાલવા દે ? ખાટલીમાં ભંગી સૂતો કે ઝટ બાયડી તાડુકી, 'કેમ ? શેઠ થયા કે કાંઈ ? ખાવાના તો સાંસા છે, ને ખાટલે ચઢીને સૂવા જોઈએ ? જાઓ જાઓ ઉઠો, ગુજરીમાં જઈ એને વેચી આવો; જે ચાર આઠ આના આવશે એ કામ લાગશે.'

કહો, **ઓળખો છો નસીબને** ? હા કહો છો ? શું હા એટલે ? તો પછી નોટોના બંડલ બરાબર તીજોરી-કબાટમાં કોના વિશ્વાસે રાખી બેઠા છો ? ત્યાંથી નસીબ નહિ ઉપાડી શકે એમ ? સાધર્મિકની ભક્તિ અને ઉદ્ધાર કરવાનો અણમોલ અવસર આવી લાગ્યો છે, એમાં સેંકડો હજારો લાખો ખર્ચીને નસીબને બાંધી લ્યો.

**નસીબ સુકૃતથી બંધાશે :- આંખ સામે બેને મૂકો-લક્ષ્મીને અને સાધર્મિકને. પછી હૈયાને પૂછો કે તને આમાં કિંમતી કામનું, લાભકારી અને પૂજવા-સાચવવા લાયક શું લાગે છે ? બેમાં આત્માનું સાચું સગું કોણ ? કોને સાચવીને, કોને જતું કરવા જેવું** ? જૈન હોઈને જવાબ દેજો. તો મને ખાતરી છે કે જવાબમાં હૈયું **'સાધર્મિક'** ને કિંમતી કહેશે, લક્ષ્મી જતી કરીનેય સાધર્મિકને સાચવવાનું કહેશે. હૈયાનો અવાજ માનવો છે ?

ભંગી બજારમાં જઈને ઊભો. પણ આતો ભંગીની ખાટલી તે કોણ લે ?



કહો જો **રત્નેભરી ખાટલી આગળ થઈને હજારો માણસ જાય છે. પણ રત્નો કોઈની પાસે નથી જતા ! શાના જાય ? રત્નો હાથવેંતમાં છે, પણ દુર્ભાગ્ય એની ખબર જ નથી પડવા દેતું.** એ તો ધનાજી જેવો ભાગ્યશાળી ત્યાં આવ્યો, અને ખાટલી લઈ જઈ રત્નાધિપતિ બન્યો !

લક્ષ્મીને બહુ પંપાળી ન રાખો. એનાથી સાધર્મિકની ભક્તિ અને ઉદ્ધાર કરીને આત્મકલ્યાણ સાધો. તેમ મળેલી લક્ષ્મી પર સાધર્મિક પ્રત્યે અકડાશ કે અતડાશ ન કરો.

**લક્ષ્મી તો આજ છે ને કાલે નથી.**

**લક્ષ્મી વેશ્યા જેવી છે, માલિકના જીવતાંય એને મૂકી બીજાને ધણી કરે !**

**લક્ષ્મી ગુણોને સળગાવી નાખનાર દાવાનલ છે.**

**લક્ષ્મી પાપો કરાવી જીવને દુર્ગતિમાં પટકનારી પિશાચણ છે.**

**લક્ષ્મી સંગા-સંબંધીમાં કલેશ ઘાલનાર વિદુષક છે. લક્ષ્મી શું શું ખરાબ નથી ? એના પર સાધર્મી સામે અક્કડપણું કે અતડાપણું કરવું, એ મહા મૂર્ખાઈ છે, નર્યું અજ્ઞાન છે અને તે પણ મહા નુકસાન માટે થાય.**

(૪) **સાધર્મીની ચોથી માનસિક આશાતના છે, સાધર્મી પ્રત્યે હલકા વિચાર :-** આ ટાળવા માટે ખૂબજ સાવધાન રહેવું જોઈએ. તે એટલે સુધી કે 'સાધર્મી બિચારા દુઃખીયારા, ગરીબડા, ભૂખે મરતા, શું કરે ?' આવું પણ નહિ વિચારવું જોઈએ. જૈન શાસન પામેલો એ ગરીબડો નથી, દુઃખીયારો નથી. હા, પૈસા ઓછા હોય એમ બને પણ તે તો કેટલાક અલ્પ પરિગ્રહને જ ઇચ્છે છે માટે; જેમકે પુણિયો શ્રાવક. શું એ ગરીબડો અને દુઃખીયારડો ? એમ કહેવાય નહિ. ત્યારે જે હજી જરૂરી પૈસાને ચાહે છે, પણ પૈસા ઠીકઠીક પામ્યા નથી, તેને પૈસાની તંગીવાળા કહેવાય, પૈસે દુઃખી કહેવાય, પણ 'બિચારા દુઃખીયારડા' કહેવું એ હલકાઈવાળું વચન છે.

આ તો સામાન્ય વાત થઈ, પણ હલકા વિચારમાં સાધર્મી તરફના વૈરની વિચારણા આવે, દ્વેષની વિચારણા આવે, જુગુપ્સાની વિચારણા આવે; એમને રાંકડા-અબુઝ-ઢંગધડા વિનાના-વેવલા-ધરમઘેલા... વગેરે રૂપે ગણતી વિચારણા આવે. મનમાં એમ થયા કરે, 'આપણા જૈનો જોયા ધરમઘેલા ? માત્ર દહેરે, અપાસરે દોડાદોડ કરવાનું જ સમજ્યા છે ! એ લોક પોસા-પડિક્કમણા કરી જાણશે, બાકી રહેવાના સદા અજ્ઞાન અને અબુઝ ! ગંધા અને વટ-વહેવાર નહિ સમજનારા ? ગાંડા ભગત ? કામ કર્યા એમણે ? શું મીઠું છે એમનામાં ?' આવી આવી વિચારણા એ હલકી વિચારણા છે, આશાતના રૂપ છે ! એનાથી સદાને માટે દૂર

રહેવું જોઈએ. 'પોતે બડો અને એ હલકા' આ માન્યતા ખોટી છે. આ તો લોકોએ આ ભાઈને જરાક આગળ કર્યો એટલે ઝટ મનમાં સ્વોત્કર્ષ અને પરાપકર્ષની વિચારણા શરૂ થઈ જાય છે. પછી એને અનુસારે વાણીવિલાસ અને વર્તાવ થાય એમાં શી નવાઈ !

તમને સાધર્મિભક્તિના હાર્દ સુધી પહોંચાડવા માટે આ બધી વિચારણા છે. એના અમલમાં જૈનધર્મ અને જૈનસંઘનો સાચો ઉદય છે, અદ્ભુત કોટિનો ઉદય છે ! કેટલાકને ઉતાવળ થતી હશે કે 'હવે તેમ સીધેસીધું સાધર્મીને રોટલા કેમ મળે એનાજ ઉપાય ઝટપટ કહી નાખો ને' પણ એ ભાગ્યશાળીએ સમજવાનું છે કે એ કહી નાખવા માત્રથી લોકો કોઈ સીધો અમલ નથી કરવાના, એ આજસુધીના અનુભવે બતાવ્યું છે. જે કારણે આ ખામી છે. એ કારણ શોધવા જેવું છે. તે બીજું કાંઈ નથી, પણ સાધર્મિકભક્તિનો વિસ્તૃતપણે અભ્યાસ કરી, એના વિવિધ પ્રાથમિક માધ્યમિક અંગોને જીવનમાં કેળવવાની જરૂર છે, એ નથી કરાતું-કરાવાતું. તેથી જ ભક્તિ ઉદ્ધારના કાર્યમાં શિથિલતા દેખાય છે. કહો ને સાધર્મિકની માત્ર સાચી ઓળખ પણ પહેલાં કરી હતી ? ના, ઓળખ અને માનસિક ભક્તિ તથા આશાતાના ત્યાગ થાય તો **સાધર્મિકો પ્રત્યે માતા-પત્ની અને સંસાર કરતાંય અધિક મમત્વ-બહુમાન-પ્રેમ-વિશ્વાસ વગેરે જાગે; અને એ જાગ્યા પછી તો વાચિક-કાયિક ભક્તિ તથા ઉદ્ધારના ઉપાયો શોધી શોધીને અને માગી માગીને હાથ ધરાશે**. 'માની ભક્તિ કરવી જોઈએ, પત્નીને અલંકાર લાવી આપવા જોઈએ, છોકરાને ફી ખર્ચી નિશાળે ભણાવવા જોઈએ.' એવું એવું તમને કોણ કહેવા આવે છે ? કોઈ નહિ, કેમ કરવું તે કોણ શિખવાડવા આવે છે ? કોઈ નહિ. છતાં બડી ધગશથી એ કરો છો ને ? શાથી વારૂ ? કહો એ એમના પર હાર્દિક લાગણી છે, પ્રેમ છે, મમત્વ છે માટે. પણ ધ્યાન રાખજો કે કૌટુંમ્બિક મોહના પ્રેમ, લાગણી અને મમત્વ સાથેની ભક્તિથી સંસાર કપાવાનો નથી, એ તે સાધર્મી પરની મમતા, વગેરેથી કપાશે. તો પછી સાધર્મિક ભક્તિ માટે પણ એમજ સમજી લો કે પ્રેમ-લાગણી-મમતા પહેલા જરૂરી છે. હજી હું તો ત્યાંસુધી કહું કે કદાચ પૈસેટકે બહુ ન કરી છૂટો, પણ કહ્યું તેમ સાધર્મી પ્રત્યે મન શુદ્ધ કરો. મમતાળુ અને પ્રેમાળ કરો, અને એને છાજે તેવો વાણી વ્યવસાય તથા વર્તાવ રાખો તોય તમે ઘણું કર્યું ગણાશે. એનાથીય સામુદાયિક પુણ્ય વધશે, સાધર્મિકના આર્થિક દુઃખ ઘટી જશે. જો જો હોં, આનો અર્થ પૈસા ન ખરચવાનો કરતા નહિ. આ તો સૌ પ્રથમ અતિ આવશ્યક માનસિક ભક્તિ છે, તે સૂચવાનો અભિપ્રાય છે.

પહેલાં માનસિક ભક્તિની અને પછી આશાતનાની વિચારણા કરી છે. હવે



વાચિક-કાયિક ભક્તિની વિચારણા કરવી જોઈએ. પરંતુ તે પૂર્વે વાચિક-કાયિક આશાતનાનો ત્યાગ કરવાની પહેલી જરૂર છે. માટે તેનું વર્ણન પહેલું કરવું જોઈએ. તેમજ માનસિક આશાતના-ત્યાગની વિચારણા કર્યા પછી તરત વાચિક-કાયિક આશાતનાનો વિચાર કરવાનું સરળ પડે છે. માટે હવે એનું વર્ણન કરીશું

## • વાચિક આશાતનાનો ત્યાગ •

સાધર્મિકની વાચિક અને કાયિક આશાતનાઓ જે તજવાની છે, તે વાચિક આશાતનાઓ મુખ્ય બે છે :-(૧) એક તો સાધર્મિકની પરોક્ષમાં નિંદા, અને (૨) બીજું સમક્ષમાં અવજ્ઞાવચન, એને ઉતારી પાડનારો ભાષા પ્રયોગ. આમાં આળ, આક્ષેપ કલંક ચઢાવવાનું ગણી લેવાનું છે.

**નિંદા :-** હવે આજની દુર્દશાનો વિચાર કરો કે નિંદાનું સામ્રાજ્ય કેટલું જામ્યું છે ? ખૂબી તો એ છે કે મોટા ભાગે નિંદાના પાત્ર સાધર્મિક !! કેમ જાણે જગત આખામાં દુષ્ટમાં દુષ્ટ હોય તો જૈનો !! નિંદા તો ખરાબની, દુષ્ટની જ થાય ને ? ખ્યાલમાં આવે છે ? દુનિયામાં દુષ્ટો ઘણા પડ્યા છે. છતાં બીજા સારાય કેટલા પડ્યા છે; એ સારા કરતાંય જૈનો ઘણે દરજ્જે ઊંચા છે. નિંદા તો કોઈનીય ન કરાય તો આવા ઊંચા સાધર્મીની તો કેમ જ કરાય ? પાછું પોતાનામાં તો ગુણોનું ઠેકાણું હોય નહિ, છતાં સાધર્મીની નિંદા કરવા જોઈએ, તે રસપૂર્વક ! વાહ ! કેવું જૈનપણું !

નિંદા કરવા માટે સાંજ પડે ડાયરો જામે ! પછી પોતે શેઠ હોય તો હજુરીયા ભેગા થાય, જાણે એ ગામ-ગેઝેટ ! અને નિંદા પુરજોશમાં ચાલે. પોતે સામાન્ય માણસ હોય તો મિત્રો કે પાડોશીઓ વગેરે ભેગા થાય. પછી કેમ ? તો કે જેમ મદિરા હોય તો દોસ્તદારો એના પર મસ્તાન બને છે; તેમ અહીં જૈનોના અવગુણ ભેગા મળી ગાવા ઉપર ફૂલ લાઈટમાં હોય છે. એટલે પછી ત્યાં ગામના સાધર્મિકનું વેતરણ કરવાનું ચાલે ! પછી એમાં સારા સારા ધર્મગુણો ધરનારાનીય નિંદા ચાલે ! અક્કલહીનને ખબર નથી કે કદાચ સાધર્મીમાં કોઈ દોષ કે કોઈ ન્યૂનતા પણ હોય. પરંતુ જગતમાં બીજાઓમાં ક્યાં એ ઓછું છે ? છતાં આખા જગતને છોડીને તને આ તારા જૈન બંધુ મળ્યા ? એનામાં તો જૈનપણું છે, અરિહંતનું ભક્તિપણું છે. અવસરે પરલોક સાધનામાં એ સહાયક થશે; એવા એની નિંદા ? શું દુનિયામાં ખરાબમાં ખરાબ હોય તો એક માત્ર સાધર્મી ?

**નિંદાના કટુ પુરિણામો :-** એક બાજુ જેની ભક્તિ કરવી છે, સત્કાર-



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

સન્માન કરવા છે, એની નિંદા કરી કે સાંભળી હશે અને એનામાં દોષો અને ખામીઓના દર્શન કર્યા હશે, તો સાચા સન્માનનો કે ભક્તિનો ભાવ શી રીતે જાગવાનો હતો ? નિંદાથી તો ઊલટું એના પ્રત્યે અરુચિ વધે છે, પછી એની અવગણના-તિરસ્કાર કરવાનું બની આવે છે. આમેય જગતમાં કોઈનીય નિંદા કરવા જેવી નથી, **નિંદા ત્યાગ અને નિંદ્ય પ્રવૃત્તિનો ત્યાગ એ બે માર્ગાનુસારી જીવનના અલંકારભૂત મહાન ગુણો છે; એમાંય નિંદા તો (૧) મૈત્રી-કરુણા વગેરે ધર્મની મૌલિક ભાવનાઓ પર કુઠારાઘાત કરે છે, તેમજ (૨) નિંદાના બીજા પાન ગોઠીયાઓને ઊંધે રસ્તે દોરે છે, અને (૩) વાતાવરણ કલુષિત કરી સામાનેય હતોત્સાહ કરે છે,** માટે નિંદાનો ત્યાગ તો બહુ આવશ્યક બની જાય છે.

**(૧) નિંદક એ ચેપી રોગનો જંતુ :-** ખ્યાલમાં આવ્યું ? **નિંદ્ય પ્રવૃત્તિ** તો પ્રાયઃ પોતાને અધમ બનાવનારી બને છે; પણ **નિંદા** તો પોતાને અને સાંભળવાના રસિયા બીજા અનેકને અધમ બનાવે છે ! આવા મહા ભયંકર ચેપી રોગને આપણાથી કેમ ફેલાવી શકાય ? આપણે શું એવા ચેપી રોગના જતું છીએ ? ત્યારે અનેકને અધમ બનાવવાનું, એ પાછા બીજા અનેકને અધમ બનાવે. અને એમ જગતમાં પ્રચાર ચાલી અનેક જનો દુર્ગતિના ભાતાં બાંધે, એવી નિંદાનું પાપ કેટલું ભયંકર ? એથી જ **નિંદા કરવા જતાં પહેલાં જગતના બાળ જીવોની દયા વિચારી લેવી ઘટે છે કે આ જીવો આ નિંદા સાંભળી ગુણોમાં આગળ વધશે કે દ્વેષ વગેરે દોષોમાં ? ધર્મ પોષશે કે પાપ ?** જો નિંદા સાંભળીને દોષો અને પાપના પોષણમાં પડે એમ છે, તો એવી નિંદા મારે શા માટે ઉચ્ચારવી ? બીજાને ગુણો અને ધર્મ પમાડવા-વધારવાનું તો મારાથી બનતું નથી, તો કમમાં કમ દોષો અને અધર્મ તો ન પમાડું.

**(૨) નિંદાથી ધર્મના પાયાનો નાશ :-** ત્યારે એ જે કહ્યું કે નિંદાથી મૈત્રી આદિ મૌલિક ભાવનાઓનો નાશ થાય છે, તે ન ભૂલજો. શાસ્ત્રકાર મહર્ષિ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ધર્મની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે **જિનવચનથી અવિરુદ્ધ હોય અને મૈત્રી આદિ ભાવનાઓથી સંયુક્ત હોય તે ધર્મ છે.** હવે નિંદા કરે તેને મૈત્રી આદિ ભાવનાઓ ક્યાંથી ટકે ? નિંદામાં વ્યક્તિ પ્રત્યે દ્વેષ હોય છે, તેથી મિત્રભાવ, દયા અને પ્રમોદ એટલે કે ગુણાનુરાગ નથી ટકી શકતા; જે ધર્મવૃક્ષના મૂળભૂત ગુણ છે; પછી ભલે ધર્મક્રિયા થશે, પણ આત્મામાં ધર્મનું પોષણ નહિ થાય. નિંદા આવી ભયંકર છે, એ બીજાનીય ન કરાય તો સાધર્મિકની તો કેમ જ કરાય ?

**(૩) નિંદા એ વાતાવરણ કલુષિત કરી સામાનેય હતોત્સાહ કરે છે.** નિંદા



કરવાથી આપણી આજુબાજુ વાતાવરણ એવું ખરાબ થાય છે કે જેની માઠી અસર આપણા ઉપર પણ પડે છે. તેમ જેની નિંદા કરી, એના જાણવામાં એ આવતાં એનો ધર્મ ઉત્સાહ ભાંગી પડે છે, આદરનો ઉત્સાહ ભાંગી પડે છે; દ્વેષી બને છે. ત્યારે આગળ જોઈશું કે નિંદાને બદલે ગુણગાનથી વાતાવરણ કેવું મઘમઘાયમાન બને છે, ધર્મપ્રેરક બને છે. નિંદામાં એ નથી. ઉપરાંત,

**(૪) નિંદાથી કર્મબંધ ભવ પરંપરા-કીર્તિ-નાશ વગેરે ઘણું નુકશાન થાય છે,** નિંદા કરવા જતાં અનાદિના કુસંસ્કારો પોષાય છે, દારુણ દુઃખ લાવે એવા પાપના થોક ઉપાર્જાય છે, દુર્ગતિઓમાં ભટકવું પડે છે, અને આ ભવમાંય નિંદાની કુટેવથી લોકમાં અપ્રીતિ-અપકીર્તિ થાય છે.

**(૫) વ્યક્તિ નિંદામાં ધર્મ નિંદા :-** સાધર્મીની નિંદા કરવા જતાં તો એ પણ મોટો ભય છે કે એના ભેગી એની કોઈ ધર્મક્રિયા કે ધર્મગુણનીય નિંદા આવી જાય, કેટલાક કહે છે ને કે 'જુઓ આ પોસા-પડિકમણાં ! બસ, ધર્મક્રિયાઓ ઢોંગથી ભરેલી છે !' ક્યાં ઉતર્યો એ ? ધર્મ ઉપર !

**(૬) નિંદામાં બીજાના દોષે આપણા પર આપણે જ વેર વાળીએ છીએ :-** ત્યારે કહો, માણસ જો જીવનમાંથી એક નિંદાનું પાપ કાઢી નાખે તો કેટકેટલા નુકસાનમાંથી બચી જાય ? કેટલો બધો ઉમદા દિલવાળો બની જાય ? તમને ઉમદા હૃદયવાળા બનવું નથી ગમતું ? એટલું તો સમજો કે બીજા કદાચ ગમે તેવા હલકા હશે, પણ આપણે નિંદા કરી હલકા શા માટે થવું ? આ તો બીજાના ગુનાની સજા આપણી જાત પર લઈએ છીએ. એ એના જેવું થયું કે 'Anger is to take revenge upon our selves of other's faults.' ગુસ્સો કરવો એટલે બીજાના ગુના બદલ વેર આપણી જાત પર વાળવા બરાબર છે ! સાધર્મી આપણો જૈનભાઈ છે; ભાઈના પર પ્રેમ હોય તો એને એકાંતમાં પ્રેમભરી શિખામણ અપાય પણ બહાર એની નિંદા ન થાય. એથી તો એની આશાતના થાય છે.

**(૭) સાધર્મીની નિંદા એ સંઘની નિંદા છે :-** કેમકે સંઘ સાધર્મીનો બનેલો છે. આ નિંદાથી અવશ્ય દૂર રહેવું; તો એ મહાપાપ અને મહાવ્યસનથી બચાશે.

**(૮) નિંદાનું વ્યસન એક એવું ભયંકર વ્યસન છે**, કે સાંજ પડે એટલે એના વિના ચેન પડતું નથી. પછી નિંદા કરતા કરતાં રોજ રાતનાં અગીયાર વાગ્યા સુધી જાગરણ થાય છે.

**(૯) એમાં સામાયિક ડૂલ** ! પ્રતિક્રમણ ડૂલ ! ધાર્મિક વાંચન કે નવકારવાળી જેવું પણ ડૂલ ! પાછું મોડું સુવાના હિસાબે સવારમાં ઉઠવાનું મોડું, તેથી સવારેય સામાયિક વગેરે ડૂલ !

(૧૦) **પાછો એનો શોક તો નહિ, પણ નિંદાથી માને છે કે 'હાશ !** બે ઘડી આ બેઠા, તો જીવ આખા દિવસનો થાકેલો હલકો થયો.' શું આ ? ભૂંડ ખીરના કુંડા મૂકી ગટરના મેલામાં નિરાંતે ખુશીથી રાચવાના વ્યસનવાળું હોય છે, નિંદાની કેવી ભયંકરતા !

**વાચિક આશાતના ત્યાગમાં, બીજો છે તિરસ્કાર અવજ્ઞાનો ત્યાગ.**

જેમ સાધર્મી પ્રત્યે હૃદયમાં અનાદરનો ભાવ ન રખાય, તેમ મોઢેથી પણ અવગણનાના શબ્દો ન કહેવાય. કેટલાક એમ બચાવ કરે છે કે 'અમારા દિલમાં તો સારો સદ્ભાવ છે, પણ મોંઢે અમે જરા સાચું કહેનારા છીએ.' ખરી રીતે પ્રાયઃ અંતરમાં તિરસ્કારનો ભાવ જાગ્યા પછી એવા શબ્દો બહાર નીકળે છે. અને, જેને અંતરમાં એ ન હોય એવા વીતરાગ બનેલાને તિરસ્કારના શબ્દો બોલવાના હોતા નથી. તો પૂછો કે શું તમે વીતરાગ સર્વજ્ઞ બની ગયા છો ? ત્યારે એ પણ વાત છે કે એકલું બહારથી પણ **તિરસ્કારી શબ્દો બોલવાનો લાભ શો ? સાધર્મી એથી હતાશ થઈ જાય છે, અને અવસર આવ્યે ધર્મથી ખસવા માંડે છે અથવા એથી જ ધર્મસ્થાનમાં આવવા ઉત્સાહિત થતો નથી. માનવ હૃદય ટોણાં સહન કરવા ખુશી નથી એ ખાસ યાદ રાખો.** આ નહિ સમજનારા કેટલાક પોતાને તો કોઈ જરાક અવજ્ઞાનો શબ્દ કહે તોય ભડકી ઉઠે છે, ગુસ્સે થાય છે, પરંતુ પોતે શું કરે છે ? પોતે તો જાણે પૈસાના જોર પર અનેક મધ્યમ માણસોનો તિરસ્કારભર્યા શબ્દ કહેવાનો હક ધરાવે છે ! "અલ્યા ! આ હક ક્યાંથી લાવ્યો ? સાધમી ધર્મપ્રેમથી તારો સંપર્ક રાખે છે, અને તારા ધર્મના કાર્યની અનુમોદના કરતાં તારું બહુમાન કરે છે, માટે શું એના પર તેં અવજ્ઞાના શબ્દોનો અધિકાર મેળવ્યો છે ? નાદાન ! ભૂલી ન જા **કે સાધર્મી તો ચક્રવર્તી જેવાને પૂજ્ય છે, અને પુણ્યથી પૂજિત છે, એને રોફના અને અવગણનના હલકા શબ્દો કહેવામાં કહેનારની પોતાની જ ભયંકર હલકાઈ છે. પોતાના જ હૃદયની તુચ્છતા છે !** એવું તુ કરશે તો પુણ્યકાર્ય તારો પક્ષ છોડી દેશે, પાપકર્મ તારી ખબર લઈ નાખશે ! સાધર્મીને તું શું સમજે છે ? એ ગરીબડા નથી, નિરાધાર નથી; એ તો જગદ્ગુરુ શ્રી જિનેશ્વર દેવોએ સ્થાપેલા છે એની પૂજા કરનારની પુણ્ય પૂજા કરે છે ? એની અવગણના કરનારની પાપ વિટંબણા કરે છે." આવું આજના તિરસ્કાર કરનારને કોણ સમજાવે ?

કેટલેક સ્થાને મંદિર-ઉપાશ્રયના કારભારીઓ તરફથી આવું વર્તન જોવામાં આવે છે. સાધર્મી કોઈ દેવની આશાતના વગેરે તરફ કારભારીનું ધ્યાન ખેંચે, ત્યારે માત્ર એ કારભારી જ નહિ પણ પૂજારી વગેરે નોકર પણ એ સાધર્મીનું સાંભળવું તો દૂર રહ્યું, કિંતુ ઉપરથી તિરસ્કાર કરે છે ! એનું ફળ શું ? એ ધર્મસ્થાનમાંનું



પાપ છે, અને **धर्मस्थाने कृतं पापं वज्रलेपो भविष्यति** બીજાનો કરેલો તિરસ્કાર એ નાનું અને છૂટે એવું પાપ છે, ત્યારે સાધર્મિકનો કરેલો તિરસ્કાર એ મોટું અને વજ્રલેપ બને એવું પાપ છે.

ભૂલેચૂક સાધર્મીને હલકા શબ્દો, રોફના શબ્દો, ઉતારી પાડનારા શબ્દો કહો નહિ. તોજ તમે એમની ભક્તિ કરવા અધિકારી બની શકશો. નહિતર સોનાનો કોળીઓ જમાડ્યા પછી એની તીખાં ઉતારી પાડનારા શબ્દો સંભળાવો તો એ સોનાનો કોળીયો પણ એને રૂચતો નથી. ઊલટું એનું હૃદય ભાંગી જાય છે. તેમ તિરસ્કાર કરનારને મદ-અભિમાન ચઢે છે; એની કુટેવ વધે છે. પોતાની પીઠ પાછળ લોકની નિંદા પામે છે. 'ભાઈ ! જોયા દાનેશ્વરી, ગર્વેશ્વરી છે.' કેમ જાણે પોતે માણસ ! અને એમની આગળ બીજાઓ તો હડધૂત કરવા યોગ્ય કૂતરા ! કેટલીક વાર પોતાની પાસે એવી શ્રીમંતાઈ, સત્તા કે વિદ્યા નથી હોતી છતાંય ક્રોધવશ, આવેશવશ, કે ખોટા અભ્યાસવશ સાધર્મીને ટોણાં સંભળાવવાનું કે રોફથી કહેવાનું પાપ થઈ જાય છે. ગમે તેમ, પણ આ આશાતના છે. અને સાધર્મી તરફ ખાસ મૃદુહૃદય, પ્રેમાળ હૃદય અને પૂજક હૃદય રાખીને તે ટાળવીજ જોઈએ. બોલવામાં જરાય ઉતાવળા નહિ થવાનું, શબ્દ બોલતાં પહેલાં જોખવાનો. 'આ શબ્દ અવગણના કારક નથીને ?'

નિંદા-તિરસ્કાર જેવી આશાતનાઓ ત્યજવામાં આવશે ત્યારે સાધર્મી પ્રત્યે સાચી ભક્તિના પૂર વહેશે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૧૦,તા. ૨૧-૧૧-૧૯૫૩

## ⑦ સાધર્મીની આશાતનાનો ત્યાગ : (આળ-આક્ષેપ)

**ત્રીજી મોટી વાચિક આશાતના છે, સાધર્મીના ઉપર આળ-આક્ષેપ ચઢાવવાની.**

એનો પણ અવશ્ય ત્યાગ થવો જોઈએ. બીજા પર ચઢાવેલ આળ પણ જો ભયંકર નીવડે છે, તો સાધર્મી ઉપર ચઢાવેલ આળ તો મહાભયંકર નીવડે એમાં શી નવાઈ ? જીવ સ્વાર્થને વશ પડી, કે સામાને હલકો પાડવાની દૃષ્ટિએ ગમે તેવું આળ ચઢાવતાં અચકાતો નથી; પણ અવસરે એના દારૂણ અંજામ ભોગવવાં અકલ્પ્ય વેદના ભોગવે છે.

આક્ષેપ એટલો મોટો દોષ નથી, છતાં સામાન્ય દોષ પણ નથી, કેટલાક માણસોને પોતાનું હુંપદ-માન ટકાવવા માટે કે બીજાનું સારું ન ખમી શકાવાથી



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

સામાના ઉપર વાતેવાતે આક્ષેપ કરવાની કુટેવ હોય છે. વાત વાતમાં એ કહેશે 'તમે જુઠુ' બોલો છો; તમે અનીતિ કરો છો; તમે ગુસ્સાખોર છો; પોલીસીબાજ છો; કંજુસ છો...' વગેરે વગેરે. એ આક્ષેપ છે. **આક્ષેપ એટલે** જે દોષ સામામાં ન હોય, તેનું આરોપણ કરવું તે. **આળમાં** પણ તેવું છે; પરંતુ આળ મોટા દોષને લગતું થાય છે, આક્ષેપ જરા ઓછા દોષને લઈને. આળ મોટેભાગે પરોક્ષમાં મૂકાય છે, આક્ષેપ સમક્ષમાં કરાય છે. ગમે તેમ પણ બંનેય ખરાબ છે. નિન્દા કરતાં એક પાન ચઢે એવા. નિન્દામાં છતાં દોષને ગાવાનું હોય છે. આળ આક્ષેપમાં અછતા દોષને કહે છે. પણ નિન્દાય કાંઈ પરભવ બગાડવામાં ઉતરે એવી નથી.

માણસ વિહ્વલ થઈ જાય છે, પરિણામ ભૂલે છે, અને જાતને ડાહી સમજે છે, ત્યારે આક્ષેપ કરતાં અચકાતો નથી; એમાંય ક્રોધાન્ધ કે લોભાન્ધ બને છે ત્યારે આળ પણ ચઢાવી દે છે. પોતાની માન-આબરૂ વધારવા માટે સામા પર ખોટા આરોપ ચઢાવવાની હલકી મનોદશા આવી જતા વાર નથી લાગતી, ઈર્ષ્યાથી પણ એવું બને છે. ગમે તે હો, પણ આળ-આક્ષેપ ચઢાવતાં હૈયું કાળું કરવું પડે છે, અને અજ્ઞાન કરવું પડે છે ! શું સમજ્યા ? કાળું એટલે, મલિન વાસનાઓથી કલુષિત. અજ્ઞાન એટલે, જે આવા દોષ મહાભયંકર હોઈ શાસ્ત્ર એનાથી દૂર રહેવાનું જ્ઞાન કરાવતું હોય, તે જ્ઞાનને જાણે કાઢી મૂકવું પડતું હોય એવું કરાવે છે. એ સાધર્મી પર આળ-આક્ષેપ ન ચઢાવાય; આડકતરી રીતે પણ નહિ એટલે કે એવાં વચન પણ ન બોલાય કે જેથી સાંભળનારા ત્રીજા ધણી પણ આળ ચઢાવે, આક્ષેપ કરે.

**ચોથી આશાતના છે ખોટી સલાહ આપવાની.** કહો આમાં આશાતના જેવું શું ? એજ કે એ આપણા વિશ્વાસમાં છે, તો આપણે એને ઊંધી સલાહ આપી અંતે રખડતો કરી આપનારા છીએ. એ ઊંધી શિખામણથી એનું બગડે છે, એ આશાતના છે. આ એક મોટું પ્રકરણ છે, અહીં એ ચર્ચવાનો અવકાશ નથી. સંક્ષેપમાં શું સાંસારિક કે શું ધાર્મિક, કોઈ પણ બાબતમાં આપણે એને આપવા સ્વાર્થ ખાતર, કે એના પરના રાગ કે દ્વેષને કારણે ઊંધુ શિખવાડીએ છીએ. આપણને પોતાને જાણે કોઈ નિસ્બત નથી એવો દેખાવ રાખીએ છીએ. આ બહુ ભયંકર છે. ખોટી સલાહમાં તો સામાનું બહુ બગડે છે, સાધર્મીની સામે આપણો સ્વાર્થ લડાવી વિશ્વાસમાં રહેલા એને ઊંધુ શિખવવું એ શું મહાભયંકર નથી ? ધ્યાન રાખજો તમારા દીકરા દિકરીઓ પણ સાધર્મી છે. એને શું શીખવશો, માનવભવ સુધારવાનું કે માનભવ બગાડવાનું ? ગુણો કેળવવાનું કે દોષોમાં પાવરધા થવાનુ ? કહો છો ને કેટલીક વાર કે 'ભાઈ ! થાય તેવા થઈએ, **શઠં પ્રતિ શાઠ્યમ્'** આ બધી



કેવી સલાહ ? કષાય વધારવાની જ ને ? નિરાધારપણે નિસ્સીમ દુઃખમાં રખડી રખડી આટલે ઊંચે આવેલા સાધર્મીને પાછું એ સ્થિતિમાં જવું પડે એવું આપણે શીખવીએ ? એમાં ભક્તિ તો દૂર રહી, સાધર્મીની વિટંબણા છે.

આળ-આક્ષેપ અને ઊંધી સલાહથી માનવજીવનની ઊંચી જીભનો નીચામાં નીચો દુરુપયોગ છે, હૃદયની કાળી મેશ જેવી અવસ્થા થાય છે; સ્વ-પરના મહાન નિકંદન નીકળે છે.

## • આળ-આક્ષેપ પર બહેનનું દૃષ્ટાન્ત •

સ્વાર્થાંધતા કે મનોકાંક્ષાને વશ બની. માનવી સીફતથી આળ મૂકવાના ભયંકર પાપ સુધી ચઢે છે પણ એનું ફળ આહાહાહા ! અતિ દારૂણ આવે છે. જ્ઞાની મહાત્માઓ માનઆબરૂ વગેરેની તૃષ્ણાનેય તજવા જેવી કહે છે. આના પર એક દૃષ્ટાન્ત છે. એક નગરમાં એક કુટુંબમાં બે ભાઈ, એક બેન અને બે ભાઈની પત્નીઓ છે. બેન વિધવા છે. પિયરમાં એને ભાઈઓ સારી રીતે સાચવે છે.

**ટૂંકી દૃષ્ટિમાં ભયંકર પાપ વિચાર**-પરંતુ જાણો છોને માણસની અશ્રદ્ધા અને અધીરાઈ ? બેનને મનમાં એમ થયું કે 'આ ભાઈઓ મને બહારથી તો બરાબર સાચવે છે. મારા પર સારો વિશ્વાસ કરે છે. પોતાની સ્ત્રીઓ કરતાં પણ મારા પર વધુ પ્રેમન્સન્માન દેખાડે છે. અને ભોજાઈઓ પણ મારી આમન્યા રાખે છે. મને વડિલ તરીકે ગણી વર્તે છે. આ બધું બહારથી તો બરાબર છે, પરંતુ અંદરખાને કોને ખબર કે આ બરાબર હશે કે કેમ ? અને જો અંદરખાને ભાઈઓ પત્નીના વધુ રાગી અને પક્ષપાતી હોય, તો આપણે તો વાતે વાતે હલકા પડવું પડે, ગુલામ થઈને રહેવું પડે. ભોજાઈઓ હજી આ ઘરમાં નવી નવી છે એટલે ઠીક છે; પણ સમય જતાં ભાઈઓની છૂટથી એનું સામ્રાજ્ય થાય, પછી એ આપણને ન ગણે, તેમ એના વલણવાળા ભાઈઓય મને ન ગણે તો ? માટે એકવાર પારખું કરવું જોઈએ કે ભાઈ-ભોજાઈ કેટલામાં છે ?' આમ વિચારી પરીક્ષા માટે ભોજાઈ પર એકેક આળ ચઢાવવાનો દુષ્ટ ઉપાય ઘડી રાખ્યો અધિરાઈનો દોષ ખતરનાક છે. મોટા મોટા નુકસાન એમાંથી નીપજે છે. માટે ધીર બનો. કશું બગડી નહીં જાય, જો આપણુ પુણ્ય તપે છે તો.

અહીં ખૂબી તો એ છે કે માનો કે કદાચ ભાઈઓ એ પરીક્ષામાં પસાર ન થાય. અર્થાત્ પોતાની પત્નીઓ પર પક્ષપાત દેખાડ્યો, તો પછી બેનને કરવાનું શું રહ્યું ? શું બેન ભાઈઓને સુધારી શકશે ? **કામવાસનાના સંબંધમાં જે તણાઈ ગયેલા છે, તેને સુધારવા મુશ્કેલ છે. એને તો પછી માતા-પિતા, દેવ-ગુરુ, વગેરે**



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

**નીચે દરજ્જે.**

ત્યારે એમ દલીલ કરવામાં આવે છે કે બેનને માણસની ઓળખ થઈ જાય તો પછી સાવધાનીથી રહેને ? પછી સમજીને જ વર્તેને ?

આનો ઉત્તર એ છે કે નહીંતર શું સમજીને અર્થાત્ ઉદાર દિલથી ન વર્તવું ? વળી પારખું કરવા જતાં જ સંબંધ બગડ્યો તો ? તે ન કર્યું હોત તો કદાચ સીધેસીધું ચાલત, અને કદાચ પાછળથી પણ ભાઈઓ ફરી બેસે, તોય બેન શું કરી શકે ? કાંઈ નહિ, અને આ પાપ તો અચૂક માથે પડી જાય ! **ખરી રીતે પોતાના પુણ્ય પર શ્રદ્ધા રાખી ભલા થઈને રહેવામાં મઝા છે. સારું સારું માન સચવવાનો અભખરો થાય તોય એ માટે આવા ઝેરી અખતરા નહિ, પણ સેવાભાવ, ઉદાર, મન, મર્યાદા પાલન, સાચી પ્રશંસા-ઈત્યાદિ ઉપાય છે.**

**સાધર્મી છતાં સ્વાર્થવશ :-** કહો બેનનો અહીં કેટલો ભયંકર ઉપાય ? અત્યારે નજરે તો દેખે છે કે ભાઈઓ અને ભોજાઈઓ સારી રીતે એને પૂજે છે, છતાં ભાવીની અઘટિત કલ્પનામાં એવા ગુણીયલ આત્માને ઠગવાનું મન કરે છે !! અને તે પણ આળ ચઢાવીને ! અહીં, જો જો કે માત્ર દુન્યવી સંબંધ નથી પરંતુ બહેન ધર્મની આરાધના કરનારી છે, અવસરે અવસરે ધર્મની સલાહ આપનારી છે, તેથી એને ભાઈ-ભોજાઈની સાથે ધર્મનો સબંધ પણ છે; અર્થાત્ પરસ્પર તેઓ સાધર્મી છે. **ધર્મી છતાં અફસોસ કે પોતાના સ્વાર્થવશ, અને પોતાની માન-સત્તા માટે હૈયું કલુષિત કરે છે,** કાળું પાપ કરવાના ચીકણા ક્રૂર વિચારો કરે છે. તો એનો નતીજો પણ ઓછો ભયંકર નથી !

**એક આળ, 'સાડો સાચવવી'-ભાઈની બહેન પર શ્રદ્ધા :-** અવસર સાધીને બહેને શું કર્યું ? એક વાર એક ભાઈ બહારથી ઘરમાં આવતાં દૂર રહ્યો સાંભળે એ રીતે, પણ જાણે એનાથી બેન અજાણ છે એ રીતે બહેન એવી પત્નીને કહે છે, "જો બેન, સાડી સાચવવી" ભાઈ આ સાંભળી મનમાં કલ્પના કરે છે કે, 'ખરેખર ! આ મારી પત્નીનું ચારિત્ર્ય બરાબર નહિ હોય, નહિતર એને બહેનને આવી શિખામણ કેમ દેવી પડે ? અહો, બહેન કેવી ધર્મ રંગવાળી અને પવિત્ર ? ત્યારે પત્ની ? કુશીલ ! તો મારે એનો ખપ નથી. એને હું ઘરમાં ન રાખું.' ભાઈને ચારિત્ર્યનો કેટલો ખપ ? અલબત જરાક તપાસ કરવાનું કે બહેનનેય ખુલાસો પૂછવાનું એ નથી કરતો, એ ભૂલ છે; પરંતુ બીજી બાજુ એના હૈયામાં **સાધર્મી બહેન પર વિશ્વાસ, અને ગમે તેવી રૂપવતી અને સેવાકારીય પત્ની પર મોહાંધતા નહિ એ એની વિશેષતા સૂચવે છે.**

**પત્નીને ચાલ્યા જવાની આજ્ઞા :-** ભાઈઓ પત્ની સાથે વાતચીત કાંઈ જ



ન કરી, રાતના ઘરકામથી પરવારી એ જ્યાં સુવા માટે આવે છે, ત્યાં એને ધુતકારી કહે છે !

'ખબરદાર ! અંદર જો આવ્યા તો, જાઓ, ચાલ્યા જાઓ આ ઘરમાંથી.'

બાઈ તો બિચારી આ સાંભળી સજડ થઈ જાય છે, પૂછે છે. 'પણ કાંઈ વાંક મારો ?'

'શાણા થાઓ છો ? પૂછવું રહેવા દો. હવે આ ઘરમાં તમારા જેવા માટે સ્થાન નથી.'

**સુશીલ પત્નીનો કલ્પાંત :-** આ સાંભળતાં જ બાઈ ડઘાઈ ગઈ ! હૃદયમાં ભારે આઘાત થાય છે, શરીર કંપે છે, આંખે આંસુ ઊભરાય છે, ગદ્ગદ સ્વરે રોતાં કહે છે, 'પણ મને કશી ખબર નથી, પગે પડું છું તમારા, કહો શું દોષ છે મારો ?'

ભાઈ એટલા ગુસ્સામાં છે કે કાંઈનું કાંઈ બોલી નાખત; પણ મોટો કોલાહલ ન થાય એ હિસાબે મૌન રહે છે. પરંતુ એ મૌન તો પેલી સુશીલ અને ગુણીયલ બાઈને બહુજ ભારે પડી ગયું. બારણા આગળ એ ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી છે. એને મનમાં બહુજ લાગી આવે છે. પતિનો નિર્ધાર જોતાં જિંદગી ભર બાપને ઘેર રહી સડવું પડશે એવી મનમાં કલ્પના બેસી જાય છે. હજી પણ એ પતિને કરગરે છે, પણ કુળને કલંક લાગી જવાની દહેશતથી ભયભીત થયેલ પતિ કશું ધ્યાનમાં લેવા તૈયાર નથી. **આના પિયેર ગયા પછી બીજીય પત્ની ન મળે તો પરવા નથી, પણ દુઃશીલનો સંગ એને નથી ખપતો. ત્યારે ક્યાં ગઈ સંસાર સુખની લાલસા ? કહો, લાલસાની ઉપરવટ થનારી કુળાચારરક્ષાની તમન્નાએ એને દબાવી દીધી.**

બાઈએ રાત્રી રોઈ રોઈને કાઢી, સવારે નણંદ પાસે આવે છે. કેમ કે વિશ્વાસ છે કે "નણંદ તો જાણે ઘરમાં એક દેવી છે, બહુ ધર્મિષ્ઠ છે, અને અમારા ઉપર માતા જેવું વાત્સલ્ય ધરનારા. માટે એમનું શરણ લેવા દે," નણંદ જુએ છે કે ભોજાઈની આંખો સુજી ગઈ છે, આંસુ વહી રહ્યાં છે, એટલે કલ્પી લીધું કે **'પાસો પોબાર !'** શાનો ? કાળાં પાપથી જાતે લેપાવાનો ! જુઓ કે આમાં પાપ કરતાં તો કર્યું, પણ હવેય એના પર પશ્ચાત્તાપનીય વાત નથી ! ઊલટું અનુમોદન કરે છે ! ત્યારે **આત્મજાગૃતિ કેટલી બધી પળે પળે જરૂરી છે એ સમજાશે ને ? જગતમાં ગમે તે થાઓ અર્થાત્ માનમર્તબા મળો કે જાઓ પણ મારા આત્માનું ન બગડવું જોઈએ.** બેન વિચારે છે કે 'ભાઈ મારા વચન પર વિશ્વાસ કરનારો છે, પણ હવે આનેય હાથમાં લેવા દે.

**ભોજાઈ સાથે રમત :-** એ વિચારથી એ પૂછે છે.



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

'આ શું ? આપણા ઘરમાં કલ્પાંત ?'

ભોજાઈ કહે છે "આ કોણ જાણે, જુઓને તમારા ભાઈના મનમાં કાલ રાતથી શું આવી ગયું છે તે મને ઘરમાંથી ચાલી જવાનું કહે છે, મેં ઘણીય વિનતિ કરી, પણ સાંભળતા જ નથી, કારણ કહેતા નથી. તમે ન સમજાવો ?"

આટલું બોલતાં તો બાઈ બિચારી બહુ દીન બની જાય ત્યારે એનો રાત્રિભરનો કલ્પાંત અને આ દીનના વગેરેનો બેનને કાંઈ પશ્ચાત્તાપ નથી !

નણંદ ઉત્તર કરે છે, 'ઓહો ? તેં મને તે રાતના જ કેમ ન કહ્યું ? ત્યારે જ હું એને પૂછી લેત ને ?'

પણ રાતના તમને ક્યાં હેરાન કરવા ? અને મારા મનને કે હમણાં ખુલાસો કરશે, હમણાં ખુલાસો કરશે'

'અરે ભલી ? એમ આશામાં રહેતા હોઈશું ? અને તમારા આનંદ કલ્લોલથી મને હેરાનગતિ ? ખેર, એને હું હમણાં જ પૂછું છું.

**બંનેય આત્મા છતાં મોટો ફરક :-** અહીં જોવાનું એ છે કે સાધર્મી-ધર્મ ભોજાઈ કેવો બજાવે છે, અને નણંદ કેવો બજાવે છે ? પેલી વિશ્વાસ, પ્રેમ, બહુમાન કરે છે, ત્યારે આ વિશ્વાસઘાત, કલંક અને કપટ રચી એવું કરે છે કે જેથી પેલી આખી રાતના દુઃખના દરિયામાં ડૂબી જાય છે. **ક્યાં ભોજાઈનું પવિત્ર, સરળ, અને ફૂલ જેવું ફોરું હૈયું ! અને ક્યાં નણંદનું મલિન, કપટી અને ભારે ખમ હૈયું !** પરલોકના પરિણામમાં કેટલું બધું અંતર પાડે એ ? પોતાને માટે કેવું હૃદય પસંદ કરો ? સાધર્મીની ભક્તિ અને ઉદ્ધારના ઉપાય સાંભળવા આવ્યા છો ને ? તો એ માટે પવિત્ર, સરળ, અને ફોરું હૃદય પહેલું જોઈશે'- એ લખી રાખો. પાછા એના લાભ અહીં જ પ્રત્યક્ષ છે.

**પવિત્ર હૃદયના શા લાભ** ? લક્ષ્મી મળે એ ? ના, **લક્ષ્મીના લાભને લાભ ગણતા નહિ. એ લાભ તો લાત છે; ચમચમ કરાવી દુર્ગતિના ખાડામાં પટકે એવી,** સાચા લાભમાં (૧) ચિત્તની શાંતિ, (૨) નિર્ભય અને મહાન સંતુષ્ટ હૃદય, (૩) જગતના ચમરબંધીનીય પરવા નહિ, (૪) ધીરતા, (૫) સ્વાધીનતા, (૬) આત્મિક આનંદ એ બધું આવે !

**બેન બાજી સંકેલ છે** ! એમાંય સીફત :- બહેને ભાઈને બોલાવી પૂછ્યું. 'શું હતું ભાઈ ? કેમ એને આટલી બધી તડકાવી ?'

ભાઈ કહે છે, કેમ બેન ! તમે જાણો તો છો !'

'શું જાણું છું હું ?'

'એવું કેમ બોલો છો ?'



'પણ ચોક્ખું બોલને એટલે ખબર પડે.'

'ચોક્ખું તો તમે કાલે સાંજે જ એને નહોતું કહ્યું કે સાડી સાચવવી...'

'એટલે તેં એમ માની લીધું' કે આનો આચાર સારો નથી ? વાહ રે વાહ ! ડહાપણ તો સારું વાપર્યું ? આ તો યુવાન ઉંમર છે, અનુભવ ઓછો, દુનિયામાં હલકા માણસો પણ હોય છે. ક્યાંક ફસાઈ ન જવાય. એ માટે અગમચેતી આપી હતી, એમાં તેં આ અર્થ કરી કાગનો વાઘ કર્યો ? શી તારી અક્કલ !'

**ભાઈની સરળતા :-** ભાઈ શરમાઈ ગયો. પત્નીને દુઃખી કરવા બદલ ખિન્ન થયો, પત્નીની ક્ષમા આગળ માગવા જાય છે. પણ **આર્ય પત્ની પતિને પોતાના આગળ ક્ષમા શાની માગવા દે ?** પૂર્વવત્ બધું સારું થઈ ગયું. ભોજાઈને તો નણંદ પર અનહદ પ્રેમ અને સદ્ભાવ વધી ગયો. નણંદ ખુશી ખુશી થઈ ગઈ. શાના ઉપર ? વિશ્વાસમાં રહેલા સાધર્મી ઉપર કપટ રચી આળ ચઢાવ્યું. અને તે પસાર થયું એના ઉપર ! કહો જો **સ્વાર્થની અને માન મોભાની કારમી ભૂખ રૂપી આ સંસાર કેવા હલકા કામ કરાવે છે ?** એજ પાપે બાઈ ધર્મી છતાં કેવી અધમ મનોદશા અને અધમ આનંદમાં લીન છે ? પાછળથી ય શોક તો છેજ નહિ કે 'અરે ! આ મારો ભાઈ તો મારા પર સારો વિશ્વાસ કરનારો છે, પણ બાઈડી ઘેલો નથી; અને ભોજાઈ પણ મને પૂજ્ય ગણી આજ્ઞાંકિત રહે છે, ત્યારે મે પાપિણિએ ક્યાં આ આળ ચઢે એવા માયાવી શબ્દો ઉચ્ચાર્યા ? બિચારી ભોજાઈ રાત્રિભર કેવી દુઃખી થઈ ? ભાઈ પણ આખી રાત કેવો ગુસ્સામાં રહ્યો ? અને સવારે બિચારાને પાછો મેં ભોંઠો પાડ્યો ! ઓહો ! હું ધર્મ સમજનારી છતાં આ કેવું મેં કાળું કામ કર્યું ?' આવો કોઈ શોક પશ્ચાત્તાપ નહિ ! પછી એનાથી ચીકણા કર્મ બંધાઈ ભવાંતરે એના કારમા દુઃખ આવી પડે એમાં શી નવાઈ ? હવે એમ ન કહેતા કે નાના ગુનાની મોટી સજા ?

**બીજા ભાઈની પરીક્ષા : 'હાથ ચોક્ખા રાખવા' :-** બહેન એમાંથી અટકી નહિ. હજી તો એને બીજા ભાઈની પરીક્ષા કરવા એની પત્ની પર આળ ચઢાવવું છે, તે લાગ શોધે છે. 'ક્યારે અવસર આવે ને એવું કાંક બોલું કે ભાઈ પત્નીને દોષિત માને !' વિચારો, આ કઈ જાતની અધમાધમ અપેક્ષા છે ? જેમ, મદારી તલસે કે, ક્યારે મોકો આવે ને સાપને ઊંધો કરી લટકતો ફેરવીને, નોળીયાના મોંઢામાં જરાક છુંદાવું, અથવા જેમ ગીરોલી તલસે કે ક્યારે માખી બેસે, ને તલપ લગાઉં. પૂર્વેની જેમ આ વખતે પણ અવસર મળતાં ભોજાઈને કહે છે "જુઓ બહેન, **હાથ ચોક્ખા** રાખવા" ભાઈ સમજી લે છે કે 'પત્ની ચોર લાગે છે.' પછી બધું પૂર્વની જેમ બન્યું.

**માણસને જ્યારે પરલોકનો ભય ઊઠી જાય છે, અથવા પોતાના માનેલા કર્તવ્યમાં ભયંકર પાપરૂપતા હોવા છતાં દેખાતી નથી, ત્યારે આવા અધમ કાર્ય કરવા તૈયાર થાય છે.** ત્યારે એ પણ છે કે **જે પવિત્રતા અને સરળતા વર્તમાન જીવનમાં શણગાર રૂપ છે, ને માનવતાને સત્યાર્થ કરનાર છે, તેને રક્ષવાની પરવા ન રહેવાથી આવા ક્રૂર વલણના કામ કરાય છે.** જોવું તો એ જોઈએ કે જડ ગણાતું સોનું પણ અગ્નિ જેવી ભયંકર પરીક્ષાના આપત્તિકાળમાં વધુ નિર્મળ અને વધુ સ્વસ્વરૂપી બને છે, તો આવા સર્વશ્રેષ્ઠ માનવજીવનમાં મળેલી ઉત્તમ તક મુજબ આપણે આપણા આત્માને, કાં વધુ નિર્મળ બનાવી, સ્વસ્વરૂપી નિકટ ન પહોંચાડીએ ?

ત્યારે સાધર્મી પર ચઢાવેલ આળનું ભયાનક પરિણામ કેવું ? અને તે પણ કેટલાગણું થઈને, -તે જુઓ.

**બીજા ભવમાં સજા : પહેલા ગુનાનું દારુણ ફળ**-બહેન બીજા ભવમાં શ્રેષ્ઠિપુત્રી થઈ. લગ્નબાદ પતિ તેડવા આવ્યો, અને ઓરડામાં પેસે છે ત્યારે ઓરડામાંથી બારી દ્વારા બહાર કોઈ જતું હોય તેવો પડછાયો તેણે જોયો. પત્નીના ચારિત્ર વિષે તેને શંકા પડી ગઈ, અને આવી દુઃશીલાને ઘેર લઈ જઈ શું કરું ?' એમ વિચારી કોઈને કહ્યા વગર ત્યાંથી પોતાના ગામ ચાલ્યો ગયો. પૂર્વભવે સાડી સાચવવી કહીને પવિત્ર ભોજાઈ માટે એક રાતભર ભાઈને આમ મનાવવા ધારેલું કે, 'આ સ્ત્રીએ શીલભંગ કર્યો છે,' એનું આ પરિણામ આવ્યું કે પોતે પવિત્ર છતાં આખી જિંદગી માટે પતિએ દુઃશીલ માની ઘેર બોલાવી જ નહિ. કાંઈ મેળ મળે છે ?

(૧) **ત્યાં કલંક અને વિટંબણા એક રાતભર કરાવ્યું, અહીં વેઠવાનું આવ્યું આખું જીવન !**

(૨) **ત્યાં પત્ની માત્ર પતિ આગળ ફજેત; અહીં આખા કુટુંબ અને ગામમાં ચકચાર** 'કેમ પતિ મૂકીને ચાલ્યો ગયો !'

(૩) **ત્યાં પતિએ પાછી બોલાવી, અહીં પતિએ જીવનભર બોલાવી જ નહિ !**

**હીરાનો હાર ચોરવાનો આરોપ :- હવે બીજા ગુનાનું પરિણામ જુઓ.** પતિથી ત્યજાયા પછી બાઈ કાળે કરીને દીક્ષા લીધી. એક ગામમાં તે બે ભોજાઈઓ બીજો ભવ પામી ગૃહિણી થયેલી. એમાં એકવાર એવું બન્યું કે, આ બાઈ જે પૂર્વની ભોજાઈનો જીવ છે, તે બહાર ખીંટીએ હીરાનો હાર લટકાવી અંદર સ્નાન કરવા બેઠી છે, ત્યાં બહાર સાધ્વી આવીને કહે છે. અહીં પેલું કર્મ ઉદયમાં આવતાં



એક કુતૂહલી વ્યંતર ભીંત પરના મોરના ચિત્રમાં પ્રવેશ કરી ત્યાંથી ઊડી ટોલ્લા પરનો હાર ગળી જાય છે. સાધ્વી આ જોઈ આશ્ચર્ય પામવા સાથે ભયભીત બની ! કેમકે એ ઓરડામાં પોતાના સિવાય બીજું કોઈ છે નહિ, તેથી હાર ચોરવાનો આરોપ પોતાના ઉપર આવે, તો જવાબ શો દેવો ? તેથી ઊઠીને ઉપાશ્રયે ચાલી જાય છે. અહીં તો હાર ચોરાયાનો કોલાહલ મચે છે, નોકરો સાધ્વી પર આરોપ મૂકવા જાય છે, ત્યાં બાઈ એમને ધમકાવે છે. 'ખબરદાર ! પૂજ્ય પવિત્ર સાધ્વી માટે જો બોલ્યા તો' બાઈ તો સાધ્વીને પૂર્વ જન્મથી અંગત દિલની સ્નેહી ગણતી હોવાથી અહીં પણ નિર્દોષ જ માને છે. પણ બહાર તો ચકચાર ચાલી પડી. લોકને શું ? 'જોઈ આ સાધ્વીને ? ઠગવાના ધંધા ? આ લોકોનો ધર્મ આવો જ લાગે છે.' એ બધી ઘટના ઉપર સાધ્વી ઉપાશ્રયમાં કલ્પાંત કરે છે, 'અહો હું કેવી પાપિણી કેવાં ક્રૂર કર્મ પૂર્વ ભવે કરીને આવેલી, કે મારા નિમિતે જૈન શાસનની હીલન કરી રહ્યા છે, અહાહાહા ! પૂર્વ ભવે કેવાં ખોટાં આળ કોઈના પર ચઢાવ્યાં હશે કે આ ભવે આ કલંક ? હે ભગવાન ! હીનકર્મી એવી મારે તારું જ શરણ છે...' એમ દુષ્કૃતગર્હા અને અરિહંત-શરણ વગેરેની ઉચ્ચ ભાવનામાં ચઢી ક્ષપકશ્રેણિ માંડી ઘાતી કર્મો ખપાવીને કેવળજ્ઞાન લીધું !

**મર્યાદા-પાલન : પશ્ચાત્તાપ : સાધ્વીને કેળવજ્ઞાન :-** અહીં જુઓ કે સાધ્વી પોતાની મર્યાદા ચૂકી ગૃહસ્થના ઘરમાં એકલી ઊભી તો નિમિત્ત કલંકનું બની આવ્યું. માણસે **મર્યાદા-પાલન કડકપણે કરવું જોઈએ**. બીજું તો આ છે જ કે પૂર્વભવે 'હાથ ચોખ્ખા રાખવા' કહી પવિત્ર ભોજાઈ માટે ભાઈના મનમાં કલ્પના કરાવી કે 'આ સ્ત્રી ચોર છે.' એનું પરિણામ, અહીં પવિત્ર સાધ્વી જીવન છતાં, ચોરીનો આરોપ ! અને શાસનની હીલનામાં નિમિત્ત બનવાનું થયું ! આટલું મોટું કષ્ટ આવ્યું ! કહો, **આળ મૂકવાનો આનંદ કેટલો ? અને આ દુઃખની આંતરવેદના કેટલી બધી** ? કર્મ તો તૂર્ત ભોગવાઈ ગયું; અને મોરે પાછો હાર મૂકી દીધો ! તે જોઈ સૌ આશ્ચર્ય પામ્યા, અને ઘરધણી વિલખા પડી પશ્ચાત્તાપ કરવા માંડ્યા ! 'અરે ! અમે નિદોર્ષ સાધ્વીને હલકા પાડ્યા ! કેવા પાપી અમે !' ત્યાં તો સાધ્વીના કેવળજ્ઞાનની ઉજવણી અર્થે દેવો આવ્યા ! સૌ કૌતુકથી ભેગા થઈ ગયા કેવળજ્ઞાની સાધ્વીએ ખુલાસો કરી... ભાઈ ભોજાઈના જીવોને તથા બીજા કેઈકને બુઝવ્યા.

**ધર્મ કરો, તેમ પાપ ન કરો :-** સાધર્મી ઉપર આળ ચઢાવવાનું પાપ આવું ભયંકર છે. એ મોટી આશાતના છે. એ તો બેનની પૂર્વભવે બીજી બધી ધર્મ સાધના મોટા પ્રમાણમાં હતી, તેથી અલ્પ ધર્મ પામી નહિતર તો (૧) આવી



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

આશાતનાને લીધે કેવળજ્ઞાન તો શું ધર્મ પણ ન મળે. (૨) ત્યાં ધર્મ છતાં પણ જો આળ આટલું ભયકંર નીવડ્યું, તો ધર્મ વિના તો એ કેવુંય ન નીવડે ? માટે જ આ બે વસ્તુ બરાબર યાદ રાખી ધર્મ કરવા સાથે કેટલી મોટી કાળજી 'આવાં પાપ ન થાય,' એની રાખવી જરૂરી છે, એ સ્પષ્ટ સમજાય તેવું છે. **ધર્મીના માથે આ જવાબદારી છે, ધર્મ કરો; 'તેમ પાપ ક્યારેય ન થાય,' એ સાચવો.**

સાધર્મીની માનસિક-વાચિક આશાતનામાં સૂગ, અનાદર, નિંદા, અવજ્ઞાવચન, તિરસ્કાર, આળ, ખોટી સલાહ, વગેરે કહ્યા; તેનો ત્યાગ જરૂરી છે, તોજ સાધર્મીની સાચી ભક્તિના સુંદર ભાવ જાગે, એવી જ રીતે ત્રીજી કાયિક આશાતના તજવાની છે.

## • કાયિક આશાતના. •

**સાધર્મીની કાયિક આશાતનામાં શું આવે** ? સાધર્મી પ્રત્યે મોં બગાડવાનું, અર્થાત્ મુખની ખરાબ મુદ્રા, ગુસ્સો ઘમંડ ભરી આંખ, કે જુગુપ્સાદિ દાખવવા ચઢી જતું નાકનું ટેરવું આવે, એવું જ હાથ પગ વડે અપમાનકારક દેખાવ, કે આગળ વધીને મારપીટ વગેરે આવે, વળી સાધર્મીની ઇચ્છા વિના કોઈ સભા વગેરેમાં એમની આગળ જઈને એવી રીતે બેસે અને વર્તે કે એવા પ્રસંગોમાં સાધર્મી હલકા દેખાય, ગરીબડા દેખાય, અપમાન પાત્ર બને. એવી કોઈ પણ પ્રવૃત્તિ આશાતનામાં જાય. એવું જ બીજાઓ આગળ સાધર્મી હલકા પડે એવો વ્યવહાર, તે પણ આશાતનામાં જાય.

**આશાતના ટાળવાના ઉપાય :-** આ બધુ ટાળવા માટે (૧) જેમ વડીલ પ્રત્યે તેમ સાધર્મી ઉપર માનભરી નજર આવશ્યક છે. (૨) જરાય આશાતના ન થઈ જાય એ માટે પાપનો ભય જરૂરી છે. (૩) આત્માનીય અધ્વસાયોની, અને વલણની ચીકણી અશુદ્ધિ થતી અટકાવવાની અત્યંત તકેદારી રાખવી જોઈએ. કારણ કે સૂગ, અવજ્ઞા, નિંદા, આળ, અપમાન વગેરે, અતિ મલિન તત્ત્વો છે ! એવાને જરાય પોષાય નહિ. **જો આત્માને હવે કમમાં કમ નીચે નથી જવા દેવો, ખરાબ નથી બનવા દેવો તો ગમે તેવું સહન કરીને પણ મન-વચન-કાયામાંથી મલિન તત્ત્વોને કાઢી મૂકવાજ જોઈએ. નહિતર એ આપણી અનંતકાળે આ જીતેલી બાજીને હરાવે છે.** સાધર્મી બિચારા દુઃખીયારા ! ગરીબડા ! ભૂખે મરતા !' આવા આવા પણ વિચાર કરવા કે ઉદ્ગાર કાઢવા ઉચિત નથી. કેમકે **સાધર્મિક એ દયાનું પાત્ર નથી, પણ ભક્તિનું પાત્ર છે.** કહો સાધર્મિક એ સાતક્ષેત્રમાં આવે કે નહિ ? આવે તો સાત ક્ષેત્ર ઉપર દયા કરવાની કે ભક્તિ ? કોઈ શહેરમાં અનેક દહેરાં હોય અને



અમુક દહેરે સારી આંગીઓ ન થતી હોય ત્યાં કોઈ પૈસા ખરચવા આવે, પણ બોલે એમ, કે 'આ બિચારા ભગવાન માટે ખર્ચો પૈસા, નહિતર તો બીજાની હરોળમાં બિચારાની મૂર્તિ નથી શોભતી.' અથવા એવું બોલે કે 'આ ભગવાનના બિચારાના મંદિરમાં ખર્ચો, નહિતર બિચારું મંદિર ઊભું નહિ રહે.' આમ કહે તો ખલાસ ને ? પૈસા તો ખર્ચે જ છે. પરંતુ પ્રભુને મંદિરને ગરીબડું સમજીને, તે આશાતના છે. એવું સાધર્મી માટે. એમને બિચારા ગણી દયાથી પૈસા ખરચો, તો પૈસા ખરચવા છતાં આશાતના લાગે, ભલે પૈસા ખર્ચ્યાનો લાભ પણ મળે; છતાં આશાતનાનું પાપ ઠીકઠીક લાગે. ત્યજવાની છે જ્યાં જિનશાસનમાં મામુલી દેખાતીય આશાતના, તો મોટીની તો શી વાત ? અથવા કહો કે આવી ઝીણી નજર સર્વજ્ઞના શાસન વિના કોણ બતાવે ? એ ખ્યાલમાં રાખો કે દાનમાં કોઈને આપો છો માટે ફળરૂપે લક્ષ્મી તો મળવાની જ છે. દીધું એ નકામું જવાનું નથી. પણ 'બિચારો દુઃખી, એને હું સુખી કરી નાખું !' આ વિચારમાં સામાને ગરીબ ભીખારીની હરોળમાં ગણવાનું એક પાપ ઊભું થાય છે. આ મલિન તત્ત્વ છે. સાધર્મિક ભક્તિનો મહાન ધર્મ કરવો હોય, જે ધર્મ એની સામે મહિમામાં બીજા બધા ધર્મોની તુલના કરી શકે છે, એવો મહાન ધર્મ કમાવવો હોય તો આપણામાં વિવેક પહેલો જોઈશે. અરે ! ઉદ્ધાર કરવાનો હોય ત્યાં પણ એ સાધર્મીને 'બિચારા દુઃખીયારા' વગેરે રૂપે નથી માનવાના. ત્યાં પણ 'આ મારા મુરબ્બી જૈન ભાઈઓ, માન્ય-પૂજ્ય જૈન સંઘનો એક અંગ, મારે શિરસાવંદ્ય એમ માનવાના છે, ભક્તિ વખતે તો પૂછવાનું જ શું ?' સાધર્મી શું સીદાય ? એમને તો સોનાથી નવરાવી દઉં, તો ઓછું છે.' વગેરે દઢ અને જ્વલંત ભાવના જોઈએ.

## • સાધર્મીની વાચિક ભક્તિ •

માનસીક ભક્તિ અને મન, વચન, કાયાથી થતી આશાતનાની વાત થઈ, હવે **વાચિક ભક્તિમાં** પ્રશંસા, ગુણાનુવાદ, રસ્તે મળે તો મુખેથી પ્રણામ, નમસ્કાર, વગેરેના સૂચક શબ્દ આવે. આ સાધર્મિકવાત્સલ્ય છે. તેવું જ અવસરે સાધર્મી બંધુએ સારા ધર્મના કાર્ય કર્યા હોય તો તેનું વાચિક અનુમોદન, તેમજ તેના ગુણોનું અનુમોદન કરવું, અને એ અધિક કરવાનું પ્રોત્સાહન આપવું, તે પણ ભક્તિ છે !

**વાચિક ભક્તિમાં બે દર્શનાચાર :-** અહીં એટલું સમજવાનું છે કે દર્શનાચારમાં વાત્સલ્ય અને ઉપબૃંહણ-એટલે કે ભક્તિ અને અનુમોદન અથવા પ્રેમ અને પ્રશંસા બે જુદા ગણવાના છે; પરંતુ આપણે સાધર્મી-ભક્તિને એક મોટું વ્યાપક રૂપ આપીએ



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

છીએ, તેથી તેમાં ભેગું વાચિક ભક્તિ તરીકે અનુમોદન, સમર્થન, પ્રોત્સાહન લઈ લઈએ છીએ. **અનુમોદન વગેરે અહીં ધર્મક્રિયાનું, ગુણોનું અને ઉચિત જૈન મર્યાદાઓના પાલનનું લેવાનું છે, સંસાર ક્રિયાનું નહિ.**

**વાચિક ભક્તિની સરલતા અને સુલભતા :-** માણસ જો ધારે, તો આજે વાચિક ભક્તિ કરવી (૧) બહુ સહેલી છે, અને (૨) સુલભ છે. એમાં એના ધર્મનું અને ગુણોનું અનુમોદન કરવાનો પણ લાભ મળે છે.

**(૧) સહેલી આ રીતે,** કે જોયું, સાધર્મીએ તપસ્યા કરી, પૌષધ, સામાયિક કર્યા દાન દીધું, બ્રહ્મચર્ય કે સદાચાર વગેરેના વ્રત લીધા, તેની પ્રશંસા કરવાની, **'ભાગ્યશાળી છો, શ્રી અરિહંત પરમાત્માએ ફરમાવેલા ધર્મને આરાધો છો !** જગત જ્યાં ખાવા પાછળ ઘેલું છે. ત્યાં તમે છતું ખાવાનું મૂકી સુંદર તપ કરો છો !... ધન્ય તમને કે પાપક્રિયાઓ છોડી પવિત્ર પૌષધમાં રહ્યા છો !... વાહ તમારું દાન, તમારી ઉદારતા, તમારો ધર્મપ્રેમ !... ખરેખર ! તમે આ બધી ક્રિયાઓ સાચવી પ્રભુના શાસનને ટકાવી રહ્યા છો ! બીજાઓને ધડો આપી રહ્યા છો ! જાતે મોક્ષની નિકટ જઈ રહ્યા છો !...' કહો આ પ્રશંસામાં શું કઠિન છે ? અરે સાધર્મી એક નાની નવકારવાળી ગણીને ઉઠ્યો, કે સામાન્ય ક્ષમાદિનો ગુણ દાખવ્યો, ત્યાં એટલું જ કહીએ કે 'ખરા પુણ્યવાન છો.' તો એ પણ વાચિક ભક્તિ છે. પુણ્યવાન કેમ ? સાચું પુણ્ય કમાય છે માટે. પુણ્ય પગભર કરે છે માટે.

**(૨) સુલભ કેવી રીતે :-** ત્યારે આ હિસાબે એ પણ જુઓ કે વાચિક ભક્તિનો મોકો હાલતા ચાલતાં મળે એમ છે, તેથી તે સુલભ પણ છે. સાધર્મીએ ક્યાંક જરા ક્રોધ-અભિમાનની તક જતી કરી ક્ષમા-નમ્રતા દાખવી, એ આપણા માટે પ્રશંસા કરવાની તક.

**આ પ્રશંસાના આઠ લાભ** (૧)ધર્મની અને ગુણની અનુમોદના તો ખરીજ (૨) સાધર્મીને પ્રોત્સાહન મળવાથી એ ધર્મસેવન અને ગુણોપાર્જન કે ગુણસંરક્ષણ વધુને વધુ કરે, સાથે (૩) એમ પણ સમજે કે આ બધા મારા ધર્મ કે ગુણને વખાણે છે, પણ સંસાર કે દોષને નહિ, તેથી એ સંસારની અને દોષની લપ મારે મૂકી દેવી જોઈએ. (૪) પ્રશંસા-પ્રોત્સાહનથી સંસારની બીજી ત્રીજી આપત્તિઓમાં ધીરતા-સહિષ્ણુતા આવે છે. (૫) આપણે પ્રશંસા કરીએ એટલે આપણને એ પ્રશંસાની જવાબદારીનું ભાન થઈને જાતે ધર્મસેવન અને ગુણોપાર્જન કરવાનું મન થાય છે. (૬) અનુમોદનથી દર્શનાચારનું પાલન થાય છે, (૭) જિનાજ્ઞાપાલનનો લાભ મળે છે. (૮) પુણ્યબંધ અને પાપક્ષય નીપજે છે... ઈત્યાદિ અનેક લાભ છે.

**બીજાઓ આગળ પણ જૈનોનું સારું બોલો :-** વાચિક ભક્તિમાં જેમ સાધર્મીની



સમક્ષમાં એની પ્રશંસા કરવાની, તેમ એની ગેરહાજરીમાં બીજાઓ આગળ પણ એની પ્રશંસા કરવાની, 'ફલાણા ભાઈ ! આવા ધર્મિષ્ઠ ! પાપના સંયોગ વચ્ચે, પાપના કાળની વચ્ચે ધર્મ કરનારા ! ક્ષમાદિ જાળવનારા ! સમયાનુસાર અવશ્ય પરમાત્માનું ધ્યાન ધરનારા !...' આનાથી બીજાઓમાં ધર્મનું અનુમોદન ફેલાવાય છે, ધર્મની પ્રેરણા કરાય છે, શાસનના ગુણ ગવાય છે. વગેરે પણ સારા લાભ છે. ઈતરો આગળ પણ 'અમારા જૈનો આવા ધર્મપ્રેમી, આવા તપસ્વી, વ્રતધારી...' ઈત્યાદિરૂપે જૈનોનું ઊંચું બોલવાનું. **પ્રશંસા કરવાના રસથી નિંદાના પાપથી બચાય છે**, એ પણ મહાન લાભ છે.

**પ્રશંસા ન કરવાના નુકસાન :-** માટે સાધર્મીની શું ગેરહાજરીમાં, કે શું સમક્ષમાં, પ્રશંસવામાં સંકોચ ન જોઈએ. કેટલીકવાર એવું બને છે કે ગુણ, શક્તિ કે કાર્યની યોગ્ય પ્રશંસા ન થવાથી માણસ નિરુત્સાહ બની જાય છે. એવો એક પ્રસંગ આવે છે, જેમાં-એક આચાર્ય પોતાના વાદી શિષ્યને પ્રશંસતા નથી. શિષ્ય બીજાને વાદમાં જીતી જિનશાસનનો ડંકો વગાડીને આવેલ છે. એને અનુમોદના સાથે પ્રોત્સાહન આપવાને બદલે ઉદાસીનતા દાખવે છે. એનું પરિણામ એ આવે છે કે શિષ્ય પણ એવા શાસન પ્રભાવનાના કાર્યમાં નિરુત્સાહ અને શિથિલ થઈ જાય છે. તેથી આચાર્ય અને શિષ્ય બંનેય હલકી યોનિમાં જાય છે. અનુમોદનમાં ખર્ચ શું ? કાંઈ નહિ. સાધર્મીની પૂજા ભક્તિ, સામાયિક, દાન, શીલ તપ વગેરે ક્રિયા, ક્ષમાદિગુણો, અને સારી શક્તિઓ દેખીએ ત્યાં હૃદયથી ખુશી બતાવવાની **'ધન્ય છે તમને ! આવા ઝેરી યુગમાં આવી અમૃત ક્રિયા સાધો છો ! પુણ્યશાલી છો કે અવગુણની દુનિયા વચ્ચે આવા ગુણ ધરાવો છો !'** એમ પ્રશંસવાનું આમાં શું ખર્ચ ? એમાં ટેવ પાડવાથી જીભને પછી ગુણ ગાવાનું વ્યસન લાગશે.

**ભગવાન અને આચાર્યો પણ જૈનના ગુણ ગાય છે :-** મહાન ખેદ એ થાય છે કે આજે તો અવગુણ ગાવાનો મેનિયા ચાલે છે ! 'અમારા જૈનો આવા ! અક્કલહીન ! વિવેક વગરના ! કાળા બજારીયા ! મખ્ખીચૂસ ! પૈસાના પૂજારી...' આવી આવી નિંદા થાય છે. આ બહુ ખરાબ છે. સમક્ષમાં પણ 'તમે ક્રોધી છો, અભિમાની છો, પાપમાં સબડો છો...' વગેરે રૂપે ઉતારી પાડવામાં આવે છે, એ પણ ઠીક નથી. એથી નથી એને ધર્મની પ્રેરણા મળતી, કે નથી લોકમાં જૈનોનું સારું દેખાતું. ઊલટું ધર્મની હીલના થાય છે. આવો કાળ આવી લાગ્યો છે, કે ઘસાતું બોલ્યા વિના નથી બેસી રહેવાતું ! એના કરતાં મૌન રાખે તો શું જાય ? ભક્તિનું કર્તવ્ય તો નહિ, પણ ઊલટી આશતના ! આજે તો જૈનોના ગુણ ખૂબ ગાવા જોઈએ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે સમરાદિત્ય કથામાં સ્થળે-સ્થળે પ્રશંસા-



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

અનુમોદના સારી બતાવી છે. ખુદ વીર ભગવાને તુંગીયા નગરીના શ્રાવકોના પુણિયા કામદેવ વગેરેના ગુણ ગાયા છે. આચાર્યો પણ ચરિત્રોમાં શ્રાવકોની પ્રશંસા કરે છે.

ત્યારે તમે પૂછો કે 'શું એકલા ગુણ જ ગાવા ?'

ઉત્તર એ છે કે હા, એમાં લાભ છે, **માત્ર ગુણ ગાવાથી, માત્ર ગુણાનુરાગી બનાય છે; સાથે દોષ પ્રેક્ષી નથી થવાતું.** અલબત સુધારણા માટે બહુ સાવચેતીથી શુદ્ધ હૃદયે એને મોંઢે જ કંઈક કહેવાય, એ જુદી વસ્તુ છે. પણ આપણી પાસે બીજો કોઈ આવે, ને એને કહીએ કે "ફલાણો ખરાબ છે, જૈનો આવા ખરાબ છે, "તો તો આપણે જ નિંદાના પાપમાં નીચે ઉતર્યા. મા સમજતી હોય કે છોકરો ગમે તેટલો ખરાબ છે, પણ બહાર નિંદા કરવાને બદલે 'મારો દીકરો ડાહ્યો' એમ કહે, તો આ પ્રશંસા કર્ણોપકર્ણ પેલા પાસે જાય. તો એ ખરાબ હોય તોય સુધરી જાય, અને માની પાસે નમતો આવે એવું બને. નિંદવામાં તો એ આઘો જાય. એવું સાધર્મીની પ્રશંસામાં.

સાધર્મીની બીજી વાચિક ભક્તિમાં એના સ્વાગત સત્કારના સારા શબ્દો પણ આવે. ભલે એ નાની ઉંમરનો હોય, ખાસ ધર્મિષ્ઠ ન હોય, ગરીબ હોય, છતાં 'આવો પધારો, ફરમાવો' વગેરે શબ્દો કહેવામાં વાચિક ભક્તિ છે, અને કેટલીકવાર એ ચમત્કારિક અસર કરે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૧૧,તા. ૨૮-૧૧-૧૯૫૩

## (૮) સાધર્મિક ભાઈઓની ભક્તિના પ્રકાર

### • કાયિક ભક્તિ •

સાધર્મીની કાયિક ભક્તિમાં ઘણું આવે. કાયાથી એમની અવસરે અવસરે સેવા-ભક્તિ ઉપરાંત એમને પહેરામણી કરવી, અલંકારની પહેરામણી કરવી, વસ્ત્રની પહેરામણી રોકડ રકમની પહેરામણી કરવી, ચીજ વસ્તુ મકાન આપવા, પ્રભાવના કરવી, આ બધું સાધર્મિક વાત્સલ્ય છે ! **માંડવગઢના** સાધર્મીઓએ રિવાજ રાખ્યો હતો ! કયો ? બહારથી નવા આવેલ સાધર્મિને ઘરદીઠ એક ઈંટ અને એક રૂપિયો પહેરામણીમાં આપવાનો ! **પેથડશાહ**ના સંઘમાં સાતલાખ કુટુંબો યાત્રાએ નીકળ્યા હતા, ત્યારે એ અનુસારે જૈનોની વસતી હશે ને ત્યાં સાધર્મિકની આવી ભક્તિ થાય તો કોઈનેય ભારે પડે ? અને સાધર્મીનું કેવું કામ થઈ જાય ? 'સાધર્મી



સીદાતો' એવો શબ્દ નહિ. આજે જો એવો મુંબઈમાં રંગ લાગે કે સાધર્મિક ભક્તિ શક્તિ અનુસાર વિના જમવું નહિ, તો કોઈને ત્યાં એક, કોઈને ત્યાં બે, ક્યાંક ચાર, પાંચ દસ સુધી જમાડવાની ભક્તિ થતી હોય, પછી સાધર્મી સીદાય ? તો શું મુંબઈવાસીઓ બધાને ગરીબી આવી ગઈ છે ? મહિને હજારો સુધીના ખર્ચ રાખનારા જૈનો મુંબઈમાં છે. એને શું ભારે પડે ? બીજાઓ જે પાંચસોનો ખર્ચ ખાનારા છે, એને ૧-૨ સાધર્મિકને માત્ર જમાડવામાં શું વાધો ? પણ કહો કે પહેલાં તો સાધર્મી પ્રત્યે, પૂર્વે કહ્યું તેમ સાચી ઓળખ થઈને અંતરનું બહુમાન જાગવું જોઈએ. 'લાવ, **આમની ભક્તિ એટલે મારા પ્રભુની ભક્તિ છે,** એ કમાઈ લઉં' એ ભાવ જાગવો જોઈએ. પુણ્ય કમાવાની ધગશ જોઈએ.

**સાધર્મી ભક્તિના બીજા અવસરોમાં :-** દા.ત. લગ્ન પ્રસંગે કે વર્ષગાંઠ વગેરે પ્રસંગે એમને યાદ કરવાના. સરખે સરખાને નોતરવાની વાત આ નથી. આ તો દુનિયામાં જેની બહુ કિંમત ન અંકાતી હોય, ધનાઢ્ય ન હોય, ઓળખીતા ન હોય એવા પણ જૈન ધર્મી છે. એને નોતરવાની વાત છે ! એથી એની ધર્મભાવના, પ્રોત્સાહન વધશે, ધર્મ તરફ ઝુકશે લોકમાં પણ લાગે કે 'શ્રીમંતાઈ છતાં કેવોક સાધર્મી સંબંધ !' એમને ખાસ બોલાવીને છેવટે મિઠાઈની છાબડી પકડાવી દેવાની વાત છે આ. બાકી તો જેટલી પહેરામણી કરો તેટલી ઓછી. જરાક મનમાં ધારો કે 'પ્રસંગ લઈને બેઠા છીએ તો ખર્ચ ભેગો ખર્ચ ?' તો સાધર્મીની ભક્તિ કઠિન નથી. તપસ્વી કે પોસાતી સાધર્મીઓની ભક્તિ, બ્રહ્મચર્યાદિ વ્રતવાળાની ભક્તિ, તીર્થયાત્રિકોની ભક્તિ, સંઘજમણ, પ્રભાવના વગેરે કરણીય છે. ભક્તિની વિચારણામાં સાધર્મિકનો દુઃખી તરીકે વિચાર નથી આવતો, પણ 'મારે બને તેટલી સાધર્મિક ભક્તિ કરવી જોઈએ ?' એ લક્ષ છે. 'પુણિયા શ્રાવક જેવો સાધર્મીભક્તિ રોજ કરે, તો મારે કરવાની નહિ ?' હૈયે આવો વિજળીક આંચકો લાગવો જોઈએ.

**ખોટા બચાવ :-** કહે છે, 'આભ ફાટ્યું ત્યાં થીગડું ક્યાં દઈએ ? અને આજે ભક્તિ કરનારા છે કેટલા ? તે કાળેય પુણિયો એકજ ને ? આનો ઉત્તર એ છે કે ભલે એક તો એક સાધર્મી, અને ભક્તિ કરનારા તમે એકલા તો એકલા, પણ વસ્તુ ગમે છે કે નહિ ? તેમ બની શકે એમ છે કે નહિ ? એમ તો સંસારમાં જીવો અનંતાઅનંત છે, અને મોક્ષે જનારા ઘણા થોડા, માત્ર એક નિગોદના જીવોની સંખ્યાનાય અનંતમાં ભાગની સંખ્યાએ ! અર્થાત્ બહુ જ થોડા ! **તો કહો, મોક્ષે કોક જાય છે, માટે તમારે નથી જવું ને ?** મોક્ષે જવાનું માંડી વાળવું છે ? સંસાર મુબારક રાખવો છે ? ના, એ તો કહેવાના કે 'ભલેને એકજ મોક્ષે જતો હોય, તોય અમારે જવું છે, અમને ગમે છે એ, 'તેમ ભલે એક પુણિયો હોય ! પણ

અમને ગમે છે એ. એ યાદ રહે માટે રસોડામાં એનું ચિત્ર રાખવાનું ! પુણિયો જમવા બેઠો હોય ને શ્રાવિકાને ઉપવાસ હોય ! અને સાધર્મિકને બાજુમાં બેસાડી, 'લ્યો ભાઈ લ્યો ભાઈ' કરી જમાડતો હોય. ઘર ઝુંપડી જેવું હોય, રોજગારમાં એક બાજુ રૂ પડ્યું હોય પુણિઓ વણવા માટે... રાખશો આવું ચિત્ર ? શ્રાવિકાની કુખે અવતાર લીધા પછી આવું આવું ગમે તે આલંબન લઈને વિવિધ પ્રકારનું ભક્તિકાર્ય જીવનમાં કેળવવું પડશે !

જ્યારે એમ કહેવામાં આવે કે ઘરમાંથી રોજ સાધર્મીની ધનથી, ધાન્યથી, વસ્ત્ર, અલંકારથી ભક્તિ કરવાની છે, રોજ નહિ બને તો પ્રસંગ પ્રસંગે તો ખરીજ, ત્યારે કેટલાક બહાનું કાઢે છે કે 'અમારે તો ઘણું મન છે, પણ આ **ઘરના માણસ અનુકૂળ નથી,' તો એ બહાનું ખોટું છે.** એનાંય રસ્તા છે. જુઓ એક નગરમાં એક શ્રાવક હતા. એમને ઘરમાં એવીજ પરિસ્થિતિ હતી. પણ જો સાધર્મી ભક્તિની એવી ધગશ હતી, તો એવી હોશિયારી રાખેલી કે કારભારીને કહી રાખે કે 'જો જો હોં કોઈ પોસાતી હોય તપસ્વી હોય તો વીશીમાં મારા તરફથી સારી રીતે જમાડી દેજો! ઘરના માણસ ન જાણે, તે માટે મારું નામ ન કહેતા. કહેજો એક ભાઈ તરફથી.' ભક્તિ કરવી હોય તો આજે ઘણો અવસર છે, અને ઘણા રસ્તા છે. સાધર્મી માટે શાક, દૂધ લેવા ગયા, રેશન લેવા ગયા, અને પૈસા તમે એની પાસેથી ન લીધા, એ ભક્તિ થઈ. રોજ છેવટે 'વીશીમાં મારા તરફથી પાંચ સાધર્મી જમવા જોઈએ !' એ કરી શકો. એમાં શું વધારે છે, જ્યાં પચીસ માણસો પેઢીઓના રસોડે રોજ જમે છે ત્યાં બે પાંચ ભળી ન શકે ? **મન મનાવ્યા વિના સારું કંઈ નહિ બને, કેમકે જીવને અનાદિથી સારું કરવાની ટેવ નથી; સ્વાર્થનીજ ટેવ છે.**

## • સાધર્મીનો ઉદ્ધાર •

હવે સાધર્મીના ઉદ્ધારની વાત કરવી છે. સાધર્મીનો ઉદ્ધાર કરવા પહેલાં સાધર્મીની હાડમારી પ્રત્યે દિલ કુણું બનાવવું જોઈએ, પછી એ કરવાના રસ્તા છે. સાધર્મીભક્તિ માટે તો એટલીજ વાત હતી કે ભલે સાધર્મિક દુઃખમાં નથી, ત્રાસમાં નથી, છતાંય એની ખૂબ ભક્તિ કરવાની છે. હવે એ જોવાનું છે કે સાધર્મિક દુઃખમાં પણ હોય છે અને ત્રાસેય વેઠે છે. તો જે સીદાતા હોય, સંકટમાં મૂકાયેલા હોય, એમના માટે શું કરવું ? તો કે એમનો ઉદ્ધાર કરવો, તે માટેના પણ ઉપાયો પણ વિચારવાના છે.

**જૈનસંઘ એ આપણું કુટુંબ :-** આપણે ત્યાં જ નથી દુનિયાભરમાં પ્રવાહ છે,



જાતિભાઈઓનો, દેશવાસીઓનો વગેરેનો ઉદ્ધાર કેમ કરવો તેનો દિલની દાઝ સાથે દુનિયામાં પણ પ્રયત્ન ચાલે છે ! તો જૈનોને સાધર્મિકબંધુઓના વર્તમાન કાળના દુઃખો, ત્રાસ, સંકડામણો, આપત્તિઓ વગેરે જોઈ ને જો દિલ હચમચી ઉઠવા સાથે ઉદ્ધાર કરતાં ન આવડે તો શું એ દુનિયાથીય ગયા ? જે ધન પોતાનું કરીને આ ઉદ્ધારાદિ નથી કરવાં દેતું, તે અંતે તો માટી જ છે. તેય ક્યાં જન્મતાં સાથે લાવ્યો' તો ? આજે જગતની સાથે જૈનોને પણ આપત્કાળ છે. એ વખતે સીદાતા સામે જોવું પડશે. જેમ તમારા ઘરમાં એક કુટુંબ માની લીધું છે તો એને માટે બધું કરી છૂટો છો, તેમ જૈન સંઘ એ પણ આપણું કુટુંબ માનવું જ જોઈએ, તેથી જ એના માટે પણ ઘણો ભોગ આપવો જ જોઈએ. **ધર્મ એ પાલન કરનારા હોવાથી સાચો પિતા છે. એનાથી જે જે પાલિત, અને એના જે જે પૂજક, તે તે એના પુત્ર છે. સમજો છો ? સાધર્મી એ ધર્મથી પાલિત છે, ધર્મના પૂજક છે; માટે ધર્મપુત્ર છે. પુત્રોમાં અરસપરસ ભ્રાતૃભાવ જોઈએ જ.** એની રુએ જ જૈન માત્ર એ આપણે બંધુ. **એના આપત્-કાળમાં, આપણી પાસે સંપત્તિ હોય તો તેથી અને ન હોય તો આપણા પોતાના ખર્ચમાં મોટો કાપ મૂકી બચાવ કરીને પણ સાધર્મીનો ઉદ્ધાર કરવો જ જોઈએ. એ આપણું કર્તવ્ય છે, એ આપણું ભૂષણ છે, એ આપણા માટે મહાન પુણ્યનો પાતાલકલશ છે.**

**દ્રવ્ય અને ભાવ સીદામણ :-** ખબર છે સાધર્મી કેટલાંક દુઃખોથી સીદાય છે ? કેવાં કેવાં દુઃખોમાં પીડાય છે ? મુખ્યતયા આ જગતમાં દુઃખ બે જાતના હોય છે; **૧ દ્રવ્ય દુઃખ અને ૨. ભાવદુઃખ.**

**દ્રવ્યદુઃખ** તે ગણાય છે કે જેમાં ધન, ધાન્ય, કાયા કુટુંબ વગેરેની બહારની સરખાઈ ન હોય; એટલે કે દરિદ્રતા, દુકાળ, રોગ, કલેશ વગેરે પીડાઓ હોય; કોઈના અપમાન પ્રહાર, તિરસ્કારાદિ, સહવા પડતાં હોય, એ બધું દ્રવ્યદુઃખમાં આવે. દ્રવ્યદુઃખ એટલે ગૌણદુઃખ, મુખ્ય નહિ. ગૌણ એટલા માટે કે એ આત્માને પીડાકારી બને, કે દુઃખરૂપ લાગે એવો નિયમ નહિ.

**ભાવદુઃખ તે** મુખ્ય દુઃખ છે. જેનાથી આત્મા પીડાય, આત્મા હેરાન થાય, કર્મથી ભારે થાય, એને ભાવદુઃખ કહેવાય. આમાં પાપવૃત્તિ અને પાપપ્રવૃત્તિ આવે. અર્થાત્ **ધર્મહીનપણું એટલે કે પાપી વિચારો, પાપની ભાવનાઓ તથા પાપનાં આચરણ એ ભાવદુઃખ છે. તૃષ્ણા, મમતા, મિથ્યાત્વ, ઈર્ષ્યા, અસમાધિ દુર્ધ્યાન, હિંસા, જૂઠ વગેરે આ બધું ભાવદુઃખ છે. એની ઘોર પીડાઓ છે.**

**ચતુર્ભંગી :-** (૧) દ્રવ્યદુઃખ હોવા છતાં ભાવદુઃખ ન હોય એમ બને. દરિદ્રતા હોય પણ પાપી વિચાર જો ન આવતા હોય, તો દ્રવ્યદુઃખ ખરું, પણ

પાપનું ભાવદુઃખ નહિ (૨) કોઈક વળી બંનેથી રીબાતા હોય, આમ મંદવાડ હોય, અને બીજી બાજુ અભક્ષ્ય દવા વગેરે ખાઈ સાજા થવાની તાલાવેલી હોય, (૩) વળી કેટલાકને દ્રવ્યદુઃખ નથી હોતું, છતાં એ તૃષ્ણા, મમતા, મલિન-મન વગેરે ભાવદુઃખથી પીડાતા હોય છે. (૪) ત્યારે તેવા પુણ્યશાળી મહાત્માને બંને નથી હોતા. છતાંય કર્મરોગનું દુઃખ જો ગણીએ, તો સિદ્ધ ભગવાનને કશું દુઃખ નથી. આને દ્રવ્યદુઃખ-ભાવદુઃખની ચતુર્ભંગી કહેવાય, હવે સાધર્મીઓને આમાંથી કેવા કેવા દુઃખો છે તે વિચારવું પડશે, પછી ઉપાયની વિચારણા.

## • સાધર્મીના દ્રવ્યદુઃખો •

**આવક બંધ : મિલકત સાફ ! :-** કોઈક સાધર્મીને પૂરું ખાવા નથી, તો કોઈને પૂરા કપડાં નથી ! કોઈને ઘર વેચાઈ ગયા છે, તો કોઈને ઘરેણાં વેચાઈ ગયા છે ! કેમકે કેટલાંક ધંધા આજે પડી ભાંગ્યા, બેકારી વધી ગઈ, નોકરીઓ છૂટી ગઈ. બજારોમાં ક્રાઈસીસ આવી ગઈ, નવી નવી તરેહના સરકારી વેરાઓ વધી ગયા, લોકની ખરીદશક્તિ ઘટી ગઈ, બહારના હરીફ વધી ગયા, આવા બધા કારણે આવક ઘટી, યાવત્ કેઈકને સદંતર બંધ થઈ; તે મુડીમાંથી ખાયા કરવું પડ્યું. તે કેટલું નભે ? અને બધા પાસે તેટલી મોટી મુડીઓય ક્યાંથી હોય ? ત્યારે શું થાય ? ઘરમાંથી વધારાના રાચરચીલા વગેરે વેચી પૈસા ઊભા કરવા પડ્યા. તેથીય ન પહોંચાતા, ગામના ઘર વેચ્યા, યાવત્ કુળવાન બાઈઓએ પોતાના પલ્લાં આપ્યાં, ઘરેણા કાઢી આપ્યા, **મરદ પાસેથી પોતે આશ્વાસન પામવાને બદલે એ સુશીલ પત્નીઓ મરદ પતિને હિંમત આપતી રહી.** 'મુઝાશો ના, લઈ જાઓ, આ બંધુ તમારું જ છે, હમણાં દુઃખનો દસકો છે, કાઢી નાખો એને આમજ. વળી સુખના દહાડા આવશે ત્યારે બધું પાછું આવી રહેશે...! કેવી ધીરજ ! કેવું ડહાપણ ! અંગ પર માત્ર સૌભાગ્યની ચુડી અને સામાન્ય વસ્ત્રો રહ્યા છતાં કોઈની આગળ માગવાની કે હાથ ધરવાની વાત નહિ ! કેવી ખાનદાની ! આવી કપરી સ્થિતિવાળા સાધર્મીનો કાંઈ વિચાર આવે છે ? શું કામ આવે ? કહોને 'અમે હજી ક્યાં એવા દુઃખમાં આવ્યા છીએ ?' સ્થિતિ તો એટલી બધી વિષમ બની છે કે કપડું પણ ચાલુ પહેરેલું સાંજે ધોઈ મૂક્યું, તેનું તેજ સવારે પહેરવાનું. બીજા કપડાં જ નથી, શું પહેરે ?

**અતિશય મોંઘવારી અને જુલ્મી ખરચા :-** આમ વાંધા છે, ત્યારે બીજી બાજુ ચીજવસ્તુના ભાવ આસમાને ઊડે છે. મોંઘવારી વધી ગઈ ! તેમ ખર્ચાય ખૂબ વધી ગયા ! પ્રાયમરી સ્કુલમાંય છોકરાને ભણાવવાનો ખર્ચ કેટલો ! ત્યારે ઉપરની તો



વાતેય શી ? તેમ બિમારીમાં ડૉક્ટર, દવા અને પથ્યના ખર્ચનો મોટો આંકડો ! કુટુંબ મોટું હોય, કમાનાર એક હોય, કેવી કઠિનાઈ ! એક બૂટ જોડી ચોરાઈ તેટલામાં કેટલાની ઉઠે ? રૂપીયા આઠ દસની ! એક ધોતીજોટાનું શું લાગે ? એથી તો આજે કેટલાકોએ લેંઘા પહેરવા માંડ્યા. કેમ ? કહોને એમ તો એમ, પણ સંસાર સલામત રાખીશું !!

**રોગાદિની અપાર સીદામણો :-** કેઈક સાધર્મી રોગમાં સીદાય છે ! કેઈક દેવામાં પીડાય છે ! કેઈક ગુલામીમાં સડે છે ! કેઈક અપમાન તિરસ્કાર વેઠી રહ્યા છે ! કેઈકને નિર્દોષ છતાં કોર્ટમાં ઘસડાવું પડે છે ! કોઈને માથે ડાકુ દુશ્મનો છે ! આવા આવાંય દ્રવ્યદુઃખો સાધર્મીને હોય છે.

પૂછો કે 'તો શું પૂર્વે આવું નહોતું બનતું ?'

ઉત્તર એ છે કે હા, બનતું હતું, પણ સમતા સચવાતી. આજે કાંક વિશેષરૂપે સીદામણ બને છે, અને સમતા મોંઘી છે. એ પણ છે કે આવું બને છે માટે તો તમને એના ઉદ્ધારનું કર્તવ્ય બજાવવાનો અવસર આવી લાગ્યો છે ! એ કર્તવ્ય બજાવવું જ જોઈશે; નહિ બજાવો તો છતી શક્તિ અને સામગ્રીઓ ધર્મીની ઉપેક્ષાથી ધર્મની ઉપેક્ષા કરનારા ગણાશો; અને એનું પરિણામ પોતાના આત્મા માટેય સારું નથી; તેમ શાસન માટેય સારું નથી. કેટલાક ઠેકાણે સીદાતા સાધર્મીની આપત્તિ કુમતિઓએ ટાળી કુમતમાં ફસાવી દીધા. ત્યારે એટલે સુધી સાંભળવા મળે છે કે સમગ્ર ભારતની અપેક્ષાએ ક્યાંક એક પાપી પેટને ખાતર દેહનાં પણ દામ કરવા સુધી પહોંચી જવાયું છે. કેટલાય લોકો આજીવિકા પાછળ રાત્રિભોજનનો ત્યાગ, પર્વદિનમાં તપસ્યા, પૌષધ, પ્રતિક્રમણ વગેરે શ્રાવકના આચાર ભૂલ્યા છે.

**સીદામણમાં અધઃપતન :-** ત્યારે એવું પણ બને છે કે નોકરી-ધંધા તૂટ્યા એટલે પુરુષો ઘરમાં ને ઘરમાં વધુ રહેતા થયા. એથી કેમ ? તો કે ચહાપાણી વગેરેની કુટુવો વધી. એની સાથે અનેક કુવિકલ્પો, વિકથાઓ, હાસ્યાદિ ચેષ્ટાઓ અને કુલાગણીઓ, તથા આગળ વધીને ઠેઠ ઈન્દ્રિયના અસંયમ, અને કામક્રીડાના અતિરેક સુધી તોફાન વધી ગયા ! આમાં શી નવાઈ છે ? કેમકે ગરીબાઈમાં આનંદ પ્રમોદના બીજાં સાધન મેળવવાની અશક્તિના કારણે પુરુષ અને સ્ત્રી વર્ગ સાથે જ ઘરમાં પડ્યો રહે, ધર્મ ભાવના કાંઈ તેવી તેજ હોય નહિ, એટલે એવાઓ માટે 'જાતીય સંવનન' એક અનિવાર્ય રમત બની જાય છે. પછી ચકલા-ચકલી જેવી વર્તણુકમાં આવી જાય છે. એથી પ્રજોત્પતિ વધી કુટુંબ વધુ ગરીબ થાય છે.

**ઉદ્ધારની તમન્ના ક્યારે જાગે ? :-** આવી દુઃખદ અને શરમજનક અંદરની સ્થિતિને સમજવાનો જો પ્રયત્ન જ ન કરો, અરે પરવાય ન કરો, તો સાધર્મિકનો

ઉદ્ધાર કરવાનું ક્યાંથી સૂઝે ? સાથે આવું ને આવું ચાલે એમાં જૈન સંઘને, જૈનસંસ્કૃતિને, જૈન ધર્મને કેટલો ધોખો પહોંચે, એનો વિચાર ન આવે અને એનું દુઃખ ન લાગે, હૈયું કંપી ન ઉઠે તો પછી એ સીદાતાનો ઉદ્ધાર કરવાની તમન્ના ક્યાંથી જાગવાની હતી ? અને તમન્ના ન જાગે તો જાતે એ તરફ કડક પુરુષાર્થ કરવાનું ક્યાંથી બનવાનું હતું ? **આપણે સ્વીકારેલા, આપણે તરતતારણ માનેલા મહાવીર પ્રભુના શાસનમાં એમના જ અનુયાયી સાધર્મી બંધુઓ આવી કેઈ પ્રકારની કારમી વ્યથા ભોગવતા હોય છે, એ સાંભળી તમારા હૃદયને કાંઈ થતું નથી ?** એમ કહેતા નહિ કે 'અમારી પાસે ક્યાં કરોડો રૂપિયાની મુડી છે કે લાખોની આવક છે ?' તમારી પાસે જે છે, એમાંથી શક્ય કરવાની વાત છે. કેટલુંય શક્ય છે, જે નથી કરવામાં આવતું, એ આગળ પર આપણે કરકસર અને ઓછી જરૂરીયાત પર વિચાર કરીશું ત્યારે સમજાશે.

**હૈયે દાઝ :- બાકી પહેલાં તો હૈયે દાઝ થવી જોઈએ કે "મારા જૈનભાઈઓ અને એને રેશન લાવવાના પૈસા ન હોય તેથી કુટુંબ આંસુ સારતું બેઠું રહે ? પૈસાના કે બીજી સગવડના અભાવે જરૂરી ઔષધ વિના રોગમાં પીડાયા કરે ? એ પીડામાં પાછી નોકરી જાય કે મામુલી ધંધો હોય તેમ ગુમાવે એથી વધુ રીબામણ ભોગવે ? અને આ બધી સીદામણમાં પૂર્વે કહ્યું તેમ એ અસંયમી બની જાય ? છતે પૈસે, અને થોડાને પણ હું મદદગાર થઈ શકું એવું છતાં, હું આ જોયા કરું ? તો મારી લક્ષ્મી શું કામ લાગશે ? મારી ચેહ બાળવા કે બીજું કાંઈ ? તો, એનાથી આવા સાધર્મી ભાઈઓનો બને તેટલો ઉદ્ધાર કાં ન કરી લઉં ? કે જેથી એ દુર્ધ્યાન અને અસમાધિમાંથી બચી ધર્મમાં વધુ સ્થિર થાય, વધુ ઉજ્જ્વળ થાય ?** એ ય પાછા શક્તિ-સંપન્ન થાય ત્યારે મારો દાખલો યાદ રાખીને બીજા સાધર્મીનો ઉદ્ધાર કરે ?..." આવી બધી હાર્દિક લાગણી પહેલી જોઈએ.

**જાતે એકલાએ પણ કરી છૂટવાની તમન્ના :- પૈસો પાપસ્થાનક સેવીને આવેલો છે, એ ભૂલતા નહિ.** એટલે ? પૈસા તો વપરાઈ જશે કે બીજા પાસે જશે, પણ પાપસ્થાનકના કુસંસ્કાર અને બંધાયેલા પાપ તમારા આત્મામાં ઊભા રહી જશે ! રૂડા માનવ-જન્મની આજ કમાણી ને ? એમાંથી બચાવ જોઈતો હોય, તો ઉમદા અવસર છે આજે સાધર્મી ભાઈઓનો ઉદ્ધાર કરવાનો, એના માટેના વિગતવાર ઉપાય આગળ જોઈએ છીએ, પણ **બીજાની રાહ જોયા વિના આપણા મનમાં ધગશ જાગી જવી જોઈએ કે મારે પોતે બને તેટલું કરી છૂટવું છે; અને તે મારા પોતાના અંગત, કૌટુમ્બિક, કે વ્યાવહારિક ખર્ચ ઓછા કરીને પણ અવશ્ય કરીશ.**

એકજ જો આંકડો ઘુંટી રાખીએ કે કરોડોનું ફંડ થાય તો જ સાધર્મીનો ઉદ્ધાર



બને, તો આકાશના તારા ગણવા જેવી એ વાત છે. એક જ જગડુશાહને એમ થઈ જાય છે કે 'આવો ત્રણ વરસના દુકાળ જેવો અવસર ક્યાંથી આવે અને એમાં મહાલાભ શે મળે ? આમ, નહિતર, કોણ મારું લેવા આવવાનું હતું ?' તો એણે એકલે હાથે ભારે ઉદ્ધાર કર્યો.

## • એકલે હાથે મહાન કાર્ય કરનારનું દૃષ્ટાન્ત. •

પેથડશાહના બાપ દેદો-રાણી. તે એક શહેરમાં પહોંચી ગયો. ત્યાં ધર્મશાળા બાંધવાની ટીપ ચાલતી હતી. સંઘને દેદો કહે છે. "ભાઈ સાહેબ, હું ધર્મશાળા બંધાવી દઈશ ! સંઘ તો બીજા ઘણાં કાર્ય કરી લાભ લે છે જ. આ લાભ મને આપી દો."

કહો, કેવી ધગશ ? કેમ, સંસારથી તરી ઝટપટ મોક્ષ જોઈતો હતો. આ તો મોક્ષ પોતાને જોઈએ છે, અને 'પરમાર્થ સંઘ કરશે' એમ કહે છે, વેપાર કરવા જાઓ ત્યાં એમ કરો ખરા કે 'સંઘ નાણાં જોડવામાં સાથે ઊભો રહે તો જ આપણે ભેગા જોડી વેપાર કરીએ ? આપણા એકલાના માથે તો વેપાર-બેપાર ન થાય' આવું કરો ખરા ?

જુવાનીયા કહે છે, 'તે શું તમે એકલા બંધાવશો ?'

દેદાનો જવાબ સાંભળો, જવાબ એવો છે કે એમાં ગર્વ નથી આવવા દેતો. કહે છે 'હા, હું એકલો બંધાવીશ' એ કહેવામાં ગર્વ જેવું છે, પણ તે તો કહે છે, "અહો મારા પર સંઘ એવી કૃપા કરે તો ઘણો ઉપકાર !"

પેલા જુવાનીયાને આબરૂ જતી લાગી, તે કહે છે, "શું ? બેસો બેસો, શું સંઘ નથી બંધાવનારો ?"

ઠંડે કલેજે આ વાણીયો કહે છે, "અરે ભાઈ, એની ક્યાં ના છે ? સંઘ તો મહાન શક્તિશાળી છે. આ તો ગરીબ પર સંઘ દયા કરે તો સારું, એટલું જ મારું કહેવું છે."

"તો શું તમે મોટી સોનાની ધર્મશાળા બંધાવી દેવાના હતા ?"

કેવો પ્રશ્ન છે આ ? આમાંથી લડાઈ જ થાય ને ? પણ ક્યાં ? કાર્ય નથી કરવું ત્યાં, અહીં તો દેદાને કાર્ય કરવું જ છે; તો શું કામ ખોટું લગાડી ઝગડે ?

દેદો કહે છે, "સંઘનું વચન મારા માથા પર." કેવો સરસ ઉત્તર ! પણ જવાબદારી કેટલી જબરજસ્ત માથે લીધી ? વાત નક્કી થઈ ગઈ કે દેદાએ સોનાની ધર્મશાળા બંધાવી આપવી. સોનાની ઈંટો ઢાળવાનું નક્કી થઈ ગયું, પણ સોનાની બંધાવાય ? છતાં દેદો ફરે એમ નથી. છેવટે ગુરુ મહારાજને ના પાડવી પડે છે.



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

કહે છે 'કળિકાળમાં લૂંટાઈ જાય એ.' તેથી અંતે કેશરની બંધાવાઈ ! ભારોભાર કેશર ઈંટોમાં હોં ? આજે ય એના ખંડીયેરમાંની ઈંટોમાંથી કેસરના તાંતણા કાઢી લોક પારખે છે.

કહો, પરમાર્થના કામ એકલાથી થાય ? **જો સ્વાર્થના કામ એકલાથી થાય, તો આ શું કામ નહિ ?**

ત્યારે તમે કહેવાના કે પૈસા હોય તો ને ?

પણ ના, **ધર્મના કામ તો દિલ હોય તો થાય છે, ખાલી પૈસાથી નહિ.** પૈસા તો આજે ઘણા પાસે છે, છતાં એના પ્રમાણમાં સારાં કામ નથી થતા. તમે જ કહોને કે જેટલા પ્રમાણમાં તમારી પાસે પહોંચે છે. એટલા પ્રમાણમાં ધર્મ અચૂક કરી લેવાનું દિલ છે ? ભયંકર મોંઘવારીમાં ય ઘરને તાળું ન મારતાં એને બરાબર ચલાવવાની હામ-ધગશ અને પુરુષાર્થ ધરાવો છો, એવો ધર્મ સાધી લેવાની હામ, ધગશ અને પુરુષાર્થ ખરા ? ના, કેમ નહિ ? ઘર નહિ પણ ધર્મજ જરૂરી છે, અથવા ઘર કરતાં પણ ધર્મ વધારે જરૂરી છે એ વાત તો દૂર; પરંતુ ઘર જેટલોય ધર્મ માટે દિલ નહિ હોય ત્યાં સુધી બહાનાં ઊભા રહેવાના કે પૈસા નથી, વખત ખરાબ છે...' અરે, સમજો કે વખત ખરાબ નથી, આપણે ખરાબ છીએ. ખરાબી તો જ દૂર થાય જો દિલ ધર્મનું બની જાય. **'ધર્મે મને આવો સુંદર માનવ ભવ અને જૈન શાસન આપી મારા પર અનંત ઉપકાર કર્યો છે. હજી પણ ભવિષ્યમાં એજ ઉપકાર કરનાર છે, એની ખાતર કે એના આદેશ પાછળ હું શું ન કરું ? એને ઘેબર પીરસી મારે ઘેંસ ખાવા બાકી રહે, એમાં જાતને મહાન ભાગ્યશાળી માનું.'**

**પૈસા કોના ?**- ધર્મની કદર નથી, તેથી કાળી વાસનાઓ ફાલેફૂલે છે. એમાંની આ એક અયોગ્ય વાસના છે, 'પૈસા મારા છે, મારે કુટુંબ છે, વખત ખરાબ છે ?' આવી કેઈ ઘેલછાઓ છે. વખત ખરાબ આવ્યો લાગતો હોય તો તો પુણ્ય વધારવા માટે આવા પરમાર્થના કાર્ય વધુ કરવા જોઈએ. **"જ્યારે પૈસા મારા" છે, એવું લાગે છે, ત્યારે માણસ મૂઢ બનેલો હોય છે. કેમકે "ખરેખર પૈસા કોના છે એ જોવું ભૂલાયું છે."**

## પૈસા કોના ? આપણા કે પ્રભુના ?
## એક વિવેકી મારવાડીનું દૃષ્ટાન્ત.

પોતાની માતાને લઈને એક મારવાડી ગયો શ્રી સિદ્ધગિરિની યાત્રાએ. એની માએ વર્ષીતપ કરેલો, તેના પારણા નિમિત્તે ડોશીએ વર્ષીતપ ઉપર અંતે પાછી અઠ્ઠાઈ કરેલી ! એ આમેય વર્ષીતપમાં સુકાઈ ગયેલી, અશક્ત થઈ ગયેલી. તે



અઠ્ઠાઈમાં તો સાવ ઢીલી ઢચ ! હવે ગિરિરાજ ઉપર ચઢવાની શક્તિ ક્યાંથી લાવવી ?

છોકરે ડોળીવાળાને બોલાવ્યો.

"બાપા ! દસ રૂપિયા લઉં." ડોળીવાળો કહે છે. 'બાપા'ના સંબોધનમાં કેવી મિઠાશ છે ? પછી દસ શું સો કહે, તોય સામાને ગુસ્સો ન આવે. બોલવાનીય રીત હોય છે. સાધર્મીના ઉદ્ધારમાં એય જરૂરી છે. આ કહે છે, 'દસ હોય ?'

"તે આજે દિવસ કયો છે, બાપા ? આમ હવડાં ઉપર પુગાડી દઈએ."

"હું તો રૂપિયા પાંચ આપું. ડોસી તો જો, રૂના પુમડા જેવી હલકી છે !"

"આજે દસ રૂપિયામાં જરાય ઓછું નહિ"

આને દસ ખરચવા નથી તેથી "સારું," કહીને માને કહે છે, "મા, આવી જા મારી ખાંધ પર." લટ્ઠ કાયા. શાથી ? જીવન સીધું, વ્યસન નહિ, શ્રમ ખરો, ખોટું ખાવાનું નહિ. ડોશી હાડપિંજર જેવી. પાછી ઊંચકવાની શરમ નહિ. કેમ ? પૂજ્ય માતા છે, પૂજ્ય તપસ્વિની છે, પૂજ્ય ગુણીયલ સાધર્મી છે. આ ભાવો તો આજે ગયા ને ? હા કહેતા મા. આજના કાળની વાત છે. નવજવાને થોડું ઊંચકી, થોડું ચલાવી, એમ કરી માતાને ઉપર દાદાના દરબારમાં પહોંચાડી દીધી. ત્યાં કહે છે, "મા ! બોલ ! શું ઇચ્છા છે ?' "દાદાની પહેલી પૂજા કરવી છે."

કહો તો ખરા, આ કોને કહેતી હશે ? જેને આજેય રૂપિયા પાંચ વધારે પડ્યા, ને ડોળી મા માટે ન કરી, તેને ! પણ છોકરાનો જીવ જુદો છે. એણે તો તરતજ જે બે પાંચ હજાર રૂપિયા લાગ્યા, તે લગાડી પહેલી ઉછામણી લીધી, માને ખૂબ આનંદથી સારી રીતે પૂજા કરાવી ! પછી નીચે પોતાના તરફથી નવકારથી જમણનો ઓર્ડર પહોંચાડી દીધો ! નીચે ઉતરતાં કેઈક દીન દુઃખીને દાન દેતો દેતો ઉતરે છે! આ વાતની ડોળીવાળાને ખબર પડી ગઈ. મારવાડીને ડોળીવાળા કહે છે, "કેમ શેઠ ? પાંચ રૂપિયામાં તો કસર કરતા હતા, ને આટલું બધું ખર્ચી આવ્યા ?"

આ કહે છે, **"તમને ખબર નથી, રૂપિયા તમારા નહોતા, પણ મારા આદેસર દાદાના હતા તે એ જેના હોય ત્યાં જ જાય ને ?"**

**મનનાં ધોરણ ફેરવો :-** ત્યારે હવે હું તમને પૂછું ને કે તમારે ત્યાં કેદમાં પડેલા રૂપિયા કોના છે ? કેદ જ ને, બિચારાને જો માંહી પૂરાઈ જ રહેવાનું હોય તો ?

**મહાવીરનું શાસન પામ્યા છો, તો જરા (૧) મનના ધોરણ ફેરવો, અને (૨) વસ્તુની પીછાણ બદલો.**

(૧) આજસુધી મનનું ધોરણ એવું હતું કે 'જયાંથી તરત સામો પૌદ્‌ગલિક લાભ મળે ત્યાં ખરચવું.' કુટુંબ પણ એ લાભ આપે છે. આડતીયોય એ આપે છે, માટે ત્યાં ખરચવામાં સંકોચ નહિ. એ ધોરણ હવે ફેરવીને એમ કરવાનું છે કે **'જ્યાંથી આત્મિક લાભ મળે ત્યાં પહેલું ખરચવું અને તેય ખૂબ ખરચવું.'** આવા તો કેઈ મનના ધોરણ પલટવા પડશે.

(૨) એમજ, વસ્તુની પિછાણ ફેરવવી જોઈશે. કુટુંબને સાચાં સગાં તરીકે પીછાણો છો, પણ સાધર્મીને તેમ પીછાણવા જોઈએ. સાધર્મીના ઉદ્ધારમાં ખર્ચેલું તો જાણે સોનાના ખેતરમાં વાવ્યું સમજવું પડશે.

માટે જ આજની આ પરિસ્થિતિનો બહુ વિચાર કરો. સીદાતા જૈનો જૈન ધર્મમાંથી નીકળેલા કુમતોમાં કેટલાક તણાઈ જાય, કોઈક અન્યધર્મી બની જાય, જૈનપણાના આચાર-ક્રિયાકાંડ અને સંસ્કૃતિ ગુમાવે-ઇત્યાદિ દુઃખદ સ્થિતિ બનવાનું કારણ શું ? અલબત, ધર્મની સમજ અને ધગશ નથી એ પણ એક કારણ છે; પરંતુ એ સીદાતા જૈનોની સીદામણ પણ કારણ નથી એમ નહિ. એવા દુઃખમાંથી ઉદ્ધાર કરવાના ઉપાય વિચારવાના છે. જો કે આ તો હજી દ્રવ્યદુઃખની વાત ચાલે છે, ભાવઃદુખ કેવાં કેવાં છે, અને એને દૂર કરવાના ઉપાય શા શા, એ પણ વિચારવાનું છે. પરંતુ તે તો આગળ પર. અત્યારે તો પહેલા દ્રવ્યદુઃખમાંથી ઉદ્ધરવાના ઉપાય જોઈએ. આમાં બે વસ્તુ આવશે (૧) સીદાતાએ પોતે શું શું કરવા યોગ્ય છે તે. અને (૨) ઉદ્ધાર કરવા ઇચ્છનારે શું શું કરવું જોઈએ તે. એટલે કે આ બંનેની વિચારણા એ ઉદ્ધારના ઉપાયની વિચારણા બનવાની.

## • કરકસર અને ઓછી જરૂરિયાત. •

ત્યારે પહેલી મુખ્ય વસ્તુ એ છે કે **જીવનમાં ભારેમાં ભારે કરકસર, અને ઓછામાં ઓછી જરૂરીયાત આ બેને મુખ્ય સ્થાન જોઈએ.** આ વસ્તુ બંને એ શીખવાની છે, અર્થાત્ દરેકે શીખવાની છે એથી ખર્ચ ઘણો ઓછો થઈ જવાથી સીદાતાને સીદામણ ઓછી થઈ જાય છે; અને **બીજાનો ઉદ્ધાર કરવાની ઇચ્છાવાળાને** પાસે બચત વધે છે; જેમાંથી ઉદ્ધાર કરવાને અવકાશ રહે છે. આ તો ઊડાઉગીરી અને બિનજરૂરી બાબતોમાં ખોટા ખર્ચ વધારી **મૂક્યા** હોય, ત્યાં પોતે પોતાના ખર્ચમાંથી જ ઊંચો ન આવી શકતો હોવાથી બીજાનું શું ભલું કરવા નીકળે ? વાત સાચી છે કે, પોતાનું જ પેટ મોટું પટારા જેવડું પૂરવાનું કરી રાખ્યું, ત્યારે બીજાનું થોડું પણ કરી છૂટવાની વાત જ ક્યાં ઊભી રહે ?

ત્યારે વિચાર કરશો તો જણાશે કે જીવનમાં વધારે પડતા અને ખોટા ખર્ચ



કેટકેટલા ઊભા કર્યા છે, અને ચાલુ રાખ્યા છે ! આ પરમાર્થ નહિ કરવાનું એક કારણ ધર્મની ભાવનાઓ માંદી પડી ગઈ છે તે તો છે જ, પણ બીજું કારણ માથે આ ખોટા ખર્ચ રાખ્યા છે તે પણ છે. આમાં આજે તો અનેક બાબતો ગણાવી શકાય એમ છે દા.ત. પહેલું તો ખાનપાનની પદ્ધતિ જ જુઓ. પૂર્વે પુરુષોની કેવી રીતભાત હતી, અને આજે તમારી કેવી છે, એ વિચારો. એમાં ટેસ, શોખ, અને ઉડાઉ ખરીદી કેવા વધી ગયા છે ! તે પણ તમે કદાચ સારો કાળ ભોગવતા હોત તો હજીય જુદી વાત હતી, પણ જ્યારે આજે કટોકટીનો કાળ ચાલી રહ્યો છે ત્યારે શા માટે એવી ઉડાઉ અને વિલાસી પદ્ધતિઓ જોઈએ ? પણ આ તો તમને એક ખોટી ટેવ પડી ગઈ કહો, કે તમે લોકની દેખાદેખી અને શરમમાં પડી ગયા કહો. પણ સવાર પડી કે ચાહ, દૂધ નાસ્તો જોઈએ જ; જમવા ટાણે શાક-ચટણી અથાણાં-ગળપણ વિના નહિ ચાલે; પાછું બપોરે ચાહ ગાંઠીયા વગેરેનું ટિફિન જોઈએ; પછી સાંજે તો નિરાંત રહી એટલે ફરસાણ-બરસાણવાળું ઠીક ઠીક ટેસ્ટદાર જમવાનું જોઈએ ! આ બધું શા માટે ? **જૈન જીવનની દુર્લભતા, વિશેષતા અને ઉચ્ચતાનો વિચાર કરો તોય સમજાય કે ખરું ઊંચું કર્તવ્ય તો તપ, ત્યાગ, અને ચારિત્ર જ છે.** તે તો આપણે લઈ શકાયા નથી તો કમમાં કમ કંઈક ઓછો પણ ત્યાગ જીવનમાં ન ઉતારીએ ? આજે જ્યારે કાં તો પોતાના ખર્ચમાં પહોંચાતું નથી. કે કાં તો બીજાને મદદમાં પહોંચાતું નથી, તો પછી ભભકાદાર ખર્ચ શા માટે જોઈએ ? હવે તો સમયને ઓળખી, માત્ર અતિ જરૂરીથી જ નભાવવામાં ડહાપણ છે.

અતિ જરૂરી શું ? સવારના નાસ્તા નહિ; દસ વાગે અને સાંજે તદ્દન સાદું ભોજન એમાંય એવી ટેવ પાડવી જોઈએ કે શાક હોય તો દાળ વિના ચાલે, અને દાળ હોય તો શાક વિના ચાલે. બાકીનું બધું વધારે પડતું છે. પંજાબ, મદ્રાસ વગેરે દેશના રિવાજ જાણો છો ? મુખ્ય ખોરાક સાથે જ વાત, શાક-દાળ નહિ જેવા. આ તો કોણ જાણે ગુજરાતમાં જ રસવતીનું સ્વર્ગ ઉતર્યું છે ! કેટલા ટેસ ! અને કેટલા શોખ ! કેટલાક કહે છે કે, 'પણ આ તો અમારે ત્યાં એવા રિવાજ ચાલી આવે છે કે આ આ રીતનાં ભોજન, કપડાં, સાફસૂફી, તહેવાર ઉજવણી વગેરે ચાલી આવે છે; તે કેમ મૂકાય ? એમ કાંઈ સાવ બાવા જેવા બનાય ? પણ આમ કહેનારને ખબર નથી લાગતી કે **બાપના કૂવામાં ડૂબી ન મરાય.** માનો કે ક્યાંક નથીને બાપ અને એમના બાપને જાણે-અજાણે ઘરના કૂવામાં ડૂબી મરવાનું થયું હોય, તો શું દીકરાએ પણ એમ કરવું ? **આવા લખલૂટ ખર્ચ ઓછા નહિ કરો ત્યાંસુધી નથી પરમાર્થ થઈ શકવાનો, નથી ત્યાગવૃત્તિ કેળવાવાની.**

**સવારના ચા-પાણી છોડવાના લાભ :-** બાકી વહેલા સવાર અને બપોરના

ટંકની જરૂર જ શી છે ? વૈદકશાસ્ત્ર પણ પહેલા પહેલા પહોરમાં એટલે કે સૂર્યોદયથી ત્રણ કલાક સુધીમાં કશું લેવાની ના પાડે છે. ધર્મશાસ્ત્ર તો નવકારશીમાંથી પોરિસિમાં જાઓ તો દસગણું ફળ બતાવે છે, એટલે ? નરકનો જીવ નરકમાં કપાય, છુંદાય, અગ્નિમાં મકાઈડોડાની જેમ ફેરવાઈ ફેરવાઈને શેકાય, વગેરે ઘોર પીડાઓ એક હજાર વર્ષ સુધી ભોગવીને જે કઠોર કર્મના થોક ખપાવે, એટલાં બધાં કર્મ એક પોરિસિના તપમાં છૂટે ! શું ? કહો જો, આ લાભ કેટલો બધો ? અતિશય ! અને એ માટે પોરિસી પચ્ચક્ખાણ કરવા જે નવકારશી છોડે, એમાં નરકનાં દુઃખની અપેક્ષાએ વેઠવાનું કેટલું ? નહિ જેવું ! પાછું ઉપરથી ખર્ચ બચે, તપના સંસ્કાર વધે, સવારે ધર્મ-સાધનાનો એટલો ટાઈમ વધુ મળે, એ બધા લાભ તો જુદા. વળી ભૂખ સારી લાગે, રોગ આવે નહિ ! મોટે ભાગે રોગ પેટના. તે ભારે પદાર્થ, પ્રકૃતિ વિરુદ્ધ પદાર્થ ખાવાથી કે વધુ ખાવાથી. સાદાઈમાં એ ભાગી જાય. ડૉક્ટરના ખર્ચ નહિ. લોકની શરમ ખોટી છે, શું લોક કહેશે ? એજ ને કે 'સવારમાં આમને ચા-પાણીય નથી મળતાં !' એમાં શી મોટી આબરૂ ગઈ ? જતે દહાડે આપણો ધર્મ વધતો જોઈ સમજી જશે કે આ તો સારા ધર્મિષ્ઠ બન્યા છે ! એમાં આબરૂ વધશે. મારવાડ દેશમાં જુઓ બે ટંક જમવું તે માપ, તેમાંય રોજ ખર્ચાળ લીલાં શાક, અને ચટણી અથાણાં નહિ, **"દાલ ઔર રોટી, ઔર સબ બાત ખોટી"** એમાં આરોગ્ય કેવું સરસ ? શરીર શક્તિ પણ પહોંચતી ! આંખનું તેજ નેવું વરસ સુધી પહોંચે એવું ! ચશ્માનીય જરૂર નહિ. જરા મન કાઠું કરી ટેવ પાડશો તો કાંઈ કઠિન નથી. બચાવ ઘણો !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૧૨,તા. ૦૫-૧૨-૧૯૫૩

## (૯) સાધર્મિક ભાઈઓની ભક્તિ અને ઉદ્ધારના ઉપાયો

### ૧. કરકસર

**સાદાઈ માટે (૧) નજીવી કિંમતની વસ્તુ (૨) તેય ભપકા વિનાની વસ્તુ અને (૩) જીવને ગળિઓ ન બનાવે એવી માત્ર સામાન્ય સગવડ સાચવનારી વસ્તુ જોઈએ.**

**શ્રમમાં શરમ નહિ પણ શોભા માનો.**

**પહેરવેશમાં** પણ એવું જ છે. શ્રીમંત માણસો આજે સાદા વેશમાં ઉતરી



જાય તો મધ્યમ વર્ગ માટે મોટો દાખલો બેસી જાય. એને સારું ઉત્તેજન મળે. ત્યારે, કદાચ સુખી એમ કરે કે ન કરે, પણ સામાન્ય સ્થિતિવાળાને સાદા વેશમાં શો વાંધો આવે ? શી આબરૂ જાય ? ધોતી અને ઝભ્ભો ન ચાલે ? હાઈક્લાસ ગંજીફરાક, શર્ટ, જાકેટ, કોટ, ફલેક્સના બૂટ-કેટલો ઠઠારો ? આ તો વેશ ફક્કડ, એટલે પાછો એની ધોલાઈનો મોટો ખર્ચ ! બૈરા બિચારાને એની સાસરવાસર આખો દિવસ એટલી કે એમાંથી ઊંચા જ ન આવે ! એમના જીવનમાં એ, અને તમારે દુકાન, ભભકા વગેરે ? આ વેઠ ? અને વારે વારે કપડાં ધોવાય એટલે એ ફાટે વહેલાં, તેથી નવા વેશ કરવાનો ખર્ચ વધે, આવા ને આવા ઉડાઉ ખર્ચ રાખી પછી બૂમ મારવી છે કે 'અમારું' પૂરું થતું નથી, તેથી શું કરીએ ? ઈન્કમટેક્ષ વગેરેમાં આડુંઅવળું કરવું પડે છે.' કોક તો વળી માગતા ફરે છે ? **"શરમ ન આવે આવું કરતા ? કોણ તું ? શ્રાવિકાની કુખનું રતન ! કુદરતે બિચારીએ તારે માથે સાંજ પડે માત્ર થોડુંક ગમે તેવું સાદું પેટનું ભાડું ભરવા પૂરતી જ જવાબદારી રાખી. તેમાંય ટેવ પાડી આંતરે ઉપવાસ કરીને આપે, તોય ચાલે એવું છે. ત્યારે તું તૃષ્ણા-મમતા અને વિલાસના મોટાં પાથરણાં પાથરી આડુંઅવળું કરતો કે ભીખ માગતો થયો ?"** કોણ આવું સમજાવે ? શું કપડાના ઠઠારામાં જ આબરૂ આવી ગઈ ? પેટ ભરાઈ ગયું ? કપડાં રોજ ને રોજ શા માટે બદલવા પડે ? કેટલાક તો વળી સવારે બદલી બજારમાં જઈ આવ્યા, તે સાંજે પાછા નવા બદલે, આ ધોધમાર ખરચામાં તણાઈ ગયા પછી અંદરનું જોર ક્યાંથી રહે ? ડાહ્યા માણસો તો સમજે છે કે આજની ઝેરી સમાજ વ્યવસ્થા સમજો કે દેખાદેખી, પરંતુ આ અમે ઉજળામણ અને એટીકેટમાં ભલે બહારથી ધોબીના જમાઈ જેવા થઈને ફરીએ છીએ, કિન્તુ એણે જ પરમાર્થના કાર્ય બંધ કરાવ્યા છે. એના પર એક પ્રકારની અમારી બેપરવાઈ કે સૂગ ઊભી કરીને પાપાનુબંધી પુણ્યના ભોગવટા કરાવવા માંડ્યા છે ! **પાપાનુંબંધી પુણ્યનો ભોગવટો એટલે ઝેરના લાડુની મિજબાની.**

ત્યારે જુના વિચારના માણસોના રિવાજ જુઓ કે માત્ર જાજરું જવાનું એક સાદું ધોતીયું જુદું રાખી, બે ત્રણ દિવસે ચાલુ ધોતીયું અને ઝભ્ભો બદલે; એટલે કેટલો ખર્ચ ઓછો ! એવા પણ માણસ સાંભળ્યા છે કે જે ઉનાળા જેવા તાપ અને પરસેવાની ઋતુમાં પણ અઠવાડીયામાં બે વાર અને શિયાળામાં તો વળી એક વાર ધોતીયું-ઝભ્ભો બદલનારા છે. ત્યારે પાટીદારમાં પચીસ-ત્રીસ લાખના એક આશામી ગૃહસ્થ તો વરઘોડા કે એવા પ્રસંગોએ પહેરવાના કપડા છ મહિને એકવાર બદલનારા જાણ્યા છે. આ બધુંય ધ્યાનમાં લઈ અમલમાં ઉતારાય તો ખર્ચાની ઘણી બૂમ ઓછી થાય એમ છે.

**આયોચિત વ્યય :-** વાત એમ છે કે નિર્ધાર જોઈએ કે આવક પ્રમાણે જ વ્યય રાખશું. માર્ગાનુસારીનું એ લક્ષણ છે. એમ કરવામાં બહારની સફાઈ કે આડંબર કદાચ બંધ થાય તેથી થોડી વાર લોકો વાતો કદાચ કરેય ખરા, પણ જો તેમાં જરાય નાનમ ન માની, ખૂબ સાદાઈ, કરકસર કેળવાય, અને જરૂરિયાતો પર જબરજસ્ત કાપ મૂકાય તો એથી એવા સરસ ટેવાઈ જવાશે, અને ખર્ચમાં એવો સરસ ફરક પડશે, કે જેથી ત્યાગ અને પરમાર્થ સુંદર રૂપમાં ખીલી ઉઠશે ! મોટાઓ જો એ સાદાઈ વગેરે અપનાવે તો તો એમણે એ રીતે મધ્યમ વર્ગને સાદાઈનો ધડો દેખાડી એક પ્રકારનો ઉદ્ધાર કર્યો ગણાશે.

## ૨. બીજા બિન જરૂરી ખર્ચ

ભૂલશો નહિ કે આ જરૂરિયાત પરનો કાપ મેળવવા બીજું ઘણું ઘણું ઓછું કરવું પડશે. દાખલા તરીકે, સિનેમાના ખર્ચ તદ્દન નકામા છે; હોટલના ખર્ચ તદ્દન નકામા છે; મનની મોજ કે ખાલી દુનિયાભરના ગમે તેવા ગમે તેવા સમાચાર જાણવા માટે દૈનિક સાપ્તાહિક વગેરેના ખર્ચ નકામા છે. ફેશનના બૂટ, કે બીજી સગવડોના ખર્ચ નકામા છે. ત્યારે કેટલાક વાહનના ખર્ચ વધારે પડતા હોય છે. થોડું ચાલી નાખો તો શો વાંધો આવે ? તેમ કુલી પોર્ટરના કેટલાક ખર્ચ નકામા હોય છે. ખરીદી બીજાના દ્વારા કરાવવાળાના ખર્ચ વધે છે; તેમ પોતેય ખરીદીમાં નવાબના શાહજાદા થવાથી ખર્ચ ખોટા વધે છે, આ પ્રત્યેક આમ બહુ મોટો બચાવ ન ય દેખાય; પણ સરવાળે બહુ ફરક પડે છે. ઘણો મોટો બચાવ થાય છે ! પ્રભુશાસનમાં જન્મ્યા છો તેથી એ બચાવી પ્રભુની ભક્તિ વગેરે વધારો, પછી જુઓ એનો આનંદ, ખોટા ભોગ અને પાપથી બચ્યાનો આનંદ, તથા ઈન્દ્રિય સંયમનો આનંદ.

આજે તો ડૉક્ટરી ખર્ચ પણ ઘણા વધી ગયા. પહેલા તો આરોગ્ય, સાદાઈ અને ત્યાગના નિયમ નથી સાચવતા, એટલે મંદવાડ આવે છે. નહિતર મંદવાડ શાનો ? પછી ડૉક્ટર પાસે જ જવા જોઈએ છે. અરે એક બે ઉપવાસ ખેંચી કાઢે તો તાવબાવ સાફ થઈ જાય એમ હોય, પણ ઊલટો રોગ વધારવાનું ઔષધ કરે ! કહ્યું છે **'अभिनवोदीर्णे ज्वरे भेषजं विषम्'** અર્થાત્ નવા તાવમાં ઔષધ એ ઝેર સમાન છે. ત્યારે અહીં પાછું દવાથી નહિ, ઇન્જેકશનથી તુર્ત કામ પતાવવા જોઈએ છે. ડૉક્ટરે રોજ આવી જોઈ જવું જોઈએ. શું એમ રોગ મટી જશે ? ના, એને ખર્ચ કેટલો જંગી ? શું કોઈ જ સત્ત્વ રહ્યાં નથી કે-થોડું સહન કરી લેવું ? સંયમ રાખી લેવો ? 'આ વિલાયતી ઢબની ધાંધલ અમારે ન જોઈએ. દેશીમાં પણ



લોભી વૈદોની કિંમત ભસ્મો વગેરેની દવાઓ ન જોઈએ' આ નિર્ધાર કરી યોગ્ય વર્તાવ જોઈએ.

તેમ એ પણ સમજવું જોઈશે કે હાલતાં ને ચાલતાં વપરાતી કેટલીક પેટંટ દવાઓ, ગોળીઓ ચૂરણો, મુખવાસો વગેરેના ખર્ચ પણ આ આપદ કાળમાં નકામા છે. આમાંય કદાચ લાગે કે આમાં ક્યાં મોટો ખર્ચ એમ કરી નાખીએ છીએ ? પરંતુ તમે એ એકેક બાબતનો આખા વર્ષનો ખર્ચ ગણો તો તમને સરેરાશ માલમ પડશે કે મહિને બસોને બદલે દોઢસોમાં કે એથીય ઓછે ખર્ચે નભે એમ છે. એ બચાવનો પછી કેવો સરસ પરમાર્થ થઈ શકે ? ત્યારે 'હેં શું મહિને પચાસનો ખર્ચ વધારે થઈ રહ્યો છે ?'-એમ જો તમને લાગે, તો તમે તો વેપારી છો ને ? હિસાબ માંડી જુઓ, એટલે તરત ખબર પડશે. હવે આ ગણત્રી કરવાનું કામ અમારું નથી, બાકી તમે ગણીને ચોંકી ઉઠશો કે 'આ તે કેવા બિનજરૂરી અને ઉડાઉ ખર્ચ અમે ચલાવ્યે જઈએ છીએ ? જીવન જીવવામાં જે જરૂરી નથી, અર્થાત્ જેના વિના જીવી શકીએ એમ છીએ, તે બંધુ બિનજરૂરી ગણાય. એવાં ખર્ચ તે બિનજરૂરી ખર્ચ, ત્યારે અન્ન વસ્ત્ર વગેરે જે જીવન જીવવામાં જરૂરી જ છે, તેમાં પણ કરકસરનો ઉપયોગ ન રાખતાં 'હવે એમાં શું અને એટલામાં શું ?' એમ કરી કરી વધુ ખર્ચ કર્યે ગયા તે ઉડાઉ ખર્ચ. કરકસર માટે પૂર્વના કાળમાં કેવું ડહાપણ વપરાતું એનો એક દાખલો જુઓ. બાઈઓ કપડાં ધોવા કુવે, તળાવે કે નદીએ જતી, તે કપડાંને સાબુ કે ખાર ઘેર દઈને જતી. કેમ વારુ ? બે બચાવ માટે. એક તો, જો સાબુ કે ખાર તળાવે લઈ જાય તો વળી કોઈક માગે, ના કહેવાય નહિ, એ ખોટો ખર્ચ વધે. બીજું એ કે અનર્થદંડનું પાપ લાગે. માત્ર શરમમાં તણાઈ આરંભ સમારંભના સાધનનો બીજાને માટે ઉપયોગ કરવા આપવો એ અનર્થદંડ. એ કાંઈ પોતાનું જીવન જીવવામાં ઉપયોગી નથી, ડહાપણથી તળાવે લઈ ન જાય તો અન્યને આપવાનો ક્યાં પ્રસંગ આવે ? કહો, કેવા સરસ બે બચાવ ? ઘેર પણ નોકરના હાથમાં એનો ઉપયોગ ન મૂકે. આ તો એક દાખલો છે, એવા તો કેટલાય દાખલા કરકસરના અને ઓછી જરૂરીયાતના ટાંકી શકાય, પણ એ બધા જ સમજાવવાની જરૂર નથી. **માત્ર તમે મન પર લો કે 'મારા સંસારી જીવનમાં જ્યાં જ્યાં ખર્ચ અને વસ્તુના રક્ષણ કે ઉપયોગની વાત અંગે ચાહ્ય તે મારી જાતે કે કુટુંબી-નોકર વગેરેના હાથે, પણ તેમાં મારે વધારે પડતું તત્ત્વ શોધી કાઢવાનું અને તે દૂર કરવાનું જ; મારે શક્ય એટલો બચાવ કરવાનો-કરાવવાનો. આ બચાવ પણ સાધર્મી ઉદ્ધાર વગેરેમાં ખર્ચવાનો, કે નવા ધંધા ઓછા કરવા પડે એ રીતે રક્ષવાનો.'** આ થાય તો બધી આવડત આવે, પણ અફસોસ એ છે કે આ પણ વિચાર નથી ત્યાં ફેશન



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

વગેરેથી બચવાની શી વાત કરવી ?

હવેના જમાનામાં તો વળી પફ-પાવડરનાં ખર્ચ પણ એક રકમ બને છે. અમને તો સાંભળતાં આશ્ચર્ય થાય કે કેટલીક વિધવા બાઈઓને પણ બહાર નીકળતા જરા મોંઢા પર પાવડરનો સામાન્ય હાથ ફેરવી લેવા જોઈએ છે અરે ! હવે કોને બતાવવું છે ? આર્ય દેશમાં સૌભાગ્યવંતીને પણ એ જરૂરી નથી તો વિધવાને ? કુદરતી કાળી ચામડીને આમ કૃત્રિમ ધોળી કરવાનો આ અભખરો શો ? એમાં એ ક્યાં ખબર છે કે જરાક ક્યાંક થોડા ભાગ પરથી પાવડર ખસી ગયો અથવા બીજા અવયવ પાવડર વાળા રહ્યા તો કેવું બેહુદું ? **આજના ઉદ્ભટ વેશ અને આવી ઉદ્ભટ રીતિભાતિ પ્રભુના ભાખેલા પાંચમાં આરાના ભાવનો તાદશ ચિતાર ખડો કરી આપે છે.** કહ્યું છે ને ? 'સ્ત્રીઓ ગણિકાના જેવા વેશ ધારણ કરશે, બીજા ચેનચાળા પણ તેવા જ કરશે.' અસ્તુ, કહે છે મહિને પફ પાવડરનો જ પાંચ દસ રૂપિયાનો ખર્ચ થઈ જાય છે, એટલે વાર્ષિક કેટલો ? એટલા કોઈ સાધર્મી બંધુને આપ્યા હોય તો ?

ત્યારે બીજી ફેસીલીટી, ફેશન અને ફેન્સી ચીજો અર્થાત્ સગવડ શોખ અને ભપકા પાછળ પણ આજે બેસુમાર ખર્ચ થઈ રહ્યા છે. ફર્સ્ટ ક્લાસ ચામડાના પર્સ-પાકીટ અને બેગ, ઊંચી ક્વોલિટીના પેન-ચશ્મા અને ઘડીયાળ, અપટુડેટ રેડીઓ સેટ અને ફરનીચર..., બોલો બોલો બીજું શું શું ? આ તમને ખબર પડે છે કે.

(૧) આ બધા રાક્ષસી ખરચા તમારા કેટકેટલા સુલભ એવા સત્ પુરુષાર્થને લૂંટી રહ્યા છે ?

(૨) 'ખરચા વધી ગયા, ખરચા વધી ગયા' ની કેટલી ભયંકર ચિંતાઓ હૈયાને કોરી રહી છે ?

(૩) એની બૂમો કેવી દીનતા કરાવી રહી છે ?

(૪) માગણ વૃત્તિ, અનીતિની ભાવના કે આરંભ સંમારભમય અધિક વેપાર ધંધાદિ કરવાની તૃષ્ણા કેટલી કેળવાઈ રહી છે. ?

(૫) ફેન્સી ચીજો પાછળ ભયંકર જુલ્મ કે મહાકારખાનાના આરંભને કેટલું અનુમોદન અપાઈ રહ્યું છે ?

આ ઘણું તો ખોટા ખર્ચને લીધે છે, જરા બહાર નીકળ્યા કે ઇંગ્લીશ શોખીનને હાથમાં ટાઈમ્સ જોઈએ, અને બીજાને જન્મભૂમિ જેવું કાઈ જોઈએ જ. વાંચવાનું કેટલું ? નામનું, કેઈકને તો ફુરસદ જ નથી, તે શું વાંચે, રાખ ? છતાં એનો કુલ વાર્ષિક ખર્ચ ૫૦-૬૦ રૂપીયા થાય ને ! એમાં પાછા રવિવારના સાપ્તાહિક વગેરે જુદા ! નવ નવી નોવેલ નવલિકાના શોખીનને તો વળી ઓર ખર્ચ ! કેટલો ?



કહો જો, જે અરિહંત પરમાત્માની ભક્તિ દેવો, ઈન્દ્રો જેવા કરે છે, એ પરમ પુરુષની ભક્તિ કરવામાં દૂધ કેશર, બરાસ, ફૂલ, વરખ, બાદલું, અંગલુંછણા મલમલ, ફળ, નિવેદ વગેરેનો તમે સ્વયં કેટલો ખર્ચ રાખ્યો છે ? જુજ કે કાંઈ નહિ, કેમ ? કારણ કાંઈ ? આ બધામાં ખર્ચેલું નાણું તો પડી ખોવાઈ ગયા બરાબર ને ? સુંદર કસ્તુરી-મિશ્રિત ભીમસેની બરાસથી પ્રભુના અંગે સારી રીતે વિલેપન કરો એ ખર્ચ તો જાણે વેડફાઈ ગયા જેવો, અને પોતાના કે પ્રાણ પ્રિયાના અંગે થતા પોમેડ હેઝેલીનના વિલેપનના ખર્ચ સફળ ? ઉગી નીકળશે ? 'અમે આવું ઊંધુ માનતા નથી' એમ તમે કહેવાના પણ **હું પુછું છું કે તમારી સાંસારિક ખર્ચાળ, ભપકાબંધ અને લેઈટેસ્ટ ફેશન-ફેસીલીટીઓની હરિફાઈ એવી મંદિર-ઉપાશ્રય, પાઠશાળા, સમ્યગ્જ્ઞાન, સાધર્મી ભક્તિ-ઉદ્ધાર વગેરે અંગેની તમારા પોતાના ખર્ચની યોજનાઓ કેટલી રાખી છે ?** શું પૂછું છું ? પેલીની હરીફાઈ કરે એવી યોજનાઓ ? નથી ને ? તો, છાતી ઊંચી કરી શકાય એમ નથી.

## • સાધર્મી-ઉદ્ધાર વગેરે શુભ ખાતાની ઘરપેટી •

પણ હવે આ ડીંડવાણું બદલવા જેવું છે, આ ભોગના ભપકાવિલાસમાં ઈનામ મળવાનું નથી, પણ પરભવથી લાવેલામાંથી ઊલટું ખોવાવાનું છે ! આડંબર-સગવડો પાછળ ચાર અબુઝની આંખમાં આપણે અપટુડેટ દેખાયા તેથી શું વળ્યું ? એમાં કોઈ વિશેષતા નથી, એમ **જો ખર્ચમાં પહોળા થઈ પરમાર્થ ચૂક્યા, તો તેથી તો આગળ ઉપર આપણી જ કરણીના લીધે, આપણે માર ખાવાની મૂર્ખતા ઊભી થશે !** સાદાઈ પહેલી અપનાવો. એથી બચેલા ખર્ચને પરમાર્થમાં વાળી શકશો.

હજીય સુખી પહોંચતા માણસો **જો ઉપર કહેલ બધીય બાબતો પર કાપ ન મૂકી શકે, તો પણ એટલું તો કરી શકે, કે એ કરાતા બધાય ખર્ચની હારોહાર શુભ ખાતામાં રકમ જમે કરી શકે,** એ માટે લાંબી ભાંજગડ નથી. એક શુભ ખાતાની પેટી ઘરમાં રાખી હોય, તો તેમાં બીજા ખર્ચની સાથોસાથ અમુક અમુક પૈસા નાખે જવાથી જમા થતું જશે. સુખી અને મધ્યમ, બધાને આ કરવાનું છે; દા. ત ત્રણ આનાનું છાપું ખરીદ્યું તો **નાખો એક આનો પેટીમાં;** રૂપીયાનું દૂધ લાવ્યા, તો ચાર આના **જવા દો પેટીમાં... એમ** કર્યે જવાથી કાંઈ ભારે લાગે નહિ, અને વર્ષે રકમ મોટી નીકળે ! ત્યારે વળી બજારમાં અમુક ખર્ચ થવાની આશાથી વસ્તુ ખરીદવા ગયા હતા, પણ તેથી ઓછો ખર્ચ લાગ્યો, તો ધાર્યામાં બચાવ થયો ને ? એ **ધકેલો પેટીમાં**. ત્યારે આજે સ્નેહીઓને જમણ આપવું છે; એનો પચીસ રૂપિયાનો ખર્ચ છે, તો ત્રીસનો સમજી પાંચ રૂપિયા પધરાવો **શુભની પેટીમાં**. શું સમજ્યા ?



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

આટલામાં ગભરાઈ ગયા ? આ પેટી તો પરમાર્થનું એક વ્યસન લગાડી દેશે ! બહારથી આવ્યા, ખીસામાં પરચુરણ ચાર આઠ આના પડ્યા છે, આમેય બે પાંચ રૂ. બહાર ખર્ચી આવ્યા છીએ. તો આટલા આપો **શુભની પેટીને**; એમ મન થશે. **સંસારના ખરચાના ક્યાં ઓછા સ્થળ છે ? ત્યાં દરેક વખતે પેટીનો હક યાદ આવશે.** એમાંય છોકરાઓ માટે જુદી પેટી હશે તો એમનેય, પુણ્યનો લાભ સમજાવીને કરકસર અને ઓછી જરૂરીયાતવાળા બનાવી, શુભમાં જમે કરતાં કરાશે.

**આ અસાર સંસારમાંથી સારું કમાઈ જવું હોય, કમાવરાવી જવું હોય તો આવા અનેક રસ્તા છે, અને લેવા પડશે.** એને અમલમાં મૂકતાં પછી તો અનેક સ્થળે કરકસર કરવાનું અને જરૂરિયાતો ઘટાડવાનું દિલ જાગે છે, ને ધગશ સાથે અમલ રહે છે ! એ અત્યંત આવશ્યક છે. આ તો સામાન્ય ખર્ચની બાબતો અંગે વિચાર્યું, પણ વિશેષની બાબતોમાં તો આજે લખલૂટ વ્યય ચાલી રહ્યો છે. દા. ત

**આજની લગ્ન પદ્ધતિ** ! કેવા જંગી ખર્ચ ! અને તે પણ ફોગટમાં જતા ખર્ચ ! પૂર્વે તો નાતમાં લાણું કરતાં કે જમણ આપતાં, તો ત્યાં તો એમ કહેવાય કે એટલું જૈન ભાઈઓના ઘરમાં ગયું કે એમની ભક્તિ થઈ, પણ આજે **ભપકાદાર કંકોત્રીના ભારે ખર્ચ, આલીશાન માંડવાના ખર્ચ, રોશની, ચિત્રો, વગેરે ડેકોરેશનના ખર્ચ,** ઈત્યાદિ સઘળું કેટલા બધા મોટા આંકડામાં અને તેમાંથી જૈન ભાઈઓના ઘરમાં કેટલું જવાનું ? શું એ કંકોત્રી એને કરન્સી બને ? માંડવાને ચાટી પેટ ભરાય ? ડેકોરેશન વસ્ત્ર આપે ? શી જરૂર છે આમ તણાઈ જવાની ? શું આમાંથી મોટો બચાવ ન થઈ શકે ? શું આવા ખાસ પ્રસંગે ખાસ કરીને સાધર્મી ભાઈઓના ઉદ્ધાર માટે ન ખર્ચી શકાય ? શ્રીમંતો કદાચ કહે કે 'એય અમે કરીએ છીએ,' પરંતુ કેટલું કરો છો ? અને તેમાંય આમાં મોટો કાપ મૂકી બચાવ કરો તો એનાથી કેટલો વધુ ઉદ્ધાર થઈ શકે ? સાથે સાથે તમે સાદાઈ રાખો એટલે તમારી નીચેની કક્ષાવાળા જીવોને સાદાઈનું કેવું સરસ પ્રોત્સાહન મળે ? આ તો મધ્યમ વર્ગ અજ્ઞાન અને લોકહેરીમાં પડેલો છે, તેથી અમારા ઉપદેશને બદલે શ્રીમંતોનું આચરણ જુએ છે, અને એને અનુસરે છે. છોકરાની સગાઈ કરતાં પહેલાં શ્રીમંતો જેમ છોકરીવાળાને પૂછે છે કે 'ગ્રેજ્યુએટ થઈ છે ?' તેમ આજે મધ્યમ માણસો પૂછતા થઈ ગયા ! ચાલ્યા ! તમારે તે આ જોવાનું ? કે છોકરીનું ધાર્મિક શિક્ષણ કુલાચાર, સતીત્વની આર્ય સંસ્કૃતિ વગેરે જોવાનું ? ગ્રેજ્યુએટ લાવ્યા પછી ખબર છે કે છોકરાને માથે ચઢી બેસશે તો ? સ્વતંત્ર વર્તશે તો ? જુદી કમાઈ, જુદું બેંક ખાતું, જુદું મિત્ર મંડળ, જુદી સભા સોસાયટી એવું બંધુ કરવાનું ગ્રેજ્યુએટ પત્નીને આવડશે. તું એનાથી છોકરાને સુખી કરવાની આશા રાખે છે ? પણ હવે મધ્યમ વર્ગના આવા



ને આવા કેઈ મેનીયા કોણ દૂર કરાવે ? આ એક જબરો ઉપાય છે કે શ્રીમંતો ખૂબ સાદાઈમાં અને આર્યસંસ્કૃતિના પાલનમાં આવી જાય. તેમ એ પણ વસ્તુ છે કે સાધુઓ તરફથી માર્ગાનુસારીના ગુણો ઉપરનો ધોધમાર ઉપદેશ વરસે; પૂર્વકાળના તો વ્યાપક રીતે પરંતુ વર્તમાન દુનિયામાં પણ કોઈ કોઈ સારા સુખી ગણાતા કે ભણેલા ગણાતા કેવી સરસ કરકસર અને ઓછી જરૂરિયાત જાળવે છે. એના દાખલા અપાય.

અહીં એમ ન પૂછતા કે 'સાધુને તે વળી ઉપદેશ કયો આપવાનો ? સમ્યક્ત્વ, દાન-શીલ-તપ, વ્રત, સામાયિક, પ્રતિક્રમણ વગેરેનો આપવાનો કે આનો !'

આવું ન પૂછતા, કારણ એ છે કે ઊંચો ઉપદેશ બરાબર ઝીલાવાના અને ફળવા માટે સારી ભૂમિકાની જરૂર છે. એ ભૂમિકા કરકસરમાંથી અને તૃષ્ણાના કાપમાંથી થવાની છે કારણ સ્પષ્ટ છે. વિચારો 'ખર્ચમાં કરકસરને બદલે લહરાતું કેમ છે ? તેમજ જરૂરિયાતો કાપવાને બદલે વધી કેમ ગઈ છે ?' કહો કે સંસારમાં આસક્તિ છે, ગમતામાં ચિટકાવાપણ છે; અને આકર્ષણ છે. અર્થાત્ ખેંચાવાપણું વધી ગયું છે. પછી એ ઉડાઉગિરી અને વધુને વધુ જરૂરિયાતોના પોષણ દોષને વધારે છે. આ આસક્તિ અને આ આકર્ષણથી જેનાં હૈયાં ભરચક ભરેલા હશે, એને સામાયિક કદાચ કરાવશો તો કરી તો દેશે, પણ એની અસર કેટલી ? ધર્મનો રંગ કેટલો ? માટે તો આજે પ્રભુની કોઈ મોટી પૂજા રાખનાર કેટલાકના ઢંગ જોતા ખેદ થાય છે. સંસારની આસક્તિ અને આકર્ષણ ઘટાડવાનો આ પણ એક રસ્તો છે કે સાધર્મીના ઉદ્ધાર વગેરે સુકૃત કરવા માટે સાંસારિક બાબતોમાં ખૂબ કરકસર કરી અને જરૂરિયાતો ખૂબ ઘટાડી એ બચતથી સુકૃત કર્યે જવા.

**પ્રચારના માર્ગે :-** આની સાથે બની શકે એવી એક એ પણ બાબત છે કે કરકસરનું અને જરૂરિયાતમાં સંકોચ કરવા અંગેનું જો સારું શિક્ષણ ઘેરે ઘેરે પ્રચાર પામે, તો પણ એની સારી અસર થવા સંભવ છે. એ બાબતમાં લોકોને શિક્ષણની ઘણી જરૂર છે.

(૧) પશ્ચિમના દેશોમાં લોકમાનસ કેળવવા માટે એવું કરવામાં આવે છે કે જે વસ્તુ છોડાવવી હોય, તેના નાના મોટા ગેરલાભો બતાવવામાં આવે છે, અને સાથે એના સચોટ ચિત્રો તથા પ્રેરક શબ્દોમાં મોટા પોસ્ટરો, પુસ્તિકાઓ, વગેરેનો ધૂમ પ્રચાર હોય છે. લોકમાનસમાં એનાથી સારો પલટો આણી શકાય છે. અમેરિકા જેવામાં ખાસ કરીનેય તેવી પ્રેરક બુકોનો તો એટલો બધો પ્રચાર હોય છે. મહિને બે-ચાર મહિને કે વર્ષે વર્ષે નવી નવી આવૃત્તિઓ છપાવવી પડે છે ! તે પણ એક પુસ્તકની એટલી બધી આવૃત્તિઓ છપાઈ હોય છે, કે જેની આજ સુધીમાં લાખો



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

નકલો વેચાઈ ગઈ હોય છે. એમ સમજતા નહિ કે આ પ્રેમલા-પ્રેમલીની કથાઓ કે શૃંગારી બિભત્સ લખાણો હોય છે; એ તો મનુષ્ય સ્વભાવને સમજવાના, અને જીવનમાં ઉદારતા, સેવાભાવ, મલતાવડાપણું, ખામોશ, લોકપ્રિયતા વગેરે માર્ગાનુસારી ગુણોને કેળવવાના લખાણો હોય છે. એવા સાહિત્યના પ્રચારથી કેઈ માણસોના જીવનમાં પરાવર્તન થયેલા છે. જો કે અફસોસ એ છે કે એને ત્યાં આર્ય દેશના જેવી આત્માની, પુણ્ય-પાપની, પરલોકની, અને મોક્ષની વાતો નથી; છતાં વર્તમાન જીવનમાં ગમે તેવા સંયોગમાં સુખ-શાંતિનું જીવન જીવવા માટેના શોધનો કરી એનો મોટો પ્રચાર કરે છે. (૨) તે માટે ખાસ ભાષણ-વાર્તાલાપોની પણ સંસ્થાઓ હોય છે. એના તથા સાહિત્યના અને ભાષણોના પ્રચારથી જન સમાજમાં માનવતાના અમુક ગુણો ખીલવવાની મહેનત એ લોકો કરે છે. આ આત્મવાદ નહિ પામેલામાં ! તો જ્યારે આપણે ત્યાં કામક્રોધાદિ અંતર કષાયો, તૃષ્ણા-મમતા-ફેશન-ફીશીયારી-ભોગવિલાસ-સ્વાર્થાન્ધતા વગેરેથી થતી આ ભવમાં વિટંબણો ઉપરાંત પરભવમાં નીપજતા ભયંકર દુઃખ, દુર્ગતિમાં ભ્રમણ, અણમોલ માનવભરની બરબાદી, અને એથી મોક્ષનું દૂર પડી જવું વગેરે ભયંકરતાઓ સમજીએ છીએ, ત્યારે એ દોષોને દુર કરવામાં કેમજ બેદરકાર રહીએ ? શા માટે વિવિધ ઉપાયોથી શહેરે શહેર અને ગામડે ગામડે કમમાં કમ જૈન બંધુઓને એવા સજ્ઞાત ન બનાવીએ કે જેથી એમને જીવનમાં ભારી કરકસર, બહુજ ઓછી જરૂરીયાત, તથા માનવતાને અજવાળનારા બીજા ગુણો અને ધર્મને આદરતા કરવામાં આવે ? આ જો કરાય, તો અમુક અંશે તો એનાથી સાધર્મિકોનો મહાન ઉદ્ધાર થાય એમ છે.

અહીં એક પ્રશ્ન એમ થવો સંભવિત છે કે પૂર્વે ક્યાં આ રીતના શિક્ષણ-સાહિત્ય-ચિત્ર વગેરેનો રિવાજ હતો ? પણ

એના ઉત્તરમાં એટલું જ સમજવું બસ છે કે જ્યારે આ કાળે અમુક જાતની પ્રવૃત્તિ અને રીતરસમોથી લોકમાનસને જુદી દિશામાં આકર્ષી લીધું છે, તો તમારે પણ એને ત્યાંથી વાળી ધાર્મિક દિશામાં આકર્ષવા શાસનની મર્યાદામાં રહી કેટલાક ઉચિત નવા માર્ગો અપનાવવાનું અનિવાર્ય છે.

## ૩. સાદાઈ

જીવનમાં જરૂરીયાતોના ઘટાડા ઉપરાંત સાદાઈ પણ બહુ જરૂરી છે. કેટલીક વાર ઓછી વસ્તુથી ચલાવી લેવામાં આવે છે; પણ એ વસ્તુ બહુ કિંમતી, બહુ ટેસ, ભપકાવાળી કે બહુ સગવડ સાચવનારી હોય છે. આ પણ ઠીક નથી. કેમકે કિંમતી હોવાથી ખર્ચનો બચાવ નથી થતો દા. ત જમવામાં બેજ ચીજ વાપરતો



હોય પણ તે શીરો-પુરી, કે બદામપુરી અને દુધ, કે ઘી ને કેળાં, એવું કાંઈ હોય, તો પોતાની જ પતરાળી ખર્ચાળ રહેવાની. પછી સાધર્મીને ક્યાં સંભાળવાનો ? ખરી રીતે આ પણ એક ભ્રમણા છે કે આવા કિંમતી પદાર્થથી સારી શક્તિ રહે તો સારું જીવી શકાય. વસ્તુસ્થિતિ એ છે કે ભારે પદાર્થો રોજ હોજરી પચાવી શક્તિ નથી. તેમજ એનાથી સાત્વિક ભાવ વધતો નથી, પણ ઊલટું ઘણીયવાર તામસભાવ વધે છે. એવું જ બીજી કિંમતી ચીજ વસ્તુ આત્માના મોહને વધારે છે.

ત્યારે સસ્તી છતાં બહુ ટેસ કે ભપકાવાળી વસ્તુમાં પણ સાદાઈનો ગુણ નથી ખીલતો દા. ત. ભજીયાં, ખમણ-ઢોકળાં વગેરેના ચાલુ ઉપયોગ, તેવાં ફર્નીચર, આર્ટીફીશીયલ સીલ્કના કપડાં કે આર્ટીફીશીયલ મોતીના આભૂષણો.

તમે પૂછો કે ભલે એ ભપકાવાળા રહ્યા, પણ બહુ ખર્ચાળ તો નથી, તો સાધર્મી ઉદ્ધારને શો વાંધો આવ્યો ?

આનો ઉત્તર સીધો પણ બહુ યાદ રાખવા જેવો છે. તે એ કે એય જીવનમાં નિરુપયોગી મોહ વધારી મૂકે છે. એ એવો કે પછી એ પ્રભુભક્તિ-ગુરુસેવા-સાધર્મી ઉદ્ધાર વગેરે પરમાર્થના કામ પર દૃઢ રાગ નથી જામવા દેતો. દૃષ્ટિ ત્યાંને ત્યાં પોતાના ટેવ-ભપકામાં ચાલી જાય છે, પછી ભલે એ સસ્તું ખોળશે.

(૩) એવું જ સસ્તુ પણ બહુ સગવડ આપે એવી વસ્તુના ઉપયોગમાં પણ સાદાઈનો ભાવ નથી રહેતો; તેથી એ પણ એક પ્રકારના મોહને વધારી પરમાર્થના કામને ધક્કો પહોંચાડે છે. ત્યાંય ધ્યાન એ રહ્યા કરે છે કે જરૂરિયાત ભલે ઓછી રાખવી, પણ સારી ફેસીલીટી, સારી સગવડ સચવાય એવી વસ્તુ વાપરવી. માણસે બહુ સગવડના લાલચુ-લોભીયા ન બનવું જોઈએ. એમાંય આત્મા ઠગાય છે; મન જડવૃત્તિઓવાળું બની જાય છે. એના બદલે થોડું સહી લેવાની સગવડ સાથે બીજાની દૃષ્ટિએ ગણાતી થોડી અગવડ વેઠી લેવાની ટેવ જોઈએ. સાદાઈનો ગુણ તો આવશે, તો ખીલશે; અને એ પછી વારે વારે જાગતી સ્વાર્થની દૃષ્ટિને ભૂલાવી દેશે, સાદાઈ જીવનારા છે. તો એ બે પૈસા સારા માર્ગે ખર્ચી શકે છે; જિનના માર્ગે ચાલી જિન બનવાના અભિલાષી છો. તો જિન એટલે કે રાગ દ્વેષને જિતનારા બનવા માટે વૈરાગ્ય અને ઉપશમ કેળવવો જ જોઈએ. અને એ સાદાઈથી કેળવાય. ભૂલશો નહિ સાદું એટલે ઓછું કિંમતી, ઓછા ટેસ-ભપકાવાળું અને સામાન્ય સગવડ સાચવનારું. સાધર્મીના ઉદ્ધાર માટે આ ત્રીજો ઉપાય થયો છે.

## ૪. શ્રમ.

આ પ્રસંગે શ્રમની એક વસ્તુ ખાસ સમજી લેવા જેવી છે. પૂર્વ કાળ કરતાં



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

આજે શેઠાઈ ઘણી વધી પડી છે. પરિશ્રમ કરવો ગમતો નથી, કામ બીજા પાસે કરાવવાનું ગમે છે. આ ચેપ એટલો વધી ગયો કે બહુ સામાન્ય સ્થિતિવાળાને પણ ભલે કાયમ નોકર નહિ તો છૂટક પણ કરાવી લેવા નોકર જોઈએ. શ્રીમંતોના આવા વાદ શા માટે ? એમ તો એવા પણ શ્રીમંત આજે છે કે જેને ત્યાં રસોઈયા નથી, ફાલતું નોકરો નથી, જાતે પરિશ્રમ કરવાનો, અમેરિકામાં એક કુટુંબ એવું જાણવામાં આવ્યું કે જેને ત્યાં શ્રીમંતાઈ છતાં ચાકર નથી, છોકરા-છોકરી વગેરે બધા માટે કાર્યો નિયત કરવામાં આવે છે, જે એમને સહર્ષ બજાવવામાં કાંઈ સંકોચ કે નાનમ નથી લાગતી. કાર્યો એટલે શું સમજ્યા ? માત્ર બજારી ખરીદવા આદિનું જ નહિ, પણ જમેલા વાસણ સાફ કરવાના તે પણ સૌ પોતપોતાના હાથે જ ઉટકી કરી સાફ કરે છે. આમાં ભડકતા નહિ, કે આમ તે હોય ? એમ કરી ખોટું ન માનતા, કારણ કે એ દેશમાં પણ આદર્શવાદીઓ હોય છે; દુકાનમાં નીતિનો આદર્શ, બહાર પ્રેમ ને સંપનો આદર્શ, એમ આ પણ આદર્શ. આ તો તમારે મનમાં મોટાઈ પેસી ગઈ છે, એટલે વાંધો આવે છે. કેટલીક વાર તો એમ બને કે જાણે ગુજરાતીઓને કપડાનો ઠઠારો, વ્યવહારિક રીતભાતનો ઠઠારો, તેમ સ્વાદ પણ બહુ વધી ગયા. કેવું વિચિત્ર ? વીતરાગના સેવક વિરાગી કે વિશેષ રાગી ? જુઓ આગળ, પેલા અમેરિકન કુટુંબમાં પતિ ઓફિસેથી આવીને પત્નીને રસોડામાં અને બીજા કામમાં પણ મદદ કરે, કપડાં ધોવા પણ નોકર નહિ, બધું જ હાથે. શું ? જાતમહેનત ઝીંદાબાદ, તમે જાતે કરો તો જીવની જતના, પાકા પાણીનો માપસર ઉપયોગ, વગેરે કેટલું સાચવી શકો, અને નોકર શું સાચવે ? ત્યાં તો બગીચાનું કામ સંભાળનારા, નાના છોકરા માળી નહિ રાખવાનો બગીચાની ઇચ્છા કે અનુમોદના નથી કરવાની... પણ પ્રભુ પુષ્પનો બગીચો હોય ત્યાં જાત વિવેક હોય તો જીવરક્ષા અને પુષ્પની પવિત્રતા સારી સચવાય.

મૂળ વાત એ છે કે શ્રમમાં શરમ નહિ પણ શોભા દેખાય તો ન પહોંચાતાને આજના કેટલાય ખર્ચ બચી જાય, સીદામણ ઓછી થાય, અને પહોંચતાને સાધર્મીભક્તિ વગેરે પરમાર્થના સુકૃતો ખુલે અને વધે શ્રમમાં, જાતમહેનતમાં શરમ શી ? છતી શક્તિએ અહીં સામાન્ય માણસને પણ એક નાનકડી બેગ પણ કુલી-પોર્ટર પાસે ઊંચકાવા જોઈએ. ત્યારે પરદેશમાં પ્રધાન જેવા પણ ટ્રેન કે પ્લેન વગેરેમાંથી ઉતરતા હોય છે. ત્યારે હાથમાં પોતાની બેગ હોય છે, એવું દેખાય છે આ કેવો દાખલો ? એનાથી પછી બીજાને જાતે ઊંચકવામાં શરમ નથી રહેતી. અહીં મારવાડની પ્રજામાં શ્રીમંતને પણ એવો જ રીવાજ છે. તે બિસ્તર-કે પેટી જાતે ઊંચકી લેવામાં શરમાતા નથી, એથીજ મુસાફરીમાં ચીજ વસ્તુ પણ ઓછી



રાખે છે, તેમ બીજા ય કેટલા કાર્યો હાથે જ કરી લે છે. જાત મહેનતમાં આ લાભ છે કે વધારા પડતી વસ્તુ નીકળી જાય; જરૂરીયાતો ઘટે; ખર્ચ બચે; સીદામણ ઓછી થાય અને સાધર્મિક ભક્તિ વગેરે સૂકૃત વધારે થાય, શ્રમમાં શરીર-આરોગ્ય પણ સારું રહેવાથી, ખોટી દવાઓ, ખોટાં ખર્ચ, તપ, જપ વગેરે ચૂકવાનું ઈત્યાદિથી બચી જવાય છે; માન કષાય કાબુમાં આવે છે; કુટુંબને સારો દાખલો બેસે છે; કુટુંબમાં અરસપરસ સહકાર વધે છે; એથી કેટલાય હુંપદ, કલેશ, ઈર્ષ્યા, દુર્ધ્યાન વગેરે દોષોથી બચી જવાય છે. માણસ રસોઈયા રાખવાથી તો, સાંભળવા મુજબ, ક્યાંક વૈદ-ગાંધીનું સહીયારું ચાલે છે. મોદી વગેરે સાથે સંતલસ જેવી ક્યાંક વૈદ-ગાંધીનું સહીયારું ચાલે છે. મોદી વગેરે સાથે સંતલસ જેવી ક્યાંક ચોરી ચાલે છે, રોજનું ઘી કાઢી આપ્યું હોય એમાંશી ખાસ્સો એક લોચો પોતાની જાડી રોટલીની કણેકમાં ભેળવી દે છે. બતાવે છે કે 'હું તો જેવી તેવી જાડી રોટી ખાઈ લઉં છું.' વિચારો, આજના ચોર નોકરોમાં તમારી ખર્ચની કઈ સ્થિતિ ? ત્યારે ચૂલો સળગાવવામાં, શાક સુધારવામાં, આંધણમાં અનાજ ઓરવામાં, ઘંટી પર દળવા લઈ જવામાં વગેરેમાં આજના અજૈન શેઠ(?) નોકરો જીવરક્ષા શું કરવાના ? તમારા પોતાના છતે જૈન અવતારે કેવા આ ખોટા ખર્ચ, જીવઘાત અને અવસરે અભક્ષ્ય કે અયોગ્ય-ભક્ષણ ? સાધર્મીની ભક્તિ કે ઉદ્ધાર માટે જાતે (૧)કરકસર, (૨) અલ્પ જરૂરીયાત, (૩) સાદાઈ, અને (૪) શ્રમ-એ અત્યંત ઉપયોગી છે. તમે પોતે સીદાતો હોય, તોય એ સીદામણ ઓછી કરવા માટે પણ એ બહુ જરૂરી છે.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨,અંક-૧૩,તા. ૧૨-૧૨-૧૯૫૩

## (૧૦) સાધર્મિક ભાઈઓની ભક્તિ અને ઉદ્ધારના ઉપાયો

મુદ્દો એ છે કે એટલું જો ધ્યાન પર આવી જાય કે કરકસર, સંતોષ વગેરેને બદલે **(૧) વહેતા ખર્ચ, (૨) વધારી મૂકેલ જરૂરીયાતો, (૩) સુખ, સગવડ, ફેશનો અને (૪) શ્રમ રહિતપણું** એ કેટકેટલાં નુકસાન કરે છે,' તો પછી એ ભયંકર નુકસાનોથી બચવા અવશ્ય કરકસર વગેરેને સચવાય. અને એ જો કડકપણે, બને, તો પોતાના પ્રાયઃ સીદાવા જેવું રહે નહિ; અથવા સાધર્મીનો ઉદ્ધાર કરવા હાથ છૂટો રહે, ને હૈયું આતુર રહે. આતુર સમજ્યાને ? જરાક ટૂંકમાં જુઓ કે ઉડાઉગિરી વગેરે સીધી અને આડકતરી રીતે કેવાં કેવાં નુકસાન કરે છે :- એ



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

## (૧) વર્તમાન જીવનમાં જ

(૧) કાળી ચિંતાઓ, પાપીવૃત્તિઓને, પરમાર્થનું વિસ્મરણ વગેરે કરાવે છે, સાધર્મી પ્રત્યે ઉપેક્ષા કરાવે છે.

(૨) સંતાનને ખોટા દાખલો બેસાડી એના ભાવી જીવનને જબરજસ્ત ધક્કો લગાડનાર બને છે.

(૩) મુડી સાફ કરાવી, ઘર-ઘરેણાંય વેચાવે છે; બેઆબરૂ કરાવે છે;

(૪) ખર્ચને પહોંચી વળવા અનેક બીજા ત્રીજા પ્રપંચ, અનીતિ, હલકા ધંધા વગેરેના પાપ આચરાવે છે.

(૫) એવી ધમાલમાં રાત્રિભોજનનો ત્યાગ, સામાયિક, પ્રતિક્રમણ વગેરે ધર્મનું સેવન ગુમાવરાવે છે.

(૬) પડી ગયેલ ખોટી ટેવોને અંગે જરાક ઓછામાં જીવને આકુલ વ્યાકુલ, ક્રોધી અને દુર્ધ્યાનમાં મગ્ન કરે છે;

(૭) ઈન્દ્રિયો અને મન ગળીયાં બની તપ; ત્યાગ અને દાન વગેરે આત્મગુણોમાં જીવને ઉલ્લાસવા દેતાં નથી.

(૮) કદાચ ધર્મ તથા ઉપદેશક ગુરુ તરફ અણગમો ય કરાવે છે... વગેરે

## (૨) ભવિષ્યના આગામી ભવ માટે,

(૧) ક્રૂર પાપના કારમા વિપાક દેખાડે છે;

(૨) કુટેવ-કુસંસ્કારની ભારે પરાધીનતામાં જકડે છે;

(૩) પૂર્વે કરેલ ધર્મના અણગમાને લીધે ધર્મ-પ્રાપ્તિ દુર્લભ બનાવે છે.

(૪) પછી, પાપોદય, કુસંસ્કાર અને ધર્મહીનતાને લીધે માત્ર પાપી જીવન બનાવે છે; એના પરિણામે

(૫) દુર્ગતિની પરંપરા ચલાવે છે...

## (૩) જૈન શાસનની દૃષ્ટિએ,

(૧) જૈન ધર્મની શોભા વધવા દેતા નથી. (૨) જૈન રિવાજો, જૈન આચારો, જૈન સંસ્કાર, વગેરેને હ્રાસ પમાડતા જાય છે; (૩) પંચ પરમેષ્ઠી તરફ અને એમાંય વિશેષ કરી ત્યાગી મુનિઓ તરફ શ્રદ્ધા ભાવ, ભક્તિ ભાવ ઘટાડી દે છે. (૪) આ બધાથી જૈનોનું સંખ્યાબળ અને ગુણબળ ઘટતું આવે છે. (૫) લોકો જૈન શાસનનું હલકું બોલે છે. 'જુઓ ભાઈ લહેર ઉડાવે છે, અને એમના પાડોશી જૈન ભૂખે મરે છે. આ એમનો ધર્મ !'... વગેરે વગેરે.



આવાં અનિષ્ટો ન આવવા દેવા માટે, અને જૂનાને દૂર હઠાવવા માટે (૧) કરકસર, (૨) જરૂરીયાત પર ધરખમ કાપ, (૩) સંપૂર્ણ સાદાઈ અપનાવી, આધુનિક કેટલીય સુખ સગવડોનો ત્યાગ, તથા (૪) પ્રામાણિક અને ધર્મ્ય શ્રમ-આચારને કેળવવા અત્યંત આવશ્યક છે. સાથેજ બચેલા ખર્ચથી સાધર્મીનો ઉદ્ધાર કરવાનું જરાય ભૂલવા જેવું નથી.

## • સાધર્મી ઉદ્ધારના બીજા ઉપાય. •

હવે એ જુઓ કે સાધર્મી-ઉદ્ધાર માટે બીજું શું શું થઈ શકે છે. દા. ત

(૫) **જૈન ફેરીયા-વેપારીને પ્રોત્સાહન :-** તમે તમારા સંસાર-કારભારની ચીજ વસ્તુ ખરીદ તો કરોજ છો, પરંતુ જો જૈનને ત્યાંથી ખરીદો, એમાંય ખાસ કરીને જૈન એવા સામાન્ય વેપારી પાસેથી ખરીદો તો તમે એને ટેકારૂપ થાઓ છો. વિશેષ કરીને જૈન ફેરીયાને જ ખટાવો, તેય સવાયાં નાણાં આપીને; તો તમને તો માસિક કુલ ખર્ચમાં કાઈ બહુ વધી જતું નથી, પરંતુ પેલા જૈન ભાઈને પ્રોત્સાહન અને ટેકો મળે છે. **'સાધર્મી સીદાય છે, જૈનો દુઃખી છે,' વગેરે બૂમો મારનારાએ શું આ ટેક રાખી છે કે ખરીદવું તો બને ત્યાંસુધી જૈન પાસેથી જ ખરીદવું ?** શક્ય હોય ત્યાં સુધી ભલે આગળથી કહી રાખીને ઘેર બોલાવીનેય જૈન ફેરીયાનેજ વધુ ભાવ આપી ઉત્તેજન દેવું ? આવી તમારે ટેક ખરી ? એ વખતે કહેશો કે ''એને શોધવા ક્યાં જઈએ ? ને કદાચ મળે તોય એ તો માલમાં કે ભાવમાં દગો કરે છે...'' આવા લુલા બચાવ તમારી પાસે તૈયાર છે. પણ એટલું સમજો કે જો **દિલની ધગશ હોય અને હૈયાની ઉદારતા હોય, તો જૈન ફેરીયા મળીય આવે એમ છે, ને દગોય ભૂલાવી શકાય એમ છે.** સાચી ઉદ્ધારની ભાવનાવાળા શ્રીમંત માણસો તો લાગતા વળગતા દ્વારા સીદાતા સાધર્મીને શોધી કાઢે છે, પછી એને કહી રાખે છે કે 'આટ આટલો માલ અમને પૂરો પાડજો.' એ બહાને એને પ્રોત્સાહન અને સમાધિ આપે છે. આમાં કશું અશક્ય કે મુશ્કેલ નથી. વાત એ છે કે **(૧) સાધર્મીની સાચી દાઝ જોઈએ.** બીજું ઉદ્ધારની મોટી યોજનાઓ પછી, પણ (૨) તત્કાળ નાના રૂપમાં ય **સક્રિય જેટલું થાય એટલું કરી લેવું છે, એ તમન્ના જોઈએ; (૩) એ કર્તવ્યના પોતાના માથે ભારબોજ જોઈએ, એ ફરજના બંધન જોઈએ;** (૪) જૈન ફેરીયાને કે સામાન્ય સ્થિતિના જૈન દુકાનદારને જોઈ એના ઉપર **ઉમળકો જાગવો જોઈએ, 'મારો જૈન ભાઈ !'** એમ વિચારીને પછી 'લાવ, સાધર્મીના ઉદ્ધારનો કે સાધર્મીની ભક્તિનો લાભ લઉં' એવું મન થાય, તો શું કઠિન છે ? જૈનેતરને ત્યાંથી ખરીદીને કદાચ થોડું બચાવો, તોય અવસર આવ્યે એ બચાવ

કરતાં કેઈ ગુણું ડૉક્ટર-વકીલના બીલમાં તણાઈ જતું હશે. તો બચાવેલું ક્યાં રહ્યું ? ઉપરથી સાધર્મીના પ્રેમનો, ને ઉદ્ધારનો ધર્મ માર્ગ સાધવો ગુમાવ્યો ! જુઓ **આ જીવરૂપી હીરો માનવ ભવરૂપી ઘોઘે જઈ આવ્યો અને સોના સાઠ કરી આવ્યો ! કે એકસો સાઠ ?**

**(૬) સાધર્મી ઉદ્ધારનો છઠ્ઠો ઉપાય : જૈનને જ નોકરી :-** કેઈક જૈનો નોકરી કરવાની તૈયારીવાળા છતાં એને નોકરી મળતી ન હોવાથી સીદાય છે. હવે જો (ક) તમારા ધંધા વગેરેમાં જૈનોને જ સ્થાન આપવાનો આગ્રહ હોય તે સીદાતાને સારું સ્થાન આપી એનો ઉદ્ધાર કરી શકાય એમ છે, આમાં કાંઈ મફત આપી દેવાનું નથી. કામનો બદલો આપવાનો છે, જે નહિતર બીજાને આપવો તો પડે જ છે. આમ છતાં કેટલાકો બીએ છે, કે જૈન સાંજે વહેલા જમવા જવાનું માગશે, પૌષધ-પર્વની રજા માગશે, વખાણ-પૂજામાં રોકાઈ નોકરી ધંધા પર મોડા આવશે, એના કરતાં જૈનેતર સારા,' આવા વિચાર કરે છે. પણ આવા ભય, આવા વિચાર ખોટા છે; કેમ કે **જો આવા ઊંચા માનવ ભવમાં આવીને (૧) ભૂતકાળના નરક-નિગોદાદિના અનંત દુઃખમાં દળાયેલા આપણા અને બીજાના આત્માની હવે દયા આવતી હોય, તેમજ (૨) ભવિષ્યમાં આ ભીષણ ભવ અટવીમાં આપણે ખોવાઈ ન જવાની ચિંતા ચિત્તમાં ધીખતી હોય,** તો તો આપણા જૈન ભાઈ માટે અને આપણી જાત માટે એકજ તરણતારણ ધર્મની લગની લાગે; અને તેથી મનને એમ થાય કે **'એવા મારા પુણ્ય ક્યાંથી કે આ બહાને સાધર્મી બંધુનો મને નિત્ય પુણ્ય સંપર્ક અને ઉદ્ધારનો લાભ મળે !** એવા મારા અહોભાગ્ય ક્યાંથી કે આપણે ત્યાં એ રહી શકવાથી ધર્મ ક્રિયાઓ ઠીક ઠીક કરી શકે ! વિચાર તો કરો કે સાધર્મીનો સંબંધ મળે ક્યાંથી ? બીજાને ધર્મ કરાવવાનું બને ક્યાંથી ?

**જૈન ગુમાસ્તાના લાભ :-** ગુમાસ્તો કે ભાગીદાર જૈન હશે તો કોઈ દિવસ (૧) જૈન ધર્મની વાત કરશે, (૨) બહારના ધાર્મિક કાર્યક્રમના સૂચન કરશે, (૩) અનુમોદનીય ધાર્મિક સમાચાર સંભળાવશે. (૪) ભલે શેઠ-નોકર તરીકેનો સંબંધ, પણ જૈનો-જૈનોનો સંબંધ રહેવાથી જૈનોમાં મમત્વ કેળવાશે, સંઘ બળ વધશે, ટક્યું રહેશે (૫) ઈતરોની રીતિભાતિ આપણે ત્યાં ઘુસશે નહિ... આવા આવા કેટલાય દિવ્ય લાભો કોણ જતા કરે ?

**કરુણ અજ્ઞાન દશા :-** અફસોસ કે અજ્ઞાન દશા જ એવી છે કે જે મિથ્યાદષ્ટિને વહાલા કરાવે છે અને જૈન ભાઈઓને અળખામણા કરાવે છે ! જૈન ધર્મના વિરોધીને ખટાવે, અને જૈન ધર્મના માનનારાને નિકટના નિત્ય સંબંધમાં રખાવે છે, અને શુદ્ધ તારક દેવગુરુ ધર્મના માનનારને નિકટ તો નહિ, પણ દૂરના સંબંધમાંય



નથી રખાવતી ! નિત્ય તો નહિ પણ કોકવારના સંબંધમાંય નથી રખાવતી ! **કેવી ક્રૂર અજ્ઞાન દશા ! અને પાંજરામાં પૂરાયેલા આપણને એની ક્રૂરતાનું ભાન ખરું ?** મહાનુભાવ ! જૈનો જ સીદાતા જૈન ભાઈઓ તરફ સ્વાર્થમાં અને ખોટી ગભરામણમાં આ રીતે વર્તશે તો એમના બંધુ કોણ ? તો **શું જિનેશ્વર દેવ સાથે સંબંધ એટલે એમની મૂર્તિ સાથે સંબંધ ખરો, અને એમના સંતાન સાથે નહિ ને ? વળી પ્રભુની સાથે આપણો સંબંધ દેરાસરમાં જ ને ?** બહાર નહીં ને ? જો **કહીએ કે ના, બહાર પણ ખરો; તો બહાર પણ ભગવાન સાથે જો સંબંધ હોય, તો આ દુનિયામાં ભગવાનના અતિ અતિ અલ્પ સંખ્યાવાળા ઝંડાધારીઓમાંના આ એક કિંમતી સાધર્મી પ્રત્યે સૂગવાળા કે બેદરકાર બનાય ? કે ઊલટું વધારે કાળજીવાળા બની થોડો સ્વાર્થનો ભોગ આપીને પણ એ કલ્યાણ મિત્રોનો ઉદ્ધાર કરાય ?** મનના ધોરણ ફેરવો. **માત્ર પેટ ચિંતક ન બનો. પેટ જ નહિ પણ આખુંય શરીર એકદિ' ફૂટી જવાનું છે.** ભાગ્યશાલી ! જૈન બનીને માનવ જીવનની વિશેષતા, **સુખમયતા પૈસાના આધારે સમજી રહ્યા છો, તેથી ઉદ્ધાર મોંઘો છે.** પણ આ જીવનના માપ પૈસાના માપે માપો ના, બીજાનું ભલું કેટલું થઈ શક્યું એ પર જીવનના માપ આંકો, ઈતરોમાંય એવા હોય છે કે જે પૈસાને બહુ માનતા નથી, તેથી પોતાના ધર્મબંધુને ઊંચે લાવી દે છે.

(ખ) કદાચ પોતાના સીદાતા બંધુને પોતે નોકરી આપી ન શકે, તો પણ લાગવગ ભલામણ દ્વારા બીજે અપાવી દે છે, કેટલાકને લાગવગ આમ વાપરવી પસંદ નથી હોતી, પણ સામાન્ય રીતે એ ધર્મબંધુ તરફની ઓછી લાગણી સૂચવે છે, ક્યાંક સામાની અયોગ્યતાદિ કારણે તેમ બનતું હોય એ સંભવિત છે. એ અપવાદ ગણાય. બાકી મોટે ભાગે જગતની બીજી ત્રીજી વાતો તરફની લાગણી કરતાં ધર્મબંધુ ઉપર ઓછી લાગણીના કારણે તેમ બને છે.

(ગ) પોતાના જાતબંધુના ઉદ્ધાર માટે તો કેટલાકે 'નોકરી કેન્દ્ર' (Service Borough Employment Centre) રાખે છે. એવું જૈનોમાં હોય તો, એમાંથી (૧) જે અને (૨) જે જૈનને નોકરી જોઈતી હોય તેને માટે વિચારણા ભલામણ વગેરે થાય છે. કેન્દ્ર એક એવી વસ્તુ છે કે જેની પ્રસિદ્ધિ ગામોગામ પહોંચવાથી, જૈન સંઘની બધી બાતમી, માગણી, વગેરે કેન્દ્રમાં આવે છે.

**(૭) સાધર્મી' ઉદ્ધારનો સાતમો ઉપાય :-**

**જૈનનો ધંધો :-** કેઈક જૈનોને ધંધો કરવાની તૈયારી છતાં માલ-મૂડી નથી તેથી સીદાય છે.

(ક) કહો ત્યારે, શું આખો શ્રાવકસંઘ બહુ સામાન્ય સ્થિતિનો છે કે જે આ

દિશામાં પોતાના સાધર્મીના ઉદ્ધારના કામ ન કરી શકે ? શાસ્ત્ર તો કહે છે કે શ્રાવક પડતા સાધર્મીને પૂરો ટેકો કરીને ફરીથી પૂર્વની સ્થિતિમાં સ્થાપિત કરે.

(ખ) કદાચ વૈયક્તિક ન કરી શકે તો પણ ઉદ્ધારની ધગશવાળા તો 'નોકરી કેન્દ્રની' જેમ 'લે-વેચ કેન્દ્ર' (Selling-Buying Borough) કરી, નિરાધાર વિધવાઓ વગેરેને કાચો માલ આપે છે, એમનો તૈયાર માલ લે છે, અને સમાજને **એ ચોક્ખો તૈયાર માલ આપવા દ્વારા, બજારું અભક્ષ્ય, અપવિત્ર, અધાર્મિક અને સંડેલા માલથી બચાવી લે છે.**

**૮મો ઉપાય : સસ્તું પવિત્ર ભોજન :-** મુંબઈ જેવા અનેક કરોડપતિ અને લાખો પતિ જૈનોથી વસેલા શહેરમાં કુટુંબ વિનાના સાધર્મી પૂરતી પણ ભક્તિ ન હોવાથી લોજોમાં જમતાં જૈનોની દશા શી થાય છે, એ જાણો છો ? ઘઉં કે ઘઉંનો આટો તેમજ બીજો પણ આટો કેમ જાણે કેવો સડેલો હોતો હશે તે તો તે લોજવાળો જાણે ! કહે છે કે ધાણાજીરૂં બજારૂં આવે છે. તેમાં ઘોડાની સૂકી લાદ મિશ્રિત હોય છે ! ભગવાન ! ભગવાન ! જો આ સાચું હોય તો **ભારતદેશના લોભીયા આર્ય વેપારીઓની કેટલી અધમતા** ? અરે ! લોજમાં આજ સાંજે મોટા પ્રમાણમાં કદાચ દાળ કે ભાત વધી પડ્યા, તો લોભીયા લોજવાળાને બીજે દિવસે એમાં સફાઈ કેળવી એજ ખવરાવતા શો આચંકો આવે ? આજના જગતમાં દગાફટકાનો પાર નથી રહ્યો ! ક્યાં ક્યાં બનાવટ નથી ? કસ્તુરી તો કદાચ બનાવટી હોય, પણ કોલસામાંય બનાવટ ! હવે વિચારો કે પૈસા કમાઉ લોજોમાં **તમારા સાધર્મીબંધુઓ બિચારા કેવા અભક્ષ્યાદિ-ભક્ષણના આત્મરોગ અને દેહરોગમાં ફસાય છે !** અને તે આ અલબેલી મુંબઈમાં ? ખાવાનું તકલેદી ! અને પૈસા રક્કમ જોખવાના ! કોણ વિચાર જ કરે છે ? તમને તો આર.એ.નું દૂધ મળે છે, ભાણા લવાનું ઘી મળે છે, ખંડવાના ઘઉં અને દિલ્હીના ચોખા મળે, પછી વિચારજ શા સારું લાવવો ? વાહ તમારી શ્રીમંતાઈ !

**ત્યારે તો હવે એમ કરજો કે મરવા અગાઉ પરલોકમાંના તમારા સરનામે બધા પૈસાનું મનીઓર્ડર અને મિલકતનું પારસલ કરી દેવાનું ભૂલતા નહિ !!** કેમ ખરુંને ? બોલો, જવાબ કેમ દેતા નથી ? કરી દેવાનું નહિ ભૂલોને ? ત્યાં તો તમે ન છૂટકે હાથ ખંખેરી નાખવાના કે 'હોય સાહેબ ? એ કાંઈ બની શકે એવું છે ?' તો જો નક્કી એવું કાંઈ જ કરી શકાય એમ નથી, અને બધું પડ્યું મૂકીને જ જવાનું છે, તો પછી સાધર્મી બંધુઓને કેમ ભૂલો છો ? એમાં આખી મુડી નથી ખરચવાની. **તમારે તો તમારા વહેતામાં થોડું વધારે વહેવડાવવાનું છે.** તમારામાં કોઈ બાર મહીને ખર્ચ પચીસ હજારનો, કોઈ પચાસ હજારનો, કોઈ લાખનો, કોઈ



બે લાખનો, એમ ખર્ચ રાખનારા છે ને ? એમાં સાધર્મીને મહિને ૧૫), ૨૦) લઈનેય જમાડવામાં બાકીની ઘટને તમારાથી પહોંચાય એવું નથી શું ? **પુણ્યે શ્રીમંતાઈ આપી છે, તો** ભક્તિ કે ઉદ્ધારના આવા અણમોલ અવસરે મનના **ગરીબ, ને દિલના રાંકડા શા સારુ બનો છો ?** 'હેં સાહેબ ? મારે કેટલું બંધુ સંભાળવાનું છે ? હું ક્યાંથી પહોચું ?' આ રાંકડાગિરિ છે, જૂઠ છે, દંભ છે. **તમને તમારા આત્મઘરમાં મોહરાજાએ ઊભી રાખેલી 'સ્વાર્થપટુતા' નામની ચોટ્ટીની ખબર નથી,** તેથી તમારા ચાલુ વ્યવહારમાં, કુટુંબીને ટી.બી, ટાઈફોડ જેવા પ્રસંગમાં, કોર્ટઝઘડાના પ્રસંગમાં, ઈન્કમટેક્ષ વગેરેના પ્રસંગમાં અણધાર્યા **હજારો-લાખોના સ્વાર્થના ખર્ચને પહોંચી વળતા તમને આવડે છે.** પણ આવી અનુપમ ભરતચક્રી-દંડવીર્ય-આભુ સંઘપતિ વગેરેએ વધાવેલી **સાધર્મીભક્તિને વધાવવાનું પહોંચાતું નથી, એમ કહો છો.** આ જૂઠ કે બીજું કાંઈ ? દંભ કે સરળતા ? લ્યો ત્યારે એકજ દેશબંધુનો ઉદ્ધાર કરોડો ખર્ચીને આજેય કરનારા છે; એવો આજના કાળનો, અને તે પણ જૈનોનો નહિ કિન્તુ એક અમેરિકાનો, ઉદ્ધારતાનો કિસ્સો સાંભળવો છે ? સાંભળો ત્યારે. સાંભળવા મુજબ ફીઝીકલ કલ્ચર નામના એક અમેરિકન પત્રમાં અમેરિકામાં સાચેસાચ બનેલી ઘટના છે. સ્મરણ મુજબ કહેવાય છે.

## ઉદ્ધાર ઉપર બે અમેરિકનની એક અદ્‌ભુત ઘટના

દરિયા કિનારે એક અમેરિકન શ્રીમંત રાતના ફરવા માટે આવ્યો. આવેલ એ જીવનો જરા કૃપણ હતો અને રાતનો સમય એટલે કોને શોભાય બતાવવી હતી, તેથી એણે માત્ર સાદું પહેરણ-પાટલુન પહેરેલું હતું.

**કડકાનો રણકો ભારી :-** બાકી એટલું છે કે કેટલીક બાબતોમાં કેટલાક શ્રીમંતો ભોગવટામાં ધરાયા જેવા હોય છે. તેથી સામાન્ય કોટિના માણસને જ્યારે ખૂબ ઠાઠ-ઠઠારા કરવા ગમે છે, પકવાન્ન જમવા ગમે છે, ત્યારે આ શ્રીમંત કોટિનાં છતાં માત્ર સાદા પહેરવેશમાં રહે છે. સાદું ભોજન લે છે. કહે છે ને કે કડકાનો રણકો ભારી ! આ કુદરતના જેવું છે. કુદરતની કેટલીક વસ્તુમાં આવું દેખાય છે. દા.ત.

કાંસાની થાળીનો રણકો ભારી હોય છે, ત્યારે સોનાની થાળી એવો ખણણણ ધ્વનિ નથી બતાવતી.

નહિ વરસતા વાદળા ગડગડાટ કરી મૂકે છે, ત્યારે વરસતા વાદળા શાંત અને સચોટપણે કામ બજાવી જાય છે.

નાની નદી થોડા વરસાદે છકી જાય છે, ચારે-બાજુ ઉઘળી જઈ રેલમછેલ



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

કરી બતાવે છે; અને ગંગા જેવી મોટી નદી તેવો ફટાટોપ નથી બતાવતી; એમ સમુદ્રને અનેકાનેક મહાનદીઓ મળવા છતાં જરાય ઉઘલાઈ જવાનું નથી બતાવતો.

સાધર્મી ભક્તિ કે કોઈ પણ ધર્મક્ષેત્રની સેવા કરવી હશે, તો આ ધ્યાનમાં લેવું પડશે કે ઠઠારા અને ઉદ્‌ભટ ભોગ ઓછા કરી નાખવા પડશે. એથી મહાન બચાવ મળશે. શાનો બનાવ ? જાતે વધુ ખર્ચાની રીબામણમાંથી બચાવ, અને પરમાર્થ પરોપકાર કરવા માટેના ધનનો બચાવ.

**ઠઠારો ત્યજવા જરૂરી દૃષ્ટિ બિંદુ :-** આ ઠઠારા વગેરે કાઢી નાખવા માટે માત્ર એટલું જરૂરી છે કે **દુનિયાને સારું લગાડવા માટેની, કે દુનિયાની દૃષ્ટિએ આપણે સારા દેખાવા માટેની લાલસા દૂર કરવી જોઈએ.** એ લાલસા જ આ પાપ કરાવે છે. જો બીજાની દૃષ્ટિમાં બાહ્ય દેખાવ માત્રના સારા દેખાવાની પરવા ન હોય, તો સુતરાઉને બદલે રેશમી, અને પહેરણને બદલે શર્ટ, જાકેટ, કોટની, અને તેય પાછા ઉનાળાને દિવસે, શી જરૂર છે ? લોકરંજન માટે જ ને ? પણ કહો, કે આપણે જ આપણા મનથી એક એવી હવા ઊભી કરી છે કે જો સાદાઈ રાખી, તો એમજ બહાર ફરતાં લોક કહેશે કે 'ગામડીયા છો કે શું ?' પણ ખરી રીતે મન મજબૂત કરી જો મિત્રમંડળમાં અરસપરસની મંત્રણા કરીને, ભપકા, ઠઠારા, અને લેઈટેસ્ટ ફેશનો છોડીને સાદાઈ અપનાવામાં આવે તો મહાન લાભનું કારણ છે. ધીમેધીમે સમજવાથી એ શક્ય છે. શરૂમાં ભલે કોઈ બોલે અંતે સમજી જાય. પછી ઉદ્‌ભટ રીતનો પણ ત્યાગ જોઈએ. આપણે પહેલ કરવી જોઈએ. મનને સમજાવી દેવું જોઈએ કે **અજ્ઞાન માણસોને શું સારું લગાડવું હતું ? તેમ ઠઠારામાં આપણા મનથી શું સારું માનવું હતું ? સારું તો પરમાત્માની દૃષ્ટિમાં ન લગાડીએ ?** તેમ આપણા મનથી સારું ઉદ્‌ભટતા કે ભપકામાં નહિ; પણ પરોપકારના કાર્ય કર્યામાં સારું ન માનીએ ? અસ્તુ

**અમેરિકન બાંકડા પર એકલો :-** આપણે આ અમેરિકન કોઈ ગમે તે રીતે પણ સાદાઈમાં છે. પરદેશમાં પણ ધનાઢ્ય છતાં સાદાઈ રાખનારા હોય છે. 'લાવ રીસ્ટ વૉચ પહેરું, અપટુડેટ સુટમાં સજ્જ થાઉં' એવી એને તથા જ નહિ. આને સાદાઈ છતાં એ ઉદાર નથી, કૃપણ છે. પૈસાનો પાર નથી, તેમ મૂર્ચ્છાનો પાર નથી. જગતમાં બહુધા જોવા મળે છે કે અધિકવાળાને મોટો લોભ. દરિયાકાંઠે પહોંચીને મોટરમાંથી ઉતરી, મોટર એણે દૂર ઊભી રખાવી; અને પોતે ઠેઠ કિનારાની નજીકના બાંકડા પર જઈ બેઠો. ઠંડી પવનની લહેરી આવી રહી છે. લોક ઓછું થઈ ગયું છે, એકાંત અને શાંતિ છવાઈ ગઈ છે, બાંકડા પર બેઠો બેઠો કોઈ વિચારણામાં લીન છે.



**બીજા શ્રીમંતનું આગમન : પહેલા માટે દયાની લાગણી :-** ત્યાં એવું બન્યું છે કે એક બીજો શ્રીમંત, પણ ઉદાર, અમેરિકન ફરવા આવ્યો. એણે પોતાની મોટર દૂર ઊભી રખાવી. ત્યાંથી કાંઠે કાંઠે ચાલતો આવે છે. એણે શોફરને કહ્યું છે કે ધીમે ધીમે ગાડી પાછળ રાખતો રહેજે. હવે એ જ્યાં પહેલા અમેરિકનની પાછળ આવી લાગે છે ત્યાં આ બે સિવાય ત્રીજું કોઈ નથી. પહેલાને તદ્દન સાદા વેશમાં અને સમુદ્ર તરફ જોતો જોઈને બીજાના મનમાં વિકલ્પ ઉઠે છે કે 'આ કોઈ ગરીબ માણસ ગરીબીના દુ:ખથી ત્રાસી ગયો લાગે છે. લાગે છે કે દુ:ખથી જીવનનો અંત આણવા કોઈ આપઘાતનો વિચાર કરી રહ્યો છે.' જુઓ કુદરતની કેવી ઘટના છે ! કરોડપતિને ગરીબ કલ્પી આપઘાતની ઈચ્છાવાળો માની લેવાય છે. **આ જગતમાં એક બાજુ વસ્તુસ્થિતિ કેવા પ્રકારની હોય છે, પરંતુ બીજી બાજુ એના કેવા જુદાજ સ્વરૂપે ઓળખવામાં આવે છે ! એટલે ? એ, કે જગતના વિશ્વાસે રહ્યા તો ઠગાશો. એના વિશ્વાસે અને ધોરણે ચાલતા નહિ.**

**દયાનો તરત અમલ : બે ડોલર અને વિઝિટિંગ કાર્ડ :-** આવનારને એકદમ દયા ઊભરાઈ આવે છે. મનને એમ થાય છે કે જો જરા મોડું થશે તો એ દરીયામાં ઝંપાપાત કરશે. કેમ કે એ એકદમ એમ કરવાની તૈયારીમાં લાગે છે. માટે એને જલદી બચાવી લઉં. જુઓ દયાની વેગવંતી ભાવના ! આમ તો કદાચ દુ:ખી સીદાતા માણસોને શોધવા ન જઈએ, પણ આપણી સામે જો આવી જાય, તો એને કેમ અવગણાય ? આટલું નક્કી થઈ જાય તો સહેજે ઉદ્ધારની લાગણી ઊભરાઈ આવે. પછી દયાવૃત્તિ ચીજ એવી છે કે સામાના વગર કહ્યે એના દુ:ખ ફેડવાનો ઉદ્યમ થાય. આમાં પછી બીજું સમાધાન કરી લેવાનું મન નથી થતું, કે આપણે તે કેટલે પહોંચીએ ?

આણે ઝટ પેલાની પાછળ જઈ પોતાના ખીસ્સામાંથી બે ડોલર નીકળ્યા તે, અને પોતાનું વિઝિટિંગ કાર્ડ એક હાથમાં લઈ, બીજા હાથે પેલાની પીઠમાં પ્રોત્સાહનનો ધબ્બો મારતાં કહે છે "મૂર્ખ ! મરવા શાને આવ્યો છે ? લે આ બે ડોલર, અને આ કાર્ડ, કાલે ઑફિસ પર આવજે, ધંધો અપાવીશ ! નાહકનો આમ જીવન વેડફી ન નાખ."

જુઓ ભાવના-**'આપઘાત કરવો એ મૂર્ખતા છે.'** કોઈ કોઈનાથી કટાળીને, કોઈ ધન કે આબરૂ ગુમાવવાથી, ને કોઈ ત્રાસ વેઠવાથી **આપઘાત કરવા જાય છે. પણ એટલું જોવું ભૂલી જાય છે, કે માનો કે કદાચ કોઈ ચાર માણસ કે ગામ આપણને પ્રતિકૂળ છે, પણ તેથી શું આખીય પૃથ્વી આપવા રહેવા માટે નાલાયક બની ગઈ છે કે જેથી મરવું પડે ?** આ તો હાથે કરીને આપણે જ પૃથ્વીને નાલાયક

કરી દઈએ છીએ, ખરું જોતાં પૃથ્વીનો વિશાળ ભાગ એવો પડ્યો છે, કે જ્યાં આપણી કોઈ આબરૂ નથી ગઈ, તેમ જ્યાં કોઈ વૈરી કે નિંદક નથી. પછી શા સારું આખી પૃથ્વી પરથી ડીસમીસ થવું ? મરવા કરતાં પૃથ્વીના બીજા ભાગમાં જઈ માત્ર પેટ પૂરતી ચિંતા કરી નિરાંતે દિવસ ને રાતના દાનાદિ ધર્મસાધના અને પરમાત્માના જપ ભક્તિ અને ધ્યાનમાં લીન થવું શું ખોટું ?

બીજો અમેરિકન આ સાંભળી ચોકે છે. ચોકેજને ! કરોડોની સંપત્તિવાળાને પેલો નિર્ધન માને, મૂર્ખ કહે, 'કેમ આપઘાત કરવા આવ્યો છે,' એમ ઠપકો આપે તેથી સહેજે ચોકે. પરંતુ અહીં તો ખૂબી એ થાય છે કે આ તો સાંભળી જ રહે છે; કાંઈ ઉત્તર નથી કરતો; અને એટલામાં તો પેલો ઠપકો આપનાર પોતાની મોટરમાં બેસી ચાલ્યો જાય છે. આના મનમાં વિચાર આવે છે કે

**ખોટા કહેણનો ગુસ્સો નહિ. પણ દયાની ઊંચી કદર : ઉત્તમ વિચારણા :-**

**જો તો ખરો, ભલે મને ખોટી રીતે ગરીબ આપઘાત કરનારો માન્યો. પણ કેવો દિલાવર માણસ ! બે ડોલર ઉપરાંત ધંધા માટે કાર્ડ આપી જાય છે ! મારે ને એને શો સંબંધ ? કદાચ સંબંધ ન હોય તોય દયા કરનાર હોય છે, પણ તે માગવા આવનારની. અહીં તો મેં ક્યાં એની આગળ અરજી પણ કરી છે ? અરે ! કોઈ તો અરજીનીએ રાહ જોયા વિના એમને એમ પણ દાન કરવા નીકળે; પરંતુ ત્યાં સામાની સ્થિતિ તો પૂછે, જાણે, પાછી તપાસ કરે પછી દયાદાન કરે. આ તો ન પૂછવું, ન જાણવું, ન કોઈ તપાસ. માત્ર પોતાને લાગ્યું કે આ મદદ કરવા યોગ્ય બેકારીના યુગમાં ઓળખીતા પારખીતા, અને ભણેલા ગણેલાને પણ રોજગાર કોણ આપે છે. ત્યારે આ મને ભારી કશી લાયકાત જાણ્યા વિના રોજગાર આપવાનું કહી જાય છે! ધન્ય છે એની ઉદારતાને ! એની પરગજુતાને ! એની નિસ્પૃહવૃત્તિને ! ખરેખર ! એણે છે ? હું શું ગણું છું ? એણે જો મારા માટે એમ ધાર્યું હશે કે 'આ એક દુઃખી માનવ, અગર મારો નાગરિક, અને તે આમ મરે ? લાવ, એનો હું ઉદ્ધાર કરું ?** મારા પૈસાનો બીજો શો સારો ઉપયોગ છે ?' આવું કાંઈક વિચારી વગર પૂછ્યે પૈસા આપી ગયો. તો હવે હું શા સારુ કંજુસ રહું ? **લક્ષ્મીની સાર્થકતા બીજાના દુઃખ ટાળવામાં છે, બીજાના બળતા હૈયા ઠારવામાં છે,** ત્યારે, મને જેમ લક્ષ્મીના સંગ્રહમાં આનંદ આવે છે, તેમ એને લક્ષ્મીના દાનમાં આનંદ આવતો હશેને ? વાહ ! વિચાર કરતાં એ ઠીક પણ લાગે છે કે દાન કરવામાં જ સાચો આનંદ છે. કેમકે લેનારા સામા માણસો વાતાવરણ ખુશનુમા રાખે છે. તેમજ બીજાનું દુઃખ ટાળ્યાના અદ્ભુત આંતર આનંદનો આપણને અનુભવ



થાય છે. બસ ત્યારે ! મારે પણ દાનનો આનંદ લૂંટવો ! મારે પણ આ પ્રસંગને મહાન બોધપાઠ સમજી કૃપણતા કાઢી નાખી સારી રીતે દીન-દુઃખીને દેતા રહેવું...'

**દૃષ્ટિ તેવી સૃષ્ટિ :-** જુઓ, શબ્દ એકના એક, પણ **જેવી આપણી દૃષ્ટિ તેવી સૃષ્ટિનું સર્જન કરીએ છીએ.** બરડામાં ધબ્બો અને 'મૂર્ખ' ! આપઘાત કરવા આવ્યો છે ? લે આ બે ડોલર !' એવા શબ્દોનું શ્રવણ, આ બેને અપમાન તરીકે જોવા હોય તો જોઈ શકાય છે એમ માની શકાય છે કે 'દાન દેવું' હોય તો કોમળ શબ્દોથી દે, આમ રોફમાં કે અપમાન કરીને દેવાતું હશે ? એની શી બહુ કિંમત ?' જો **સામાના શબ્દો તરફ હલકાઈની દૃષ્ટિ થાય, તો ત્યાં કલહની સૃષ્ટિ જાગે.** અહીં તો અમેરિકને એને **લાગણી વચન અને હિતવચન તરીકે જ લીધુ; તો એ ઉપરથી એના પર પ્રેમ થયો, અને પોતાની જીવનની દિશા ફેરવી.** બરાબર યાદ રાખજો એની વિચારણા; ભૂલતા નહિ.

**બે ડોલર, કાર્ડ તિજોરીમાં : રોજ દર્શન :-** અમેરિકને ઘેર પહોંચી પેલાનું વિઝિટીંગ કાર્ડ અને બે ડોલર તિજોરીમાં **મૂક્યા. રોજ એના દર્શન કરી વધુને વધુ દાનની પ્રેરણા મેળવે છે, સાથે પેલાની અનુમોદના કરી ઉપકાર માને છે.** એમ કરતાં વર્ષો વીત્યા. એટલા ગાળામાં તો પોતે ખૂબ સખાવતો કરી, હવે તો મન જ પલટી નાખ્યું છે, પછી તો એને **દીધા વિના ચેન નથી પડતું, અને દીધાથી આનંદની સીમા નથી રહેતી.**

**પેલાની પેઢી પર આફત :-** એકવાર એવું બન્યું કે સવારના સમયે વર્તમાન પત્ર ખોલતાં એમાં પેલા અમેરિકનની પેઢીનું નામ વાંચે છે, ત્યાં જ એને તરત એનો ખ્યાલ આવી જાય છે, સમાચારમાં લખ્યું છે કે કંપની પર લેણદારોનો દરોડો છે. અર્થાત્ કંપની આપત્તિમાં લાગે છે.

**વિનાશી તે વિનાશી :-** કહો, કાળનો ભરોસો છે ? ક્યારે કેવો કાળ આવી શો ભાવ ભજવાવશે એનો કાંઈ પત્તો ? કર્મનો કોઈ વિશ્વાસ રખાય ? અંતરાત્મામાં છૂપાયેલા અશુભ કર્મ કેવા કટુ ફળ અકાળે ઊભા કરશે, ને આકાશનું જ પાતાળ બનાવશે, એનું કાંઈ કહી શકાય ? ના, માટે જ સમજો કે **વિનાશી તે વિનાશી; અને અવિનાશી તે અવિનાશી.** જગતના સંયોગો વિનાશી છે, નાશવંતા છે; એને કોઈ જ અવિનાશી કરી રાખી શક્યું નથી; તો આપણેય શું કરી શકવાના ? ખખડધખ ગણાતા કાચી સેંકડે ખખડી જાય છે. ત્યારે અવિનાશી આત્મા, અને અવિનાશી ધર્મ સર કર્યા પછી ખોવવાની ચિંતા જ નહિ. તો શું સર કરવામાં ડહાપણ છે વિનાશી કે અવિનાશી ?



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

**પ્રત્યુપકારમાં સહાયનો ભાવના :-** આ વાંચતાં જ એના હોંશકોશ ઊડી જાય છે. 'અહો ! મારા ઉપકારી અને મહાઉદાર ગૃહસ્થ પર આફત ? **એણે જો મને મહાન મનઃશુદ્ધિ અને આંતરિક આનંદ જિંદગીભર માટે ઊભો કરી આપ્યો તો મારે એની આગન્તુક આર્થિક આપત્તિ ટાળવાનો મામુલી પ્રત્યુપકાર કેમ ન કરવો ?'**

**દાન મહાન, ધન કુછ નહિ :-** કેવી સુંદર વિચારસરણી છે ? વસ્તુનો કેવો વિવેક છે ? **પૈસા સંબંધી ઉપકાર એ તો મામુલી ઉપકાર; અને દાનવૃત્તિ કરાવી, એ મહાન ઉપકાર !'** એવા મહાન ઉપકારને કરનારા પર આપત્તિનું નામ સાંભળી ચોંકી ઉઠવું, લાગણીવશ થઈ જવું, એના વગર બોલાવ્યે એની આપત્તિ ટાળવા માટે તુર્તજ નિર્ધાર કરી લેવો, આ બધી ઉમદા દૃષ્ટિ છે. ધર્મી આત્માને આવી દૃષ્ટિ પાયામાં જરૂરી છે, તમે ધર્મી છો ને ? તો પછી, **'દાન મહાન, અને ધન કુછ નહિ,'** એવી દૃષ્ટિ બનવી જોઈએ, તેમ પેલાને તો દૂરના એક દેશબંધુ પર, પણ તમારે તો બહુ નિકટના ગણાતા સાધર્મી ઉપર અવશ્ય લાગણી ઊભરાઈ આવવી જોઈએ; હવે જુઓ એ દેશબંધુનો ઉદ્ધાર કેવો કરે છે, અને તો પછી તમારે સાધર્મી બંધુનો કેવો ઉદ્ધાર કરવા માટે શું શું ન કરવું ?

**આફતવાળી પેઢી પર ગમન :-** સહાય કરવાનું મનમાં નક્કી કરી લીધા પછી આ શ્રીમંત પોતાના પ્રાઈવેટ સેક્રેટરીને બોલાવી કહે છે, ચાલો અમુક કંપનીની ઓફિસ પર. સેક્રેટરી વિચારમાં પડી જાય છે; કેમકે જાણે છે કે એ કંપનીની નરસી સ્થિતિ બની છે, અને પોતાની કંપનીને એની સાથે કોઈ લેવડદેવડનો કે બીજો સંબંધ નથી, 'તો પછી શેઠ અત્યારે ત્યાં કેમ જવા માગતા હશે ? ત્યાં તો લેણીયાતોનો દરોડો હશે !' એની એને મુંઝવણ થઈ પડી છે, જુઓ આ સંયોગો અને પરિસ્થિતિની વચમાં આ અમેરિકનને જવું છે, શા માટે ? માત્ર જરા દાનવૃત્તિનું અતિ નાનું દૃષ્ટાન્ત પોતાના આચરણથી બતાવીને ઉપકાર કરનાર છે માટે. **તમને તમારા સાધર્મી કાંઈ દેખાડે છે કે નહિ** ? કાંઈ ઉપકાર કરે છે કે નહિ ? છેવટે પોતે ધર્મક્રિયા સાધી, જૈન ધર્મી કહેવડાવી, તમને એની અનુમોદના કરવાનો અવસર આપે છે એનો ઉપકાર ખરો કે નહિ ? તમારે એની બદલીમાં એ સાધર્મીના ઉદ્ધાર માટે શું કરવાનું ? શું શું કરશો ? ક્યારે શરૂ કરશો ?

અહીં તો સેક્રેટરી ગમે તે ધારે વિચારે, પણ માલિકની આગળ બોલાય એવું નથી, Order and obey હુકમ તમારો અને મારો અમલ, મોટર લઈને સીધો તૈયાર થઈ જાય છે, માલિક પણ ચેક બૂક લઈ લે છે. બંને જણ મોટરમાં બેસીને



પેલી કંપનીની ઓફિસે પહોંચી જાય છે, ત્યાં તો જુએ છે તો લેણદારોની ઠઠ જામી પડી છે. આ પોતે ત્યાં પહોંચી કંપનીના માણસને પૂછે છે.

'માલિક ક્યાં છે ?'

જવાબ મળે છે કે 'હમણાં નહિ મળી શકે'

'પણ એ છે ક્યાં ?'

'તે અમને થોડું જ કહીને જાય છે.'

**મમત્વ નથી ત્યાં એની ગરજ જુઓ છો :-** આ મુંઝાયો, મળવું શી રીતે ? અને મળ્યા વિના થાય પણ શું ? શું ત્યારે આવા વખતે મનમાં એમ ન થાય કે 'જવા દો, એને જ ગરજ ન હોય તો આપણે શી ગરજ છે ?' પણ એને એવું નથી થતું. **માણસને મમત્વ લાગ્યા પછી સામાની બહુ ગરજ જોવાનો સવાલ નથી રહેતો, સાચી કૃતજ્ઞતા જાગ્યા પછી સામા તરફથી આદરમાન લેવાની અભિલાષા નથી રહેતી. સાચી લાગણી પ્રગટ્યા પછી એક જ જોવાય છે, 'કેમ, એની ભક્તિ કરું કેવી રીતે એને સહાયક થાઉં ?'** સાધર્મી તરફ મમત્વ, કૃતજ્ઞતા, લાગણી પ્રગટ કરો, તો એને ઘેર જઈ ઉદ્ધાર કરવાની લગની જાગશે. આને લગની છે, તેથી બહારથી સરખો જવાબ ન મળતા અંદર જઈ સેક્રેટરીની સાથે ખાનગીમાં વાત કરે છે એ કહે છે કે -

**વાત્સલ્યભાવના શબ્દો :-** "જુઓ, હું લેવા નથી આવ્યો. હું તો મારા મિત્રની મદદે આવ્યો છું. માટે મારા તરફથી જરાય ભય રાખ્યા વિના મને માલિકના ભેગા કરો. પછી જો જો કે તમારું આ બધું આખું વાતાવરણ કેવું ફરી જાય છે ! હું જાણં છું કે માણસને આપત્તિકાળમાં એવા એવા લોક હેરાનગતિ કરે છે કે જેનાથી ચેતીને આઘા જ રહેવું પડે. તે વખતે મિત્ર ગણાતા માણસ પણ શત્રુ થઈ જાય છે. પાછા તે મિત્રતાની રૂએ ઠેઠ અંદર ઘુસી ડીટેકટીવ વગેરે દ્વારા આપણને કફોડી હાલતમાં મૂકે છે. આપણી દુર્દશા કરવા માટે જ એ અંદર ઘુસ્યા હોય છે. આ બધી દુનિયામાં કઢંગી સ્થિતિની મને ખબર છે. માટે જ એક સાચા મિત્ર તરીકે એમણે મારા પર કરેલા ઉપકારને સમજી અત્યારે હું ખાસ સંગીન મદદ કરવા આવેલો છું. માટે મારા પર શંકા લાવશો નહિ. હવે જરા મિત્રનો ભેટો કરી આપો."

# (૧૧) સાધર્મિક ભાઈઓની ભક્તિ અને ઉદ્ધારના ઉપાયો

## ભક્તિ અને ઉદ્ધારના ઉપાયો

**સામાના વચનની કદર કરો :-** કેવી હોશિયારીથી સેક્રેટરીને સમજાવે છે, **સામાનો વિશ્વાસ ઉત્પન્ન કરાવવા માટે પહેલાં એની શંકા વ્યાજબી હોવાનું ઠરાવવું પડે છે.** 'આપણે સાચા છીએ, નિસ્પૃહી છીએ, પરોપકાર કરવા આવ્યા છીએ,' માત્ર એટલી બુદ્ધિથી કામ નથી ચાલતું. એ બુદ્ધિ સાથે **નમ્રતા** અને **સમવેદન** જોઈએ છે; સામાના દુઃખની ડીગ્રીનો ખ્યાલ જોઈએ છે. કલ્પી લ્યો કે **આપણે જ એના સ્થાનમાં હોઈએ**, અને એ વખતે આપણને કોઈ ભલેને લાખોની મદદ કરવા આવ્યો હોય, પણ એ જો એવું કોઈ ન બોલતો હોય કે જેથી આપણને વિશ્વાસ પડે, **તો આપણે શું કરીએ ? શું બીજાના અનેક કડવા અનુભવ પછી અહીં એકદમ વિશ્વાસ મૂકી દઈએ ખરા ?** ના, તો જેવી આપણા હૃદયની સ્થિતિ, એવી બીજાના હૃદયની. માટે પહેલા તો એના દુઃખમાં હમદર્દી બતાવવી ઘટે; અને એની શંકા, એનો ભય વગેરે સ્થાને હોવાનો ઈકરાર કરવો ઘટે.

**પુણ્યોદય હોય તોજ મદદ મળી આવે :-** ત્યારે હવે સેક્રેટરીની સ્થિતિ જુઓ. માલિકની વફાદારીના હિસાબે બહારના માણસ ઉપર એકદમ વિશ્વાસ મૂકવા તૈયાર નથી. તેમાંય કટોકટીના અવસરે તો ખાસ સાવધાની રાખવીજ પડે. પરંતુ માલિકના અસહ્ય દુઃખનો પણ એને ખ્યાલ છે. તેથી 'નથી ને એને નિવારવાનો કોઈ ઉપાય મલી આવે છે ?' એવી ઈચ્છા જરૂર વર્તે છે. એટલે 'શું કામ છે ?' એમ પૂછતાં જો ઉત્તર મળ્યો હોત કે, કામ તમને કહેવાનું નથી,' તો તો આ સેક્રેટરી સમજી લેત કે વળી કોઈ નવો માગણીઓ આવ્યો, માટે એને કહી દો કે 'માલિક નહિ મલી શકે.' પણ અહીં તો પેલો આવનારો ખાનગીમાં જ્યારે કહે છે કે 'હું લેવા નથી આવ્યો, દેવા આવ્યો છું.' ત્યારે આને આશા બંધાય છે, એમાં ઈશ્વરી મદદ દેખાય છે. પુણ્યનો ઉદય હોય તોજ **મદદ મળી આવે. તીવ્ર પાપોદય વર્તતો હોય તો ઊભી મદદ પણ ભાગી જાય.** આ તો એના પુણ્યોદય ઉપર વગર બોલાવ્યે એને વગર કલ્પનાએ મદદની મહાન લાગણી દર્શાવે છે.

**એકાંત નિવાસમાં માલિકની મુલાકાત :-** સેક્રેટરી આની લાગણી સમજી ગયો. આમેય આશા તો મોટી હોય જ. એમાં આવા અવસરે આશા જેવું દેખાય



તો જીવ કેમ ન લલચાય ? એ કહે છે કે ચાલો, મારા માલિકીની ભેટ કરાવું.' કહીને નીચે ઉતરી મોટરમાં બેસી દૂર એક બંગલા પર પહોંચી જાય છે. બંગલો મોટો છે. એના ઉપરના ભાગે એક ઊંડા અંદરના હોલમાં અત્યંત ચિંતાતુર માલિક બેઠો છે. એની પાસે સેક્રેટરી આ મદદગાર અમેરિકનને લઈ જઈ ઓળખાણ કરાવે છે ! સાંભળીને એની આંખમાં પણ નવી રોશની આવે છે, આવે જ ને ?

**અત્યંત દુઃખમાં સર્વ આશા ગુમાવ્યા પછી જે અણધારી મહાન આશાનું કિરણ દેખાય ત્યાં જીવને અપૂર્વ આનંદ થાય છે.** એને બીજા શબ્દમાં કહીએ. તો એમ કહેવાય કે **જેમાં જે દુઃખ ટાળનારી રાહતનું સાધન મળતાં અપૂર્વ આનંદ થાય ત્યાં પૂર્વે દુઃખ ઘણું જ થતું હોય.** તો હવે જુઓ કે શું સંસારવાસ **અંગેના વિવિધ દુઃખ ટાળનારા જે દેવ ગુરુ અને ધર્મસામગ્રી તથા ધર્મસાધનાના વિવિધ અંગો છે, તે મળ્યાથી અપૂર્વ આનંદ થાય છે ?** એ તોજ થાય કે પહેલાં સંસારવાસનું અપરંપાર દુઃખ થતું હોય. અથવા કહો કે, ત્યાં અપૂર્વ આનંદ હોય, તો અહીં સસારવાસનું અપરંપાર દુઃખ હોવું જ જોઈએ. જો આ દુઃખ નથી, તો દેવગુરુ વગેરે મળ્યા બદલ અપૂર્વ આનંદ નહિ થાય. **સાચી દેવગુરુ વગેરેની પ્રાપ્તિ એટલે એમની વિશેષતા અને એમના મહત્ત્વવાળી પ્રાપ્તિ.** તો એમની શી વિશેષતા છે ? સારા સારા દુન્યવી પદાર્થો આપી સંસારવાસ કરાવવાનું નહિ, પણ સંસારવાસ ટાળી મોક્ષ અપાવવાનું મહત્ત્વ છે. એ લાવવા માટે સંસારવાસનું અત્યંત દુઃખ લાગવું જોઈએ.

**પૂછોને કે સંસારવાસનું દુઃખ લગાડવાની જરૂર જ શી છે ?** સંસારવાસ શો ખોટો છે ?

ઉત્તર સહેલો છે. સંસારવાસ ખોટો છે. કેમકે (૧) એના કારણે જ શરીરના, મનના, ધનના વગેરે અનેક દુઃખો ભોગવવા પડે છે. જેને સંસારવાસ નથી, તેને એમાનું કોઈ દુઃખ નથી. તેમ

(૨) સંસારવાસના કારણે જ આત્માને અનેક નારક, સ્થાવરો, કીડા-કીડી, પશુ-પંખી, દેવમનુષ્ય વગેરેના ભવ રૂપી વેશ ધારણ કરી સંસારના રંગમંડપ પર વિવિધ નાચ કરવા પડે છે. શું આ અપમાનજનક નથી ?

(૩) સંસારવાસના કારણે જ આત્માને લાભકારી નહિ એવી, તેમજ પાછી નાશવંતી જગતની ઉપાધિઓ ઉપાડવી પડે છે; એની આધિનિ (ચિંતાઓની) આતશમાં બળવું પડે છે, વ્યાધિઓની વેદના સહવી પડે છે.

(૪) સંસારવાસના જ કારણે આશાઓમાં ઝુરવું પડે છે, મજુરી કરવી પડે છે, છતાં બધી આશાઓ ફળતી નથી, પળે પળે નિરાશા આવીને ઊભી રહે છે.

(૫) સંસારવાસના પાપે જ અનેક પ્રકારની પરાધીનતા સેવવી પડે છે. શું જડ કે શું ચેતન-કેટલાયના મોંઢા સામે જોયા કરવાનું અને એને પરતંત્ર રહેવાનું કરવું પડે છે. કેટલીકવાર માણસ કહે છે કે મારું ચાલે તેની એની લેશ પરવા ન રાખું, 'અલ્યા પણ તને ક્યાં ખબર છે કે સંસારવાસ છે ત્યાં સુધી તારું ચાલે જ શાનું !' ત્યારે,

(૬) સંસારવાસને જ લીધે સંયોગવિયોગ થતાં સુખમાં ભંગ પડે છે, રોદણાં રોયાં કરવા પડે છે, સંયોગમાં મહેકી જઈ વિયોગ થતાં કારમી પોક મૂકીને રડવું પડે છે, પાછળ શોકના પાલન કરવા પડે છે.

આવા અનેક પ્રકારના ત્રાસમાં કારણભૂત સંસારવાસ છે. માટે જ સંસારવાસનું અપરંપાર દુઃખ મનને લાગવું જોઈએ. જો એ લાગે, તો એ ટાળનારી દેવગુરુધર્મની પ્રાપ્તિ થવા બદલ કેટલો આનંદ ઊભરાય ? પછી એ આનંદના આંતર અનુભવ ઉપર તો બીજી ત્રીજી દુન્યવી સગવડ કે શારીરિક અનુકૂળતા ન મળ્યા બદલ, કે અગવડ આવ્યા બદલ, કાંઈ જ દુઃખ ન લાગે. આ જો બને તો એ આનંદ એક એવું બળ છે કે પછી એમાં માર્ગાનુસારીના, સમકિતના ઈત્યાદિના અનેક ગુણો ખેંચાઈ આવે, પ્રગટ થાય. કેમકે દુન્યવી સગવડઅગવડને બહુ ગણી નહિ, તેથી તે સગવડઅગવડના કારણે સેવાતા દોષને નાસી ભાગી જવું પડે; ને ભૂલાતા ગુણને આવવું પડે. પછી તો એમ થાય કે છતાં ગુણો શા માટે ગુમાવું; અથવા નવા ગુણો શા માટે કમાવા મૂકી દઉં ?

**હવે જુઓ સહાયક-સીદાતાનો વાર્તાલાપ :-**

મદદે આવેલા અમેરિકને પોતાના અને સામાના, એમ બંને સેક્રેટરીઓને બહાર બેસવા કહ્યું. પછી બારણું બંધ કરી વાર્તાલાપ શરૂ કરે છે. પહેલાં પોતે પૂછે છે.

'તમે મને ઓળખો છો ?'

'ના, તમે કોણ ?'

'હું પેલો નિર્ધન... દરિયા-કાંઠે આપઘાત કરવા આવેલો... અને તમે બે ડોલર તથા વિઝિટિંગ કાર્ડ આપેલ... વર્ષો પહેલાંની વાત છે. યાદ આવે છે ?'

આટલી વિગત સાંભળીને એને પૂર્વનો પ્રસંગ આછો આછો પણ ખ્યાલમાં આવી ગયો. પણ 'હા' કહેવા પૂર્વ એને શંકા પડી કે સેક્રેટરીએ જે ઓળખાણ કરાવી તે ભ્રમણાં કાં ન હોય ? તે વખતે બે ડોલર આપેલા, એ લાલચમાં આ આજે માગવા કાં ન આવ્યો હોય ? પછી આમ તો ભેગા થવાય નહિ એટલે આ તુક્કો રચ્યો હોય તો કોને ખબર ? આ તો ઊલટી લપ વળગી. માટે એવી વાત



થતાં પહેલાં જ ચોખવટ કરી લેવા દે.

જુઓ, સ્થિતિ જુદી જ છે, છતાં કલ્પના ઊંધી કરે છે. માણસે ધીર બનવું જોઈએ. સામાના અભિપ્રાયને શક્યતાએ એના મુખેથી જ જાણવો જોઈએ. પછી તોલ બાંધવો ઠીક છે. પણ માણસના હૃદયમાં પ્રવર્તતો ભય એક એવી ચીજ છે, કે એ ખોટી ઉતાવળ કરી નખાવે છે. એટલે એ કહે છે,

'હા ઓળખું છું. તો શું કાંઈ લેવા આવ્યા છો ? તમને ખબર છે મારા હાલના સંયોગો ?'

'હા ખબર છે, માટે જ આવ્યો છું, પણ લેવા નહિ, મદદ કરવા. મદદ પણ પૂરી કરવા.'

'એટલી બધી મદદ શા સારું ? તે આપઘાત બચાવ બદલ ?' 'ના, આપઘાતના નહિ, પણ સ્વાર્થપણામાંથી બચાવવા બદલ. 'એટલે હું કાંઈ સમજ્યો નહિ, હું ગરીબ હતો જ નહિ, આપઘાત કરવા આવ્યોજ નહોતો.'

'શું કહો છો ?'

'હા ખરેખરું, મારી પાસે સારા પૈસા હતા, ત્યાંજ મારી મોટર પણ ઊભી હતી. દરિયા સામે જોતો હું સહેજ વિચારમાં ચઢી ગયો હતો. તમે માની લીધું કે 'આ ગરીબ છે, તેથી આપઘાત કરવા આવ્યો છે.'

'તો તમે મને ઠપકો આપી ભાન કેમ ન કરાવ્યું ?'

'શા માટે એવું કરું ?'

'કેમ ન કરો ? જો હું આવો આક્ષેપ કરવાની ગંભીર ભૂલ કરતો હોઉં, તો તમે મારી સાન ઠેકાણે લાવવા હકદાર હતા. તો એ માટે ભાન કેમ ન કરાવો ?'

'એનું કારણ છે, એ આક્ષેપની કાંઈ કિંમત નહોતી; કિંમત તો તમારા બે ડોલરના દાનમાં અને રોજગાર આપવાના આશ્વાસનમાં સમાયેલી ઉદારતા અને પરદુઃખભંજનતાની શિખામણમાં હતી. **હું કૃપણ હતો, દિલ વિનાનો હતો, સ્વાર્થી હતો. તમારી ઉદારતાએ મને ઉદાર બનાવ્યો, દિલવાળો કર્યો, પરગજુ અને પરમાર્થી બનાવ્યો.'**

પેલો તો ચકિત જ થઈ જાય છે, પોતાનું દુઃખ ભૂલી આનું સાંભળવામાં લીન છે, આ આગળ ચલાવે છે.

'તેજ વખતે મેં દાન કર્યે જવાનો અને પરગજુ તથા ઉદાર બનવાનો નિર્ધાર કરી લીધો. મને એમ થયું કે મરતાં જો બંધુ ફોક છે, તો જીવતાં એનો સદુપયોગ કાં ન કરી લેવો ? હા મૃત્યુ ન આવતું હોત, અને સાથે બધું કાયમી ટકતું હોત, તો જુદી વાત હતી. પછી મેં ઘેર જઈએ આજસુધી તે તમારા ડોલર અને કાર્ડ



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

સાચવી વારેવાર એના દર્શન કર્યા છે. એના બળે આજસુધીમાં અનેક દાન કરી શક્યો છું, અને આજે છાપામાં વાંચી અહીં બદલો દેવા આવ્યો છું. બોલો કેટલી આપત્તિ છે ?'

આટલું બોલી ઝટ ચેકબુક કાઢી લખવાની તૈયારી કરે છે. પણ પેલો તો આભોજ બની જાય છે. એને એમ થાય છે કે 'આ તો શું સાચું બોલે છે કે બનાવવાનું ? અથવા એને કાંઈ ખબર છે કે ખોટ કેટલી મોટી છે ?' પૂછે છે.

'આપત્તિની તમને થોડી ઘણી પણ કલ્પના છે ?'

'આપત્તિ ગમે તેટલી હોય, એની જરાય ફિકર ન કરો.'

'તે બે ડોલરના બદલામાં એટલું બધું ?'

'ના, બે ડોલરની મૂળ રકમ ચૂકાવવા નહિ. એ તો બે ડોલરનું વ્યાજ માત્ર બે ડોલરની રકમમાં જે ઉદારતા અને મહાન જીવન શાંતિનો બોધપાઠ તમે આપ્યો છે, એને પાછું વાળવાની તો મારી શી ગુંજાયશ હતી ? કહો, હવે વિલંબ ન કરો, કેટલી આપત્તિ ?'

અહીં પેલો રકમ કહે છે, તે જાણવા મુજબ ત્રણ અબજ ચાલીસ ક્રોડની છે. પણ સ્મૃતિમાં ફરક હોય તો કદાચ ૩ કરોડ ૪૦ લાખ સંભવે છે. એ હિસાબે ચાલો. પેલો કહે છે. ''ત્રણ ક્રોડ ચાલીસ લાખ ડોલરની.'

'એટલા આવી જાય તો પછી કંપની પાછું સંગીન કામ કરતી થઈ જાયને ?

'ના રે ના, એટલેથી તો માત્ર દેવું પતે. પણ પછી નુકસાની પત્યા પછી વેપારાદિ માટે મૂડી કાંઈ જ નથી.'

કહો જો કેવી રીતે આ સંભળાતું હશે, સાંભળીને માફી માગવાનું મન ન થાય કે 'ભાઈ ! માફ કરજો, આ મેં વળી તમને આવું ક્યાં પૂછ્યું ? તમારે જોઈતા હશે તો ભોજનનો ખર્ચ મોકલી આપીશ. બાકી આતો...' શું 'આ તો ?' કહોને 'રાક્ષસી રકમ, મારાથી પહોંચાય નહિ...' વગેરે વગેરે. કેમ એમ ? આ એવું કાંઈ માનતો-કહેતો નથી બે ડોલર આપનાર એક દેશબંધુ તરફ આટલો પ્રેમ, ત્યારે તમારા સાધર્મીમાં તો અનેક વિશેષતાઓ હોઈ એના તરફ કેટલી સદ્ભાવ જોઈએ ? સમજો અને જોતાં આવડે તો સાધર્મીમાં આખું જૈનશાસન છે. એમાંથી સાધુ અને આચાર્ય સુધી બને છે, તીર્થંકરપદ કમાય છે. પૂર્વે કરેલી ઓળખાણ યાદ કરો છો ને ?

સાંભળીને કહે છે 'બસ એટલું જ ને ? સારું, લ્યો ત્યારે આ એક તો ત્રણે ક્રોડ ચાલીસ લાખ ડોલરનો ચેક; અને બીજો મારી કંપનીમાં તમારી ભાગીદારીનો



આ કૉલ-કોન્ટ્રાકટર એમ કહીને ચેક લખીને આપે છે, અને કૉલ આપે છે.

આમાં તમને સમજાય છે કાંઈ ? પેલો આપત્તિવાળો તો દિગ્મૂઢ બની જાય છે. એની આંખમાં ઝળઝળીઆં ભરાઈ જાય છે, એમ થાય છે કે 'શું આ ? આમનો કેટલો ઉપકાર માનું ? ક્યાં મારા ફોફા જેવા બે ડોલર, અને ક્યાં આ કરોડોની ઉચ્ચ ઉદારતા ?' ઊભો થઈને એને ભેટી પડે છે. આસું ટપકતી આંખે કહે છે.

'આ મારાથી કેમ લેવાય ? પરંતુ આજે મારે જીવણ-મરણ જેવો પ્રશ્ન છે, એટલે લાચારી સાથે લેવું પડે છે. છતાં મારી કલ્પના નથી પહોંચી શકતી કે આ કેવી અને કેટલી ઊંચી પરોપકારની પરાકાષ્ઠા ? તમે કહો છો, કે ઉદારતા તમે મારી પાસેથી શીખ્યા; પરંતુ મને લાગે છે કે અવસર આવ્યે કદાચ હું આવી ઉદારતા ન કરી શકત. તમે તો ઉદારતા નવી શીખીને આજે ગજબનું પરાક્રમ દાખવી રહ્યા છો, માત્ર તેની સાથે મને સદ્ધર આવકવાળો, સુખી બનાવવાનીજ વાત નહિ, પરંતુ ખાસ કરીને વધારવામાં આજે દેશને અને જગતને ઉદારતાનો એક ગજબનાક ધડો આપી રહ્યા છો. તે કેટલો મોટો ભોગ આપીને ? કેઈકને મોટી મોટી વિશાલ ઉદારતા કેળવવાની પ્રેરણા અને ઉલ્લાસ આપી રહ્યા છો. તમારું તો હું શું ભલું કરી શકવાનો હતો ?' આટલું કહીને આભારના મેરુભાર નીચે દબાયો ઊભો ઊભો રડે છે.

'એવું ન કરો, મહેરબાની કરી દીનતા ન દાખવો. તમે તો તે વખતથી જે ભલું મારું કર્યું છે, એના પૂરા વ્યાજ પણ હું નહિ ભરી શકું. લ્યો. હવે ઝટ સેક્રેટરીને લઈ ચાલો, અને લોકોને આનંદિત કરી દ્યો.'

આ એમ કરીને બે જણ ઊઠી હર્ષોલ્લાસ સાથે બહાર નીકળ્યા. સેક્રેટરી સાથે બેંકમાં જઈ ચેક વટાવી ઑફિસ પર જઈ ટપોટપ લોકોને નાણાં કેશ મનીમાં (રોકડા) આપ્યા. બંને કંપની ભેગી થઈ ગઈ, અને બંને માલિક ભાગીદાર બની ગયા.

## • 'હીરાના હારની ચોરી'નું દૃષ્ટાન્ત •

ત્યારે આપણે ત્યાં પણ સાધર્મીનો ઉદ્ધાર કરનારા અનેકાનેક આત્માઓ થઈ ગયા છે, અને થયા કરે છે. તમે જો હીરાનો હાર ચોરનાર શ્રાવકનું દૃષ્ટાન્ત કદાચ સાંભળી ગયા હશો તો ત્યાં પણ જેનો હાર ચોરાયો, તેની સાધર્મી પ્રત્યેની લાગણીના વેગની ખબર હશે. પોતે ઉપાશ્રયે પ્રતિક્રમણ કરવા આવ્યો, અને સામાયિક લેતાં પહેલાં ગળામાંથી કિંમતી હાર ઉતારી બાજુમાં **મૂક્યો**. સામાયિક તો દુન્યવી બધા



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

પાપ વ્યાપાર છોડવા માટેનું જ છે, પછી આભૂષણ ન જ રખાય ને ? કે સામાયિક-પૌષધમાં પણ ઠઠારો જોઈએ ? ભૂલા મા પડજો; પરમ દયાળુ પરમાત્માએ આ અનુપમ સામાયિક ધર્મનો માર્ગ બતાવી આપણા ઉદ્ધાર માટેનો અપરંપાર ઉપકાર કર્યો છે. તોજ અલંકાર-ઠઠારાની મોહમાયાને ઓછી કરી શકવાની સોનેરી તક મળે છે. અને એ વાત પણ વિચારવા જેવી છે **કે જો માણસ આત્માથી પર એવા, ને શરીરથી પણ પર એવા મોહક ઘરેણાં વગેરેના ઠઠારામાં આત્મસાત્ બની જાય, અને સ્વાત્માનું મહત્ત્વ એમાં ઉતારી દે, તો આત્મગુણોમાં આત્મસાત્ બની સાચું મહત્ત્વ ખીલવવાનું ક્યારે ?** અહીં એવું સુંદર સમજી શકે એવું સમજુ મન મળ્યું છે, જેને આત્મગુણોમાં જોડી આત્માની વિશેષતા માટે બનાવી શકાશે. એવા કિંમતી મનથી બાહ્ય ઠાઠમાઠમાં આત્માને ચિટકવા ન દઈએ.

શ્રાવક હાર બાજુએ ઉતારી પ્રતિક્રમણ નિરાંતે કરે છે, પણ એની બાજુમાં બેઠેલો એક શ્રાવક વિચારે છે 'અહો ! હાર કિંમતી છે, હું દુઃખી છું, દેવું પતાવવાનું છે. નહિતર ઘરના ઠામવાસણ પણ વેચાશે.' એમ વિચારી પ્રતિક્રમણમાં વહેલો ઉઠી અંધારાનો લાભ લીધો. હાર લઈ ઘર ભેગો. હારનો માલિક તો ત્યાં હાર ન દેખાવાથી સમજી ગયો. કેમ કે એ બાજુ તેજ શ્રાવક હતો. પણ પછી લેશ પણ બોલ્યા વગર ઘર તરફ ચાલ્યો.

**સાધર્મીના અપરાધ પર શ્રાવકની ઉત્તમ વિચારણા :-** રસ્તે જતાં જતાં મનમાં એ વિચાર કરે છે કે 'અરે ! હું કેવો પ્રમાદી કે મેં સાધર્મીના દુઃખને જાણ્યું નહિ, દર્દ પિછાણ્યું નહિ. એને કેટલી મોટી આપત્તિ હશે ત્યારે આ કરવું પડ્યું હશે ? નહિતર શ્રાવક માતાનો દીકરો આવું કરે ? અરે ! એ એક તણખલાની પણ ચોરી ન કરે.'

**શ્રાવક ચોરી કેમ ન કરે ?-કેમકે એ જાણે છે કે**

(૧) ચોરીના માલ સુખની મુદત અને સુખનું પ્રમાણ બહુ અલ્પ છે, પણ ચોરી પાછળના આ ભવ પરભવના દુઃખની મુદત અતિ દીર્ઘ અને દુઃખનું પ્રમાણ અત્યંત મોટું છે. એવા દુઃખ વહોરવામાં શો લાભ ? એના કરતાં તો ચોરી કર્યા વિના અહીંના વર્તમાન દરિદ્રતાદિના અલ્પ દુઃખ વેઠી લેવા સારા.

(૨) જન્મ આપીને પાળવા પોષવાનો મહાન ઉપકાર કરનારા માતાપિતાને અને કુળને ચોરીથી કલંક લાગે છે. પ્રત્યુપકાર કરવો તો દૂર રહ્યો, પણ ઉપરથી કલંક લગાડવાનું ? યોગ્ય માતાપિતાને દુઃખ પણ ભારે લાગે છે,

(૩) ચોરીથી અનાદિના કુસંસ્કાર પોષણ પામી એવા જડબેસલાક બેસે છે કે આ ભવ પછીના કેટલાય ભવોમાં એને દૂર કરી શકાતા નથી, તેથી



ન્યાયસંપન્નતાના અને નીતિના સુસંસ્કાર તથા બીજા પણ સુસંસ્કાર કેળવી શકાતા નથી.

(૪) ચોરીના એક દુર્ગણથી ધનલાલસા, માયાકપટ, જુઠ સ્વાર્થ, વિશ્વાસઘાત વગેરે અનેકાનેક દુર્ગુણો પગભર થાય છે. આત્માને વશ કરે છે, ધર્મ ભૂલાવે છે, રત્નચિંતામણિ જેવો માનવ ભવ બરબાદ કરાવે છે.

(૫) આ ભવમાં કેદ, ફટકા, નાલેશી, ફાંસી વગેરેના દુઃખ અને પરભવમાં નરક વગેરેના ઘોર દુઃખોની પરંપરા આપે છે.

(૬) આ વિશિષ્ટ ભવમાં મોક્ષની નિકટતા કમાવા માટે હૃદયમાં અખંડ પવિત્ર વિચારસરણી અને કેળવવાની મળેલી ઉત્તમ તકનો લાભ નથી લઈ શકતો. કેમકે ચોરી અને નારી ચીજ જ એવી છે કે મન આખો દિવસ એમાં જ રમતું રહે છે; પછી મનને એ મહાકલુષિત અને તામસી બનાવે છે, ત્યાં સારી વિચારણા, સારી ભાવનાઓને સ્થાન જ નથી રહેતું.

'આવા મહાન નુકસાનને સમજનારો શ્રાવક ચોરી શાનો કરે ? પણ ખરેખર ! આ શ્રાવક કોઈ મહા અસહ્ય દુઃખમાં આવી ગયો હશે, તેથી આ પ્રમાણે કરવું પડ્યું હશે. પણ એના આ કાર્યમાં વાંક મારો છે; કેમકે છતી શક્તિએ મે સાધર્મીની સંભાળ ન કરી. મારા પ્રાણભૂત પરમાત્માનું એ પ્યારું સંતાન, અને એને ભૂલ્યો હું ? જૈન તરીકે ગણાવાનો હક, તોજ રહી શકે, કે પોતે જો પોતાના સીદાતા જૈન બંધુની સંભાળ લેવાનું કર્તવ્ય માન્યું હોય. કર્તવ્ય તે છે કે જે ચૂકવામાં ગુનેગાર થવાય છે. જો પરોપકાર ચૂકાયો તો તેવો ગુનો કર્યો નથી ગણાતો; પણ કર્તવ્ય ચૂકવામાં ગુનો ગણાય છે. એટલે આ શ્રાવક સાધર્મીની સંભાળ લેવાનું ચૂકયો એ મારો મહાન ગુનો છે. એણે મને ઠીક ભાન કરાવ્યું. હવે કાલે ગુરુ મહારાજ પાસે મારે પ્રાયશ્ચિત્ત માગવું પડશે.'

કેવી લોકોત્તર શાસન પામ્યાના પ્રતીક તરીકે ઉમદા વિચારણા, વિવેક, અને વસ્તુતત્ત્વનું આલોચન ! કેવી તીર્થંકર દેવ પ્રત્યેની સાચી પુત્રપણાની સચોટ માન્યતા કે જેથી એ પિતાના બીજા પુત્ર પ્રત્યે ઊભરાતી બંધુપણાની વત્સલતા ! હવે આગળ જુઓ. બીજે દિવસે પોતે વ્યાખ્યાનમાં આવે છે. પેલો શ્રાવક પણ વ્યાખાનમાં આવ્યો છે. કેમ ? એમ સમજીને કે 'જો રોજ મુજબ આજે ઉપાશ્રયે નહિ જાઉં, તો મારા પર એ શેઠ વહેમાશે કે એણે જ મારો હાર ચોર્યો હશે. તેથી જ અહીં મો નહિ બતાવ્યું હોય. માટે રાબેતા મુજબ કરતા રહેવાનું.' જુઓ પાપ કર્યા પછી પણ માની લે છે કે ક્યાં કોઈ મારું પાપ જાણે છે, અગર પકડી શકે એમ છે ? શું આ ? એજ કે (૧) પાપની પાછળ પશ્ચાત્તાપ, ડર, શંકાદિ થવું મુશ્કેલ છે.



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

(૨) એક પાપ બીજું માયાનું પાપ નવું આચરાવે છે. (૩) ઉપાશ્રયે આવવાની ધર્મક્રિયા પણ પાપ ઢાંકવા માટે !

અહીં તો વ્યાખ્યાનમાં પ્રસંગ આવતાં પેલો શેઠ ઊભો થઈ ગુરુમહારાજને કહે છે.

'ભગવન્ ! કંઈક કહેવું છે.'

આ સાંભળતાં જ હાર ચોરનારના તો હોશકોશ ઊડી જાય છે અરેરે ! આ જરૂર જાહેર કરશે કે 'મારો હાર ચોરાયો છે; અને તે વખતે મારી પાસે પ્રતિક્રમણમાં આ શ્રાવક બેઠા હતા. તે વહેલા ઊઠીને ગયા પછી મારો હાર મળ્યો નથી.' પણ એને ક્યાં ખબર છે કે **'સંઘ પર વાત્સલ્ય ધરનારા જીવો સંઘના સભ્યની જાહેરમાં જાંઘ ન ખોલે, દોષોનું ગેઝેટીંગ ન કરે.'** ક્ષુદ્રને ઉદારના દિલની શી ખબર હોય ? ગુરુ મહારાજ રજા આપતાં શેઠ કહે છે.

'ગુરુજી ! પ્રાયશ્ચિત્ત આપો.'

'પણ આમ જાહેરમાં ?' ગુરુ મહારાજ પૂછે છે :-

'હાજી, ગુનો જાહેર છે તેથી.'

'શું ગુનો ? શી વાત છે ?'

'પ્રભુ ! સીદાતા સાધર્મીની સંભાળ લેવી ભૂલી ગયો.'

અહીં ગુરુજી 'કયા સાધર્મી ?' એવું પૂછે એમ નથી. કેમકે એ બધું ખુલ્લું કરવાનું ન હોય, માત્ર એટલું કહે છે કે 'પછી મળજો.'

આટલા પ્રસંગે તો ચોરનાર પર અજક કામણ કર્યું. એ વસ્તુ સમજી ગયો. એથી એના હૈયામાં પશ્ચાત્તાપનો પ્રચંડ અગ્નિ પ્રગટ્યો. 'હા ! હા ! હા ! મેં પાપીએ આ કરી નાખ્યું ? કોનો હાર ચોર્યો ? આવા મહાન પવિત્ર પુરુષનો ? તેય ચોરવામાં ઠેઠ જઈને કિંમતી રત્નનો હાર ચોર્યો ! કેટલું મારું નીચ ચંડાલકૃત્ય ! ચંડાલ પણ આવું ન કરે. ભયંકર ગુનો તો મારો છે, અને પ્રાયશ્ચિત્ત એ માગે છે ! આ મારા પાપે હું આ ભવચક્રમાં કેટલા ભવ ભમવાનો ? પ્રભુ ! પ્રભુ ! બચાવ મને. આવા ઉદાર પ્રેમાળની ચોરી કરવાને બદલે એમની આગળ જઈ સીધી માગણી કરી હોય તોય સારી રીતે આપત. પણ હવે તો હું માગવા લાયક પણ નથી. પહેલું કામ તો મારે તરત જ હાર શેઠને પાછો આપી આવવાનું કરવાનું.'

માણસની ઉદારતા અને પોતાની ભૂલનો ઈકરાર ચોરના હૃદયને પણ કેવું પલટી નાખે છે, એનો આ તાદૃશ નમુનો છે. ચોરોને, કે બીજા ગુનેગારોને સુધારવા છે ? તો સમજી રાખો કે માત્ર નવા નવા કાયદાથી નહિ સુધારી શકો, અરે



દબાવીય નહિ શકો, કાયદાની ચુંગાલમાં તો બિચારા કપરા સંયોગ-પરિસ્થિતિવશ મામુલી ગુનો કરનારા પકડાશે. બાકી અઠંગ ગુનેગારોનો કાયદો ન લાગે એની પહેલેથી તૈયારી રાખશે. તો એવાને સુધારવા દબાવવાનું કામ સંત પુરુષોની વાણી કરશે, સત્પુરુષોની સક્રિય ઉદારતા કરશે, પોતાની ભૂલોનું પરિમાર્જન કરશે.

વિચાર કરીને તરત જ વહેલી સવારે શેઠને ત્યાં જઈ ઊભો રહ્યો, શેઠે આવકાર આપ્યો. આ હાર કાઢીને શેઠના હાથમાં મૂકે છે.

શેઠ પૂછે છે 'કેમ ભાઈ ! આ શું છે ?'

આ જવાબ કરે છે 'અરે ! શેઠ સાહેબ ! શું પૂછો છો, ઓળખ્યો નહિ ? આ આપનો હાર છે.'

'મારો ?'

'હા જી, આપનો.'

'ના ભાઈ ના, આ મારો હોય જ નહિ.'

'અરે શેઠજી ! શંકા ન રાખો હાર બદલાયો નથી, એજ હાર છે આપનો.' પોતે વહેમાય છે કે શેઠને પોતાનો કિંમતી હાર બદલાઈ ગયો લાગતો હોવો જોઈએ, તેથી વહેમ દૂર કરવા આમ કહે છે, પણ શેઠને તો એવું મનમાંય નથી. ત્યારે એમણે કેમ એમ કહ્યું કે 'આ મારો હોય નહિ ?' એનો ખુલાસો હવેના એના ઉત્તરમાંથી જુઓ.

શેઠ કહે છે, 'પણ મહાનુભાવ ! હું ક્યાં કિંમતીને બદલે ભળતો હલકો આવ્યાનું કહું છું ? હું તો એમ કહું છું કે મારો હારજ ખોવાયો નથી.'

આ સાંભળીને ચોરનારો ઠરી જ જાય છે. એને એમ થાય છે કે 'આ શું કહે છે ? ત્યારે શું ભૂલી ગયેલ હશે ? એક મામૂલી વસ્તુ ગુમાવ્યાનું તરતમાં નથી ભૂલાતું, તો આ તો હાર, કેમ ભૂલાય ? છતાં લાવ યાદ કરાવવા દે' એમ વિચારી કહે છે.

'શેઠ સાહેબ ! ગઈ રાતના પ્રતિક્રમણ વખતે આપનો હાર હું ચોરી ગયેલો તેજ આ હાર છે.'

'અરરર ! ખમા તમને, આ શું બોલ્યા. તમે એને ચોરી ગયા ! છિટ્ છિટ્ એવું ન બોલો. હાર અમારો ચોરાયો જ નથી.'

એટલામાં શેઠાણી ત્યાં આવે છે. એ પણ પતિની વાતનું સમર્થન કરે છે. ચોરનારને એ કહે છે કે 'ખરી વાત છે એમની, અમારો હાર ચોરાયો જ નથી; અને તમે ચોરી કરો જ નહીં. માટે મહેરબાની કરીને એવું બોલો મા.'

લ્યો જુઓ, આ પતિ-પત્નીનું યુગલ કેવું ? કેમ જાણે એક જીવ અને બે



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

શરીર ! એટલે એકજ જાતના આદર્શ, એકજ જાતની ઇચ્છા, ને એકજ જાતનો મત ધરાવે છે. ધરાવે એમાં નવાઈ નથી. પ્રભુશાસનને અનુસરનારા હજારો, લાખો મનુષ્યો એકજ મોક્ષના આદર્શવાળા, શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્ર-તપરૂપ ધર્મની ઇચ્છાવાળા અને શ્રી સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના સિદ્ધાંતને અનુસરતા મતવાળા હોય છે, તો આ તો બેજ જણની વાત છે. એવા એકમતી છે, કે પેલો બંનેના સામું જોયા કરે પણ બંનેય હારની વાતથી સાવ અજાણ્યા જ લાગે છે. એ પરથી એમના હૈયાની ઉદારતા અને ઉમદાપણાના ખ્યાલમાં અને તેની સામે પોતાની ક્ષુદ્રતા અને નીચતાની સરખામણીમાં તેનું હૃદય દ્રવી ને કંપી ઉઠે છે, આત્મા પાણી-પાણી થઈ જાય છે, ઊભો થઈ શેઠના પગમાં પડતો છાતીફાટ રડે છે, કહે છે "શેઠ મારા ! હું જાણું છું કે હાર મેં આપનો જ ચોર્યો છે, પણ આપ બંનેની ઉમદા દિલાવરતા મારા પર મુશળધાર કૃપાનો વરસાદ વરસાવી રહી છે. મારા નાથ ! દાન દેવા હજી સહેલા છે, પણ આવા મહાકિંમતી રત્નહાર ચોરાયા પછી માલ સાથે ગુનેગાર આવવા છતાં એકજ કહેવું કે 'મારો હાર ચોરાયો જ નથી !' એ તો આપ સરખા કોઈ દૈવી પુરુષ જ કહી શકે ! આપે મારી આંતરચક્ષુ ઉઘાડી નાખી છે. મનુષ્યના ઉત્તમ અવતારે, કયા ધર્મના ઓઠા હેઠળ ધર્મી આત્માના માલની ચોરીની ચંડાલ સરખી અધમતા ! અને ક્યાં પોતાના જ ચોરાયેલ મહાકિંમતી માલને આ રીતે જતો કરવાની ઉચ્ચ ઉદારતા ! ખેર ! હું તો આ તમારો હાર અહીં મૂકીને જ જવાનો; પણ મને આપની એ ઉચ્ચતાનું રહસ્ય નથી સમજાતું," એટલું કહી ઉત્તરની રાહ જોતો સામે બેસી જાય છે.

શેઠ કહે છે, "ભાગ્યશાળી ! પૂર્વે પુરુષસિંહો જે ઉચ્ચતા આચરી ગયા છે, એ મારી આંખ સામે તરવરે છે, તેથી મને મારી જાત મહાઅધમ લાગે છે. જૈનોના ઘર ભર્યા હતાં, છતાં દાનવીરોએ જૈનોને નિત્ય બારે માસના ત્રણસો સાઠેય દિવસ નવકારશી જમણ આપવાની ઉચ્ચતા આચરતા; આજ હું ભર્યાની ભક્તિ કરવાની ઉદારતા તો નહિ, પણ સીદાતાનીય સંભાળ નહિ કરવાની અધમતા આચરી રહ્યો છું. મારા સાચા બંધુ ! તેં તો મારી બીડેલી આંખો ઉઘાડી નાખી છે, તારો હું કેટલો ઉપકાર માનું ? આ જગતમાં પૈસા આવવા જવાની વસ્તુ તો એક અતિ સામાન્ય બાબત છે. હું તો મારા પૈસાના કેફમાં દારૂડીયાની જેમ મસ્ત બની બેસાવધ હતો, અવિવેકી અરે સદ્ભાવનાથી પરવારેલો હતો. પરંતુ કેમ જાણે મારો નશો ઉતારી મારામાં વિવેક અને સદ્ભાવના જગાવવા તેં હાર લેવાનો અખતરો કર્યો ! અને ખરેખર ! મને ભાન આવ્યું. મેં જોયું કે અરે હાર લેવા પૂર્વે મારો ધર્મબંધુ મારા ધર્મપિતા દેવાધિદેવનો પ્યારો પુત્ર, કેટલો બધો સીદામણમાં



કચરાતો હશે ! અને ટાળવા બીજા કેટકેટલા ઉપાય એણે કર્યા હશે ! એ બધામાં કેવી હૃદયને આઘાત લગાડનારી નિષ્ફળતા મળી હશે ! મારા પૈસા શું મારી ચેહ બાળવા જ ઉપયોગી છે ? જગદ્બંધુ પ્રભુની સેવાએ મને બે પૈસા આપ્યા, તે છતે સાધર્મીના દુઃખ ન ફેડું એ કેવી મારી સ્વાર્થપટુતા ! કેવી ધનના માથે ફણિધર જેવી દશા ! આમ જ જો ચાલ્યું હોત તો મારા સાધર્મિક સીદાઈ મસ્ત અને પેટની ચિંતામાં ધર્મચિંતા ભૂલત, તેથી મારા પિતા-પ્રભુની ચાલી આવતી ધર્મ સંસ્કાર અને ધર્મપ્રવૃત્તિની પેઢીને મહાન નુકશાન પહોંચત ! પછી જૈન ધર્મશાસન આરાધકોની ઠીક સંખ્યાના અભાવે દુનિયામાં કેવું કંગાળ દેખાત, તેમજ સીદાતા જૈન ગૃહસ્થો કદાચ સત્યમાર્ગ કેવો ગુમાવત !" ઇત્યાદિ મારી વિચારણા ઉપર મારે મારી ભયંકર ભૂલનું આજે ગુરુદેવ આગળ પ્રાયશ્ચિત્ત માગવું પડ્યું. 'મહાનુભાવ ! તારો તો અમે બંને જણ ખૂબ ઉપકાર માનીએ છીએ. આ હાર તો સાધર્મી ઉદ્ધારમાં જ અમે કલ્પી લીધો છે, તે તું લઈને જ જા.'

શેઠના આત્મનિવેદને તો હાર ચોરનારનું હવે ખૂબજ દિલ હચમચાવી નાખ્યું. એ નીચે ગાદી પર મૂકી દીધેલા હારને હાથ પણ શાનો અડાડે ? છતાં શેઠે છેવટે બહુ કરગરીને એનું દેવું પતાવવાની રકમ આપી,

વિચારો કે સાધર્મી પ્રત્યેની હાર્દિક લાગણી અને કર્તવ્યનું સચોટ ભાન કેવુંક ઉચ્ચ હૃદય બનાવે છે, અને આખા કિંમતી હારની ચોરીના પ્રસંગને કેવો ઊલટો પોતાનો આત્મોદ્ધારક પ્રસંગ મનાવે છે.

**(૯) સાધર્મી-ઉદ્ધારનો નવમો માર્ગ સાધર્મીના દેવાની પતાવટ છે.** શેઠે હાર ચોરનારનું દેવું પતાવ્યું. કહે છે સિદ્ધસેન દિવાકર સૂરિ મહારાજથી પ્રતિબોધ પામેલા વિક્રમાદિત્ય રાજાએ કેઈકના દેવા પતાવ્યા. શ્રી સિદ્ધગિરી પર સવાસોમાની ટૂંક કેમ થઈ એની ખબર છે ને ? બેને કોઈ ઓળખાણ નહિ, કોઈ વેપારી લેવડદેવડ નહિ છતાં એકે મહાઆપત્તિમાં બીજા ઉપર સવા લાખની હુંડી લખી, તો બીજાએ હુંડી પરના સુકાએલા આસુંના ટીપા જોઈ કલ્પી લીધું કે કોઈ **સાધર્મી આપત્તિમાં છે; તેથી પોતાના ખર્ચ ખાતે લખી. હુંડીના નાણાં ચૂકવી આપ્યા !** શું આ ? તમે તમારે હેં કર્યા કરો. પછી પેલો સગવડ થયેથી નાણાં ભરી જવા આવે છે, તો આ કહે છે 'મારે ચોપડે તમારું નામેય નથી અને ઉધરેલુંય નથી.' ચાલી રસાકસી. શાની ? નહિ મળે, બસ આપવા પડશે'ની નહિ; 'નજ લઉં, બસ લેવા જ પડશે'ની. અંતે, પેલા સવા લાખ તો દઈ દીધા, પણ આ સવા લાખમાં બીજા સવા લાખ ઉમેરી અઢી લાખની ટૂંક બંધાવી.

**(૧૦) દશમા ઉદ્ધાર તરીકે સાધર્મીનો શત્રુ થકી બચાવ કરવાનું આવશે.**

એના દાખલામાં પૂર્વે કહી ગયેલ શ્રાવકે શ્રાવક રાજાને રાતોરાત જઈ આવેલા દુશ્મનની ચઢાઈની તૈયારીના સમાચાર આવે, તેમજ ત્યાં રામલક્ષ્મણે એ દુશ્મન રાજાનો કરેલો નિગ્રહ આવે.

**(૧૧) અગીયારનો ઉપાય સાધર્મીને રોગમાં રાહત આપવાનો છે તે :-** (૧) સમાધિ આપીને; એની વિચારણા ભાવ ઉદ્ધારમાં કરીશું. (૨) ઔષધાદિથી સેવા કરીને. જ્યાં દેશી કે હોમિયોપેથીક દવાઓની પેટી, તથા સેવાભાવી ચિકિત્સક ફરે છે, તે મહોલ્લામાં-માળામાં ડાક્ટરી કે વૈદકીય મોટા ખર્ચ બચી જાય છે.

આજે જૈન સંઘનું સંખ્યાબળ બહુ ઓછું છે, એમાં પાછું શ્રદ્ધાબળ ઓછું છે. તે બળ વધારવા સાધર્મીનો દ્રવ્યથી અને ભાવથી ઉદ્ધાર કરવો અત્યંત જરૂરી છે.

જૈનશાસનની બલિહારી છે. સંઘભક્તિ અને સાધર્મીના ઉદ્ધાર પાછળ કરોડોનું ધન ન્યોછાવર કરનારા પૂર્વે થઈ ગયા છે, આજે પણ હજારો લાખો ખર્ચનારા છે. સર્વશક્તિ ખર્ચીને આવું કાંક કર્યું તો તો કાદવ જેવા કાળમાંથીય કમળ બનવા જેવો સાર ખેંચ્યો, નહિતર પછી કીડા બનવા જેવો.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૧૬,તા. ૨૭-૯-૧૯૬૧

## (૧૨) સાધર્મિક ભાઈઓની ભક્તિ અને ઉદ્ધારના ઉપાયો

**ભાવ-ઉદ્ધારની રોચક વિચારણા. આજનો કાળ ખરાબ નથી-એ વિચારતા સુંદર છ મુદ્દા.**

**દુર્ધ્યાન-દીનતા-ઈર્ષ્યા-નિન્દા-અશ્રદ્ધા-પ્રમાદ-ધર્મવિરોધ-દોષચેપ-વગેરેના ટૂંકા પણ સચોટ વર્ણન.**

**ભાવ-ઉદ્ધાર કરવાના મહત્ત્વના છ કારણ :-**

**જૈન ગ્રેજ્યુએટ કામના કે ગ્રેજ્યુએટ જન ? સાચા દિલાવરનું એક દૃષ્ટાન્ત.**

**મહાવીર પ્રભુએ શું આપ્યું હતું ?**

**ધનના દુઃખીને સીદાતા સમજવાને બદલે ખરી રીતે તો મનના દુઃખી એવા સ્વાર્થ પરાયણ અને જડમૂર્છિત શ્રીમંતોને સીદાતા સમજવાના છે.**

**પૂર્વજોની જાતખર્ચમાં નાની રકમ ! અને સાતક્ષેત્રના ઉદ્ધારમાં જંગી રકમ !**

**જૈનશાસનનું પ્રાથમિક શિક્ષણ સંસારનો ભય ઊભો કરવાનું છે.**

**ખરાબ આજનો વખત નથી, ખરાબ તો આપણો આત્મા છે.**

**તુચ્છ જડ વસ્તુ ખાતર મારું મોંઘેરૂં મન નહિ બગાડું. એ મન તો ભાવી અનંતો કાળ ઉજ્જ્વળ કરવા માટે મળ્યું છે.**



(૧) પૂર્વે કહ્યા પ્રમાણે વાર્ષિક ખર્ચના ટકા, અથવા તે નહિ સહી, તો નફાનો, કે વેચાણનો અમુક ભાગ, કે ઉચ્ચક રકમ ધર્મખર્ચ માટે ઊભી કરી શકે.

(૨) લગ્નખર્ચ વખતે એમાં કરકસર કરીને પણ સારી રકમ કાઢી શકે.

(૩) પુત્રજન્મ, મોસાળું, ખોળો ભરવા વગેરે કરીયાવરે કરીયાવરે ધર્મખર્ચ માટે જુદું કાઢી શકે.

(૪) કોઈ કોર્ટના લફરામાં જ્યારે સેંકડો, હજારો કે લાખો તણાઈ જાય છે, ત્યારે તે વખતે તેના પ્રમાણમાં પરમાર્થ માટે સારી રકમ કાઢી શકાય.

(૫) ઈન્કમટેક્ષ વગેરેમાં પણ તેમજ કાઢી શકાય.

(૬) આજના વારસા ટેક્ષ-મૃત્યુ ટેક્ષમાં ફસાતા, પહેલાં, સારી રકમનું ધાર્મિક ટ્રસ્ટ કરી શકાય, અથવા સંઘને સોંપી શકાય.

(૭) પોતાની કે કુટુંબીની મોટી બિમારીના ખર્ચ પ્રસંગે ધર્મખર્ચ માટે અમુક રકમ અલગ કરી શકે છે.

(૮) રોજીંદા જુદા જુદા મામુલી ઘરખર્ચ વખતે બચાવી બચાવી ભેગી કરેલી શુભની પેટી પણ વરસ દહાડે સારી રકમ ધર્મ ખાતે આપી શકે.

સાધર્મીના દ્રવ્ય-ઉદ્ધાર માટે ઠીક ઠીક વિચાર્યું છે. એ બધું, સ્વાર્થપ્રીતિ ઓછી કરી પરમાર્થપ્રીતિ વધારાય, તો શક્ય છે. તેમ સીદાતાએ જમાનામાં તણાઈ જવાને બદલે પ્રાચીન વિવેકમાં અને પૂર્વજોની કલ્યાણકારી રીતરસમમાં આવી જવાય તો સહેજે સીદામણ ઓછી થાય એમ છે. નહિતર તો ખુવારીનું જોર આજે નજરે દેખાય છે. અસ્તુ.

હવે આપણે આ દ્રવ્યઉદ્ધારથી વધુ કિંમતી ભાવઉદ્ધાર વિચારવાનો છે.

### • સાધર્મીના ભાવદુઃખો અને ભાવ-ઉદ્ધાર •

**દ્રવ્યદુઃખ :-** દુઃખ બે પ્રકારે છે. દ્રવ્યદુઃખ અને ભાવદુઃખમાં દરિદ્રતા, રોગ, અપમાન, મજુરી વગેરે આવે. એ દ્રવ્યદુઃખ એટલા માટે છે કે (૧) મનને થતા ભાવદુઃખમાં એ કારણ બને છે, તેમજ (૨) સાચા આત્મદુઃખ આગળ એ ગૌણ દુઃખ છે. શાસ્ત્રમાં નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ એ ચાર નિક્ષેપાની વિચારણા વખતે દ્રવ્યનો અર્થ 'કારણ' અને 'ગૌણ' એવો કરેલો છે. ત્યારે ભાવનો અર્થ 'કાર્ય' અને 'પ્રધાન' એવો થાય છે. અહીં એટલી વસ્તુ છે કે દ્રવ્યદુઃખ હોય ત્યાં ભાવ:દુખ થાય છે ખરું. પણ સર્વત્ર થાય જ એવો નિયમ નથી. પુણીયા શ્રાવક પાસે નિર્ધનતા હતી છતાં ભાવદુઃખ નહોતું. સનત્કુમાર ચક્રી મુનિ બન્યા ત્યાં ભારે



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

રોગોથી પીડાતા હતા છતાં ભાવદુઃખી નહોતા. સંગમ વગેરે દુષ્ટો પ્રભુમહાવીરનું અપમાન કરાવતા છતાં પ્રભુ ભાવ-દુઃખી નહોતા. ત્યારે પૂછો ભાવદુઃખમાં શું શું આવે ?

**ભાવદુઃખ :-** ભાવદુઃખમાં જીવની સંક્લિષ્ટ સ્થિતિ આવે, કર્મરોગની અવસ્થા આવે. આમાં એ જુઓ કે સાધર્મીને નિર્ધનતા વગેરેના દુઃખ કરતાં આ દુઃખ કેટલા જુલમથી પીડી રહ્યા છે. સાથે એ જોવું ન ભૂલતા કે આપણે પણ કેટલા બધા ભાવદુઃખથી પીડાઈ રહ્યા છીએ. ભાવદુઃખમાં ગણાવી શકાય એનું એક મોટું લિસ્ટ થાય એવું છે. આત્માના અનંત દોષો એમાં આવશે.

**ભાવ-પીડાઓનું લિસ્ટ :-** આજે મોટા મોટા દોષ ગણીએ તોય ઘણા થાય એમ છે દા.ત. તત્ત્વનું અજ્ઞાન, દેવગુરુ-ધર્મની અશ્રદ્ધા, આગળ વધીને આશાતના, શક્ય એવી ધર્મસાધનાઓમાં પણ અ-પ્રવૃત્તિ, પ્રમાદ, આગળ વધીને અનાદર, અભક્તિ અવિધિ, દેવગુરુધર્મ સામે વિરોધ, ગુરુની અને ધર્મની નિંદા, કૃપણતા, વિષયાંધતા, વગેરે દોષો; આ સિવાય સંસારી જીવનના દોષો, જેવા કે, પરનિન્દા, ઈર્ષ્યા, મશ્કરી, અહંભાવ, દોષોનો પ્રચાર, ઉદ્ભટતા, જડવાદનો મોહ, દીનતા, માગણવૃત્તિ, સ્વચ્છન્દતા વગેરે અનેકાનેક દોષોથી આજે સાધર્મીઓ ખૂબ પીડાઈ રહ્યા છે. મર્યાદાના ઉલ્લંઘન પ્રાચીનતા પર સૂગ, જૈનતત્ત્વની ખાસ રીતીભાતિનો હ્રાસ, ઈત્યાદિ અનિષ્ટ વધી રહ્યું છે. આ બધા દોષોની રીબામણ ઓછી ભયંકર ન સમજતા. **હજીય મોટા ભાગના જૈનોમાં અન્નઅછતની એવી રીબામણ નથી કે સવારે ઉઠેલાને સાંજે તદ્દન જ ભૂખ્યા સૂવું પડતું હોય, પરંતુ ગુણ-અછતની અર્થાત્ દોષોની તો એવી ભયંકર રીબામણ છે કે માત્ર એકજ દિવસ નહિ પરંતુ આખું જીવન ધર્મભોજન વિનાનું જાય છે ! પુણ્યાર્જન વિના જ પસાર થાય છે !** ત્યારે એ પણ વાત છે કે નિર્ધનતા રોગ, અપમાન વગેરે તો પીડી પીડીને કેટલા પીડે ? પેલાની પીડા ક્યાં સુધીની ? ત્યારે આની ? કહોને અનેક જન્મો સુધીની પીડા. **દ્રવ્યપીડામાં મરે તો દુર્ગતિ જ થાય એવું નહીં; પણ ભાવ પીડામાં મરે તો દુર્ગતિ જ થાય. દ્રવ્યપીડાના કોઈ કુસંસ્કાર નહિ, પરંતુ ભાવપીડાના અર્થાત્ આત્મદોષોના તો ભારે કુસંસ્કાર જન્મે, ટકે અને વધે;** તેથી પછીના ભવો હાલત ભયંકર ! સાધર્મી પર લાગણી થઈ આવે છે ને ? તે આનો મોટા વિચાર રાખવો પડશે. સાધર્મીને એકલા રોટલા આપી દીધ્યે નહિ ચાલે. અરે ! એ ખાસ ખ્યાલમાં રાખજો કે આજના લોકમાનસના સંયોગમાં દ્રવ્ય-ઉદ્ધાર હજી અશક્ય કે મુશ્કેલ બન્યો હશે; તેથી એ તો થાય કે ન પણ થઈ શકે; પરંતુ એની સાથે ભાવ- ઉદ્ધાર જરાય ન ભૂલાય. 'પહેલા પેલું થાય પછી આ કરીએ,' રોટલા મળે, પૈસા મળે,



તો ધર્મ થાય, તો આત્મદોષો કાઢવાનું બને'- આ માન્યતાઓ પણ અશક્ય કે મુશ્કેલ નથી; થઈ શકે એમ છે. અરે ! કેટલાક દોષ તો એવા છે કે જે કેટલીક વાર દ્રવ્યદુઃખના કાળમાં જ હોય છે, તેથી તો એનો સુધારો ત્યારે જ કરવો કરાવવો ઘટે દા. ત દીનતા અને માગણવૃત્તિ.

અહીં આપણે, ઉપર ગણાવેલા દોષો કેવી કેવી રીતે આજે પીડી રહ્યા છે, અને એના ઉદ્ધાર માટે શું શું કરવું જોઈએ, તે દૃષ્ટાંત સાથે બહુ ટૂંકમાં વિચારી સાધર્મીની ભક્તિ-ઉદ્ધારનો વિષય સમાપ્ત કરીશું.

**સાધર્મીના ત્રણ વિભાગ પડે છે-** એક દાતાર થઈ શકે તેવો, બીજો બેકાર સીદાતો વર્ગ, અને ત્રીજો પોતાનું માંડ પૂરું કરી શકતો મધ્યમ વર્ગ, આમાં પહેલો દાતાર વર્ગ કૃપણતા, સ્વાર્થપરાયણતા, અને અહંભાવથી પીડાય છે. ત્યારે બીજો વર્ગ દીનતા, માગણવૃત્તિ, ઈર્ષ્યા વગેરે દોષોથી પીડાય છે. સમગ્રપણે વેપારનું ખોરવાવું, સરકારી વેરા વગેરે પરિસ્થિતિ સામુદાયિક પાપના ઉદય સૂચવે છે. આવા વખતે દાતાર પક્ષે વધુમાં વધુ આપવાની ઉદારતા કેળવવી ઘટે; ત્યારે બેકાર સીદાતા વર્ગે લેવાની મનોવૃત્તિ અટકાવી, પૂર્વે કહ્યા મુજબ જરૂરીયાત પર કાપ અને સહિષ્ણુતા કેળવવા ઘટે. મધ્યમ વર્ગે પણ શક્ય બચાવ અને ત્યાગ કેળવી બને તેટલા દ્રવ્ય-સહાયક અને ખાસ કરીને ભાવસહાયક બનવું જરૂરી છે.

દાતાર પક્ષે પહેલાં તો ઉદાર વચનવાળા બનવું જરૂરી છે.

એથી સામાને ભાવસહાય અર્થાત્ સમાધિનું દાન કરી શકાય છે. આમા શું પૈસા ખરચવા પડે છે ? કિન્તુ કેટલીકવાર આ પણ મોઘું લાગે છે. કેમકે એમ કરવામાં ડર લાગે છે કે તો પછી પૈસા કાઢવા પડેને ? પણ હજી સાધર્મીની ખરી પિછાન નથી, માટે જ આમ થાય છે. **'મને જે શાસન મળ્યું છે, તે આવા શાસન-સુભટ વીરોના હિસાબે મલ્યું છે !'** એમ લાગી જાય તો ઝટ લાગણી ઉઠે. આનું સીધું પરિણામ એ આવે કે સામો આવે કોઈ, ને કહે 'ભીડમાં આવ્યો છું.' તો આપણે જ ભીડમાં છીએ, ત્યાં ક્યાં આ માગવા આવ્યો, એમ એના પર અરુચિ ન થાય, પણ ઉલ્લાસથી કહેવાય કે, 'ધન્ય ભાગ્ય ! આવો પધારો, બેસો, ફરમાવો, કેમ પધારવું થયું ?' કેમ ઉલ્લાસ ? યાદ છે કે મારો **સાધર્મિક એ મને દેવગુરુનો સંસ્મારક છે ! મારા ગુરુનો ભક્ત છે, મારા જૈનધર્મની પરંપરાને ટકાવનારો છે.** માટે ઉલ્લાસથી પૂછવાનું-બોલો, શું સેવા ?' આપવું ન હોય, તો શું થાય ? એના કરતાં મોં ચઢેલું રાખવું સારું નહિ ?' ના, કંજુસ હોઈએ તો કહીએ કે 'હીનભાગી છું, તમારી આશા નહિ પૂરી શકું. તમે આટલું પગે ચાલીને આવ્યા છો, તો મારી ફરજ છે કરવાની. ધર્મે આ બધું આપ્યું છે; તેથી ધર્મની કૃતજ્ઞતાની



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

રૂએ પણ મારે કરવું જોઈએ.' સાધર્મીનું કરવામાં તો ધર્મે આપેલું ન્યાયસર ધર્મના ખોળે મૂકવાનું બને છે. કોઈએ બે પાંચ હજાર આપ્યા હોય તો અવસરે એને દાબીને કહેવાય છે કે 'લઈ જાઓ તમે પણ.' તેમ અહીં કહેવાય કે 'તમને આપું તે ઉપકાર નથી કરતો, પણ કૃતજ્ઞતા બજાવું છું ! છતાં મારા સંયોગ આવા આવા છે, મારો જીવ આવો છે...' આવી આવી રીતે કહીને પછી જે કાંઈ કહેવાય-કરાય, તે સામો આનંદથી ઝીલે. એને સમજાવી દેવાય કે **"જુઓ, સંસારમાં આપત્તિ આવવાનું નવું નથી. આજે તમને, કાલે મને. પણ દેવગુરુધર્મને ભૂલવા નહિ ! એનાથી પાપ ઠેલાઈ જાય છે."** આમ કહેવામાં પૈસા થોડા જ લાગે છે ? એમાં એ હિંમત ઘણી લઈ જાય; સાથે સાથે ધર્મ પણ લઈ જાય. પછી એવું જીવન જીવે કે યાદ રહે તેને કે 'સાધર્મિક એક મળ્યો હતો, એણે મારી આંતર ચક્ષુઓ ખોલી નાખી !' આપણને લાગે કે આ આપત્તિ તો સહી લેવા જેવી જ છે, અથવા સહ્યે જ છૂટકો છે, તો એ આવ્યે, કર્મક્ષય માટે સહી જ લેવાની ! એમાંથી ખોટા લાગવા અઘટિત ઉપાય નહિ લેવાના. મનને થવું જોઈએ કે **'હું શ્રાવિકાનો દીકરો છું. મારાથી માગવા નીકળાય નહિ. જનેતાની કુખ લાજે.'** માગવા આવનારને પોતાને આ ગમ ન પડતી હોય, તો આપણે શીખવાડી શકીએ. ત્યાંય આવી સાચી શિખામણ પણ કદાચ ન માને, છતાં પણ પૂર્વે કહ્યું તેમ પહેલાં એનાં હૈયાને ઠારવાનું.

પછી સાચવીને કહેવાનું કે 'એક વાત કહેવાનું મન થાય છે.' એટલે સામો કહેશે 'કહો, ખુશીથી કહો.' ઠારેલો છે ને માટે સાંભળવા તૈયાર. ત્યાં હવે કહેવાનું કે **'જરા ખોટું ન લગાડતા. આ જુઓને તમારે આફત તો આવી જ છે. પણ બીજે ક્યાંય માગવા જતા નહિ,** ઈતર લોકનિંદા કરે કે શ્રાવકો માગણીયા છે.' શું આ ? એ, કે પછી સાધર્મીને ખાનગીમાં પોતે આપેલું તો બીજા આગળ ગવાય જ શેનું ? અહંવૃત્તિ જાત પ્રશંસા, અન્યનો અપકર્ષ કરવો, વગેરે દોષ એવા છે કે જેથી બીજાને કહે 'ફલાણા ભાઈ બિચારા મુશ્કેલીમાં છે. આપણી પાસે આવેલા, આટલા લઈ ગયેલા...' આ ખોટું થાય છે. અસ્તુ.

શ્રાવક માગે છે, કોઈનું માગીને ખાય છે. એવું બહાર ન જણાવું જોઈએ, એનામાંય (જૈનેતરમાં) એવા છે કે જે માગતા નથી, એમ સમજીને કે 'સુખદુઃખ ભગવાને આપ્યું છે. ભગવાન કસોટી કરે છે. જો ભગવાને આપેલું સુખ જલદી હોંશેહોંશે વધાવી લઉં છું. એમ દુઃખ પણ વેઠી લેવાનું; એની ચિંતા નહિ કરવાની.' જૈનેતરનેય મનનું સમાધાન કરી વગર માગ્યે જીવતાં આવડે છે, તો આપણે તો કર્મના સિદ્ધાન્તને માનનારા, એને ન આવડે ? જૈન તો વળી એથીય ભારે ધીર



હોય. છાપામાં આવ્યા કરે છે કે 'શ્રાવકો આર્થિક સ્થિતિએ દુઃખી છે, સાધર્મિક સીદાય છે, ખાવાના પૈસા નથી;' પણ જો ઉદ્ધારના કામ ન બની શકતા હોય, તો બોલવાનું બંધ રાખવું જોઈએ. બોલનારા એમ બોલી બોલીને લોકમાં છાપ હલકી પાડે છે, તેમ દુઃખીને દીન કરે છે, ઓશીયાળા કરે છે, અને માગણીયા બનાવે છે, માગવાનું પણ કેટલી બધી હલકી રીતે ? અરજી કરે તો બધું લખવું પડે ? 'શું નામ ? બાપનું નામ ? કયા ગામના ? ધંધો શું ? કુટુંબ કેટલું ? આપત્તિ કેવી ?' આ બધું બીજા આગળ ખોલીનેય મળવાનું શું ? પાંચ, પચાસ રૂપીઆ ખાતર કુળવાન બધું ખોલે ? અને અન્નદાંતને વેર ઊભું થયું હોય તો આ કરતાં આંતરડી કેટલી કકળે ?

ખરો ઉદ્ધાર પહેલા નંબરમાં, સાધર્મિકને ધીર બનાવવાનો છે, એમ કહેવાય "જુઓ લોકમાં માગતા ફરવાથી નિંદા થાય." આપણે જે ધર્મને માનનારા છીએ, તેમાં તો શ્રાવકને મન સાચું ધન કયું ? રૂપિયા ? ના. ધર્મ એ સાચું ધન છે. શ્રી હરિભદ્રસૂરિ મહારાજે ધર્મબિન્દુમાં શ્રાવકના લક્ષણમાં લખ્યું છે, કે **'धर्मे धनबुद्धिः'** શ્રાવક કેવો હોય ? ધર્મને ધન માનનારો, દુન્યવી ધનને ધન નહિ. એટલે આપણી પાસે જો વીતરાગનો ધર્મ છે. આવા ઊંચા જિનશાસનની પ્રાપ્તિ છે, દેવપૂજા, ગુરુભક્તિ, કોઈ વ્રત, કોઈ પચ્ચક્ખાણ છે, તો એ મોટી સંપત્તિ છે ! એનાથી આપણે શ્રીમંત છીએ.

**ધર્મ છે તો આપણે લાખો કરોડોથી** ન અંકાય તેવી શ્રીમંતાઈ ધરનારા છીએ. એમાં કદાચ ખાવાના બે ટૂકડા ઓછા મળ્યા, તેમાં શું રોવાનું ? **પાસે ગળામાં હીરાનો હાર હોય અને કદાચ એક લોઢાની ખીલી ન હોય તો શું રોવા બેસવાનું કે 'હાય હાય ! મારી પાસે લોઢાની ખીલી નથી ?'** અરે ! ગમાર, ગળામાં હીરાનો હાર છે, પછી એક ખીલી નથી, એમાં રોવે છે શાનો ? એમ કોઈ કહે ને ? એમ પાસે હીરાના હાર જેવો ધર્મ છે, પણ લોઢા જેવી બે પૈસાની મુડી નથી, એનું રોદાણું છે. ત્યાં સમજાવી દેવું જોઈએ. પણ આવી ઊંચી સમજ ક્યારે આપવાનું બને ? જ્યારે આપણામાં એ વસ્તુ હોય ત્યારે. અર્થાત્ **'કિંમત ધર્મની છે, ધનની કાંઈ કિંમત નથી;'** એવું આપણા મનમાં સચોટ વસ્યું હોય તો ઝટ સાધર્મિકને સમજાવાનું મન થાય.

**ધનના દુઃખી માણસોને સીદાતા સમજવાને બદલે ખરી રીતે તો મનના દુઃખી એવા સ્વાર્થપરાયણ અને જડમૂર્છિત શ્રીમંતોને સીદાતા સમજવાના છે.** પોતાના જંગી ખર્ચ રાખનાર એમણે એકલે પંડે કે પોતાના સરખા બે પાંચ શ્રીમંતોને ભેગા ભેળવીને સાધર્મી ઉદ્ધારના, સાધારણ ખાતાના ખર્ચભંડોળના, પોતાને ધર્મક્રિયા

કરવાના ધર્મ સ્થાનના-ઇત્યાદિ કાર્ય પતાવી લેવા જોઈએ. તેના બદલે 'લખો મારા રૂ. એકાવન, ચલાવો આગળ ટીપ' એવું એવું બોલતા-વર્તતા એમને સાંભળીએ છીએ, ત્યારે પૂર્વના જૈન **શ્રીમંતોની જાતખર્ચની નાની રકમ, અને સાત ક્ષેત્રના ઉદ્ધારના કાર્યમાં ખર્ચવાની જંગી રકમ** આવી સુંદર પ્રણાલિકાનો ભંગ થઈ રહ્યો દેખાય છે, ઉદારતા મરવા પડી લાગે છે ! એવી સ્થિતિ ભોગવતા શ્રીમંત વર્ગમાં જડમૂર્છા, સ્વાર્થપટુતા, અને પરમાર્થકૃપણતાની ભાવસીદામણ છે. આ પણ સાધર્મી સીદાય છે, એનો ઉદ્ધાર મુખ્યપણે સાધુઓએ કરવાનો છે. તે એમની ટીકાટિપ્પણ કરીને નહીં, પણ એમને **(૧) સુકૃતમાં ઉત્સાહિત કરીને, (૨) આરંભ અને પરિગ્રહના ભયભીત કરીને.** એમની સમૃદ્ધિમાં અને એમના ઉદ્યોગપતિપણાના ગુણ ગાઈને તો એમને પરિગ્રહ-આરંભમાં નિર્ભીક રખાય છે. એથી એમની સીદામણ વધે છે, રૂંધાતી નથી. માટે જ **જૈનશાસનનું પ્રાથમિક શિક્ષણ સંસારનો ભય ઊભો કરવાનું છે.** લક્ષ્મીરૂપી સંસારનો ભય ઊભો થયા પછી તો શ્રીમંતને તમન્ના જાગશે કે 'લાવ, **આવી અંતે મારો જ વિનાશ સર્જનારી લક્ષ્મીને સાધર્મી-ઉદ્ધારના સમુદ્રમાં વહાવી દઉં, જેથી એ અક્ષીણ લક્ષ્મીના રૂપમાં ફરી જાય.'**

ત્યારે પૂછો ને કે એવી લક્ષ્મી સાધર્મીના આત્માનો વિનાશ નહિ કરે ?

ઉત્તર સીધો છે-વિનાશ તો નહિ કરે, પણ ઊલટું એ આજે જે જીવન-સગવડના અભાવે સાધર્મી મહાન અસમાધિ અને દુર્ધ્યાનમાં સબડી, તથા કારમી અર્થચિંતાને લીધે ધર્મ ચિંતાથી રહિત બની વિનાશ પામી રહ્યા છે, તે વિનાશમાંથી બચી જશે. આ કાર્ય તો એમણે કરવાનું છે. પણ મુનિરાજોએ અને બીજા સામાન્ય ગૃહસ્થોએ દુઃખી સાધર્મીના હૃદય પલટવાનો ઉદ્ધાર કરવાનો છે. એમના **'રોટલાદુઃખી મનને'** ફેરવી નાખીને-'આપણે પૂર્વે અને આ ભવમાં ધર્મરહિત રહ્યા, કેવા કમનસીબ !' એમ 'ધર્મદુઃખી' બનાવવાનું છે. અર્થાત્ એમને શિખામણ આપવાની છે કે,

## • આજનો કાળ ખરાબ નથી, વિવિધ ભાવના •

(૧) 'મહાનુભાવ ! તમે કહો છો; પણ **ખરાબ તો આજનો વખત નથી, ખરાબ તો આપણો** આત્મા છે. વખત જો ખરાબ હોય તો આજેય સુખી માણસો છેને ? તે કેમ હોય ? પણ કહો કે એમનો આત્મા પુણ્યાઈ કમાઈ આવ્યો છે તે સારો કહેવાય, અને આપણો આત્મા પાપ કમાઈ આવ્યો છે તે ખરાબ ગણાય. હવે એમાં કાળને શો દોષ દેવો ?

(૨) બીજું, જો સમજીએ તો વખત તો ઊલટો આજે સારો છે કે જ્યાં



આપણને પુણ્યપાપની ભયંકર વિચિત્રતા પ્રત્યક્ષ જોવા મળવાથી વૈરાગ્ય સુલભ અને સ્થિર બને છે.

(૩) વળી જે આજનો કાળ લક્ષ્મી-સત્તા વગેરેના મહાન આત્મતોફાનો બતાવે છે, દોષોના ક્રૂર નાટક દેખાડે છે, એ આપણને તો વધુ સાવધાન અને પરલોક સુધારવાની ધર્મપ્રવૃત્તિમાં વધુ ઉજમાળ બનાવવા સમર્થ ગણાય; તો શું એ સારો નહિ ?

(૪) ત્યારે, આપણને આપણા પૂર્વ જન્મની તો સ્થિતિ માહિત નથી, પણ આ જીવનમાં આજના કરોડો ધર્મહીન મનુષ્યોની વચ્ચે આપણને મહાન જૈનધર્મ મળ્યો. તે કાળ આપણા માટે કેટલો બધો સારો !

(૫) તેમ, એવા સુંદર ધર્મને પામી આપણાં પાપ સમાધિથી ભોગવી નાશ કરવાનું આજે મળે, એ પણ સારોજ કાળને ?

(૬) તો, ભલે ધનની તંગીના હિસાબે, પણ મોટા ધંધા-ધાપાના અને બીજાં પાપ, તથા મોજશોખ, રંગરાગ, ઠાઠવિલાસ વગેરેના પાપ આપણે ઓછા કરીએ, આહાર-વિષય-પરિગ્રહ સંજ્ઞાને ઓછી પોષીએ, ધર્મમાં જોડાયેલા રહી શકીએ. કુસંસ્કારો વધુ ન મલ્હાવીએ, એ બંધુ કેવા મહાન આત્મલાભમાં છે !

**દુર્ધ્યાન અને દીનતા :-** તો ભાગ્યવાન ! આવા આવા કેઈ લાભો આજે આપણા પાસે છે એના તરફ લક્ષ ચૂકી, શા માટે એકલા પૈસામાં જ સર્વસ્વ કે વિશેષતા માનો છો ? શા માટે દુર્ધ્યાન કરો છો ? આપણા જ ઉપાર્જેલા અશુભ કર્મ ભોગવ્યે જ છૂટકો છે, ને વધારામાં દુર્ધ્યાનનાં પાપ માથે પડી જાશે,' દુર્ધ્યાનમાં લક્ષ્મીની કુવાસના અને કુસંસ્કારો આત્મા પર દૃઢ થશે. મમતા-કષાયો વધશે, કર્મના ભાવ વધી જશે. એની સીદામણ તો અપરંપાર હશે. એ બધું વિચારી હિંમત રાખો. આટલું જ શું, આથીય ભયંકર સહવાનું સત્ત્વ કેળવો, અરિહંત પ્રભુને બરાબર હૈયે વસાવો, એમના ધર્મની સ્પર્શના આપણા હૈયામાં થઈ છે. એ સહર્ષ સહિષ્ણુતા અને સત્ત્વના વર્તનથી સાબિત કરો. લક્ષ્મીને આંતરપણે કહી દો કે 'તું કોણ મારું મન બગાડનારી ? ભલે ભોજન એક ટંક કરીશ, ચીજ બેજ ખાઈશ, પણ **તારી ખાતર મારું મોંઘેરું મન નહિ બગાડું. મારું મન ભાવિ અનંતો કાળ ઉજ્જ્વળ કરવા માટેનું છે,** કિંમતી છે, પવિત્રતા, સહિષ્ણુતા, સત્ત્વ વગેરેનું એક ભાજન છે. તેમ શાસનની પ્રાપ્તિને નિધાન માની દીન ન બનો. શા માટે આપણે ભીખ માગતા થવું ? આવી આવી સલાહ-શિખામણથી મન રોટલાદુઃખી નહિ રહે, 'હાય ! શું ખાઉં, પૈસા ક્યાંથી લાવું ?' માત્ર આવી આવી વિચારણામાં રમતું નહિ રહે; સહિષ્ણુ બનશે. પછી માગણવૃત્તિ નહિ આવે. તેમ શ્રીમંતની

ઈર્ષ્યા પણ નહિ કરે.

**ઈર્ષ્યા :-** ઈર્ષ્યાએ પણ આજે વાતાવરણ બહુ બગાડ્યું છે. મનુષ્ય-સ્વભાવ વિચારો કે સામા પર ઈર્ષ્યા કરવાથી એનો પ્રેમ મળે ? ને પ્રેમ વિના એ દાન કરવા ઉત્સાહિત થાય ? કહેવત પણ છે ને કે કોઈનું દીકરા થઈને ખવાય, બાપ થઈને નહીં, આ તો દુઃખી માણસો સુખીની ઈર્ષ્યા કરી કરી સુખને પ્રેમવિહોણા કરી રહ્યા છે, સુખીના પ્રેમને ગુમાવી રહ્યા છે; પછી પૈસા ઉછાળવા ક્યાંથી ઉલ્લાસી બને ? પૂર્વે એ નહોતું, તો સુખી માણસોને ભારે મમત્વ અને વાત્સલ્ય રહેતું-'મારા સાધર્મી, મારા જ્ઞાતિજનો, મારા ગામવાસી;' પછી તો ઉદ્ધારની તકને ઝટ ઝડપી લેતા. ત્યારે કોઈ સુખી ભલે સ્વાર્થી અને કૃપણ હોય છતાં આપણે ઈર્ષ્યા શા સારું કરવી ? આપણે તો ઇચ્છવું કે 'તારુંય ભલું થાઓ. તું અમારો ભાઈ છે, તેથી તને મળ્યું છે એ અમને જ મળ્યા બરાબર છે.' એમ કરી પ્રેમ વરસાવવો, બાકી ઈર્ષ્યાથી તો પાપકર્મ અને કુસંસ્કારના થોક વધે છે.

**નિંદા :-** ઈર્ષ્યા સાથે નિંદાની પણ એક મહા રીબામણ છે. શું સુખી, કે શું દુઃખી, મોટા ભાગે સૌ એક સરખી રીતે નિંદાની ચુંગાલમાં ફસાયા છે. ત્યારે આય શું સાધર્મીની ઓછી સીદામણ છે ? વાત કરનાર કોઈ મળવો જોઈએ, પછી કેમ ? તો કે ત્યાં બીજાનું ઘસાતું બોલવાની ચળ ઉતારવાની, પરનિંદાની ટીપાર્ટી ઉજવવાની લોકરીતિ આવી પડી ગઈ છે, તેથી સાધર્મી બિચારા એમાં ફસાય છે. પછી રોટલે સુખી હો કે દુઃખી પણ **નિંદાના યોગે નીચ ગોત્રાદિ ઘોર કર્મ બાંધી જરૂર પડ્યે ચંડાલ કે તિર્યંચના અવતારમાં જઈ દુઃખમય અને પાપમય જીવન પામે છે.** તો શું આ ભયાનક નથી ? એ અટકાવવાની જરૂર નથી ? એના માટે, ભૂખમરાની સીદામણની જેમ નિંદાની સીદામણમાંથી સાધર્મીનો ઉદ્ધાર કરવો જોઈએ કે નહિ ? અરે ! આજે તો વળી હાલતાં ને ચાલતાં સાધુનું ને આચાર્યોનું ઘસાતું બોલવાનું. ધર્મક્રિયા-ધર્મઆચાર અને ધર્મપ્રણાલિકાઓનું હલકું બોલવાનું, એટલે કે ગુરુ અને ધર્મની નિંદા કરવાનું ચાલી પડ્યું છે ! આ પાપની ભયંકરતા તો વળી ઓછી નહિ સમજતા. અનેક ભવ સુધી સંસારમાં રખડાવે, દુર્ગતિઓમાં રીબાવે; એવાં એ પાપ છે, સાધર્મી સીદાય છે, એમ જ્યારે બોલવામાં આવે, ત્યારે આ સીદામણ શું ધ્યાનમાં લેવા જેવી નથી ? ભૂલશો નહિ કે **જીવન નિર્વાહના સાધનની તંગી જેટલી ભયંકર નહિ નીવડે, એટલી પવિત્ર અને ગુણ ગ્રાહી વાણીની તંગી ભયંકર નીવડશે.** શું પ્રભુશાસનને પામેલો આત્મા રોજ આવી નિંદામાં રચ્યોપચ્યો રહે ? ત્યારે નિંદા એ શું અનિવાર્ય છે ? હજી પૈસાની તંગી આપણે શીઘ્ર ન મિટાવી શકીએ, પણ સદ્‌વચનની છત જલદી કરી શકાય એમ છે. નિંદા જરાય



જરૂરી નથી, નિંદાથી મહાન કલેશો જન્મે છે, હૈયું ક્ષુદ્ર બને છે, બીજાના ગુણ ભૂલી જવાય છે. **માનવ જીવનની જીવ્યાની વિશેષતા રોટલા મળ્યામાં જે નથી, તે ગુણ અને ધર્મ મળ્યામાં છે; નિર્ધનતાદિ દુઃખ ટળ્યામાં છે.** આ જો બરાબર સમજતા હોઈએ તો આપણી કે સાધર્મી ભાઈઓની **નિર્ધનતા જે ખટકે, એના કરતાં દોષયુક્તતા વધારે ખટકે; નિર્ધનતાનો ઉદ્ધાર કરવાનું જે મન થાય એથી અધિક મન દોષોનો ઉદ્ધાર કરવાનું થાય.** ત્યારે હવે બીજા દોષોની પીડા જુઓ.

**દેવગુરુધર્મની અશ્રદ્ધા : ધર્મ પ્રમાદ :-** જગતમાં સર્વ શ્રેષ્ઠ વીતરાગ સર્વજ્ઞ દેવાધિદેવ, તેમ ત્યાગી વિરાગી નિર્ગ્રન્થ ગુરુ, અને સર્વજ્ઞકથિત જૈન ધર્મ મળ્યો હોવા છતાં આજે જૈન કુળમાં જન્મ પામેલા કેટલાયની અશ્રદ્ધાની કે ધર્મપ્રમાદની દશા જુઓ તો દયા આવે એવું છે, દિલને કમકમી છૂટે એવું છે. દેવગુરુધર્મ પર અશ્રદ્ધા અને ધર્મમાં પ્રમાદ થવાના અનેક કારણો છે. નવી પ્રજાઓ માટે એક મુખ્ય કારણ આજની કેળવણી છે. એમાંય ખાસ કરીને કોલેજની કેળવણીમાં ગયેલા જૈનોની સરેરાશ કાઢો તો લાગશે કે દેવગુરુધર્મ ઉપરની અવિહડ શ્રદ્ધાથી રહિતની તેમ ધર્મક્રિયા શૂન્યની સારી સંખ્યા છે. એમાં કેટલાકના તો માબાપ સારા ધર્મી છે, છતાં છોકરામાં મીંડું વળી ગયું છે. ત્યારે કેટલાક યુવકો કે પ્રૌઢોને સંસર્ગ એવા મિત્રોના કે પાડોશીઓના મળ્યા છે, કે જેમણે એમને શ્રદ્ધાહીન અને ધર્મરહિત બનાવ્યા છે. તેમ આજની ક્લબ, સોસાયટી, હોસ્ટેલ સામાજિક મંડળ વગેરેની પદ્ધતિએ શ્રદ્ધાને બદલે અશ્રદ્ધાને પોષણ આપ્યું છે. ત્યારે આજના સામાજિક સાહિત્યે, ધર્મપર કટાક્ષ કરનારા સાહિત્યે, છાપાઓએ, નોવેલ-નવલિકાઓએ, સિનેમાઓએ-ઇત્યાદિએ લોકનાં ચિત્ત એટલાં બધાં આકર્ષી લીધા છે કે જેના પરિણામે અશ્રદ્ધા અને પ્રમાદનું જોર વધી ગયું છે. ત્યારે જ્યારે આપણે સાધર્મીના ઉદ્ધાર અને ઉદયની વાત કરીએ છીએ ત્યારે શું **એમ જોવા ઇચ્છીએ છીએ કે સાધર્મીના અર્થકામનો ઉદ્ધાર-ઉદય થાય, અને એની ધર્મશ્રદ્ધા, અને ધર્મપ્રવૃત્તિનો ઉદય નહિ ? અને કદાચ આર્થિક સ્થિતિનો ઉદય ન કરી શકાતો હોય, તો પછી ધાર્મિક હાલતનો ઉદય તરફ બેપરવા રહેવું ?** શું આવું માનો છો, આ જીવન એટલે રોટલાની ચિંતાનું જીવન નહિ પણ ધર્મ ચિંતાનું જીવન, એવું તમે માનો છો તો તમારા સાધર્મીની ધર્મચિંતા વિનાની બેહાલ દશા તમને કેમ કકળાવી ન મૂકે ? અરે ! આપણને એની નિર્ધનદશા જેવો ખેદ કરાવે તેવી એની નિર્ધનદશા-અશ્રદ્ધા અને પ્રમાદદશા ખેદ કરાવે. પછી વધુ ચિંતા સતત રહે; એટલે એના આર્થિક ઉદયની શક્યતા કે અશક્યતામાં કે ધાર્મિક ઉદયની વિચારણા જરાય ન ભૂલાય; બલ્કે ધાર્મિક ઉદ્ધાર બહુ શક્ય હોવાથી એના પર વધુ ભાર મૂકી એ માર્ગે સતત



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

પ્રયાસો ચાલુ રહે. અમે ઉપદેશમાં ધર્મશ્રદ્ધા, ધર્મબુદ્ધિ, અને ધર્મપ્રવૃત્તિ ઉપર વધુ ભાર કેમ આપીએ છીએ ? દુર્ધ્યાન, દીનતા, પાપબુદ્ધિ, મમતા, તૃષ્ણા વગેરેમાં ન ફસાવા કેમ અમે જોરદાર ઉપદેશ કરીએ છીએ ? એટલા જ માટે કે

(૧) જિનશાસનમાં ભાવઉદ્ધારનું પરલોક દૃષ્ટિએ વધુ મહત્ત્વ છે, માટે

(૨) જીવનમાં પહેલો જરૂરી ભાવઉદ્ધાર-ધાર્મિકઉદ્ધાર છે,

(૩) દ્રવ્યઉદ્ધાર પણ બહુ જરૂરી છતાં એ કરી શકનારા સમર્થો અહીં ઓછા આવે છે.

(૪) આવનારામાં પણ જ્યાંસુધી એ ખ્યાલ જોરદાર નહિ જાગે કે **'લક્ષ્મી એ ઝેરી નાગણ છે, મમતા-તૃષ્ણા એ નરક,-નિગોદની દૂતીઓ છે, સ્વાર્થબુદ્ધિ એ પાપબુદ્ધિ હોઈ માનવતાને નિષ્ફલ કરનારી છે, દેવગુરુધર્મની શ્રદ્ધા અને સેવા અસંખ્ય કાળે પણ મળવી દુર્લભ છે, ને મળે તો એજ તારણહાર છે,-** આવું આવું હૈયામાં રમતું ન થાય ત્યાંસુધી સાધર્મીનો દ્રવ્યઉદ્ધાર કરવા એ તૈયાર નથી.

(૫) સીદાતા આત્માઓ આગળ અમલમાં ન આવતી દ્રવ્યઉદ્ધારની દેશનાનો કોઈ અર્થ તો નથી, બલ્કે 'આજના શ્રીમંતોને સાધર્મીની પડી નથી, એ તો સ્વાર્થી છે, એમના પોતાના ખર્ચા રાક્ષસી છે' વગેરે વગેરે બોલવું એ સીદાતાના દિલમાં શ્રીમંતો પ્રત્યે ઈર્ષ્યા, દ્વેષ, ગુસ્સો વગેરે જગાડવા માટે થાય છે. લ્યો, સાધુએ ધર્મઉપદેશના નામ હેઠળ આ સીદાતાને માત્ર દ્રવ્યઉદ્ધારના ઉપદેશથી શું આપ્યું ? કષાયની જ બક્ષીસને ?

(૬) એટલું જ નહિ પણ હજી આગળ વિચારો. વર્ષોથી બૂમ છતાં સીદાતાની સીદામણો હજી સુધી ઊભી જ છે. ત્યારે એનો અર્થ એ કે એમની આગળ કરેલા દ્રવ્યઉદ્ધારના ઉપદેશો એમની આર્થિક રીબામણ તો નથી જ ટાળીને ? ઠીક, તો **એમના હૃદયને ધર્મઆશ્વાસન આપ્યું છે ? એમની અસમાધિ અને દુર્ધ્યાન ટાળ્યાં છે ? એમની પોતાના પૂર્વકૃત પાપ તરફ દૃષ્ટિ કરાવી છે ? પાપ ઠેલવા માટે એમનામાં ધર્મશ્રદ્ધા અને ધર્મપ્રવૃત્તિ વધારી છે ?**

**પ્ર.**- આ બધું તો, પણ પેટ ઠરે પછી બને ને ?

ઉ.- એટલે એનો અર્થ એજને કે **પેટ ન ઠરે ત્યાં સુધી આ માટે કશું ન કરવું ?** પૈસા આપ્યા વિના આ બધું શક્ય નથી ? ભૂલા ન પડો, શુદ્ધ, વૈરાગ્યના ઉપદેશથી, મહાપુરુષો ઉપરથી ભીષણ આપત્તિના વર્ણનથી, પુણ્યપાપના સચોટ હિસાબની સમજુતીથી, આશ્રવસંવરના વિવેક કરાવવાથી, સંસારના સંયોગ માત્રની વિનશ્વરતા સમજાવવાથી ઉપર કહેલી વસ્તુઓ બનાવવી શક્ય છે. અને બન્યાનો અનુભવ છે. આવો બધો ઉપદેશ, દરિદ્રતા-રોગ-સંકડામણાદિ ઊભા રહેવા છતાં,



આત્મામાં સુંદર સમાધિ-શુભધ્યાન-ધર્મ-શ્રદ્ધા-ત્યાગતપ વગેરે ધર્મપ્રવૃત્તિને જગાવનારો બન્યો છે. અલબત શક્તિવાળાને સાધર્મીનો દ્રવ્યઉદ્ધાર કરવાનો. તેમ સીદાતાને જરૂરી જ છે, અને કરાય પણ છે. છતાં ભાવઉદ્ધારના ઉપદેશને જરાય વીસરવા જેવો નથી. એ જો વીસરાશે તો દેવગુરુધર્મ પ્રત્યે અશ્રદ્ધા અને ધર્મપ્રવૃત્તિહીનતા વધવાના હિસાબે જૈનો એટલે જૈન કુળમાં જન્મેલા, કદાચ ડીગ્રીધર થશે, વેપારી થશે, સામાજિક મંડળના કાર્યકર થશે, પણ જૈન તરીકેની વિશેષતા અદા કરવા માટે નહિ, પણ માત્ર જૈનેતરની જેમ તે તે સ્થાને વર્તવા માટે.

પૂછતા નહિ કે શું ત્યારે એ બધાની સંઘને જરૂરીયાત નથી ?

જરૂરીયાત છે, પણ વિવેક કરીને. અર્થાત્ દેવગુરુધર્મની શ્રદ્ધા અને ધર્મપ્રવૃત્તિવાળાની જરૂર છે. બીજા શબ્દમાં કહીએ તો, **જૈન ગ્રેજ્યુએટની જરૂર નથી, ગ્રેજ્યુએટ જૈનની જરૂર છે; જૈન વકીલની જરૂર નથી, વકીલ જૈનની જરૂર છે; જૈન પ્રધાનથી સંઘનું હિત નહિ, પણ પ્રધાન જૈનથી સંઘનું કલ્યાણ થઈ શકશે જૈન વેપારી કે જૈન નેતાથી ફૂલાવાનું નથી; વેપારી જૈનથી, નેતા જૈનથી ખુશી થવાનું છે.** આનું કારણ એ છે **કે જૈન ગ્રેજ્યુએટ, જૈન ડૉક્ટર વગેરે જૈન કહેવાય છતાં મુખ્યપણે ગ્રેજ્યુએટ છે, ડૉક્ટર છે; તેથી એ તરીકે કામ કરવાના કે જ્યારે ગ્રેજ્યુએટ જૈન કે ડૉક્ટર જૈનને જૈનપણું મુખ્ય હોવાથી, એ જૈનપણે કાર્ય કરવાના;** અર્થાત્ ડીગ્રી-કેળવણી કે ડૉક્ટરીપણાનો ઉપયોગ એવી રીતે કરશે કે જેથી જૈનત્વની શ્રદ્ધા મજબૂત થાય, જૈનશાસનની સેવા-શોભા સંધાય, જૈનધર્મના આચાર-વિચાર, ત્યાગ-વિરાગ, જ્ઞાન-ક્રિયા વગેરેના સારા પાલન-પ્રચારમાં નિમિત્ત થવાય. ત્યારે જૈનધર્મનું હિત તો આજ હોય ને ? જૈનપણાના આચાર-સંસ્કાર-વિવિધ અનુષ્ઠાન-ત્યાગ-તપ-વ્રત-ચારિત્ર વગેરે વધે ?

જેને જૈનપણું મુખ્ય છે, પોતે જૈન હોવા બદલનો વધુ આનંદ છે, અને હૈયે જૈનત્વની ખુમારી છે, અર્થાત્ ''હું જૈન છું માટે મહાભાગ્યશાલી છું, જૈન છું માટે મારાથી અકાર્ય નહિ જ થાય, જૈનને અણછાજતા પાપ બિલકુલ નહિ થાય, હું એ નહિ જ કરું'' આવું જૈનત્વનું ગૌરવ જેને હૈયે વસ્યું છે, એ પછી ભલે રાજા કુમારપાળ હશે, મંત્રી વસ્તુપાળ-પેથડશા હશે, વૈદ જીવાનંદ હશે, વિદ્વાન ધનપાલ પંડિત હશે, પણ જૈનશાસનનું રત્ન થશે, જૈન ધર્મની ઊંચી સેવા કરનારા અને ઉદ્યોત કરનારા, રક્ષક અને પ્રચારક થશે. તો આવા જૈનત્વના રંગવાળા ડીગ્રીધર, વકીલ કે ઑફિસરને કોણ નકામા ગણે ? પરંતુ જો એ ધગશ નથી, **'મારા અરિહંત પ્રભુ ! મારા જગત્શ્રેષ્ઠ ગુરુ સાધુભગવંતો, મારો વિશ્વાતિશાયી જૈનધર્મ ! મારો જિનાગમવારસો ! મારા શત્રુંજયાદિ તારક તીર્થો ! મારા એક માત્ર સ્નેહી**

**સાધર્મીબંધુઓ !'** આવું મમત્વ-વાત્સલ્ય નથી, એવા માટે શું ખુશી થવાનું ? કદાચ એવાને મોટી ડીગ્રી મળી, હોદ્દો મળ્યો તેથી જૈનધર્મને, જૈનશાસનને, જૈનસંઘને શું વિશેષ ? એને વિશેષ તરીકે, ઉદય તરીકે એણે ફરમાવેલ સંયમ-ત્યાગ-તપ વધે, એના આચાર અને ક્રિયાકાંડ વધે, જિનેશ્વરદેવની પૂજાભક્તિ વધે, જૈન શાસ્ત્રોની શ્રદ્ધાસ્વાધ્યાય વધે, અભક્ષ્ય બંધ, રાત્રિભોજન બંધ, મિથ્યાત્વપોષણ બંધ, વગેરે મર્યાદાપાલન વધે એ બધું ગણાય. તે બધું પેલાથી ક્યાં સ્વયં આદરાવાનું હતું ? કે બીજાને આદરતા કરાવાનું હતું ? ઊલટું ડીગ્રીની અસર નીચે, શ્રીમંતાઈના ગર્વ ઉપર કે સત્તાના જોર ઉપર એ વિશેષતાઓથી ઊંધું વર્તવાનું અને પાછું એમાં કશું જ ખોટું નહિ માનવાનું કરશે. શ્રાવકપણાના આચારો ન પળાયાનું દુઃખ નહિ, પણ ઉપરથી પાળનારની મશ્કરી-અવજ્ઞા ન કરે તો સારું. એને તો કહેતા આવડે કે 'શું રાત્રિભોજન નહિ કરનારા સંગ્રહખોરી કરે, જૂઠું બોલે, એમાં વાંધો નહિ ? રાત્રિભોજનમાં શું મોટું પાપ આવી ગયું કે જૈનપણું શું બગડી ગયું ?' શું છે આ ? જૈનઆચારની સામે બળવો કે બીજું કાંઈ ? સંગ્રહખોરી અને જૂઠને જૈનધર્મ ક્યાં સારા કહે છે ? અને રાત્રિભોજન કરનારામાં પણ ક્યાં એ અને બીજા પાપ ઓછા છે ? બસ, આજની આ અશ્રદ્ધા-આચારલોપ વગેરેની સીદામણ તો ખૂબ જ ધ્યાનમાં લેવા જેવી, અને નિવારવા જેવી છે. આચાર્ય ભગવંતો, મુનિ મહારાજો, સાધ્વીજીઓ એ માર્ગે ઘણું કરી શકે; અને કરવાની જરૂર છે. તેમ ગૃહસ્થો પણ પોતાના સાધર્મી બંધુનો આ માર્ગે ઉદ્ધાર કરવા વિવિધ ઉપાયો યોજી શકે છે, યોજવા જ જોઈએ. પૈસા આપવા હોય તો વિચાર થાય છે કે 'મારી પાસે ક્યાં પૂરતું છે ?' પણ સામાની અશ્રદ્ધા ટાળવા, પ્રમાદ ટાળવા, ક્યાં ખર્ચ લાગે છે ? સલાહ આપવાના, વાત કરવાના, વગેરે કેટલાય પ્રસંગો આવે છે, જેમાં ચાહીને સારી આત્મહિતની સલાહ આપી શકાય. આ આશા જૈનો પાસે ન રખાય ? જૈનો જેવી રીતે ધર્મસ્થિરતામાં અને ધર્મવૃદ્ધિમાં પ્રેરણા આપનાર બની શકે છે, ધર્મમાં નવો ઉત્સાહ આપી શકે છે, અને આપત્તિમાં પૂર્વકૃત કર્મની યાદ આપી ધર્મશ્રદ્ધા ખીલવીને સમાધિનું આશ્વાસન આપનાર છે, તેવી રીતે દુનિયા પ્રેરણા કે દિલાસો આપવા નહિ આવે. તેમ, સાચો દિલાસો જ આત્માને અનંત કલ્યાણ તરફ દોરે છે.

## • સાચા દિલાસાનું દૃષ્ટાન્ત •

નાગકેતુ કેમ તદ્ભવ મુક્તિગામી ? એમને પૂર્વભવમાં ઓરમાન માતાએ બહુ હેરાન કરવા માંડેલા. જીવ ગરીબ અને પુણ્ય ગરીબ, તેથી ઓરમાન માતાની



હેરાન ગતિ મુંગે મોઢે સહે છે. પણ પીડા અસહ્ય થઈ ત્યારે મિત્રની સલાહ લીધી. અહીં પુણ્ય એવું શ્રીમંત હતું કે મિત્ર મળ્યો તે સાધર્મિક સારો શ્રાવક મલ્યો ! નાગકેતુના જીવે ફરીયાદ કરી શી ? કે "મારે ઓરમાન માતાની પીડા છે; હું તો સીધો ચાલું છું, એનું કામકાજ પણ કરું છું, પરંતુ એ મને બહુ હેરાન કરે છે." હવે મારે શું કરવું ?

સાધર્મિક મિત્રે એવો દિલાસો ન આપ્યો કે "તું તો બાયલો છે ! એ શું હેરાન કરતી'તી ? આપણે એને વધારે હેરાન ન કરી નાખીયે ? આવોને આવો રહીશ તો વધારે લાતો ખાઈશ. આ દુનિયા ભલાઈની નથી. એ તો એના માથાના થઈએ તો રહી શકીએ." આવું કાંઈ ન કહ્યું. એણે તો સાચી સલાહ અને દિલાસો આપ્યા. "જો ભાઈ ! ધર્મ ન કર્યો હોય તો દુઃખ આવે ! તેં પૂર્વભવમાં ધર્મ નહિ કરેલો માટે સગી માતા મરી ગઈ એનું અને ઓરમાન માતાની પીડાનું દુઃખ આવ્યું માટે ધર્મ કર. **ધર્મ એજ ખરેખર ! દુઃખનાશની અને સુખપ્રાપ્તિની ચાવી છે."**

'શો ધર્મ કરું ?'

"તપ કર. જો આ પર્યુષણા પર્વ આવશે. એમાં અઠ્ઠમનો તપ કર." સાધર્મિકનો આ દિલાસો.

જગત તો જીવને દિલાસામાં પાપને રવાડે ચડાવી દે. જીવના જે ખાસ સગાં સ્નેહી-સંબંધી કહેવાતા હોય, એવાય સલાહ કષાયવૃદ્ધિની આપે છે. ત્યારે સાધર્મિક તાત્ત્વિક દિલાસો દઈ મોક્ષના માર્ગે ચઢાવી દે છે.

પણ એક પ્રશ્ન એ છે કે સાધર્મિકના આ દિલાસા આપણને ખપે ? કહોને ના, એવી સલાહ આપવા નીકળે એને તો ઝટ આપણે કહી દઈએ કે 'જાણીએ છીએ. ભાઈ પૂર્વકર્મ તો છે જ ને ?' ત્યારે સાધર્મિક શું એમ ન કહે કે 'જો જાણે છે, તો પછી મૂર્ખ ! ઉકળે છે શા માટે ?' આકુલવ્યાકુલ કેમ થાય છે ? **કર્મ એવી ચીજ છે કે મોટા મોટા ચમરબંધીથીય એના દારુણ વિપાક રોકાય એમ નથી. જો કર્મના કટુ પરિણામ નિવારી શકાય એવા નથી, ને જો એ તો ભોગવ્યે જ છુટકો છે, તો સ્વસ્થચિત્તે કાં ન વેઠીએ ? ચિંતા એની કરવા કરતાં ભવિષ્યની કાં ન કરીએ ? જેથી નવા કર્મબંધનથી તો બચાય.** ચિંતા કરવાથી ઘર થોડું જ ધનધાન્યથી ભરાઈ જાય છે ? ત્યારે અજ્ઞાનતાનો પ્રભાવ એવો છે કે બસ એકજ લેશ્યા છે કે ધનધાન્ય લાવો.

**પ્ર.**- પણ ખાવાપીવાનું મળે ને ?

ઉ.- એ મળવાનું તો કોને ખબર, પણ ધર્મલેશ્યા સાવ ભૂલવાથી સંસારમાં ભટકવાનું મળે ! સાધર્મી બીજા સાધર્મીને અંતકાળે મહાન નિર્યામક બને છે.



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

નિર્યામણ કરાવવામાં મોટી સાધર્મિક ભક્તિ છે, ઉદ્ધાર છે. નવકાર સાધર્મિક સંભળાવે છે. ડૉક્ટર નહિ ! ડૉક્ટર તો કહે છે, "આઘા ખસી જાઓ, ગરબડ ન કરો. શાંતિ રાખો." કેમ વારુ ? પછી મહાન શાંતિ મળે ને સોનાપુરમાં ! જીવ મરવા પડ્યો હોય તો સાધર્મિક કહે "નમો અરિહંતાણં..." એમજ મદનરેખાએ પતિને પાંચમા દેવલોકમાં ચઢાવી દીધો.

મિત્રે તપની સલાહ આપી. નાગકેતુના જીવને સરસ આશ્વાસન મળ્યું; હૃદય શાંત બન્યું; કેમકે પોતાના દોષ જોતું બન્યું અને સાથે દુઃખ દૂર કરવાના સાચા ઉપાયભૂત તપની સલાહ મળી. જો કે તપ કરી શકાયો નહિ, કેમકે ઝુંપડીમાં સૂતે માતાએ ઝુંપડી સળગાવી, અને એને બળી મરવાનો પ્રસંગ આવ્યો. પણ તપની ભાવનામાં શ્રીમંતનો પુત્ર નાગકેતુ થયો. જન્મીને થોડા જ વખતમાં અઠ્ઠમ તપ કર્યો એવો, કે પૂરો થતાં પહેલાં મર્યા જેવો લાગવાથી માત-પિતાએ જંગલમાં મૂકી દીધો. પણ ધરણેન્દ્રે એનું રક્ષણ કરી રાજાને ઓળખાવ્યો. ક્રમે કરીને નાગકેતુ એજ જીવનમાં ફૂલપૂજા કરતાં કેવળજ્ઞાન અને પછી મોક્ષ પામ્યા. આ બધું શાના ઉપર ? દુઃખમાં મિત્રે ભાવઉદ્ધાર કર્યો એથી.

**ભાવઉદ્ધારમાં શું શું કરવાનું :-** તો સમજી રાખો કે આજે ભાવઉદ્ધારની બહુ જરૂર છે. સીદાતા સાધર્મીને પુણ્ય-પાપ પર અટલ વિશ્વાસ થાય, એનો ખ્યાલ બરાબર જાગતો રહે. હૃદયમાં ધર્મની લેશ્યા રમતી રહે, સહિષ્ણુતાને સહર્ષ કેળવાય. દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઊભરાતો પ્રેમશ્રદ્ધા-ભક્તિરંગ આત્મામાં વ્યાપ્ત થઈ જાય, સાધુસમાગમ સદા સેવાય, જીવનમાં તત્ત્વજ્ઞાન અને આચારવિચારનું જ્ઞાન ખૂબ ખૂબ મેળવવા ઉદ્યમ ચાલુ રહે, દેવદર્શન-પ્રભુપૂજા-સામાયિક-પૌષધ-બારવ્રત-ત્યાગ-તપસ્યા-ઉપધાન-નમસ્કાર મંત્ર-વગેરેની ખૂબ આરાધના કરાતી જાય, અભક્ષ્યત્યાગ અને સિનેમાદિ અનર્થદંડના ત્યાગ મક્કમપણે પળાય, કષાયની પરિણતિ, મમતા, લાલસા વગેરે ઓછા થતા આવે-આ બધું કરવાની ભારે જરૂર છે. એથી જ પુણ્ય વધી પાપ પાછું ઠેલાશે. તત્ત્વજ્ઞાનથી મનના ધોરણે ફેરવાશે; એ પણ દુઃખના ભાર ઓછા કરી નાખશે. વળી મોટો સમુદાય આ રીતે જૈન ધર્મના સાચા ઉદયને કરનારો બન્યો, એટલે તો પછી ધર્મવિરોધીઓના હાથ પણ હેઠા પડવાના. બિચારા અજ્ઞાનતા અને દુરાગ્રહના કારણે જૈન છતાં કોઈક એવા છે, જે પ્રભુશાસનના ભવભીરુ આચાર્યોએ શ્રી સર્વજ્ઞના આદેશાનુસાર લખેલી વસ્તુઓ સામે વિરોધ કરી બળવો જગાવે છે. આ પણ એની એક સીદામણ છે. છતાં જો આપણે એ ન ટાળી શકીએ, તો કમમાં કમ બીજા બાળ જીવો એ વિરોધ-બળવામાં ન ફસી જાય, એ માટે ખૂબ તકેદારી રાખવી જરૂરી છે. એ તકેદારી એટલે જ જૈન સંસ્કૃતિનું જીવન.



અર્થાત્ શ્રી મહાવીર પરમાત્માએ મોટા રાજા-રાજકુમાર સુધીનાને કરાવેલી સાધુધર્મ-ગૃહસ્થધર્મની આરાધનાનો જ ખૂબ પ્રચાર આજે કરવાનો. એ દ્વિવિધ ધર્મની આરાધનામાં શું શું આવે એ જાણો છો ને ? મેઘકુમાર-ધન્ના-શાલિભદ્રની આરાધનામાં શું શું લખ્યું છે ? આણંદ-કામદેવ-સુલસા-રેવતીની આરાધનામાં શું શું વર્ણવ્યું છે ? એવા મહાન સમૃદ્ધિશાલી આત્માઓના જીવનમાં નક્કર કડક તપ-સંયમ-શ્રદ્ધાની આરાધનાની વાતો હોય તો પછી સામાન્ય જીવોના જીવનમાં શું જોઈએ ?

**ઊંધો પ્રચાર :-** અફસોસી એ છે કે આજે આ બધી ધર્મ-આરાધનાનો અને અધ્યાત્મવાદનો પ્રચાર થવાને બદલે ભોગવિલાસ, ફેશનફીશીયારી, દોષ-દુર્ગુણો, અને ઝેરી જડવાદનો પ્રચાર થઈ રહ્યો છે. દુનિયા તો કદાચ એમ કરે, પણ સર્વ શ્રેષ્ઠ ત્યાગના હિમાયતી જૈનો કેમ કરે ? પાછું તે ધર્મઆરાધના, ધર્મપ્રચાર અને અધ્યાત્મવાદના ભોગે થઈ રહ્યું છે એ એક મહાન કમનસીબી છે. સાધર્મી એમાં બહુ સીદાય છે, અર્થાત્ બિચારા અજ્ઞાનપણે અઢળક પાપ બાંધે છે, પોતે તો સુંદર વ્રત-પચ્ચક્ખાણ અને ધર્મચિંતા નહિ કરતા હોય, પણ બીજાને કરતાં અટકાવશે ? કાં એની મશ્કરી કરશે, અગર શિખવશે 'શું આ જમાનામાં જુનવાણી બનો છો ? આજ તો વિજ્ઞાનનો યુગ છે, વિકાસનો જમાનો છે. આવો જગતના ચોગાનમાં, મંદિર, ઉપાશ્રયમાં શું ભરાઈ બેસો છો ? આજ તો પળવારમાં આંતરરાષ્ટ્રીય સમાચારો મળે છે...' વગેરે વગેરે. શું આ જડવાદનો ચેપનો પ્રચાર. ત્યારે બીજા વળી ભોગના ગુલામ બની ભોગમાં આકર્ષણ કરશે; એટલે કલબ, પાર્ટી, સિનેમા, રેસના અડ્ડા જમાવશે. તીર્થયાત્રાએ ગયા હશે ત્યાંય પ્રભુભક્તિને બદલે મીજબાનપાર્ટી પત્તાબાજી, હરવા ફરવાનું કે એવું કાંઈ સૂઝશે અને બીજાને એમાં ખેંચશે. ત્યારે કેટલાક તો વળી ચેપના એવા પ્રચારક હોય છે કે સવંત્સરી પ્રતિક્રમણ જેવામાં પણ ઠઠ્ઠા મશ્કરીનો ચેપ ફેલાવે. ઈર્ષ્યાનો ચેપ, નિંદાનો ચેપ, અકાર્યના ચેપ, ધર્મને જ નકામો કે હલકો ગણવાના ચેપ, ફેશનના ચેપ, સ્વચ્છંદતા અને દુરાચાર-દુર્ગુણોના ચેપ, આ પણ આજના કાળની કારમી પીડાઓ છે. એમાંથીય સાધર્મીનો ઉદ્ધાર કરવાની ઘણી જરૂર છે. એ બધો ભાવ-ઉદ્ધાર છે.

ત્યારે ભાવઉદ્ધારમાં કેટકેટલું આવ્યું ? એ તરફ આંખ મિચામણા નહિ ચાલે. એનું મહત્ત્વ જરાય ઓછું નહિ અંકાય. વિના ખર્ચે એથી એવા ઉદ્ધાર થાય છે કે જેમાં સાધર્મીના આખા ભવ સુધરી જાય. ચંડપિંગળ ચોરને ભાવ-ઉદ્ધાર કરનારી વેશ્યા પણ જૈનધર્મની શ્રદ્ધા-પ્રવૃત્તિવાળી એવી મળી કે ફાંસીના માંચડે મહાન સમાધિ મળી, તે બીજા ભવે ત્યાં જ રાજકુમાર થઈ પોતે અને તે વેશ્યાએ મહાન



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

ધર્મસાધના કરી.

સાધર્મીની ભક્તિ અને ઉદ્ધાર અંગે સારી જેવી વિચારણા કરી છે. એના પર વારંવાર મનન કરી એના ઉપાયોના માર્ગે સ્વ-પરને ખૂબ ઊદ્યમી-ઊજમાળ બનાવો એ શુભેચ્છા.

❖ ❖ ❖

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨,અંક-૪૮,તા.૨૧-૮-૧૯૫૪

## ⑬ સાધર્મિક ભક્તિ

### (પર્યુષણ પ્રવચન, બીજું કર્તવ્ય)

**જે બિમારને માને છે તે જ પ્રભુને માનનારો છે :-** જગતના સર્વ ધર્મમાં પોતપોતાના ધર્મીબંધુ ઉપર ખાસ કરીને વિશેષ પ્રેમ અને ભ્રાતૃભાવની સહાય કે આતિથ્ય કરવામાં આવે છે. તો પછી સર્વ શ્રેષ્ઠ શ્રી જૈનધર્મમાં એનું મહાત્મ્ય હોય એમાં નવાઈ નથી. જૈન છતાં જે આ સમજતા નથી એટલે કે **જેને જૈનભાઈ માટે પ્રેમ-ભક્તિ નથી, એને માટે કહેવું પડે કે એ બિચારાને ખરેખર તો જૈન ધર્મ પર જ પ્રેમ-ભક્તિ નથી.** શાસ્ત્ર તો કહે છે કે **'સાધર્મીના સગપણસમું અવર ન સગપણ કોય !'** એટલે સાધર્મીભાઈને તો સગા માબાપ કે સગી સ્ત્રી-પુત્ર કરતાંય કેઈગુણા અધિક ચઢીયાતા સગા બનાવવાના. સાધુ આચાર્યના હુકમથી વિહાર કરતા અગત્યના કામે કોઈ ગામે જતા હોય, ત્યાં વચલા કોઈ ગામના નાકે 'ગામમાં બિમાર સાધુ છે' એમ જાણવા મળે તો પોતાના માથેનું કામ પડતું મૂકી પહેલાં એ ગામમાં જઈ માંદા મુનિની સેવામાં લાગી જાય. કેમ વારુ ? ભગવાનની આજ્ઞા છે. **''जो गिलाणं पडिवज्जइ सो मं''** -જે ગ્લાન સાધર્મીની સેવા-શુશ્રૂષા કરે છે તેજ મારી સેવા કરનારો ગણાય છે. ગ્લાનને અવગણનારો તે ખરી રીતે જિનનેજ અવગણાનારો છે. જેવું આ સાધુ માટે. એવું તમારા માટે, તમે પણ બિમાર-પીડાતા આપત્તિગ્રસ્ત-દીન દુઃખી સાધર્મીની અવગણના બેદરકારી કરો, તો શું જિનને અને જિનના ધર્મને માન્યા ગણાશે ? **અંતરનો સાચો ધર્મપ્રેમ સમધર્મી ઉપર પણ પ્રેમ કરાવ્યા વિના રહેતો નથી.** પ્રેમ હોય તો સહેજે સેવા કરવાનું બની આવે.

**લાભ : કર્તવ્યપાલન : પ્રેમવૃદ્ધિ :-** અહીં તો સેવા ઉપરાંત ભક્તિ કરવાનું



કર્તવ્ય છે. પર્યુષણાના મહાન પર્વ દિવસોમાં ધર્મકમાઈ કરી લેવાની છે. એમાં ઉપકારીઓએ સાધર્મીભક્તિનું મહાન સુકૃત ફરમાવ્યું છે. આ સુકૃત વિશાલ અર્થમાં લેજો, જેથી આ પર્યુષણાના મહાપર્વમાં ઉલ્લાસ સહેજે વધુ હોવાથી વર્ષભરનું સાધર્મી-વાત્સલ્યનું કર્તવ્ય બજાવવાની યોજના આ પર્વમાં જ થઈ જાય. **જૈન શાસ્ત્રો કહે છે કે સાધર્મીના તો, મોટા મોટા રાજાઓએ, ઊંચા મૂલ્ય આંક્યા છે. તેથી એમની સારી રીતે ભક્તિ કરવાનું ભૂલવું ન જોઈએ.** આ તો લાભની દૃષ્ટિની વાત થઈ. પણ બીજી રીતે જુઓ તો આપણા પ્રભુના એ સંતાન પ્રત્યે કર્તવ્યપાલન અને ધર્મપ્રેમની વૃદ્ધિ પણ બજાવવાની છે. અરે તિર્યંચમાં જુઓ કે એક કાગડા જેવી જાત, એક ચીજ જો ખાવાની દેખી તો પચાસ જાતભાઈને ભેગા ન કરે ત્યાંસુધી ખાય નહિ, મુસાફરીમાં સજ્જન એકલો ભાતું નહિ ખાય. બીજાને ખવરાવશે ત્યારે એને આનંદ આવશે. બીજા જોઈ રહે, અને પોતે એકલો ઝટ રહે, અને પોતે એકલો ઝાપટે, એ જીવ કેમ ચાલે ? એવું સાધર્મીભક્તિમાં સમજવું. સાધર્મીભક્તિના દાખલા જુઓ.

**ભરતચક્રીની સાધર્મીભક્તિ :-** ભરત મહારાજના અઠ્ઠાણું ભાઈ તો સાધુ થઈ ગયા. સાધુની ભક્તિ કરવા ભરત મહારાજ ગાડેગાંડા ભરીને પકવાન્નાદિ લઈ જાય છે. શા માટે ? સાધુને વહોરાવવા. હજી ધર્મનો પ્રારંભ છે, ભરત મહારાજને ખબર નથી કે આ સાધુને ન ખપે. ઈન્દ્ર કહે છે,

'રાજન્ ! પહેલા તથા છેલ્લા તીર્થંકરના સાધુને રાજપિંડ ન કલ્પે. તમારું ભોજન એ રાજપિંડ છે, માટે આ સાધુઓને અકલ્પ્ય છે.'

ભરત મહારાજ નિરાશ થયા ! કહે છે, **''જો મારી લક્ષ્મી સુપાત્રદાનના ઉપયોગમાં ન આવે, તો એ ઝેરી લક્ષ્મી મારી કઈ દશા કરે ?''**

ઈન્દ્ર સમજાવે છે, ''ખેર ! એ નહિ સહી, સાધર્મીની ભક્તિ કરો. અપૂર્વ લાભ છે.'' પછી ભરત મહારાજાએ સાધર્મીભક્તિના અભંગ દ્વાર ખોલ્યા.

**ચોરાશી હજાર સાધુની ભક્તિનો લાભ એક માત્ર વિજયશેઠ-વિજ્યા શેઠાણી, નામના સાધર્મી દંપતીની ભક્તિથી ! :-** જિનદાસ નામના શ્રાવકને ચોરાશી હજાર સાધુની ભક્તિ કરવાની ભાવના થઈ. શ્રી વિમલ કેવળજ્ઞાની ભગવાને કહ્યું, 'સાધુના નિમિત્તે બનાવેલું સાધુને ન ખપે, એથી ૮૪૦૦૦ સાધુની ભક્તિ એક સાથે થવી શક્ય નથી.'

તો શું થાય ?

કેવળજ્ઞાની ભગવંતે કહ્યું, ''કચ્છ દેશમાં વિજય શેઠ અને વિજ્યા શેઠાણી નામે સંપૂર્ણ બ્રહ્મચારી દંપતી છે. એ સાધર્મી યુગલની ભક્તિ કરવાથી ચોરાશી

હજાર સાધુની ભક્તિ કર્યા બરાબર લાભ થશે.'' સાધર્મીભક્તિના મહિમાનો અધિકાર છે. વિચારો એનો કેટલો લાભ ! કેવોક એનો મહામહિમા !

**એવા એ વિજય શેઠ વિજ્યાશેઠાણીની ભક્તિના આ ફલનું રહસ્ય :-** જેવી ભક્તિથી આવું ફલ, એવા એ દંપતીનું જીવન જાણી લ્યો. વિજયને શેઠ કહેવાય છે તે તો બહુમાન અર્થે છે; બાકી તો વિજય-વિજયા હજી તો બહુ નાના તરુણ-તરુણી છે.

**પ્ર.**- એમની ભક્તિથી જો ૮૪૦૦૦ સાધુની ભક્તિનો લાભ થાય, તો શું સાધુથી ગૃહસ્થ વધી ગયા ?

**ઉ.**- એમ તો ન કહેવાય. પણ જરૂર ખાસ સંયોગમાં આત્માની કોઈ વિશિષ્ટ પરિણતિના અને પ્રવૃત્તિના હિસાબે જ્ઞાનીએ આ લાભ બતાવ્યો. શું સંયોગ હતા એ જુઓ. પરણ્યા પછી પ્રથમ રાત્રિએ જ વિજયા રંગરાગની ઉમેદવાળી બનીને જ્યાં શયનગૃહમાં આવે છે, ત્યાં વિજયવંતો વિજય તરુણ કહે છે,

''જરા ખમજો, કૃષ્ણપક્ષ પુરો થવાને ત્રણ દિવસની વાર છે, અને મારે કૃષ્ણપક્ષમાં અબ્રહ્મત્યાગનો અર્થાત્ બ્રહ્મચર્ય પાલનનો નિયમ છે. તે પછી સંસારસુખ ભોગવશું.''

આ સાંભળી વિજયાને ખેદ થયો. એ ખેદ શા બદલ થયો ? આજનાને થાય. એવા હેતુનો નહિ એને જરા ખેદવાળી જોઈ, વિજય કહે છે,

''કેમ ? ત્રણ દિવસની પણ ધીરજ નથી ? એટલા માટે આટલો ખેદ ?'' વિજયને ખબર નથી, તેથી આમ પૂછે છે.

**આજની બ્રહ્મચર્ય અંગેની દુર્દશા :-** પરંતુ વાત એવી હતી કે પછીના શુકલપક્ષ માટે વિજયાને તેવો અબ્રહ્મત્યાગનું વ્રત હતું, બ્રહ્મચર્ય પાલનનો નિયમ હતો. જિંદગીભર માટે એકને કૃષ્ણપક્ષનો નિયમ હતો, એકને શુકલપક્ષનો નિયમ હતો. આજે આવા સંયોગ થઈ જાય તો શું થાય ? સામસામે ઉકળાટને ? 'આવું હતું તો પહેલેથી ભસવું હતું ને ? અહીં નિયમ-બિયમ નહિ ચાલે,' આવુંવ કાંકને ? પણ કહોને કે પહેલું તો આવા સંયોગની જ સંભાવના ક્યાં છે જન્મ્યા પછી પન્નર પન્નર વર્ષો સુધી બ્રહ્મચર્યનાં જ સુંદર દશ્યો જોવા મળે તો એ સંભાવના હોયને ? આજ તો જોવા શું મળે ? અપક્વ ઉંમરમાં અનાચાર-દુરાચારની પ્રેરણા મળે તેવું. બહાર નીકળો કેઈક દવાની કે સિનેમાની જાહેરાતોનાં બિભત્સ પાટિયાં લટકતાં હોય ! વિકારીને ટસીને જોવાં ગમે એવાને ? પેલો ઢેડીઓ (રેડીયો) શું સંભળાવે ? પ્રેમનાં ટાયલાં, વિકારી કામોત્તેજક ગાયનો ! સદાચાર અને આર્ય સંસ્કૃતિનું ખૂન થઈ રહ્યું છે ખૂન ! જીવન કલુષિત થઈ રહ્યું છે ! એક સરખો



મર્યાદાભંગ ચાલુ છે ! ઉદ્ભટ વેશ, ઉદ્ભટ રહેણી-કહેણી, સહશિક્ષણ, મોહક વાર્તાઓનું ગલીચ સાહિત્ય,-જન્મથી આ તમામ ચાલુ હોય ત્યાં આવી સંભાવના ક્યાંથી હોય ?

**વિજયાનો ખેદ કેવો છે ?** એ કહે છે, 'નારે ના નાથ ! મને મારી ચિંતા નથી, તમારી છે. **ત્રણ દિવસ પછીના પક્ષનો મારે પણ એવો જ બ્રહ્મચર્યનો નિયમ છે. એ નિયમને અંગે મારા મનને લેશ પણ કલેશ નથી, સારું થયું, આપ જેવા સોભાગી પતિને પામી, જીવનભર બ્રહ્મચર્ય-પાલનનો અદ્ભુત પ્રસંગ પ્રાપ્ત થયો ! અમારી કથીર જેવી સ્ત્રીની જાતિ, પૂર્વના પાપોદયે આ વેદ મળ્યો; તેમાં મને કે કમને અબ્રહ્મ-સેવનથી કેટલાંય નવાં કર્મો બંધાત ! આપના શુભ સંયોગે સારૂં થયુ કે એ પાપ ગયું !** પણ મને આપની ચિંતા થાય છે, માટે કહું છું, સ્વામી ! તમે સુખેથી બીજી સ્રી પરણી લેજો.'' સમજાય છે ? આર્યસતી સન્નારીના હૃદયની કઈ ઉદારતા ! કેવીક તાત્ત્વિક પરિણતિ ! શાનો પક્ષપાત !''

**કહો જો સ્નેહલગ્ન કોને કહેવાય ? સ્નેહલગ્ન શું આનું નામ ? કે વિષયરસના લાભના કાટલે માપે, એનું નામ સ્નેહલગ્ન ? સાચું સ્નેહલગ્ન આ કે જેમાં દુધને પાણીની જેમ અન્યોન્યના આત્મા એકબીજામાં ભળી જાય.** ભળી જાય એટલે એકરૂપ થઈ જાય એ તાત્પર્ય નથી; કિન્તુ અન્યોન્યના આત્મહિતના ચિંતનમાં ઓતપ્રોત હોય. આજે તો કહેવાય સ્નેહલગ્ન, પણ પછી તરતજ દહીંફોદાની હાલત દેખાય ! કેમ વારું ? **આત્માની પડી નથી. રૂપનાં, ચામડાનાં, સ્વાર્થના લગ્ન છે. પછી રૂપમાં સ્વાર્થમાં વાંધો લાગે ત્યાં લગનના ભગન થતાં શી વાર ?** વિજય આ સ્થિતિમાં ટોણાં મારતી નથી. કુલીન હતી. કુલીન સ્ત્રી ધણીને કૂતરો કે મવાલી ન બનાવે. 'શું ભસો છો ? ક્યાં ભટકવા ગયા હતા ?' એમ ન કહે. ભસે કૂતરો, ભટકે મવાલી ! આવા હલકા બોલ સાચા સ્નેહી ન કાઢે, સ્નેહી તો વિજય-વિજયા જેવા. આવા સ્નેહી મળે તો ધર્મી પોતાની જાતને ધન્ય માને ! **સમજે કે 'ચાલો વિષયનું પાપ ગયું ! આ વસ્તુ નહિ સમજાય અને દુનિયાના વાતાવરણથી પાછા નહિ હઠવાનું મન સરખું નહિ થાય તો આ પર્યુષણમાં કહેવાતા ઉત્તમ ચરિત્રો આત્માને પાવન નહિ કરી શકે.'** દંપતી નક્કી કરે છે, આ વાત ગુપ્ત રાખવાની. એમાં કદાચ માતાપિતાને ખબર પડે તો તરતજ ચારિત્ર લેવું. જિનદાસને કેવળજ્ઞાનીએ કહ્યું કે, સતત નિર્મળ બ્રહ્મચારી તથા ચારિત્રની અભિલાષવાળા આ દંપતીની ભક્તિથી ચોરાશી હજાર સાધુની ભક્તિનો લાભ મળશે. જિનદાસને આનંદનો પાર રહ્યો નહિ, ભક્તિ માટે આવું પાત્ર મળે કયાં? તેય કેવળી વિના બતાવે કોણ ?

**સાધર્મી-ભક્તિનું મહાન પરિણામ :-** ભરત મહારાજા પણ રસોડે સાધર્મીને જમાડતા હતા. કરોડો જમતા હતા. આ જમાડવાનો પ્રભાવ કે એ સંખ્યામાંથી કેટલાય સાધુ થતા હતા ! કેટલાય શ્રાવકના વ્રત પાળતા ! કેટલાય સુદૃઢ સમ્યક્ત્વ ધારણ કરી તેને અનુરૂપ અનુષ્ઠાનો આચરતા ! ભગવાનના સાધુની સંખ્યા કેટલી ? એકલા પુંડરીક-સ્વામી સાથે સિદ્ધિગિરી પર પાંચ ક્રોડ મુનિવર સિદ્ધિપદને વર્યા ! ત્યારે બાકીની સંખ્યાનું પૂછવું જ શું ? **કરોડોની સંખ્યામાં સાધુ ક્યાંથી થયા ? કહો, ભરત મહારાજાની સાધર્મી ભક્તિમાંથી.** છ ખંડના માલિક એ ભરતચક્રી સમજતા કે **મુક્તિમાર્ગના પ્રેમી અને પ્રવાસી સાધર્મીઓને સહાયક થવાય, એમની ભક્તિ થાય, તો આપણીય મુક્તિ નજીક થઈ જાય.** એમ ન થાય તો મુક્તિ દૂર છે. મનમાની બીજી ક્રિયા કરે, પણ સાધર્મી-ભક્તિ ન હોય તો શિવપુર કયાં છે ? શિવપુર જવું છે ને ? શી રીતે જવાય ? સાધર્મીની ભક્તિથી. એ માટે સંસારને ભૂલવો જોઈશે. સંસાર પછી પોષવાનો, સાધર્મી પહેલા પોષવાના.

**''મારે જાવું છે શિવપુર શહેર જો, મને સંસાર શેરી વિસરીરે લોલ.''**

સંસારશેરી વિસરાય એટલે કે 'સંસારના સંબંધી બાપા, કાકા, ભાઈબેન, પત્નીપુત્ર-એ આપણાં સાચાં સંબંધી નહિ, સાધર્મી એ આપણા સંબંધી'- આવું હૃદય ઘડાઈ જાય, ત્યારે કહેવાય કે મોક્ષનગરે જવાની ઉતાવળ છે. ને તમારે ? ઉતાવળ હોં ? માત્ર ? ઇચ્છા નહિ.

**મફતીયા ખર્ચ બંધ કરો તો સાધર્મીભક્તિ વગેરે સરળ :-** આ પર્વના કર્તવ્યોમાં સાધર્મિકભક્તિ એ, પાંચ કર્તવ્યોમાંનુ એક છે. વાર્ષિક કર્તવ્યમાં પણ એ કર્તવ્ય છે. કિંતુ એ ત્યાં વિસ્તારથી અનેક પ્રકારની કરવાની છે. પર્યુષણમાં પૂર્વે કહ્યું તેમ અમુક રૂપની ખાસ ભક્તિ કરવાની છે. આજના જમાનામાં સામુદાયિક ભક્તિ(જમણ)માં સરકારી તંત્રનો પ્રતિબંધ છે, પણ તપસ્વી વગેરે એક, બે ચાર સાધર્મીની તો યથાશક્તિ ભક્તિ થઈ શકે ને ? પાછું આ મહાપર્વમાં એટલેજ ન અટકાય. સાથે દુઃખી-દીન-હીનને પણ ભૂલવાના નથી. આમ બધે ન પહોંચાય માટે તેવા ફંડ-ફાળામાં પૈસા ભરી લાભ લેવાનું અશક્ય કાંઈ નથી.

**પ્ર.**- પૈસા કયાં છે ? આજે તો ખરચા ભારી છે.

**ઉ.**- વાત તમારી ખરી પણ કહો જો સિનેમા-નાટકોના, ચાપાણીના, બસ-છાપાના, બીડી-સીગારેટના ખરચા કેટલા ? **એ ઓછા કરીને પૈસા બચાવાય, તો આ અને બીજા સુંદર ધર્મકર્તવ્યો જરૂર કરી શકાય.** દુનિયામાં સિનેમા નાટકમાં, સિવાય વાર તહેવારે, જુદા જુદા દુન્યવી પ્રસંગે પ્રસંગે, ઈચ્છાએ કે શરમા-શરમીએ, વટ વ્યવહાર ખાતર ઘણા પૈસા ખરચાય છે. પણ સમજો કે એનાથી આત્મા પર



ધર્મખર્ચમાં હાથ પહોળો રહેશે. આ તો સહેલસગવડમાં અને જમાનામાં તણાઈ જાઓ છો, પછી ધર્મમાં ખરચાવાનું હામ કયાંથી હોય ? ખરી વાત એ છે કે ભગવાનના ધર્મના મૂલ્યને સમજવું જરૂરી છે. એ સમજાય તો પછી શિખવાની જરૂર નહિ રહે. આપો આપ આજનાજ કાળમાં માર્ગ કાઢી લેશે.

**ધર્મ પહેલો, બીજું પછી, એમ માને એ ધર્મનો સેવક : એથી વિપરીત માને તે સંસારસેવક :-** સારા કુલમાં જન્મેલા બે ભાઈ એકબીજાની કાળજી કેવી રાખે ! એક બાપના બે દીકરા, તે એકના સુખે બીજો સુખી, એકના દુઃખે બીજો દુઃખી હોય. જેમ દુનિયાના વ્યવહારમાં આ નિયમ, તેમ **શ્રી જૈનશાસનમાં પણ આ નિયમ, કે બે સાધર્મીઓ એક પ્રભુના બે પુત્રો; અન્યોન્ય સાધર્મીના સુખ-દુઃખમાં પોતે સુખ-દુઃખ માને.** પાટણ શહેરમાં એક વખત કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ પ્રવેશ કરવાના છે. તે પૂર્વે એઓશ્રીને એક નિર્ધન શ્રાવકે એની સ્ત્રીએ કાંતેલ જાડા સુતરનો કપડો વહોરાવેલો; તે ઓઢીને પધારે છે. પહેલાં તો એ જો જો કે **નિર્ધન શ્રાવકની પણ કેવીક ગુરુભક્તિ !** લુખ્ખી નહિ, ધનવ્યયના કષ્ટવાળી. પૂછો ને કે **નિર્ધનને તે વળી પહેલાં પોતાનું અંગ-કુટુંબ,** કે પહેલો ધર્મ ? પણ સમજો કે **આ નિર્ધન છતાં સંસારસેવક છે. કેમકે 'પરભવે ધર્મ બચાવશે'- એવો વિશ્વાસ છે, તેથી ધર્મસેવક. 'ધર્મ પ્રથમ અને બીજું પછી,' માને એ ધર્મનો સેવક. સંસારકર્મ પ્રથમ અને ધર્મ પછી માને એ કર્મ સેવક.** ખ્યાલ રાખવાનું એ છે કે આ પર્યુષણાપર્વમાં કર્મ આત્માને ભૂલવે નહિ. નહીતર જો જો શરીર પણ ભૂલાવે, સુખ સાહેબી પણ ભૂલવે, મોજશોખ પણ ભૂલવે, દુનિયાની ચીજો વગેરે ભૂલવે એવા છે. એ ભૂલવે નહિ એ ખ્યાલ રાખવાનો.

**ગુરુની કુનેહ અને કુમારપાલનો અભિગ્રહ :-** ત્યાં કુમારપાળ રાજા અઢારસો કોટ્યાધિપતિ સાથે સ્વાગત દબદબાપૂર્વક ગુરુમહારાજને સામા લેવા આવે છે. અહીં આચાર્ય મહારાજે પેલો જાડો ખધ્ધડ કપડો ઓઢ્યો છે. કેમ ? મનમાં દુઃખ છે કે ''હું જૈન શાસનના આચાર્યપદે ! અને ભક્ત શ્રાવક કુમારપાળ અઢાર દેશનો મહારાજા ! છતાં સાધર્મિકો આવા દુખી !'' આમ કયારે વિચારી શકાય ? એમને **''કુમારપાલ પર કેટલો વિશ્વાસ હશે ! ખાત્રી કે, ''કુમારપાલ જેટલો જગતનો નથી, તેટલો શાસનનો છે.** માલિક અઢાર દેશનો છે, પણ ધર્મનો તો અદનો સેવક છે. એને માત્ર ખ્યાલ આપવાનો છે.'' પેલો જાડો કપડો જયાં કુમારપાલ જુએ છે, ત્યાં આચાર્ય મહારાજને કહે છે;

'પ્રભુ ! આપ મારા ગુરુદેવ છો અને આવો કપડો ઓઢો તેથી મને શરમ લાગે છે.' છે ને જાગૃતિ ? કે પછી 'સાધુ મહારાજને તો બધું ચાલે'-એમ મન



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

મનાવી લેવાનું ? હવે જુઓ સણસણતો ઉત્તર.

આચાર્ય મહારાજ કહે છે, 'જો મહાનુભાવ ! અમારે તો સામાન્ય વેષમાં ગુરુપણું કાયમ જ છે. પરંતુ જ્યાં તારા જેવો મહાન સાધર્મી શ્રાવક રાજા હોય, અને તારા સાધર્મી આવી દરિદ્રતાથી પીડાતા થકા મહા મુશ્કેલીએ જીવન નભાવતા હોય, એની શરમ તને કેમ નથી લાગતી ?'

રાજાની શેહમાં તણાવાનું નહિ, પણ ભક્ત છે માટે ખાસ ઠપકો દેવાનો. **કડવી ફરજ બજાવવાનું શીખો, તો કલ્યાણમિત્ર થઈ તરાશે. નહિતર માખણીયા હિતશત્રુ બની ડૂબી જવાશે.** કુમારપાલ મહાશ્રાવકને શરમ લાગી ગઈ. સાધર્મીની દુઃસ્થિતિ પર ગળગળા થઈ જાય છે. તરત જ ગુરુ મહારાજને કહે છે. **"ભગવન્ ! મને અભિગ્રહ આપો, એ કે સાધર્મીના ઉદ્ધારમાં હજાર-હજાર સૌનેયા ખર્ચવા." શું સમજ્યા ? આ નિયમથી એને વર્ષ દહાડે એક ક્રોડનો ખરચ થતો હતો. ચૌદ વર્ષમાં આવા જ માત્ર એણે ચૌદ ક્રોડ ખર્ચ્યા !** ભલે એ એમની શક્તિનુસાર કરે. પણ આપણે આપણી શક્તિના પ્રમાણમાં કરી શકીએ ને ? તો હવે કરવાનું છે ને ? સાધર્મીભક્તિ થાય, એ માટે શ્રાવિકા માએ જન્મ આપ્યાની ખુમારી કામ લાગી શકે. શ્રાવિકાની કુક્ષીના ફરજંદનું એ ખમીર છે. આ આઠ દિવસમાં પારણાં સાધર્મીને પાસે બેસાડી કરો, જુઓ તો ખરા, કેવો આનંદ આવે છે !

**થોડા ખર્ચમાં મહાધર્મની અનુમોદનાનો લાભ :-** ચિંતા કરવાની જરૂર નથી કે બધા આવા નિયમ કરે તો પારણું કરનાર રહે કોણ ? સાધર્મીની સ્થિતિ આજે કપરી છે. આજે કેઈક પરાણે પૂરું કરે છે, ફાંફાં માર્યેય પૂરું નથી થતું. એની તો હાલમાં ઠીક ઠીક સંભાળ રાખવાની છે. બાકી સાધર્મીભક્તિ તો કાયમ લક્ષમાં રાખવાની છે. એમાં પર્યુષણા પર્વમાં ખાસ. પારણાને અંગે વાત ચાલે છે. એવા કૈંક શ્રાવક છે કે જેઓ લોજ-વીશીના આધારે જીવન ગાળે છે; ત્યાં જ જમે છે; ત્યાં તપના પારણાની સગવડ શી સચવાય, કેટલી સચવાય ? એટલે તપ કરતાં પાછા પડે છે. એવાને કહી શકાય, 'ભાઈ ! આ આઠ દિવસ તમારે જમવાનું મારે ત્યાં.' આઠ દિવસમાં જમવાના દિવસ કેટલા ? કેઈક ભાગ્યશાળીઓ ચોસઠ પહોરના પોષધ કરે છે. સરકારી કાયદાની વિટંબણાએ સામુદાયિક યોજના થવી શકય નથી. એ વખતે શ્રાવકના જે ઘર ઉપાશ્રયની નજીક હોય તે શા કામનાં ? જો આ ઉપયોગ ન રાખે તો ધર્મસ્થાનની છાયા મળ્યાની પુણ્યાઈ શી ? બધા કાંઈ આઠ દિવસના ઉપવાસ કરી શકે નહિ અને આઠેય પૌષધ તો કરવા છે; કેટલાય ભાગ્યવાન છોકરાઓ પણ એમાં છે. એમાં વળી કેટલાક સુખી ઘરનાય છે, પણ ઘર દૂર છે.



તો અહીં નજીક રહેનારા બબ્બે ચચ્ચારને વહેંચી કરાવી શકે છે. આ અન્ન તો ધર્માત્માના પેટમાં જઈ મહાન પુણ્યલાભ આપનારું છે. એ લાભ આગળ ખર્ચ વિસાતમાં નથી.

ચાલો ત્યારે સાધર્મીની ભક્તિ કરવાના કેટલાક પ્રકાર સમજી લો.

## • સાધર્મી-ભક્તિના પ્રકાર •

**સાધર્મીભક્તિમાં પહેલી વસ્તુ જયણા :- પર્યુષણાના કર્તવ્ય તરીકે સાધર્મી-ભક્તિમાં સાધર્મીઓને પારણાના દિવસે સન્માનભેર ભવ્ય જમણ આપવાનું આવે. તેમ તપસ્વીઓની અંતર પારણે-ઉત્તર પારણે વિશેષ પ્રકારે ભક્તિ કરવાનું આવે. ભક્તિ પાછી તપસ્યાને યોગ્ય જોઈએ. દા.ત. ચણાનું પકવાન્ન એકલું જમાડી દો તો કેટલાક જમનારની તબીયત બગડી જાય, તો ઉપર તપસ્યા કરવામાં મુશ્કેલી પડે, અથવા કરેલી તપસ્યાને લાંછન લાગે. ત્યારે એ પણ વસ્તુ છે કે ભક્તિ એટલે 'ચાલો શીરો-મગ કે લાડુ-મગ જમાડી દેવાના,' એવું નહિ. પરંતુ સાધર્મીને લાગે કે 'જાણો આપણા ઘરમાં અથવા ખાસ મહેમાન તરીકે ઘરમાં વિવિધ સુયોગ્ય વાનીઓથી જમી રહી છીએ.' તે પણ બહુ સદ્ભાવ-સન્માનથી ભક્તિ કરાવી જોઈએ.**

**સાધર્મી ભક્તિમાં બીજી વસ્તુ પ્રભાવના, સાધર્મીઓને ઘેર લાણું મોકલવાનું આવે, તેમજ વ્યાખ્યાન-પ્રતિક્રમણ બાદ પ્રભાવના આપવાનું આવે, આમાં પણ ખૂબ સન્માન જાળવવાનું ન ચૂકાય. નહિતર જરા બોલવા-આપવામાં ગફલત થવાથી કોઈકને જો અપમાન લાગી જાય તો એમાં સાધર્મીની અવગણના કર્યાનું પાપ લાગે.**

**ત્રીજી રીતે સાધર્મીભક્તિમાં વ્યાખ્યાન-પ્રતિક્રમણમાં પાછળથી આવેલા સાધર્મી ભાઈઓને જગા કરી આપી બેસાડવાનું આવે. આ ઘણા ભૂલી જાય છે. જરૂર પડ્યે આમ તો જમણ આપશે. પણ અહીં બેસવા જગા નહિ આપે. જગા આપી બેસાડવાની આ ભક્તિ જો બાઈઓ બરાબર બજાવે તો વ્યાખ્યાનમાં કોલાહલ ન થાય, વ્યાખ્યાતાનું ગળુ ન બેસે, વ્યાખ્યાન બધાને સંભળાય. વ્યાખ્યાન બધા સાંભળી શકે એ માટે પાંચ માણસો ઊભા રહી શાંતિ રખાવે, એ પણ સાધર્મીભક્તિ છે. આ ભૂલમાં કર્તવ્ય ગુમાવાય છે. ત્યારે પ્રતિક્રમણમાં ભાઈઓ જો જગા આપે તો કેટલાક બિચારા પ્રતિક્રમણ કરવા આવેલા પાછા જાય છે તે ન જાય.**

❖ ❖ ❖

(૧૪)

# જીવનના આદર્શ

**चतारि परमङ्गाणि दुल्लहाणीह जंतुणो ।**
**माणुसत्तं सुई सद्धा संजमंमि अ वीरियं ॥**

પરમ ઉપકારી શ્રી જિનેશ્વરદેવના શાસનમાં મનુષ્યપણું, ધર્મશ્રવણ, શ્રદ્ધા અને ચારિત્રપ્રવૃત્તિ,-એ ચારે મોક્ષના અંગોની પ્રાપ્તિ દુર્લભ કહી છે. દુર્લભ છતાં એ ચાર અંગો વર્તમાનના વિષમ કાળમાં પણ જેને જોઈએ તેને પ્રાપ્ત થવા દુર્લભ નથી, એમ જરૂર દેખાય છે. તો પ્રશ્ન થશે કે ત્યારે એ દુર્લભ શાના ? ઉત્તર સીધો છે. એ પૂર્વે **અનંતકાળ મળ્યા નહોતા, તેમજ અસંખ્ય વર્ષ પછીનાય ભાવીકાલે મેળવવા અત્યંત દુષ્કર છે, તેથી દુર્લભ છે.**

**ભગવાનના વખત જેવો આજે ધર્મ છે;-** મનુષ્યભવની પ્રાપ્તિ જૈન કુળમાં થઈ છે તેથી ધર્મનું શ્રવણ, ધર્મની પ્રાપ્તિ જૈન કુળમાં થઈ છે તેથી ધર્મનું શ્રવણ, ધર્મની પ્રાપ્તિ, ધર્મની શ્રદ્ધા આજે દુર્લભ નથી જણાતા.તમારે તો શ્રવણ કરાવનાર ગુરુઓ જાણે ઘર આંગણે છે, તેથી ધર્મશ્રવણ સુલભ છે. જૈનકુળના પ્રભુદર્શન-પૂજન અને દયાદાનાદિના સંસ્કારમાં તમે ઘડાએલા છો, તેથી શ્રવણથી તત્ત્વશ્રદ્ધા કરવી સુલભ છે. આ છતાં તેનું મૂલ્ય તેનું ફળ જરાય ઓછું નથી. **ખુદ ભગવાનની હાજરીમાં ધર્મ-શ્રદ્ધા અને ચારિત્રના જે મૂલ્ય હતાં, તેજ મૂલ્ય આજે છે.** ભગવાનની હાજરી વખતે સંયમમાં જે કર્મક્ષય અને આત્મશુદ્ધિનો લાભ મળતો હતો તે આજેય મળી શકે છે. તો પછી આવા સુલભ બનેલા અતિ કિંમતી શ્રદ્ધા અને ચારિત્રના લાભ કેમ નથી લેવાતા ?

**જીવનમાં આદર્શથી પુરુષાર્થ થાય છે :-** ધર્મ-શ્રવણ-શ્રદ્ધા-ચારિત્રને જીવનમાં અપનાવવા પાછળ જે ઉદ્યમ જોઈએ તે આવા સોનેરી અવસરેય જેણે પ્રગટ કરેલ નથી, તેને કારણભુત અનેક ખામી હશે, પણ તે અનેક ખામી પૈકી એક મુખ્ય ખામી એ છે કે **"માનવ જીવનમાં કયા ઉચ્ચ આદર્શો જોઈએ તેનો એણે ખ્યાલ કર્યો નથી હોતો, આદર્શને જીવનમાં સ્થાન આપ્યું નથી હોતું.** આદર્શ એટલે લક્ષ્ય,



ધ્યેય, સાધ્ય, જેમાં પહોચવું છે તે. **જીવનની વર્તણુકનો આધાર નક્કી કરેલા ઉચ્ચ આદર્શ ઉપર છે.** એટલે ? આપણને એ જોવા મળે છે કે કોઈએ સાહિત્ય સેવાનો આદર્શ આંખ સામે રાખ્યો હશે, તો તેના જીવનમાં સાહિત્ય પાછળ ઘણો ઉદ્યમ હશે. જેણે મહા શ્રીમંતાઈનો આદર્શ રાખ્યો હશે, તેના જીવનમાં ધન ઉપાર્જવા પાછળ ઘણી મહેનત હશે. જેણે જેણે જે આદર્શ મુખ્ય રાખ્યો હોય છે, તેનો તેનો તેજ આદર્શ સિદ્ધ કરવા પાછળ પુરુષાર્થ હોય છે. એટલે ઊંચા પુરુષાર્થી બનવા જીવનમાં પહેલા આદર્શ સ્થાપિત કરેલો હોવો જોઈએ. એમાં પછી

**(૧) આદર્શ જેટલો નિર્મળ, તેટલો જીવનમાં પુરુષાર્થ સુંદર રહેવાનો; અને તેટલું જીવન સુંદર બનવાનું. તેમજ**

**(૨) નિર્મળ આદર્શ પણ જેટલો ઊંચો રખાય તેટલી પુરુષાર્થમાં પ્રબળતા આવવાની.**

**(૧) આદર્શ સુંદર તોજ જીવન સુંદર :-** મલિન આદર્શથી પુરુષાર્થ-પ્રયત્ન મલિન અને તેથી જ જીવન પણ મલિન એટલે કે પાપી હોય છે. દા.ત. અત્યંત કામસુખના આદર્શવાળાનો ઉદ્યમ મેલો રહેવાનો; એ સ્ત્રીઓના ચામડીના રંગ અને યુવાનીની ખીલવટ જોયા કરવાનો; જયાંથી કામસુખ મળવાની આશા દેખાશે, ત્યાં ભારે ગુલામી ચાપલુસી કર્યા કરવાનો; બીજા કેટલાય કામો, ફરજો પડતા મૂકી સ્ત્રીની પાસે પડ્યો પાથર્યો રહેવાનો; બહાર જવું પડે તોય જઈ જઈને ઝટ પાછો સ્ત્રી પાસે આવી જવાના તલસાટમાં રહેવાનો. **આદર્શ મેલો માટે ઉદ્યમ મેલો.** તેથી એવાનું એ જીવન બીજાને કેવું લાગે, સુંદર કે મોલું ? સારું કે બિભત્સ ? ત્યારે એ જુઓ કે એનાથી તદ્દન વિરુદ્ધ આદર્શ,-ઊંચી વિરક્તદશા કેળવવાનો આદર્શ જેણે રાખ્યો હશે, એનો ઉદ્યમ ઉજ્જવળ રહેવાનો. એ માટે સ્ત્રીઓથી લગભગ આઘા રહેવાનો દૂરથી પણ એને દૃષ્ટિમાં ન ચઢવા દેવાનો, કામક્રિયાને અને ચામડીના સૌંદર્ય અને રૂપરંગોને બિભત્સ માનવાનો, ક્યારેય કામવાસનામાં અંધ ન બનવાનો, કામ પાત્રની ગુલામી નહીં સેવવાનો, વિશેષમાં શ્રી વીતરાગ પરમાત્મા તથા વિરાગી સદ્ગુરુની ઉપાસના અનેક પ્રકારે અને ખૂબ ખૂબ કરવાનો,-આવો આવો નિર્મળ પુરુષાર્થ રહેવાનો. **આમ આદર્શની સુંદરતા-મલિનતા ઉપર પુરુષાર્થની અને જીવનની સુંદરતા મલિનતાનો આધાર છે. માટે આદર્શ સુંદર રાખો, પવિત્ર આદર્શ અવશ્ય સેવો. આ પહેલી વાત. બીજી વાત,**

**(૨) આદર્શ જેટલો ઊંચો, પુરુષાર્થમાં તેટલો વેગ અને પ્રબળતા :-** જીવનમાં સુંદર આદર્શ પણ જો સામાન્ય કોટિનો દ્ધ હશે, તો પુરુષાર્થ પણ એવો ઢીલો રહેવાનો. જેમકે કોઈએ એટલું રાખ્યું કે 'આપણા જીવનમાં અસત્ય-અનીતિના



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

કલંક ન બનવા જોઈએ.' તો તેથી એણે અકલંકિત જીવનનો આદર્શ ધર્યો ગણાય. હવે ઉદ્યમમાં શું રહેવાનું ? માત્ર એટલું કે એવા પ્રસંગોથી દૂર રહેવું, કે જ્યાં અસત્ય અનીતિની સંભાવના લાગતી હોય. બસ આટલું જ; પણ આગળ વધીને સારી રીતે ત્યાગ અને પરમાર્થ પરોપકારના મોટા મોટા કાર્યો કરવાનો ઉદ્યમ એનો નહિ રહેવાનો. કેમકે એનો એવો કોઈ આદર્શ નથી કે **મારે મારી તૃષ્ણાઓ અને સ્વાર્થબુદ્ધિને વહેલી તકે નામશેષ કરી નાખવી, આ માનવ જીવનનો ઊંચો આદર્શ છે.** જીવનમાં જો આ નહિ, તેથી ત્યાગ-પરમાર્થના પ્રબળ પ્રયત્નો અને વેગવંતા પ્રયત્નો નહિ થવાના. સામાન્ય રીતે ચાર ચોપડી ભણવાના આદર્શવાળા કરતાં જલદી કોલેજ સુધી જવાના આદર્શવાળાનો પુરુષાર્થ પ્રબળ અને વેગવાળો હોય છે.

**માનવનો આદર્શ પરમપદની પ્રાપ્તિનો જ હોવો જોઈએ :-** તો જીવનનો વિશુદ્ધ આદર્શ શો ? માનવજીવનનો આદર્શ પરમપદની પ્રાપ્તિ છે. **પરમપદદાતા શ્રી અરિહંત પરમાત્મા મળ્યા પછી પરમપદથી નીચો આદર્શ ન જ રાખવાનો હોય.** ધન્વંતરી વૈદ પાસે જઈએ, અને તે કહે કે "તમને મફત દવા આપું છું. તમારે જે દવા માગવી હોય તે માગો." તો શું માગો ? "(૧) એક તો ઘડપણ ન આવે, (૨) જીવનભરનું મહા આરોગ્ય રહે, મરતાં સુધી રોગ ન આવે. (૩) શરીર અત્યંત બળવાન રહે-તેવી જ દવા માગો ને ?" અરે આગળ વધીને જો મરણ ન થાય તેવી દવા હોય તો તેની પણ જરૂર માગો એમાં શંકા નહિ. ચક્રવર્તી કોઈને ફાવે તે માગવાનું કહે, ને મળી શકે તેમ હોય તો આખી સામ્રાજ્યની ઠકુરાઈ માગેને ? તેમ અહીં પરમાત્મા પાસેથી પરમપદ મળી શકે છે, પછી નીચેનું હલકું પદ શા માટે ઈચ્છવું જોઈએ ?

**ઊંચામાં ઊંચો આદર્શ મોક્ષ છે.** કેમકે મોક્ષમાં કોઈ ભૂખતરસ વેદનાના દુઃખ નથી, અપમાન નથી, હવે પછી ભટકવાનું નથી. ત્યાં અનંત સુખ છે, અનંત જ્ઞાન છે. ત્યાં સ્ફટિક જેવી નિર્મળ અનંતગુણમય આત્માની દશા છે. હવે કોઈ કહે કે આ જન્મમાં ક્યાં મોક્ષ મળી શકે છે ? વાત સાચી છે. પણ એને કહો કે પછી ય શીઘ્ર મોક્ષ લેવો તો છે ને ? તો એનો આદર્શ અહીંથી જ રાખો. સાથે એના સચોટ સાધનભૂત વિવિધ અવાન્તર આદર્શોની જરૂરીયાત પણ છે દા.ત ક્ષમા-સમાધિઆદિને આત્મસ્વભાવમાં ઉતારવા આદર્શ એ અવાન્તર આદર્શ છે. પરાણે નહિ હોં, સહજ સ્વભાવે ક્ષમાદિ થયા કરે, એવું કરવાનું છે. ગમે તેવા પ્રસંગમાં પણ અડોલ ધીરતા, સહવાની વીરતા વગેરેના વિવિધ આદર્શો કેળવવાના છે. એ બધાયનો અંતિમ હેતુ શો છે ? મોક્ષ-પરમપદની પ્રાપ્તિ. પણ આજે તમો એશઆરામીથી જીવવાનો, શક્ય હોય તો સ્વર્ગીય લહેર કરવાનો આદર્શ રાખ્યો



છે. એથી મોક્ષના અને ક્ષમા-સમાધિના આદર્શ ક્યાં રહે ? ભલે મોક્ષ અહીં ન મળે, પણ પછીય જો દેવલોકથી આગળ વધી શકાતું ન હોય, તો આદર્શ દેવલોકનો હોય, પણ આગળ વધી શકાતું હોય તો તેનો આદર્શ કેમ ન રાખવો ?

-અમદાવાદ જવા નીકળ્યા, રસ્તામાં રેલ્વે લાઈન બગડી છે. તેથી ભલે સુરત ઉતરવું પડે, પણ લક્ષ તો અમદાવાદ પહોંચવાનું રહે છે. તેમ મનુષ્યને મુખ્ય ઈચ્છા મોક્ષની જ હોવી જોઈએ. અને અહીં એ ઉદ્દેશથી કરેલા યોગ્ય પ્રયત્ન પછીથી દેવલોકમાં મોક્ષદાયી ભવમાં જવા અને મોક્ષસામગ્રી મેળવવા ઉપયોગી થાય છે.

**મોક્ષ જોઈતો હોય તો જ પૂજા પ્રમાણ :-** સમગ્ર જીવનનો આદર્શ એકજ કે કેમ જલદીથી આત્મા ભવપાર ઉતરી જાય. ઊંઘમાં, અર્ધઊંઘમાં કોઈ પૂછે કે છેલ્લી ઈચ્છા શું છે ? તો તે ઈચ્છા મોક્ષની બોલાય. એવી લગની મોક્ષ પ્રત્યે લાગી જવી જોઈએ. **જો એવી મુખ્ય ઈચ્છા મોક્ષની હોય, તો વીતરાગ દેવાધિદેવને પૂજ્યા તે પ્રમાણ ગણાય,** નહિતર તો 'નમો અરિહંતાણ' ભલે મુખેથી ગણાય, પણ તે નાટકીયું બને. **નવકાર ગણનારને છેલ્લે જઈને મોક્ષ સિવાય બીજી ઈચ્છા ન હોય.** બીજી ઈચ્છાઓ મોક્ષે પહોંચવા માટે. હવે તે આદર્શને જીવનમાં સાચેસાચ જીવવા માટે એને અનુકૂળ અવાન્તર આદર્શો નક્કી કરવા જોઈએ. દરેક જીવનના જુદા જુદા આદર્શ હોય છે, તેથી નક્કી કરો કે ચોક્કસપણે જીવનના વિભાગો કયા કયા અને એને યોગ્ય આદર્શ કયા કયા ?

**જીવનના જુદા વિભાગો :-** જીવનનો વિચાર કરીએ તો દેખાય છે કે ઘણાં પ્રકારના જીવનો છે. દાખલા તરીકે વયથી જોતાં (૧) બાળ-જીવન (૨) કુમાર-જીવન, (૩) યુવાવસ્થા, (૪) પ્રૌઢ અવસ્થા, (૫) વૃદ્ધનું જીવન, આ બધા જુદા જુદા જીવન છે. ભલે વ્યક્તિ એક છે, પણ તે અવસ્થાના જીવન જુદા પડી જાય છે.

બીજી રીતે જોઈએ તો જીવનની પ્રવૃત્તિ અંગે પણ જીવનો છે દા.ત. (૧) વેપારી જીવન, નોકરીયાત જીવન, દલાલનું જીવન (૨) સંસારી વ્યવહારમાં જોઈએ તો કોઈનું વડીલ તરીકેનું જીવન, કોઈનું આશ્રિત તરીકેનું જીવન, કોઈનું સલાહકાર તરીકેનું જીવન, તેમ વિદ્યાર્થી જીવન, શિક્ષક-જીવન, માતાપિતા તરીકેનું જીવન, પુત્ર તરીકેનું જીવન, ભાઈ-બેનનું જીવન, દેરાણીજેઠાણીનું જીવન, નણંદભોજાઈનું કે દિયર-ભોજાઈનું જીવન, વગેરે જુદા જુદા જીવનો હોય છે. આ બધા લૌકિક દૃષ્ટિના છે.

લોકોત્તર દૃષ્ટિએ દેવના ભક્ત તરીકેનું જીવન, ગુરુના ઉપાસક તરીકેનું

જીવન, ધર્મી તરીકેનું જીવન, ધર્મીમાં વિશેષ રૂપે સમકિતી જૈનનું જીવન, વ્રતધારી શ્રાવકનું જીવન, તેથી આગળ વધીને સાધુજીવન, વગેરે ઘણા ભેદ પડે છે.

જીવનના આ ભેદો જગતમાં સ્વીકૃત છે; તેથી જ જ્યાં જ્યાં અવસર આવે, ત્યાં ત્યાં સામાને જુદી જુદી રીતે સાવચેત કરાય છે. કોઈ વ્રતમાં હોય, પ્રભુ-પૂજા-પ્રતિક્રમણાદિ કરતો હોય, પણ જો બહારમાં કાંઈ ખોટું કરે, દા.ત. હોટલાદિમાં જાય તો તેને કહેવાનું મન થાય છે કે 'કેમ ભાઈ ? તમારાથી આમ કરાય ?' પણ વ્રત વિનાનો માણસ હોટલમાં જાય તો કહેવાનું મન નથી થતું કે 'કેમ જાઓ છો ?' એમ છોકરું વગર સમજ્યે ખોટી હઠે ચઢતું હોય તો તેને કહીએ છીએ. "તું બાળક છે. હઠ ન કર કે તને સમજ નથી પડતી. અમે કહીએ તેમ કર" તેનું બાળ જીવન છે. માટે તેની તે કક્ષા છે. **જેમ જેમ કક્ષા જુદી દેખાય, તેમ તેમ જીવન જુદું** એને માટે જુદા જુદા આદર્શ ઘડવાના. બાળને રમવાની મનાઈ નથી કરાતી, પણ કુમારપણે નિશાળીયો થાય તો "તારાથી બહુ ન રમાય" તેમ કહીએ છીએ. આવી રીતે તેના જીવનની કક્ષાનું લક્ષ ખેંચીએ છીએ.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૨૦,તા.૬-૨-૧૯૫૪

## (૧૫) જીવનના આદર્શ

**અવંતી સુકુમાલનો ઉત્તમ આદર્શ :-** જુદા જુદા જીવનો જુદા જુદા ભાવ ભજવે છે. **આપણા એક જીવનમાં ઘણા જીવનો વણાયેલા છે. સમગ્ર જીવનનું લક્ષ્ય અર્થાત્ જીવનનો આદર્શ મોક્ષ ખરો; પણ અવાન્તર જીવનોને અનુરૂપ જુદા જુદા આદર્શો સમજવા જોઈએ.** જીવનના આદર્શ માટે વિચારતાં અવંતી સુકુમાલનો મહાન આદર્શ એક દૃષ્ટાન્ત રૂપ છે. અવંતી સુકુમાલ એ મહા શ્રીમંત શ્રેષ્ઠીના પુત્ર હતા. એમના ઘેર અઢળક સંપત્તિ હતી. તેમણે એકાએક સ્થિતિ પલટાવી દીધી. સાંજે ખાઈ-પી વિલાસ ભુવનમાં બેઠા હશે, રંગરાગ ખેલી રહ્યા હશે, બત્રીસ સ્ત્રીઓ સાથે પાંચે ઈન્દ્રિયોના વિષયસુખો ભોગવતા હશે; એવા એમને એકાએક રાત્રે ચારિત્ર, અને રાત્રે જ મસાણમાં કાઉસ્સગ્ગ; ત્યાંય રાતની સ્થિતિ કેવી ? શ્મશાનમાં શિયાળણીનો ભયંકર ઉપસર્ગ ! પણ એમાં એ કેવા રહેલા ? મહા સમાધિમાં ઝીલતા! ભૂખી શિયાળના અને એના બચ્ચાની દાઢમાં માખણ જેવું શરીર ચવાઈ જવા દીધું, એક ચુંકારા-હોંકારા જેટલો સામનો નહિ, કે જ્યાંથી ખસવાનું નહિ, કે 'અરેરે' નહિ ! આવો પલટો ક્યાંથી આવ્યો ? તેમણે તેમના



જીવનનો આદર્શ નક્કી કર્યો હતો. તો તે અત્યાર સુધી કેમ ન થયું ? **જીવનમાં કોઈક વખત એવો આદર્શ ખીલવાનો અવસર આવે છે કે જે જીવનને ઉચ્ચ, અતિ ઉચ્ચ બનાવી દે છે !**

**વીરના સંતાનના આદર્શ :-** માટે જ, આદર્શ પહેલેથી નક્કી રાખવો જોઈએ. જે મહાવીર પ્રભુએ પૂર્વના ત્રીજા ભવમાં રાજવીપણું મૂકી લાખ વર્ષ માસખમણના પારણે માસખમણની ઉગ્ર તપસ્યા સાથે ચારિત્ર પાળ્યું, છેલ્લા ભવમાં તીર્થંકર, જગત્પૂજ્ય છતાં સાડા બાર વર્ષ નિદ્રા તો શું પણ જમીન પર પલાંઠી માંડીને બેસવાનીય વાત નહિ. એ રીતે દેવતા જેવાના ઘોર ઉપસર્ગ વેઠી કઠોર તપ-સંયમ સાધ્યા,-એવું બધું જે વીર વિભુએ કર્યું. એના અનુયાયી આપણે જીવનમાં શો આદર્શ ધરાવીએ ? એજને કે આપણે એવા ક્યારે બનીએ ? એટલે ઉપર કહેલા જીવનના જુદા જુદા વિભાગમાં સર્વત્ર મોક્ષનો આદર્શ રહેવો જોઈએ. આત્મામાંથી દોષ અને દુઃખ ટાળવાના છે. એ માટે અનંતગુણસંપન્ન અને સહજ (જડનિરપેક્ષ) સુખસમૃદ્ધ બનવાનો આદર્શ કેળવવાનો. પછી જીવનમાં ગમે તે અવસ્થા હોય ત્યાં.

**(૧) દોષો ટાળતા જવા, અને ગુણ વધારતા જવાના, તેમજ**

**(૨) દુઃખના કારણ દૂર કરતા જવાના, અને સહજ સુખની વાનગી અનુભવતા જવાના પ્રયત્ન-પુરુષાર્થમાં લાગી જવું જોઈએ.**

માનવ જીવનનું આ મહન કર્તવ્ય જો સમજાઈ જાય, તો માતાપિતા બાળકને આઠ વર્ષની ઉંમરે ચારિત્ર પમાડવાનું જ ઘડતર કરે. 'આ વિશાલ સંસારસાગરમાં બૂડી રહેલા અમારાં સંતાન ક્યાંકથી અમારે ત્યાં આવી ચઢ્યાં છે, તો હવે વહેલામાં વહેલી તકે અમે એને સંસારસાગર તરી જતા ક્યારે કરીએ,'-આ આદર્શ ધરવો જોઈએ. પછી યોગ્ય પ્રયત્ન કરવા છતાંય એનો તે ઉલ્લાસ નથી વધતો, તો ઉચ્ચ કોટિના વ્રત-પચ્ચક્ખાણ, ત્યાગ-તપ, જ્ઞાન-ધ્યાન વગેરેથી વિભૂષિત મહાશ્રાવક કેમ બને, એ ખ્યાલ રાખીને ઉચિત ઉદ્યમ કરવો જરૂરી. આ તો થઈ વડિલની વાત.

પણ તે તે જીવોના પોતાના આદર્શ-ઉદ્યમની વિચારણા કરીએ તો પહેલું તો પૂર્વે કહ્યું તેમ પોતાના આત્માનો મોક્ષ સાધવાનો આદર્શ જીવંત જાગ્રત જોઈએ. બાકી દરેક વયમાં એ ઉચ્ચ આદર્શને યોગ્ય ત્યાગના, વિરાગના, ઈન્દ્રિયસંયમના, પ્રભુ ભક્તિના, દાનાદિ ધર્મના, અહિંસાદિ વ્રતોના, ક્ષમાદિ ગુણોના વગેરેનો ઊંચા ઊંચા આદર્શ ધરવા જોઈએ. એવું જ પિતા-પુત્ર, શેઠ-નોકર, વેપારી-ગ્રાહક, આશ્રયદાતા-આશ્રિત, વગેરે જુદી જુદી અવસ્થામાં પણ એ આદર્શો ઉપરાંત પોતાની યોગ્ય જવાબદારીના ઉચ્ચ આદર્શ ધરવા ઘટે. એમાં-



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

(૧) પોતાનામાં જૈનત્વની દૃઢતા, અને બીજામાં જૈનત્વનો વિકાસ વધે,

(૨) જિનપ્રતિમા વગેરે સાતક્ષેત્રોની ખૂબ પ્રભાવના-ઉપાસના વધે. અને

(૩) ઉપધાન-ઉજમણા-સંઘયાત્રા-અંજનશલાકા પ્રતિષ્ઠા વગેરે ધર્મક્રિયાઓ વધે, એ લક્ષ રાખવાનું. આ તો શુદ્ધ ધર્મજીવનની વાત થઈ. હવે ઉચિત વ્યવહારમાં જોઈએ.

**બાળજીવનનો આદર્શ શું છે ? :-** ઉપર કહ્યું તેમ જીવનો ઘણા પ્રકારના છે. દરેકની રૂએ તે તે આદર્શો તેના જીવનમાં નક્કી કરવા જોઈએ. પહેલું બાળજીવન વિચારીએ કે બાળજીવનમાં શો આદર્શ ? બાળજીવનમાં ભણવા કરવાનું નથી હોતું તેનો આદર્શ શું ? તેના આદર્શની તેને ગમ પડે તેમ નથી. પણ તેના વડીલો સમજણ આપી શકે છે. તેથી તેના જીવનમાં એ આદર્શ ઉતરી શકે છે. એનો શો આદર્શ ? વિનય, આજ્ઞાંકિતતા, હઠનું નામ નહિ. એને સમજાવાય કે જો સારામાં સારો થવું છે ને તારે ? તો સારા સદા વિનયવાળા હોય. કદી હઠી ન થાય. એ તારે લક્ષમાં રાખવાનું.'' બાળપણાથી ઉત્તમ સંસ્કાર પાડો, એને પ્રેમથી સમજાવો, તો આદર્શ સિદ્ધ કરી શકાશે. દા.ત. હઠ મૂકવાનું સમજાવવા માટે વાર્તા કહેવાય, ''જો એક ગામમાં ધનુ કરીને એક છોકરો હતો. એને ઘેર ખાવાપીવાનું બધું બહુ હતું. એની મા એને ખાવા સારું સારું આપતી પણ હતી. એક વાર ધનુ હઠે ચઢ્યો. માએ જમવા માટે ઘણુંય કહ્યું, પણ માન્યું નહિ. તેથી એને મૂકીને બધાએ જમી લીધું. એ ન જમ્યો, ખૂણામાં જઈ બેઠો. ત્યાં હઠ કરી હતીને ? એટલે જ જાણે એક વીંછી આવ્યો. ખૂણામાં એને વીંછી કરડ્યો, તેથી તે રોવા મંડ્યો. પહેલાં તો માએ ન બોલાવ્યો, પણ પછી 'ઓ બા, ઓ બા' કરી બહુ રોયો ત્યારે માએ બોલાવ્યો. કહે. કેટલું ગુમાવ્યું ? સારું સારું બધાએ ખાઈ લીધું હતું. તેથી પછી એને થોડું મળ્યું.'' આવી આવી રીતે સમજાવાય. બાળપણામાં કોઈ ખોટી ટેવ ન પડાવવી જોઈએ. નહિતર બાળ જ્યારે કુમારપણમાં આવે છે ત્યારે તે કુટેવ ખીલે છે; અને યુવાવસ્થામાં વધે છે, ઘડપણે તો તે દૃઢ રહે છે દા.ત. તામસીપણું માબાપે આ પણ એક આદર્શ રાખવો જોઈએ કે અમારા કે અમારા સંતાનમાં કોઈ ખરાબ આદર્શ ન હોય, સુંદર આદર્શો જ જોઈએ. સહજ રીતે જીવનમાં સ્વચ્છંદતા, અન ઉદ્ધતાઈ વધે છે; માટે પહેલો તો તેનામાં સમર્પિતતાનો વિનય ગુણ લાવવો જોઈએ. જીવનમાં જે મહાન સિદ્ધિ કરવી છે, તેનો પાયો વિનય છે. આની સાથે વડિલોની કોઈ એવી ચર્યા-ચેષ્ટા ન જોઈએ કે જેથી બાળકમાં એક પણ દુર્ગણ એ જોઈને પોષાવા પામે.

**કુમારપણાના આદર્શો :-** બાળજીવનમાં દુરાગ્રહીપણું, અવિનય, કુટેવો,



ઉદ્ધતાઈ વગેરેના કદીય સ્પર્શ ન થાય એવા આદર્શ જોઈએ. પછી કુમારજીવનમાં આવતાં જેમ તેની કક્ષા વધે છે, તે પ્રમાણે આદર્શ વધે છે. તેનો એવો આદર્શ હોવો જોઈએ કે ''હું નિશાળે જાઉં છું. તો કદી **જીવનભર માટે મારા ગુરુ કે શિક્ષક તરફ સહેજ પણ અવિનીત ન બનું.** શિક્ષક ગમે તેવો ઠપકો આપે, મારાથી મોઢું ઊંચું ન થાય. ઘેર આવી ન કહેવાય; જેટલા પ્રમાણમાં એ શિક્ષકનું ખમી ખાય તેટલો વહેવારમાં શાણો બને છે. બીજા પાસે માસ્તરના ગુણ ગાય એવી વિદ્યાર્થીની યોગ્યતા જોઈએ, તે સારા આદર્શના ઉપર આધાર રાખે છે. એક પણ દુર્ગણ ખરાબ ચેષ્ટા, કુવચન ન જ પોષાય, એવા આદર્શકુમાર બનવાનું લક્ષ જોઈએ.

**વિનય ગુણથી વિદ્યા પ્રાપ્તિ સુલભ છે :-** આદર્શને દૃઢપણે કેળવવાનો એ પ્રભાવ છે કે તેનાથી અચિંત્ય સિદ્ધિ થાય છે. ઇતર ગ્રંથમાં સાંભળવા મળે છે કે અર્જુને વિનયગુણથી વિદ્યા જેમ જેમ ગુરુએ શિખવી, તેમ તેમ ઝટ પ્રાપ્ત કરી. ગુરુના વિનયથી વિદ્યા જલદી પ્રાપ્ત થાય છે. પોતાને વિદ્યા શિખવાડવા એક ભીલ ગુરુને વિનંતિ કરે છે. પણ એમણે યોગ્યતા નહિ દેખી હોય કે ગમે તે કારણે એને શિખવવા ના પાડી. ભીલને ગુરુ ઉપર શ્રદ્ધા હતી તેથી તેણે જંગલમાં જઈ માટીની ગુરુની મૂર્તિ કરી. ત્યાં રોજ વિનયપૂજા કરી એને સાક્ષાત્ ગુરુ માની, એની સમક્ષમાં બાણ-વિદ્યાનો એણે અભ્યાસ કર્યો. મનમાં આદર્શ મોટો રાખ્યો. તેથી તેને વગર ગુરુએ જંગલમાં વિદ્યા મોટી પ્રાપ્ત થઈ. કોઈ અવસરે જ્યારે અચાનક ગુરુએ એવી હોશિયારી જાણી પૂછ્યું કે 'તને કોણે આ વિદ્યા શિખવાડી ?' ભીલ કહે કે 'તમે જ શિખવાડી છે.' કેવી રીતે ?' તેમ ગુરુએ પૂછતાં બધી હકકીત કહી. ગુરુ એના વિનય-સમર્પણનું ફળ સમજી ગયા. **ગુરુની ગેરહાજરીમાં પણ જાણે ગુરુનું સાક્ષાત્ સન્નિધાન, સાક્ષાત્ હાજરીનો સદ્ભાવ રૂપ ઊંચો આદર્શ ધરવાથી અકલ્પ્ય સિદ્ધિઓ થાય છે.** માટે જ વિદ્યાર્થીએ પવિત્ર અને ઊંચા આદર્શ ધરવા જરૂરી છે. દા.ત. મહાન અહિંસક, સત્યવાદી, નીતિમાન, સદાચારી, ઉદાર, પરોપકારી અધ્યાત્મી વગેરે બનવાના ધ્યેય જોઈએ.

**ઊંચા આદર્શ પાછળ પરિશ્રમ જરૂરી છે :-** એવા આદર્શ ધર્યા પછી ઉચિત પરિશ્રમ કરવામાંય સહેજ પણ પાછું હઠવાનું હોતું નથી. **'આવા સુંદર મનુષ્યભવમાં આવ્યો છું, તો સારું તત્ત્વજ્ઞાન મેળવી જાઉં,** એ આદર્શ નથી રાખ્યો, તેથી ફુરસદ છતાં આરામી થાય છે. અને તત્ત્વજ્ઞાન નથી મેળવાતું. આરામી અને વિદ્યાપ્રાપ્તિને મેળ નથી. **'सुखार्थिनः कुतो विद्या ? विद्यार्थिनः कुत सुखम् ?'**

**જે સુખનો અર્થી છે, તેને વિદ્યા ક્યાંથી આવે ? જેને વિદ્યા જોઈએ છે; તેને એશઆરામ ક્યાંથી ચાલે ?** કદાચ નવું ભણવાનું ઓછું હોય તોય વાગોળવાનું ઘણું



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

હોય છે. ધાર્મિક પાઠનું પુનરાવર્તન નથી થતું, તેથી પાઠશાળામાં છોકરા વરસે વરસે એનું એ પાકું કરે છે. **ચૌદપૂર્વીને પણ પુનરાવર્તન કરવું પડે છે. પછી બીજાની શી વાત ?** ત્યાં એશઆરામી ચાલે ? કુમાર અવસ્થા એ સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિની અવસ્થા છે, ત્યાં મહાજ્ઞાની બનવાનો આદર્શ જોઈએ.

**અનાર્યતાને કાઢી આર્યત્વ પ્રગટવો :-** વિદ્યાર્થીમાં એક આદર્શ એ જોઈએ કે શક્યતાએ સંપૂર્ણ બ્રહ્મચર્ય અન્યથા સદાચારની પૂર્ણતાએ પહોંચવાનું.' પછી એ માટે કુમારપણું સર્વથા બ્રહ્મચારી જોઈએ. સરકાર પણ અઢાર વર્ષની નીચેનાને કેટલાક સિનેમા જોવાની બંધી કરે છે. છતાં આશ્ચર્ય છે કે સ્કૂલમાં સહશિક્ષણ ચલાવે છે. સિનેમામાં તો ચિત્રો હોય, અને આ તો સાક્ષાત્ સામે રહે છે. તે જીવતાં સાક્ષાત્ નાટકો છે. આ સહશિક્ષણ બ્રહ્મચર્ય-સદાચારના આદર્શનો નાશ કરે છે. આર્યદેશના પવિત્ર ધોરણે જીવનમાં ચાર અવસ્થા બાંધેલી છે. તેમાં પહેલી પૂર્વ બ્રહ્મચર્ય અવસ્થા. આજે **પશ્ચિમની સંસ્કૃતિના નામવાળી વિકૃતિના પ્રતાપે આર્યત્વનો નાશ થઈ રહ્યો છે.** પહેલાના કાળમાં પુરુષની બત્રીસ કળા અને સ્ત્રીની ચોસઠ કળા શિખવાતી હતી. તેમાં ચોરની ધૂર્તની કળા પણ શીખવાડાતી. કેમ ? જેથી ક્યાંય ઠગાઈ ન જાય. આમ તેઓ આવીય કળા શીખતા, પણ આત્મ-લક્ષ મુખ્ય રાખતા. ત્યારે અત્યારની માફક અંધારનૃત્ય નહોતું.

**આજની વિષમ દારુણ દશા :-** આજે તો પરલોકમાં આત્મહિત થાય એવો કોઈ ઉદ્દેશ નહિ ! કોઈ સ્મૃતિ નહિ ! કોઈ ચિંતા નહિ ! પશ્ચિમનું અનુકરણ, એના પહેરવેશ, એની રહેણીકરણી, એના ખાનપાન, એની બોલચાલ વગેરેનું અનુકરણ ચાલી પડ્યું છે. પૂર્વે માસ્તર બાજોઠ ઉપર બેસતા, છોકરાઓ જમીન ઉપર બેસતા. માસ્તર આવે ત્યારે ઊભા થઈ પગે લાગતા. વિનય વિના વિદ્યા ન મલે. આજે તો માસ્તર ઊભા થવા વગેરે વિનય કરવાના સોગન ! આવા વિનય વિનાના શિક્ષણથી શું ? કદાચ પોપટપાઠની માફક આવડી જાય, પણ વિદ્યા વાસ્તવિક રીતે જીવનમાં પરિણમે નહિ. આજના ભણેલા પાસે સુવિદ્યા નથી. **સુવિદ્યા હોય તો પાપનો ડર હોય, અને પાપમાંથી બચવાનું બહુ રાખ્યું હોય.** આ અપેક્ષાએ જોઈએ તો આજના ભણતરે દાટ વાળ્યો છે. ડીગ્રી કેળવણી વિનાનાને જેટલો પાપનો ડર છે, તેટલો કેટલાય ભણેલાને નથી ! પહેલાના કાળમાં કોઈ દરદીની વૈદ્ય દવા કરે, પણ દરદી જીવી ન શક્યો અને મરી ગયો તો બીલના પૈસા ન લે. કહે કે "હવે તે મરી ગયો. દવાના પૈસા કેમ લેવાય ?" ત્યારે આજે કેટલાય ડૉક્ટરોની પદ્ધતિ કેવી કે ચોક્કસરૂપે દરદી મરવા પડ્યો હોય, તો તેની વિઝિટ-ઈન્જેકશન વગેરેના પૈસા તરત જ માગે. એવુંય બને કે પેલો ડચકાં લે છે. ડૉક્ટર



આશા મૂકી દે છે. છતાં ડૉક્ટર બહાર નીકળી ઊભો રહે છે ! કેમ ? વિઝિટ ફી આપે ત્યારે ખસાયને ? પણ અહીં આખું કુટુંબ કલ્પાંતમાં છે. તેનું કાંઈ નહિ. શું આ ? તેની પાસે વિદ્યા નથી, માત્ર વિલાયતી કેળવણી છે. આમ જ આર્યદેશની સંસ્કૃતિનો વિનાશ છે. વિદ્યાર્થી અવસ્થાના એ આદર્શ જોઈતા હતા કે **'ભણું તો એવું ભણું કે જેથી સારામાં સારો પરોપકાર મારો સ્વાર્થ જતો કરીનેય કરી શકું. તેમજ લોભવશ અનુચિત વ્યવહારમાં ન સપડાઉ.'**

**સારું થોડાથી પણ શરૂ કરો. દુનિયાનો સાથ ન જુઓ :-** જીવનમાં ઉચ્ચ આદર્શોનો વિનાશ થયો તેથી અધમ દશા આવી રહી છે. હવે એ આદર્શોનો ઉદ્ધાર કરવાની જરૂર છે. ભલે આપણે પોતાના ઘરથી શરૂ કરો. **કોઈ પણ સારી વસ્તુ કરવા માટે 'દુનિયા સાથે છે કે નહિ' એ જોવું ભૂલી જાઓ. જ્યારે જ્યારે ક્રાંતિનો યુગ આવે છે, ત્યારે શરૂઆત અલ્પમાંથી હોય છે,** કાંઈ એકી સાથે લાખો માણસો ક્રાંતિકારી નથી થતા. શરૂઆત તો પાંચ-દશ-પંદર-પચાસથી થઈ વધતાં વધતાં લાખો, કરોડો થઈ જાય છે. આજ આવી રીતે વધતાં વધતાં સામ્યવાદ બધે ફેલાઈ રહ્યો છે. આજે કેટલાક ભલે કોંગ્રેસવાદી કહેવાતા હશે, પણ ભીતરમાં સામ્યવાદી છે. દેખાવ ડોળ કેવા ? કેવા દાવપેચ, પોલીસી રમાય છે ? આજની વિલાયતી કેળવણી, યુરોપીયન રીતરસમ કઈ દશાએ મૂકે છે ? જીવનમાં વિવિધ ક્ષેત્રોમાં વિવિધ આદર્શો જે કરોડો વર્ષોથી ચાલે છે, તેનો નાશ કરે છે. તેની સામે ભલે થોડા પણ તમે આર્ય સંસ્કૃતિ જીવનમાં જીવવા માંડો.

**કુમારપણામાં બ્રહ્મચર્યની ખાસ જરૂર :-** કુમારપણામાં આદર્શ-બ્રહ્મચર્યનું પાલન જરૂરી છે. તે કાળમાં વીર્ય બંધાય છે. ત્યાં જો એની ઉત્તેજના થાય તો એનું બળ ગુમાવવાનું બને છે. પછી એ મોટા થયેથી એની પ્રજા પવિત્રતા અને ધર્મવાળી તો બને, જો આદર્શોનું ખૂન થવા ન દેવાય. આદર્શના ખૂનથી તો ધર્મનું ઠેકાણું નહિ રહે, પણ સંસારનું ઠેકાણુંય નહિ રહે. કારણ કે પવિત્ર આદર્શના અભાવે કુમાર જીવનમાં અશ્લીલ વાંચન-પ્રેક્ષણ, અનિચ્છનીય છૂટ, ગલીચ ચેષ્ટા વગેરે એટલા વધે છે કે, તે પછી સંસાર આખોય જુગુપ્સનીય બને છે. એમાંય આજના વિશેષ શિક્ષણથી વિશેષ ઝેર વધ્યું છે. તેથી આર્ય પ્રજાનેય સંયમી રાખવા માટે કાબુ બહારની વાત બની ગઈ છે. કુમાર અવસ્થામાંથી જ આદર્શ ગુમાવનારો યુવાન બની કેવો બને ?

**યુવાવસ્થામાં આત્મ-સંયમ રાખો : જીવનનો આદર્શ નિર્વિકાર થવાનો : સ્વપરના જુદા કાયદા નહિ :-** યુવાવસ્થાના આદર્શની વિચારણા કરતાં પહેલું કે અત્યંત પવિત્ર જીવનના આદર્શ માટે સદાચારની મર્યાદાઓ ઉલંઘવી ન જોઈએ.



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

શક્ય હોય તો પૂર્ણ બ્રહ્મચારી બને. શક્ય ન હોય ને કદાચ પૂર્ણ બ્રહ્મચારી ન હોય, પરીણિત હોય, તો પણ તેણે યુવાવસ્થામાં સદાચારની કડક મર્યાદાઓ પાળવી જરૂરી છે. **માનવ જીવનના સંપૂર્ણ નિર્વિકાર બનવાના ઉચ્ચ આદર્શ નક્કી કરવાથી એ બની શકે છે.** આજે આદર્શ સંભળાય છે ખરા, પણ બીજા માટે. **સૌ બીજા માટે ઈચ્છે છે કે એમણે સદાચારી રહેવું જોઈએ.** પોતે પોતાની પત્ની સાથે બહાર નીકળ્યો હોય, અને પત્ની સામે કોઈ ટગર ટગર જુએ, તો પોતે કહેશે "કેમ મગજ ચસકી ગયું છે ? આંખો ભટકાવતા સારી આવડે છે ?" પણ આ તો બીજા માટે. પોતાના માટે શું ? પોતે જ્યાં ત્યાં નજર ફેંકી શકે, અલ્યા જગત માટે નિયમ, તો તારા માટે નહીં ? પોતાના માટે ગમે તેમ વર્તવાની છૂટ, એમને ? પોતાની સામે બીજા કોઈ ઘા ન કરે, જૂઠ ન બોલે, પોતાની ચોરી ન કરે, પણ પોતે જગતની સામે ઘા કરે, જૂઠ હલાવે, અનીતિ કપટ રમે, એ કાયદેસર ! !' **સદાચાર એટલે પરરૂપને જોવા સુધીની બાધા; પરની સંપત્તિનો વિચાર સરખો પણ નહિ કરવાનો. અસત્ય નહિ બોલવાનું. સત્ય-નીતિ-ન્યાય નહિ ચૂકવાનું.** પૂર્વના કાળમાં સ્ત્રી પર પુરુષના અને પુરુષ પર સ્ત્રીના રૂપ જોવા માટે આંધળા હતા ! જેને રૂપ જોવાનીય પડી નથી, એને આગળના દુરાચાર તો હોય જ શાના ? **સંપૂર્ણ નિર્વિકાર થવાના આદર્શથી દરેકે દરેક ઈન્દ્રિયો પર પાકો સંયમ મૂકાય છે, મૂકવો જ જોઈએ.**

**વિનય સંસ્કારનો અમલ કરો :-** યુવાવસ્થામાં બીજું એક કાર્ય સારા **વિનીત અને સહિષ્ણુ** બનવાનું છે. મોટાની આમન્યા ન લોપાય. વડિલના કઠોર, શબ્દ, બચાવ કર્યા વિના, ખમી ખાવા જોઈએ. જો કોઈ મિત્ર, આપણને સલાહ દેવા નીકળે કે 'ડોસા તો તપ્યા કરે, પણ આપણે આપણું કરીએ;' તો તેને સંભળાવી દેવું કે 'ભાગ્યવાન **! આ તું શું બોલ્યો ? આ ઘર જુદા !'** દુર્ગુણમાં કોઈ ગમે તેટલો લલચાવવા આવે પણ **ઉચ્ચ આદર્શભરી યુવાવસ્થાવાળો ન જ લલચાય.** પોતેજ જો આદર્શનું આચરણ ન પાળે તો સંતાનમાંય સારા સંસ્કાર ક્યાંથી પાડવાનો હતો ? પ્રજા તો જુએ તેવું વર્તે. પોતે જોડા પહેરી રસોડામાં જઈ મા-બાપને ધમકાવે, તો તેના સંતાનો શું શીખે ? માટે જીવનમાં વિનય, નમ્રતા, સદાચાર, પરોપકાર વગેરેના ઉચ્ચ પવિત્ર આદર્શ નક્કી કરવા જોઈએ.

**વળી યુવાનમાં સેવાભાવના આદર્શ જોઈએ.** શાસ્ત્ર કહે છે કે સદ્ગૃહસ્થ કેવો હોય ? માતા પિતાનો પૂજક, અને અતિથિ-સાધુ-દીનની ઉચિત સેવા શુશ્રૂષા-સંભાળ કરનારો હોય, જ્ઞાનીની ઉપાસના કરનારો હોય, તથા પરોપકાર ઉદારતાવાળો હોય. બીજાને આપ્યા વિના એને ચેન ન પડે. વિચારો અત્યારે આ ગુણ વિકસે



છે કે, સ્વાર્થાંધતા વિકસે છે ? પહેલાં પોતાનું પેટ ભરવાનું કે બીજાનું ? તમે ડીગ્રી જોઈ શા માટે ફુલાઓ છો ? ભલે બે ચોપડી ભણેલો હોય, પણ જો પવિત્ર આદર્શવાળો હોય તો એનું જીવન ઉત્તમ ગણાય. આદર્શ વિનાનું જીવન નિષ્ફળ. હજી તો આમાં ધર્મની વાતો નથી. વહેવારની ફરજોની વાતો છે. **ધર્મની વાતમાં તો એથી ઊંચા આદર્શ, ઊંચી ચોકસાઈ અને ઊંચા અમલ જોઈશે.**

**બ્રહ્મચર્ય પાલનનો ઉચ્ચ નમુનો :-** વિજય શેઠ-વિજયા શેઠાણી તદ્દન પ્રાથમિક યુવાવસ્થામાં છે. પરણ્યા પહેલાથી એકને આખો કૃષ્ણપક્ષ બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા છે, બીજાને પૂર્ણ શુકલપક્ષ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા છે. પરણ્યા પછી ખબર પડી ! હવે? વિજયાને તો આનંદ થયો, 'ચાલો, સારું થયું કે પૂર્ણ બ્રહ્મચર્ય પળાશે ! વગર ધારણાએ સુંદર ત્યાગ આવ્યો.' આ ક્યારે થાય ? અંતરના ઊંડાણમાં યુવાનીના આદર્શ પૂર્ણ બ્રહ્મચર્યના સમજાયા હોય. વાત વધાવી લેવા જેવી જ્યાં માને છે, ત્યાં શોક કે અરેરાટી કેમ થાય ?

છતાં વિજયાને ઉદાસ જોઈ વિજયશેઠ પૂછે છે કે "કેમ શોકમાં જણાઓ છો ?"

શ્રાવિકા કહે છે "મને બીજું કાંઈ દુઃખ નથી, પણ તમે મને જે પરણીને લાવ્યા છો, તે તમારી આશા હું શુકલ પક્ષમાંય પૂર્ણ નહિ કરી શકું. તમારે કૃષ્ણનો, તો મારે શુકલપક્ષનો નિયમ છે. માટે તમે બીજી પરણી લો, મારી રજા છે."

વિજયશેઠ કહે છે કે "તમને જિંદગીનું બ્રહ્મચર્ય ખપશે, તો મને નહિ ખપે ? બંનેએ પૂર્ણ બ્રહ્મચર્ય પાળવાનું. કોઈને કહેવાનું નહિ. માબાપ જ્યારે જાણે ત્યારે ઘરનો ત્યાગ કરવાનો.' સંકેત કરીને રહ્યા. શું બગડી ગયું એમનું ? હા, **જેને માનવ જીવનમાંય પશુક્રીડાના આદર્શ છે, એ તો આ વાતથી ભડકી ઉઠે, બળતરા કરે !** અહીં આપણા હૃદયની પરીક્ષા છે. **આપણે કયા આદર્શમાં રમીએ છીએ, એ આ પ્રસંગ ઉપરથી આપણને થતી અસરથી સમજાય.**

**પ્રૌઢના આદર્શ :-** પ્રૌઢ બને ત્યારે તેનામાં ઘણી ગંભીરતા આવવી જોઈએ. જગતની વિવિધ વિચિત્ર ઘટનામાં એ ગંભીર બને. બધી વાતો પેટમાં સમાવી દે. વાણીથી તો ન બોલે, પણ મુદ્રામાંય ન લાવે, તેથી કોઈનેય ખબર ન પડે. **મહાગંભીરતાના આદર્શ રાખ્યા હોય તો એને માટે બરાબર ચીવટ રહે.** ત્યારે એ પણ જોવું જોઈએ છે કે ગંભીરતા ખોવામાં કેવા મહા નુકસાન ઉપજે છે. એક પ્રસંગ આવે છે.

## • ગંભીરતા ગુમાવવા પર દૃષ્ટાન્ત. •

એક યુવાન પોતાની નવપરિણિત સ્ત્રીને સાસરે તેડવા જાય છે. સ્ત્રીને સાસરે જવું નહોતુ, પણ માબાપે વળાવી એટલે શું થાય ? ધણીની સાથે ચાલી તો ખરી, પણ લાગ જોઈને જંગલમાં ધણીને કૂવામાં નાખ્યો. પોતે ઘેર પાછી આવી કહે છે કે 'શુકન ખરાબ થવાથી મને પાછી મોકલી એ ગયા.' ત્યાં તો વાત પતી. પણ પણે ધણી સમજી ગયો. છતાં ભૂલ પોતાની જ જોવા લાગ્યો, 'એની અનિચ્છાએ લેવા ગયો તો આવું થયું. એ મારી જ ભૂલ.' કહો, કેવો ઉદાર ! પાછો કેવો ગંભીર ! પછી કોઈએ બહાર કાઢ્યો, ઘેર ગયો. પણ કોઈને એ વાત ન કરી. પત્નીને ફરી તેડવાય ન જાત. પણ કેટલાક સમય પછી ઘરના માણસોનો બહુ આગ્રહ થવાથી પાછો તેડવા માટે સાસરે ગયો. જાણે પૂર્વનું કાંઈ જાણતો નથી, એ રીતે ત્યાં વર્ત્યો. સ્ત્રી વિસ્મય પામી ખુશીથી સાથે સાસરે આવી. પતિને દેવ સમજે છે. સમજે જ ને ? **ગુણના આકર્ષણ ગજબના હોય છે. જીવનની કિંમત ગુણમાં છે. એક** દિવસ આ ભાઈ જમવા બેઠા છે, પત્ની આગ્રહથી વસ્તુ પીરસે છે. બહુ આગ્રહથી પીરસતી હતી; એમાં પૂર્વનો પ્રસંગ યાદ આવવાથી પતિને હસવું આવ્યું. આ હસવા પ્રત્યે છોકરાનું ધ્યાન ખેચાયું. છોકરો કહે કે "બાપુજી ! કદી નહીં ને આજ આપ જમતાં કેમ હસ્યા ?" બાપ કહે 'કાંઈ નહિ અમસ્તું'. છોકરે કહેવા માટે હઠ લીધી. તેથી સહજ ભાવે પુત્રને ભૂતકાળની વાત કરી કે "વખત વખતને માન છે. આજ તારી મા કેટલો બધો પ્રેમ રાખે છે. પણ એક વાર એણે મને કૂવામાં નાખી દીધો હતો." બસ ! થઈ રહ્યું ભાઈએ ગંભીરતા ગુમાવી. બાઈ રસોડામાં હતી, તેણે આ સાંભળ્યું. સાંભળતાં સજ્જડ અસહ્ય આઘાત લાગ્યો, અને ત્યાં જ હૃદય બંધ ! કેવું મહાન નુકસાન ! લૌકિક રીતે પત્ની ગુમાવી ! લોકોત્તર દૃષ્ટિએ જોતાં અસમાધિમાં રહેલી પત્નીની કેવી દુર્ગતિ ! પોતે એમાં કેવું ખરાબ નિમિત બન્યો.

આમ તો યુવક ઘણી રીતે ગુણસંપન્ન હતો, ગંભીર પણ હતો; છતાં એક વારના પ્રસંગમાં જો ગંભીરતા ગુમાવી, તો મહાવિકટ પરિણામ આવ્યું. સમજવું જોઈએ કે "મારે મક્કમ મને ગંભીરતા અખંડ જાળવવી છે. જ્યાં સુધી યુવાન હતો, માથે માબાપ હતા, ત્યાં સુધી છોકરામાં ખપતો હતો તો ચાલતું હતું. હવે પ્રૌઢ થયો. ભલે માતા-પિતા જીવંત હોય, પણ જવાબદારી પોતાના ઉપર છે.' માટે જવાબદારી સમજી બધી જ બાબતમાં પ્રૌઢ માણસે આદર્શ પવિત્ર અને ઉચ્ચ રાખવો જોઈએ. ખાવામાં, પીવામાં બેસવામાં, સુવામાં, બોલવા-ચાલવવામાં, સર્વ



વ્યવહારમાં ધીરતા, સંયમ અને સાવધાની જોઈએ.

**વૃદ્ધે નિવૃત્ત દશામાં રહેવું જોઈએ :-** વૃદ્ધા અવસ્થામાં એવું ધ્યેય જોઈએ કે 'મારે મરતી વખતે તદ્દન અલિપ્ત એટલે કે જગતથી સર્વથા નિવૃત્ત થઈને જવું છે; જગતના કોઈ મમત્વ, કોઈ આકર્ષણ નથી રહેવા દેવા. તેમજ અત્યંત ક્ષમાશીલ, નમ્ર અને નિર્લોભી થઈને જવું છે.' પછી **ઘરમાં રહેવા છતાં કોઈ પ્રવૃત્તિમાં ભાગ લેવાનો ન હોય; તેમ ઘરમાં, કુટુંબમાં, નાતમાં વગેરે સ્થાને ગમે તે પ્રસંગો બને, તેની અસર પોતે લેવાની નહિ.** આજ પણ કોઈ એવા આદર્શ પુરુષ છે કે જે પોતે ઘરનું કશું સંભાળે નહિ. ઘરમાં લગ્ન હોય, તોય એથી અલગ રહે, ઘરની બાબતમાં કાંઈ ધ્યાન ન રાખે; તેમજ ધંધાના નફા-નુકસાનની લગ્ન-રંડાપાની, ઇત્યાદિ, કોઈ અસર મન પર ન લે. એનાથી સર્વથા અલિપ્ત રહે. જાણે પોતાને કાંઈ લાગતું નથી. ખરી રીતે આદર્શ એવો છે કે આઠ વર્ષની બાળવયે ચારિત્ર લઈ સંસારથી નિવૃત્ત થવું. બાકી છેવટે પાછલી વયે તો નિવૃત્તિ લેવી જ જોઈએ. આ તો બહુ મોહગ્રસ્તની અપેક્ષાએ વાત છે. બાકી તો પ્રૌઢ વય આવતાં જ નિવૃત્તિ લેવાનો આર્યદેશમાં રિવાજ હતો. ત્યારે આજે એવા પણ જોવા મળે છે કે આંખે પૂરું દેખાતું ન હોય, ઉંમર ભારે વૃદ્ધ થઈ હોય, છતાં દુકાને જઈ 'લાવને જરા ટપાલ વાંચી આવું. છોકરાને સલાહ આપતો આવું.' વગેરે મમતામાં અને અઢાર પાપસ્થાનકમાં હજી રમ્યા કરે છે. એમાં વળી છોકરો ના પડે તોય કામ કરે, એવા સંસારરસીયા હોય છે. આ બધી વયના જીવનો અંગેની વાત થઈ.

**હવે બીજી અપેક્ષાએ જીવનો અંગે જુઓ :-** મિત્રોમાં પતિ-પત્નીના જીવનમાં એવો આદર્શ હોવો જોઈએ કે, **પ્રેમ મોહના ઘરનો નહિ પણ ધર્મના સહચારીપણાનો જોઈએ. એટલે એકબીજાના આત્મહિતનું મુખ્ય ધ્યાન રાખવું ઘટે.** પોતાની સ્વાર્થ લાલસા ખાતર સામાના આત્મહિતનું નુકસાન ન થવું જોઈએ. વાત્સલ્ય-સેવાભાવ વગેરે બધું પરલોકમાં આત્મહિત થવાની મહાન શુભેચ્છાથી થાય, અને તેય આત્મહિતને અનુકૂળ થાય એ રીતે થવું જોઈએ. તેમ ભલે કુટુંબમાં આપણે મોટા હોઈએ તો પણ સેવા કરવાના કોડ અને ઉદ્યમ જોઈએ. ઘણાને સેવા લેવાનો આદર્શ હોય છે. 'કેમ બીજાઓ આપણી સેવા કરે,' એવી અભિલાષા વર્તે છે. ત્યારે ઉચ્ચ જીવનવાળાને એમ થાય કે "હું બીજાની સેવા ક્યારે કરું !"

**આજ્ઞા ઝીલનાર અને આજ્ઞા કરનારાના આદર્શ વિચારતાં એ વસ્તુ આવશે કે** આજ્ઞાપાલકને આદર્શ એ હોય કે 'મારે આજ્ઞાકિંતતાની પરાકાષ્ઠાએ પહોંચવાનું' પછી એણે તેના માટે વિનય, મર્યાદા, લઘુતા, ભક્તિ, બહુમાન વગેરે આદર્શરૂપે કરવાના. આજ્ઞાકિંતપણારૂપી દેહના એ અલંકાર છે. અલંકાર વિના દેહ ન શોભે.



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

શ્રી ગૌતમસ્વામી મહારાજ આદર્શ આજ્ઞાપાલક હતા. ત્યારે આજ્ઞા કરનારને તો વળી વિશેષ સાવધાન રહેવાનું છે. આજ્ઞાકારકતાના આદર્શ પાછળ મોટી જવાબદારી છે. 'માટે હંમેશા સામાની સ્થિતિ જોઈને આજ્ઞા કરવી જોઈએ. સામાની શક્તિ ન હોય તેથી વધુ ઝીલી ન શકતો હોય, પણ દાનત સાફ હોય, તો તેના પ્રત્યે રહેમ નજર રાખવી જોઈએ. આજે તો હાથમાં સત્તા આવે તો ઓર્ડિનન્સ ઉપર ઓર્ડિનન્સ કાઢવા જોઈએ છે. પણ ખબર નથી કે એમ હુકમો કાઢવાથી કિંમત શું રહે ? **આજ્ઞા કરતાં પહેલાં બીજાની પરિસ્થિતિની દૃષ્ટિએ વિચાર કરવો જોઈએ.**

**(૧) 'સામાએ મારું સાચવ્યું કે નહિ' તે નહિ જોવાનું. પણ 'ન સાચવી શકવામાં કારણભૂત તેની શું સ્થિતિ હતી' તે જોવાનું. પછી**

**(૨) એની એ સ્થિતિને વત્સલતા અને સહૃદયતાથી સુધારવાની તેમ**

**(૩) પ્રેમસહિષ્ણુતાને ખૂબ કેળવવાના. પોતાનું અપમાન કે નુકસાન ગમે તે થતું હોય, પણ સહનશીલતા અને સ્નેહાળતા નહિ ગુમાવવાની.**

સંયુક્ત કુટુંબથી લોકમાં આબરૂ વધે છે. એક બીજાને હૂંફ રહે છે, એક બીજાના ધર્મમાં સહાયક થવાય છે. પણ એ બધું તો ટકે કે જો આજ્ઞાકારક વડિલ સહન કરવામાં પાછી પાની ન કરે; અને કુટુંબની અસમાધિ, દુર્ધ્યાન ન થાય એની મુખ્ય ચીવટ રાખે.

**વેપારી ઉદાર બને; અને નોકર નિમકહલાલ :- વેપારીનો આદર્શ** એ છે કે પોતાનામાં ન્યાયસંપન્નતા અને સહૃદયતાની ઉચ્ચ કક્ષા આવે. આ માટે **લક્ષ્મીના પ્રલોભનો દૂર કરી પ્રામણિકતા અને વ્યાજબીપણાનું ધોરણ ટકાવી રાખવું ઘટે,** તેમ સહૃદયી બનવા દુઃખી ગ્રાહકને મદદ કરે. સાધર્મી વેપારી બજારમાં તૂટી જતો હોય તો તેને મદદ આપી ઊભો રાખે. આવો આદર્શ વેપારીમાં હોવો જોઈએ.

## • વસ્તુપાલની વફાદારી •

**નોકરનો આદર્શ** પ્રાણાન્તે પણ નિમકહરામ નહિ બનવાનો, નિમકહલાલી ન ગુમાવવાનો જોઈએ. **વસ્તુપાલ-તેજપાલ** વીરધવલરાજાની મંત્રીપણાની નોકરીમાં હતા. તેજપાલની પત્ની **અનુપમાદેવી** એક વાર મુનિને વહોરાવતા હતા. ત્યાં પાતરું બહારની બાજુએ ખરડાયું. તે અનુપમા પોતાની સાડીના પાલવથી લૂછી નાખે છે. મુનિ નિષેધ કરે છે ત્યારે અનુપમા કહે છે કે **"ભગવંત ! અરિહંત સરખા દેવ, આપ જેવા ગુરુ, જૈન જેવો ધર્મ અને રાજા વીરધવળ સરખા સ્વામી મલ્યા હોય,** ત્યાં શી કમીના હોય ? પાતરું કરતાં સાડી શી વિસાતમાં હતી ?" શું આ ?" રાજા પ્રત્યે વફાદારી, રાજાની ગેરહાજરીમાંય એની કૃતજ્ઞતા માનવાની



એનું પરિણામ કેટલું બધું સુંદર ! રાજા વીરધવલ જોગાજોગ પરીક્ષા કરવા માટે સંન્યાસીના વેશમાં ત્યાં આવી ઊભેલો. દુર્જનોએ તો એને એવું ભળાવ્યું હતું કે આ વસ્તુપાલ તમને એંઠા ભોજનનો થાળ મોકલે છે. એ નિમકહરામ છે...' પણ અહીં રાજાએ જુદું જ ભાળ્યું. પરોક્ષમાં સ્વેચ્છાથી આવી ગુણ કદર કરતા હોય, એ વળી એવું નીચ કાર્ય કરે ? નહિ જ. એ તો મહાન વફાદાર છે. વફાદારી માટે અવસરે બહુ ખામોશ ધરવી પડે છે. એક પ્રસંગ જુઓ.

## • વફાદારીના આદર્શ ઉપર મુનિમનું દૃષ્ટાન્ત. •

એક નગરમાં એક શેઠ પોતાના મુનિમને કહે છે કે 'જાઓ, દિલ્હી જઈ આટલો આટલો માલ વેચી આવો, ને આટલી ખરીદી કરી આવો. એમાં જુઓ, આટલા હીરા, આટલા માણેક, પન્ના, નીલમ, મોતી આટલું આટલું અને આવું આવું ખાસ ખરીદી લાવવાનું છે.' મુનિમ તૈયાર થઈ ગયો. ગાડી આવી ગઈ. પાછા શેઠ ભલામણ કરે છે. 'જો જો હોં, આ હીરામાં છાંટ ન આવે, માણેક ઊંચી જાતનું લેવાનું છે, મોતી પાણીદાર અને મોટા જોઈએ...' મુનિમ કંટાળે છે, તોય શેઠનું લેકચર અટકતું નથી. પણ થાય શું ? શેઠ છે ને ? કેમ ટોકાય ? મુનિમ હવેલીમાંથી બહાર નીકળે છે, પાછળ શેઠ આવી કહે છે કે 'ધ્યાન રાખજો દિલ્હી ઠગપુરી છે, ક્યાંય ભોળપણ કરી ફસાતા નહિ; અને પેલા પન્ના તો બહુ તેજદાર લેવાના બાકી હીરામાં ખૂબ ખ્યાલ રાખવાનો છે. ન સમજ પડે તો ચાર ઠેકાણે ચોકસાઈ કરાવજો...' શી શેઠની અસ્ખલિત વાગ્ધારા ! **માણસ સ્વાર્થના કાર્યમાં કેટલો પાવરધો હોય છે !** કેટકેટલી ચીવટ-ચોકસાઈ રાખે છે. શેઠને એમ છે કે 'હું આદર્શ ચીવટવાળો થાઉં.' પછી કેમ ચીવટ ન રાખે ? ત્યારે જૈનને જો **આદર્શસાધક** બનવાના કોડ હોય તો ભારે ચીવટ રહે, અને ભારે ચોકસાઈભર્યા પ્રયત્ન કરે. વાંધા જ આદર્શ ઘડવાના છે; સાચો સ્વાર્થ સમજવાનાજ વાંધા છે. **સમજો, સમજો, અહીં જ સમજી લ્યો આપણા આત્માનો સાચો સ્વાર્થ; ઘડી લ્યો ઉચ્ચ આદર્શો. મોંઘેરા માનવ** કાળમાં એ કાર્ય કરવું સુંદર છે. પછી બીજા ભવની અંધારી રાતે કશું નહિ બની શકે.

**મુનિમનો ધડાકો :-** મુનિમની ગાડી ચાલુ થવા સુધી વરસેલી શેઠની ચીકણી વાગ્ધારા પર મુનિમ કંટાળ્યો. શું આ શેઠ મને સાવ ભોઠ સમજે છે, તે આટઆટલી શિખામણ આપ્યા કરે છે ? જો એમજ હોય તો પછી આવા જોખમી કાર્ય માટે મને શું જોઈને મોકલે છે ? લાવ હવે એમને સાચું જરા કહેવા દે, એમ વિચારી મુનિમ

છેવટે બોલ્યો કે 'શેઠની શિખામણ ઝાંપા સુધી.' આટલું બોલતામાં તો ગાડી સડસડાટ ઉપડી. વાત તો સીધી હતી કે શેઠ ગમે તેટલી સૂચના કરે, પણ **ત્યાં ગયા પછી કેવા સંયોગ હશે, તેમાં શી શી રીતે વર્તવાથી લાભ થશે, એ બધું તો જનારની અક્કલ પર આધાર રાખે છે.** ઝાંપા સુધીમાં તો જે સંયોગ બને તે શેઠ નજરે દેખે એટલે એ મુજબ શિખામણ આપે એ બરાબર છે. પણ ઝાંપા બહાર બજારમાં કે પરદેશમાં શેઠને કલ્પનામાં ન હોય એવા સંયોગ હોઈ શકે છે. ત્યાં શેઠની શિખામણ શું કામ લાગે ? એમ વર્તવાથી તો ઊલટું નુકસાન આવીનેય ઊભું રહે. શિખામણ દેનારે આ ધ્યાનમાં રાખવું જરૂરી છે, કે **થોડુંક સામાની અક્કલ પર છોડવું જોઈએ, જો એને સમજીને કોઈ પણ જવાબદારી આપણે સોંપતા હોઈએ તો.** અને આપણને જો એમજ લાગે કે 'એને અક્ષરે અક્ષર શિખવ્યા વિના એ કાર્ય નહિ કરી શકે' તો તો જવાબદારીભર્યું કાર્ય સોંપવામાં જોખમ છે. કેમકે જો સંયોગ જુદા જ નીકળ્યા, તો એ અબુઝ 'સોના એકસો સાઠ' નહિ પણ 'સોના સાઠ' કરશે.

**શેઠની ક્રૂરતા : ગુસ્સો કેવું ભાન ભૂલાવે છે ! :-** મુનિમ બોલીને તો ગયો, પણ શેઠને એના એ વચન પર બહુ ગુસ્સો ચઢ્યો. મનને થયું કે 'આ મુનિમ આવો ઉદ્ધત? આવો નાદાન ? મારું આવું અપમાન કરે ? શું મેં બધી શિખામણ આપી તે એની આગળ ઘાસ કાપ્યું ? એ મૂર્ખે એટલુંય ન જોયું કે પોતે કોણ અને શેઠ કોણ? બે બદામનો એ માણસ અને આટલો મિજાજ ? ત્યારે હુંય હવે એને બતાવું છું કે ઉદ્ધતાઈ સસ્તી છે કે મોંઘી. ગમે તેટલું લાખ રૂપિયાનું સારું કામ એવા માણસો કરતા હોય તોય એની કાંઈ કિંમત નથી, જો આવી ભયંકર નાગાઈ કરે છે. એવાઓને તો સખત નશીયત, કડક સજા થવી જોઈએ. તે હવે મારા હાથે નહિ પણ દિલ્હીના બાદશાહના હાથે થશે.' શેઠ આગળ પાછળનું બધું ભુલી ગયા, અને ગરીબ માણસના ઉપર કડક સજા લાવવા તૈયાર થઈ ગયા. વિચારો કે **ગુસ્સો કેવી ભયંકર ચીજ છે; અહંકાર જીવને કેવો નચાવે છે !** હવે,

**પ્ર.-** પૂછોને કે મુનિમ આવું બોલનારો એ ગરીબ શાનો ?

**ઉ.-** ગરીબ એની આર્થિક પરિસ્થિતિનો છે, સેવક-ભાવનો ગરીબ છે. બાકી માણસને બહુ અકળાવવામાં આવે તો સ્વાભાવિક છે કે કાંઈક બોલાઈ જવાય. ત્યારે શું શ્રીમંતને બોલવાનો હક છે અને ગરીબને નથી ?

**મન વાળવું હોય તો અનેક ઉપાય છે :-** શેઠને આ કાંઈ વિચાર નથી **જેનામાં આદર્શવાળી સાચી મોટાઈ હોય એને જરૂર એમ થાય કે 'હોય એય જીવ છે. કોઈ વાર હું ય બોલી કાઢું; તો પછી એનાથી બોલાઈ જવાય એ સહજ છે.'**



અથવા એમ થાય કે '**કદાચ નાનો માણસ મન બગાડી કાંઈક બોલે, પણ આપણી જાતને જો એનાથી મોટા માનીએ છીએ તો આપણાથી મન ન બગાડાય.'**

અથવા 'એ આવું બોલ્યો, શું કારણે ? મારી શિખામણ પછી **એને શું એવું લાગ્યું કે એને આમ બોલવું પડ્યું ? લાવ, મને એ વિચારવા દે.'**

**'સામાના બોલના શા તોલ કરવા'તા ? એનું કાર્ય જોવું જોઈએ. જો બોલથી જ માપવું હોય, તો તો ખુશામતખોરોના બોલ, વેંશ્યાના બોલ, કપટીના બોલ બહુ સારા દેખાય છે; પણ એના પર તોલ બાંધનાર ખુવાર થાય છે. ત્યારે વડિલોના બોલ કડવા દેખાય છે, પણ જો એ કડવા વચન પર ગુસ્સે થવાય તો ખતમ !** હિત સમજી શકાય નહિ. આપણે તો સામાના કાર્ય જોવા, કાર્ય દુશ્મનના કરે છે કે મિત્રના ? કાર્ય વફાદારીના કરે છે કે વિશ્વાસઘાતીના ?

**શેઠની નજર ક્યાં ગઈ ? પૂર્વે વિચારવું સસ્તું છે. પછીનું કુપરિણામ મોંઘું છે.** ગુસ્સે થયેલા શેઠે વિચાર કર્યો કે 'હું એને એક એવી વસ્તુ મોકલું કે જે બાદશાહને એ ભેટ આપવા જાય, અને એથી બાદશાહ ગુસ્સે ભરાઈ એને ફટકા લગાવરાવે અથવા જેલમાં ખોસી ઘાલે. ત્યારે વસ્તુ પણ એવી જોઈએ કે મુનિમને જે ભેટ આપવા જવાનું મન થાય. નહિતર તો એ ભેટ જ આપવા જાય શાનો ?' શેઠ એને આવી સજા સુધી પહોંચાડવા તૈયાર થઈ ગયા. આમાં મુનિમની પણ કસૂર છે. **અકળાઈ કે અભિમાનમાં તણાઈને કાંઈ આડુંઆવળું બોલી-બાફી નાખતાં પહેલાં જરા વિચાર કરવાની જરૂર છે કે હું આ કોની આગળ બોલું છું, અને શું બોલું છું ?** કદાચ એનું કેવુંક ખરાબ પરિણામ આવે ! એમ બોલી નાખવામાં તો અનેક અનર્થો નીપજ્યાના અપાર દૃષ્ટાન્તો જોવા મળે છે. **બોલોને બોલવા પૂર્વ તોલવા જોઈએ. માણસ મહાન બને છે તે બોલતાં પહેલાં બોલને તોલવાની આવડત ઉપર.** બોલતાં ભાન ન રહે તો તો પોતાનું બીજું બધુંય સારું એ ઉતાવળીયા હલકા બોલની નીચે એવું ઢંકાઈ જાય છે કે જશને બદલે અપજશ મળે છે, લાભને બદલે નુકસાની થાય છે. **ભૂલશો નહિ કે બોલતાં પહેલાં થોડું વિચારી લેવાનું સસ્તું છે, ત્યારે બોલી નાખવાની ઉતાવળ મહામોંઘી છે. એની પાછળ પશ્ચાત્તાપ અને નુકસાનીના નાણાં ઘણાં ચૂકવવા પડે.**

**શેઠનો નુસ્ખો : બનાવટી બિલાડી :-** શેઠે ભેટ માટે એક મખમલની બિલાડીનો ઘાટ તૈયાર કરાવ્યો. પછી એમાં માણસના માથાના વાળ ઠાંસીને ભર્યા. હવે બરાબર દેખાવડી જોતાં દિલ ઠરે એવી બિલાડી તૈયાર થઈ. પછી એક અજાણ્યા માણસને તે આપી, મુનિમ પાસે મોકલી કહેરાવ્યું કે 'એક થાળમાં ઝવેરાત અને આ બિલાડી મૂકી બાદશાહને ભેટ કરજો.' માણસ તો ભોળેભાવે લઈને ઉપડ્યો.



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

દિલ્હી. જઈને મુનિમને તે આપી, શેઠનો સંદેશો કહ્યો. મુનિમને પણ જોતાં આશ્ચર્ય થયું કે 'ઝવેરાત તો ઠીક, પણ બિલાડી ભેટ ? હોય, બિલાડી છે તો સારી, ચાલો બાદશાહના લડકાને રમવા ચાલશે કે ક્યાંક શોભા કરવા ચાલશે, ગમે તેમ, પણ **આપણે તો માલિકનો હુકમ બજાવવો.'** નોકરના આદર્શને બરાબર સાચવનારો એ છે.

**બિલાડાનો ભેટ પર બાદશાહ શું કરે છે ? :-** શેઠના સંદેશા મુજબ મુનિમે થાળમાં ઝવેરાત સાથે બિલાડી બાદશાહની આગળ ભેટ કરી. પોતાની ઓળખ આપી; અને સલામ ભરી જતાં જતાં પોતાનું દિલ્હીનું સરનામુ આપ્યું, એટલા માટે કે બાદશાહના મનમાં આવે અને કાંઈ ઝવેરાત ખરીદવું હોય તો ઝટ પોતાને બોલાવે. ત્યારે બાદશાહની ખરીદીમાં લાભનું પૂછવું જ શું ? કહો મુનિમ કેવો ભોળો છે ? પણ એને ક્યાં ખબર છે કે આ તારું જ આપેલું સરનામું તને જ ખતરનાક નીવડશે. **આ જગતની પ્રવૃત્તિઓ કે પદાર્થોના કાંઈ ભરોસા છે કે સારા જ નીવડશે ?** ઉદ્દેશ કાંઈ હોય અને નીવડે બીજું જ ? માટે જ જ્ઞાનીઓ એના ઉપર વિશ્વાસ ધરવાની ના પાડે છે, એના ધોરણે ચાલવાની મનાઈ કરે છે. મુનિમ તો ભેટ કરી બાદશાહના મુખની પ્રસન્નતા જોઈ ખુશી થતો થતો મુકામે આવ્યો. એ હવે આશામાં તણાય છે કે સંભવ છે બાદશાહ ઝવેરાતની ખરીદી માટે બોલાવે. એમાં વળી થોડી વાર પછી બાદશાહના સિપાઈ નામ લેતા મુનિમના મુકામે આવ્યા. ઝરૂખામાં બેઠેલો મુનિમ તો ખુશી ખુશી થઈ ગયો. 'વાહ ! ચાલો ઠીક થયું આશા ફળી.' ત્યારે શું ખરેખર આશા ફળી ? નારે ના, એ તો સિપાઈઓ નીચેથી જ ગુસ્સાથી લાલચોળ થઈને મુનિમને ધમકાવવા લાગ્યા. 'બેવકુફ ! એસાં કામ કરતા હય ? ઉઠ અબ તેરા મોત આ ચૂકા હૈ. નામદારકા હુકમ હૈ, તેરે કો માર ડાલના.' મુનિમ તો ગભરાઈ જ ગયો ! એક વાર તો એના હોંશકોશ ઊડી ગયા ! મોતનું નામ સાંભળીને ઊડી જ જાયને ? પણ હિંમત ભેગી કરી પૂછે છે, 'પણ છે શું ?' પેલા ધમધમે છે 'ક્યા પૂછતા હૈ ? જગતકા બાદશાહ કો દરબાર કે બિચ બિલાડી મેં બાલ ભેટ કરનેકા કામ, કાળા કામ કીયા હૈ ? ઉઠ, ચલ અબ તેરે કો માર દેનેકા હૈ.'' વાત એમ બની હતી કે મુનિમના ગયા પછી બાદશાહને કૌતુક થયું તે બનાવટી બિલાડીનું મખમલ ચીર્યું. ત્યાં તો એમા ઠાંસીને ભરેલા વાળ બહાર નીકળી આવ્યા. થાળમાં વાળ વાળ થઈ ગયા. ભર્યા દરબારમાં આ બનાવથી બાદશાહને લજવાવા જેવું લાગ્યું, તેથી તરત જ હુકમ કર્યો કે 'જાઓ, એ મુનિમને ગરદને મારો.' એટલે સિપાઈઓ દોડતા આવ્યા.



**આવેશ ! મુનિમની ચતુરાઈ :-** અહીં એ જોવાનું છે, કે શેઠે તો માત્ર થોડી શિક્ષાની અપેક્ષા રાખી હશે, પણ અહીં તો મુનિમના માથે મોત ભમતું થયું ! ત્યારે એ સાવધાન રહેવાનું છે કે કોઈના પર દ્વેષથી એને કાંઈક તકલીફ પહોંચાડવા આપણે જ્યાં જઈએ છીએ ત્યાં આવું કાંઈક ભયંકર પરિણામ આવીને ન ઊભું રહે. નહિતર પછી 'મા મને કોઠીમાંથી કાઢ' જેવું થાય; પસ્તાવાનો પાર ન રહે. શેઠને ક્યાં એ વિચાર જ હતો ? એ તો આવેશમાં આવીને વાળની બિલાડી ભેટ કરવા મોકલી આપી. **આવેશ બહુ ભૂંડી ચીજ છે. આવેશમાં તણાઈ જવાથી મહાનુકસાન નીપજે છે. ક્રોધના આવેશમાં શ્રેણિકે ચેલણાને અસતી જાણી એના મહેલને બાળી નાખવાનું અભયકુમારને કહ્યાં પછી પ્રભુ પાસેથી એને મહાસતી જાણ્યાથી ભારે પસ્તાવો અને દોડાદોડ કરવી પડી ! ત્યારે કોણિકને, માનના આવેશથી પિતા શ્રેણિકને જેલમાં પૂર્યા પછી, પિતાનો આપઘાત દેખી ભારે પશ્ચાત્તાપ થયો ! લોભના આવેશમાં ચક્રવર્તી સુભૂમે લવણસમુદ્રમાં વિમાન, પરિવાર અને પોતાના પ્રાણ પણ ખોયા ! માયાના આવેશના આક્ષેપ કરવાથી ધર્મી એવી પણ ભોજાઈને પરભવે દુઃશીલતા ચોરીના ભયંકર આળ આવ્યા ! છેવટે નહિ માનતી સીતાને પાછી સોંપવાના ઈરાદાવાળા બનેલા રાવણને ખુમારીના આવેશે બીજા દિવસના કરેલા યુદ્ધે ખત્મ કરી નાખ્યો. કૌતુકના આવેશથી કુમકુમવાળા હાથે ઉપાડેલા ઈંડાનો વર્ણ પલટાઈ ગયો, મોરલી શોક કરવા લાગી. પરિણામે જે પાપ બંધાયું તેથી રુક્મિણીને પુત્રરત્ન પ્રદ્યુમ્નનો સોળ વરસનો વિયોગ થયો. ત્યારે કામના આવેશમાં ઈલાચીપુત્ર, ચિલાતીપુત્ર, રહનેમિ, સિંહગુફાવાસી મુનિ વગેરે પસ્તાયાના અનેક દાખલા છે. તેમ સ્ત્રીરાજા રુક્મી, બ્રહ્મદત્ત ચક્રી વગેરેના નરકાદિ દુઃખના પરિણામ પ્રસિદ્ધ છે. માટે જ કામ, ક્રોધ, લોભ વગેરે કોઈમાં ય આવેશ રાખવા જેવા નથી, કે આવેશથી આંધળીયું કરવાની જરૂર નહિ; એમાં ડહાપણ નહિ, કલ્યાણ નહિ.-** મુનિમ કળી ગયો. 'જરૂર બાદશાહે બિલાડાને ખુલ્લો કર્યો હશે. એમાંથી વાળ નીકળ્યા હશે.' ત્યારે શેઠને આવું મોકલવાનું કારણ શું; એ પણ એના મનમાં આવી ગયું. 'ખેર, હવે ફિકર નહિ. શેઠે તો મને શિક્ષા કરવા માટે આટલી હદ સુધી તાકડો રચ્યો છે, પણ મારાથી એવું ન કરાય કે જેથી શેઠને હાનિ પહોંચે, આમેય મેં કહ્યું તો છેજ કે શેઠની શિખામણ ઝાંપા સુધી; તેથી ઝાંપા બહાર મારી અક્કલ કામે લગાડવી જોઈએ. તે એવી લગાઉં કે **શેઠ પ્રત્યેનો મારી વફાદારીનો આદર્શ અભગ્ન-અખંડિત રહે.''**

આ બધો વિચાર કરી મુનિમ તે સિપાઈઓને હસીને કહે છે કે ''યુજી એસે



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

મરનેકો તો હમ તૈયાર હૈ.'' મુનિમને લઈ ચાલ્યા. મારવાના સ્થાને જઈ પૂછે છે ''બોલ તેરી છેલ્લી ઈચ્છા કયા હૈ ?'' મુનિમ કહે છે, ''વહ બાલ હમેરી છાતી પર રખ કરકે મરના હૈ. ઐસા બન સકે ? તબ તો જલદી મરનેકી હમેરી ઈચ્છા હૈ. ચલો અબ દેરી મત કરો.''

સિપાઈઓ આ જોઈ જરા આશ્ચર્ય પામી ગયા. વધસ્થાને એને લઈ ચાલ્યા, પણ એમ થયું કે 'આ તે કેવો માણસ ? બચવાનો જરાય પ્રયત્ન કે વિચાર પણ નથી કરતો અને ઉપરથી કહે છે કે મારે વહેલા મરવું છે. હશે એને મારવા પહેલાં એની ઈચ્છા પૂરી કરો.'-તેથી એક સિપાઈ ગયો બાદશાહ પાસે, અને વાત કરી. બાદશાહને પણ કૌતુક થયું, એટલે મુનિમને ત્યાં બોલાવી મંગાવ્યો, અને એનું કારણ પૂછ્યું.

મુનિમ કહે છે 'અબ જહાંપનાહ, માફ કીજીયે. ખુલાસા કરનેમેં, હમકો એક બડા લાભ જો મીલતા હૈ, વહ ચલા જાયગા. અબ તો વહ બાલ દીજીએ. ઔર આપકી આજ્ઞા અખંડિત રહને દીજીએ.''

બાદશાહ કહે છે 'યહ તો સબ ઠીક હૈ, લેકિન બતલા દે કયા લાભ હૈ.''

'સાબ ! બડે બડે રાજાઓકી ભી આપ બાદશાહ સલામતકી બેઅદબી કરનેકી કોઈ ગુંજાયશ નહિ, તો મેરે શેઠકી કયા મગદૂર હૈ ? અસલમે બાત ઐસી હૈ કિ હમેરે શેઠ એક દફે ગીરનારકી ગુફામેં ગયે થે. વહાં એક યોગિરાજકી આગે બડી સેવા પ્રાર્થના કી. યોગીલોકને ખુશ હોકર અપની જટાઓ કે યહ બાલ દીએ. બસ પીછે તો પૂછના હિ કયા ? શેઠને બાલ લાકર દુકાન-તિજોરીમેં રખ દીએ. તબસે શેઠકી લક્ષ્મી બહુત બઢને લગી. પીછે હમ દિલ્હિ આતે થે. શેઠકો બાદશાહકા સલામત ચિરંજીવ રહે, ઔર પ્રજાકે પાલનેકે લીયે ખજાના બઢે, ઐસા બિચાર હુઆ. ઈસ વાસ્તે બિલાડે કે રૂપમેં યહ ભેટ કીએ. અસલ તો ખજાને મેં યહ રખને યોગ્ય થા. લેકિન આજ હમારા સદ્ભાગ હૈ કિ હમ છાતી પર લેકર મરેંગે તો હમારા સ્વર્ગલોકમાં વાસ હો જાયગા. ઐસા મહાપવિત્ર બાલકે સંપર્કમેં મૃત્યુ કહાંસે મીલે ?

મુનિમની આ વાત એની સહર્ષ મરવાની તૈયારી જોઈ બાદશાહને એટલી બધી ગળે બેસી ગઈ કે મુનિમને છૂટો કરી વાળ ખજાનામાં રખાવ્યા. મુનિમ સીધો વેપાર પતાવી દેશમાં પાછો આવ્યો. ત્યાં શેઠ અચંબો પામ્યો કે 'આ બચ્યો શી રીતે ?' મુનિમે ખુલાસો કર્યો. અને શેઠે કબૂલ કર્યું કે વાત સાચી 'શેઠની શિખામણ ઝાંપા સુધી. આગળ તો પોતાની અક્કલ કામ લાગે.





# (૧૬) જીવનના આદર્શ

**દેવગુરુ અને ધર્મની પ્રાપ્તિ, અનંત પુણ્યોદયે થાય છે :-** પૂર્વે જૈનપણાની છાપજ એવી હતી કે જૈન ક્યાંય બહાર ગયો હોય તો 'પોતે રાત્રે નથી ખાતો,' એવું ત્યાં બીજાના ઘેર પણ કહેવાનું ન હોય. 'જૈન એટલે રાત્રે ન જ ખાય.' એવું બીજાઓ પણ સમજી જ જતા. આજે તો રાત્રે ખાવાનો મેનીયા ચાલી પડ્યો છે, પાછી એની અફસોસી ચાલી ગઈ છે, તેથી હવે સંસ્કારી જૈનને આગળથી કહેવું પડે છે કે 'હું રાત્રે નથી જમતો.' વિચારવું જોઈએ છે કે આટલું ન પાળે તો જૈનત્વના મોટા આદર્શ ક્યાં સચવાશે ? આદર્શ તો ત્યાં સુધીનો રાખવાનો છે કે ''**મારું ચાલે ત્યાંસુધી મારા મન, વચન, ને કાયા દેવને સમર્પિત કરી દઉં. જો હું ગુરુનો ભક્ત છું તો મારું ચાલે ત્યાં સુધી મારા આત્મામાં તેમને ગોઠવી દઉં. જો જૈનધર્મને હું અમૂલ્ય સમજું છું, તો મારા વાણી, વિચાર અને વર્તાવ એકલા ધર્મમય થઈ જાય.** એવું કરું.'' દેવગુરુધર્મ જેવા તેવા નથી, ગુણે કરી જગતમાં સર્વશ્રેષ્ઠ છે, ઉપકારક દૃષ્ટિએ અનંત ઉપકાર કરનારા છે. એવા ગુણનિધિ અને ઉપકારી દેવગુરુધર્મ પ્રાપ્ત થવા એ અનંત પુણ્યોદયની નિશાની છે. જ્યાં એ ઊંચા ખ્યાલ નથી, જ્યાં એમાં એકમેક થઈ જવાના પવિત્ર ઊંચા આદર્શ નથી, ત્યાં બેદરકારી, ઉડાઉગીરી, દેવાળીયાપણું, અને માયકાંગલાપણું હોય એમાં શી નવાઈ ?

**ઉચ્ચ આદર્શો ચૂકવા ન જોઈએ : આદર્શ આત્માઓ :-** બરાબર યાદ રાખી લો કે જેટલા પ્રમાણમાં આદર્શ પવિત્ર અને ઊંચા, તેટલું જીવન સુંદર અને પુરુષાર્થ, ધગશવાળો. **દુનિયામાં ખાવા-પીવાનું મળે, વટ-આબરૂ મળે, તે મોટી વાત નથી; તે તો હલકા જીવનેય મળે છે. પછી તે નસીબ પ્રમાણે જ મળનારી વસ્તુ છે. આપણે પવિત્ર આદર્શ ચૂકવા ન જોઈએ.**

હંમેશાં પવિત્ર આદર્શ આંખ સામે રાખ્યા કરો. તે પણ ઉચ્ચ કોટિના રાખો. **એવું ઘડતર કરો કે દરેક પ્રવૃત્તિ કોઈને કોઈ ઉચ્ચ આદર્શવાળી હોય.** દા.ત. ભોજનની ક્રિયામાં એ આદર્શ રખાય કે જેમ કાકંદીના ધન્નાએ તદ્દન નીરસ, સુક્કા અને લુખ્ખા આહાર વખતે આત્મામાં જરાય દુભામણ કરવાની તો વાત જ નહિ પણ શુભ અધ્યવસાયની વિચારધારાને ચઢતી રાખી, તે પ્રમાણે હું ક્યારે બનું ? કોઈ રાગ, કોઈ દ્વેષ ન થતા, અરે એની ચિંતવનાય નહિ એવી રીતે સહજ ભાવે

ભોજન પતી જાય એવો ભોજન કરનારો કેમ બનું ? આવા બીજા બીજા આદર્શો બીજી બીજી ક્રિયાઓમાં રાખવા જોઈએ. અનેક બાબતોમાં આપણે ત્યાં આદર્શ-આત્માઓ થઈ ગયા છે, **વૈયાવચ્ચી** તો નંદિષેણમુનિ. **તપસ્વી** તો નંદનઋષિ, **ક્ષમાશીલ** તો ચારિત્રી વીરવિભુ, **વિનીતજ્ઞાની** તો ગૌતમસ્વામી. **ત્યાગી** તો શાલિભદ્ર, આપણને એમ થાય કે હું આવો ક્યારે થઉં !

**અવંતી સુકુમાળને દેવતાઈ સુખ આગળ વર્તમાન સુખ કુચા જેવું લાગ્યું** :- અવંતીસુકુમાલ આવા એક આદર્શ માનવ હતા. આદર્શ ભોગી હતા. પૂર્વના દેવતાઈ સમૃદ્ધ જીવન આગળ એમને વર્તમાન શ્રીમંત જીવન પણ કુચા જેવું લાગ્યું. **'કુચામાં લીન થવા કરતાં સંયમ કાં ન લઉં',** એવા આદર્શચિંતક બન્યા. એવા એમનું જીવન ટૂંકમાં જોઈએ. ઘણું શીખવા મળશે.

## • અવંતીસુકુમાલનું ભવ્ય કથાનક •

અવંતી-સુકુમાલ ઉજ્જયિની નગરીમાં રહે છે. મહા શ્રીમંતનો પુત્ર છે. ભદ્રામાતાના લાડીલા છે. મહા રૂપવાન છે. પછી રૂપરૂપના અંબાર સમી બત્રીસ દેવાંગના તુલ્ય રમણીઓને એ પરણ્યો છે. સોવનવર્ણી, શશીવદની ને મૃગનયની એવી એ કોમલ અંગનાઓ એને સ્વર્ગીય આનંદ આપી રહી છે. ગગનચુંબી દેવવિમાન જેવા સફેદ ઝગમગતા વિશાલ મહેલોમાં વસતા એ અવંતીસુકુમાલ નવયૌવન, નવીન યુવતીઓ, સુકોમળ, વિષયો, અને લચબચતી પુણ્યસામગ્રીના રંગરાગમાં એવા એકાન્તે લીન છે કે જગત-પ્રસિદ્ધ અને નિત્ય પરિચિત એવો સૂર્ય પણ ક્યાં ઉગે છે, ક્યાં આથમે છે, એનાય ખ્યાલથી રહિત છે. બધો વ્યવહાર માતા સંભાળે છે. પોતે તો ભોગમસ્ત છે. શું સમજ્યા ? આજ ભવમાં ભર યુવાવસ્થામાં ચારિત્ર લઈ જે ઘોર મરણાંત ઉપસર્ગ સહન કરનાર છે, એ કઈ સ્થિતિમાંથી નીકળીને ? દુનિયાની ચિન્તાકારક જંજાળવાળી નહિ, પણ એકમાત્ર ભોગી જીવન વૈભવવિલાસ નીતરતી સ્થિતિમાંથી નીકળીને ! તમારી પાસે છે આ ? ના, છતાં ઉચ્ચ આદર્શ નક્કી કરો.

**અવંતીસુકુમાલ ક્યારે થયા ? :-** આજથી બે હજાર વર્ષ પૂર્વનો શ્રી મહાવીર પ્રભુની નજીકનો એ કાળ. ત્યારે આર્યભૂમિ કરોડો જૈનોથી વસેલી હતી; અને હજારો મુનિપુંગવોથી પાવન થઈ રહી હતી. જૈનસંઘના શિરછત્ર પ્રભાવક આચાર્ય ભગવંતો આર્ય મહાગિરિ મહારાજ અને આર્ય સુહસ્તિ મહારાજની કરુણાના ક્ષીરસાગરમાં જીવો ઝીલી રહ્યા હતા. એમાં આર્યસુહસ્તિ મહારાજ શિષ્યપરિવાર સાથે વિહાર કરતાં કરતાં એક વાર ઉજ્જયિની નગરીમાં આવી પહોંચ્યા. મુકામ



કરવા માટે આગળથી વસતિની ગવેષણા અર્થે બે શિષ્યને નગરમાં મોકલ્યા. તેઓ ભદ્રામાતાના ઘેર આવે છે. જે અવંતી સુકુમાલનું જ ઘર છે, કેમ કે ભદ્રા તેમની માતા છે.

**આચાર્ય ભગવંત શ્રી આર્યસુહસ્તિ મહારાજનું આગમન** :-સાધુ મહારાજે આવી ધર્મલાભ કહ્યો. ભદ્રાશેઠાણી ઊભા થઈ નમન વંદન કરી આવકાર આપે છે, 'પધારો ભગવંત ! આપ કયા પ્રાતઃસ્મરણીય મહાન ગુરુના શિષ્ય છો ? કયા કારણે આપશ્રીનું અત્રે આવવું થયું છે તે ફરમાવો. ભદ્રાના કેવા સુંદર અને વિવેકી બોલ છે ?

"હે શ્રાવિકા ! અમે સૂરીશ્વરજી શ્રી આર્યસુહસ્તિ મહારાજના શિષ્યો છીએ, અને વસતિની ગવેષણા અર્થે આવ્યા છીએ." મુનિઓએ ઉત્તર કર્યો.

"અહો ! આચાર્ય ભગવંતને મુનિગણ સાથે રહેવાનું સ્થાન જોઈએ છે, અને એ લાભ લેવાનું મને ઘેર બેઠે મળી રહ્યું છે ! કેવા મારા અહોભાગ્ય ?" એ વિચારે ભદ્રામાતા ખુશી ખુશી થઈ જઈ હરખભેર કહે છે કે 'મારે ત્યાં ગુરુદેવ શ્રી આર્યસુહસ્તિ મહારાજના પગલાં એ તો કલ્પવૃક્ષની પ્રાપ્તિ ગણાય ! એ પ્રાપ્તિ ઝંખતાય ક્યાંથી થાય ? પ્રભુ ! અમારી પાસે પ્રાસુક વિશાલ વાહનશાળા છે. એમાં આપ આનંદથી ઉતરો. તેમાં આપ ખુશીથી પધારો ! એ એકાંતવાળી છે, અને બીજા ત્રીજા ઉપદ્રવથી રહિત છે, સ્વાધ્યાયાદિ માટે યોગ્ય છે." આમાં કેમ બહુ હર્ષ ? કારણ એ છે કે આ જગતમાંનું સાથે શું લઈ જઈ શકાવાનું છે ? કાંઈ જ નહિ. માટે, એનાથી થાય તેટલો પરમાર્થ કરવાનું શા માટે ભૂલવું ? જીવનના આદર્શ એવા બાંધી દીધેલા છે કે શક્ય એવા આત્મિક લાભ કમાયે રાખવા.

**સ્વાધ્યાયમાં નલિનીગુલ્મ વિમાનનું વર્ણન :-** મુનિઓ પાછા આવ્યા; વંદન કરી હકીકત કહી; તેથી આચાર્ય ભગવંત ત્યાં પધાર્યા. સાંજે પ્રતિક્રમણ કરી પોરિસીમાં સ્વાધ્યાય કરે છે. કોણ કરે છે ? શાસ્ત્ર પારંગામી આચાર્ય ભગવંત ! આપણે ? વિકથાને ? જીવનના કર્તવ્ય પિછાણો. સ્વાધ્યાયમાં નલિનીગુલ્મ વિમાનનું વર્ણન આવે છે. કેમ જાણે આ સ્વાધ્યાયના સુંદર સરોદ અવંતીને સંભળાવી જાગ્રત કરવા માટે ન હોય ! બન્યું પણ એવું. આ બાજુ અવંતી-સુકુમાલ હવેલીના ઊંચા સાતમે માળે ગૌરવર્ણની ગુલાબી ગોરીઓ સાથે આનંદ-વિલાસ કરી રહ્યો છે. ત્યાં આચાર્ય મહારાજના સ્વાધ્યાયના શબ્દ તેના કાનમાં પડ્યા. જાણે એવો જાદુ થયો કે એક એક અક્ષર સાંભળતા જાય છે; ચિત્ત પરોવીને સાંભળે છે. તેમને લાગ્યું કે 'કોઈ મુકામનું વર્ણન થાય છે. જાણે તે મુકામમાં હું હમણાં જ રહી આવ્યો છું. કેમકે આ જે સંભળાઈ રહ્યું છે તેમાં વર્ણવતા સુખોમાંના દરેકનો મેં અનુભવ કર્યો

હોય એવું લાગે છે. ત્યારે ક્યાં મેં એ જોયું ?''

**પૂર્વ ભવનું સ્મરણ :-** કુમાર ક્ષણભર તો પોતાના ચાલુ ભોગ-વિલાસમાંથી મન ઉઠાવી લે છે. વાત પણ ખરીં, **ચિત્ત જો બીજે ચોટેલું હોય તો ખાસ સ્મરણ કરવું હોય તે બરાબર થાય નહિ. તેમ ચિત્ત રખડતું હોય તોય ખાસ યાદગિરી ન બની શકે.** આણે તો વર્તમાન સુખોમાંથી ચિત્ત ઉઠાવી મુનિ મહારાજના શબ્દ ઉપર એકાગ્ર કર્યું. એમાં નલિનીગુલ્મ વિમાનમાં કેવી રત્નમય દિવાલો સ્તંભ સિહાસનો વગેરેની શોભા, કેવા અદ્ભુત પ્રકારની મનોરમ વાડીઓ, સરોવરો તથા નંદનવનના ઉપવનો, કેવી કેવી રૂપલાવણ્યભરી મદમસ્ત યુવાન દેવાંગનાઓ, કેવાં ગીત નૃત્યાદિના અસંખ્ય કામસુખ, ઈત્યાદિ વર્ણન ચાલતું હતું. એના પર સચોટ ઉહાપોહ કરતાં અવંતીસુકુમાલને પોતાના જ પૂર્વ ભવનું આબેહૂબ સ્મરણ થયું. પછી તો જાતે પ્રત્યક્ષ ત્યાં જ ઊભા ઊભા તે વિમાનમાં પોતાના સુખના ભોગવટાના સ્મરણ આંખ સામે તાજા થાય છે.

**દેવ માનવના ફરક :-** થોડાં જ વર્ષો પૂર્વ પોતે ત્યાં હતો, અને આમ દેવાંગનાઓ વિંટળાઈને ઊભી હતી. આવી આવી સંપત્તિ હતી, વૈભવ હતો. નાટક-ચેટક અને ગીત-નૃત્યો ચાલી રહ્યા હતા. એ સુખો ક્યાં અને આ ક્યાં ? એની આગળ આ બધા કેવા ? બગીચા આગળ ઉકરડા જેવા. માન સરોવર આગળ ગંદા કાદવના તળાવડા જેવા. અહીં તો ખાનપાનના ભોગથી શરીરમાં મેલું ભરવાનું. ને ત્યાં કંઈજ શરીર બગાડવાનું નહિ ! અહીં ખાવાની ઘણી મહેનત પાછળ પણ અજીર્ણ, ઓડકાર, ત્યાં એક કોળીયાનાંય ભોજન વિના અમીના ઓડકાર !

ખબર નહોતી ત્યાં સુધી એમ હતું કે અહીં કેવું સરસ મળ્યું છે ! પણ હવે તો દેવભવની સ્થિતિ જાણીને થાય છે કે 'એની આગળ આ શું વિસાતમાં છે ! તદ્દન કચરો ! **આવા કચરામાં બેસી રહેવાય નહિ,'** કુમાર ઉદાસ થઈ ગયો. ઊભો થઈને મહારાજ પાસે પૂછવા જાય છે.

**માણસને પૂર્વના સુખના સ્મરણ વર્તમાનમાં દુઃખી કરે છે.** ક્ષણ પૂર્વે આનંદમગ્ન હતો, હવે શોકમગ્ન થયો. કારણ ? કારણ એજ કે પૂર્વનું અધિક સુખ યાદ **કર્યું, ત્યારે સુખની પહેલી સીધી ચાવી એજ કે પૂર્વની નરસી સ્થિતિ યાદ રાખવી.** વર્તમાનમાં કેટલાય જીવોની ક્યાં મહાકપરી સ્થિતિ નથી, તેને નજર સામે રાખવી, આને એમ થાય છે કે ''આ હું ક્યાં ભૂલો પડી ગયો ?'' સ્ત્રીઓને આશ્ચર્ય તો થયું હશે કે ''એકાએક આ ચિંતા શી ?'' પરંતુ કાંઈ પણ વાતવિચાર થાય એ પહેલાં તો કુમાર નીચે ઉતરીને ગયો સૂરિમહારાજ પાસે. નમસ્કાર કરીને કહે છે,



''પ્રભુ ! હું ભદ્રામાતાનો પુત્ર છું. આપને હાથ જોડીને એક પ્રશ્ન પૂછું છું કે નલિનીગુલ્મ વિમાનના આપ જે આ વર્ણન કરો છો તેની આપને શી રીતે જાણકારી થઈ ? આપ ક્યાં જોઈ આવ્યાં ? જેવું વર્ણન આપ કરો છો તેવું મને પ્રત્યક્ષ દેખાય છે, કેમકે ગયા ભવમાં હું ત્યાં જન્મ્યો હતો. ત્યારે આપને પણ શું એમજ છે ?'' જાણે એના મનથી એમ હશે કે મારી જેમ આ પણ ત્યાંથી આવ્યા હોય અને એમને જાતિસ્મરણ જ્ઞાન થયું હોય; અથવા તો દિવ્યજ્ઞાનથી સાક્ષાત્ જોઈ શક્યા હોય.

પણ આચાર્ય ભગવાન કહે છે,ના ભાઈ ના અમને જાતિસ્મરણજ્ઞાન નથી, તેમ દિવ્ય એવું અવધિજ્ઞાન પણ નથી. અમને તો શ્રી વીતરાગ સર્વજ્ઞ શ્રી જિનેશ્વરદેવોના શાસ્ત્રમાંથી એ વસ્તુ જાણવા મળે છે.

''તે પ્રભુ ! એમાં આટલું બધું બહુ વર્ણન આવે છે ?''

''અરે ! મહાનુભાવ ! આટલું જ નહિ, પણ બીજુંય ઘણું ઘણું વર્ણન એમાં આવે છે. કહેનારા અનંતજ્ઞાની છે, એટલે જેવું હોય તેવું વર્ણવાય એમાં નવાઈ નથી.'' શ્રી સર્વજ્ઞ પ્રભુના શાસનની આ બલિહારી છે, કે પ્રત્યક્ષ અવધિજ્ઞાન જેવા મહાજ્ઞાનથી જેવું દેખાય, તેવું આ શાસ્ત્રોથી જાણવા મળે. અવંતીસુકુમાલ કહે છે, ''ભગવંત ! એ સુખ સાંભર્યા પછી અહીંના સુખ તો સાવ તુચ્છ લાગે છે, આટલા દિવસ હું માનતો હતો કે મને અહીં બહું ઊંચા સુખ મળ્યાં છે. મારા જેવો કોઈ જગતમાં સુખી નથી, પણ આ વિમાનના દિવ્યસુખ જોયા પછી તો લાગે છે કે ક્યાં મેરુ અને ક્યાં સરસવ ! ક્યાં શેરડીની સાકર અને ક્યાં ખાખરાનું પાન ! હવે પ્રભુ અહીંના સુખ ફીક્કા લાગે છે, હવે તો પેલાં સુખ કેમ મળે એનો માર્ગ બતાવો.''

**જુઓ કે અહીં નિયાણું નથી :-** અહીં ખાસ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે અવંતી સુકુમાલ નિયાણું નથી ઈચ્છતા, તેમ પછી નિયાણું કરતાય નથી, કેમકે જો નિયાણું કર્યું હોત તો સંસારમાં ભલે એક વાર સુખ મળ્યું; પણ પછી તો એમને કેટલાય ભવો ભટકવાનું રહેત. એમનું એવું નથી. અત્યારે એ નલિનીગુલ્મ વિમાનમાં છે, પણ તે પછી એમની દુર્ગતિ નથી થવાની. એ સૂચવે છે કે આમને એટલું જ છે કે **આ મનુષ્યજીવન કચરાપટ્ટી-સુખોમાં એમજ ગુમાવી દેવું એ જ વ્યાજબી નથી.** એના બદલે સારી સાધનામાં લાગી જવું ઉત્તમ છે. **આપણે એ સમજવાનું છે કે પરિણામે શું છે ?** દેવલોકમાં ઘોર પાપબુદ્ધિ નથી. **નિયાણું કરીને ચક્રવર્તી વાસુદેવ વગેરેના સુખ લેનાર જીવોને તો ભયંકર પાપબુદ્ધિ થાય છે. જેથી એ નરકમાં સીધાવે છે.** આ તો નિકટમાં મોક્ષ લેવાના છે. તો તેના હૃદયમાં મોહની વાસના કેવી હોય અને ધર્મનો પ્રેમ કેવો હોય, એ વિચારવા જેવું છે. હજી અહીં ગુરુ મહારાજ શું સમજાવે છે, અને એના પર પોતે શું વિચારે છે, બોલે છે

એ જુઓ-એટલે સમજાશે કે દેવલોકની સુખસમૃદ્ધિ લેવાની અને પછી એમાં મસ્ત અને મશગૂલ બની જવાની વાસના નથી.

**સંયમમાં સુખ, અને વિષયોમાં દુઃખ શાથી ? :-** હવે એ જુઓ કે સાધુ પાસે સંસારના સુખની લાલસાથી કોઈ આવ્યો, તો એના સાધુ કેવુંક એ ભૂલાવી દઈ ધર્મના માર્ગે ચઢાવે છે. આચાર્ય ભગવાન આર્યસુહસ્તિ મહારાજ ઉત્તરમાં કહે છે કે,

**'સંયમથી સુખ પામીએ જાણો તુમે નિરધાર, કુંવરજી૦ સુરસુખનું કહે કિશ્યું,**
**લહીએ શિવસુખ સાર, કું૦ નરસુરસુખ એણે જીવડે, પામ્યા અનંતીવાર, કું૦**
**નરપતિ સુરપતિ એ થયો, ન લહી તૃપ્તિ લગાર,' કું૦**

"અરે કુમાર ! દેવલોકના સુખનું તો તું શું પૂછે છે ? એનાથી સંયમથી મોક્ષ સુધીનાં સુખ મળે છે. **ચારિત્રની એ તાકાત છે કે સંસારના સર્વ દુઃખોથી છોડાવી મોક્ષના લોકોત્તર સુખ અપાવે,** તે સાચાં અનંતસુખ છે. તો તને દેવલોકની માયા કાં લાગી ? દેવ-મનુષ્યના સુખ તો આપણા જીવે અનંતીવાર મેળવ્યા, અરે સમ્રાટ રાજા અને ઐશ્વર્યવાળા દેવના સુખ પણ અનુભવી આવ્યો, છતાં હજી એ સુખની તૃપ્તિ નથી. પૂર્વે કદાચ યુગલિક કાળમાં ત્રણ દહાડે એકજ વાર ચણાના દાણા જેટલો જ આહાર લઈને અપૂર્વ સુખ અનુભવ્યું હશે, ત્યારે આજે ? રોજના ત્રણ ટંક કરી સેંકડો ચણાના દાણા જેટલો જ આહાર કરવા છતાં ધરપત નથી. કારણ એકજ, કે **એ સંસારના સુખ જે ખારાં પાણી જેવા છે, તે તરસતૃષ્ણાને ઊલટી વધારી આપે છે.** માટે જ મોક્ષના સુખ એ સાચાં સુખ છે. એ મળ્યા પછી જીવને તૃપ્તિ થઈ જાય છે. તેમ એ સુખનો કદી અંત નથી આવતો. દ્રાક્ષના સુખ છોડી લિંબોડીના સુખ લેવા કોઈ જાય ? દીક્ષા લઈ પાળવાથી એ મોક્ષસુખ મળે છે." એમ આચાર્ય ભગવાને ફરમાવ્યું.

કુમાર કહે છે, "ગુરુજી આપની વાત બરાબર છે. પણ નલિનીગુલ્મ વિમાન આગળ આ બધું મને ફિક્કું લાગે છે ! માટે મારા પર કૃપા કરી અત્યારે જ મને ચારિત્ર આપો."

**માનવના સુખ એ તો કર્મના અપમાન છે :-** અવંતીસુકુમાલ તત્કાળ સીધી દીક્ષાજ માગે છે, ત્યારે એ પ્રશ્ન થાય છે કે,

**પ્ર.-** શું એ મહેલાત, કરોડોની સંપત્તિ, બત્રીસ રમણીઓમાં કાંઈ સુખ નથી ? ન હોય તો જીભે લાળ કેમ ટપકે ?

**ઉ.-** સમાધાન સરળ છે. **પુણ્ય અહીંના સુખ આપે છે, પણ જાણે નાલેશી કરીને, અપમાન કરીને.** દા.ત. આપણે કરોડપતિ હોઈએ, અને કોઈએ આપણને



જમવા નોતર્યા હોય. આપણને એ ચાંદીના પાટલે બેસાડી પંખો ચલાવી આગ્રહ કરી કરીને સોનાના થાળમાં પકવાન્ન પીરસી જમાડે; પછી કોઈક બીજી વખતે આપણે ગરીબ થઈ ગયા, અને પેલો કોઈક પ્રસંગે આપણને જમાડે. પણ એવી રીતે કે બહુ સન્માનપૂર્વકના કાલાવાલા કર્યા વિના, તેય સીમેંટની ગુણપાટ પર દરવાજા પાસે બેસાડીને, કાંસાની થાળીમાં કોદરી પીરસીને કહે, "ભરો પેટ," તો ત્યાં જમવું ગમે ? કેવું અપમાન લાગે ? બસ, **દેવલોકની પુણ્યાઈ આગળ મનુષ્યની પુણ્યાઈ આવી અપમાનભરી છે. કર્મે આપણને એક વાર દિવ્યસુખથી જે સન્માન્યા; તેણે હવે આપણને અહીં જે આપ્યું છે, તે તો આપણું અપમાન છે, ક્રુર મશ્કરી છે.** આ સમજવા માટે હૈયું વિવેકી બનવું જોઈએ.

**અવંતીસુકુમાલનો વિવેક :-** અવંતીસુકુમાળને એ સમજાઈ ગયું છે, તેથી એના મનને એમ થાય છે કે 'ચારિત્રમાં ઢીલ કરવાનું હવે નહિ બને.' ભલે એમણે જાતિસ્મરણથી જોયું, પણ આપણે શાસ્ત્રચક્ષુથી જોઈએ છીએ, કે પછી તમને નજરે જોયા વિના શ્રદ્ધા નથી બેસતી ? જો જો એવું કરતા નહિ. મિથ્યાત્વ લાગશે. **સમકિતી જીવને તો શાસ્ત્ર એ સાચી ચક્ષુ છે. તેનાથી વસ્તુને પ્રત્યક્ષની જેમ જાણે.** તો એ દિવ્યસુખ આપણે જાણ્યા, હવે અહીંનું સુખ તુચ્છ લાગી સંયમ લેવા મન તલસે છે ખરું ? એટલું સમજજો કે તમારાથી આજને આજ તમારા સુખ તજવાનું ન બની શકે. એ સંભવિત છે; પરંતુ **જો આ સુખ વસ્તુસ્થિતિએ વિચારતાં તુચ્છ અને અપમાનજનક છે, એમ હાડોહાડ લાગી જાય તો પછી એની પાછળ કારમાં પાપ અને ભયંકર દુર્ધ્યાન નહિ કરો.** આજે કેમ પાપનો ડરજ ચાલી ગયો છે, અને શા માટે ઘોર પાપ આચરાઈ રહ્યા છે ? કહો કે આ જીવનના સુખ અપમાનકારક નહિ પણ સન્માનકારક લાગ્યા છે, આ સુખ તુચ્છ અને અળખામણા નહિ, પણ માલદાર અને વહાલાં લાગ્યા છે. તેથીજ પાપના તાંડવ રચાય છે. જેને સારા સારા અને કેળવાયેલા તરીકે લોક માને છે એના જીવનમાં લક્ષ્મીની લોલુપતા, કામની લંપટતા તથા અનીતિ, અસત્ય, ઘમંડ, ઈર્ષ્યા વગેરે મહા દુર્ગુણો વિલસી રહ્યા છે. એની પાછળ દારુણ દુષ્કૃત્યો આચરવામાં આવે છે. એ બધું ગટરીયાં માનવસુખને તુચ્છ અને અપમાનકારક ન સમજવાને લીધે છે.

**જેટલી સિદ્ધિ મોટી એટલું દુઃખ મોટું :-**અવંતી સુકુમાળ તો આ સુખમાં અકળાઈ ઊઠ્યો છે; માટે એને છોડી ચારિત્ર લેવા તૈયાર થાય છે, કોણ ? જેનામાં અદ્‌ભુત રૂપ અને લાવણ્ય છે, જાણે સાક્ષાત્ દેવકુમાર ઉતરી ન આવ્યો હોય ! આવા એને જે **દીક્ષા જોઈએ છે, એ શું વસ્તુ છે ? દુષ્કર પંચાચાર, કઠોર મહાવ્રતો, ઘોર પરિસહ અને ઉપસર્ગના પાલન.** એટલે ? માથે મેરુનો ભાર ઉપાડવા જેવું છે;

મહાસાગરને તરી જવાનું છે. એજ વસ્તુ આચાર્ય ભગવાન સમજાવે છે. 'મહાનુભાવ ! સંયમ પાળવું એ તો મીણના દાંતે લોઢાના ચણા ચાવવા જેવું છે. અગ્નિ પર ચાલવા જેવું છે.' પણ કુમાર કેવો જવાબ આપે છે, એ જુઓ.

**કુમાર કહે પ્રભુ ! સાંભળો, દુઃખ વિણ સુખ કેમ થાય, હે ગુરુજી.**
**અલ્પદુઃખે બહુ સુખ હવે, તે તો દુઃખ ન ગણાય, ગુરુજી.**
**સંયમથી સુખ પામીએ.**

**હે ગુરુજી, દુઃખ વિના સુખ ક્યાં મળે છે ? અમારા સંસારમાં પણ આ રોજની વસ્તુ છે.** ગરમીનું દુઃખ તો રસોઈ મળે છે. જો ખેડૂતને ભવિષ્યના સારા પાકનાં સુખ જોઈએ છે, તો ખેતીના થોડાંક કષ્ટો સહન કરવા પડે છે."

ગુરુજી કહે છે, 'પણ કુમાર ! આ કષ્ટ થોડા નથી. કર્મ હણવા મહાન સુભટ બનવું જોઈએ, ઘોર તપસ્યા આદરવી જોઈએ છે.'

કુમાર કહે છે, ગુરુજી ! શૂરવીર યોદ્ધો તો રણભૂમિમાં હોંશથી દોડે છે. એને ઘા કે મૃત્યુનો ભય નથી. તેમ હું પણ આપની કૃપાથી સંયમભાર ઉપાડી કર્મ ખપાવીશ; અને ભવસાગર તરી મોક્ષ પામીશ."

**મોક્ષ માટે ક્ષત્રિયની જેમ કર્મ શત્રુ સામે જંગ :-**ક્ષત્રિય જીવનના આદર્શમાં જેમ શત્રુ સામેના યુદ્ધમાં મરી ફીટવા સુધીના કષ્ટ ઉઠાવવાના, તેમ અહીં અવંતીસુકુમાળ હવે માનવજીવનના આદર્શમાં કર્મશત્રુ સામે જંગ મચાવી ભવ પાર પહોંચી જવા માટે ચારિત્રના ઘોર કષ્ટ પણ ઉઠાવવા તૈયાર થઈ ગયો. સંસારમાં કોણ જકડી રાખે છે ? આ આદર્શનો અભાવ. **આદર્શ નક્કી થઈ જાય તો તો સાચું સત્ત્વ, સાચો પુરુષાર્થ જાગ્યા વિના રહે નહિ. સમજી રાખો કે આપણામાં શક્તિની ખામી નથી, પણ વિવેક, ધગશ અને શ્રદ્ધા બળની ખામી છે. લખી રાખો; અને એ ખામી દૂર કરો.**





# ⑰ જીવનના આદર્શ

**નિયાણું કેમ નહિ ? :-** અહીં એ ખાસ જોવાનું છે કે કુમાર જે કહે છે **'કર્મ ખપાવું સદ્ગુરુ ! પામું ભવજળ પાર.'** તે સૂચવે છે કે એને દેવલોકનાં સુખની લાલસા નથી. જો કે પોતે પહેલી માગણી એ કરી હતી. પણ પછીથી ગુરુમહારાજે સમજાવ્યું એટલે હવે આ આદર્શ ઘડી દીધો કે 'સર્વ કર્મનો નાશ કરી સંસારસાગરને પેલે પાર પહોંચી જાઉં.' તેથી આ નિયાણું કરવાની સ્થિતિ ન ગણાય, તેમ એનું સંયમ એ ગરલક્રિયા નથી.

ગુરુજીને કુમાર કહે છે.

**"મુજને દીઠાં નવિ ગમે રે, ઋદ્ધિ રમણી એ રાજ,**
**મુનીસર ! માહરે વ્રત શું કાજ.**
**સાચાં કરી જાણ્યા હતાં રે કાચાં સહુ સુખ એહ;**
**જ્ઞાન નયણ પ્રગટ્યાં હવે રે, હવે હું છોડીશ તેહ, મુનીસર૰**

**સંસારસુખ કાચાં અને કથિર જેવાં ! :-** હે ભગવંત ! દેવલોક જોયા પછી આ સંપત્તિ, આ સ્ત્રીઓ, આ ઠકુરાઈ હવે જોવાય ગમતાં નથી, એટલાં બધાં એ હલકાં લાગે છે, કુચા જેવા લાગે છે. ક્યાં મીઠી શેરડીના તૈયાર કરેલી ગંડેરીના ટૂકડા ! અને ક્યાં મોંમા ચાવી ચાવી રસ ચૂસી લઈ ફેંકી દીધેલા કુચા ! મેં તો આ બધા સુખ સાચાં શ્રેષ્ઠ સુખ કરીને માન્યા હતા. પણ હવે એ સઘળાં **સંસાર સુખ કાચી સેકંડે ઉપડી જાય એવા કાચાં લાગે છે; અને પાછા કથિર જેવાં લાગે છે !** એમાં કાંઈ જ માલ નથી, એ જોવા માટે મારી જ્ઞાનચક્ષુ ખુલી ગઈ છે. ગુરુજી ! દેખતો થયા પછી આંધળાનો વહેવાર કોણ કરે ? કાચા કથિરના સુખમાં લેપાઈ પડ્યા રહેવું એ અંધનો વહેવાર છે. હું તો હવે એ ત્યજીશ. આ સુખોને આમેય કર્મ ત્યજાવે તો છેજ. તો હવે દેખાતા એવા મને કર્મ શું સુખો ત્યજાવતું હતું. હું જ પોતે આ સુખોને ત્યજીશ. પણ પ્રભુ એક અરજ કરું છું કે દુષ્કર ચારિત્ર અને મહાવ્રતોનો ભાર દીર્ઘકાળ સુધી સહન કરવાનું મારું ગજું નથી. હું તો ચારિત્ર લઈને સીધું અનશન કરવા ઈચ્છું છું, જેથી કષ્ટ અલ્પકાળના જ વેઠવા રહે."

**ચારિત્ર સહેલું કરવાની બે ચાવી :-** કુમારને આ માનવજીવન એવા ઊંચા



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

મૂલ્ય અનશન આદરી લેવા એ તલપાપડ બન્યો છે. એ સમજે છે કે

(૧) **અહીંની માલ વિનાની સુખસગવડમાં ધર્મકષ્ટ સહવું શું કઠિન છે ?**

(૨) **ઊંચા કષ્ટ સહ્યા વિના અર્થાત્ કષ્ટ દ્વારા ઊંચી કિંમત ચૂકવ્યા વિના આત્મોન્નતિનો ઊંચો માલ ક્યાંથી મળે ?**

**"મુનીસર માહરે વ્રત શું કાજ."** પોતાનો એ નિર્ધાર કુમારે આચાર્ય ભગવંતને જણાવી દીધો. ત્યારે એઓશ્રી કહે છે, "ઠીક ભાઈ, સારી વાત છે. તો એમ કર, તારા પરિવારની સંમતિ માગ." શાસ્ત્ર કહે છે, માતાપિતાને જરૂર પૂછી જોવું. રજા ન આપે તો સમજાવવું. પછી ન જ સમજે તો **અટવીગ્લાનઔષધન્યાયથી** એમને છોડી જઈ ચારીત્ર લેવું. ત્યાં પછી રજાની રાહ જોઈ બેસી રહે તો શાસ્ત્ર કહે છે કે **એ ઘરમાં રહી આમ માતપિતાની સાથે રહેનારો છતાં વસ્તુગત્યા એમને તરછોડનારો ગણાય છે. ત્યારે જે ચારિત્ર માટે એમને છોડીને જાય છે, એ ખરી રીતે એમને નહિ ત્યજનારો છે.**

**માતા પાસે માગણી :-** અવંતીસુકુમાળ તો હર્ષભેર ત્યાંથી ઉઠીને આવ્યો માની પાસે. માતાના પગમાં લલાટ લગાડી હાથ જોડી બહુ કોમળ વચને વિનંતી કરે છે, "માતાજી ! આપ અનુમતિ આપો. હું આર્યસુહસ્તિ આચાર્ય ભગવંત પાસે ચારિત્ર લઉં, અને આ મનુષ્યભવ સફલ કરું. મારી આટલી આશા પૂરી કરો." **એને જીવનના આદર્શ આત્મસ્વતંત્ર્યના થઈ ગયા છે.** કેમ ? જાણે છે કે **કર્મની અને સંસારની પરતંત્રતામાં જીવની દશા દીનદુઃખીયારી છે, હાલ-બેહાલ છે, સ્થિતિ કફોડી છે. પુણ્ય પરવારે ત્યારે દેવને ય રોવરાવીને કાઢી મૂકવામાં આવે છે; ત્યાં મનુષ્ય શી વિસાતમાં ? જિંદગીભર બહુ વહાલા જેને કર્યા તે બધા ઊભા રહી જાય અને, કસાઈ જેમ ખરીદેલા બકરાને તાણી જાય, વાઘ જેમ હરણીના બચ્ચાને ઉઠાવી જાય, એમ કર્મ જીવને ખેંચી જાય છે.** કુમાર માતા આગળ અનુમતિ કોમળ વચને માગે છે, સમજે છે કે મને જે વૈરાગ્ય છે, સંસારનો જે ત્રાસ લાગે છે, તે માતાને નથી. તેમ, રજા માગવાનું રોફમાં કે રોષમાં ન કરાય.

કુમાર માતાને જીવનના આદર્શ સમજાવે છે કે "ચારિત્ર લઉં તો મારું જીવન સફળ જાય. માતાજી ! હવે મારે વિલંબ થાય એમ નથી."

**"મૂરખ નર જાણે નહિ રે, ક્ષણ લાખેણી જાય;**
**કાળ અચિંત્યો આવશે રે, શરણ ન કોઈ થાય, માતાજી માહરે વ્રત શું કાજ.**
**જેમ પંખી પંજર પડ્યો રે, વેઠે દુઃખ નિશદિન; માયા પંજરમાં પડ્યો રે, તેમ હું વિશવાવીશ, મા એ બંધન મુજને ન ગમે રે, દીઠાં પણ ન સુહાય,**
**હે જિન હર્ષ અંગજ ભણીરે, સુખીયો કર મોરી માત, માતાજી૦**



**હે માતાજી ! હવે મારે વિલંબ પાલવે એવો નથી. આ માનવજીવનની પ્રત્યેક ક્ષણ લાખ લાખ સોનૈયાના મૂલ્યની પસાર થઈ રહી છે. એની અજ્ઞાન જીવને ગમ નથી પડતી; તેથી એને ઇન્દ્રિયના વિષયોની ઘેલછામાં ગુમાવી નાખે છે. મા ! કાળરૂપી બાજપક્ષી ક્યારે આવી આ જીવ પંખેરાને ફેંદી નાખશે એની તમને કે મને ખબર નથી. એ તો અણધાર્યો આવી ચઢે છે, અને પ્રાણીને ઊંચકીને એકલદોકલ ક્યાંય ફેંકી દે છે. એ વખતે જીવને કોઈ શરણ આપતું નથી. જેની સેવા ઉઠાવવા માટે અનેક અંગરક્ષકો અને મોટા મોટા સામંત રાજાઓ તૈયાર હોય છે, એવા સમ્રાટ રાજાઓને કાળ ઉપાડે છે ત્યારે એ બધા દીનપણે રોતાં ઊભા રહે છે. પણ કાળને નિવારી શકતા નથી. આ સ્થિતિમાં માણસનુ બળનું, સત્તાનું, અને ઐશ્વર્યનું ગુમાન ક્યાં રહ્યું ? હે માતાજી ! જેમ પારધીના હાથે પાંજરામાં પૂરાયેલું પંખી રાતદિવસ ત્રાસમાં ફડફડતું હોય છે, તેમ હું પણ આ સંસારની માયારૂપી પાંજરામાં પડ્યો પડ્યો એકાંતે દુઃખ અનુભવી રહ્યો છું.** અહીં મારું કલેજું કકળે છે, મારું હૃદય ઉકળે છે. આ બંધન મને જરાય નથી ગમતા. ભલે બીજાને આ બધું સુખ સમૃદ્ધિરૂપ લાગે, પણ મને તો એ જાળના બંધનરૂપ લાગે છે. તો હવે જિનથી હર્ષ પામનારી હે મારી માતા ! આ તારા પુત્રને એ બંધનથી છૂટવામાં સંમત થઈ સુખી કરી દે. આ કાયા નાશવંત છે. એના રૂપ-લાવણ્ય સંધ્યા જેવા છે. સગાઈના સંબંધો કૃત્રિમ છે. સાચી રીતે, **'કેના છોરું ને કેના વાછરું...'** કોણ કોનો છોકરો, વછેરો, મા કે બાપ છે ? કોઈ કોઈનું નથી. કોઈ પરલોક જતાં સાથે આવતું નથી. જીવ એકલોજ જાય છે. સાથે માત્ર પુણ્ય-પાપ આવે છે. તેથી આવું ક્ષણભંગુર જીવન હાથમાંથી સરકી જાય એ પહેલાં મને આત્મહિત સાધી લેવા દે."

ફરીથી યાદ કરો, અવંતીસુકુમાલને ગુરુમહારાજે કહ્યું છે કે,

"ભાઈ ! નલિનીગુલ્મ વિમાન શા માટે ? સંયમથી તો મોક્ષ સુધી જવાય."

"તો મહારાજ મારે એ જોઈએ. આ કચરાપટ્ટીમાં મારે રખડવું નથી."

**સ્થિતિ અને સાધ્ય દૃષ્ટિ :-** કઈ સ્થિતિમાં શું સાધવાની દૃષ્ટિ છે ? જ્યાં લક્ષ્મી અઢળક ! સ્ત્રીઓ સ્વર્ગની અપ્સરા જેવી ! ચિંતા-ઉપાધિ કાંઈ નહિ ! સાતમે મજલે રંગરાગમાં તરબોળ ! એવી રસમય સ્થિતિમાં મોક્ષાર્થે સંયમ સાધવું છે 'ત્યાં હમણાં દીક્ષાની શી ઉતાવળ છે ? હજી બહુ વખત છે; તો લાવો થોડું ભોગવી લઈએ.' એમ મનને થાય. પણ **શું તેથી ભૂખ મટશે ? આજે ખાધું તો શું કાલે નહિ ખાવું પડે ? આજે નાટક જોયું તો શું કાલે સાવ ઇચ્છા મટી જશે ? ના, ભૂખ વધવાની છે. તો કહો કે,**

**વિષયોની ભૂખ એ આત્માનો રોગ છે. જે વાતથી આત્માનો રોગ વધેજ**

**જાય, વધે જ જાય, એ વાત આવા ઉચ્ચ જીવનમાં શા માટે કરવી ?** વિષયથી ભોગથી કુસંજ્ઞા, જડતા અને કર્મરોગ વધે છે, તો થોડો પણ વખત વિષય ભોગના એવા અભખરા શા માટે કરવા કે 'લાવ થોડું ભોગવી લઉં ?' કુમારને એવા ઓરતા નથી રહ્યા. તેથી માતાને કહે છે કે "મને ત્યારે સંયમ લેવાની રજા દો."

કુમારની અનુમતિ માગવાની પદ્ધતિ સુયોગ્ય છે. **ઉપસંહાર**માં યાદ કરી લો માતાની સમજુતી કરવાના એના મુદ્દા-

**(૧) મનુષ્યજીવનની સફળતા વ્રતથી.**

**(૨) માનવભવની ક્ષણે ક્ષણ લાખેણી જાય છે.**

**(૩) કર્મ અણધાર્યો હુમલો કરે છે.**

**(૪) મૃત્યુ વખતે કોઈ બચાવતું નથી.**

**(૫) સંસારની માયા એ વિરાગીને મન પારધીનું પાજરૂં છે.**

**(૬) જગતમાં કોણ કોનું છે ? મરેલાને શું કામમાં આવે ?**

આ મુદ્દા બરાબર હૃદયમાં ચોટી ગયા પછી બત્રીસ રંગીલી રમણીઓ અને અઢળક લક્ષ્મીના સુખ પ્રત્યે પણ અરુચિ કેમ ન થાય ?

**માતાનો પ્રત્યુત્તર :-** અવંતીસકુમાલના મહાન બોધક વચનોની પણ માતાજી પર અસર ન થઈ. કેવી મોહની પકડ ! ઉંદર બિલાડીની પકડમાંથી ન છૂટી શકે, તેમ જીવ પણ મોહની પકડમાંથી જાણે છૂટી શકતો નથી. માતાજી કહે છે, "કુમાર તું શું બોલે છે ? અમારે તો સો વાતની એક વાત છે કે તને કોઈજ દીક્ષાની રજા આપવાનું નથી. તું તો નાનડો છે, તારે વળી વ્રત શું ? તું વ્રત લે એટલે તો ઘર ઊઠી જાય. તો જે વાતથી ઘર ઊઠી જાય, એવી વાત કરી મશ્કરી શું કરી રહ્યો છે ? તને તે વળી ભોળવનાર કોણ ધુતારો મળ્યો ? શી એવી ભુરકી નાખી કે તું આમ ગાંડો થઈ ઊંધા બોલ કાઢે છે ? જો ને આ ઠગાઈમાં તારું ચંદ્ર જેવું મુખ પણ નિસ્તેજ થઈ ગયું છે. સદા તું સુખમાં રમનારો, બીજી કશી વાતની તને ખબર નહિ, આજે તું ચારિત્ર લેવાની વાત કરે છે ! પણ પુત્ર મારા ! ખબર છે તને કે આ ચારિત્ર પાળવું એ ખડ્ગની તીક્ષ્ણ ધાર પર ચાલવા જેવું છે, એ તારું કામ છે ? જરાય ભૂખ તો તું સહન કરી શકતો નથી, અને દીક્ષામાં તો દીકરા ! ભૂખ-તરસ અને અરસ અનિષ્ટ ભોજનથી કાયા બાળી નાખવાની છે. તારું શું ગજું ? અહીં તો તમે કોમળ પુષ્પ શય્યામાં પોઢો છો, ત્યાં ડાભના ઘાસનો સંથારો મળશે, જેના સ્પર્શ તારી કોમળ ચામડીને ખૂંચશે. ત્યારે અહીં કેવા તમારા મુલાયમ ઉજળા વસ્ત્ર ! અને ત્યાં કેવા મેલા અને ગમે તેવા ખરબચડા વસ્ત્ર ! અહીં તો કોઈ જાતની સહેજ પણ પીડા નહિ, ત્યાં માથાના વાળને લોચથી ખેંચી



નાખવા પડે. કોઈ દિ' સ્નાન કરવાની તો વાતેય નહિ. શરીર સદા મેલના લેપડા ભર્યું. પાછો એટલો દુષ્કર તપ આચરવાનો કે આ લષ્ટ પુષ્ટ કાયા હાડપિંજર થઈ જાય. આવ આવા કષ્ટ સહવાનું તો કઠણ માણસનું કામ છે. તું સુકોમળ, એ ના ખમી શકે. અમને તો આ તારી વાતથી બહુ દુઃખ થાય છે, માટે દુઃખ થાય એવી વાત તું છોડી દે. તારા પ્રેમીઓનેય શું તારે દુઃખી કરવાની ?"

કહો માતાની આ બધા સમજુતી કરવા માટેના વચનોમાં સંસારની કેવી દલાલી છે ? કેવી જગત-સુલભ દલીલો છે ? આ દલીલો અનાદિ કાળથી ચાલી આવતી દલીલો છે, પણ તે અજ્ઞાનીના ઘરની, અવિચારકના ઘરની, હોં. માતાના બોલ જરા જુઓ કે કેવા દીર્ઘદૃષ્ટિ વિનાના છે. અજ્ઞાનતાભર્યા છે.

**સામી યુક્તિઓ :-** મા કહે છે કે **'અમારામાંથી તને કોઈ દીક્ષાની રજા નથી આપવાનું'** કેમ જાણે સામાને રોકી રાખવાનો પોતાને અધિકાર મળ્યો છે; અને સામો વૈરાગ્યના, કાળના ને કર્મના કબજામાં નહિ, પણ પોતાના કબજામાં જ રહેવાનો છે ! **આ સંસારમાં કઈ વસ્તુ તમારા કબજામાં રાખી શકો એમ છો ? બધે તમારા કહ્યા મુજબ જ ઉપજવાનું ક્યાં છે ?** કહો કે **સંસાર જ એનું નામ કે જ્યાં કશું આપણા કબજામાં કે કહ્યામાં નહિ.** સંસારી જીવો પાછાં કેવા અબુઝ છે કે પાપની સર્વ વાતમાં સંમતિ આપે છે, માત્ર ચારિત્ર, બ્રહ્મચર્ય વગેરે ઉચ્ચ ધર્મમાં જ નહિ ! અક્કર્મીપણું કે બીજું કાઈ ? સજ્જનની સામે ભસતાં તો કૂતરાનેય આવડે છે. તેમ કોઈના મહા ધર્મની સામે વિરોધ કરવાનું આપણને આવડે એ આપણી કેવી દુર્દશા ! કેટલું જીવવું છે, અને શું સાથે આવવાનું છે ? અંતરાય ધર્મમાં કરવાનો ?

**વૈરાગ્ય સામેના જગતના બોલના સમાધાન.**

**(૧) ઘર એટલે પાપઘર : જીવને ભવવૃદ્ધિ કરી આપનારું ઘર :-** મા કહે છે કે **'દીક્ષાની વાતથી ઘર ઉઠી જાય છે.'**

પણ એને શું ખબર નથી કે **ઘર એટલે પાપઘર, જીવને ભવવૃદ્ધિ કરી આપનારું ઘર, એ ઉઠી જવું જોઈએ કે એની પરંપરા ચાલવી જોઈએ ? એવી પરંપરા કે જેમાં આપણે અને આપણી પાછળના કુગતિમાં ક્રૂરપણે કચરાઈ મરે.**

**તમારો ઘરસંસાર ચાલુ એટલે શું ? (૧) અનંત જીવોના પાલન કરનારી દયાળુ પાંજરાપોળ ? કે રોજનાં અસંખ્ય સ્થાવર જીવોને અકાળ કરપીણ મૃત્યુ પમાડનારું કતલખાનું ?**

**(૨) ઘર એટલે સીધે સીધા નહિ તો પરાયે ય સેવવા પડે એવા ૧૮ પાપસ્થાનકનું નિવાસ કે ૧૮ ધર્મસ્થાનકનું ?**



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

(૩) **ઘરસંસાર એટલે અશાતા, અપમાન, અપયશ વગેરે દુઃખોનું ઘર કે અમર સુખશાતા, અમર બાદશાહી, ને અમર કીર્તિનું ઘર ?**

(૪) **માનવનો ગૃહસંસાર એટલે એકમાંથી અનેક ભવોનો સર્જનહાર કે ભવોનો છેદનહાર ?**

(૫) **દુઃખ અને દોષોના સીમેંટકોંક્રિટના પાયા નાખી આપનાર ? કે એનો ઉચ્છેદ કરનાર ?**

**કુમાર કહે છે કે માયામમતાયમય ઘરમાં સરવાળે સરીયામ નિષ્ફળતા અને નુકસાનીનું જીવન છે,** પુણ્ય-ભક્ષણ અને પાપપોષણનો ધીખતો ધંધો છે !!

**ધૂતારા કોણ ? :-** (૨)'મા કહે છે, **ઘર ઉઠાડી દીક્ષા કરવાની વાત કરનાર કોણ ધૂતારો મળ્યો ?'**

કહો; શું એટલું એ નહિ સમજી હોય કે એવી વાત તો ત્યાગી, નિસ્પૃહી સાધુ મહારાજ કરે, તો શું એને ધૂતારા કહેવાય ? પણ મોહ આમ બોલાવે છે. જો જરા આવું બોલનાર તટસ્થ ભાવે વિચારે તો લાગે કે ધૂતારા તો સાધુ છે કે તમારા જેવા સંસારી ? અનંત ભવે પ્રાપ્ત થયેલી આ દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના કરવાની સુંદર દુર્લભ સામગ્રીનો સદુપયોગ કરાવી સદ્‌ગતિ પમાડવાને બદલે, જીવને પાપ બંધાવે એવી કાર્યવાહીમાં યોજવાનું વિશ્વાસઘાતનું કામ કરનારા એ ધૂતારા કે સદ્‌ગતિની કાર્યવાહી કરાવનારા ધૂતારા ?

**વૈરાગ્યની ભૂરકી ! :-** (૩) મા કહે છે, **'સાધુ ભૂરકી નાખે છે ?'**

કહો સાચી વાત છે આ ? જો અમારી પાસે આવી ભુરકી હોય તો, પછી તો તમને એકને બાકી રાખીએ ? નથીને આવી કોઈ કરામત હોય, તો એ તો આત્માના અનંત કલ્યાણને સધાવનાર છે. એને ભુરકી કહેવાય ?

**ઊંધા બોલ કોના ? :-** (૪) વળી પુત્રને મા કહે છે, **તું આજ ઊંધા બોલ બોલે છે.'**

**શું વિરાગીના સ્વપરના તારક એવા વૈરાગ્યના બોલ એ ઊંધા બોલ ? અને સગાં સંબંધના સ્વપરના મારક બોલ એ સીધા સરળ બોલ ?** કુમાર તો ઊલટો પોતાના સંસારના સર્વ સ્વાર્થ મૂકી પરમાર્થના માર્ગે જવાનું કહે છે. એને ઊંધા બોલ કહેવાય ? ના. તો **શું મોહાંધો પોતાના જ સ્વાર્થભર્યા બોલ કહે, એ સીધા બોલ ? ના.**

**સાચી લાલાશ :-** (૫) મા કહે છે, **'આ ઠગાઈથી તારું મોં ફિક્કું પડી ગયું છે.'**

કેવું ગપ્પું ? ખરી રીતે **રંગરાગમાં જે ઉજળું મોં દેખાય છે, એ તો તમાચો**



**મારીને મોં લાલ રાખવા જેવું છે;** એ સોજાની લાલાશ છે. જ્યારે વૈરાગ્યમાં એ સોજા જેવી મોહ પુદ્‌ગલની ભાડૂતી લાલાશ ગઈ, અને આરોગ્ય મળ્યું, તેથી **વૈરાગ્ય ઉદાસીનભાવની સાચી લાલાશ, સાચી ઉજળામણ છે.** પણ જે મોહઘેલા હોય તે એને ઉદાસપણું, દુઃખીયારાપણું સમજે છે. અવંતી-સુકુમાલ ઉદાસ નથી થયો, ઉદાસીન બન્યો છે. **ઉદાસીનતામાં, જડપુદ્‌ગલનું ગમે તે થાઓ. પણ આત્માને સ્વસ્થતા છે. રંગરાગમાં જડપુદ્‌ગલના સારા ખોટા પણા ઉપર નાચવાનું હોવાથી અસ્વસ્થતા છે,** ખુમારી-દીનતા છે. એમાં વળી કાન્તિ શી હતી ?

**શું જીવને દુઃખનો અનુભવ નથી તે ચારિત્રના કષ્ટથી ડરે છે ? :-** (૬) વળી મા કહે છે, **'દીકરા ! તેં તો એકલાં સુખ જોયા છે, દુઃખ કદી દીઠાં નથી.** ખડ્‌ગ-**ધાર સમા ચારિત્ર શે પાળીશ ?'**

માની આય વાત ખોટી છે. આ જગતમાં નરકાદિના અનંત દુઃખ અનંતવાર આપણે જોયાં છે. અહીં પણ બીજું કંઈ ન હોય તોય ચિંતાના, ઈર્ષ્યાના, મનને ઓછું આવવાના, વગેરે દુઃખો ક્યાં ઓછા છે ? ક્યાં દુર્લભ છે ? છતાં ખેર, ઘડીભર માનો કે સંસારમાં કંઈ દુઃખ નથી, માત્ર ચારિત્ર જ દુઃખ ભર્યું છે. પણ એ કહો કે ચારિત્ર વિના આગળ દીર્ઘકાળના સુખ મળવાના છે ? ભાવી દુઃખ અટકવાના છે ? કુમારે ગુરુજીને પણ એજ કહ્યું હતું કે ચારિત્રના દુઃખ તો આગળ ઉપર જે મહાસુખને લાવી આપે છે, એની અપેક્ષાએ ચારિત્રનું વર્તમાન કષ્ટ તો અતિ અલ્પ છે.

**ગરજ-ભય-સ્વાર્થ અને બચાવના કારણે દુઃખ સ્વેચ્છાએ સહન થાય છે :- (૭) મા કહે છે, 'કુમાર ! ભૂખ-તરસ તું ખમી શકતો નથી, તારે ચારિત્રની શી વાત ? દીક્ષામાં લુખ્ખું ભોજન, કપડાં મેલાં, શરીર મેલું, ડાભ સંથારો, લોચ'** આ બધું તું કેમ સહી શકે ?

અહીંયા માં સમજતી નથી કે જેમાં (૧) અંતરમાં કોઈ બહુ ધન કમાવવાની ધગશ જાગી ગયા પછી ભૂખ-તરસ સહન થઈ શકે છે. (૨) શરીરના સ્વાર્થે લુખ્ખું ખાઈ શકાય છે. (૩) ઘરમાં આગ, ગામમાં ધાડ વગેરેનો ભય જાગ્યા પછી ઉજળા વસ્ત્ર અને કાયા હોંશે છૂપાવાય છે, પકવાન્ન, પલંગ જતાં કરાય છે, અને (૪) કોઈ આપણને જાનથી મારી નાખવા તૈયાર થયો હોય, પણ જો માથાના કેશ તોડી નાખી પતાવતો હોય તો એને આપણે ખુશીથી એમ કરવા દઈએ છીએ.

તેજ પ્રમાણે દીક્ષા માટે એ બધું શું કઠીન છે ? કેમકે દીક્ષાર્થીને (૧) મોક્ષનું મહાન **અર્થીપણું** છે. (૨) પુણ્યાનુબંધી પુણ્ય કમાવાના અને પાપક્ષય કરવાના **સ્વાર્થ** છે. (૩) દુર્ગતિઓમાં ફસાઈ જવાનો મહાન ભય છે. (૪) લોચ ભાવિષ્યના



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

અને મૃત્યુના દુઃખમાંથી **બચાવી લેનાર** છે. માતા ગમે તેટલી સંસારની દલાલીના દલીલ કરે; પણ સુસમજ થયા પછી કુમારને ચારિત્ર ક્યાંથી કઠીન લાગે ? દુઃખમય સંસાર ક્યાંથી રુચે ?

**કેમ જાણે ધર્મમાં દુઃખ છે, અને સંસારમાં દુઃખ નહિ પણ સુખ છે :-** (૮) મા કહે છે, **'સાધુજીવન તો તપથી ભરેલું છે. એ તપમાં તારી કાયા હાડપિંજર થઈ જશે.'**

મા કેમ ભૂલી જાય છે કે,

**(૧) કાયા માત્ર હાડપિંજર નહિ, પણ એક દિ' કાયાની રાખ થવાની છે.**

**(૨) આમેય ક્ષયરોગ વગેરેથી શું હાડપિંજર થવાનો સંભવ નથી ?**

**(૩) તપ ગુમાવી લષ્ટપુષ્ટ રાખેલી કાયા ખાનપાન, એશઆરામી અને રાગાદિના પાપ કરાવી પરલોકમાં અનેક હાડપિંજર તો શું પણ નાજુક કીડી, મકોડા જેવી કાયા આપશે. જેના પર સીતમ ત્રાસ ગુજરશે.**

**(૪) લષ્ટપુષ્ટ કાયાનો મોહ આત્માના કલ્યાણની ચિંતા ભુલાવશે, આત્મભાવનાની ફુરસદ જ નહિ રહેવા દે.**

**(૫) તપથી કાયા સુકાઈ જશે, એવી ભય સંજ્ઞાનો વશ પડી તપ ગુમાવવામાં અહીં મળેલી સકામ કર્મનિર્જરા કરવાની મળેલી અજોડ સાધના ગુમાવાય છે. પછી પાપ સિલકમાં રહ્યા હિસાબે પરલોકમાં અનિચ્છાએ પાપના વિપાક ભોગવી અકામ નિર્જરા કરવી પડે છે.**

**(૬) કાયા તરફ દૃષ્ટિ રાખવાથી તપ તરફ ઉપેક્ષા થાય છે, આહાર સંજ્ઞા પોષાય છે. એ પોષણ ઉપર બીજી સંજ્ઞાઓ, બીજી પાપવાસનાઓ અને કષાયો ચિરસ્થ બને છે. આવાં આવાં મહા નુકસાન કોણ સ્વીકારે ?**

**દુઃખ અંગે ત્રણ સુંદર વિચારણા :-** (૯) વળી માતા કહે છે કે, **'ચારિત્ર તો કઠણ માણસોનું કામ છે. તું કોમળ તું પોચો, તારાથી ચારિત્રના દુઃખ સહન ન થાય. જે વાતથી દુઃખ થાય તે કર નહિ !'**

માતાનું આ વચન પણ ખરે જ ! ઉપર છલકા વિચારનું છે. કેમકે **દુઃખ અંગે ત્રણ પ્રકારનો વિચાર** કરવાનો છે.

**(૧) પરિણામે દુઃખ કે સુખ ? વર્તમાન દુઃખ, અંતે સુખ, બેમાં વધારે કોણ ? :-** પહેલો વિચાર એ હોય છે કે તત્કાળ દુઃખ છે, કે પરિણામે દુઃખ છે ? વળી હાલ દુઃખ વધારે છે કે અંતે સુખ વધારે થાય એવું છે ? આ અધિકતાનો વિચાર કાળ, પ્રમાણ, સ્વરૂપ, વેશ વગેરેથી વિચારવાનું છે. **માણસ પોતાના જ હાથે પોતાના શરીર પર ચાકુ મૂકે છે, કે મૂકાવે છે.** કેમ ? પાકી ગયેલું



ગુમડું કાપવા માટે. શું ત્યાં દુઃખ નથી થતું ? થાય છે, પણ પરિણામે મહા સુખ છે. **પૈસા કમાવા માટે માણસ ગુલામીના કે મજુરીના કેટલાય દુઃખ સહન કરે જ છે. મોટો શ્રીમંત પણ મંદવાડ કાઢવા માટે કડવાં ઔષધ અને ન ગમતાં પથ્ય સેવેજ છે.** એમાં એમ કેમ કહેવાય કે જેનાથી દુઃખ થાય તે ન કરીએ ? અહીં કુમારને પણ ચારિત્ર અને અનશન સુધીની વસ્તુ ઔષધરૂપ લાગી છે, એને આદરવામાં પરિણામે મહા સુખ છે. તેથી તત્કાલ દુઃખની કાંઈ કિંમત નહિ.

**(૨) મન ફેરવી નાખો :-** બીજી એ પણ વાત છે કે **દુઃખ લાગવાનો આધાર મન પર છે.** ધારો કે દશ લાખ રૂપિયામાંથી લાખ રૂપિયા ગુમાયા, હજીય નવ લાખ પાસે છે, છતાં માણસ રડે છે, કલ્પાંત કરે છે. ત્યારે બીજો ડાહ્યો માણસ એ વિચારે છે કે આમ તો આપણી પાસે એક લાખેય ક્યાં હતા ? આ તો નવ લાખ રૂપિયા હજી આપણી પાસે છે, શું દુઃખ છે ? મન ફેરવી નાખવાથી એના એજ રૂપિયામાં સુખ અનુભવે છે. **એમ કુમારના મનને નરક નિગોદના દુઃખ આગળ આ કાંઈ વિસાતમાં લાગતું નથી. ઊલટું આ તો સુખ રૂપ લાગે છે. ત્યાં દુઃખની વાત જ ક્યાં હતી ?**

**સાચું કર્તવ્ય :-** (૩) ત્રીજો વિચાર એ છે કે મનુષ્ય જીવનમાં ચારિત્ર સ્વીકારીને પાળવું એજ સાચું કર્તવ્ય છે, એવી શ્રી જિનેશ્વરદેવની વાણી છે. તો જેમ સૈનિક સેનાપતિની આજ્ઞાથી લડાઈના ખપ્પરમાં હોમાઈ જતા આંચકો નથી ખાતો, તેમ જિનાજ્ઞાની રૂએ જૈને શા માટે ચારિત્રમાં ઝુકાવવા માટે આંચકો અનુભવવો જોઈએ ? એમાં એટલું છે કે અહીં પોતાની શક્તિ જોવાની હોય છે. પરંતુ ખરી વસ્તુ એ છે કે શક્તિનું માપ **ન્યાયપુરસ્સર** અને અનંત આત્મકલ્યાણની અપૂર્વ **તકના મૂલ્ય સમજીને** કાઢવું જોઈએ. નહિતર એવું બને છે કે **આપણું મન આપણને જ ઠગે છે. આત્મામાં શક્તિ હોવા છતાં અભ્યાસ નથી કર્યો હોતો, તો તપની શક્તિ નથી દેખાતી. તેથી તપની શક્તિ છે નહિ એવું નથી. મનને દબાવી, અભ્યાસ પાડવામાં આવે તો પછી ન ધારેલા મોટા તપની શક્તિ છે એવું પોતાને લાગે છે, આજે એવા દાખલા છે. એવી જ ચારિત્રની શક્તિ અંગે સમજો.**

આજ તો અમેરીકાના Psychologists (માનવશાસ્ત્રીઓ) એ શોધી કાઢ્યું છે કે માણસ પોતાનામાં જે શક્તિઓ છે, એના કરતાં બહુ ઓછીનો ઉપયોગ કરે છે. અર્થાત્ પોતે ઉપયોગમાં પોતાની જેટલી શક્તિ હોવાનું સમજે છે, એના કરતાં કેઈ ગુણી શક્તિઓ તે ધરાવે છે. દા.ત સીધી સાદી વાત કરતાં પણ જેને નહોતી આવડતી એ આજે મોટી સભાઓમાં સારું બોલીને છાપ પાડી શકે છે. ધાર્યું કામ ઉપજાવી શકે, એવા ત્યાં વક્તાઓ તૈયાર થાય છે. અહીં પણ ચારિત્રની શક્તિનું

માપ કાઢવું જોઈએ. એમને એમજ ન માની લેવાય કે પોતાનામાં એ શક્તિ નથી. આ દેશમાં જ્યાં પાકીસ્તાની વરસી, ત્યાં એવાય હશે કે જેણે મરવાની બીકે શક્તિ બહારના દેખાતા પણ કાર્ય કર્યા હશે. દા.ત એક માળાની અગાશી કે બારીમાંથી બીજા માળામાં કૂદી પડવું -અગર તો દુશ્મનની ગુલામી ઉઠાવી લેવી. આવું અશક્ય લાગતું કામ શક્ય કર્યું ને ? તો અહીં પણ મળેલી સુર્વણ તકના હિસાબે માપ કાઢવું ક્યાં દુઃખ નથી, તે ચારિત્રને જ માટે દુઃખ કહ્યા કરવું ?

**તરણતારણ ચારિત્ર માટે કાયરતાનો વિચાર નહિ જ કરવાનો :-** માતાના કથન તત્ત્વદષ્ટિના નથી. કુમાર એથી જરાક ઢીલો પડતો નથી, એ તો ઉપરથી કહે છે કે,

**"કુમાર કહે જનની સુણો, જિન, ચક્રી, બળદેવ;**
**સંયમથી સુખ પામીઆ, તે સુણજો સુખ હવે.**
**અર્જુનમાલી ઉદ્ધર્યો, દઢપ્રહારી સોય,**
**પરદેશી વળી રોહિણો, માત સુણાવું તોય."**

'હે માતા, જુઓ કે ખુદ તીર્થંકર ભગવાને સંયમ લીધું છે, અને પછી એ મોક્ષના અનંત સુખ પામ્યા છે. મહાવૈભવી ચક્રવર્તી, અને બળદેવ જેવા પણ ચારિત્રથી સુખ પામ્યા છે. તેમ મહા અપરાધી, મહા પાપી અર્જુનમાલી, દઢપ્રહારી, નાસ્તિક એવો પ્રદેશી રાજા, રોહિણીઓ ચોર, વગેરે પણ સંયમ પાળી સુખી થયા છે. **એવા તરણતારણ ચારિત્ર માટે કાયરતાનો વિચાર કેમ કરાય ?** સુખ માટે આથી પણ મોટા કષ્ટ સહવાના સાહસ કરાય છે, તો ચારિત્ર માટે આનાકાની ? ચારિત્ર જેવી વસ્તુ કાને સાંભળવા પણ ક્યાં મળે ? ત્યારે આપણને તો સાંભળવા મળી, જાણવા-સમજવા મળી. ઉપરાંત આદરવા માટે સામે જ છે. પછી કેમ હિંમત ન કરવી ? **શા માટે દુનિયાના બીજા, ત્રીજા ગલ્લા-તલ્લાં કરી મોહના ચઢાવ્યા મૂર્ખ થવું ?'**

**માતાની છેલ્લી ૧૦ મી દલીલ :-** માતાએ કુમારનો નિર્ધાર અફર જોયો. એની વાતમાં હવે બીજો બચાવ કરવાનું દેખાયું નહિ. તેથી મા છેવટે કહે છે કે **'કુમાર, તું મારે એકનો એક પુત્ર છે, તો તને રજા કેવી રીતે આપી શકું ? શી રીતે તારા પરનો સ્નેહ તોડી શકું ?'** અહીં એ જોવાનું છે કે (૧) રોગ આવે તો એકના એક પુત્રને એ માંદો થવા દે ? મૃત્યુ આવે તો મરવા દે ? જો હા, તો ભાવના થયે સાધુ કેમ ન થવા દે ? (૨) માતા એની સ્ત્રીઓની વાત આગળ નથી કરતી. **પૂર્વના કાળમાં પતિપત્નીના સંબંધ એવા મનાયેલા હતા કે પતિ એ પત્નીનો ગુલામ નહિ, તેમ પત્નીને કોઈ સારું કાર્ય કરવું હોય તો ત્યાં પણ પતિની એ એવી ગુલામડી નહિ કે એ કાર્ય ન કરી શકે. વસ્તુ એ કે મહાપુરુષોના પંથે જતા પતિને**



**પત્ની કાં તો અનુસરનારી, અથવા ઘેર બેસી શુભેચ્છા પાઠવનારી હતી** (૩) વળી એ વાત માતા એ સમજે છે કે 'આ અવંતીને સ્ત્રીના જે આકર્ષણ નથી, તે મારા પ્રત્યે છે. તો મારા પ્રત્યે એને લાગણીવશ જો કરાય, તો એ ઘરમાં જ રહેવાનો. એથી પોતાનું દુઃખ ગાય છે.

**ખાનગીમાં સાધુવેશ :-** આ બધી સ્થિતિ ગમે તેવી હોય પણ અવંતીને જીવનના ઉચ્ચ આદર્શ સમજાઈ ગયા છે. તેથી આવી બધી વાતોને મામુલી ગણે છે, અને વિચારે છે. કે 'માતા આમ સીધેસીધી રજા નહી આપે. તેથી ગુરુમહારાજ પણ કદાચ ચારિત્ર ન આપે તો ? માટે લાવ, મારી મેળે જ ઘરમાં સાધુવેશ સજી લઈ સાધુ તરીકે થઉં.' એમ વિચારીને ખાનગીમાં જઈ અવંતીસુકુમાળે પોતાના હાથે માથાના કેશનો લોચ કરી નાખ્યો. અને ગૃહસ્થાઈના કપડાં ઉતારી સાધુ તરીકેનો વેશ પહેરી લીધો. પછી એ બહાર આવ્યા ત્યારે માતા અને પત્નીઓ તો એ જોઈને ક્ષણભર અવાક્ થઈ ગઈ.

**શું બધી સરખાઈ હોય ત્યારે જ ધર્મ થાય ? :-** અહીં અવંતીસુકુમાળને એમ ન થયું કે માતા રજા ન આપે ત્યાં સુધી ચારિત્ર ન લેવું. કેમકે એ સમજે છે કે આપણા પુણ્યોદયમાં એટલી ખામી હોય તો રજા ન પણ મળે. પણ પુણ્યોદયના કમી ખાતર ચારિત્રને વિલંબે ન રખાય. **અજ્ઞાન માણસ અહીં ભૂલે છે. એ કહે છે કે જ્યારે બધી સરખાઈ આવે ત્યારે ધર્મ કરું.** પણ એને ક્યાં ખબર છે કે બધી વાતની સરખાઈ તો ચક્રવર્તી જેવાને પણ આવવી મુશ્કેલ છે. એવો પ્રબળ, અતિ પ્રબળ પુણ્યોદય ક્યાંથી લાવવો કે જેથી બધું જ અનુકૂળ આવી મળે. પુણ્યના અનેક પ્રકાર છે. એ બધા પ્રકાર આપણને મળ્યા હોય અને એ ઉદયમાં વર્તતા હોય એવું ક્યારે બનવાનું હતું ? પાછી ખૂબી જુઓ કે સંસારના ભાર ઉપાડવામાં એ નથી જોવાતું કે 'બધી અનુકૂળતા હોય ત્યારે આ ઉપાડી શકું' ત્યાં તો થોડીક જ સગવડમાં મોટા ભાર ઉપાડાય છે. તો પછી ધર્મનો ભાર ઉપાડવા વખતે એમ શા માટે બધી અનુકૂળતાની રાહ જોવી જોઈએ ? ત્યાં તો મનને એમ નક્કી સમજ જોઈએ, કે આપણા અલ્પ પુણ્યમાં અગવડ કાંઈ ને કાંઈ તો રહેવાની જ છે. એમાં જ ધર્મ સાધી લેવાનો છે. કુમારે એમજ સાધુવેશ લીધો.

**સ્વાર્થી પોતાના સુખ-દુઃખ જુએ છે, સામાના નહિ :-** માતા જુએ છે કે 'આણે તો સાધુવેશ લઈ લીધો. ત્યારે હવે આ શું ઘરમાં રહે ?' છતાં કુમારને કહે છે કે, 'અરે દીકરા ! આ તેં શું કર્યું ? આ તેં તો મારા સુખની વેલ ઉખેડી નાખી.' **જુઓ સ્વાર્થના સ્નેહમાં છેવટે શું જોવાય છે ? આપણું સુખ ટક્યું કે ગયું એજ જોવાનું એમને ? સામાનું સુખ કે દુઃખ કાંઈ નહિ વિચારવાનું ?** એ આપણા

અંતરાયથી મહાદુઃખી થાય છે, એ નહિ જોવાનું ? મા કહે છે, **'તારું મુખ જોઈ જોઈને હું સુખમાં રહેતી હતી, હવે એ સુખ તો મારું તો તે નાશ કરી નાખ્યું. ખેર ! મારી તને કાંઈ દયા ન આવી, પણ આ બિચારી બત્રીસ બાળાઓનીય દયા નથી આવતી ?** હજીય શું બગડ્યું છે ? હજી તો તું ઘરમાં છે, ગુરુમહારાજ પાસે ચારિત્ર નથી લીધું. પ્રતિજ્ઞા નથી કરી. તું જો, કે આ તારી નાની પત્નીઓ કુળવંતી છે; એણે કદી તારી આજ્ઞા લોપી નથી; નિરંતર તારા સામું જોઈ જોઈ ખુશીમાં રહી છે. તારી સુખમોજ ઉપર એણે ધ્યાન આપ્યું છે. એવી એને વિના અપરાધે, વિના દોષે તું શા માટે તરછોડે છે ?'

**કુળવાન સ્ત્રીઓની સમજૂતી :-** માતાએ સ્ત્રીઓની વાત ઉપાડી એટલે હવે સ્ત્રીઓ પણ અશ્રુભરી આંખે, ગદ્ગદ સ્વરે કહે છે, 'હે સ્વામી ! તમારી ઉંમર નાની છે, અને કાયા સુકોમળ છે ! ત્યાં આ મહાકઠોર એવો સંયમનો ભાર ઉપાડવાનું શું ? મહાવ્રતો પાળવા એ તો કરવતની ધાર પર ચાલવા જેવું છે. તેય ઉછરંગમાં આવીને એક વાર સ્વીકારી તો લેવાય પણ પછી જાણો છો કે જિંદગીભર બાવીસ પરીસહ સહવાના હોય છે ! મન એવું પવન જેવું ચંચળ છે કે વૈરાગ્યનો આ રંગ એ ભૂખ-તરસ, ટાઢ-તડકા વગેરેના સતત આક્રમણમાં ન ટકાવી શકે. તેથી ચારિત્રપાલન દુષ્કર બની જાય. માટે સાહસ ન કરો; એવી આપને અમારી અત્યંત આજીજીભરી પ્રાર્થના છે.'

**કુમાર સન્મુખ કરુણ દૃશ્ય :-** આ દૃશ્ય પર જરા વિચાર કરવા જેવો છે. માતા ઝુરી રહી છે, કલ્પાંત કરી રહી છે ! બત્રીસ પત્નીઓની આંખમાંથી દડદડ આંસુ વહી રહ્યા છે ! એ કાકલુદીભરી વિનવણી કરી રહી છે ! એમાં સૂર ગદ્ગદ કંઠે નીકળે છે. વાતાવરણ એકદમ શોક ભર્યું બની ગયું છે. ક્ષણ પહેલાનો માતાનો આ પ્રેમાળ પુત્ર અને પ્રેયસીનો પ્રેમાળ પતિ પીગળી જાય, અને હૃદય મોહની લાગણીથી ભરાઈ આવે એવું આ દૃશ્ય છે. પરંતુ **કુમારને ભોગ અને ત્યાગના એવા તફાવત સમજાઈ ગયા છે. તેમજ એમા વર્તમાન આયુષ્યની અલ્પતા અને અસ્થિરતા એવી આંખ સામે રમી રહી છે કે એ દૃશ્યની જરાય અસર લીધા વિના પોતાના નિર્ણયમાં મક્કમ છે.**

"હજી ક્યાં ગુરુમહારાજે વાસક્ષેપ નાખ્યો છે." આ બોલ કાયરના છે. અહીં તો કુમારના મનથી નિર્ણય થઈ ગયો હતો. જેવા ક્ષત્રિય બચ્ચાના નિર્ણય તેવા નિર્ણય. નિર્ણય એટલે નિર્ણય. ભલે ગુરુ પાસે પ્રતિજ્ઞા નથી કરી. હરિભદ્રસૂરિ મહારાજ કેવી રીતે સાધુ થયા, તે જાણો છો ને ? ચિતોડના મહારાણાના પુરોહિત બ્રાહ્મણ એ, તેમનો નિર્ણય એવો કે "હું ન સમજી શકું એવું શાસ્ત્ર જો સાંભળવામાં



આવે તો તે સમજવા સામાનો શિષ્ય થઈ જઉં." બાધા હતી ? ના, પણ મનનો નિર્ણય હતો. એમાં એક વાર સાધ્વીજી કહે છે, "અર્થ અમે ન સમજાવીએ. ગુરુમહારાજ સમજાવે." ગયા ગુરુજી પાસે. એ કહે છે, "એમ ન સમજાય, એ માટે તો ક્રમસર અભ્યાસ જોઈએ." પેલો નિર્ણય યાદ કરે છે. કયો ? શિષ્ય થવાનો. થઈ ગયા સાધુ, વાર નહિ. અહીં પણ કુમારનો નિર્ધાર છે. તેથી માતાના બોલ પર કાંઈ ફેરફાર થાય એમ નથી.

પત્નીઓએ પણ હૃદય પીગળાવે એવા અવાજે ચારિત્રની કઠીનતા બતાવી તેથી પણ કુમાર જરાય ડરતો નથી. એ તો પ્રત્યુત્તરમાં કહે છે કે,

**"મયગલ દંત જે નીકળ્યા, તે કિમ પાછા જાય;**
**કરમ સુભટ દૂરે કરી, પહોંચવું શિવપુર ઠાય,**

હાથીના દાંત જે બહાર નીકળ્યા તે નીકળ્યા. તે કાંઈ પાછા અંદર જતા નથી, તેમ

**મારો આ લીધેલા સાધુવેશ પાછળનો નિર્ણય પ્રાણાન્તે પણ અફર છે, ત્યાં દુઃખ કષ્ટની શી વાત કરો ?**

**મોક્ષનગરે પહોંચવાની મારે ઉતાવળ છે. એ માટે કર્મ જોદ્ધાને હઠાવ્યે જ છૂટકો.**

**મારા પર આજ સુધીમાં એ શત્રુને મહાલ્યે અનંત કાળ વહી ગયા, ત્યાં હવે મારી નાની વય શી ?"**

**આત્મકલ્યાણ સાધવાનો સુઅવસર :-** વિચારજો કુમારના વચન, વાતવાતમાં આત્મગુણોના માર્ગેથી ખસી જાઓ છો, આંખ સામે આવી ઊભેલી ધર્મની રૂડી સાધનાથી દૂર ભાગો છો, રૂડા બનીને અહીંથી બહાર નીકળતાં જ પાછા હતા તેવા કુડા બની જાઓ છો, પણ એ વખતે આ વિચારવા જેવું છે. જૈન કુળમાં આવ્યા છો એટલે દેહનું કલ્યાણ નહિ, પણ આત્માનું કલ્યાણ કરવાનું છે. મોક્ષમાં જવાની ઉતાવળ કેળવવાની છે. શત્રુથી પરાભવ પામ્યે અનંતકાળ વીત્યા છે, ત્યાં હવે નાની વય નથી. કલ્યાણ કરવાના નિર્ણયરૂપી હાથીના દાંત બહાર આવ્યા છે. એ નિર્ણય કેમ ફેરવાય, કે કેમ ભૂલાય ? તેમજ વીતરાગ પ્રભુનું મહાઆલંબન મળ્યું છે, તો મોક્ષ પામવાની ઉતાવળ હોય છે. ને ઉતાવળ ? શું પૂછું છું ? ઉતાવળ હોં, ઈચ્છા નથી પૂછતો. એમાં તો તમે ઝટ હા પાડો છો કે ઈચ્છા તો છેજ, કેમકે એની પાછળ કાંઈ જ જવાબદારી નથી માનતા.



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

## ⑱ જીવનના આદર્શ

**ઉતાવળના લક્ષણ ક્યાં ? : પ્રશ્ન છે કે મોક્ષ જવાની તમારે ઉતાવળ છે ? :-** એ પ્રશ્ન આવે ત્યાં વિચાર કરો છો કે જેમ ઑફિસ અને દુકાને જવાની ઉતાવળ હોય છે, તો એનાં ચોકસ લક્ષણ હોય છે, તેમ અહીં મોક્ષની ઉતાવળ અંગે એવું શું બતાવીએ ? દૂર પરામાંથી ૯-૩૨ની ગાડી પકડી અગીયાર વાગે મુંબઈ પહોંચવાનું હોય; પણ ઘેર રાતના ઊજાગરાથી સવારે ઊઠતાં વધારે મોડું થયું. માનો કે ઠેઠ ૯ વાગે ઊઠ્યા. હવે સ્નાનભોજન સુધીના કેટલાંય કામ પતાવી માઈલ દૂર સ્ટેશને પહોંચવાનું છે. ગાડી બીજી મળે છે, તે મોડી હોવાથી ઑફિસે વખતસર પહોંચાય એમ નથી. મોડા પહોંચે તો ત્યાં જોરદાર ઠપકો કે દંડ મળે, અથવા આ વિષમ વખતમાં નોકરીમાંથી રુખસદ મળે એમ છે, માટે વખતસર પહોંચવાની, અને તે માટે વખતસર સ્ટેશને જવાની ઊતાવળ છે. તો સવારે ઊઠ્યા ત્યારથી કેમ વર્તો છો ? બજારમાંથી દૂધ વગેરે લઈ આવવાનું, ઘરના કામ પતાવવાનું, નહાવાધોવાનું પતાવવાનું, જમવાનું પતાવવાનું, **કેવી ઝડપથી, કેવું રસ વિના, અને કેવું સંક્ષેપમાં પતાવો છો ?** વચમાં આરામી ઊડી જાય છે. બે ચીજો ઓછી ખવાય છે. એવું **અહીં મોક્ષે જવાની ઉતાવળ હોય તો પુદ્‌ગલની સેવાના કામ ઝડપથી, રસ વિના અને ટૂંકે પતાવવાનું થાય, મનગમતી બે વાતો જતી કરાય, એશઆરામી સુકાઈ જાય. જ્યાં નવરો પડ્યો કે નિંદાવિકથા નહિ, પણ ઝટ સામાયિક, નવકારવાળી કે ધાર્મિકચિંતન લાગુ થઈ જ જાય, ખાનપાન, રૂપરંગ, મધુર શબ્દ સ્પર્શાદિના ટેસ ઓછા કરી નખાય.** મોક્ષે જવાની ઊતાવળ છે ને ? તો રોષ કે રોફ બતાવવાના અવસર જતા કરવા પડે, અર્થાત્ એ વખતે મોક્ષ, નમ્રતા, લઘુતાને સજ્જડ પકડી રખાય શું ? સારું કેટલું ખાધુંપીધું, કેટલું પહેર્યું-ઓઢ્યું-ભોગવ્યું, એ ન જોવાય. એના પર મદાર ન બંધાય; પણ **મોક્ષની એટલે કે વીતરાગતા, વીતદ્વેષતા, નિર્મોહિતા, સંપૂર્ણ આત્મરમણતા વગેરેની નજીક કેટલા જઈએ છીએ એ જોવું જોઈએ.** એની જો સાચેસાચ ઊતાવળ હોય તો એ વસ્તુને સાધી આપનારી ત્યાગની, તપસ્યાની, વ્રતની, પચ્ચક્ખાણની પ્રભુભક્તિની, યાવત્ સર્વવિરતિ ચારિત્રની પ્રવૃત્તિઓ કરી લેવાની ઊતાવળ જોઈએ.

**કુમારની મક્કમતા : માતાએ આપેલી રજા :-** અવંતીસુકુમાલની આંખ સામે મોક્ષ તરવરી રહ્યો છે, તેથી સામે માતા અને બત્રીસ પત્નીઓ કરુણ કાલાવાલા



કરતી ઊભી છે. છતાં એનાથી એ જરાય લ્હેવાઈ જતો નથી. ભલભલા આવી કરુણ કાકલુદીઓથી ઢીલા પડી જાય, પણ આ કુમાર અચળ છે; સમજે છે કે **આ ભવ્ય મહેલાત, આ સ્નેહમૂર્તિ માતા, અને આ પ્રાણપ્યારી રમણીઓ, એ બધું ક્ષણિક છે ! ત્યારે ચારિત્ર સાધનાથી મળતો મોક્ષ અવિનાશી છે. ક્ષણિકમાં લ્હેવાઈ જઈ અવિનાશીની સાધના કોણ ગુમાવે ?** એના અડગ નિશ્ચયને જાણીને હવે માતા સમય ઓળખી લે છે; અને રજા આપતાં કહે છે કે, "પુત્ર ! તારા કરોડ કલ્યાણ થાઓ, સુખેથી તું સંયમ અંગીકાર કર તારી આશા સફળ થાઓ." **આમ તો સ્વાર્થના સ્નેહવાળા ત્યાગની રજા શાની આપે ? પોતાને આઘાત થાય છે એમ કહે, પણ દીક્ષાર્થીને કેવું હૈયું સળગી રહ્યું છે, ચારિત્ર વિના કેટલું દુઃખ છે, એ ક્યાં જોવું છે ?** પણ આ માતા, અને પત્નીઓ જો કે પોતાના દુઃખની વાત કરે છે; પરંતુ જ્યારે આ પૂછે છે કે "મને તો અહીં પળેપળ બળતરા છે. રાખવો છે ઘરમાં ?" ત્યારે એ એના દુઃખને સમજી કહે છે, "ના, ભાઈ ના." આમ માતા રજા આપી દે એ પુણ્યાઈ છે. અહીં જુઓ કે અજ્ઞાન જીવ માને છે કે હું બધું સરખું કરું પછી બીજી વાત. પણ એને ક્યાં ખબર છે કે **બાહ્ય જડને તું શું સરખું કરતો તો ? અરે ! તું જ સરખો થઈ જઈશ. ખરી રીતે તો જેટલી પુણ્યાઈ મળી છે, તેનો ઉપયોગ કરી લે. નહિતર ધ્યાન રાખજે કાળ ઠગી જાશે.**

**દીક્ષાર્થી અને કુટુંબ વચ્ચે પૂર્વકાળે વાર્તાલાપ :-** પૂર્વના કાળે દીક્ષાની સામે સમજુતી થતી, પણ લાઈનસરની. એમાં દીક્ષા ખરાબ નહોતી કહેવાતી; વળી એમાં દીક્ષાર્થીને અક્કલ વિનાનો કે ભાન ભૂલો નહોતો કહેવાતો; તેમ એમાં સાધુઓને ગાળો નહોતી ભંડાતી; પણ (૧) ચારિત્ર કેવું કેવું કઠીન છે. (૨) સંસારમાં કેવી કેવી સુખસગવડ મોજુદ છે, અને (૩) પોતાને કેવું ભારે દુઃખ થાય છે, એ કહેવાતું. એથી જો દીક્ષાર્થી જરાય ન ચસકતો, તો પછી એને સંમતિ અપાતી. દીક્ષાર્થીને સંમતિ માટે કુટુંબીને સમજાવવામાં દિવસો અને મહિનાઓ નહોતા ગાળવા પડતા. લગભગ એકજ દિવસમાં સામસામી વાતચીત થઈ જતી. એમાં દીક્ષાર્થીના વૈરાગ્યને પરખી લઈ સ્નેહીઓ અનુકૂળ થઈ જતા. આ રીત કહેવાય. આજે તો મહાવિષમતા છે, ભારે મુશ્કેલી છે. પણ કમમાં કમ ધર્મી ગણાતાઓએ તો ખાસ સમજવા જેવું છે.

**આદર્શ પત્ની :-** અવંતીસુકુમાલને માતાની સંમતિથી અપૂર્વ આનંદ થયો. ત્યારે પ્રશ્ન એ રહે છે કે પત્નીઓએ રજા આપી કે નહિ ? કે માતાની સંમતિ સામે બળવો પોકાર્યો ? કહો કે **એ ઘર બીજા; આ નહિ. અહીં તો પતિએ માગ્યું અને સાસુએ સ્વીકાર્યું તે પ્રમાણ.** આર્યદેશની કુલીન પત્નીથી પતિ સામે બળવાખોર



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

થવાય નહિ, વાઘરણ જેવા હકદાવા મંડાય નહિ. પતિના બળતા હૃદયની વિચારણા પહેલી કરવી જોઈએ. કુમાર પરિવાર સાથે ગુરુજી પાસે આવીને કહે છે; "ગુરુજી ! ઝાઝ સમાન એવા આપ મને આ ઘોર ભવસાગરથી તારો." જો જો હોં, હવે અહીં નલિનીગુલ્મ વિમાનની માગણી નથી. માટે જ નિયાણું નથી.

**કુમારની દીક્ષા :-** ગુરુજીએ ત્યાં દીક્ષા આપી. લોક અનુમોદના કરે છે, 'ધન્ય છે એને કે જેણે આવા દેવલોક જેવા સુખ છોડ્યા.' અનુમોદના કરે જ ને ? અવંતીસુકુમાલના સુખ વૈભવ એવા છે કે એની માત્ર આશા પણ સંસારના રસિયા જીવોને જીભેથી લાળ ટપકાવે; ત્યાં મળ્યા છતાં ત્યજવાની વાત કેમ ન ચમકાવે ? હવે માતા ગુરુજીને કહે છે કે, "ભગવંત ! આ કુમાર તો મારા આંખની કીકી છે, કલેજાની કોર છે. એને સારી રીતે સાચવજો. સુકોમળ છે તેથી તપ કરતાં એને રોકજો. એણે જન્મારે દુઃખ જાણ્યું નથી, માટે એને કષ્ટ ન પડવા દેશો. મારી આથીપોથી કહો કે સર્વસ્વ કહો એ બધું આ પુત્ર છે. એને વિશ્વાસપૂર્વક આપના હાથમાં સોપું છું." કેવી ભલામણ આ ? કેમ વારું ? કહો કે આ પુણ્યશાળી પુત્ર પર માતાને એવો સ્નેહ સદ્ભાવ છે. એને મોહાંધતા ન સમજતા, કેમકે જુઓ માતા પુત્ર સાધુને શું કહે છે. એ કહે છે, 'સાંભળો, **દીક્ષા આદરી તો સારું કર્યું. પણ એને જરાય અતિચાર, દૂષણ ન લાગે એ રીતે પાળજો. જરાય ખામી ન આવવા દેતા. તો સંસારથી પાર ઉતરાશે.'** આદર્શ કુળોના આ ભવ્ય ઈતિહાસ છે. એના પુનરુદ્ધાર કરો. માતાના શબ્દો વિવેકના ઘરના છે. ભવપાર જવું હોય તો દોષ ન સેવાઈ જાય, એવી શિખામણ દે છે. વાત સાચી છે. ચારિત્ર લીધા પછી દોષ ન લાગવા દેવાની પૂર્ણ તકેદારી જોઈએ; તો જ ચારિત્ર લીધાની સાર્થકતા ગણાય નહિતર તો,

**જો ચારિત્ર લીધા પછી જીવ આરામી કે અનુકૂળતામાં અથવા બીજા, ત્રીજા વિકલ્પ કે આકર્ષણમાં પડી દોષ સેવતો થઈ જાય. તો**

**(૧) પહેલું તો જિનાજ્ઞાભંજક બની મહાન કર્મ બંધ કરનારો બને છે.**

**(૨) લીધેલી પ્રતિજ્ઞા ચૂકવાથી બીજાની નજરમાં હલકો ઠરે છે.**

**(૩) શુદ્ધ ચારિત્રના અતિ ઊંચા ફળ માત્ર થોડી પુદ્ગલ-ગુલામીના કારણે ગુમાવે છે, એ કેવી દયાજનક અજ્ઞાન દશા !**

**(૪) માતાપિતા વગેરેના દ્રોહ કર્યાનું સાબિત થાય છે.** કેમકે માતાપિતાદિની સેવા કરવાનું મૂક્યું તે મહાન શુદ્ધ ચારિત્રની સાધના માટે. આ એક યાદ રાખવાનો મુદ્દો છે. ઘેર હોત તો સેવાનું કષ્ટ ઊઠાવવા પડત. ઘર છોડ્યું છે, એટલે હવે ઠીક થયું. કાંઈ કષ્ટ નહિ. મઝાથી રહો.' એ વલણમાં સેવાના કર્તવ્યને ચૂકી દ્રોહ કરવા



બરાબર છે.

**(૫) દૂષણો લગાડવામાં અનાદિના સંસ્કાર તાજા અને પુષ્ટ રહે છે.**

ઈત્યાદિક હૃદયસ્પર્શી વિચારણા કરવામાં આવે તો ધર્મ સાધનામાં ચલાવાતી પોલ, સેવાતી શિથિલતા અને સન્માનની ભૂખની અનાદિની ચાલુ રીત જરૂર દૂર કરી નખાય.

**માતા અને પત્નીઓનું ઘેર ગમન :-** માતા અને પત્નીઓ વગેરે ઊઠીને ઘેર ગયા. ત્યાં તો એમને ઘર ખાવા ધાય છે; કેમકે ઘર હવે પ્રાણ વિનાનું કલેવર દેખાય છે. સમકિતી આત્માની પણ એવી સ્થિતિ હોય છે. સંસાર એને ખાવા ધાય છે. વીર પ્રભુ મોક્ષમાં ચાલ્યા ગયા. એમના વિરહથી વર્તમાનકાળ નિષ્પ્રાણ લાગે છે. હૈયું એવું કેળવવાની જરૂર છે કે પરમાત્મા, એમની વાણી, અને એમના સંઘ વિના બધું સ્મશાન જેવું લાગે. એ બન્યા પછી જુઓ કે **હૃદયમાં પ્રભુભક્તિ, સંઘસેવા જિનાજ્ઞાએ ફરમાવેલા અનુષ્ઠાનોનું પાલન કરવાના કેવા કેવા કલ્લોલ હૃદયમાં ઊછળે છે. તત્ત્વ સમજેલાને આ સંસારમાં આકર્ષી શકે એવું શું છે ? અને જો કાંઈ પણ આકર્ષણ લાગી હૈયું નિશ્ચિત બને તો માનવું પડે કે તત્ત્વ સમજાયું નથી.**

**અવંતીસુકુમાલ મુનિની ગુરુજી પાસે અદ્ભુત વિનંતિ :-** અવંતીસુકુમાલ મુનિ હવે ગુરુજીને એક અદ્ભુત વિનંતિ કરે છે.

"હે ભગવંત ! કર્મ ખપાવવા માટે કઠોર તપ ક્રિયા જરૂરી છે. પણ મારાથી દીર્ઘકાળ સુધી કઠોર તપ અને ક્રિયા પળે એમ નથી. તો આપશ્રીને પ્રાર્થું છું કે જો આપશ્રી રજા આપો તો હું હમણાં જ સીધું અનશન આદરું, જેથી એના થોડા કાળના કષ્ટથી શિવસુખ પ્રાપ્ત કરી શકું." હું તો થોડો કાળ સામટું સહી લઈશ. આ એની દૃષ્ટિની વિચારણા છે. આપણે તો કદાચ દીર્ઘકાળ સુધી પાળળા તૈયાર હોઈએ. પણ સામટા ઉપસર્ગ સહવા નહિ. ચારિત્ર કોડથી લેવાય છે. છતાં હજારમાંથી એક નથી માગણી કરતો કે "મને ટૂંકે પતાવવા દો. લાવો અનશન કરી વિકરાળ વનમાં કાયા વોસરાવી દઉં." **આમને મોક્ષપદ વરવાની કેટલી બધી ત્વરા અને તાલાવેલી છે ! તેમ ભલે દીર્ઘકાળના તપક્રિયાના કષ્ટ નહી સહી, પણ તેથી અધિક કષ્ટ અલ્પકાળના અનશનના સહર્ષે ઉઠાવવાની કેટલી તૈયારી છે, એ આપણા માટે આ કલિકાળના જ ગર્ભશ્રીમંત અને મહાસુખી તરુણના દૃષ્ટાન્તથી વિચારવા યોગ્ય છે.** આજ વિષમકાળના આવા મહાન દૃષ્ટાન્ત આંખ સામે રાખવાથી લાભ એ છે કે કદાચ મોટું ચારિત્રનું પાલન કરવાનું નહિ, પણ કમમાં કમ માર્ગાનુસારીના ન્યાય સંપન્નતા, સૌમ્યતા, પરોપકાર વગેરે ગુણોને પકડી રાખવાનું જોમ પ્રાપ્ત થાય છે. જૈનપણાના આચારોનું પાલન કરવામાં આવી પડતા કોઈ પણ

વિઘ્ન કે કષ્ટને નહિ ગણકારવાનું જોમ પ્રાપ્ત થાય છે. **મનને એમ થાય કે મહાપુરુષોઓએ ઘોર કષ્ટ સહી ઉચ્ચ ધર્મ સાધ્યો, તો હું એથી કેઈ ઓછા કષ્ટ સહી માત્ર સામાન્ય ગુણો અને ધાર્મિક આચારોનેય, કેમ ન સાચવું ?**

**પૂર્વધર આચાર્ય ભગવંતે આપેલી રજા :-** વાઘ વરુના જડબામાં ચવાઈ જવું પડે તો પણ અનશન અને ધ્યાનમાં અખંડ સમતા-સમાધિ રાખવાનો નિર્ધાર છે, એવી વીરતા દેખાડે છે, તેથી હવે ગુરુજી એને કહે છે કે 'હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો.' પાંચમા આરામાં આવી અમર્યાદિત સમયના અનશનની રજા એમ અપાય નહિ. આજે તો ઉત્કૃષ્ટ ૧૬ ઉપવાસનું પચ્ચક્ખાણ અપાય છે. કેમકે તેવું વિશિષ્ટ જ્ઞાન નથી. પણ આ તો પૂર્વધર આચાર્ય ભગવંત આર્યસુહસ્તિ મહારાજ છે. એમની વાત ન્યારી. આપણા કરતાં પૂર્વધર મહર્ષિને શબ્દ, શુકન, નિમિત્ત, ભવિષ્ય વગેરેનું વિશિષ્ટ જ્ઞાન હોવાથી એ ભવિષ્યકાળ જોઈ શકે છે. આપણને ખબર નથી કે આ જાવજ્જીવનું અનશન સમાધિમાં પૂરું કરશે કે અસમાધિમાં ? માટે આપણાથી આવી રજા ય ન અપાય, તો એ કરાવાય તો શાનું જ ? આચાર્ય ભગવંતની રજા વિના ખાસ તપ, ખાસ અધ્યયન, ખાસ ધ્યાન વગેરે આરાધના ગણાતી વસ્તુ પણ કરવાની હોતી નથી. કેમકે શાસ્ત્ર કહે છે કે આચાર્ય એની પાત્રતા, એના લાભ, એના અપવાદ, વગેરે જાણે છે.

**અવંતીસુકુમાલમુનિ સર્વેને ક્ષમાપના કરે છે :-** ગુરુમહારાજે રજા આપવાથી, અવંતીસુકુમાલ મુનિ ગુરુજીને વંદના કરી બધાને ક્ષમાપના કરી લે છે. સાધુઓ ખૂબ જ પ્રશંસા કરે છે, હૃદય આકર્ષાઈ જાય છે. આકર્ષાઈ જ જાય ને ? આવી ઉચ્ચ આરાધના અને મરણાંત કષ્ટ સુધી સહવા માટેની તૈયારી પૂર્વક વનમાં કાઉસ્સગ્ગધ્યાને રહેવા જાય, એવા સમયનું દૃશ્ય ખૂબ જ આકર્ષક હોય છે. એમાય જ્યારે એ મહાન વીરતા આદરવા બહાર નીકળે અને બીજી બાજુ અતિ લઘુતા-નમ્રતાથી સર્વને ખમાવે, તે વખતનું દ્રશ્ય હૃદયવેધી હોય છે. કલેજું કંપાવનારું હોય છે. ત્યાં સૌની આંખમાં અશ્રુની ધારા વહી રહી હોય છે. જોનારના મોહની કેઈ વૃત્તિઓ તે વખતે પલાયન થઈ જાય છે. ગારવ અને શલ્યો ઓગળી જાય છે, હૈયું ભરાઈ આવે છે, શ્વાસ વેગ લે છે, જાણે આવા આરાધક આત્માના ચરણમાં ઝૂકી રહીએ એમ થાય છે. ગદ્ગદ સ્વરે અને રુંધાતા કંઠે ખૂબ ખૂબ અનુમોદના કરે છે. તેમજ સ્વજીવન માટે અદ્ભુત પ્રેરણા મેળવે છે. એક જબરદસ્ત આરાધક અનેકાનેક ભવ્ય જીવોને કઠોર સાધનાની અમૃત પ્રેરણા પાય છે.

**સ્મશાનમાં :-** એ વિધિ પતાવી ગુરુજીની રજા-આશીર્વાદ લઈ અવંતીસુકુમાલ મુનિ ત્યાંથી નીકળી સ્મશાન તરફ જાય છે. ત્યાં ડામરી સડકનો રસ્તો નહિ, એ



તો કાંટા-કાંકરાભર્યો રસ્તો, શહેરના સારા માર્ગની ભોંય પર પગ મૂકવાનો જેને અભ્યાસ નથી, એ અત્યારે જંગલના કાંટાળા માર્ગ પર ગુલાબ-પાંખડી જેવા કોમળ પગે ચાલ્યા જાય છે. તેથી પગમાં કાંટા ભોંકાઈ લોહીની સેરો છૂટે છે. પણ એની કોને પડી છે ? સાચું આત્મા અને દેહનું ભેદજ્ઞાન કરી લીધું છે, કાયાને શત્રુ તરીકે ગણી ઈરાદાપૂર્વક અનશનથી વહેલી તકે છોડી દેવાની જ જ્યાં તાલાવેલી છે, ત્યાં પગમાંથી ઝીણી ઝીણી અનેક લોહીની સેરો પર લક્ષ શાનું જ જાય ? મસાણમાં આવી ઊભા રાત્રિનો સમય છે. સ્થાન બિહામણું છે. જંગલી શિકારી પશુના દારુણ સ્વર સંભળાય છે. કાયા ખોઈ જ નાખવી છે એવા આ મુનિને કોઈ ડર નથી; પસ્તાવો નથી કે મેં અહીં આવવાની ભૂલ ક્યાં કરી નાખી ? ઊલટું કહો કે જાણે કોઈ ઉપસર્ગ આવે તો ખુશી છે. માટે જ ત્યાં **'નમુત્થુણં'** શક્રસ્તવ સ્તોત્ર ભણી વિચારતા અને સિદ્ધ જિનેશ્વરદેવને નમસ્કાર વિધિ કરે છે. પછી અરિહંત પરમાત્માદિ ચારનું શરણું લઈ, સર્વ જીવને ખમાવી ધર્મધ્યાનમાં આરૂઢ થઈ કાઉસ્સગ્ગ મુદ્રાએ ઊભા રહે છે. ખ્યાલમાં રાખજો શક્રસ્તવ વંદન બહુ ઉપયોગમાં લેવાનું છે.

**ઘોર ઉપસર્ગ :-** હવે ત્યાં સ્મશાનભૂમિમાં એવું બન્યું કે મુનિના લોહિયાળા પગના તળીયાથી જમીન પર લોહીના બિંદુ લાગી ગયેલા. તે લોહીના અણસારે અણસારે એક ભૂખી શિયાળણી પોતાના ભૂખ્યા બચ્ચાં સાથે ઠેઠ આ મહાત્મા પાસે આવી પહોંચી.

**''તિણ અવસર એક આવી જંબૂકી રે, સાથે લઈ પોતાના બાળ રે,''**

**જેને જેનો રસ, તેને તેની ગંધ આવતા તે તરફ તે દોડે એમાં નવાઈ નથી.** તમને રસ છે ને પ્રભુભક્તિનો ? તો ક્યાંય પૂજા, ભાવના, ઉત્સવ, વગેરેના સમાચારરૂપી ગંધ આવે ત્યાં દોડી જાઓ છો ને ? અહીં તો શિયાળણીને માંસાહારનો મોટો રસ છે. પરિણામ શું ? પણ બિચારી કરે શું ? એનો ભવ જ એવો છે કે આવાં પાપ સુલભ અને રાજી થઈને કરવાનું મળે છે.

**ઊંચા ભવનાં મૂલ્ય :-** ત્યારે તેમ એક જૈન માનવના ભવ માત્રનો મહિમા સમજો છો ? આ પ્રભાવ છે કે મનુષ્ય પણે અહીં જન્મવા માત્રથી કેટલાંય ઘોર પાપો છૂટી ગયાં. એવા એ મહિમાવંતા જૈન માનવભવના સાચાં કર્તવ્ય સમજો. **લક્ષ્મી, કુટુંબ અને વિષયોની સારસંભાળ એ કર્તવ્ય નથી. આહાર, મૈથુન, પરિગ્રહ અને નિદ્રાની સંજ્ઞાના પોષણ એ કર્તવ્ય નથી. ક્રોધાદિ કષાયોની સહાય લીધા કરવી એ કર્તવ્ય નથી. શલ્ય અને ગારવ, વિકથા અને દુર્ધ્યાન સેવવાં એ કર્તવ્ય નથી. કર્તવ્ય તો એ બધાથી છૂટવાનું છે. કર્તવ્ય નિષ્પાપ અહિંસક જીવન બનાવવાનું છે. કર્તવ્ય ઈન્દ્રિયનિગ્રહ, દયા અને સત્ય છે, પ્રભુભક્તિ અને ગુરુસેવા છે. જો આ**

**બધું ભૂલ્યા તો પાછો કોઈ હલકો ભવ મળ્યેથી બાર વાગી જવાના. બિલાડીને જન્મસિદ્ધ ઉંદર-ભક્ષણનું પાપ છે.** આ વસ્તુ પર ખાસ મન દોરી આ ભવના મૂલ્ય ઉપજાવવાની જરૂર છે. સાથે ભાવી માટે દુર્ગતિના ભવ અટકાવવાની અતિ આવશ્યકતા છે.

**જીવંત શરીર પર જંગી જુલ્મ :-** શિયાળણી હવે ભયંકર ઉપસર્ગ કરવા તૈયાર થઈ ગઈ છે. મુનિ કાઉસ્સગ્ગમાં એટલે હાલવા-ચાલવાની વાતેય નથી. તેથી આ તો નિર્ભીકપણે પોતાના ભૂખ્યા બચ્ચાઓ સાથે, જાણે મીજબાની જમવા બેસી ગઈ હોય તેમ, ક્રૂર દાંતે ફળની જેમ મુનિને બટકવા મંડે છે. શિયાળણી તો પોતાના ભૂખ્યા બચ્ચાં સાથે વળગી મુનિના પગે. ક્રૂર રીતે પોતાના દાંતની વચમાં મહાત્માની ગુલાબી ચામડીને ચટાક ચટાક ચૂંટવા લાગી. એમાંથી વહી આવતું લોહી ગટગટ પીવા મંડી; અને ચામડી ખવાઈ જવાથી ખુલ્લા પડેલા માંસમાંથી ટૂકડા એ શિકારી જનાવરો બટાક બટાક બટકવા લાગ્યા. એમાં વચમાં નસો આવી તો એને દાંત વડે ત્રટાક ત્રટાક તોડીને ખાવા લાગ્યા. **આપણને તો સહેજ ચામડી ઉઝરડાય તો ઉપર મલમપટ્ટા તૈયાર છે, ત્યારે ત્યાં એ તો દૂર રહ્યું, પણ ઉપરથી બટકા છે !** શિયાળણીના તીક્ષ્ણ દાંતમાં ઘા વાળા ભાગમાં જ વધુ ચાવવાની ઘોર પીડા છે ! એક સોયની માત્ર અણી પણ જે મુલાયમ ચામડીમાં દુઃસહ્ય છે, ત્યાં ચામડી, માંસ અને નસોના આખાને આખા લબરકા દાંત વચ્ચે તોડાતા જાય અને ચવાતા જાય; એ પીડાનું માપ સમજો છો ? શાંતિથી સાંભળી પણ ન શકાય એવી, અને **જોવાની વાત ક્યાં, સાંભળતાય કમકમી છૂટે એવી આ કારમી વેદના છતાં મહાત્મા અવંતીસુકુમાલ સમભાવમાં ઝીલે છે; સમાધિને પકડી રાખવામાં મજબૂત મનવાળા છે.** આપણી કાયા એમના કરતાં વધુ સુંવાળી કે ખડબચડી ? આપણું સંઘયણ વધારે મજબૂત કે એમનું ? ભૂલશો નહિ, એમની કાયાનું સંઘયણ પાંચમા આરાનું જ છે, એટલે મોક્ષનું સંઘયણ નથી. છતાં કાયા આપણા કરતાં ઘણા દરજ્જે વધુ સુંવાળી અને સુકોમળ છે. એમાં આટલું સહી શકાય છે, એ નક્કી થયું ને ? હજી મૃત્યુ નથી થયું. એટલે ઘોર સહવાનું ચાલુ છે. ત્યારે આપણે ઉપવાસ, આંબેલ કરીએ, પ્રતિક્રમણ, પૌષાધાદિ ક્રિયાઓ કરીએ, એમાં કેટલું કષ્ટ પડી જાય ? ધર્મસાધના ખાતર **ઘોર પીડા વેઠવા સાથે આખું શરીર ખોઈ નાખવા સુધી એ તૈયાર છે; તો આપણે ધર્મસાધના ખાતર વગર પીડાએ પણ થોડી લક્ષ્મી. થોડું સ્વમાન, થોડી સગવડ-સામગ્રી, ખોવા તૈયાર ન હોઈએ ?** એ મહાત્મા ચાહીને સામે જઈ પીડા વેઠે છે, આપણે અનિચ્છાએ આવી પડેલી પીડાને પણ ન વેઠીએ ? મહાપુરુષોના આવા જીવન પ્રસંગો તો મહાન આલંબન છે. એના



આધારે કેમ ધર્મસાધનામાં આગળ ન વધીએ ? એને બરાબર નજર સામે રાખીએ તો ઓછી વધતી સાધના કરવાનું જોમ મળે છે. એમને **દુઃખ નરક જેવું અપરંપાર છે, છતાં કોઈ માવજત કરનાર નથી. તોય અપૂર્વ સમાધિ છે.** આપણને મંદવાડના સામાન્ય દુઃખમાં માવજત કરનાર હોય છે, છતાં સમાધિ મુશ્કેલ કેમ ? કંઈ સમજાય છે ? **સુંવાળા રહેવાથી સાધક નહિ બનાય. સગવડીઆ બનવાથી કર્મ નહિ ખપે. કાયાની મરામતમાં આત્માના છોડીયાં ઉખડશે. આ જીવનના અલ્પકાળની આળપંપાળમાં ભાવી અનંતકાળ બગડશે.** આ બધી વસ્તુ અંગે મહાત્મા અવંતી ખૂબ સાવધાન છે; માટે જરાય મન બગાડતા નથી. મન બગડે તો આત્મા બગડે. એ સમજે છે કે 'કાયા એ બાહ્ય વસ્તુ છે. બાહ્ય જગત ખાતર આત્માને શા સારુ બગાડવો ?' એ વિચારમાં મક્કમ રહી આ મહાત્મા અખંડ શમરસથી, શાંત સુધારસથી પોતાના આત્માને સ્નાન કરાવી રહ્યા છે. આ બધી સ્થિતિનો ખ્યાલ પહેલેથી આચાર્ય ભગવાનને છે. માટે જ રજા આપી છે. નહિતર તો રજા ન અપાય. જુઓ છો ને કે આવી કારમી કલાકો સુધીની પીડામાં સમાધિ ક્યાંથી રહે ? સમાધિ જાય અને દુર્ધ્યાન થાય તો કેવી દુર્ગતિ અને દીર્ઘ સંસાર થાય ? ત્યારે એવું પરિણામ જ્યાં આવીને ઊભું રહે, ત્યાં શું તેવા અનશન વગેરેમાં આરાધના છે ? કે ઘોર આત્મવિરાધના છે ?

**ત્રણ પહોર સુધીની વેદના :-** શિયાળણીએ એક પહોર સુધી આખો પગ કરડ્યા કર્યો. બીજા પહોરે બીજો પગ ખતમ કર્યો, તે ઠેઠ કૂણા માખણ જેવા માંસલ લષ્ટપુષ્ટ સાથળ સુધી માંસના બટકાં તોડી તોડીને ચાવી નાખ્યો. કાયા નીચે પડી. કર્મ કેવાં કાઠા, કે હજી મહાત્માને અપરંપાર વેદનાની વચમાં આયુષ્ય ચાલુ છે. પ્યારા કરેલા પ્રાણ હજી છે તે ખસતા નથી, તેથી હવે નવી પીડા અનુભવવાની આવી.

**"ત્રીજે પ્રહરે પેટ વિદારિયું રે, જાણે કર્મ વિદાર્યા એણ રે"**

શિયાળણી અને એનાં બચ્ચાં મહાત્માના પેટ પર તૂટી પડ્યાં. અણીયાળા દાંતોની વચમાં પેટના સુકોમળ ભાગો લઈ પેટ ચીરી નાખ્યું ! કેમ જાણે મહાત્માના કર્મ ચીરાઈ રહ્યા ન હોય ? આંતરડા, કલેજું વગેરે અણીયાળા દાંત વચ્ચે કટાક કટાક કરડાવા મંડ્યું. પીડાનો પાર નથી. તીવ્ર વેદના, ઉગ્ર બળતરા છે. **કલોરોફોર્મ અહીં નથી હોં, પણ મનોબળ ધર્મધગશ, સ્વાત્મપ્રેમ વગેરે કેળવ્યા છે. તેથી નિરાંત છે, હાયવોય નથી.** કર્મનું કુટિયું કરવું છે.

એ તો જાણે **"કાયા માટી ભાંડ અશાશ્વતીરે, તૃપ્ત થાઓ એહથી જીવરે.** કાયા એ આત્મા નથી, કાયા તો માટીનું ભાજન છે, અંતે તૂટીફૂટી જવાનું છે.



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

ભલે આ બિચારા જીવ એનાથી તૃપ્ત થતા;'' એમ જીવતા જીવે કાયાના ઉપર જંગલી જનાવરોની ઉજાણી થવા દે છે.

**પાછા નલિનીગુલ્મ વિમાનમાં : ખૂબ સહવાનું રહસ્ય શું ? :-** ત્રણ પહોરની અપરંપાર કરડી વેદના ભોગવી, ચોથા પહોરે કાળ કરી નલિનીગુલ્મ વિમાનમાં ફરી દેવપણે પહોંચી ગયા. દેવોએ નીચે આવી અવંતીસુકુમાળ મહર્ષિની ચારિત્ર અને ઉપસર્ગ સહનની ભવ્ય સાધનાનો મહિમા ઉજવ્યો. દેવો પણ દાસ બને છે; કોના ? ધર્મના ઉચ્ચ સાધકોના. ત્યારે ધર્મનો મહિમા કેવો ? ધર્મ સિવાય બીજા શેની કદર દેવો જેવા કરતા હોય છે ? તેમ એ પણ જોવા જેવું છે કે દેવોની લાયકાત કેવી ? કે પોતાની અપેક્ષાએ સંપત્તિહીન એવા ધર્માત્માની પૂજાભક્તિ કરે છે.

હવે એ જુઓ કે આ મહાત્મા લાગટ ત્રણ પહોર કરડી વેદનામાં સમાધિ કેમ રાખી શક્યાં ? કહો કે ધર્મનું મૂલ્ય સમજ્યા છે. પીડા સહન કરવી તે ધર્મ છે, તેની વિસાત છે, કિંમત છે, સુખશીલતાની કિંમત નથી. તેથી **છતાં ભોગ જતા કરી ત્યાગના વારંવાર અભ્યાસ કરવાના છે. સુકોમળતા મૂકી કઠોર પણે કાયાને દેવગુરુની સેવામાં ગદડવાની છે.** બીજા તરફથી આવતા નુકસાન, અપમાન, રોફ સહર્ષ વેઠી લઈ મનને ક્ષમા, નમ્રતાદિમાં રમતું રાખવાનું છે. અવંતીસુકુમાલે સ્વેચ્છાએ ઘોર પીડા સહી. સમજે છે કે **આપણા પાપના ઉદય સિવાય પીડા આવે નહિ. ત્યારે અજ્ઞાન દશામાં અનિચ્છાએ સહવાનું આવે, એના કરતાં અહીં સ્વેચ્છાએ જ બધું સહી લેવા દે ને ?** દાનશીલ, તપભાવ રૂપી ધર્મ જેને સેવવો હોય તેણે આ પ્રમાણે મનને સમજુતી કરવી જોઈએ :-

**''મારી લક્ષ્મીને બીજા શું લૂંટતા હતા ? હું જ એને સાતક્ષેત્રોમાં લૂંટાવીશ.'' ''વિષયો મને શું દુર્બલ કરી ત્યજતા હતા ? હું જ એને ત્યજીશ.'' ''મારી કાયાને પરમાધામી શું કચડતા હતા ? હું જ એને ત્યાગતપના કોલુમાં કચડીશ.''**

**''મારા ગુસ્સાની અને મારા રોફ-અભિમાનની ખોડ બીજા શું ભૂલાવતા હતા ? હું જ જાતે એ ખોડ ભૂલીશ'' :-** વાત સાચી છે કે પરલોકમાં કે કેટલીકવાર અહીં પણ આપણા પાપના ઉદયે એવા એવા ન ધારેલા માણસો પરાણે આપણા માથે ચઢી બેસે છે કે જે આપણા ગુસ્સા કે ગર્વની ખોડ ભૂલાવી દે છે, અર્થાત્ એની આગળ ખામોશ અને નમ્રતા રાખવી પડે છે. એમ, પાપના ઉદયે બજારના વલણમાં બીજા આપણી પાસેથી લક્ષ્મી ઓકાવી લે છે. નરકમાં આપણી કાયાને પરમાધામી કચડે છે. નરક કરતાં સારા ગણાતા તિર્યંચના અવતારમાં પણ એવા ઘોર પાપના ઉદય વર્તે છે. કે સારાં રૂપ, સારા રસ, મનોરમ સ્પર્શ, મધુરા શબ્દ



વગેરે નથી મળતું; કર્મે છીનવી લીધું હોય છે. તો પરાધીનપણે આવી સ્થિતિ ઊભી થાય. એના કરતાં સ્વેચ્છાએ સારા રૂપ જોવાનું, સુંદર રસો ચાખવાનું, મનોહર સ્પર્શો અને શબ્દોની લત રાખવાનું-એ બધું કાં ન છોડવું ? એટલે શું સમજ્યા ? એટલે એ કે બીજા શું ખૂંચવી લેતા હતા. હુંજ એને આ ખુશીથી ખોઈ નાખું છું. મહાત્મા અવંતીસુકુમાળે આ ડહાપણ વાપર્યું છે. પોતે જ સુંદરરૂપરસાદિ વિષયો તરછોડ્યા છે. પોતે જ લક્ષ્મીને લાત મારી ચારિત્ર લીધું છે. પોતાની જાતે જ ઉપસર્ગમાં કાયાને કચડાવા-ખવાવા દીધી છે.

હવે બીજી બાજુ સ્ત્રીઓની દશા જુઓ. પતિને ગુરુને સોંપ્યા પછી ઉદાસ થઈ એ મકાનમાં આવી સુખ કરમાઈ ગયું છે, સાસુને તો બેવડું દુઃખ છે. પુત્ર ગયાનું, અને દુઃખી વહુઓના શોકનું.

**''કુળમાં કોલાહલ થયો, મંદિર ખાવા ધાય**
**તન ભોગી જોગી હુઓ કરમ કરે તે થાય.''**

કુટુંબમાં ગજબનો ધ્રાસકો પડી ગયો છે. ઘર ખાવા ધાય છે. તનય એટલે પુત્ર ભોગી મટી જોગી બન્યો છે, માતા અને પત્નીઓને થાય છે કે ''સુખ લૂંટાઈ ગયું. જગતમાં કર્મ કરે તે થાય. એની વિરુદ્ધ જીવનું કંઈ ચાલતું નથી. કંઈ ઉપજતું નથી. અમારાં કર્મજ એવાં ત્યાં કોઈ શું કરે ?'' સવારે ગુરુ પાસે જઈ પૂછે છે, ''અમારા પતિ કેમ દેખાતા નથી ? ક્યાં ગયાં ?'' ગુરુ જ્ઞાનથી જોઈને કહે છે કે ''જ્યાંથી આવ્યા ત્યાં પહોંચી ગયા.'' પત્નીઓ પતિનું મરણ સાંભળી વળી વધુ દુઃખી થઈ. **પાંચ પચીસ વરસનો પણ અહીંનો સંબંધ કેવાં દુઃખ કરે છે !** સ્ત્રીઓ 'હા, હા'' કરતી ધરણી પર ઢળી પડી. આંખમાંથી આંસુડાની ધારા વહી રહી છે ! 'હે પીયું, હે પીયુંના કરુણ સ્વરે છાતીફાટ વિલાપ કરી રહી છે, એ રોતી કકળતી ભાંગ્યાતૂટ્યા શબ્દે કલ્પાંત કરે છે કે ''અમારા દિલમાં દીલાસો હતો કે વ્રતધારી પણ પતિ દેખવા તો મળશે. આટલુંય અમારું સુખ કિરતારે સાંખ્યું નહિ. હે પૂજ્યશ્રી અમારા મનમાં કે રોજ દર્શન કરશું. ચરણકમળ વાંદીશું. પણ મનની મનમાં રહી, દૈવે રંડાપો દીધો, અમારા મનમાં મનોરથ જમીનદોસ્ત થઈ ગયા. આ દુઃખ અમે કોને કહીએ ? અમારા હાથ હેઠા પડ્યા. હવે અમે શું કરીએ ? સંતાપના પાર નથી. અમારે તો પૂરણ પાપ ઉદયમાં આવ્યા.'' જુઓ સંસાર જીવને કેવા દીન દુખીયા કરે છે ! કવિ કહે છે કે;

**ઈણિપરે ઝુરે ગોરડી, તિમ ઝુરે વળી માય,**
**મોહ તણી ગતિ વંકડી જેહથી દુર્ગતિ થાય.**



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

સ્ત્રીઓ ઝુરી રહી છે. માતા પણ ઝુરી રહી છે. ખરેખર ! મોહની વાંકી ગતિ છે કે જે વસ્તુ સુધરે એવી નથી, એની પાછળ મહાશોક કરાવી દુર્ગતિ નીપજાવે છે. અને ખૂબી એ છે કે જેમ જેમ ગુણ સાંભરે છે તેમ તેમ હૃદયમાં ભારે શોક થાય છે. અહીં ધ્યાનમાં રાખવાનું છે કે જૈનશાસને અપ્રશસ્ત શોકને બહુ ખરાબ કહ્યો છે. "**શોક નરકની છાપ.**" અહીં તો આ સ્ત્રીઓ શોકનું વલણ ફેરવી નાખવાની છે. પરંતુ અત્યારે તો **મોહની ગતિ વાંકી.** વાંકી ગતિએ ગાડી ચાલતી હોય ત્યાં ચડી બેસતાં વાગે, તેમ મોહના તોષ માટે પ્રવર્તતા કેટલાય ઠેબાં ખાવાં પડે છે. કાયાનું અને સ્નેહીનું સાચવવા તમે કેટલુંય કરી છૂટો છો, છતાં એ શિરપાવમાં ખાસડાં મારે છે ને ? ધર્મની બિલકૂલ સીધી ગતિ છે. ધર્મમાં પ્રવર્તતાં ઠેબાં ખાવાના નહિ, પાછળથી ખાસડાં પડવાના નહિ. ધર્મ તો કહે છે "જુઓ ભાઈ ! **દર્શન, જ્ઞાન અને ચારિત્ર; આરાધાય તેટલા આરાધો, તો કર્મશત્રુથી નહિ કચડાઓ, આ જીવનમાં કષાયની સહાય, એશઆરામી, ઈન્દ્રિયની ગુલામી, અને વિષયના આકર્ષણ ઓછા કરો.**" તૃષ્ણાની ખણજ ઉઠી તેને એમજ દબાવો, તેને અવગણો, ધુતકારી કાઢો. નહિતર સમજી રાખો કે તૃષ્ણાની પાછળ, લાલસાની પાછળ તો મોહ આ જીવનું તેલ કાઢે છે; કેમકે એકેક તૃષ્ણાના લશ્કરમાં રાગ, રતિ, ઉદ્વેગ, અવાન્તર ઈચ્છાઓ વગેરે અનેક સૈનિકો ખડા રહે છે.

**હવે બત્રીસ પત્નીઓનો કરુણ વિલાપ જુઓ :-**

**"દુઃખભર બત્રીસે રોવતી રે, ગદ્ગદ બોલે વચન;**
**પરલોકે પહોંચ્યા સહી રે, સાસુ તુમ પુત્ર રતન, દેજો મને મુજરો રે."**

**અરે સાસુના જાયા, અરે નણંદીના વીરા; અરે અમૂલક હીરા, અરે મોહનગારા, અરે પ્રીતમ પ્યારા, દેજો મને મુજરો રે,**

બરાબર સમજો કે પતિને ઉદ્દેશીને કરાતી **ચીરાતા દિલની આ પ્રાર્થના આપણે પરમાત્માને ઉદ્દેશીને કરીએ તો પ્રભુ પ્રત્યે કેવું સુંદર આત્મસર્મપણ થાય ?** દેરાસરે દર્શન કરતી વખતે "હે તારકરત્ન, હે જગતબંધુ, હે અમૂલ્ય હીરા, હે મોહનગારા, હે પ્રાણપ્યારા વગેરે વિશેષણો કહી ગદ્ગદ સ્વરે માંગવાનું છે કે હે નાથ, અમને દર્શન દો. અમને ભાવવંદન કરવા દો.

સ્ત્રીઓ છાતીફાટ કલ્પાંત કરવા લાગી છે, હૃદયફાટ રૂદન કરી રહી છે. કલેજાને કમકમાટી આવે તેવું તે દશ્ય છે. આપણે વિચારવાનું એ છે કે જો પતિ એટલે સર્વસ્વ, તો તેની પાછળ દુઃખનો પાર નથી; તેવું આપણે **શ્રી મહાવીર પ્રભુને આપણા સ્વામી એટલે સર્વસ્વ માનતા હોઈએ, તો આજ એના વિરહનું ભારોભાર દુઃખ રહે.** તેથી ગમે તેવા સાંસારિક વૈભવ વિલાસના સુખમાં જીવને



ચેન પડે નહિ.

સાસુને ખબર પડી. દુઃખનો ડુંગર માથે તૂટી પડ્યો. પછી સાસુ ને વહુઓ શોકભર્યા દિલે કંથેરીના વનમાં ઢુંઢતા ચાલ્યા. પહોંચીને જ્યાં જુએ છે તો ત્યાં મહાત્માનું હાડપિંજર પડ્યું દેખાય છે. એ જોતાં જ સ્ત્રીઓને પોતાના હૃદય પર એટલો બધો તિરસ્કાર છૂટે છે કે બોલી ઉઠે છે.

**"હૈયા ! ફાટે કાં નહિ રે, જીવી કાંઈ કરેશ;**
**અંતરજામી વાલ હો, તે તો પહોંચ્યો પરદેશ રે.**
**હૈડા ! તું નિષ્ઠુર થયું, પહાણ જડ્યું કે લોહ;**
**ફીટ પાપી ફાટ્યું નહિ રે, વહાલા તણે વિછોહ.**

હૈયું કેમ ફાટી ન ગયું ? પ્રિયની આ સ્થિતિમાં હે હૈડા ! હવે તારે જીવવાનું શું કામ છે ? હજી તું જીવી રહ્યું છે તે તારી નિષ્ઠુરતા છે ! તું તે પત્થરનું બનેલું છે કે લોઢાનું ?" વગેરે બહુ કલ્પાંત સ્ત્રીઓએ કર્યા.

**વિલાસમાંથી વિરાગમાં :-** આપઘાત કરી મરાય એવું નથી. તેથી હવે એક અદ્ભુત વાત નક્કી કરે છે. "**વહાલાએ જે ગમતું કર્યું તેજ અમે ગમતું કરીશું.** હવે સંસારમાં શું બેસી રહેવું'તું ? હવે તો દીક્ષા લઈ આત્માનું અજવાળીશું." શું કર્યું આ ? શોકને વિવેકથી વૈરાગ્યમાં વાળી દીધો. **સુજ્ઞનું કામ એ છે કે સામે ઊભેલી મોહની લાગણીને ધર્મમાં વાળી દેવી.** અહીંથી તમે ઘેર ગયા, ને બચુડો બાપુજી કરતો સામે આવ્યો. ત્યાં તમારા હૃદયમાં ઉઠતી મોહની લાગણીને ધર્મની લાગણીમાં ફેરવી વાળવી જોઈએ દા.ત એમ વિચારાય કે "આ પ્રતાપ મારા અરિહંત દેવની કૃપાનો છે." અથવા "મારી પ્રત્યે પ્રેમાળ આ દીકરો મારા વચનથી જો ધર્મની લાઈનમાં લાગી જાય તો એનું મહા કલ્યાણ થઈ જાય. અનંતકાળે આટલે ઊંચે ચઢેલો એ હવે નીચે ન પડે." આવું આવું ઠામ ઠામ વિચારી શકાય. જો દરેક લાગણીને ધર્મલાગણીમાં ફેરવી દો, તો તમે અલ્પભવી થઈ જાઓ. સ્ત્રીઓને દુઃખ કેટલું બધું હતું ? કલ્પાંત ગજબ ! "હે હૈડા ! તને તો કટારીએ હણી નાખું, કે બળતે અંગારે શેકી નાખું ? સ્વામિનું મૃત્યુ જાણી ફાટી કેમ ન પડ્યું ? તારો સ્નેહ જ ખોટો છે." આમ દુઃખનો સાગર ઊલટતો હતો, હૃદયમાં માતો નહોતો, પણ

**"વૈરાગ્યે મનવાળીયો સમજાવે તે આપ;**
**હૈયો હટક્યો હાથકર, હવે મત કરો વિલાપ."**

હવે મન વૈરાગ્ય તરફ વાળી દીધું. આત્માને સમજાવી દીધું' કે "આ વિલાપ અને આ કલ્પાંતમાં હૃદયને ફોગટ ખોઈ નાખવાને બદલે, હવે તો પતિએ

એમના હૃદયમાં જે વહાલું કર્યું, તેજ આપણા હૃદયમાં વહાલું કરવા દો, વસાવવા દો.'' કેટલીક વાર બોલાય છે ખરું કે 'અમને ધિક્કાર છે કે અમે સ્નેહીના ગયે છતે કેમ જીવ્યા ? પણ **જો ખરી હકીકત હૃદયબંધ પડવાને બદલે જીવતા રહ્યાની છે, અને આપઘાત કરવામાં ડહાપણ નથી લાગતું, તો માર્ગ ત્યાગ વૈરાગ્યનો લેવો જોઈએ. જેથી લાગે કે સ્નેહી ગયેથી સંસારમાં લેશમાત્ર ગમવાનું આપણે રાખ્યું નથી.**

**મનને પાપની લાગણીમાંથી ધર્મની લાગણીમાં વાળવાના મહાન લાભ :-** આ વૈરાગ્યમાં મન વાળી લેવાની વસ્તુ મહાન છે. એમાં અઢળક પુણ્યના ઉપાર્જનની અને પાપના ક્ષયની ચાવી પડી છે. કોઈ પણ પ્રસંગમાં જો આ ચાવી આપણી પાસે છે; અને એને ઉપયોગમાં મૂકીએ છીએ તો પાપક્ષય અને પુણ્યમૂડીને આવવાના દરવાજા ખુલી જાય છે. આવી થોડીક આવડત જોઈએ, અને ભારે ગરજ જોઈએ. પછી કેમ ? તો કે કોઈએ આપણને જરા ટોણો માર્યો ત્યાં રોષમાં ચઢતાં જતાં આપણા મનને સમજાવાય કે **'જો ઉતાવળું થઈશ નહિ. આ તો આપણને ઉપકારી મળ્યો. આપણને એણે સાવધાન કર્યા,'** એમ કરી મનમાં મૈત્રીભાવના અને વત્સલતા લવાય તો એ લાભમાં ઉતર્યું. અહીં સ્ત્રીઓને ભારે દુઃખનો પ્રસંગ છે. છતાં આંતરપુરુષાર્થ કરી મનને વૈરાગ્યમાં વાળી લે છે. ઘરે સમૃદ્ધિનો પાર નથી. કોઈએ ઘરમાંથી ધક્કો મારી કાઢી મૂકયા નથી. પરંતુ સાચેસાચ ધરેલી પતિ ઉપરની સ્નેહની લાગણી **શોક એવો ઊભો કરે છે કે સમૃદ્ધિ એમને લલચાવી શકતી નથી. ત્યારે માર્ગ વૈરાગ્યનો પસંદ કરે છે.** કુટુંબમાંથી નીકળેલો એક આરાધક આત્મા કેવા આખા કુટુંબને આરાધનાના માર્ગે ચઢાવી દે છે !! તેમ સ્ત્રીઓ અને માતા કેવા સુયોગ્ય સ્નેહી બની રાગમાંથી ત્યાગમાં ચઢી જાય છે. આપણી પૂરી જાગ્રતિ હોય તો આપણને ડગલે ને પગલે હૈયામાં ઉઠતી મલિન વાસનાઓને શુભ ભાવાનાઓમાં ફેરવી શકીએ છીએ.

દુન્યવી લાગણીઓને ધર્મની લાગણીઓમાં પલટાવી શકીએ. જીવનવિકાસ માટેની આ મહાન વસ્તુ છે. **જ્યાં વિષયોની કે કષાયની લાગણી ઉઠી કે એને પલટો ધર્મની લાગણીમાં.**

**માતાનો આર્તનાદ :-** સ્ત્રીઓએ કરુણ કલ્પાંતમાંથી પલટો કર્યો. ત્યારે જુઓ કે માતાનો કલ્પાંત વળી કેવો ગજબ હતો. મુનિના દેહને અગ્નિસંસ્કાર કરતાં કરતાં ક્ષિપ્રા નદીના કાંઠે ઊભી ઊભી માતા રડે છે. બળતી ચિતાને ધ્રૂજતા હૃદયે જોવાથી ચક્ષુમાંથી આંસુનો જાણે એવો ધોધ વહી રહ્યો છે, કે એથી એની કાંચળી ભીની લચબચ થવાથી નીતરી રહી છે. રોતા હૃદયે પુત્રવધુઓને એ કહે છે.



''અરે ! મારી ભલી-ભોળી વહુઓ ! આ કેવું ગજબનાક અકાર્ય થયું !!''

કવિના શબ્દોમાં એ જુઓ,

**''ક્ષિપ્રા તટે ઊભી રડે રે, માય ચિતા બળતી જોય;**
**આંસુ ભીનો કંચુઓ રે, રહે નિચોય નિચોય;**
**મોરી વહુઅર ! એ શું થયું રે અકાજ.''**
**''એ ઘર મંદિર કેહના, કેહની એ ધનરાશ.**
**દીસે સહુ એ કારમા, વિણસંતા શી વાર;**
**સધ્યા રાગ તણી પરે, કારમો સહુ પરિવાર.**
**બાજી બાજીગર તણી, દીસતી જેમ અમૂલ્ય,**
**દિવસ ચારકા પેખણાં, અંતે ધૂળકી ધૂળ.**
**સુપનમાંહી જેમ રાંકડો, ધન પામી હુવો શેઠ;**
**જાગી નિહાળે ઠીકરું, ભાગ્યું માથા હેઠ''**

કવિએ રજૂ કરેલું માતાની વિચારણાનું આ દશ્ય સંસારની નીતરતી અસારતા અને વિનશ્વરતાની સચોટ પ્રતીતિ કરાવી રહ્યું છે.

આ ઘર અને આ મહેલાતો કોની સમજવી ? આ ધનના ઢગલા કોની માલિકીના ? ઘર તો એક મુસાફરખાનું છે. એમાં પૂર્વજો રહી રહીને ચાલતા થયા. આપણે પણ ચાલતા થવાનું છે. પછી આમાં વળી બીજા કોઈ રહેવા આવશે. ત્યારે ધન પણ પૂર્વજોએ ભેગું કરેલું છતાં એમની એના પર માલિકી રહી નહિ. એમનેય આ છોડીને જવું પડેલું. એટલે મહેલ અને ધન બંનેય કોઈના કબજા હેઠળ કે કોઈના કહ્યામાં નથી. છતાં અજ્ઞાન જીવ એવા સ્વચ્છંદી પાછળ નકામો તૂટી પડે છે, જૂઠ બોલે છે. અનીતિ આચરે છે. કલહ ટંટા ઉપાડે છે, દેવગુરુધર્મને ભૂલે છે. ખરેખર ! વિવેકથી જોતાં આ બધા ભયંકર ભાસે છે, યાવત્ કુટુંબ પરિવાર પણ ભયંકર ભાસે છે. અનંતકાળે શ્રી જિનેશ્વરની આજ્ઞા પાળવાની મળેલી ઉત્તમ તકને જતી કરાવે અને દુર્ગતિના કૂવામાં ડૂબાડી દે એવા આ ઘરબાર, પૈસા-પરિવાર ભયંકર નહિ તો બીજું શું ? એના જેવું ભયંકર બીજું શું છે ? અહીં તત્કાળ મૃત્યુ કરનાર હળાહળ ઝેર પણ તેવું ભયંકર નથી, જેવી આ મોહ પમાડનારી સામગ્રી છે. પાછી એ સંધ્યાના રંગની માફક નાશવંત છે; એટલે મોહથી વળગી રહેવા જતાં પણ એ ટકવાની નથી, જીવને તરછોડવાની છે.

જાદુગર માણસ ધૂળભર્યા રસ્તા ઉપર લોકને જાદુઈ નગરની કે એવી બીજી કોઈ રચના બતાવે છે. જાણે એમ લાગે કે 'હવે આ ધૂળનો રસ્તો નથી રહ્યો. આ તે મહાન બગીચો છે, અને એમાં આ વૈભવી રચના છે.' પરંતુ ખરું જોતાં માત્ર


ઈન્દ્રજાળ છે, ખેલ પૂરો થતાં ત્યાં એમનું કશું દેખાતું નથી શું, ત્યાં એનું ચિહ્ન સરખુંય નથી. માત્ર પૂર્વની જેમ ધૂળના ધૂળ દેખાય છે. તેમ આ સંસારના વૈભવ એ ચાર દિવસના જાદુઈ ખેલ છે. પછી આપણા માટે એ ધૂળ.

અનંતકાળથી સંસારનું સ્વરૂપ આવું જ ચાલ્યું આવે છે. છતાં મૂર્ખ જીવ સ્વપ્નની માયામાં રાચે છે. દા.ત. કોઈ એક ગરીબડો માણસ સ્વપ્નમાં મખમલના ઓશીકા પર માથું મૂકી સુવાનું જુએ છે. એમાં ઓશીકું કેટલું દબે છે ? એ જોવા માથું દબાવતાં માથા નીચેનું પોતાનું ઠીકરું ભાંગ્યું. જાગીને નિહાળે છે ત્યાં શેઠાઈ તો ઊંડી ગઈ, પણ ઊલટું ભીખ માગી ખાવાનું ઠીકરું પણ ભાગી ગયું. તેમ માતા કહે છે કે, "આપણે ખોટી આશાઓ રાખી કે આમ આનંદમાં રહીશું, આવાં સન્માન પામીશું, પણ એ બધા સ્વપ્નના તરંગ કાળે આપણને જુદું દેખાડ્યું. સંસારની જો આવી સ્વપ્ન જેવી દશા હોય તો એને પોષવાનું શું કામ છે ? પુત્ર વહેલો ચેત્યો, ચાલી નીકળ્યો, ને સાધી ગયો. આપણે હવે ચેતી જઈએ અને સાધવાનું સાધી લઈએ. આ જગતમાં કોઈ કોઈનું નથી. અંતે બધું ઈન્દ્રજાળ જેમ ફોક છે. કર્મ બાજપક્ષીની જેમ જીવને ગમે ત્યાં ઊંચકી જશે."

**માતા તથા ૩૧ સ્ત્રીઓની દીક્ષા અને સ્વર્ગ :-** વૈરાગ્યવંતી ૩૨ સ્ત્રીઓમાંથી એક ગર્ભિણી સ્ત્રીને ઘરમાં રાખીને બીજી બધીએ તથા માતાએ ચારિત્ર લીધું. કઠોર ચારિત્ર પાળે છે. અમનચમન અહીં નહિ. હૈયું છે કે નહિ ? વર્ષો સુધી શોક બતાવનારાને જો શીરાપુરી ખપે છે; તો શોક શામાં ? ખરો શોક હોય તો થાય કે "ચાલો હવે વિગઈઓનો, કષાયોનો ત્યાગ કરો. એમણે તો ચારિત્ર એવું પાળ્યું કે ઘોર તપશ્ચર્યા સાથે અંતે અનશન કરીને સમાધિ-મરણ પામી એ દેવલોકમાં પહોંચી ગયા. ગર્ભિણી સ્ત્રીના જન્મેલા પુત્રે પિતાના મરણના સ્થાને **અવંતી પાર્શ્વનાથ** ભગવાનનું મહાન તીર્થ તુલ્ય મંદિર બનાવ્યું. કાળ જતાં તેની ઉપર શિવનું લિંગ સ્થપાયું. સમય જતાં **શ્રી સિદ્ધસેન દિવાકર મહારાજે** પ્રભુસ્તુતિના શ્લોકોથી એ લિંગ તોડી. **ભગવાનને પ્રગટ** કર્યો.

જીવનના આદર્શના પ્રસંગમાં પ્રસિદ્ધ અવંતીસુકુમાલની જીવનરૂપરેખા જોઈ છે. એમાંથી શક્ય એટલો આત્મબોધ લઈ જીવનને અજવાળો એ શુભેચ્છા.

❖ ❖ ❖







(૧૯)

# અનંતના પ્રવાસે અને પ્રવાસી સ્વજનોની ગુણગાથા

(એ વિષય ઉપર પૃથ્વીચંદ્ર-ગુણસાગરના **આખ્યાન** સાથે અપાયેલું જાહેર વ્યાખ્યાન, સ્થળઃ- અંધેરી ઉપધાન નગરનો પ્રવચન મંડપ)

**तव चेतसि वर्तेऽहमिति वार्ता पि दुर्लभा ।**
**मच्चित्ते वर्तसे चेत्त्वमलमन्येन केनचित् ॥**

**કવિનો કેકારવ : પ્રભુના ચિત્તમાં શ્રાવક-કામદેવ વસી ગયા :-** કલિકાળ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરિશ્વરજી મહારાજ પરમાત્માની સ્તુતિ કરતાં કહે છે કે "હે ભગવાન આપના ચિત્તમાં હું વસું છું એવી વસ્તુસ્થિતિ તો નહિ, પણ એની વાત પણ દુર્લભ છે." જુઓ, પરમાત્માના ચિત્તમાં ભક્ત વસે એ વાત **અશક્ય** નથી, માટે **દુર્લભ** કહે છે. વીર પ્રભુના શ્રાવક કામદેવે એવું ઘોર ઉપસર્ગ સહવાનું પરાક્રમ કર્યું કે પ્રભુના દિલમાં એ વસી ગયો. જ્યારે એ રાત્રિના ઉપસર્ગ સહ્યા પછી સવારે પ્રભુને વંદન કરવા જાય છે ત્યારે પ્રભુ પાસે પહોંચતાં પ્રભુ સાધુઓને બોલાવીને કહે છે, "હે શ્રમણો ! જુઓ આ એક ગૃહસ્થ એવા પણ કામદેવે ગઈ રાત્રિના ઘોર ઉપસર્ગ સહ્યા, તો સંસાર મૂકી આવેલા તમારે ?" પ્રભુ તો વીતરાગ છે. એમને કામદેવ પર સ્નેહ નથી. પરંતુ કામદેવની સાધના વિશેષતયા ઉત્તમ ગણી સાધુઓને એનું દૃષ્ટાન્ત દે છે. એનો અર્થ એ કે કામદેવ જાણે પ્રભુના ચિત્તમાં વસી ગયો. અહીં કવિ કહે છે એ કે "એ વાત મારા માટે દુર્લભ છે. પરંતુ એટલા માત્રથી મારો મોક્ષ અટકવાનો નથી, આત્માની ઉન્નતિ રુંધાવાની નથી પણ હા ! એક વાત છે કે એ માટે હે પ્રભુ ! મારા ચિત્તમાં આપને જરૂર વસાવવા પડશે; અને એ જો આપ વસી જાઓ, પછી તો જગતનું બીજું કાંઈ મને ન મળે તો મને પરવા નથી; અરે ! મળે તોય મારે જોઈતું નથી." દિલમાં એક માત્ર પરમાત્મા વસાવવાની અને બીજી વસ્તુની પરવા મૂકવાની આ પ્રાર્થના છે.

**ચિત્તમાં પરમાત્મા વસે એટલે શું ? :-** આપણા ચિત્તમાં પરમાત્મા વસે એટલે શું ? પરમાત્મા એટલે જે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીતરાગ, અને અનંત વીર્યાદિ લબ્ધિઓ, તે અનંતની પ્રગટ પ્રતિમા ! પ્રગટ મૂર્તિ ! **પરમાત્મા**

**એટલે અનંતનું નિવાસસ્થાન ! અનંતના નિવાસસ્થાનભૂત એ પરમાત્મા જો ભક્તના હૃદયમાં વસી ગયા, તો પછી અંત પામનારી સંસારની વસ્તુઓ ન મળ્યાની પોક હોય ?** રસના શોખીનને ઘેબરના ભોજન મળ્યા હોય, તો શું ફરિયાદ કરે કે 'સુકા રોટલા કે કોદરી ન મળી ?' કોઈ જો કરે, તો એ કેવો કહેવાય ? એને કહેવાનું મન થાય ને કે અરે મૂર્ખ ! તું ઘેબરને કિંમતી સમજતો નથી, માટે પોક મૂકે છે. પેલી ભીલણની વાત જાણો છો ?

**ભીલડીનું રોદણું :-** એક રાજાને મંત્રી સાથે વિવાદ કરતાં એમ આગ્રહ થયો કે,

**'ગમે તેવાનું પણ ઘડતર કરવું હોય તો કેમ ન થાય ?'**

મંત્રી કહે **"જાત તેવી જ ભાત પડે."**

રાજાએ 'અવસરે વાત' કહીને પૂરું કર્યું.

એકવાર જંગલમાંથી રાજા એક ભીલડીને મહારાણી બનાવવાની લાલચ આપી લઈ આવ્યા. મહેલમાં લાવી બીજી રાણીઓને સોંપી, અને ખાસ ભલામણ કરી કે "જુઓ, ધ્યાન રાખજો, આની બરાબર સેવા કરજો, સારામાં સારા વસ્ત્ર, અલંકાર, ખાનપાન, આસન, પલંગ-ગાદી વગેરેમાં કમીના રાખશો નહિ. પછી હું એને ક્યારેક પૂછીશ, અને જો જરાય તમારી કસુર સાંભળી છે, તો તમને ભયંકર સજા કરીશ."

આવો રાજાનો હુકમ, એટલે એની બજવણીમાં શી ખામી રહે ? **પણ પરમાત્માના આથી સહેલા પણ દાનાદિના હુકમ માનવામાં અખાડા કરાય છે ! કેમ ? કહે છે ને 'જીવ સોટાને સલામ ભરે છે.'** એમ લાગે કે આમ નહિ વર્તીએ તો સોટો પડશે, તો તો કષ્ટ ઉઠાવવા તરત તૈયાર છે. એટલી ખબર નથી કે **'પ્રભુના આદેશ ન પાળવામાં કર્મસત્તા ભયંકર સોટા લગાવે છે. ફરીથી પરમાત્મા મળવાનું બંધ થઈ જાય છે.'** અસ્તુ !

રાણીઓએ એને મહારાણી જેવી બનાવી ઊંચામાં ઊંચી સેવા કરી. પછી રાજા મંત્રીને લઈને મહેલમાં ગયા. આસન પર બેસી ભીલડી તથા રાણીઓને બોલાવે છે. દેખાવામાં તો ભીલડી મહારાણી જેવી દેખાય છે, તેથી રાજા એમ ખુશ થાય છે કે હવે મંત્રીને બતાવી દઉં કે 'જુઓ, વગર જાતે ભાત પડી કે નહિ ?'

ભીલડીને રાજા પૂછે છે, 'કેમ અહીં મઝા છે ને ?'

'શી મઝા ?'

'કેમ ઘરેણાં બરાબર ન મળ્યાં ?'

'ઘરેણાં હીરા-માણેકનાં તો મળ્યાં, પણ પેલાં ઝાડની વેલના ગુંથેલા ઘરેણાં



ક્યાં છે ?'

રાજા તો ચોંકી ઊઠ્યો. ફરી પૂછે છે 'પણ કપડાં તો બરાબર છે ને ?'

'શું કપાળ બરાબર ? એકલી જરીયાન સાડીઓને શું કરીએ ? પેલાં કોડીઓ ટાંકેલાં બદનીયાં ક્યાં છે, બદનીયાં ?'

વળી રાજા ખચકાયો. પણ હજી જાણે સરી જતી આબરૂને બચાવવા પૂછે છે, 'છતાં ખાવાનું તો સરસને ?'

'શું ધૂળ સરસ ?'

'કેમ એમ ?'

'આ જુઓને. ગુલાબ જાંબુને એ બધું મને આપ્યું, પણ પેલાં ખાટાં ખાટાં બોર ક્યાં આપ્યાં ?'

વિચારો રાજાની દશા. સરળ એટલે મંત્રીનું વચન કબૂલ કર્યું. પણ શું આ ? ભીલડીને સાચી ઓળખ નથી કે પોતાને ગમતી વસ્તુ કરતાં મહેલમાં મળેલી ચીજો કેટકેટલી કિંમતી અને ઊંચી છે. તેથી રોદણું રૂવે છે કે ખાટાં બોર વિના શું મઝા ? તેમ **પરમાત્માને પરમાત્મરૂપે જે ઓળખતો નથી કે તે અનંતનું નિવાસસ્થાન છે, અનંતની પ્રગટ પ્રતિમા છે, તેથી સંસારની વિનશ્વર વસ્તુઓ પાછળ પોક મૂકે છે. અનંતના દાતા પ્રભુનો સાચો ખ્યાલ હોય તો સંસારની કોઈ ચીજ ન મળ્યાનું દુઃખ ન હોય.**

**ચિત્તમાં પ્રભુ વસાવ્યાનો લાભ :-** એટલે કવિ કહે છે 'હે પ્રભુ મારા ચિત્તને વિશે આપ વસી જાઓ, પછી મને કોઈ ચીજની જરૂર નહિ !' પરમાત્મા આપણા ચિત્તમાં વસ્યા નથી એટલે આજસુધી સંસારમાં કેવી કેવી ઠોકરો ખાધી છે ? કેવા કેવાં અપમાન, વેઠ ને વૈતરાં સહ્યાં છે ? અને શિરપાવમાં નાલેશી ? ચિત્તમાં જો પરમાત્માનો વાસ થશે, તો પછી જીવને નાલેશીનું નામ નહિ હોય; વેઠ ને વૈતરાનું નામ નહિ હોય; દુઃખ ને દીનતાનું નામ નહિ હોય. જગતના વિષયોરૂપી ધૂતારા આગળ જીવ લોભી ભામટો બની ઈન્દ્રિયો અને હિંસાદિ પાપવૃત્તિની અવિરતિરૂપી શકોરું લઈ અનંતાનંત કાળથી જે ભીખ માગી રહ્યો છે, તે હવે માગવાની નહિ હોય ! આ જીવ શરીરધારી છે પણ એ શરીરમાં પરમાત્માનો વાસ નથી રાખ્યો એટલે ભમી રહ્યો છે બહાર ! દુનિયામાં માણસ વાંઢો હોય ત્યાંસુધી કદાચ બહાર ભટકતો હોય, પણ પરણીને કોઈને અંદર બેસાડી, એટલે હવે બહાર જવું પડે તો કચવાશે ! જો એ પ્રેમ જેવો લગ્ન વખતે હતો, તેવો વર્ષો જવા છતાં હોય તો એને બહાર ભટકવું નહિ ગમે. તેમ જેણે પરમાત્માને પ્રેમથી દિલમાં વસાવ્યા તેને પછી બહાર ભટકવું ગમે નહિ. હૂંફ હોય તો અંદરની. પછી જગતમાં



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

ગમે તેવા પ્રસંગો બને, તેના ઉપર એ લહેવાઈ ન જાય. તેની કિંમત ન ગણે **પરમાત્માની હૂંફ છે માટે બહારની પ્રતિકૂલતામાં એમ ન માને કે મારું બગડી ગયું કે લૂંટાઈ ગયું. તેમ બહારની સુખસંપત્તિને વિસાતમાં ન ગણે.** પરમાત્મા જે અનંતાને ધરે છે, તેના હિસાબમાં આ કેટલું ગણાય ? કહોને કે "કશું નહિ." **એ અનંતજ્ઞાન, અનંતસુખ પ્રગટ થઈ ગયા પછી આત્માની શોભાનો પાર નથી. એને બીજી કંઈજ જરૂર નથી; એ સ્થિતિનો પછી કદી અંત નથી,** કેમકે એ અનંતજ્ઞાન-સુખાદિ આવેલા જતા નથી.

**સાચા અનંતની ખોજ કરો :-** અંત ન થાય એનો મહિમા ઓર છે. કોઈ દાતાર મળે, અને કહે "તમને હવેલી આપું પણ માત્ર છ મહિનાન ગેરંટી. છ મહિના પર સાતમાં મહિનાના પહેલા દિવસે, વહેલી સવારે એ પાછી લઈ લઉં." અને બીજો સામાન્ય ઘર આપવા તૈયાર છે; પણ કહે "જિંદગી સુધી લહેર કરો પાછું લેવાની કોઈ વાત નહિ !" તો શું પ્રિય ? જેનો અંત ન આવવાનો હોય તે વધુ પ્રિયને ? તેમ આ અંદરનાં અનંત ઘણાં મોટાં છે, અવિનાશી છે. પાછાં એવાં કે બીજી કાંઈ જરૂર ન પડે. એવા અનંતના સ્વામી અને અનંતના દાતા પરમાત્મા આપણા ચિત્તમાં વસી ગયા પછી, ક્ષય અને લય પામી જાય તેવી જગતની જે ચીજો, તે ઓછી મળ્યાનો ખેદ શાનો ? વધુ મળ્યાની ખુમારી શાની ? એને મળ્યા પછી પણ **બીજી જરૂરિયાતો જો ઊભી રહે છે, તો એને મલવા ન મલવા પર જીવ સોભાગી-હીણભાગી શાનો ?** સાચી અનંતની ખબર નથી. તેના જ વાંધા છે.

**અનંત એટલે શું ? :-** અનંત એટલે જેનો અંત ન થાય, અનંત એટલે જેનું માપ ન નીકળે, જેનો વિષય અપરિમિત હોય. અનંત એટલે વ્યક્તિગત રીતે શાશ્વતકાળ માટે ટકવાનાં. અનંતનો આવો અર્થ લઈએ તેમાં શું આવે ? માત્ર આત્માનાં જે અનંતજ્ઞાનાદિ ગુણો ગણાય છે, તેજ આવે.

**પ્ર.-** એમ તો સંસાર પણ અનાદિ અનંતકાળથી ચાલ્યો આવે છે. તો શું એ અનંત નહિ ?

ઉ.- ના, અહીં નહિ, યાદ કરો અનંતની વ્યાખ્યા. પ્રવાહથી અનંત નહિ પણ વ્યક્તિગત રીતે અનંત કહ્યું છે. **સંસાર વ્યક્તિગત અનંત નથી; પ્રવાહથી અનંત છે.** વ્યક્તિગત રીતે તો નાશ પામનારો છે, અર્થાત્ અત્યારે મનુષ્ય હોય તેમાંથી મરીને દેવભવમાં જીવ ગયો, એટલે મનુષ્યપણારૂપ, એના સંસારનો અંત થયો. ત્યાંથી ચ્યવીને તિર્યંચમાં, ત્યાંથી વળી નિગોદમાં ગયો તો પૂર્વપૂર્વનું તિર્યંચ પંચેન્દ્રિયપણું વગેરે વ્યક્તિગત ન ટક્યું. આમ મનુષ્યપણું, દેવપણું, તિર્યંચપણું



વગેરે સંસારનો અંત આવ્યા કરે છે. આ **'ગતિ'** રૂપી સંસારની વાત થઈ. એમ અત્યારે 'રાગનો' સંસાર ઊભો કરીએ, તેનો પણ અંત આવે છે. ધારો કે, એક ચીજ પર બહુ રાગ કર્યો. તે રાગને પણ આપણે કાયમ ટકાવી શકતા નથી. દ્વેષ કર્યો. ચીજ જોવી નથી ગમતી; પરંતુ તે દ્વેષ પણ કેટલો વખત ટકવાનો ? અલ્પકાળ. રાગ પણ શાશ્વત નહિ, ને દ્વેષ પણ શાશ્વત નહિ ! ત્યારે ગુસ્સાનો સંસાર ઊભો કરીએ તે ? અભિમાનનો કરીએ તે ? માયા-લોભનો સંસાર ખડો કરીએ તે ? વ્યક્તિગત રીતે એ બધાં સંસાર અંત પામનારા, તો સંસાર અનંત ક્યાં રહ્યો ? ત્યારે મોક્ષસુખ, સર્વજ્ઞતા, વીતરાગતા. વગેરે જે અનંત છે, તે કાયમ માટે. હવે એનો કદી અંત નહિ.

**અનંતનું આકાશ :-** જગતમાં પુદ્ગલદ્રવ્યો અનંત છે; પણ કોઈ શાશ્વત ગુણવાળા નહિ; તેમ, તે રૂપે અનંતકાળ ટકવાવાળા નહિ. **પુદ્ગલ દ્રવ્યમાં વધુમાં વધુ અસંખ્ય કાળે પલટો થઈ જ જવાનો. પણ શુદ્ધ બનેલ પરમાત્મદ્રવ્યમાં ન કદી પલટો, કે ન ક્યારેય ગુણનો અંત !** જીવની આ વિશેષતા છે. એકવાર એને શુદ્ધ કરો, પછી કદી એની સુંદરતા અક્ષયતા જાય નહિ. આ તો 'અનંત એટલે અક્ષય'ની વાત થઈ હવે માપ અમાપ હોય એવું અનંત ક્યાં ? આત્માના જ્ઞાનગુણમાં. કેમકે અનંતજ્ઞાનના વિષયમાં ત્રણે કાળના સર્વે જીવો, સર્વે પરમાણુ, વગેરેની સર્વ રીતભાત આવે, જ્ઞાન અનંત ! દર્શન અનંત ! ચારિત્ર અનંત ! સુખ અનંત ! 'આ મળે તો કેવું સારું' એમ થાય છે ને ? પણ આ બધું આપણા આત્મામાં છે હોં, કિન્તુ જપ્ત થએલું છે. પરમાત્મા, તે આપણા હૃદયમાં વસે પછી ન્યૂનતા રહેતી જ નથી. એટલા માટે કવિએ સ્તુતિ કરી. "ભલે પ્રભુ ! આપના ચિત્ત વિષે અયોગ્ય એવા મારું સ્થાન ન હોય, પણ અહો ! જો આપ મારા ચિત્તમાં વસી જાઓ, તો મારે બીજી કોઈ જરૂર રહેતી નથી." પૂછોને કે તો શું સંયમની જરૂર નહિ ? પણ કહો કે પરમાત્મા દિલમાં વસે એમાં સંયમ તો બેઠેલું જ છે ! અપ્રમાદ, ક્ષપકશ્રેણી બેઠેલી જ છે ! શુક્લધ્યાન બેઠેલું જ છે ! એ બધું પરમાત્માને ચિત્તમાં વસાવવા રૂપજ છે. **પરમાત્માની આજ્ઞાનું જીવન એ પરમાત્માનું સાચું ધ્યાન છે.** એનાથી આપણા આત્મામાં પણ અનંતજ્ઞાન વગેરે પ્રગટ થાય છે. જે આ જ્ઞાનાદિ અનંતા છે, એના મથકે પહોંચવા માટે પ્રવાસ ખેડવાની જરૂર છે. **માર્ગાનુસારિતા અને અપુનર્બંધક અવસ્થાથી માંડી સમ્યક્ત્વ, સંયમ, અપ્રમત્તતા વગેરેની સાધના કરવી, એ અનંતના પ્રવાસે જવા બરાબર છે.**

**અંતનો પ્રવાસ કે અનંતનો ? :-** પ્રવાસ ઘણા ખેડ્યા ! પણ એ પ્રવાસ અનંતાએ પહોંચવા માટેના નહિ પણ ઊલટું એનાથી દૂરને દૂર રહી સંસારની



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

ગતિઓએ અનંતીવાર ભટકાવનારા પ્રવાસ કર્યા. હવે તો અનંતના પાસે જવાનો પ્રવાસ ખેડવાનો છે. **અનંત તરફનો પ્રવાસ એટલે અંતવાળા તરફથી પાછા હઠવું જોઈએ.** અર્થાત્ મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, કષાય વગેરેથી પાછા હઠી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર, ઉપશમભાવ, વગેરેને આરાધાય તો એમાંથી આગળ વધી અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંત ચારિત્ર વીતરાગતા વગેરે અનંતાની પ્રાપ્તિ થાય. આત્મામાં જો સમ્યગ્દર્શન છે, તો તેને ટકાવવા મિથ્યામતિ દૂર કરવી જોઈએ પણ જો એમાં જ રચ્યાપચ્યા રહ્યા એટલે તો પછી સમ્યગ્જ્ઞાનથી આઘા પડી જવાના. **સાચું દર્શન એટલે વસ્તુના આત્મહિતકારી કે આત્મસહકારી જે ખાસ ધર્મ, તેને જોવાના.** આ કરતા રહીએ તો અનંતદર્શનની નજીક પ્રવાસ ખેડ્યો ગણાય. ક્યારે બને એ ? આ તો વસ્તુના મિથ્યાદર્શનમાં અનેકશઃ અનેકવિધ માર ખાવા છતાં પણ તે કરવામાં કદીએ વિલંબ ન હોય, આળસ ન હોય, ઝટપટ મિથ્યાદર્શન કરવાની લત ચાલુ હોય, ત્યાં સમ્યગ્દર્શન તરફના પ્રવાસ ક્યાંથી થાય ? સમ્યગ્દર્શન નહિ પ્રગટાવાય, તો અનંત દર્શનના માર્ગે પ્રયાણ નહિ થાય. જો અનાદિથી ચાલ્યા આવતા અજ્ઞાનદર્શનમાં આવા ફેર નહિ પડાય, તો સમ્યગ્દર્શન નહિ પ્રગટે. પણ કહો કે ફેર પાડવો મોંઘો છે. કેમકે જીવની એ ઘેલછા છે, કે 'બીજા અજ્ઞાનોની જેમ જો હુંય આ સંસારની ગડમથલ અને ચિંતા ન કરું તો મારું બધું બગડી જાય !' એમ ધારે છે. પરંતુ એનુ પરિણામ અનંતના પ્રવાસને બદલે અંતનો પ્રવાસ, નાશનો પ્રવાસ થાય છે. **આત્માને વારે વારે નાશરૂપી મૃત્યુઓમાં પ્રવાસ કરાવનાર કોણ છે ? જગતની માયાજાળ.** હજીય એનો વિશ્વાસ કરી રહ્યા છો એ શરમજનક નથી ? **જન્મ-જરા-મૃત્યુ-રોગ-શોક-દારિદ્ર-વગેરેથી પર એવી અનંતજ્ઞાનાદિની અવસ્થાને સ્વયં પામેલા, અને બીજાને એ અવસ્થા પમાડનારા પ્રભુ મળ્યા પછી અંતના પ્રવાસ હોય ?**

**જીવનમાં શાના સોદા ? :-** સામાન્ય બુદ્ધિથી સમજાય એવું છે કે આપણી પ્રવૃત્તિ અનંત વીતરાગતાની સન્મુખ છે કે એનાથી પરાઙ્મુખ છે ? જેટલા જેટલા પ્રમાણમાં મિથ્યાજ્ઞાનના ચાળા, સ્નેહ-કામરૂપી મોહના ચાળા, મિથ્યાદર્શનની લત, આહારાદિ સંજ્ઞાઓની કુચેષ્ટાઓ અને રાગ-દ્વેષ-મદમાં સર્વાંગસ્નાન તેટલા પ્રમાણમાં અનંતની પ્રતિપક્ષી દોટ ગણાય. આજે અનંતના પ્રવાસે નીકળેલ જે આત્માઓ તેનાં ગુણગાન કરવાનાં છે. વિવેચન ઓછું છે; ગુણગાન વિશેષ કરવાનાં છે. એમણે જાણે જન્મથી ભેખ લીધા છે અનંતના પ્રવાસે જવાના. અનંતના સોદા કર્યા એમણે. **દુનિયામાં આપણને જીવન ઘણાં મળ્યાં અને જીવન જીવી સોદા ઘણા કર્યાં. પણ શાના ? દુઃખના અને દુર્ગતિના ! અધઃપતન અને અવનતિના !** ક્ષય



અને બરબાદીના ! નાલેશી અને અપમંગલના ! આ જીવનમાંય શાના સોદા ચાલે છે ? પણ અનંતના પ્રવાસીને જાણી હવે આ જીવનમાં એવા સોદા કરવા જોઈએ કે જેના પરિણામે નફામાં સદ્ગતિ નોંધાય; મહાશાબાશી ને મહા મંગલ મળે; મહા ઉન્નતિ અને અનંતા મળે. જીવને સોદા કરવાની નવાઈ નથી; તેના માટે હોડ મૂકવાની નવાઈ નથી; હોડમાં જાન સુદ્ધાં મૂકી દેવાની નવાઈ નથી !

આ જીવે જાનના જાન અર્પી દીધા છે ! નવી વાત આટલી જ છે કે અનંતીવાર જે આ દુઃખના સોદા માટે કર્યું હતું, તે હવે એકવાર મોક્ષના સોદા ને અનંતના સોદા માટે કરવાનું છે.

## • પૃથ્વીચંદ્ર ને ગુણસાગર •

જૈન છીએ, આર્ય છીએ, એટલે અનંતના સોદાગર થવાનો ચાન્સ મળ્યો છે. આવા ઊંચા જૈનશાસનને પામવાની આપણી શી યોગ્યતા દેખાય છે ?

કહો કંઈ જ નહિ, છતાં ક્યાંથી રખડતા ભટકતા જૈનકુળ સુધી આવી ગયા છીએ ! તો આજસુધી ગમે તેવા પ્રવાસી હતા, પણ હવે તો અનંતના પ્રવાસી બનવાનું છે. એ ભૂલશો નહિ. **હૃદયમાં નક્કી કરવાનું કે 'અમારું સ્ટેશન અનંતનું.'** ગાડી તે દિશામાં જતી પકડવાની છે. તે ગાડીને વેગ આપવા માટે મન, વચન ને કાયાના યોગોને તે દિશામાં વાળવાના છે. જ્ઞાનાદિ **અનંતની દિશા ન હોય તો ગાડી ભલે ચાલતી હશે પણ તે ફક્ત ભવોમાં ભટકવા માટે જ ને ?** 'અનંતની દિશામાં જ અમારી ગાડી.' ફકત આ એક કૌવત એક આત્મામાં આવે કે પછી તો એ બીજા અનેકને તાણશે. પછી કેમ, તો કે આખો કાફલો નીકળે મોક્ષપુરીનો. શું સમજ્યા ? તમારે તો માત્ર આ સાંભળવાનું જ ને ? કે અનુભવવાનું ખરું ? કહો તો ખરા. તમારા કુટુંબનો સંઘ અનંતની દિશામાં છે, કે સંસારની દિશામાં ? આપણા શાસ્ત્રમાં અનેકના દાખલા છે તેમાં **પૃથ્વીચંદ્ર ને ગુણસાગરના બે દાખલા આજ જોવાના છે. તેમણે જાતે અનંતના પ્રવાસી બની સ્વજનોને કેવા પ્રવાસી બનાવ્યા, મોક્ષની સ્ટીમરમાં કેવા બેસાડ્યા, અને બધા કેવા કેવળજ્ઞાનના કિનારે ઊતર્યા. તે જોવાનું છે. બંનેનો જન્મ બહુ ઊંચા કુળોમાં. ફરક એટલો કે એકનો જન્મ રાજાને ત્યાં, ને બીજાનો શ્રીમંત શેઠીયાને ત્યાં. એકનો જન્મ અયોધ્યામાં, ને બીજાનો ગજપુરમાં. એકને રાજ્યસિંહાસને કેવળજ્ઞાન. બીજાને લગ્નની ચોરીમાં. પૂર્વના વીસ ભવથી 'અનંતના પ્રવાસની' કારકિર્દી ચાલી આવે છે. તેમાં આ છેલ્લા ભવમાં પ્રવાસ પૂર્ણ થવાનો છે. એમણે તો તે પૂર્ણ કરવાનો ભેખ લીધો છે તેથી એ, પ્રવાસમાં મહા આનંદી છે.**



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

**બહિર્ભાવનું તાંડવ :-** ભૂખ જ અનંતની હોય, પછી અંતવાળી ચીજનો આનંદ શાનો ? જેને અનંત વીતરાગતા, અને અનંતજ્ઞાન એજ એક જીવન લક્ષ્ય છે, તેને દુનિયાના જ્ઞાન તો નહિ. બલ્કે ગમે તેટલા મહાશાસ્ત્રોનું જ્ઞાન મલ્યું હોય, છતાં ભૂખ શે ભાગે ? ગર્વ શાનો ચઢે ? એક ગર્વ ઉપરનો નાનો પ્રસંગ જુઓ.

**જ્ઞાનના ગર્વનું દૃષ્ટાન્ત :-** આચાર્ય કાલકસૂરીશ્વરજી મહારાજ, શિષ્યોએ કાંક આચાર્ય ભગવંતની દૃષ્ટિમાં અયોગ્ય કર્યું હશે, તે શિષ્યોને બોધ લાગે તેથી કહ્યા વગર સવારે વહેલા ઊઠી શૈય્યાતરને સમજાવીને ચાલ્યા; ગયા. વિહાર કરી બીજે ગામ જ્યાં પહોંચ્યા, ત્યાં સાધુનો સમુદાય હતો. ત્યાં જઈ ચઢ્યા ખરા પણ ઓળખાયા નહિ. આચાર્ય મહારાજ તો વૃદ્ધ, પાછા એકલા આવ્યા છે; ઠઠારો હતો નહિ. આવીને ઊભા ત્યાં વાચના ચાલતી હતી એટલે સાધુ મંડળીની પાછળ બેસી ગયા. હવે અહીં વાચનાચાર્યને શાસ્ત્રજ્ઞાનનો જરા ગર્વ ચઢ્યો તે કેમ જાણે આ નવા આવનાર સાધુને જરા ચમત્કાર થાય. એમ વાચનાચાર્ય પૂર બહારમાં વાચના આપે છે ! વાચના પૂરી થયા પછી આમને એવું કંઈક પૂછે છે કે "કેમ ? સમજાય છે ખરું ને ?" આચાર્ય મહારાજ ગર્વ સમજી ગયા; પણ મૌન રાખ્યું. આત્મા જ્યારે અનંતી આંતર સમૃદ્ધિને ક્ષણભર પણ ભૂલે છે, ત્યારે આત્મવિનાશક બહિર્ભાવમાં ફસાય છે. અજ્ઞાન પશુની જેમ બાહ્ય હોશિયારીમાં સંતુષ્ટ એ ગર્વિષ્ઠ બની જાય છે.

**સ્વયં વિનાશી અને આપણા આત્માની વિનાશક એવી જડ સામગ્રી કે દુન્યવી ડીગ્રી, જેના પર તમે શાબાશી માનો છો, તે બધા બાહ્ય ભાવને પોષનારા છે, એ જરાય ભૂલવા જેવું નથી. એ ન જાતે ચિરકાળ ટકે, ને આપણને ટકાવે.** અગ્નિ જાણે કહે છે કે "હું તો ખાખ થઈશ. પણ તું મારામાં હાથ ઘાલ કે તને ખત્મ કરી દઉં !" તેમ જાણે બાહ્ય પદાર્થો કહે છે કે "અમે તો નાશ પામશું, પણ તું હૃદયથી મારી સાથે સ્પર્શના કર, તારું સત્યાનાશ ન કાઢું તો મારું નામ નહિ !" **આત્મા અયોગ્ય માર્ગે** પુરુષાર્થી જે બને છે, **તે બહિર્ભાવમાં મોહમૂઢ થવાના અપલક્ષણ પર.** તે લાલપીળાના રૂપમાં આવીને જીવને લલચાવે છે અને ધર્મ સાધનાથી સ્ખલિત કરે છે. અનંતનું ભાન હોય તો આમ ન બને. મનગમતી દુન્યવી પરિસ્થિતિમાં ન મુંઝાય. વાચનાચાર્ય એ વિચારવું ભૂલી ગયા કે હજી મારે કેવળજ્ઞાનમાં કેટલું બધું બાકી છે.

હવે અહીં જુઓ. આચાર્ય મહારાજના શિષ્યો સવારે જુએ છે તો આચાર્ય મહારાજ ત્યાં નથી દેખાતા ! એકબીજાને પૂછે ને બીજો ત્રીજાને ! કોણ સમાધાન આપે ? દોડા-દોડ ચાલી ! ધમાધમ થઈ ગઈ ! "આચાર્ય મહારાજ ક્યાં, આચાર્ય



મહારાજ ક્યાં ?"

"અરે ! આચાર્ય ભગવંત નથી દેખાતા. તમને ભાઈ ખબર છે ?" એકે જઈને શય્યાતરને પૂછ્યું.

ત્યાં પેલો તો પાઠ ભણીને બેઠો હતો. એટલે કહે છે કે "ગુરુમહારાજ ક્યાં ગયા છે એ હું તમને પૂછું કે તમે મને પૂછો ? તમારા ગુરુની ખબર તમારે રાખવાની કે મારે ? મને શું પૂછો ?"

શિષ્યો વિલખા પડ્યા. શય્યાતર હાજરી લે છે. 'તમે કાંઈ અવિનય કર્યો હશે તેથી આચાર્ય ભગવાન ચાલ્યા ગયા.' શિષ્યોને સાંભળી લેવું પડે છે. શિષ્યો પોતાની ભૂલ સમજે છે. અવસરે આવી ફરજ બજાવનાર શ્રાવક હોય તો સાધુનું હિત થાય. પછી શય્યાતરે આચાર્યદેવનું સ્થાન કહ્યું. તેથી શિષ્યો ત્યાં ઉપડ્યા. જ્યાં આચાર્ય ભગવંત છે ત્યાં હાંફળા ફાંફળા આવી લાગ્યા. અહીંના સાધુઓને પૂછે છે કે,

"આચાર્ય ભગવંત પધાર્યા છે ?"

એટલે પેલા કહે છે "શું કાલકસૂરિ મહારાજ !"

"હા."

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૩૩,તા.૮-૫-૧૯૫૪

## (૨૦) અનંતના પ્રવાસે અને પ્રવાસી સ્વજનોની ગુણગાથા

"તે અહીં તો કાંઈ નથી આવ્યા લાગતા. હા, પણ એક થેરા (બુઢ્ઢા સાધુ) આવ્યા છે."

'ક્યાં છે ?'

બતાવ્યા, આવેલા સાધુઓએ, તો આમણે તો તરત ઓળખી લીધા ! પછી પૂછવું જ શું ? બધાય સીધા જ આચાર્ય મહારાજના પગમાં પડી ક્ષમા માગે છે. વાચનાચાર્યનું મોં હવે તો બેવડી શરમથી પડી ગયું. **પોતે એક તો ઓળખ્યા નહિ. ને બીજું ગુમાન કર્યું હતું.** આવી શરમ લાગે એના કરતાં ગર્વ ન કરવો શું ખોટો ? એય પગમાં પડી વંદન કરે છે; ક્ષમા માગે છે, હવે આચાર્ય મહારાજે શિખામણ દેવાનો અવસર જોયો. કહે છે, "મહાનુભાવ ! શું તું પૂછતો હતો ? સમજાય ખરું, એમ ? એટલે તારું જ્ઞાન બહુ ઝીણું અને વિશાલ ! કેમ ખરું ને ? કહે તો ખરો કેવળજ્ઞાન કેવું ? શ્રી મહાવીર પ્રભુ પાસે એ હતું. એમાંથી



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

ગૌતમ સ્વામીને દ્વાદશાંગી જેટલું આપ્યું તે પોતાની પાસે હતું એમાંથી કેટલું. તે તો કહે. જેમ કોઈ વિશ્વવ્યાપી મહાસાગરમાંથી માત્ર હાથીનો એક ખોબો ભરી આપે તો એ કેટલું ? આ તો એથીય ઘણું ઘણું ઓછું !''

**ખબર છે કેટલું પ્રત્યક્ષ દેખાય કેવળજ્ઞાનમાં ? :-** અનંતાનંત જીવો ! પાછું એક એક જીવના આત્માના અસંખ્ય પ્રદેશો ! તેમાં એક એક પર રહેલા અનંતાનંત તેજસ્ પુદ્ગલો અને અનંતાનંત કર્મપુદ્ગલો. તે પુદ્ગલોના એક એક અણુ પર અનંતાનંત કાળમાં બનેલા અનંતાનંત પ્રસંગો. તેને પ્રત્યેક જુવે. આ તો જીવ પર ચોંટેલાની વાત થઈ. પણ તે સિવાયના જગતના સર્વ પુદ્ગલોના અણુઅણુના સર્વ ભાવો જુએ. **અનંતાનંત સૂક્ષ્મમાં સૂક્ષ્મ પુદ્ગલો તથા અરૂપી અનંતાનંત આત્માઓ** વિષેનું જ્ઞાન એ કેવળજ્ઞાન. એના હિસાબે ચૌદપૂર્વનું દ્વાદશાંગીનું જ્ઞાન કેટલું ? સાગરમાં એક ટીપા જેટલું પણ નહિ. કેમકે સાગરમાં ટીપા અસંખ્યાતા ત્યારે અહીં તો કેવળજ્ઞાનમાં અનંતાનંત વિષયોની વાત છે. પ્રભુએ અનંત સાગરમાંથી જે એક ખોબો આપ્યો તે ગૌતમસ્વામીએ સુધર્માસ્વામીને આપ્યો, સુધર્માસ્વામીએ જંબુસ્વામીને આપ્યો. એમણે પ્રભવસ્વામીને, એમણે શય્યંભવસૂરિજી મહારાજને, એમ કરતાં કરતાં તારી ને મારી પાસે ઘટતું ઘટતું આવ્યું તે કેટલું આવ્યું ?'' વાચનાચાર્ય આ સાંભળી ધ્રુજી ઊઠ્યા. આંખ આંસુથી ભરાઈ ગઈ. ભૂલ સમજ્યા. પશ્ચાત્તાપ કરે છે.

જૈનશાસન કહે છે કે શાસ્ત્રના અપરંપાર જ્ઞાન મળ્યા પછી પણ ધરપત કર્યે નહિ ચાલે. રાતદિન જીવનભર અપ્રમત્ત સંયમ સાધવાની કારમી મહેનત કરવી પડશે. કેવળ પુસ્તકના પાનામાંથી ગોખી લીધ્યે નહિ ચાલે. એટલેથી સંતોષ નહિ રખાય. મહાજ્ઞાનની મહાભૂખ ઊભી રાખ્યા પછી, શું દિવસ કે શું રાત્રિ, કંઈ જ હિસાબ જોયા વિના અત્યંત લઘુતા નમ્રતા સાથે સંયમ-સ્વાધ્યાયની અંતરાત્મામાં ધૂન જગાવવી જોઈશે. એનો ધીખતો પુરુષાર્થ આદરવો પડશે, ત્યારે કેવળજ્ઞાનનો સૂર્ય ઊગશે. વાત પણ સાચી છે, અનંત તરફ દૃષ્ટિ હોય તો ગર્વ અને આળસ ગળી જાય. એ આરાધનાની તનતોડ મહેનત થાય. કેવી મઝા એ અનંતના પ્રવાસની ?

**શમ અને શાંતિ :-** આત્માના જ્ઞાનાદિ અનંતાની ભૂખ પૃથ્વીચંદ્રને જન્મથી હતી; અને ગુણસાગરને મુનિદર્શન થતાં જાગી. પૃથ્વીચંદ્રની તો કોઈ અજબ ઘટના હતી ! એ જન્મથી વિરાગી છે. શું સમજ્યા ? વગર ગુરુએ અને બાળપણે પિતા વિવિધ પ્રકારની કલાઓ શિખવે છે. શીખતાં શી વાર ? અલ્પકાળમાં મહા હોશિયાર થયા ! પણ મૂળમાં સંસારનો રસ જ નથી. હોશિયારી શી રીતે ગાંડપણ લાવી



શકે ? કષાયોની શાન્તિનો અને ઇન્દ્રિયોના દમનનો ગુણ એટલો જોરદાર ખીલવેલો કે માતાપિતાને મુંઝવણ થઈ કે ''આ તે રાજ્ય સંભાળશે કે ત્યાગ ?'' પૃથ્વીચંદ્ર અને ગુણસાગરની એકવીસ ભવોની જે કથા છે, તે ઠેઠ શંખ અને કલાવતીના પ્રથમ ભવથી માંડી એટલા બધા સંવેગ રસથી ભરેલી છે. કે એને બરાબર સાંગોપાંગ સાંભળવામાં આવે, તો જીવનમાં અજબ પરાવર્તન થાય. અનાદિના ધોરણ-મનોરથ અને ધ્યેયના બાંધેલા વળ ઊકલી જાય ! તેમાં પણ આ **છેલ્લા ભવનો અધિકાર એવો તેજવંત છે, કે એના પર જો મંથન થાય, તોય આપણી જુગજુની વાસનાઓ હચમચી ઊઠે. અને આપણે પણ અનંતના રસિક અને અનંતના પથિક બની જઈએ.** એવા એમના ગુણગાન છે. કવિ કહે છે :-

**ઉત્તમના ગુણ ગાવતા, ગુણ આવે નિજ અંગ;**<br>
**વાત ઘણી વૈરાગ્યની, સાંભળજો મન રંગ.**<br>
**શંખ કલાવતી ભવથકી, ભવ એકવીસ સંબંધ;**<br>
**ઉત્તરોત્તર સુખ ભોગવી, એકવીસમે ભવે સિદ્ધ.**<br>
**પણ એકવીસમા ભવતણો, અલ્પ કહું અધિકાર;**<br>
**સાંભળજો સન્મુખ થઈ, આતમ ને હિતકાર**

**એકવીસમા ભવનો અધિકાર : પૃથ્વીચંદ્રનો જન્મ :-** અયોધ્યા નગરીમાં હરિસિંહ રાજા રાજ્ય કરે છે. એને પદમાવતી નામે રાણી છે. સર્વથી ઉચ્ચ સ્વર્ગ જે અનુત્તર દેવલોક, ત્યાંથી ચ્યવીને એક દેવ અહીં પદ્માવતી રાણીની કુક્ષિએ પૃથ્વીચંદ્રનો અવતાર પામે છે. પુણ્યાઈ એવી છે કે એ રૂપ અને કળામાં તે વખતના વર્તમાન રૂપવાન-કળાવાન નરરત્નોમાં આગેવાન હતો, પણ એ તો બહારની વાત. ખરું તો એ જુઓ કે અંતરથી કેવો હતો ?

**પૃથ્વીચંદ્રનો અંતરાત્મા :-**

**સમ પરિણામી મુનિ ભલો, નિરાગી નિરધાર, મેરે લાલ;**<br>
**પિતા પરણાવે આગ્રહે, કન્યા આઠ ઉદાર મેરે લાલ; ચતુર સનેહી સાંભળો.**

**પૃથ્વીચંદ્ર સમપરિણામ :-** સમતાના પરિણામને ધરનારો છે. જાણે મુનિજ જોઈ લ્યો. ક્રોધ, અભિમાન વગેરેની વિષમતા નહિ, પણ ક્ષમા-મૃદુતા વગેરે સમભાવને ધરે છે. અથવા કહો કે **શમ પરિણામી** અર્થાત્ શમ અને સંવેગના પરિણામને ધરનારો એ છે. શમ એટલે શાન્તિ કેવી ? ''અપરાધી શું પણ નવી ચિત્તથકી ચિંતવીએ પ્રતિકૂળ.'' સંવેગ એટલે ? મોક્ષની લગની. આનામાં શાન્તિ અને સંવેગ છે. પ્રશમ કહો, યા ઉપશમ કે શમ કહો, એનો અર્થ છે, કષાયોની શાન્તિ. અપરાધી પર પણ ગુસ્સો કરવાની વાત નહિ. અંતરમાં અગ્નિ બુઝાઈ જ



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

ગયેલો. અગ્નિ સળગે તો ભડકો થાય ને ? એને આગ જ નહિ. કેમ વારું ? એને એમ થાય કે,

**શમનાં તેજ : સંવેગના રંગ :-** કોના પર ગુસ્સો કરું ? આના પર કે મારા પાપકર્મના ઉદય પર ? ગુંડા જેવો તો કર્મનો ઉદય છે. કર્મ સામા જીવની બિચારાની ગળચી ઝાલીને એની પાસે ભૂલ કરાવે છે. માટે એ જીવ પર શો ગુસ્સો કરવો ? ગુસ્સો તો કર્મ પર ન કરું ? આમ તમને કોઈ માણસ ભેટવા ચાહતો હોય, ને કોઈ ગુંડો એને છરાનો ભય આપીને એના હાથમાં લાકડી પકડાવી તમને ફટકો મરાવે, તો તમે કોના પર ગુસ્સે થાવ ? ગુંડા પર ને ? તેમ સમજો કે આપણા કર્મ વાંકા ન હોય તો આપણને ય કોઈ મારનાર નથી. પૃથ્વીચંદ્ર ભવથી એવા ઘડાઈને આવ્યા છે કે અહીં ક્ષમાશીલ છે, નમ્ર અને મૃદુ છે, સરળ અને ભદ્રક છે. નિર્લોભી છે. કામ, ક્રોધ, ઘમંડ, માયા, તૃષ્ણા, હાસ્ય, શોક વગેરેના કોઈ તોફાન એમનામાં નથી. શું આ ? શમ ! શમનાં તેજ અજબ કોટિના છે. ત્યારે સંવેગના રંગ જુઓ. એ નિરધાર નિરાગી છે. નિશ્ચલપણે એ વૈરાગ્યવંતા છે, જગતની કોઈ એવી ચીજ કે વ્યક્તિ નથી કે એ એમને રાગ કરાવે. સ્નેહ કરાવે, મમતા કરાવે. **એમને આકર્ષી શકે એવી કોઈ વસ્તુ નથી. કેમ ? એ અનંતાની ખોજમાં હતા. જન્મથી અનંતાની ખોજમાં છે. જેને ઘેબરની લગની હોય તેને સુકો રોટલો આનંદ ન આપી શકે.** ને જો સુકા રોટલાથી આનંદ થાય છે, તો સમજવું પડે કે એનેજ ઘેબર માની લીધા છે. શંકા ન કરતા કે 'સાધુની જેમ ભૂખ અનંતાની લગાડીએ, પછી એની પાછળ રવડી પડીએ તો ?' પૃથ્વીચંદ્ર રવડી નથી મર્યા. કેમકે અનંતાના માર્ગમાં મહાશાન્તિ છે. આ અનંતાના પ્યાસીને કદાચ ભૂતકાળના રહી ગયેલા કર્મથી દુઃખમાં મૂકાવું પડે, તોય એનો આત્મા બીજા જીવોની જેમ કલ્પાંત ન કરે. એ તો ગમે તે સ્થિતિમાં પૂર્વના બધા કર્મના હિસાબખિતાબ પૂરા જ કરતો હોય. **જગતની કરોડોની સંપત્તિ જે શાંતિ આપવા સમર્થ નથી, જે આશ્વાસન આપવા સમર્થ નથી, તેવી શાંતિ ને આશ્વાસન અનંતની ભૂખ અને અનંતના માર્ગની કૂચ આપે છે !** નિર્ધાર જોઈએ કે હું **તો અનંતનો મુસાફર છું ! તેથી એ મુસાફરીના વચમાં આવનારના મૂલ્ય આંકનાર નથી, એના હિસાબકિતાબ રાખનાર નથી.** અમદાવાદથી મુંબઈ આવનારને મુસાફરીમાં વચમાં જે ઝાડવાં કે સારા સ્ટેશન આવે તેના લેખાં માંડવાના હોતા નથી. ધ્યાન રાખો કે આપણે કાંઈ જગતનો ઠેકો રાખ્યો નથી, કે રાત દિ' એની જ વહી વાંચીએ. એવી વહી રાખનાર કે વાંચનાર બિચારા પોતાના આત્માનું જ ચૂકી જાય છે. અને વિનાશ, વિનાશ ને વિનાશમય એવા સંસારમાં ભમે છે.



**સંસારનો વફાદાર શિકાર :-** આ પૃથ્વીચંદ્ર નિરધાર પણે નિરાગી છે. આ ભયંકર સંસારપ્રત્યે દૃઢ વૈરાગ્યને ધરનારા છે. યુવાવસ્થામાં આવ્યા ખરા, પણ રંગરાગના કોઈ કોડ નથી ! એવું કશું ચિન્હ એમનામાં દેખાતું નથી કે જેથી લાગે કે એમને સંસારના રંગરાગ ગમે છે. માબાપનો વિનય પૂરો સાચવે છે, પણ તેય ઔચિત્યની દૃષ્ટિએ. બાકી કોઈ મોહ, સ્નેહ કે આકર્ષણ નથી. એમનામાં જેમ સ્નેહરાગ નથી, તેમ કામરાગ પણ નથી. એના બદલે મનમાં ચાલુ છે તત્ત્વનું ને ધર્મનું ચિંતન ! પ્રવૃત્તિ છે એનાથી વાસિત ! માતા-પિતા મુંઝવણમાં પડ્યા. કેમ ભાઈ ? ઠીક છે કે છોકરો કદાચ અનાચારના માર્ગે જાય તો તો ચિંતા થાય; પણ બ્રહ્મચારી રહેવા માગતો હોય, વૈરાગીનું જીવન જીવતો હોય તોય ચિંતા ! અહીં ઉપાશ્રયમાં આવે તો પણ ચિંતા ? તો આ જીવ સંસારનો દલાલ કેવો ? **જાણે સંસારને કહે છે કે હું તો શિકાર તારો બનું, પણ મારા વિશ્વાસમાં રહેલાને પણ તારા શિકાર તરીકે ન લાવી આપું, તો તારો હું વફાદાર દલાલ શી રીતે ?** એટલે પતિ-પત્નીએ સંતલસ કરી લીધી કે 'પૃથ્વીચંદ્રને એક વખત પરણાવી દો. પછી આવનારીઓ જ ભણાવી દેશે પાઠ.' આ સંસારમાં બે રાજ્ય ચાલે છે. **ધર્મના રાજ્યમાં અનંતજ્ઞાનાદિના પ્રવાસે પ્રયાણ છે. મોહ રાજાના સામ્રાજ્યમાં વિનાશક સંસારના પ્રવાસે પ્રયાણ છે.** માતા-પિતા હાલ મોહ રાજાના રાજ્યમાં નોકરી બજાવી રહ્યા છે.

**પૃથ્વીચંદ્ર સંકટમાં :-** માતા-પિતાએ પુત્રના વિનયનો લાભ લીધો. કહ્યું કે 'અમારું એક કહ્યું માનવું પડશે.' પુત્ર અજાણ હોવાથી કબૂલ કર્યું. નહિતર તો મહાવૈરાગ્યમાં ઝીલી રહ્યા છે એ પુણ્યાઈ કેવી ? મોટા રાજાનો પાટવી કુમાર. અનેક પ્રકારના વિશાલ સુખવૈભવ ! છતાં હૃદયની આ વિરાગી પરિણતિ ! બંનેનો મેળ ખાતો નથી. **આવા વૈભવમાં આ વૈરાગ્ય શી રીતે ?** માબાપે કબૂલાત લઈને વિવાહની વાત કરી, ત્યાં પૃથ્વીચંદ્ર કહે છે 'એમાં આપને શો લાભ ? અને મારે એની શી જરૂર છે ?' પણ માતા-પિતા કહે છે, 'હવે તારાથી ના ન કહેવાય.' દાક્ષિણ્યમાં ઘસડ્યો. સ્વર્ગની અપ્સરા સમી આઠ સુરૂપ રાજકુમારીઓ સાથે એના લગ્ન કર્યા. વિરાગી કુમાર આટલો બધો કેમ તણાયો ? કહો કે એમ થયું હશે કે બોલથી બંધાઈ ગયો છું. પણ મારા વૈરાગ્યમાં આંચ આવે એમ નથી. તો વચન આપ્યું છે, એનું પાલન થઈ જાઓ. 'આવનારીને પણ બૂઝવી દઈશ.' જો જો, આજના વૈરાગીએ આવા અખતરા નહિ જ કરવાના. એમની દશા જુદી છે. લગ્ન તો કર્યા. પણ નવ પરિણીત પત્નીઓ પાસે વાસ ભુવનમાં જતાં પહેલાં સાંજના નક્કી કર્યું છે, શાથી ?



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

**પૃથ્વીચંદ્રના હિસાબ :-** એમના હૃદયમાં કોઈ પ્રકારની સંસારની સ્નિગ્ધતા જ નથી. આત્માની આખી દશા જ જુદી છે. પરણ્યા પછી થોડા પણ ગીતગાનનો વિચાર ન આવ્યો ? સામાન્ય માણસ હોય તોયે આજે ફિલ્મ જોવાનો જમાનો છે ને ? 'ચાલો સજોડે એકાદિ ફિલ્મ જોઈ આવીએ' કેમ ? કહે છે કે હવે તો લગ્ન પહેલા સગાઈ થાય ત્યારથી શરૂ થાય છે. **કેવો યુગ આ ? ત્યાં તો રાજશાહી સાહ્યબી છે, છતાં કુમારને કંઈ નહિ !** પૃથ્વીચંદ્રને એમ લાગે છે કે.

**ગીત એ વિલાપ સમાન છે. નૃત્ય એ કાયાનો કલેશ છે, વિટંબના છે.**

**આભૂષણ કાયાનો ભાર છે. અને, ભોગ રોગ સમાન છે !**

જુઓ કવિના શબ્દોમાં,

**ગીત-વિલાપને સમ ગણે, નાટક કાય કલેશ, મેરે લાલ.**

**આભૂષણ તનુભાર છે, ભોગ ને રોગ ગણેશ. મેરે લાલ.**

જગતના ભાવો પ્રત્યે કુમારની કયી દૃષ્ટિ હશે ? રાજ ઠાઠમાં શું ન હોય ? દિવ્ય સંગીત, હૃદય મોહક નૃત્ય, હીરા-માણેકના હાર-મુગુટ-અલંકાર અને મુલાયમ બીજા ખાનપાનાદિ વિષયો; ઉપરાંત આઠ નવીન પત્નીઓ. છતાં હૃદયનું વલણ ? ગીતનો વિલાપ સમાન ગણે છે, કેમ વારુ ?

પહેલાં એ વિચારો કે વિલાપ શાથી ? કહો, હૃદયમાં જે દુઃખ છે, વેદના છે, તેનો એ અવાજ છે, માટે એ અવાજને વિલાપ કહેવાય. તેમ **આ ગીત પણ એક પ્રકારની વેદનાનો જ અવાજ છે. પેલી પીડા કોઈ ઈષ્ટના વિયોગની છે, તો આ કોઈ રાગ અને રતિની પીડા છે.** છે બંનેય પીડા... એ પીડામાંથી ઉઠતા અવાજમાં માત્ર સૂરમાં ફેર છે. એક ભેરવી હોય તો બીજો ભીમપલાસ. કહે છે કે મહેસાણામાં લાલ ભોજકની સ્ત્રી હતી. તે કોઈના મરણશોક વખતે એવા મધુર લાંબા રાગડાથી છાજીઆ ગાતી કે લોકો ગામડેથી એનો છાજીઓ સાંભળવા આવતા ! ગાયન સાંભળવા આવે કે છાજીયો ? એવા રાગને તાલબંધ વિલાપ કરે તેય ભેંસાસૂરે નહિ, પણ એવા કોમળ કંઠે; બીજાને રડવું આવી જાય છતાં સાંભળવું ગમે. કહો એને શું કહેશો, વિલાપ ? ગીત નહિ ? રાગબદ્ધ અને તાલબદ્ધ જે હોય તેને તો ગીત કહો છો ને ? પૃથ્વીચંદ્રકુમાર તત્ત્વદર્શી છે તેથી સંગીતને વિલાપ સમાન ગણે છે.

**નૃત્ય એ કાય કલેશ :-** ત્યારે નૃત્યને શું સમજે છે ? નૃત્ય એ કાયાની વિટંખણા છે. જે કિંમતી કાયા પ્યારા પરમાત્માની આજ્ઞામાં જ યોજી દેવા મળી, તેની પાસે મોહાંધોને ખુશ કરવા હાથપગ લાંબાપહોળા કરી, હા હા ને હી હી ના હાવ-ભાવ કરાવવા તે વિટંબના નહિ, તો બીજું શું ? લેટેસ્ટ ફેશનની મરક્યુરીકાર



મળી હોય, વરલી ચોપાટી ને જુહુની હવા ખાવા માટે મળી હોય, પણ તેનાથી મ્યુનિસિપાલિટિના કચરા ઉપડાવાય, એ શું મોટરની વિટંબણા નહીં ? તેમ કાયાથી નૃત્ય એ કાયાને કલેશ છે, વિટંબણા છે. કોઈ પણ મહેનતાણા વિના હાથપગની મહેનતથી કોઈનું કામ કરવું પડે, એ, અથવા સામાન્યથી એમ કહો કે શરીરના અવયવોની મોહવશ હીલચાલ, તે જીવને કલેશરૂપ છે. તો નૃત્ય પણ કલેશ છે.

**આભૂષણ તનુભાર છે :-** ચાંદી કે હીરા-માણેકના દાગીનામાં શું છે ? માત્ર અહંભાવનું ખુશી થવાનું, કે 'હા ! મારે ઠીક ઠીક આભૂષણ છે !' એટલા જ વજનની જો લોઢાની પટીઓ શરીરે પહેરવાની હોય તો એમ થાય કે 'આ ભાર શો ?' અલંકારમાં એમ કેમ નથી થતું ? માન્યું છે કે કિંમતી છે. બસ એટલું જ ને ? ભાર તો એટલો ને એટલો જ છે. છતાં મનની કલ્પના કિંમતીપણા અંગેની હોવાથી ભાર નથી લાગતો. ત્યારે લોઢાની પટીમાં કાંઈ જ કિંમત-શોભા નથી લાગતી, માટે ભાર લાગે છે. તો પૃથ્વીચંદ્રને **આત્માની દૃષ્ટિએ અલંકારમાં કાંઈ કિંમત નથી લાગતી કોઈ શોભા દેખાતી નથી, તેથી શરીર પર એ આભૂષણો ભારરૂપ લાગે છે.**

**ભોગ એ રોગ :-** ઈન્દ્રિયના વિષયોના અને કામક્રીડાના સેવનરૂપી ભોગ પગે લાગવા જેવા છે; રોગનું ઘર છે, ખુદ રોગ જ છે. **જો સઘળા રોગનું ઘર જ ભોગ, તો પછી અપાર ભોગલાલસા પાછળ રોગને ફાટી નીકળવામાં અવધિ હોય ?** રોગ કોઈને ખાય ને તરત થાય, અને કોઈને ઘેર જઈને વહેલા કે મોડા, કોઈને સવારે, તો કોઈને રાતે; કોઈને બાળપણે, તો બીજાને યુવાવસ્થામાં કે બુઢ્ઢાપણે એવી રીતે સંસારના ભોગોની પાછળ રોગો ફાટી નીકળે છે. જેની પર ઔષધ કે મલમપટ્ટાના અવકાશ નથી. આ તો અહીંના રોગ. પણ **પરલોક માટે કર્મ રોગનો તો પાર નથી ! જે જીવને મન મનુષ્યભવ એ ભોગનો કાળ, તેને માટે ભવિષ્યનો અગણિત કાળ એ રોગનો કાળ.** સ્ત્રીઓ ગોરીગુલાબી મુલાયમ રૂપને ધરનારી છે. તોયે કુમારને એનું કોઈ આકર્ષણ નથી. પણ ઉપરથી વિચાર આવે છે કે 'એને કેમ પ્રતિબોધ કરું ?' પરણીને લાવેલી માટે બીજી ત્રીજી યોજનાઓ તો તમે ઘણી કરી, ઘણી વાર કરી; પણ આ યોજના કરી છે ? **હું નિજ તાતને આગ્રહે, સંકટ પડીયો જેમ. મેરે લાલ. પણ પ્રતિબોધું એ પ્રિયા, માતાપિતા પણ એમ. મેરે લાલ. જો સવિ સંયમ આદરે, તો થાયે ઉપકાર, મેરે લાલ. એમ ચિંતવતો ગુણનીલો, પહોંચ્યો ભવન મોઝાર. મેરે લાલ.**

**અનંતનો પ્યાસી ! અનંતનો ભૂખ્યો ! અનંતનો શોધક :-**

કુમાર વિચારે છે કે "હું પિતાજીના આગ્રહથી આ પાણિગ્રહણ કરી બંધનમાં

જકડાયો, મહાસંકટમાં આવી પડ્યો. પણ હવે જો એ સ્ત્રીઓનેજ પ્રતિબોધ કરું તો પાપ કોઈ ન ઊભું થાય. તેમ માતાપિતાને પણ બૂઝવું. અને બધા ચારિત્ર આદરે, તો મહાકલ્યાણ થાય.'' લગ્ન થયા પછી એ સ્ત્રીઓ પાસે જવા નીકળે છે તે કયા મનોરથ સાથે ? હેં, કહો તો ખરા, તમે બધા સમજદાર છો તેથી એ સમજદારીના હિસાબે જેવા મનોરથ કરો તેવા એમના મનોરથ ? એમનું કાળજું ઠેકાણે હશે કે ગેપ થઈ ગયું હશે ? કે પછી તમારા કલેજા ગેપ છે ? સંબંધ બાંધીને તો કૂતરા ગધેડાનેય ગલીચ ક્રિયા કરતાં આવડે છે. **આ તો અનંતનો પ્યાસી ! અનંતનો ભૂખ્યો ! અનંતનો શોધક !** ભૂલતા નહિ શું અનંત ? **અનંતુ જ્ઞાન, અનંતી વીતરાગદશા, અનંતવીર્ય, અનંતસુખશાંતિ.** જેને એ અનંતની લગની લાગી છે, એને અંત થકી ભય છે. અંત ક્યાં ? જગતમાં નાશ, નાશ, ને નાશ, એ જગત પર વિશ્વાસ નથી, આકર્ષણ નથી, રાગ, પ્યાર કે મમત્વ નથી. કુમારને તો પોતાના આત્માનો અંતમાંથી છોડાવી લેનારી પૂરી તમન્ના છે. આવ્યો શયનગૃહમાં, પત્નીઓને બુઝવવા ! **બુઝવવા એટલે સંસારથી ઉદ્વિગ્ન બનાવી તરતમાં અખંડ બ્રહ્મચારિણી, અને પછી સંયમ ધારિણી બનાવવા.** રંગરાગના ભોગ તદ્દન બંધ, એજ ને ? તો કહો, બિચારી ગભરૂ બાળાઓનો સંસારસુખ સૂકવી નાખનારો, આ તે નિર્દય કે દયાળુ ? સમજુ કે ગમાર ? વ્યવહારનો જ્ઞાતા કે અડબંગ ? જેટલા એના જવાબ તત્ત્વદર્શીના, શું તેનાથી વિપરિત જવાબ તમારા કે તેજ જવાબ ? એજ અમારા જવાબ એવું કહેતા પહેલાં બહુ વિચાર કરવો પડશે. એમાં તો દયાળુ, સમજુ, જ્ઞાતા કહેવો પડશે. નિર્દયતા ભોગમાં જોડવામાં માનવી પડશે. પછી દિકરાના લગ્ન હોંશથી નહિ થાય.

**પૃથ્વીચંદ્ર પ્રતિબોધ કરે છે :-**

**નારી આઠને ઈમ કહે, સાંભળો ગુણની ખાણ. મેરે લાલ**
**ભોગવતાં સુખ ભોગ છે, વિપાક કડુઆ જાણ...મેરે લાલ**
**ચતુર સનેહી સાંભળો.**

**''હે સ્ત્રીઓ ! તમે ગુણની ખાણ છો ! વિદ્યાની ભંડાર છો ! કૂળની શણગાર છો ! આ એક જરાક સાંભળશો ? જુઓ તમે જેની કામના લઈને આવ્યા છો, તે ભોગ ભોગવતાં તો જરા સુખ લાગશે, પણ તેના વિપાકની ખબર છે ? એના વિપાક મહા કડવા છે ! માત્ર વિચાર કરતાંય મહા ભયંકરતા ભાસે છે. એથી મને તમારી દયા આવે છે, કે તમે આ અલ્પકાળના તુચ્છ ભોગોની પાછળ ભવિષ્યના દીર્ઘાતિદીર્ઘ દુ:ખમાં પટકાઈ ન જાઓ.** તેથી તમને સમજુને કહ્યા વિના રહેવાતું નથી.



**ફળ કિંપાક અતિ મધુર છે, ખાધે છંડે પ્રાણ, મેરે લાલ.**
**તેમ વિષયસુખ જાણજો, એહવી જિનની વાણ.''**

**વિષય એ વિષફળ :-** કિંપાકના ફળ આવે છે. ખાધે બહુ મીઠાં, પણ પ્રાણનો સંહાર કરે એવાં ! પરંતુ **વિષફળ તો એક ભવમાં મૃત્યુની પીડા આપે. ત્યારે શબ્દરૂપ, રસ વગેરે વિષયોના સુખ અનેક ભવોમાં મૃત્યુ સુધીના ભયંકર દુ:ખ આપે.** ઇન્દ્રિયોને વિષયના સંપર્ક કરાવવાથી શરીર વધતું નથી, તેમ આત્મામાં સારું કાંઈ આવતું નથી. સારું રૂપ જોઈ લઈએ, કે સારું ગીત સાંભળી લઈએ, તેથી પેટ ભરાય ? રોગ મટે ? ચામડી ધોળી થાય ? ના શરીરમાં કાંઈ નહિ. તો આત્મામાં જ્ઞાનનો પર્યાય વધે ? દર્શનના, ચારિત્રના ? ના, ઊલટું ઉન્માદ વધે. આજ સુધી એવું કરી કરીને શું કમાયા ? આ વિષય ને પેલો, બે મળતા. અમુક જુદા. એમ એની તુલના કરવાનું મન થયું. ટકા આપતા ચાલ્યા. પાછું પોતાના ભાગમાં એ રૂપ, એ રસ એ ગીત, મુલાયમ કોમળ શબ્દ નહિ તેથી નિરાશા આવી !

**હીનભાગીપણું શામાં ? :- કેવી અજ્ઞાનદશા, કે વિષમય વિષયો ઓછા મળવા પર જાતને હીનભાગી માનવાનું થયું. પણ સ્થાનેય વૈરાગ્ય ન આવ્યો. અને પાપ ઘણાં થયાં એ બદલ જાત ભાગ્યહીન ન લાગી, અથવા 'દેવગુરુધર્મ મળ્યો છે,' તો કાંઈ ન્યૂનતા નથી. એમ ન લાગ્યું. હજીય રાગને મોહ નથી છૂટતા એનો ખેદ ન થયો.''** આ કેવી અજ્ઞાનતા ?

**વિષયોના નુકસાન :-** સારું વધતું નથી ને ખરાબ વધે છે. શરીરમાં ચિંતા પેસે છે. ચિંતાથી લોહી બળે છે. લોહી બળવાથી મોં પર ઉદાસીનતા આવે છે, મન નબળું પડે છે. પછી લડવાનું ને ઝગડવાનું સુલભ થાય છે. આત્માને દુર્ધ્યાન અને રાગ વધે છે. નિર્બળતા વધે છે, અને જડને વેચાણ થાય છે. કર્મના ભાર નીચે આત્મા દટાય છે. અનાદિના કુસંસ્કારો તાજા અને પુષ્ટ થાય છે. અરે ! જે ખાસ ભૂલવાનું છે, તે ઊલટું સ્મૃતિપટમાં દૃઢ થાય છે. એથી અનેક ભવો માટે ધર્મની નાલાયકી નક્કી થાય છે. એવા એ વિષયોના વિપાક ભારે નુકસાનકારી છે. એ વાણી અનંતજ્ઞાનીની છે. સમજી જાઓ તો સારું છે.

**પ્ર.-** તમે કદાચ કહેશો કે ''મોક્ષ સાધવાનું કંઈ થોડુંક જ હાથ-વેંતમાં છે ? એ માટે તો લાંબી સાધના જોઈશે, તો એ પહેલાં ચાલો થોડું ભોગવી લઈએ.''

ઉ.- પણ ધ્યાનમાં રાખો કે વિષયભોગથી આનંદ ને સંતોષ વળવાનો નથી. **વિષયોના સંપર્કો તો ભૂખ અને દુ:ખ વધારે છે,** આનંદ ને સંતોષ નહિ. ખાવાની ભૂખ ! જોવાની ભૂખ ! સાંભળવાની ભૂખ ! સ્પર્શવાની ભૂખ ! શાથી આ


E:/Divya-Darshan(part-12).pmd/prf.4

બધું ? **કવચ જેવા વિષયો છે,** એનાથી ઇન્દ્રિયોને ખણવી એટલે તો ઇન્દ્રિયોની ખણજ વધી જાય. એ વધે એટલે શોક ને પોકનો પાર નહિ ! નથી જાણતા તમે ?

**ખાધ્યે ખાધ્યે ભૂખ મટી કે ઊભી રહી ? :-** ભવભવ ભમતાં જીવડે, જેહ આરોગ્યાં ધાન, મેરે૰ તે સવિ એકઠાં જો કરે, તો સવી ગિરિવરમાન. મેરે.૰

ભવે ભવે ભટકતાં આ જીવે જે ધાન્ય ખાઈ નાખ્યું એ બધાને કલ્પનાથી જો ભેગા કરીએ તો ઢગલા જાણે જગભરના પર્વતો જોઈ લો. શું ? ખ્યાલ આવે છે ? છતાં હજી એની લત સેવવી છે ? એટલે ફરી ભૂખ્યા અને દુઃખી થવું છે ? **યાદ રાખો, ખાધ્યે ખાધ્યે ભૂખ ઊભી રહેશે, મટશે નહિ. આનું એકજ કારણ છે કે ખાનપાન-જર-ઝવેરાત-લાડી, વાડી અને ગાડીથી લાગતું બધું સુખ અંતવાળું છે. એની પાછળ અહો ! રાંક જીવને અંત અને હ્રાસ, ભૂખ અને દુઃખ જ મળે !** એ વિના બીજું કાંઈ મળે નહિ. અનંત અસાંયોગિક સુખમય દશા પ્રગટ ન કરીએ ત્યાંસુધી આ સંસારમાં ભૂખ અને દુઃખ ઊભા રહેવાના. સંસારમાં તૃપ્તિ, નિરાંત, ને સુખ એ ત્રણેમાંથી એકે લાધે નહિ.

હા,

**અગ્નિ જો તૃપ્તે ઈંધણે, નદીએ જલધિ પુરાય. મેરે૰**

**તો વિષય સુખભોગથી, જીવ એ તૃપ્ત થાય. મેરે૰**

**અગ્નિ અને સમુદ્ર ધરાય ? :- કદાચ જો અગ્નિ ઈંધનથી ધરાઈ શાંત થાય, અને સમુદ્ર નદીઓથી પૂરાય. તો વિષયસુખ ભોગવતાં જીવ તૃપ્ત થાય.** પણ એમ અગ્નિ શાંત થાય ? ના, ઊલટો જીવંત રહે. ત્યારે અનંત કાળથી શાશ્વતી ગંગા અને જમના જેવી મહા નદીઓ સમુદ્રમાં વહી આવે છે, તો સમુદ્ર કદી ધરાઈ ગયો? નહિજ. એવી વિષયતૃષ્ણા છે. ગંગા-જમના જેવા દેવલોકના દિવ્ય વિષયરૂપ પ્રવાહ તૃષ્ણાના સાગરમાં વહેવડાવ્યા ! છતાં તૃષ્ણા ન શાંત પડી ! ન પૂર્ણ થઈ! અનંત કાળમાં એમજ બન્યું છે, તો હવે શા સારું મૂર્ખા થાઓ ? ચૂલામાં વધુ લાકડા નાખવાથી અગ્નિ શાંત થઈ ગયો ? અનંતાનંત કાળથી ઇન્દ્રિયોરૂપી સાગરમાં વિષયભોગની નદીઓ વહી, છતાં હજી એમ થાય છે કે થોડુંક ભોગવી લઈએ. એટલે શું દરિયા જેવી ઇન્દ્રિયો ધરાઈ જશે ? ના, એ તો જો તેમાં ભરવાને બદલે વિષયોથી અલિપ્ત રાખીએ તોજ તૃપ્ત થાય. વિષયોથી જો પૂરું કરવા જઈએ, તો ખાડ વધુ ઊંડી થાય. સો રૂપિયામાં સંતોષ હતો ત્યાં સુધી શાંતિ પણ સહેજ તૃષ્ણા વધારી કે હજારની અશાંતિ ! તે આવ્યા, કે દસ હજારની અશાંતિ ! જો તેય મળ્યા, તો લાખની ! ચાલ્યું. ઊંચા કુળમાં આવ્યા પછી, પ્રભુનું શાસન



પામ્યા પછી, કાં ભૂલા પડી જાઓ છો ? પૂર્વના પુણ્યથી અહીં આવ્યા. ત્યાં ધર્મસાધના મળી હશે. ત્યારે પૂર્વે મહાસંયમના કેવા કોડ કર્યા હશે ? પુદ્ગલ માત્રથી ખસવાનાને ? ત્યાગ ધર્મને કેવો ઓળખ્યો, ઓળખાવ્યો હશે ! તે હવે ખલાસ ? મહેનત કરો તો આની કરો. હવે આ ભવ તો પૂરો થઈ જાય છે. આ સુખ તો ચાલ્યું સમજો. જો દેવતાઈ સુખ ગયા, તો આને શી વાર ? દેવતાઈ જે અદ્ભુત રૂપ, રંગ ને લાવણ્ય માણસથી જોયાં જોવાય એમ નથી, તેવાનાય ભોગ અનંતીવાર ભોગવ્યા છે.

**પ્ર.**- દેવતાઈ સુખનો કોઈ નમુનો છે ?

ઉ.- અરે ! ઉકરડામાં ચંપાના ફૂલનો નમુનો મળે ? કુમારની મોક્ષ માટેની લગની અને અંતિમ સલાહ જુઓ. એ સ્ત્રીઓને કહે છે.

**અંતિમ સલાહ :-**

**ચતુરા સમજો સુંદરી, મુંઝો મત વિષયને કાજ. મેરે૰**

**સંસાર અટવી ઉતરી, લહીએ શિવપુર રાજ. મેરે૰ ચતુર સ્નેહી સાંભળો.**

કુમારે કહી દીધું કે “સુંદરીઓ તમે ચતુર છો, તો વિષયો ખાતર મોહથી મુંઝાતા નહિ. ચાલો આ બધી જંજાળ મૂકીને આપણે બધા સંસાર અટવી વટાવી મોક્ષ નગરના રાજ્યમાં પહોંચી જઈએ. **સંસારમાં તો નક્કી એક કાળ એવો આવશે કે જ્યારે કર્મ આપણને પદભ્રષ્ટ કરશે.** તો જ્યાં ભ્રષ્ટ જ થવાનું નહિ ત્યાં જઈએ, એ સારું ને ? **મોક્ષ આપણું રાજ્ય છે, પરંતુ એ ભવનમાંથી બહાર નીકળીએ તો મળે; અને વનમાંથી બહાર નીકળવા સ્વસ્થતા જોઈએ, પૌદ્ગલિક વિષયોની મુંઝવણ ટળી જવી જોઈએ.** આ ઠગારા ક્ષણિક વિષયોમાં આપણે મોહી જઈએ છીએ. તેથી સંસારત્યાગનો માર્ગ સૂઝતો નથી. માટે મૂકી દો મૂળથી એ મુંઝવણ તો મોક્ષ હાથવેંતમાં છે.”

**સ્ત્રીઓ બુઝી ગઈ ! :-** કુમારની ભાવભીની સચોટ સલાહે આઠે સ્ત્રીઓને ઊભી કરી દીધી ! જુઓ કવિ શું કહે છે.

**કુંવરની વાણી સાંભળી, બુઝી ચતુર સુજાણ.**

**લઘુકર્મી કહે સાહિબા, ઉપાય કહો ગુણખાણ.**

લઘુકર્મી કહે, એટલે ? લઘુકર્મિતા આવ્યા વિના બોધ ન લાગે, સ્ત્રીઓ બુઝી ગઈ. કુમારને કહે છે કે ‘ઉપાય બતાવો.’

**પૃથ્વીચંદ્રનો વિજય :-** અનેક ભવોની પૃથ્વીચંદ્રની સાધના છે. તેથી પરણ્યા બરાબર આવી સલાહ દઈ શકે છે. એવી સ્ત્રીઓની સાધના છે, તેથી એ સલાહ આનંદથી સાંભળે છે; અને માથે ચઢાવે છે ! નહિતર પરણ્યા બરાબર શી વાતો



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

કરવાની સૂઝે ? તેમ સમજો કે નથી ને, મેળાપના પહેલા દિવસે લાવીને આવી વાત મૂકે, તો પત્ની તરફથી પતિનું શું થાય ? જગતમાં પતિનો ભવાડો અને ફજેતોને ? પણ ધ્યાન રાખજો કે એ તો અનાર્યને ત્યાં; ખોળિએ આર્યદેશનો પણ અંતરથી મ્લેચ્છ હોય તેને ત્યાં. પણ જેને ધર્મ જ તરણતારણ છે. એવું માન્યું હોય તેને તો એમ થાય કે વાહ ! કેવા સરસ સ્નેહી મળ્યા ! વિજયશેઠને વિજયાશેઠાણીને ભૂલશો નહિ. પરણીને પાપની વાણી ઢેડભંગીય કરે છે. **સંબંધી બનીને પરસ્પર પાપાચરણ તો કૂતરાકૂતરીય કરે-કરાવે છે.** આઠ સ્ત્રીઓમાંથી કોઈને ન થયું કે ‘‘તો પછી પરણ્યા શા માટે ?’’ એમણે સમજી લીધું કે ‘વાત તદ્દન સાચી છે. પૂછે છે તો પછી ઉપાય શું ?’

કુમાર શું બતાવે છે, એક જ કે **‘‘સંયમ એજ ઉપાય. સાધુપણું અંગીકાર કરીએ, એ અદ્ભુત ઉપાય છે.’’** જૈન શાસનમાં સંયમ વિના મોક્ષ નજ મળે ને ? જો જો ઊંધુ કહેતા નહિ કે ઘરમાં રહીનેય મોક્ષ મળે. નજ મળે એમ કહેજો; તો તત્ત્વશ્રદ્ધા રહેશે.

**કુમાર કહે સંયમ ગ્રહો, અદ્ભુત એ ઉપાય;**
**નારી કહે અમ વિસરજો, સંયમે વાર ન થાય.**

**અનંતનો પ્રવાસી ! નવે સ્ત્રીઓને એણે અનંતની પ્રવાસી બનાવી !** એ એવી પ્રવાસી બની કે કહે છે, **‘‘અમને હમણાં જ રજા આપી દો. હવે મહામૂલા સંયમે જતાં વાર ન થવી જોઈએ.’’**

પૃથ્વીચંદ્ર કહે છે, ‘‘હમણાં જરા ખમો. હમણાં સદ્ગુરુનો યોગ નથી. સદ્ગુરુનો સંજોગ મલ્યે, ભોગોને છોડી આપણે સાથે સંયમ સાધીશું. સંયમ ન પમાય ત્યાં સુધી એના મનોરથ સેવવાના, સાથે નિર્મળ અખંડ બ્રહ્મચર્યનું પાલન કરવાનું. પતિએ શું કર્યું આ ? એકાંતે કલ્યાણ મિત્રની કાર્યવાહી. સ્નેહીઓ મળે પણ સંસારની કુઈમાં ધકેલી દેનારી કરણી કરાવનારા. તે સાચી સ્નેહી નથી. પણ જે **કૂવામાં પડતાં રોકે તે ખરા સ્નેહી,** એ માને કે **‘હમે સગાં છીએ તમારાં; તમને પડવા નહિ દઈએ ! સંસાર વધે એવી પ્રવૃત્તિમાં તમને નહિ જોડીએ. એમ તો તમને આ ભયંકર સંસાર સમુદ્રથી તરી જવાય એવી પરમાર્થની કરણીમાં જોડીશું.’** સ્નેહીની આ ધગશ અને લાગણી હોય. પરોપકારમાં જોડે તે સ્નેહી. ત્યાગ અને વૈરાગ્યમાં જોડે તે મિત્ર. સ્વાર્થ અને પાપમાં પ્રેરે તે તો વિરોધી ગણાય. રંગરાગમાં અને ભોગમાં તાણે એ શત્રુ છે. હવે અહીં મઝા જુઓ. પૃથ્વીચંદ્ર અને એની પત્નીઓ તો સદ્ગુરુની રાહ જુએ છે અને સંયમની લગનીમાં સંવેગ વૈરાગ્યમાં રમે



છે. તેથી માતાપિતાથી એ જોયું કેમ જાય ? ભાવના તો ભોગમાં ફસાવવાની હતી પણ અહીં તો જુદું જ વર્તન જોયું ! ચકિત થઈ ગયા ! ભાઈબહેન જેવા પવિત્ર વ્યવહારમાં જ્યાં ચાલુ થઈ ગયેલા જુએ છે, ત્યાં માબાપની જે માન્યતા હશે કે ‘કુમાર માટે જે આ નવલી નવરંગી લઈ આવ્યા છીએ, તે કુંવરને મોહના પાઠ ભણાવી દેશે.’ તે માન્યતા તો કડડભુસ થઈ ગઈ. પણ ઉપરથી એ જોયું કે કુમારને એ શું પોતાનું ગાયું ગવરાવી શકતી હતી ? આ તો ઊલટી એ કુંવરનું ગાયું ગાય છે ! એ કુંવરથી ગવાતો વૈરાગ્યનો રાસડો ઉપાડી લે છે !

**માતાપિતા મન ચિંતવે, નારીને વશ નવિ થાય, મેરે લાલ૦**
**ઊલટી નારી વશ કરી, કુંવરનું ગાયું ગાય, મેરે લાલ૦ ચતુર૦**

**મોહની ક્રૂર રમત :-** આટલું જોયા છતાં મોહની ક્રૂર રમત જુઓ કે રાજા હજી કુમારને સંસારના રંગમાં ફસાવા ચાહે છે. ત્યારે સમજવા જેવું એ છે કે જો મોહનું આટલું સામર્થ્ય છે, તો આપણને **જ્યારે ક્યારેય મોહ મોળો પડવાની તક મળે કે તરત જ, એ તક ઝડપી લઈ મોહને વધુ કચરનારી ધર્મપ્રવૃત્તિમાં લાગી જવું જોઈએ નહિતર તક ગુમાવ્યા પછી આ વિરાટ વિશ્વમાં એવી તક મળવી દુર્લભ છે.** પિતા વિચારે છે કે ‘હવે આ પુત્રને સંસારમાં રસ લેતો શી રીતે કરવો ? હવે એક રસ્તો છે. જો એને રાજા બનાવીએ તો રાજ્ય સંભાળવાની ખટપટમાં ઠીક ગુંથાઈ જશે. માટે એને રાજા બનાવો.’ પણ ક્યાં ખબર છે કે આ તો અનંતનો પ્યાસી છે ? રાજ્યપાટ વગેરે અંતવાળી ચીજનો પ્યાસી એ નહિ **! એને મન ‘‘ઝુંટવાઈ જાય એને લઈને શું કરું ?’’ બીજી ત્રીજી પ્યાસ લાગે ક્યારે ? અનંતની પ્યાસ ન લાગી હોય ત્યારે.** એ લાગ્યા પછી કદાચ બીજી ચિંતા કરવી પડે તો તે માત્ર જીવન વ્યવહાર પૂરતી જ. એવું અહીં થયું. રાજાએ ખૂબ આગ્રહ કર્યો તેથી પૃથ્વીચંદ્રને રાજ્યગાદી સ્વીકારવી પડી. છતાં એની અંતરાત્મદશા નિહાળો. કેવી નમુનેદાર ! કેવી ભવ્ય ! કેવી અનુકરણીય છે ! કહો છો ને કેટલીકવાર કે ‘સમજ નથી પડતી કે શી આરાધના કરવી ?’ પણ જુઓ, આ સચોટ માર્ગ છે.

**અનંતનો પ્યાસી રાજગાદીએ બેસે છે. પણ કરે છે શું ? :-**
**પિતા ઉપરોધે આદરે, ચિંતે મોહના ઘાટ. મેરે લાલ.**
**રાજ્ય કરે વૈરાગીઓ, જોતો ગુરુની વાટ. મેરે લાલ.૦ ચતુર૦**

રાજા બનેલા પૃથ્વીચંદ્ર રાજ્ય કરે છે. પણ મનમાં મોહના ઘાટ ચિંતવ્યા કરે છે. સાથે હૃદયમાં જ્વલંત વૈરાગ્ય મોજુદ છે. તેમજ હંમેશાં સંયમ લેવા માટે ગુરુમહારાજની રાહ જુએ છે. ક્યારે સદ્ગુરુ મળે ને કારજ સરે ? હજુ ગુરુમહારાજ નથી પધાર્યા ત્યાંસુધી રાજ્યકાજ સંભાળવું પડે છે. પણ પોતાનો આત્મા એમાં



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

સદા જાગ્રત છે. **પંચસૂત્રમાં** સાધુધર્મની પરિભાવનાના એક અંગ તરીકે કહ્યું છે કે,

**'जागरिज्ज धम्मजागरिआए'**

**મુમુક્ષ જીવ સદા ધર્મ જાગારિકામાં જાગ્રત રહે.** અર્થાત્ દુન્યવી પ્રવૃત્તિમાં પણ મોહની નિદ્રામાં ઊંઘી ન જાય; મોહમૂઢ ભાવો હૈયામાં ઉઠવા જ ન દે. બલ્કે ચિત્તને ખૂબ જ વિરાગભાવનાઓ અને તત્ત્વચિંતનમાં ઓતપ્રોત રાખે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૩૪,તા.૧૫-૫-૧૯૫૪

## (૨૧) અનંતના પ્રવાસે અને પ્રવાસી સ્વજનોની ગુણગાથા

**(૧) સંસારમાં પણ આરાધનાની એક રીત છે આ.** સંયોગવશ કે બીજાની શરમને લીધે કદાચ કોઈ સાંસારિક પ્રવૃત્તિ કરવાની આવી, તો ત્યાં 'સામા આત્મા કેવા મોહને વશ પડી આ કરી-કરાવી રહ્યા છે,' એનું બરાબર ભાન રહે. એમ થાય કે "અહો ! **જેમ કુંભાર હાથમાં આવેલી માટીના જુદા જુદા ઘાટ બનાવે છે, તેમ મોહ પણ પોતાના કબજામાં આવેલા જીવોના જ નિરનિરાળા ઘાટ રચે છે; અર્થાત્ એ જીવોને તેવી તેવી પ્રવૃત્તિઓ એટલે કે મોહાંધ વાણી, વર્તાવ અને વિચારણાઓના ઘાટ આપે છે !**" આવા મોહના ઘાટના ચિંતનથી લાભ એ છે કે (૧) સામા જીવો પર આપણું ચિત્ત કલુષિત બનતું નથી. (૨) આખા સંસારનું મૂળ કારણ મોહ છે એ ભાન જાગ્રત રહે છે. (૩) સંસારની ગમે તેવી ભવ્ય પ્રવૃત્તિ એ મોહના ઘાટ એટલે કે ભવાઈઓના ખેલ; તેથી એમાં કશી જ કિંમત માનવાની નથી હોતી, બલ્કે લૂંટાઈ ન જવાની સાવધાની રાખવાની હોય છે.

**(૨) આરાધના માટે બીજું એ છે કે,** એથી જ માત્ર સામાના મોહના ઘાટ ચિંતવીને બેસી રહેવાનું નથી રેહવાનું. પરંતુ જેમાં આપણને ફસાવ્યા તેમાં ઝળહળતો વૈરાગ્ય કેળવવાનો છે. **"રાજ્યની કિંમત ખેતરમાંના ઉંદરના દર જેટલી છે. ઉંદર ભલે** એ દરના ક્ષેત્ર પૂરતું ગુમાન રાખે. પણ ચોમાસા પૂર્વે ત્યાં હળનું લાંબુ ધારદાર ફળીયું ફરી વળે એટલી વાર ! **દર પણ સાફ ! અને દર સાથે બીન સાવધાન ઉંદર પણ સાફ !** એમ મૃત્યુ ફરી વળે ત્યારે રાજ્ય પણ જાય અને પોતેય પણ જાય ! ત્યારે, હીરાના હાર એ તો સાપના ભારા સમાન છે. કુટુંબીઓ આ આત્મસાધનાની આડે શિલા છે. વિષયો એ વિષમોદક છે." ઈત્યાદિ ઈત્યાદિ વૈરાગ્યના ચોક્સ હાર્દિક વલણ જોઈએ.



**(૩) આરાધના માટેની ત્રીજી વસ્તુ :** ઉપકારી ગુરુઓની આતુરતા ભરી રાહ જોવાની છે. હૃદયને એક જ ઝંખના કે "ક્યારે સદ્‌ગુરુ પધારે અને એમના ચરણમાં જીવન સમર્પી દઉં." શાથી ? સમજે છે કે આજ પૂર્વે અનંતવાર લાધેલા મહામૂલા માનવ-જીવનમાં અનોખી અને અપૂર્વ જિનશાસનની સાધના મૂકી અનંત સંસારની રખડપટ્ટીએ ચઢાવનારી સંસારની માયામાં આપણો વ્હાલો આત્મા મુંઝાઈ ફસાયો; તેથી ચોરાશીના ચક્રાવે ચઢ્યો. એમાં રોગ-શોક, ત્રાસ-અપમાન, જન્મ અને મૃત્યુના કારમાં દુઃખો અનંતી અનંતીવાર ભોગવ્યાં. તેનો ઉચ્છેદ કેવળ એક સંયમજીવનથી જ છે. તેવું જીવન ક્યારે જલ્દી પ્રાપ્ત થાય તેવી તેમને તમન્ના છે, માટે સદ્‌ગુરુ ક્યારે મળે, એવી ઝંખનામાં રમે છે.

**રાજ્યસભામાં શ્રેષ્ઠી સુધન :-** વિરાગના સરોવરમાં ઝીલતા પૃથ્વીચંદ્ર ભૂપતિ એકવાર દરબાર ભરીને બેઠો છે પોતે રાજસભામાં સિંહાસને શોભી રહ્યો છે. ત્યાં સભામાં બહારગામથી એક શ્રેષ્ઠી સુધન નામે મોટો વેપારી આવી ચઢે છે. એ બહુ ઊલટમાં છે. શાથી ? એ જુઓ, હમણાં સમજાશે. રાજાને પ્રણામ કરી ઊભો રહે છે. મોટાનું ઉચિત સન્માન અવશ્ય કરવું જોઈએ. આ **પ્રણામ વગેરે, એ સન્માન છે. એ કરીએ તો જ આપણી યોગ્યતા વધે, અને ગુણ પ્રાપ્ત થાય.** વિશેષ જો સામાની પાસેથી કંઈ જોઈએ છે તો તે વિનયપૂર્વક લેવાય. એ હિસાબે પણ સત્કાર-સન્માન ન ચૂકાય. આર્ય દેશમાં ગુણીજનોની પૂજા-ભક્તિ અને વડિલજનોના વિનય એક સહજ વસ્તુ હતી, આજે એમાં બહુ હ્રાસ દેખાય છે. ખુદ માતાપિતાની પૂજા-ભક્તિ અને શિક્ષક પ્રત્યેના વિનયનું આજે કેટલું પાલન ?

**પૃથ્વીચંદ્ર રાજા સુધનને પૂછે છે :-** 'તમે કયા કયા દેશ ફરી આવ્યા ? એમાં કાંઈ આશ્ચર્ય જોયું ખરું ?'

રાજાના આ પ્રશ્નના ઉત્તરમાં.

**શેઠ કહે સુણ સાહિબા, એક વિનોદની વાત;**
**સાંભળતાં સુખ ઉપજે, ભાખું તે અવદાત.**

વેપારી સુધન રાજાને એક આનંદની વાત કહેવા તૈયાર થાય છે. આશ્ચર્યકારી તથા આત્માને આનંદદાયી તેમજ હિતકારી વાત સાવધાન થઈ સાંભળજો. કેમ સાવધાન થઈ ? કારણે એ છે કે માણસને વાર્તા સાંભળવાનો જે રસ હોય છે તેમાં માત્ર નવો નવો પ્રસંગ જાણવાની જિજ્ઞાસા રહે છે. 'હેં ? પછી શું થયું ?' 'હેં, પછી શું ?' આમ, ઈંતેજારી રહે છે. પરંતુ એમાં જ્યાં પ્રસંગો વર્ણવવામાં આવે છે, ત્યારે તેમાં ગર્ભિત રીતે જે બોધકારી વસ્તુ પડેલી હોય છે, તેના તરફ પેલી કોરી કથા પ્રસંગની ઈંતેજારીના કારણે દુર્લક્ષ રહે છે. આમ મુખ્ય લાભ થતો નથી.

તેથી સાવધાન રહી સાંભળવી જોઈએ. આના સમર્થનમાં જુઓ કે આ ચતુર વેપારી કેવું અનંતકાળનું આલોચન કરે છે ! :-

**કૌતુક જોતાં બહુ ગયો, કાળ અનાદિ અનંત;**
**પણ તે કૌતુક જગવડું, સુણતાં આતમ શાંત !**
**કૌતુક સુણતાં જે હુવે, આતમ ને ઉપકાર;**
**વક્તા શ્રોતા મન ગહગહે, કૌતુક તેહ ઉદાર.**

રાજાને નવીન ઘટનાનો જિજ્ઞાસુ તો પછી, પણ સાચા કૌતુકનો કૌતુકી અર્થાત્ જિજ્ઞાસુ કરવા આ વેપારી જે કહે છે તેનો ભાવ આવો છે :-

**અનંતા કૌતુક જોયા પાછળ મીંડું :-** આ વિશ્વમાં પરિભ્રમણ કરતા જીવને કૌતુક જોવાનું અનંતીવાર મળ્યું છે. અરે ! એમ કહો કે કૌતુક જોતાં જોતાં આજસુધીમાં અનંતાનંત કાળ વીતી ગયા ! પણ તેથી આત્માનું શું ભલું થયું ? અનંતા કૌતુક જોઈ નાખ્યા છતાં, મહાન વિસ્મયને પેદા કરનારા પ્રસંગો નિહાળ્યા-સાંભળ્યા છતાં, જબરદસ્ત આશ્ચર્યકારી ઘટનાઓ જાણમાં આવી ગઈ તે માત્ર બે ચાર, કે સો બસો, કે કરોડ અબજ નહિ, અસંખ્ય નહિ, પણ અનંત, છતાં એમાંથી એક પણ નક્કર આત્મિક લાભ શો મેળવ્યો ? કંઈ જ નહિ. અનંતા કૌતુક જોયા પાછળ મીંડું ! એનું કારણ કે એ બધાં કૌતુક તેવાં માલવાળાં હતા નહિ.ત્યારે કોક કૌતુક માલવાળું હશે તો પણ જીવે માત્ર 'હાં, પછી શું ? હાં, પછી શું ?' એમ નવા નવા પ્રસંગ જાણવા પૂરતા જ સાંભળીને જતા કર્યા હશે ! જોવાના મળ્યા તોય માત્ર "ઓહો ! આવો ચમત્કાર ? બહુ ગજબનું બની ગયું ! આવું તો કદી જોવા નહોતું મળ્યું." બસ, ત્યાં જ એટલો કોરો ક્ષણિક આશ્ચર્ય અનુભવી પૂરું કર્યું પછી કેમ ? તો કે "હવે આપણે આપણા કામમાં લાગો ! અથવા, ચાલો વળી બીજું કોઈ કૌતુક મળે તો જોઈએ-સાંભળીએ." આત્માની આ રેઢીયાળ સ્થિતિ છે.

**કામનું કૌતુક :-** નહિતર દસ કૌતુકનું શું કામ ? માત્ર એક જ કૌતુકમાંથી પદાર્થનું પૃથ્થકરણ કરી એવો સુંદર બોધ મેળવે કે આત્મામાં અજબ પરાવર્તન કરી મહાન ઉન્નતિ પામી જાય ! કૌતુકમાં આ તાકાત છે. તેથી તો મહાન જ્ઞાની ભગવંતોની દેશના વખતે કોઈ કૌતુકભરી ઘટનાનો સ્ફોટ થતાં સાંભળનારા કેટલાય જીવો બોધ પામી પામી ધર્માત્મા બની જાય છે. સમરાદિત્ય કેવળી મહર્ષિના ચરિત્રમાં એક યશોભદ્ર મુનિના પૂર્વ ભવોનો રોચક અધિકાર એવો આવે છે કે જેને સાંભળતાં સાંભળતાં કેઈ જીવો એમાંથી મહાન બોધ અને આત્મ ઉન્નતિ સાધે છે. એ લોકોએ જે યશોધર ચરિત્ર સાંભળ્યું એમ આજે આપણે પણ સાંભળીએ તો



છીએ. પરંતુ માત્ર કૌતુક દૃષ્ટિએ, જેમ બીજા ત્રીજા કૌતુક સાંભળીએ. 'એક પટેલ હતા, એમની પાસે એક જાદુઈ ઘોડી હતી...' વગેરે વગેરે. આવું કંઈક કોઈ કહેવા માંડે એટલે આપણી કૌતુકવૃત્તિ ઝટ જાગે. એના પર કાન ધરાય, 'હં પછી ?' એમ પૂછાય; અને જે રીતે કૌતુક સાંભળી છેવટે જજમેન્ટમાં 'ભાઈ ! બહુ ભારે ચમત્કારી ઘટના !' એમ કહી ઊભા થવાય, એમ યશોધર ચરિત્ર પણ સાંભળી ઊભા થવાનું બને છે. એ ભૂલ છે. એમ ન સંભળાય. પૂર્વના ભવી જીવો સાંભળી ભારે આત્મહિત સાધતા. આ પણ કૌતુક કાંઈ સામાન્ય નથી. પટેલની ઘોડી જેવું આ નહિ. આ તો મહાન આત્મપરાક્રમનું કૌતુક છે. એ સાંભળતાં આત્મા શાંત થઈ જાય. અનાદિની દુષ્ટ સંજ્ઞાઓ કુવાસનાઓ અને ક્રોધાદિ કષાયોની લ્હાયો લગભગ બુઝાવા લાગે. તો જ કૌતુક એ મહાન કૌતુક ગણાય. એને કહેનાર વક્તા અને સાંભળનાર શ્રોતા બેના મન ઉલ્લસિત થઈ જાય. સુધન એવું કૌતુક કહેવા તૈયાર થાય છે. કોઈ મહાન પ્રસંગ જાણી. રાજા પણ બરાબર સાવધાન થઈ સાંભળવા તૈયાર છે. સુધન કહે છે અને રાજા એ કૌતુક સાંભળે છે. આપણે પણ સાંભળીશું. રાજાએ સાંભળીને શું કર્યું; એટલું નહિ તો એના પ્રમાણમાં આપણે સુણીને શું કરવા તૈયાર છીએ એ જોજો.

**ગુણસાગર વિદ્યા અને ગુણનો સાગર :-** સુધન કહે છે કે "હું **ગજપુર** નગરથી આવું છું. ત્યાં **રત્નસંચય** નામના એક ધનાઢ્ય શેઠ રહે છે. તેને **સુમંગલા** નામની ભાર્યા છે, ને **ગુણસાગર** નામે એક પુત્ર છે. યથાર્થનામા એવો એ પુત્ર વિદ્યા અને ગુણનો દરિયો છે ! **કળાઓમાં હોશિયાર અને ગુણોનો ઈજારદાર આ બેનો મેળ થવો જગતમાં મુશ્કેલ છે.** કેમ જાણે કળા એ લક્ષ્મી છે અને ગુણ એ સરસ્વતી છે. બેનો મેળ શી રીતે થાય ? પણ થાય, પુણ્યશાલીને મેળ થાય. **આપણી પાસે કાંઈ પણ કળા હોશિયારી હોય, એની સાથે ખાસ કાળજી આપણે ગુણસંપન્ન બનવાની કરવાની છે.** નહિતર ગુણ વિનાની હોશિયારી આત્માને શ્રાપ છે. ગુણસાગર શ્રીમંત છે, ગુણવાન છે, હોશિયાર છે. પછી સંસારવિકાસ થવામાં શી બાકી રહે ? રૂપવતી અને ગુણવતી કન્યાઓના પિતાઓની માગણી આવી, અને એની સાથે ગુણસાગરની સગાઈ થઈ ગઈ. સગપણ કરનારને ક્યા કોડ હશે ? પણ કોને ખબર છે કે લગ્નેય પુરા થશે કે કેમ ? એક વખતની વાત છે."

**ગોખે બેઠો અન્યદા. જુઓ સુખ ભરીયો રે લો; અહો સુખ ભરીયો૦**
**રાજપથે મુનિ મલપતો, દીઠો શમ ભરીયો રે લો. તે દેખી શુભ ચિંતને, પૂરવ ચરણ સાંભરીયો રે લો.**

(૧) લક્ષ્મીદેવીની પૂરી મહેર છે; (૨) તેવા અંતરાય નડતા નથી;

(૩) લોભાદિનો ઉન્માદ નથી; અને (૪) સ્વજનો ભારે અનુકૂળ છે.

તેથી ગુણસાગર સુખથી ભરેલો છે; અને ગોખમાં બેઠેલો નીચે જોઈ રહ્યો છે. ચારેય વસ્તુ અનુકૂળ છે તેથી સુખમાં ઝીલી રહ્યો છે.

**લક્ષ્મી છતાં દુઃખી કેમ ? :-** જો જો ધ્યાન રાખજો, સંસારના કૃત્રિમ સુખ ભોગવવાનું પણ લક્ષ્મી મળવા માત્રથી નથી બનતું. લક્ષ્મી તો મળી હોય ભોગાંતરાય ઉપભોગાંતરાય નડતા હોય, ત્યાં મળેલી લક્ષ્મી પણ કાંઈ કામ લાગતી નથી. મૂડી પચાસ લાખની હોય પણ સરકારી કંટ્રોલ હોય, 'આટલી જ ખાંડ મળશે !' હવે શું ભોગવે. લક્ષ્મી ઘણીય છે, પણ કરે શું ? કવિ કહે છે,

**રોગી-પરવશ-અન્ન અરુચિ, ઉત્તમ ધાન્ય ન ભાવે :-**

આ અંતરાયના ફળ છે. કર્મ બળવાન છે. જીવ નસીબનો દુબળો કેવો, કે જ્યારે શરીરે નિરોગી હતો ત્યારે લાભ નહોતો થતો. હવે પાંચ પૈસાનો લાભ થયો, ત્યારે શરીરમાં રોગ આવ્યો. તેથી સુખ શું ભોગવે ? **એમ પરવશતામાં પણ એવું.** છતી પોતાની ગણાતી ચીજ પર અધિકાર બીજાનો. છોકરા માટે વડિલ ટ્રસ્ટ કરી ગયો હોય, વિધવા માટે પતિ ટ્રસ્ટ કરી ગયો હોય, પણ ટ્રસ્ટી એવા હોય કે રીતસર ખરચવા આપે નહિ. ત્યાંય સુખ શું ભોગવે ? ગુણસાગરને આવું કાંઈ નથી. સંપત્તિ છે, સાથે સુખભોગમાં અંતરાય નથી. આના પરથી **કર્મની શીરજોરી સમજવા જેવી છે. એ સમજીને પુરાણા કર્મના ઉદય પર અફસોસી કે આનંદ નહિ કરવાના. તેમ નવાં પાપને ઉપાર્જવાનાં નહિ.** આ જો ધ્યાનમાં રહે તો વેપાર ધંધામાં જે જૂઠ અનીતિ ચલાવાય છે, તે ન ચલાવાય. કેમકે મળવાનું તો પૂર્વના કર્મને આધીન છે; મળ્યા પછી ટકવા-ભોગવાવાનું પણ કર્માધીન છે; અને ભવિષ્યકાળ માટે કદાચ આ ભવના કોઈક ધર્મના ફળરૂપે લક્ષ્મી તો મળશે, પણ અહીં અનીતિથી બીજાને ઠગવાના હિસાબે ભવાંતરમાં અંતરાય ઊભા થશે, આપણું ચોરાઈ જશે, લૂંટાઈ જશે, ત્યાં પછી સુખ ? કે દુઃખની પોક ?

**લક્ષ્મી છતાં, અને અંતરાય નહિ છતાં દુઃખી કેમ ? :-** હવે કેટલીકવાર લક્ષ્મી મળી હોય છે, તેમ ભોગવવાનો અંતરાય પણ ન હોય, પરંતુ જીવ જો લોભાદિના ઉન્માદમાં ચઢ્યો હોય છે, તોય સુખ ભોગવી શકશે નહિ. એ તો સવારથી રાત સુધી લોભને વશ બજારોમાં હડીયો કાઢશે. પાછી અનેક પ્રકારની હાયવોયમાં પડશે. ભારે ચિંતાઓ કરશે. કદાચ પૈસા અંગેની નહિ, તો આબરૂ-માનપાન અંગેની, અગર પુત્રપ્રાપ્તિ અંગેની, અગર તો બગડી ગયેલા પુત્ર અંગેની, અથવા કોઈ ચેરમેનપણું, ટ્રસ્ટીપણું વગેરે હોદ્દા લેવા સાચવવા અંગેની ચિંતા ખટપટમાં એવો સળગશે ! કે છતી અનુકૂળતાએ કાંઈ સુખ ભોગવવાનું નહિ. આ શું સૂચવે



છે ? દુનિયામાં પણ **સુખશાંતિ તો ભોગવી શકાય કે જો લોભ-ઈર્ષ્યા-માનાકાંક્ષા ઉદ્વેગ વગેરેના ઉન્માદ ન પીડતા હોય.** એનો અર્થ એ કે એ ઉન્માદો પરલોકને તો બગાડે જ છે, પણ આ ભવનાય સુખ બગાડે છે. સમજુ ગણાતો માનવ હાથે કરીને પોતાના જ આ ભવ અને આગામી ભવ બગાડનારો હોય ? જો ના, તો એણે લોભ-ઈર્ષ્યા-સ્વાર્થ વગેરે દુર્ગુણો દૂર ફગાવી દેવા જોઈએ. ગુણસાગરમાં એ પણ નથી. એટલે મહાસુખી છે. છતાં એટલું છે કે,

**લક્ષ્મી હોય, અંતરાય અને ઉન્માદ ન હોય છતાં દુઃખી હોય ? :-** માણસ પોતે ડાહ્યો હોય, મળેલી લક્ષ્મી ભોગવવા પર અંતરાય ન હોય, તેમ લોભ-ઈર્ષ્યા વગેરેથી રહિત હોય, છતાં જો કુટુંબ એવું વિલક્ષણ મલ્યું હોય, તોય સુખ ભોગવી નહિ શકે. માટે તો બહાર લાલઘુમ થઈને ફરનારા આજે એવા કેટલાય માણસો છે, કે જે ઘેર જાય છે, ત્યારે એના હૈયા ઊકળે છે ! સામેથી અનાડી પત્ની, પુત્ર કે ભાઈ વગેરે તરફથી ભારે કકળાટ અંગે એ બિચારો હૈયા-હોળીથી શેકાય છે. ત્યાં સુખ શું અનુભવે ? **જગતના સુખને જ્ઞાનીઓ જે કૃત્રિમ કહે છે, સુખાભાસ કહે છે, તેનાં આવાં કારણ છે.** એક સુખ ભોગવવા પૂર્વે એટએટલી પરાધીનતા કે એ બધાની અનુકૂળતા થવા માટે ભારે પુણ્યાઈ અને ગુણવત્તા જોઈએ. એય પાછી ખસતા વાર નહિ. માટે સંસારના સુખ સંધ્યાના રંગ જેવા છે. ગુણસાગરને કૌટુંબિક અનુકૂળતા પણ સારી છે. એમ સંપત્તિ, અંતરાયનો અભાવ, લોભાદિના ઉન્માદનો અભાવ, અને કૌટુંબિક અનુકૂળતાના કારણે, કવિ કહે છે કે ગુણસાગરને સુખ ભરપુર છે. એકવાર ઝરૂખામાં બેઠો નીચે રાજમાર્ગ પર જોઈ રહ્યો છે.

હવે અહીં જુઓ કે **આવા ગળચટા સુખમાં સર્વાંગીણ સ્નાન કરનારા ગુણસાગરને એક જ પ્રસંગમાં એ સુખો કેવા અળખામણા લાગે છે ! અને એ કઠોર સંયમમાર્ગ લઈ મોક્ષે જવા કેવો ઉતાવળો થાય છે !**

**મુનિદર્શન : જાતિસ્મરણ : વૈરાગ્ય :-** ગુણસાગરે ઝરૂખા પરથી નીચે રાજમાર્ગે નીચી દૃષ્ટિ રાખી ચાલતા મુનિને જોયા. મુનિ કેવા ? **ઉપશમ રસથી ભરેલા ! આત્મસરોવરમાંથી કષાયના કીચડ કાઢી નાખી નિર્મળ પ્રશમ જલથી ભરેલા.** પૂર્વ જીવનની સાધના ચાલી આવે છે. એટલે આ મુનિના દર્શન થતાં ઉહાપોહ જાગ્યો, 'અહો ! મેં ક્યાંક આવા મુનિ, આવું સાધુપણું જોયું છે.' શુભ ચિંતન કરતાં જાતિસ્મરણ થયું. જોયું કે પોતે જ પૂર્વે મુનિ હતો. મનને એમ થયું કે ''ઓહો ! ક્યાં એ ઉત્તમ ચારિત્ર ! ને ક્યાં આ મારું પાપભર્યું જીવન ? અરે ઘેલા જીવ ! જે ચારિત્રના માત્ર સામાન્ય ફળ તરીકે દેવલોકનાય સુખ જોઈ આવ્યો, તે તું અહીં જ અટકી ગયો ?'' આત્મસ્પર્શી વિચારણામાં ચઢે છે. અટકવું એટલે ? દા.ત. કોઈ

મોટો ઝવેરી હોય, લાખો ને કરોડોનો વેપાર કરનારો, એણે દિકરાને બહારગામ વેપાર કરવા મોકલ્યો. સંયોગવશ બહારગામમાં તે છોકરો પિતાના એક વખતના ગુમાસ્તાને ત્યાં નોકરીમાં રહ્યો. પાછળથી શેઠને ખબર પડી. ગયા ત્યાં અને પુત્રની સ્થિતિ જોઈ. 'આ શું ? મારો પુત્ર મારા એક વખતના ગુલામને ત્યાં નોકરીમાં અટકી પડ્યો ?' એમ પિતાને થાય ને ? તેમ તમે પૂર્વ ભવમાં મહાન ચારિત્રસુખમાં ઝીલ્યા હો, અને દેવલોકમાં દિવ્ય સુખમાં મહાલ્યા હો, તે અહીંના તુચ્છ સુખમાં અટકી પડો એ કેવું ? તમારી અહીંની તમે બહુ વાતો કરો, તો તમને અમે કહીએ ને કે ચિત્તભ્રમ થયું છે કે શું ? અનંતના સામર્થ્યવાળા તમે દેવલોકની કોઈ દૈવી શાતામાં નહિ તે અહીં અટકી ગયા ? શરીરના રાગીને શાસ્ત્ર કહે છે કે **'તારા આત્માના તેજ અને પ્રભાવને જો.'** જો તે જોતાં આવડશે તો જીવ કાયાના લટકા પર એવો નહિ અટકી પડે, કે એને સવારથી ઊઠી સનલાઈટ લઈને મંડી પડવાનું. અને ઉપર હેઝેલાઈન-વેસેલાઈનમાં લેપાઈ જવાનું થાય.

**ચારિત્રસુખ : દિવ્યસુખ : આ બંનેની સામે માનવસુખ ? :-** ગુણસાગરને દેખાયું કે ''આ હું ક્યાં અટકી ગયો ? **અહીં ચારિત્રસુખના હિસાબે તો કાંઈ નથી, પણ દિવ્યસુખના હિસાબેય કંઈ નથી ! મારે તો મોક્ષનાં સુખ લેવાનાં છે. ત્યાં હવે મારાથી એક મિનિટ પણ આ કચરામાં ન રહેવાય.''** વિચાર કરી ગોખેથી નીચે ઊતર્યો. મનમાં નિર્ધાર કરી લીધો કે હવે તરત જ ચારિત્ર લઈ લેવું.

**માને વિનંતિ : કરુણ કથની :-** માતાને આવી કહે છે, **''માતાજી ! બહુ દુઃખી છું. આ તો કર્મ તરફથી ભયંકર અપમાન અને મારપીટ થઈ રહી છે. તે અનંતકાળથી ! માડી ! હવે મારે એ દુઃખ નથી જોઈતા; તું મને હવે સુખમાં જવા દે. તું મને સુખી કર, મારી મા.''** એણે સંસારની કાળી કથની માતા સમક્ષ રજૂ કરી સંસારના ચાર ગતિના દુઃખ વર્ણવ્યા. માને કહે છે.

**''માતાજી ! હું નરકનિગોદના અનંતા કરપીણ દુઃખમાં સબડ્યો. હું તિર્યંચના કેઈ ત્રાસ જોઈ આવ્યો. પૃથ્વી, પાણી, વનસ્પતિના કેવા બેહાલ, કીડા વગેરે વિકલેન્દ્રિયની તેમ પશુપંખીની કેવી દુર્દશા ! અહીં પણ જો અઢાર પાપસ્થાનકના વેપલા કરું, તો હુંય હવે હાલ બેહાલ થઈ જાઉં, અને ભયંકર દુઃખોની પરંપરા પાછી ચાલુ થઈ જાય.''** કવિ કહે છે.

**માતાપિતાને એમ કહે, સુખીયો મુજ કીજે રે લો. અહો સુખીયો૦**
**સંયમ લેશું હું સહી, આજ્ઞા મુજ દીજે રે લો. અહો આજ્ઞા૦**

કુંવર કહે છે, **''માટે હવે તો માત્ર એ બધા દુઃખમાંથી છૂટવા માટે એક જ રસ્તો છે, તે સંયમ હું લઈશ.** મને અનુજ્ઞા આપો ! સંયમ સિવાય બીજો ઉપાય



નથી. મને સંયમની આજ્ઞા આપો. અહીં પણ હવે સંયમથી સુખી થઈશ. બાકી હવે તો મા ! સંયમ વિના હું દુઃખી દુઃખી છું. કસાઈના હાથમાં હતો ત્યારે ત્યાં મારી કોઈ દયા ખાનાર નહોતું. તમારી પાસે દયા માગવાનો મારે ત્યારે અવસર ન હોતો. આજે તમારે ત્યાં આવ્યો છું. આજ પહેલાં સ્વાર્થાંધ ને મોહાંધ માતાપિતા તો ઘણાં મળ્યાં હતાં. તેમણે મારું શું ભલું કર્યું ? સંસારના ખાણીયામાં મારું કુટીયું નીકળી જાય, એવું એમણે કર્યું. તમે તો દયાળું છો, સમજુ છો, તમારે ત્યાં હું નહિ બચું તો ક્યાં બચીશ ? માટે હવે મને ચારિત્ર લેવાની આજ્ઞા આપો.''

ગુણસાગરે સંસારની એવી કરુણ કથની રજૂ કરી કે માતાપિતાને ઝાઝું બોલવાનું રહેતું નથી. જો એ કહે છે કે, 'વત્સ ! આ તારી સુકોમળતા અને જીવન પદ્ધતિ ક્યાં ? અને તું જે સંયમની વાત કરે છે તે ક્યાં ? તેનો મેળ તું શી રીતે સાધી શકીશ ?'

તો એ ઝટ કહે કે, ''માતાજી **! ભયંકર આગ લાગતાં સુકોમળ એવી રાજાઓની રાણીઓ પણ મહેલમાં ઊંચા મજલેથી ફલાંગ મારીને કૂદી પડે કે નહિ ? જંગલમાં લૂંટારાના ભયે ભાગંભાગ કરે કે નહિ ? જંગલમાં લૂંટારાના ભયે ભાંગભાગ કરે કે નહિ ? અવસરે નબળો માણસ કંઈક સામનો કરવાનું આવતા એકલો આંધળિયાં કરતો તૂટી પડે છે. મનને સચોટ ભાસ થવો જોઈએ કે હવે બેસી રહેવામાં ભયંકર પીડા છે. વળી શક્તિ આત્માની અનંત છે.''** ઇત્યાદિ ઇત્યાદિ ઘણી સમજુતી ગુણસાગર પાસે છે. એને કર્મના **બંધનો તોડવાની તાલાવેલી લાગી છે. અનંતનાજ પ્રવાસે કુચ કરવાની તમન્ના જાગી છે.**

**માતાપિતાની છેલ્લી માગણી :-** એના વાસ્તવિક બોલ ઉપર બીજું તો કાંઈ નહિ, પણ માતાપિતા એમ કહે છે કે 'તો એમ કર. જે આ આઠ કન્યાઓ સાથે તારું સગપણ થયું છે, તેની સાથે એકવાર લગ્ન કરી લે. પછી તારે દીક્ષા લેવી હોય તો લેજે.' સંયમ લેવા તૈયાર એવો પણ ગુણસાગર કહે છે, ''જુઓ, હું તમારા વચન પર વિશ્વાસ કરું છું. તમે કહો છો તેમ કરવા તૈયાર છું. પણ એ બાબતમાં કન્યાઓને અંધારામાં નથી રાખવાની. એમને મારી ભાવના જણાવવાની દીક્ષા તરત જ લેવાની મારે સાચી છે. તેમ લગ્ન માટે મુહૂર્ત જોવાનું નથી. સામે કહેવરાવવું કે 'અમારો દિકરો લગ્ન કરવાના બીજે જ દિવસે દીક્ષા લેશે. એટલે જો હિંમત હોય તો કન્યાના લગ્ન તરત જ લેવા તૈયાર થજો. જો એ તૈયાર થાય તો લગ્ન કરી તરત દીક્ષા લઈશ. પછી તમે અંતરાય નહિ કરોને ?'' માતાપિતા કબુલ થયા. 'સારું તેમ સહી.' કહેવરાવી દીધું કન્યાના માબાપને. શું ? એજ કે ચોરી નહિ. ન કન્યાના માબાપ સાથે ચોરી, કે ન ગુણસાગર સાથે ચોરી. કોઈ

દગો રમવાનો નથી.

ગુણસાગરને કહી દીધું.

**તો પણ પરણો પદમણી, અમ મન હરખાવો રે લો.**
**સંયમ લેજો તે પછી, અંતરાય ન કરશું રે લો.**
**કન્યાઓના બાપને કહેવરાવ્યું કે,**
**અમ સુત પરણવા માત્રથી, થશે સંયમધારી રે લો.**

શું સ્પષ્ટ શબ્દોમાં કહેવરાવી દીધું કે "સગાઈ થઈ છે તે સાચું; અને હવે લગ્ન પણ તરત જ લેવાના છે. પરંતુ અમારો દિકરો માત્ર લગ્ન કરવા જ હા કહે છે. પછી તો લગ્નના બીજે જ દિવસે ચારિત્ર લેવાનું કહે છે. જો યોગ્ય લાગે તો લગ્ન રાખજો."

**સંસારીનો અજબ કોયડો :-** સમજાય છે આ ? ગુણસાગરના માતાપિતાએ કહેવરાવતાં વિચાર નહિ કર્યો હોય કે લગ્ન પછી તરત દીક્ષા હોય, એમાં કોણ પરણવા કે પરણાવવા આવે ? પણ આ તમારા સંસારીઓનો કોયડો તમે સમજી શકો કે જ્ઞાની જાણે. અમે શું માપ કાઢીએ ? એટલું ખરું **કે મોહના સામ્રાજ્યની બલિહારી છે ! પુત્રવહુનું માત્ર મોં જોવા ખાતર ઉત્કટ વૈરાગી પુત્રને લગ્નની બેડીમાં જકડવા હરખે છે ! વાહ મોહ ! વાહ ! આત્મ વિજય કરવાના અવતારમાંય આત્મા હાથે કરીને તને (મોહને) વિજય અપાવે છે ! છતાં,**

**ગુણસાગરના માતાપિતાની સરળતા જુઓ :-** ગુણસાગરના માતાપિતા કાંઈ મનમાં ખોટો વિશ્વાસ નથી ધરતા કે 'ચાલો કન્યાઓને એકવાર ઘેર આવવા દો ને; પછી ગુણસાગર એની મેળે ઢીલો પડી જશે.' આવો ખોટો વિશ્વાસ નહિ ધરવાનું કારણ એક જ કે એ દેખે છે કે ગુણસાગર ભારે વૈરાગ્યથી વાસિત બન્યો છે. હવે એવી આશા ધરાય એવી નથી. નથીને કદાચ તત્કાલ પૂરતું મન મોળું પડ્યુંય ખરું, તોય જેને એકવાર વૈરાગ્ય જબરો જાગી ચૂક્યો છે એને વળી કોઈ સહેજ નિમિત્ત મળતાં એ વૈરાગ્ય ઉત્તેજિત થતાં શી વાર ? તે વખતે પાછો ઝગડો ઊભો. એના કરતાં કાં તો લગ્ન કરવાં જ નહિ; અગર જો કરવા, તો સામા પક્ષને ચોકખું બોલીને; કે જેથી સામાનો વિશ્વાસઘાત ન થાય. પછીથી ભવાડા થાય એ શું કામના ? એમાં પછી પુત્રવધૂના ખોટા વાંક કાઢવા પડે કે "તમે બરાબર સાચવ્યા નહિ. તમે તો આમ બોલ્યા ને તેમ બોલ્યા. આમ ચાલ્યા ને તેમ ચાલ્યા. પછી દીકરો અમારો ઘર છોડી જાય એમાં શી નવાઈ ? તમે તો ઊલટો અમારો છોકરો ખોવરાવ્યો..." વગેરે વગેરે લોચા વાળવાનું થાય. સ્વાર્થી અને બીનખાનદાન દુનિયામાં આવું આવું ઘણું બને છે. ગુણસાગરના માતાપિતાના મનમાં ચોરી નથી.



તેમ એ પુરા ખાનદાન છે. તેથી વેવાઈઓને સ્પષ્ટ જણાવી દે છે.

**ઈભ્ય સુણી ચિત્ત ચમકીયા, વર બીજે કરશું રે લો.**
**કન્યા કહે નિજ તાતને, આ ભવ અવર ન વરશું રે લો.**
**જે કરશે એ ગુણનિધિ, અમે તેહ આદરશું રે લો.**
**રાગ વૈરાગ્ય દોયમાં તસ આણા શિર ધરશું રે લો.**

**કન્યાના પિતા કહે છે, 'બીજો વર કરશું' :-** જ્યાં રત્નસંચય વ્યવહારીએ કહેવરાવી દીધું, "અમારો પુત્ર પરણવા માત્રથી સંયમી થાશે," ત્યારે તે સાંભળીને આઠે કન્યાના માબાપ ગભરાઈ ગયા. 'હા ! શું ? લગ્ન પછી તરત જ દીક્ષા ? તો પુત્રીઓનું પછી શું થાય ? એ, ભાઈ ! આપણને ન પાલવે. પરણાવી દીધા પછી શું લડવા જઈએ ? એની સાથે આપણે લગ્ન નથી કરાવવા. બીજો વર કરી લઈશું.'

**કન્યાઓનું પરાક્રમ :-** પણ કન્યાઓ શું કહે છે ? ખબર છે ? એ કહે છે, "પિતાજી ! આ ભવમાં બીજો વર વરવાની આશા મૂકી દેજો. શા માટે મુંઝાઓ છો ? **કોઈ પૂર્વ જન્મના અપૂર્વ પુણ્યના સંયોગથી એ મહાગુણવાન આત્મા સાથે સંબંધ મળ્યો છે.** તો હવે એ જે કરશે તે અમે કરીશું. પરણીને જો એમની રાગની આજ્ઞા હશે તો તે, સહર્ષ અમે સ્વીકારી લઈશું." શું સમજ્યા ? "તેમને જો અનંતનો પ્રવાસ ગમતો હશે, તો" આ કન્યાઓ કહે છે કે "અમે પણ તેજ આચરીશું. અમે પણ પરણવા માત્રથી દીક્ષા લઈશું. એમાં ગભરાઓ છો શું કરવા ? તમારે અમને સુખી કરવી છે ને ? અમે એમાં સુખી છીએ. આગળ વધીને કહીએ છીએ કે આ ભવમાં અમે એ ગુણમૂર્તિને છોડી બીજા કોઈને પરણવા તૈયાર નથી."

**દેવમાં દિવ્ય શક્તિ, પણ માનવમાં ઈશ્વરી શક્તિ :-** કહો, કન્યાઓની **કેવી હિંમત અને કુલીનતા ? તેમ કેવી ગુણની કદર ?** એને વિચાર તો આવે ને, કે "અમારા જેવી રૂપસુંદરીઓને પરણીને જે તરત ચારિત્ર લેવા ઈચ્છે છે, એમની વિચારસરણી કેટલી ઊંચી હશે ? કેવી સરસ એમની સાત્ત્વિકતા ! આવા સાત્ત્વિક નરરત્ન આજે શોધ્યા ક્યાં મળે ?" આર્યદેશની ખાનદાની પણ કહે છે કે **'ચિત્તમાં એકને નક્કી કર્યા પછી બીજાને વસાવાય નહિ.' કેવી આ માનવ શક્તિ ? દેવતામાં ભલે દિવ્ય શક્તિ છે, પણ માનવમાં ઈશ્વરી શક્તિ છે ! એવા માનવને સંબંધ શું, વિષય ની રમત સાથે જ હોય ? કે એના બદલે મહાન ઉચ્ચ આદર્શ અને ઉચ્ચ જીવન સાથે સંબંધ ?** આપણામાં ઈશ્વરી શક્તિ છે; એની જો શ્રદ્ધા અને પ્રીતિ થઈ જાય,તો કદાચ ચારિત્ર તો નહિ, તો પણ **જીવનમાં અનેક ગુણો ટેક સાથે કેળવાય.**



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

શું ? ગુણોનો જ ખપ. તે મક્કમતા સાથે. 'કષ્ટ ખપે, પણ ગુણ છોડવાનું ન ખપે.' અનંતના પ્રવાસી ગુણસાગર કેવા પુણ્યશાળી ? કે આઠેય પત્નીઓ તૈયાર ! કદાચ એ સંસારમાં રહ્યા હોય, તોય એમના વિચાર કેવા હોય ? તમારા જેવા ? કે ઊલટ એવા વૈરાગ્ય ઝળહળતા કે જેથી સ્નેહી વચ્ચે કોઈ કલેશ નહિ, કંકાશ નહિ, કોઈ મર્યાદાભંગ નહિ, કોઈ ઉન્માદ નહિ ?

**સજ્જન માબાપની સંમતિ :-** કન્યાઓના નિર્ધાર સાંભળી એમના સજ્જન માતાપિતા ખૂશ થઈ ગયા ! કેમકે એય ઉત્તમ કન્યાઓના માતાપિતા છે ને ? આર્ય છે ને ? પુત્રીના દુશ્મન નહિ પણ હિતૈષી છે ને ? જો જો હોં. અહીં તો કોઈ બીજા સારા ઘરે પરણાવો, તો કોઈ એને ત્રાસ કે નોકરી ન હોય, છતાં દીક્ષાર્થી ગુણસાગરને પરણાવવા તૈયાર થાય છે. તમારે ત્યાં કન્યા સાસરે જઈને શું કરવાની ? કહોને રસોઈ, વાસણ માંજવા, કપડાં ધોવા, વાસિદું વાળવું, વગેરે વગેરે ઘરકામ કરવાની. એટલે ? પરણાવીને એને રસોઈયણ, વાસણ માંજનારી, અને મજુરણ બનાવવાની, એજ ને ? એ બધાના બદલામાં એને પગાર શો ? ભોગની વિટંબણા કે બીજું કાંઈ ? આ તો સીધું ચાલે તો ? બાકી તો સાસુના ત્રાસ, પતિના ઠપકા, અપમાન, વિધવાપણું, મોટા પુત્રોના ત્રાસ, પુત્રવધુના ત્રાસ વગેરે કેટલું ? આટલું છતાં વિરાગી કન્યાને પણ કૂવામાં ઝીકવા તૈયાર, કેમ ખરું ને ? કે કન્યા દીક્ષા માગતી આવે તો અપાવી દો ખરા ? કૃષ્ણ મહારાજે દીક્ષા આપવાનું રાખ્યું હતું. કન્યા દીક્ષા લઈ સાધ્વી થાય તો દુન્યવી દૃષ્ટિએય સ્વાધીન, શોભાવાળી અને મહાસુખી થાય છે. પણ આજના માબાપને ગમે આ ?

**કન્યા આઠના વચનથી હરખ્યા વ્યવહારી**
**વિવાહમહોત્સવ માંડીયા ધવલમંગલ ગાવે નારી.**

**ગુણસાગર લગ્નની ચોરીમાં :-** અહીં તો માતાપિતા કન્યાઓને દીક્ષાર્થી વર સાથે પરણાવવા તૈયાર થઈ ગયા ! કહેરાવી દીધું 'લગ્ન લેવાના છે.' ગુણસાગર હવે વરઘોડે શોભે છે. સ્વજનોનો સમૂહ મળ્યો છે. વરઘોડેથી ઉતરીને ગુણસાગર હવે વિધિસર લગ્નની ચોરીમાં આવે છે. એક બાજુ ધવળમંગળના ગીતો ગવાઈ રહ્યો છે. બીજી બાજુ હસ્તમેળાપ થાય છે. આ તો બધી બહારની જંજાળ, પણ ગુણસાગરના હૃદયમાં તો જુદીજ ગડમથલ ચાલી રહી છે ! લોક શું સમજતા હશે? ત્યારે બંને પક્ષના માતાપિતા ? અને સામું ખુદ પરણનારા ?

## • વિવાહ વિધિનાં રહસ્ય •

ખરું જોતાં તમે વિવાહની ક્રિયાને વિચાર નથી કરતા. **'વિવાહ'** શબ્દ



ખરેખર સાચો છે. 'વિ' એટલે વિશેષ, 'વાહ' એટલે વહન કરાવવું. 'વિવાહ' એટલે પાપનો ભાર ઉપડાવવો. વર-વહુ બંનેના પક્ષ ખરેખર વિવાહ કરાવનારા એટલે સંસારની મુસાફરી માટે પાપનો ભાર ઉપડાવનારા છે !

આ લગ્નનું **'માંયરુ'** તો ખરેખર ! માયાનું ભોંયરું છે ! કેમકે લગ્ન પછી જીવનમાં વ્યર્થ ઊંડા ઊંડા ઉતરવું જ પડે છે. આ અમારા ઉપદેશ તમને ખપેને ? શું !

જે પેલું કોડીયાનું **'સંપુટ'** પગ નીચે ભાંગવાનું, તે હાથે કરીને પુણ્યનું સંપુટ ભાંગવા બરાબર છે.

ત્યાં પાછું સાસુ નાક તાણે છે ને ? કેમ વારું ? નાકકટ્ટા થઈ હાથે કરીને ભોગ લાલસામાં બાયડીના ગુલામ બનવા કેમ આવ્યા છો ?

પછી ચૉરીમાં બેસાડે ત્યાં વચ્ચે, **અગ્નિ !** એટલે ? કહો, સાચેસાચ હવે પતિ-પત્નીની વચમાં સંસારમાં રોજ કલેશની આગ સળગશે.

**વરમાળા** એટલે ? કલેશની આગમાંથી ભાગી ન જાય એ માટે એક બીજાના ગળામાં જાણે વરમાળા રૂપી શૃંખલા નાખી ! લગ્ન કરીને ગળામાં. ઘંટીનું પડ લેવાનું કે બીજું કાંઈ ? કૂતરાની ચાટવાની ચાટ હોય છે ને ? ધારો કે તેના પર ઘંટીનું મોટું પડ ઢાક્યું હતું. ત્યાં ભેંસ આવી. ભેંસે ખાવાની લાલચે એ પડના વચ્ચેના કાણામાં પરાણે માથું ઘાલીને ચાટમાંનું ચાટવા તો માંડ્યું. પણ પછી મોં ઉઠાવવા જાય છે ત્યાં માથું બહાર નીકળતું નથી. તેથી ઘંટીનું પડ ગળામાં. હવે કેમ ? તો કે આખી જિંદગી ઉપાડીને ફરવાનું. તેમ આ **વિષયની ચાટમાં ચાટવા મોહરાજા લગ્ન વિધિમાં પરાણે આ સ્ત્રીરૂપી ઘંટીના પડને જીવના ગળામાં ભરાવે છે.**

પાછા ત્યાં **મંગળફેરા** થાયને ? શાના ? સંસારની ગતિઓમાં ફરવાના રસ્તો.

એમાં વળી **ચોથા ફેરામાં પલટીને** પત્નીને આગળ ફેરવે છે. અને પતિને પાછળ. કેમ વારૂ ? સંસારમાં બધી વાતના છેલ્લા નિર્ણયમાં પત્નીને આગળ એટલે મુખ્ય કરવી પડશે. લગ્ન આજને ?

**લોક ક્યાં ? ગુણસાગર ક્યાં ? :-** ગુણસાગર બરાબર વિવાહનો અર્થ સમજે છે. માટે એને એ ક્રિયાઓમાં રસ નથી. ગોરનું કામ જુદું છે. અને એનું જુદું છે. લોક સમજતા હશે કે ''વાહ ! ગુણસાગર કેવો પુણ્યશાળી, કે આવી દેવસુંદરી સમી પત્નીઓ મળી ! કન્યાઓ કેવી ભાગ્યવંતી કે આવો ગુલાબી પતિ મળ્યો ! હવે આ કેવા કેવા સુંદર સુખ ભોગવશે !'' લોકને મન આવું આવું જ

ને ? પણ અહીં ગુણ સાગરના મનમાં જુદું જ છે. હવે એને દીક્ષા સમય નજીક આવે છે. તેથી એના મનમાં ઉચ્ચકોટિનું ધર્મધ્યાન શરૂ થઈ જાય છે. આત્માની કેટલી બધી ઊંચી દશા ? પૂર્વ જન્મોથી આ માટેની સાધનાઓ શરૂ કરી છે. **આપણે પણ અહીંથી શરૂ નહિ કરીએ તો આગળ ઉપર એવું દેખવા નહિ પામીએ.** હરેક પળે એમ થવું જોઈએ કે સંસાર ફાંસલામાંથી ક્યારે છુટું ? ન છૂટાય ત્યાં સુધીમાં શક્ય ઊંચી દાન, શીલ, તપની સાધના ચાલુ જોઈએ. ગુણસાગરને કાયાથી હસ્તમેલાપ અને મનથી ધર્મચિંતન છે.

**હાથ-મેલાવો હર્ષશું, સાજન જન સહુ મળિયા રે લો.**
**હવે કુમાર શુભ ચિત્તમેં, ધર્મધ્યાન સાંભરિયાં રે લો.**

ગુણસાગરને સ્ત્રીના આકર્ષણ નથી. એ સમજે છે કે પહેલેથી શરત છે, કાં તો ચાલો દીક્ષામાં સાથે. નહિતર ઘરમાં ખાઓ પીઓ, ઘણું ભર્યું છે.' ચૉરીના સંસારને જાણે કહે છે કે 'તમે તમારું બજાવો, હું મારું બજાવું છું.'

કવિ કહે છે :-

**હાથ મેળાવો હર્ષશું, સાજન જન સહુ મળિયા રે લો.**
**હવે કુંવર શુભ ચિત્તમેં, ધર્મધ્યાન સાંભરિયાં રે લો.**
**સંયમ લેઈ સુગુરુ કને, શ્રુત ભણશું સુખકારી રે લો.**
**સમતા સાગરમાં ઝીલશું, કામકષાયને વારી રે લો.**
**ગુરુવિનય નિત્ય સેવશું, તપ તપશું મનોહારી રે લો.**
**દોષ બેતાલીસ ટાળીશું, માયા લોભ નિવારી રે લો.**
**જીવિત મરણે સમપણું, સમતૃણ મણિ ગણશું રે લો.**
**સંયમ યોગે થિર થઈ, મોહ રિપુને હણશું રે લો.**

**ચૉરીમાં ધર્મભાવના :- અનંતનો પ્યાસી ! તેના કોડ અનંતનેજ સાધવાના હોયને ? કુમાર ભાવે છે. 'બસ ! હવે હું સદ્ગુરુ પાસે ચારિત્ર અંગીકાર કરીશ; અને સુખકારી શાસ્ત્રો ભણીશ. તેથી સમતાના સાગરમાં ઝીલવાની બહુ મઝા થશે. એમાં કામવાસનાઓ અને કષાયો મરી જશે. અથવા શાસ્ત્રજ્ઞાનથી પહેલાં કામ અને કષાયોને ભયંકર સમજી એ દુર કરી પછી સમતામાં રહીશ. ઉપકારી ગુરુદેવ અને સાધુ મહર્ષિઓના વિનય રોજ કરીશ. હમેશાં જીવનમાં વિવિધ પ્રકારના તપ અને ત્યાગને ઝગમગતા કરીશ ! પારણે બેતાલીસ દોષને ટાળીને ગોચરી લાવીશ. નિર્દોષ પણ ગોચરી વાપરવામાં તથા બીજા પણ કોઈ પ્રસંગમાં માયા અને લોભ નહિ કરું. આત્માને એવો સમતાયોગમાં કેળવી લઈશ કે શું જીવતર કે શું મૃત્યુ,**



**શું ઘાસ કે શું હીરા માણેક બેય સમાન લાગશે. અરે શું મોક્ષ કે શું સંસાર બંનેય સમાન રહેશે. માત્ર આત્મધ્યાનમાં લીન બનવાથી એનો કોઈ વિચાર નહિ આવે. એ યોગમાં સ્થિર થઈને મોહશત્રુનો નાશ કરી નાખીશ.**

## • ગુણસાગરનો ભાવનાનો અભ્યાસ •

ચૉરીમાં બેઠા ગુણસાગર જે ઉચ્ચ ભાવના ભાવે છે. એને જરા વિસ્તારથી જુઓ. કેમકે કથામાંથી એ મનમાં લેવા જેવો ખાસ લાગે છે. એમાં ક્ષપકશ્રેણીને યોગ્ય ઉચ્ચ ધ્યાનના મૂળ પડેલા છે. અવસરે આપણે પણ ભાવના કેમ ભાવવી. કયા ક્રમથી ચિંતનમાં આગળ વધવું, એ એમાંથી શીખવા મળે છે.

**ભવિષ્ય માટેની ભાવના પોચી હોય છે, વર્તમાન માટેની ભાવના માલદાર હોય છે :-** ગુણસાગર વિચારે છે કે 'હવે મારે વાર નથી, આ સવારે સુગુરુ પાસે જઈ ચારિત્ર લઈ લઈશ; અને **ચારિત્ર લીધું એટલે તો મહાન શાસ્ત્રો ભણવાનો મને પૂર્ણ અવકાશ અને અધિકાર** મળ્યો ! તેથી રાત ને દિવસ એમાં તન્મય થઈ જઈશ.'' ગૃહસ્થપણામાં સંસારની ભાંજગડમાં શ્રુતજ્ઞાન મેળવવાનો અવકાશ કેટલો ? તેમજ **અધિકાર** વિષે જોતાં, ઉચ્ચ કોટિના શાસ્ત્રોને ગૃહસ્થને તો અધિકાર જ ક્યાં છે ? ભાવનાની તલ્લીનતા જુઓ કેવીક છે ! જાણે ચારિત્ર લઈ પણ લીધું અને શાસ્ત્રાધ્યયનમાં લાગી પણ ગયા. આગળ જેટલું વિચારે છે કે 'હું આમ કરીશ...' તે **ભવિષ્યની** વાતો રૂપે નથી સમજવાની. પરંતુ જાણે વર્તમાનમાં પોતે એ સ્થિતિમાં પહોંચી ગયો એ રીતની ભાવના સમજવાની છે. **માલદાર ભાવનાની આ વિશેષતા છે કે જાણે પોતે વર્તમાનમાં તન્મય થઈ ગયો.** તોજ ભાવનાના વિષયથી આત્મા અળગો ન રહે. નહિતર તો ભવિષ્ય માટેની ઘણી ઘણી ભાવના ભાવવા છતાં ભાવનાની વસ્તુ જીવથી જુદી ને જુદી જ ભાસ્યા કરવાની. કેમકે જીવને લાગે છે કે એ તો ભવિષ્યમાં કરવાની છે ને ? એવું મનમાં જ્યાં સાથે બેઠું છે, પછી કેમ? તો કે ભાવનાનો વિષય તો જો કે ઠેઠ વીતરાગતા સુધી પહોંચ્યો, પરંતુ એય હમણાં નહિ, એ તો ભવિષ્યમાં મેળવવા તરીકેની વસ્તુ છે. હમણાંને હમણાં આત્મા એમાં ઓતપ્રોત થઈ જાય, આત્માને એ વસ્તુમાં રમણતા આવી જાય, એવું ક્યારે બને ? જો 'એ વસ્તુ જાણે **વર્તમાનમાં** આચરવા બેઠો,' એવી ભાવના ભાવવામાં આવે તો. બસ, ગુણસાગરની આ સ્થિતિ છે. એને જાણે કે લાગે છે કે 'આ મેં ચારિત્ર લીધું. આ હવે હું શ્રુત ભણવા માંડ્યો ! સાથે સાથે ગુરુ પ્રત્યે વિનય રોજ આદરતો ગયો, અને સંયમ-શ્રુત અને વિનયની સાચી આરાધના કરવા માટે કામવાસના અને ક્રોધ; અહંકાર વગેરે કષાયોને તો મેં ક્યાંય



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

દૂર ફગાવી દીધા ! આ હું તપમાં ચઢ્યો, દોષ ન લાગવા દીધા, સમતાયોગમાં પરાકાષ્ઠાએ પહોંચ્યો...'

**ગુરુ સુગુરુ શા માટે :-** કેવા સરસ ક્રમથી ભાવનામાં આ ચોકસપણે આગળ વધે છે ! સંયમ ગમે તે ગુરુ પાસે નહિ, પણ સુગુરુ પાસે જ લીધું કામનું, આખો સંસાર છોડી આપણા આત્માને સંપૂર્ણપણે સમર્પિત કરવા જઈએ, તે શું કુગુરુને પનારે પડી સંયમને બદલે અસંયમના યંત્રમાં પીલાવા માટે ? ઉન્માર્ગ અને ઉત્સૂત્રના દુર્ગતિના માર્ગે જવા માટે ? ગુરુ પોતે જ સંયમમાર્ગના અજાણ કે બેદરકાર હોય, અથવા ગુરુ ગીતાર્થ ન હોય તો કર્તવ્યાકર્તવ્ય, વાચ્યાવાચ્ય શું બતાવી શકે ? એ તો શાસ્ત્ર વિહિતને બદલે મનઃકલ્પિત સાધનામાં ઉતારી દે ! પ્રસંગ આવ્યે ઉત્સૂત્ર ભાષણ પણ સુલભ કરાવી દે ! પરિણામે સંયમ લીધા પછીય ભવમાં ભટકવાનું થાય.

**સંયમ જીવન :-** સંયમ લઈનેય મુખ્ય વ્યવસાય ગુરુનિશ્રામાં શ્રુત-સ્વાધ્યાય કરવાનો છે. અહોરાત્રિના આઠ પહોરમાંથી પાંચ પહોર સ્વાધ્યાયના છે. રાત્રિના બે પહોર નિદ્રાના છે. દિવસનો એક પહોર ગોચરી પાણી, ઠલ્લે જવું, વગેરેનો છે. સ્વાધ્યાયની સાથે વિનય તો ખાસ રાખવાનો છે. ગુરુ આસન પરથી ઉઠયા, અથવા તો બહારથી આવ્યા એ જોતાંજ આપણે ઊભા થવાનું. એ અભ્યુત્થાન વિનય. એમ ડાંડો એમના હાથમાંથી લઈ લેવો, એમને બેસવા આસન આપવું, અંજલિ જોડી સામે ઊભા રહેવું, વંદન કરવું વગેરે વિનયના પ્રકાર છે.

**સાધુતાની આરાધના માટે વાસના અને કષાયોના વિકારો છોડો :-** સંયમ-સ્વાધ્યાય અને વિનય-તપસ્યારૂપી સાધુતાની આરાધના સુંદર રીતે કરવી હોય તો વાસના અને કષાયના વિકારોને ધક્કે ચઢાવી દેવા જોઈએ. એને તિલાંજલિ આપી દેવા જોઈએ. કેમકે **ઇન્દ્રિયો વિષયોની વાસના એવી લેપડી વસ્તુ છે કે જે એમાંને એમાં જીવને વગર થકવ્યે અનંતકાળ રમાડ્યા કરે.** પછી ત્યાં આરાધનામાં ક્યાંથી એકાગ્ર મન રહી શકે ? **વાસનાવશ સારું જોવા ખાવામાં કે સ્પર્શવા વગેરેમાં આનંદ અનુભવનારાને ત્યાગના આનંદ કલ્પનામાંય ન આવી શકે, તો અનુભવમાં ઉતારવાની વાતેય શી ?** પછી ભલેને સાધુપણું લીધું એટલે જીવન તો જીવાય, થોડું ઘણું કરવુંય પડે, પણ એમાં સંવેગ વિરાગનો ઉછળતો ઉલ્લાસ ક્યાંથી લાવવો ? વાસનાના જોર હશે તો પડિક્કમણું નીરસપણે અને શુષ્ક હૃદયે થશે અને આહારપાણી વાપરવામાં પાકી સ્નિગ્ધતા રસમયતા હશે ! શું આ ? વાસનાનો વિજય ! ખરું જોતાં હવે વાસના ઉપર શુભ ભાવનાઓનો વિજય જોઈએ. ત્યારે આ તો વાસનાનો



વિજય થયો, એ ખોટું થયું. માટે જ વાસનાને મૂળમાંથી ઉખેડી નાખવી જોઈએ. એવાજ ક્રોધ-મદ-હાસ્ય-શોક-હર્ષ-ઉદ્વેગ વગેરેના વિકાર પણ રવાના કરી દેવા જોઈએ. તો પછી ગુરુકુલવાસ અને તપ સ્વાધ્યાય આત્માને સમભાવમાં ચઢાવી શકે. વાસના અને વિકારના ઉપશમન સંસારમાં રહ્યે શું કરી શકાય ?

**દંભી ભાવના કેવી ? :-** માટે જ ગુણસાગર દંભી અધ્યાત્મભાવનામાં નથી ચઢતા, અને એમ નથી વિચારતા કે ''હવે સ્ત્રીઓની સાથે હવેલીમાં પૂર્ણ અનાસક્તભાવે રહીશ. શુદ્ધ આત્માને સ્ત્રી જ ક્યાં છે ? હું નૈષ્ઠિક બ્રહ્મચર્યના પ્રયોગ કરીશ; સોહંના જાપમાં લીન થઈશ; પુદ્‌ગલની ક્રિયામાં અંતરથી અલિપ્ત રહીશ; ભોગક્રિયા જડશરીરની ક્રિયા છે, એમાં હું માત્ર સાક્ષીભાવે રહીશ; ગૃહવાસમાં રહેતાં ક્યાંય દ્વેષ-અરુચિ-અહંત્વ-તૃષ્ણા-મમતા વગેરે નહિ કરું.''-આવું આવું દંભ અને અજ્ઞાનતાભર્યું કાંઈ જ નથી વિચારતા. સમજે છે કે **વાસના-વિકારોને તોડવા માટે તો સંયમ જીવન જ સમર્થ છે.** સંસારના ત્યાગપૂર્વક સંયમ જીવનના અભ્યાસથી એ તૂટી જાય.

**સમતાયોગ :-** ગુણસાગર આગળ વધીને સંયમ અને સ્વાધ્યાયના તથા તપને કષાયનિગ્રહના ફળ રૂપે સમતાના યોગમાં ઝીલવાનું ભાવે છે. વાતેય સાચી છે, સાધુચર્યા સેવવા છતાં વિશાળ કોટિની સમતા એને ન આવે તો શું ગૃહસ્થચર્યા પાળનારને આવવાની હતી ? **સમતા એટલે જડ પુદ્‌ગલની વસ્તુમાં આ સારું, આ નરસું એવી ગણત્રી જ માંડી વાળે એવી આત્મપરિણતિ.** એમ રોગ ખરાબ, આરોગ્ય સારું; માન આપનારો યોગ્ય, અપમાન કરનારો અયોગ્ય, ઇન્દ્રિયોને અનુકૂળ એ ઠીક, પણ પ્રતિકૂળ એ ઠીક નહિ.-આ બધા વિષમભાવ છે, અસમતા છે. સમતામાં આમાં ક્યાંય અટકવાનું નથી. એ માટે શાસ્ત્રના અપૂર્વ બોધ સાથે સંવેગની મઘમઘતી સુગંધિ રાખી, વિવિધ પ્રકારના તપ-નિયમ-અભિગ્રહ આચર્યે જવાના. સંયમ સાધક દેહનો ધારણ અર્થે અનાસક્તભાવે ગોચરી વગેરે નિર્દોષ સેવવાની, તેમ ક્યાંય સ્વાર્થની દુર્બુદ્ધિવશ લેશ માત્ર પણ સાધુ મહાત્મા કે ગૃહસ્થપ્રત્યે કપટ, દંભ, વક્રતા ન સેવાઈ જાય, સહેજ પણ તૃષ્ણા મૂર્ચ્છા વગેરે ન સ્પર્શી જાય એ ખાસ જોવાનું. એ બધાનો દૃઢ અભ્યાસ થવાથી વિકલ્પોનું જોર એવું મંદ પડી જાય. ને આત્મધ્યાન એવું દૃઢ થતું જાય કે ખીલેલો સમભાવ પરાકાષ્ઠાએ પહોંચવાનો. પછી તો શું જીવન કે શું મૃત્યુ, શું કથિર કે શું કંચન-બધું સરખું લાગવાનું. અરે ! સંસાર પર તિરસ્કાર અને મોક્ષ પર અતિરાગ-એય નહિ રહેવાના. માત્ર એક જ વાત કે હૃદયના ખૂણે ખૂણામાંથી મોહની સૂક્ષ્મમાં સૂક્ષ્મવૃત્તિને જાણે ઉખેડી



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

ફગાવી દીધી. એમ કરતાં વીતરાગભાવ પહોંચી જવાય. ગુણસાગર જાણે 'આ બધી સાધનામાં હું ચઢી ગયો, તન્મય થઈ ગયો' એમ ચિંતવે છે. એમાં તો ઊંચા ઊંચા ગુણસ્થાનકે ચઢે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૩૫-૩૬,તા.૨૯-૫-૧૯૫૪

## (૨૨) અનંતના પ્રવાસે અને પ્રવાસી સ્વજનોની ગુણગાથા

આપણી વાત એ ચાલે છે કે ચૉરીમાં હસ્તમેલાપ વખતે ગુણસાગર ખોળીયાની ક્રિયા ત્યાં જ રહેવા દઈ **પોતાના આત્માને સુંદર ધર્મભાવની ક્રિયામાં** લઈ જાય છે. તે ભાવના પણ ભવિષ્ય માટેની નહિ, પણ જાણે વર્તમાનમાં પોતે એવું આચરવા બેઠો, અને એમાં લયલીન થઈ ગયો, એ રીતે-એવા એકાકાર ધ્યાનમાં ચોથા સમતાયોગે સ્થિર થવાનું મનમાં ભાવ્યું. ત્યાં ઘનઘાતીકર્મોના બંધન તૂટતા શી વાર ?

**ગુણસાગર મહાત્માએ કેવળજ્ઞાન :-** ભાવનામાં ગુણસાગર એવા તો એકાકાર થઈ ગયા કે ચઢ્યા ગુણ શ્રેણિએ. પૃથ્વીચંદ્ર રાજા સુધનની આ વાતને સિંહાસન પરથી ઊંચે કાને સાંભળી રહ્યા છે. સુધન કહે છે "મહારાજ ! શું કહું ? હજી તો આઠ કન્યાના હાથ ગુણસાગરના હાથમાં છે; ત્યાં તો ગુણસાગરે ક્ષપકશ્રેણિ પર આરૂઢ થઈ કેવળજ્ઞાન મેળવ્યું !!" **અંતના પ્રવાસ મિટાવી અનંતના પ્રવાસ આદરી જ્ઞાનાદિ ચાર અનંતના સ્ટેશનરૂપ (વિશ્રાંતિસ્થાનભૂત) તેરમા ગુણસ્થાનકે પહોંચ્યા !** ત્યારે આઠ સ્ત્રીઓ પણ જાય એમ નહોતી.

**સ્ત્રીઓની ભાવના :-** જાણતી હતી એ કે, "**આ પતિ એટલે ખાનદાન જૈનકુળનું રત્ન. એમને આવા લચપચતા ઊંચા ભોગની વચમાં કઠોર ત્યાગમાર્ગે જવાનો જે નિર્ધાર છે, તે સમજણ વિનાનો નિર્ધાર નહિ. તેથી તે અચૂક ચારિત્ર લેવાના. તો અમારે પણ આવા સોભાગી પતિ મળ્યા પછી પાપમાં બેસી રહેવાનું શું કામ છે ?**" વિચારે છે,

**"અમે પણ સંયમ સાધશું, નાથ નગીનાની સાથે રે લો.**
**એમ આઠે થઈ કેવળી, કર પિયુડા હાથે રે લો..."**

આમ સ્ત્રીઓ પણ ભાવનામાં ચઢી, **એકની સંયમ લગની. આઠેને એ લગની લગાડી !** વિચારે છે કે **'આ કુટિલ સંસારે પતિ તો ઘણા મળ્યા, પણ આપણે એમને વિષયના વિષકટોરા પાયા અને એમણે આપણને પાયા. અરસપરસ મોહરૂપી ઝેરના પ્યાલા પાઈને દુર્ગતિના મહેમાન, બનાવનાર થયા. પરંતુ આ પતિ એવા મળ્યા છે કે જે મોક્ષસંઘના સાર્થવાહ થાય એવા છે. એમને કોઈનું ઝેર પીવું નથી અને કોઈને ઝેર પાવું પણ નથી.** તો આ પતિને પરણી એમના સંઘમાં કાંઈ ન ચાલીએ ? એમના ઉચ્ચમાર્ગે ચાલી, કર્મનો નાશ કરીને મુક્તિને કેમ ન સાધીએ ? **મોહના ઝેર પીધેલા ભવ પોતાના જ સંસારના વર્ધક બને છે.** તેમાં માનવભવ કાંઈ લેખે ન લાગ્યો. એ તો **સંયમ ધર્મનું અમૃત પીધેથી લેખે લાગે.** તો આવો અને આવા અમૃત પાયી પતિ મેળવી ભવ લેખે કેમ નહિ લગાડીએ ? અમે પણ પતિ સાથે ચારિત્ર લઈશું, **ઘોર તપસ્યા ને જ્ઞાનધ્યાન સાધીશું ! પરીસહ સહીશું ! કર્મના ફુરચા ઊડાવીશું.'**

**આઠેય સ્ત્રીઓને કેવળજ્ઞાન :-** આઠ કન્યાઓ પત્ની બનવા આવેલી. હાથ પિયુડાના હાથમાં છે. ત્યાં એમને **ઊચ્ચ ભાવના અને ધ્યાનમાં કેવળજ્ઞાન-કેવળદર્શનના દીવડા પ્રગટ્યા ! નવેય આત્મા પરમાત્મા બનવા ઉપર, દેવતાઓએ દુંદુભી નાદ સાથે આકાશમાં જય જયારવ કર્યો !** સાધુવેશ લઈને આવ્યા. આ બધું જોઈને લોક તો ચમત્કાર પામી ગયા. ગોર ત્યાં ઊભો રહી શકે ? એના મંતર બંધ ! બાજુએ ખસી ગયો. દેવે આપેલો વેશ નવેએ પહેર્યો. **આઠ સ્ત્રીઓનો આત્મા એક નહિને ? આઠેયના આત્મા જુદા, એમનાં મન જુદા, કર્મ જુદા, છતાં પતિ એક, ધર્મ એક, કુળવત્તા એક તેથી શુભભાવના પણ એક અને કર્મનાશનો કાળ એક, અને એકી સાથે એક સરખું કેવળજ્ઞાન !**

**માતાપિતાનો પશ્ચાત્તાપ :-** નવેય કેવળજ્ઞાની ! સુવર્ણનાં કમળ રચાયાં, તેની પર બિરાજમાન થયા. દેવો બેઠા, અને લગ્ન ઉજવનાર મનુષ્યો પણ બેઠા. ત્યાં કેવળી મહર્ષી ગુણસાગર દેશના આપે છે. ગુણસાગરના માતાપિતા આ બધું જોઈ આભા બની ગયા. વિચારે છે 'આ શું બધું ? આ અમારો પુત્ર ! ને આ એની પત્નીઓ ! ઓહો ! અમે આમને ક્યાં ઘસડ્યા ? છતાં આમનું પરાક્રમ કેવું મહાન ! કેટલો ઉચ્ચ એમનો આત્મા ? લગ્નની ઢોંગી રમતમાં ઘસડનાર અમે કેવા અધમ ! અમે તો વિષયની વિષ્ટા ચૂંથી. પણ એમને ય ચૂંથાવવા મથ્યા. ધિક્કાર છે અમને ? ક્યાં અમે, ક્યાં એ ? એ માત્ર વિરાગી નહિ, પણ વીતરાગ કેવળજ્ઞાની !' માતાપિતા પશ્ચાત્તાપ સાથે મહાન અનુમોદના કરી રહ્યા છે. કરેજ ને ? કેવળજ્ઞાન કઈ જગાએ ? ચૉરીમાં ! ઉપાશ્રયમાં આવીનેય કેવળજ્ઞાન તો શું પણ એની ભૂમિકાય મોંઘી છે. ક્યી ભૂમિકા ? સંયમ ને તપ. અરે ! ચારિત્ર તો શું પણ વૈરાગ્ય અને એની અનુમોદના પણ મોંઘી ! કેમ ? મોંઘી કે સસ્તી છે ? જ્યાં સાધુ પુરુષો વસે છે; વૈરાગ્યનું વાતાવરણ છે, ત્યાંય વૈરાગ્ય મોંઘો, તો

બહાર નીકળ્યા પછી શી આશા ? ફિટકાર વરસે છે જાત પર બંને માતાપિતાને, 'કેવા મોહાંધ અમે ?' ચઢ્યા આત્મનિંદામાં, નિંદા સાચી છે. એ તો ઠીક છે. ગુણસાગર પુરુષાર્થી જીવ હતો; નહિ તો મોહરાજાના હાથે ક્યાંય પટકાઈ જાત ! કાળના ચોપડાઓમાં આવું કરાવી પોતાનું કલંકી નામ લખાવનાર કેઈ થઈ ગયા. એમણે ઠેઠ કાંઠે આવેલાને અંતરાય કરી પાછા મોહસમુદ્ર એટલે કે ભવસમુદ્રમાં ફેંક્યા ! આજેય એવા છે. ગુણસાગર મહર્ષિના માતાપિતાએ ભાવનામાં અને સ્વાત્મનિંદા અને પરમાત્માનુમોદનની ક્ષપકશ્રેણિ માંડી, કેવળજ્ઞાન લીધું. નવને બે અગિયારનો આંકડો થયો. શાનો ? અનંતના પ્રવાસી સ્વજનોનો આંકડો આ તો એક જ ઘરમાં. તમારા ઘરમાંથી કેવળજ્ઞાનીનો આંકડો નહિ, પણ દીક્ષિતોનો આંકડો કેટલો ?

**પૃથ્વીચંદ્ર વૈરાગીનો વલોપાત વધી ગયો :-** પૃથ્વીચંદ્ર આભા બનીને સાંભળી જ રહ્યા છે ! "ચોરીમાં કેવળજ્ઞાન લીધું એમણે ? ને હું ? ચોરી તો નહિ, પણ લગ્ન પછી પણ મારે કેવળજ્ઞાન તો શું પણ હજી ચારિત્રનીય વાત નથી ? અરે ! રાજગાદીએ રાજાપણું પણ લઈ લીધું. અને હજીય સંયમ નહિ ? પિતાજીના આગ્રહે રાજ્યના બંધનમાં પડ્યો. પણ હવે ક્યારે સંસાર ત્યજીશ." પૃથ્વીચંદ્ર રાજા ભાવનામાં છે, ત્યાં સધન કહે છે :- "શું કહું રાજન આપને, હું ત્યાં ગયેલો ને મને આ જોઈને કાંઈ કાંઈ થઈ ગયું. અહો કેવું અપૂર્વ એ આશ્ચર્ય ! ત્યાં તો રાજા પણ આ ચમત્કાર જોવા આવ્યો. દેશના વખતે એમણે પૂછ્યું કે 'આ એક સાથે શું બધું ? એટલે કેવળી ભગવંતે શંખ કલાવતીના ભવથી એકવીસ ભવનો અધિકાર બતાવ્યો. એ સાંભળીને કેઈક જનો બોધ પામ્યા. ધર્મ સ્વીકાર્યો. મને તો હૈયે હર્ષ જ માતો નહોતો. એટલે મને કેવળી ભગવંત કહે છે, આમાં તને શો બહુ ચમત્કાર લાગે છે ?"

**અધિક આશ્ચર્ય :-**

**એહથી અધિકું દેખશો, અયોધ્યા નામે ગામે રે લો...**

એટલે મને થયું "આહા ! તેવો ચમત્કાર જોવા હું ભાગ્યશાળી ક્યાંથી ? ચોરીમાં નવને કેવળજ્ઞાન ! એ શું ઓછો ચમત્કાર છે ? ઠીક, એ તો વૈરાગી હતા, પણ માબાપ જે રાગી હતા, એમનેય કેવળજ્ઞાન ! આ ક્યાં ઓછો ચમત્કાર છે ? છતાં આથી અધિકો ચમત્કારી બનાવ અયોધ્યા ગામે જોવા મલશે, એમ જ્ઞાની કહે છે. તો એ જોવામાં વિલંબ શા સારું કરું ?" તેથી તરત જ્ઞાનીને પ્રણામ કરીને હું ત્યાંથી સીધો જ અહીં આવ્યો છું.



**કૌતુક તુમ પ્રાસાદથી, જોશું સુખકારી રે લો.**
**એમ કહી સુધન તિહાં, ઊભો શિરનામી રે લો.**

હવે તો તમારા પ્રાસાદથી હું અધિક અછેરું જોવા પામીશ. એમ કહી અહીંયાં મસ્તક નમાવીને સુધન જ્યાં ઊભા રહ્યો છે, ત્યાં તો મહાચમત્કાર બન્યો. શું એ ? આ, પૃથ્વીચંદ્રના હૈયામાં પ્રસંગ સાંભળતાં ભયંકર વલોપાત ચાલુ થઈ ગયો છે ! એ વૈરાગી તો જન્મથી હતા જ; પણ આ સાંભળતાં વૈરાગ્ય એકદમ વધી ગયો. **"એ આત્માઓએ ભોગથી અને કર્મથી અલિપ્ત થઈ અજ્ઞાન હઠાવી દીધું ! કેવળજ્ઞાન રૂપી અનંતી આત્મઋદ્ધિ પ્રાપ્ત કરી લીધી ! ને મેં હજુ કંઈ નહિ ? ધન્ય છે એ ગુણસાગર મહાત્માને કે જે સંસારસાગરનો પાર પામ્યા ! હું તો પિતાના આગ્રહે સંસારના રાજ્ય લક્ષ્મીના પાપસ્થાનમાં પડ્યો, પણ હવે હું સંસારમાંથી ક્યારે નીકળીશ અને ક્યારે મુનિ બનીશ !"**

**પૃથ્વીચંદ્ર તે સાંભળી, વાધ્યો મન વૈરાગ્ય;**
**ધન ધન તે ગુણસાગરુ, પામ્યા ભવજળ તાગ !**
**હું નિજ તાતના આગ્રહે, પડિયો રાજ્ય મોઝાર;**
**પણ હવે નીસરશું કદા, થાશું કબ અણગાર.**

**વૈરાગી વીતરાગ બને છે :-**

**પૃથ્વીચંદ્રની ભાવના :- જીવને કોઈ ભારી આત્મપુરુષાર્થનો પ્રસંગ બન્યાનું સાંભળવા મળે, તે વખતે જો પોતે આત્મપુરુષાર્થ નહિ ફોરવ્યાનું મનને કાતિલ દુઃખ ન થાય, તેમજ હવે આત્મપુરુષાર્થ ફોરવવાના સચોટ કોડ ન થાય, તો ઊંચા વૈરાગ્યના પ્રસંગ સામે હૃદયની કઠોરતા સિદ્ધ થાય !** એમાં આત્માની મૂર્ખાઈ થાય. પૃથ્વીચંદ્ર વિચારે છે કે અણગાર થવાની ભાવના ભાવતાં એ ભાવનામાં આગળ ચઢ્યા. ભાવનામાં પહેલું શું ? અન્ય આરાધકોની આરાધનાની અનુમોદના. અનુમોદના પાછી કોરી નહિ, પણ પોતાના આત્માના મનોરથથી ભીંજી. **તે મહામુનિઓને ધન્ય છે, જે ધ્યાનમાં રમણતા કરી પોતાના આત્માને શુદ્ધ કરે છે.**

**ધન ધન તે મુનિવર ધ્યાને રમે, કરતા આત્મ શુદ્ધ. મુનીસર.**
**રાજા ચિંતે સદ્‌ગુરુ સેવના, કરશું નિર્મળ બુદ્ધ. મુનીસર. ધન ધન૦**

જેના ખજાને ઝવેરાત ભર્યા પડ્યા છે ! ઠકુરાઈ સમ્રાટની છે ! અપ્સરા જેવી જેને આઠ પત્નીઓ છે ! જગતના સુખોમાં જેને ન્યૂનતા નથી ! એવો આ પૃથ્વીચંદ્ર જ્ઞાનાદિ અનંતાનો પ્યાસી છે. અનંતમોક્ષનો અભિલાષી છે ! એને સંસારની કોઈ વસ્તુમાં રસ નથી ! કોઈ વાતમાં એને નિરાંત નથી, શાંતિ કે સુખ દેખાતું



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

નથી. એમાં ગુણસાગર વગેરેનો આવો અદ્‌ભુત પ્રસંગ સાંભળે છે; એટલે ચઢ્યા ગડમથલમાં.

**કબ હું શમદમ સમિતિ સેવશું, ધરશું આત્મધાન. મુ૰**
**એમ ચિંતવતાં અપૂરવ ગુણ ચઢે, શ્રેણિએ શુકલધ્યાન. મુ૰**
**ધ્યાનબળે સવિ આવરણ ક્ષય કરી, પામ્યા કેવળજ્ઞાન. મુ૰**

**"ક્યારે સદ્‌ગુરુ મળે ને ક્યારે એમના ચરણની સેવા પકડી લઉં ! અહો ક્યારે હું સંયમમય બનીશ !** સંયમ પામ્યા પછી તો એવું સંયમ પાળું કે કષાયનો ઉપશમ અને ઇન્દ્રિયોનો નિગ્રહ કરી ધ્યાનમાં બહુ લીન થાઉં, ઉત્તમ સમિતિ-ગુપ્તિના પાલનમાં ઓતપ્રોત થાઉં. ઉપર જતાં માત્ર શુદ્ધ આત્મધ્યાનમાં લીન થઈ જાઉં..." પૃથ્વીચંદ્ર ભાવનામાં ચઢ્યા. શુકલધ્યાનનો દાવાનળ સળગ્યો. અનંતા કેવળજ્ઞાનરૂપી સૂર્યોદય પૂર્વના આ ધ્યાનરૂપી અરુણોદયમાં ઘાતીકર્મોને બાળીને ખાખ કરી નાખ્યા ! શું અધિકું કૌતુક જોવા મળશે, એ સુધન જોતો રહી ગયો, ત્યાં તો રાજ્યપાટ-સંપત્તિ-યૌવન-કાયા, વગેરેથી પૃથ્વીચંદ્રે આત્માને એવો જુદો પાડી દીધો કે એ કેવળજ્ઞાની બન્યા ! કેવળજ્ઞાને સ્વર્ગમાં ઈન્દ્રના હૈયાં હચમચાવી મૂક્યાં.

સુધર્મા દેવલોકના ઈન્દ્ર શક્રેન્દ્ર વેશ લઈને આવ્યા. શાનો વેશ ? સાધુનો ! પૃથ્વીચંદ્ર કેવળી ભગવંતે વેશ પહેર્યો કે ઈન્દ્રે વંદના કરી. સાથે એમને વિનંતિ કરી સુવર્ણ કમળ પર આરૂઢ કર્યા. આ સમાચાર માતાપિતા પાસે અને સ્ત્રીઓના અંતઃપુરમાં પહોંચ્યા. બધાને મહા આશ્ચર્ય થયું, "કેવળજ્ઞાન !" માતાપિતા વિચારે છે "હજુ તો રમત રમીએ છીએ કે પુત્ર સંસારમાં ઠેકાણે પડે અને આ શું બની ગયું ?" **સંસારના દલાલ માતાપિતા સંસારના ઠેકાણા સિવાય બીજું શું ચિંતવે ?** કેમ જાણે બાળપણે વ્યવહારનું ભણી લીધું, યુવાવસ્થામાં સારી સ્ત્રી પરણ્યો, ને સારે ધંધે લાગ્યો એટલે ઠેકાણે પડ્યો ! પણ આવું ચિંતવનાર સંસારી માબાપ હોં. ધર્મી માબાપ તો એ ચિંતવે કે :- **ક્યારે આ મારા કુટુંબીઓનું સંસારમાંથી છૂટવાનું ઠેકાણું પડે કે જેથી એ બિચારા ભવે ભવે આ કરપીણ સંસારની દુર્ગતિઓમાં ભટકે નહિ. શા માટે ? વિષયોની ભીખ માગી માર ખાવા માટે શરીરરૂપી ચપ્પણીયા લઈને આ જીવ સંસારની ગતિરૂપી શેરીઓમાં માગી ખાવા નીકળી પડે છે.**

**સંસારમાંનું ઠેકાણું એટલે :- (૧) એમાં જો દેવગતિનું શરીરરૂપી ચાંદીનું ચપ્પણીયું મળ્યું હો, તો** જાણે મોહકર્મ કહે છે કે અહીં સારું નાચો એટલે કે મોહભરી રંગરાગની વિવિધ ચેષ્ટાઓ કરો, પછી ઇન્દ્રિયના વિષયભોગની ભીખ મળશે. અર્થાત્ સામેથી દેવીઓ વગેરેના વિષય સુખ મળશે.



**(૨) ત્યારે જો મનુષ્યગતિમાં શરીરરૂપી તાંબાનું ચપ્પણીયું મળ્યું,** તો તેની રીતભાત એવી કે એકલો નાચ નહિ, નાચ ઉપરાંત મજુરી પણ કરો અને અપમાનરીસ સહો; પછી ભોગની ભિક્ષા મળશે. તેય ભોગની ભિક્ષા દેવલોક જેવી ઊંચી નહિ, પણ એની અપેક્ષાએ કુશકા જેવી અતિ તુચ્છ !

**(૩) જો તિર્યંચ ગતિનું શરીર મળે તો એ જાણે લોઢાનું ચપ્પણીયું.** એનાથી નાચ, મજુરી કરવા સાથે તિરસ્કાર ઉપરાંત મારપીટ સહવાની. તે પછી સાવ હલકટ ભોગ મળે. જાનવરને ખાવાનું કેવું ? ઘાસ...યાવત્ વિષ્ઠા.

**(૪) ત્યારે નરકગતિની** શેરીમાં તો શરીર એ જાણે **માટીનું ચપ્પણીયું.** એથી શું કરવાનું ? ભયંકર ત્રાસ સહવાનાં સ્વશરીરનું કાપણકુટણ વેઠવાનું, જીવતા જીવે ભઠ્ઠીમાં સળગવાનું, કરવતે વહેરાવાનું, પત્થર પર અફળાવાનું ! છતાંય ભિક્ષામાં કાંઈ નહિ.

આ છે **સંસારમાનું ઠેકાણું !** સંસારી એટલે કે સંસારના પક્ષપાતી માબાપ આજ ઇચ્છે ને ? ધર્મી માબાપ એમાંથી છૂટી **મોક્ષનું ઠેકાણું** ઇચ્છે.

પૃથ્વીચંદ્ર કેવલી મહર્ષિના માતાપિતા ચોંકી ઊઠે છે ! "આપણે પુત્રને સંસારની ઘાણીમાં ઠેકાણે પાડવા ઇચ્છતા હતા; કેવા અજ્ઞાન આપણે ? કેવું એમનું ઓજસ !"

**પત્નીઓ કેવળજ્ઞાન પામે છે :-** પૃથ્વીચંદ્રની કોડિલી પત્નીઓ તો આ જોઈ ગાંડીઘેલી થઈ ગઈ ! ભાવતું થયું ને ? સંયમધર્મ અને મોક્ષ નજીક દેખાયો ! મોક્ષ અને ધર્મનો અથાગ પ્રેમ એ જ **સંવેગ. સંવેગ એટલે ધર્મ અને મોક્ષની ઉતાવળ સમજો; તેથી આપણે સંવેગની વૃદ્ધિ કરવી એટલે શું કરવું તેની ખબર પડે.** સ્ત્રીઓ એવા સંવેગ રંગમાં ચઢી કે **'આમ તરત જ ચારિત્ર લઈ લઈએ !' અનાસક્ત યોગી બની કર્મ ખપાવી દઈએ !'** સંવેગ રસમાં ઝીલતી આઠે તરુણીઓએ ત્યાંને ત્યાંજ ક્ષપકશ્રેણી માંડી. આઠેનો જાણે એક આત્મા ! એકી સાથે ઘનઘાતીકર્મના ભૂકા કર્યા. એમને કેવળજ્ઞાન લાધ્યું. એમને પણ ઈન્દ્રે વેશ આપ્યા.

**દયિતા આઠે સુણી મન હર્ષશું, ઊલટ અંગ ન માય... મુનીસર...**
**સંવેગ રંગતરંગમાં ઝીલતી, આઠે કેવલી થાય... મુ૰ ધન ધન જે મુનીસર...**

માતાપિતાના મનને ઉલ્લાસનો પાર નથી. પણ ગુણસાગર મહર્ષિના માતાપિતાની જેમ એમને તુરત કેવળજ્ઞાન ન થયું. છતાં હવે એની લગની જાગી ગઈ, 'એ શું ! એ શું !' એમ બોલતા રાજા હરિસિંહ પુત્ર પાસે દોડતા આવ્યા.

**સુધન ચોંકી ઉઠ્યો ! :-** સાર્થવાહ સુધનની તો મતિ જ બહેર મારી ગઈ;



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

અર્થાત્ કામ કરતી અટકી ગઈ. "હજી હમણાં ગજપુરમાં મેં શું જોયું ને આજ અહીં શું જોઈ રહ્યો છું ? આ જીવો પરાણે સંસારમાં કોઈનાથી ભૂલા પડાયા લાગે છે. નહિતર આવી જંગી શુભધ્યાનની ધારા જાગે ? કેવું અદ્ભુત કૌતુક ! ત્યાં તો ગુણસાગરને સવારે જ ચારિત્ર લેવાનો નિર્ધાર હતો, પણ અહીં તો એવું કાંઈ ન દેખાયું. હજી તો અહીં એમ પૂછે છે, કે 'કાંઈ આશ્ચર્ય જોયું છે ? જોયું હોય તે કહો.' એમાં મારું સાંભળતાં જ કેવળજ્ઞાન ! આ તો શું ? ત્યાં અમે તો નજરે જોનાર હતા, છતાં અનંતજ્ઞાન તો શું, પણ ચારિત્રેય ન પામ્યા. અને અહીં તો એ અચરિજ માત્ર સાંભળીને જ કેવળજ્ઞાન ! ધન્ય મહાત્માઓ ! કરોડો ધન્યતા તમોને !"

**ભગવંત પૃથ્વીચંદ્રના કુટુંબનો પૂર્વભવ :-** દેવરચિત સુવર્ણકમળ પર કેવળજ્ઞાની બિરાજ્યા છે; ત્યાં રાજા મહર્ષિને વંદન કરીને પૂછે છે "પ્રભુ ! આવા આપ ઉચ્ચ આત્મા ઉપર અમારે મોહ કરવાનું શું કારણ ?"

કેવળી કહે છે, "આ તો પૂર્વ ભવનો સંબંધ છે. તમે બંને પૂર્વે ચંપાનગરીમાં જયરાજા અને પ્રિયમતી રાણી હતા; અને હું તમારો કુસુમાયુધ નામે પુત્ર હતો. ત્યાં તમે ચારિત્ર લઈ એટલું ઊંચું પાળ્યું કે ત્યાંથી ગયા અનુત્તર દેવલોકમાં ! ત્યાંથી ચ્યવીને તમે બંને અહીં રાજારાણી થયા; અને હું પણ સંયમ લઈ અનુત્તરમાં જઈ અહીં પાછો તમારો જ પુત્ર થયો. તેથી તમને સ્નેહ થયો."

**માતાપિતાને જાતિસ્મરણ અને કેવળજ્ઞાન :-** આ સાંભળતાં માતાપિતા બંનેને જાતિસ્મરણ થયું. "પૂર્વભવમાં બધા સંયમી, અને અહીં ? જન્મથી પુત્ર વિરાગી ! અને અમે રાગાંધ ! પુત્ર નિર્મોહી અને અમે મોહમૂઢ !" ચઢ્યા આત્મ પશ્ચાત્તાપમાં "ક્યાં અમારી આ અપવિત્ર ગંદી મોહની રમત ! અને ક્યાં પૂર્વભવનું પવિત્ર શ્રેષ્ઠ સંયમ !" ચઢ્યા ચારિત્રની અનુમોદનામાં, અને ભાવનામા. પછી શું પૂછવું ? અષ્ટકર્મોને તોડી કેવળજ્ઞાન પામ્યા ! **અનંતના એક પ્રવાસી ગુણસાગરે આઠે પત્નીઓને અનંતની પ્રવાસી બનાવી; માતાપિતાને અનંતના પ્રવાસી બનાવ્યા; પૃથ્વીચંદ્રને અનંતના પ્રવાસી કર્યા ! એમણે ય આઠે પત્નીઓ અને માતાપિતાને અનંતના પ્રવાસી બનાવ્યા. બધાય અનંતના પ્રવાસ આદરી અનંતના માલિક બન્યા.**

**ગુણસાગર મહર્ષિનો આમની સાથે પૂર્વસંબંધ :-** સુધન પૂછે છે, "પ્રભુ આપને અને ગુણસાગર મહર્ષિનો શો મેળ ?"

**કેવળી કહે પૂરવ ભવ અમ નંદનો. કુસુમકેતુ તસનામ.**
**એહીજ દયિતા દોયને તે ભવે, સંયમ જ પાળી તે સાર;**
**સમ પરિણામે સવી અનુત્તર ઉપન્યા, આ ભવ પણ થઈ નાર.**



જ્ઞાની કહે છે "એ અમારો પુત્ર હતો. નામે કુસુમકેતુ. બંનેને જે આઠ આઠ સ્ત્રીઓ ત્યાં હતી, તેજ બંનેની અહીં પત્ની થઈ. સર્વેએ ચારિત્ર પાળી સમાન પરિણામે બધા સાથે અનુત્તર વિમાનમાં જન્મ્યા. આયુષ્ય પૂર્ણ કરી બધા અહીં આવ્યા."

**સંબંધ કામવાસનાના કે ધર્મરંગના ? :-** શું સાંભળ્યું ? પૂર્વભવમાં પણ એજ સ્ત્રીઓ. એ પાછી ઉત્કૃષ્ટ સંયમ પાળનારી, સોળેસોળ ! એકમાં ન્યૂનતા નહિ ! સંબંધ કેવા હોય ? કામવાસનાના કે ધર્મરંગના ? મોહમૂઢને તો પાછળથી પણ એમ રહે કે 'અમને સારું સુખ આપનારા એ કેવા સારા સ્નેહી !' ત્યારે અહીં બધાય સ્વજનો એ બધું ભૂલી સંયમ રસીયા થઈ અનંતના પ્રવાસી ! અહીં પ્રવાસ પણ પૂર્ણ કર્યો, ધર્મસાધના પૂરી થઈ, અને જ્ઞાનાદિ અનંતના સ્ટેશને સ્થિર થયા. પૂર્વભવ સાંભળ્યા પછી સુધને શું કર્યું ?

**સાંભળી સુધન શ્રાવક વ્રત લહે, બીજા પણ બહુબોધ.**
**પૃથ્વી વિચરે પૃથ્વીચંદ્રજી, સાદિ અનંત થયા સિદ્ધ. મુનીસર૦**

પૃથ્વીચંદ્ર કેવળજ્ઞાની ભગવાન અનેકને ચારિત્ર, શ્રાવકના વ્રતો, સમ્યક્ત્વ વગેરે પમાડી મોક્ષમાં પહોંચ્યા, સિદ્ધિ નિવાસની શરૂઆત થઈ, માટે તે નિવાસ સાદિ. કોઈ દિવસ હવે એ નિવાસનો અંત નહિ; તેથી તે નિવાસ અનંત. એમ સાદિઅનંત સિદ્ધિ-નિવાસ કર્યો. જુઓ હવે કવિ કેવી સુંદર સ્તુતિ અને પ્રાર્થના કરે છે !

**કવિના અંતિમ હૃદયોદ્ગાર :-**
**નિતનિત ઊઠી હું તસ વંદન કરું, જેણે જગ જીત્યા રે મોહ...**
**ચડતે રંગે હો શમસુખ સાગર, કરતો શ્રેણી આરોહ...**
**જગ ઉપકારી હો જગહિતવત્સલુ, દીઠે પરમ કલ્યાણ...**
**વિરહ મ પડશો એવા મુનિ તણો, જાવ લહું નિર્વાણ...**
**ધન ધન તે મુનિવર ધ્યાને રમે.**
**જિનવર ધ્યાને હો ઉત્તમ પદ વરે, રૂપ કળા ગુણ જ્ઞાન,**
**કીર્તિ કમળા હો વિમળા વિસ્તરે, જીવ લહે શુભ ધ્યાન.**

**મહાપુરુષના ચરિત્રના શ્રવણ ઉપર ચિંતવવા યોગ્ય :-** અનંતના પ્રવાસી સ્વજનોની ગુણગાથા ગાઈને કવિ અંતમાં કહે છે કે,

"જગતમાં જન્મ પામીને જેણે દુર્ધર્ષ અને દુર્જેય મોહને જીત્યો, એમને હું હરરોજ પ્રભાતે ઊઠીને પહેલા વંદન કરું. મોહને જીત્યો એટલું જ નહિ, પણ જે ચઢતે રંગે અર્થાત્ ઊંચા ઊંચા શુભ અધ્યવસ્થાનકને સ્પર્શી સ્પર્શીને મહાન ઉપશમકેરા

અનુપમ સુખના મહાસાગર બન્યા છે, તેથી ક્ષપકશ્રેણિ ઉપર અદ્ભુત આરોહણ કરી રહ્યા છે. એમ કરીને કેવળજ્ઞાન પામી જગતને માટે ચિંતામણી રત્ન સમાન જે બન્યા છે; જગતના હિતવત્સલ એટલે કે જગતનું કલ્યાણ કરવાના પરમ વાત્સલ્યને ધરનાર અર્થાત્ સહજભાવે નિઃસ્વાર્થપણે સચોટ વિશ્વકલ્યાણને કરનારા જે બને છે; આવા મુનિપુંગવોને. આવા મહાત્મામાંથી પરમાત્મા બનનારને મારા કોટિ કોટિશઃ વંદન છે. હું ઈચ્છું છું કે મોક્ષ પામું ત્યાંસુધી મને આવા મુનીન્દ્રનો વિયોગ ન પડશો; અર્થાત્ મારે આવા મુનીશ્વરનો સમાગમ રહી રહીને સદા એમના માર્ગનું અનુસરણ રહેજો.''

જગતમાં જુઓ કે સ્મરણીય વંદનીય કોણ બને છે ? જગતનું હોઈયા કરી જનારો નહિ, પરંતુ જગતની આગળ પોતાનું પણ બધું ત્યજી દેનારો. તો મહામુનિઓ તો ઉત્કૃષ્ટ ત્યાગ કરનારા છે. તેથી જ ખરા સ્મરણીય વંદનીય છે. એકલું બાહ્ય જ ત્યજે છે એમ નહિ. પરંતુ આંતરિક મોહની, કષાયની અને હર્ષોદ્વેગની લાગણીઓને પણ ત્યજી દે છે. એ લાગણીઓ રૂપી ખરા આંતર દુશ્મનોને જીતી લે છે. ત્યારે આ જગતમાં બહારના શત્રુ પર વિજય મેળવવો એમાં બહુ બહાદુરી ગણો તો બહાદુરી પુણ્યની થઈ, પોતાની બહાદુરી ક્યાં થઈ ? પોતાની બહાદુરી આંતરશત્રુને કચરવામાં છે. કેમકે એમાં પુરુષાર્થ કામ કરે છે, પુણ્ય નહિ. બાકી દુનિયા પર વિજય મેળવનારાઓ તો કામ-ક્રોધ-લોભ, મદ-માયા-મમતા, હર્ષ-શોક-ભય વગેરે આંતરિક વૃત્તિઓ ઉપર વિજય મેળવી શકતા નથી. એને તાબે થઈ જાય છે. એમ નહિ કે ''એ શું ઊઠતી હતી અને મને કચરતી હતી ? એને તો હું કચરી નાખીશ. એના બદલે તો હું બ્રહ્મચર્ય-ક્ષમા-નિસ્પૃહતાને આધીન રહીશ; નમ્રતા-સરળતા-નિર્મળતાને મનઘરમાં મહલાવીશ; ઉદાસીનતા અને નિર્ભયતાના રંગથી રંગાઈશ.'' આવું એને નથી થતું માટે જ **દુનિયાના વિજેતા છતાં જો અંતરની પાશવી વૃત્તિઓની ગુલામી છે, તો એ કાંઈ વીર નથી. પ્રશંસનીય નથી.** જૈન શાસનની એ બલિહારી છે કે જે આપણને સાચા વીર એવા મોહના વિજેતા પૃથ્વીચંદ્ર-ગુણસાગર જેવાના દર્શન કરાવે છે. શ્રવણ કરાવે છે; એમના જીવનના વીર પ્રસંગ જણાવે છે. જગતમાં જેણે મોહને જીત્યો, એ આપણને મોહ જીતવા માટેની અદ્ભુત પ્રેરણા આપે છે. જાણે એમ કહે છે કે ''ઓહ ! મોહને જીતવો એમાં છે શું ? એ તો રમતવાત છે. આપણા મનમાં દઢ સમજુતી કરી લઈએ કે **''આપણો આત્મા એ બહાર દેખાતા જડ પદાર્થો કરતાં ચીજ જ જુદી છે. યાવત્ મારી કાયા કરતાં પણ આત્મા તદ્દન જુદી જ ચીજ છે. આત્મા સ્વભાવે સ્વતન્ત્ર છે, શુદ્ધ વીતરાગભાવે જગતનો માત્ર જ્ઞાતા છે. પરંતુ આત્માએ જડ**



**વસ્તુઓમાં ભળી જઈને એવા કુસંસ્કારો પોતાની અંદર રીઢ કર્યા છે કે વાતેવાતે રાગ ને દ્વેષની, ડગલે પગલે કામક્રોધ કે લોભની, હાલતાં ને ચાલતાં હર્ષ-શોક કે ભયની લાગણીઓમાં તણાય છે. આજસુધી અજ્ઞાન હતો, આ બધું સમજ્યો નહોતો. પરમકૃપાળુ અરિહંત પરમાત્માના શાસનથી જો હવે સમજ્યો; તો પછી હવે શા માટે કુસંસ્કારને પોષવા ? શા માટે જડ પદાર્થથી મારો આત્મા એટલે કે જે હું તદ્દન જુદી જ ચીજ છું. એણે જડ પદાર્થ ખાતર ફોગટ રાગદ્વેષાદિ મોહની લાગણીઓમાં તણાવું ? હવે મારે ને એને કોઈ નિસ્બત નથી. મોહની લાગણીઓ સેવવામાં આત્માનું નુર હણાઈ જાય છે. તો શું હાથે કરીને મારું જ નૂર હણનારો હું બનું ? મોહની લાગણીઓ મારા જ આત્માને કર્મની લોખંડી બેડીઓમાં બાંધે છે, શું હું મારી જાતે મારા આત્માને બેડીઓમાં બાંધનારો અને તેથી ભવિષ્યમાં ભયંકર માર ખાનારો બનું ? ના, હવે તો જેમ આજસુધી સહજભાવે રાગ કરવો ને દ્વેષ કરવો કામવશ થવું ને ક્રોધવશ થવું ઈત્યાદિ લાગણીઓનું જ જીવન રાખ્યું હતું, તેમ હવે એના બદલે સહેજે સહેજે ઉદાસીનભાવનું જીવન રાખીશ. ચાલ, જોવા દે, આય એક જીવન છે ને ? ઘણીવાર મૂર્ખ બન્યા હતા. તો આમાં કદાચ જગત આપણને મૂર્ખ કહેશે તો પરવા નહિ; પણ નિર્મોહીપણાનો સ્વાદ તો ચાખીશ !''**

આવી માનસિક સમજુતી કરી લેવાથી મોહને મારવાનું સરળ થાય છે.

કવિ સ્તુતિ કરતાં કહે છે કે એવા મહાત્માઓ જગતના માટે સાચા ચિંતામણી સમાન છે. દુન્યવી ચિંતામણી આપી આપીને શું આપે ? માત્ર આ લોકનું આપે, તેય બહુમાં બહુ મરણ સુધીનું આપે; પણ કાંઈ મરણ ટાળી અમરપટો ન આપી શકે. ત્યારે મહાત્મા તો ભાવી અનંતકાળનું ઈચ્છિત આપે. અહીં પણ પરમ સુખ શાંતિ આપે. માટે જ એ જગતહિતવત્સલ છે. સંસારમાં રહેવું પડે ત્યાંસુધી એમનો સંસર્ગ બન્યો રહે, અને એમના માર્ગનું અનુસરણ આપણા આત્મામાં આવી જાય, પછી જોઈએ શું ? અંતમાં કવિ કહે છે શ્રી જિનેશ્વરદેવના ઉત્તમ ધ્યાનમાં લીન બનવાથી આત્મા ઉત્તમ પદ પ્રાપ્ત કરે છે. ઉત્તમ પદ એટલે કે મોક્ષ કે સ્વર્ગનું સ્થાન. સ્વર્ગ મળે તો તેય લુખ્ખો નહિ, પણ ઉત્તમ રૂપ, કળા, ગુણો અને જ્ઞાનયુક્ત મળે. આમેય જિનધ્યાનના પ્રભાવે રૂપ-કળા-ગુણ અને જ્ઞાન વધે છે, નિર્મળ કીર્તિ ને નિર્મળ લક્ષ્મી વધે છે. નિર્મળ લક્ષ્મી એટલે પુણ્યાનુબંધી પુણ્યની લક્ષ્મી. માટે જીવે શ્રી જિનવરનું ઉત્તમ ધ્યાન ધરવું જોઈએ. આ ધ્યાનમાં વિશુદ્ધ સમ્યગ્દર્શનજ્ઞાન અને ચારિત્ર રૂપી જિનાજ્ઞાને આત્મસાત્ કરવાનું આવે. છેલ્લી ગાથામાં કવિએ પોતાની ગુરુપરંપરા અને પોતાનું નામ ગર્ભિત રીતે સૂચવ્યા છે.




E:/Divya-Darshan(part-12).pmd/prf.4

મુનિવર્ય શ્રી જિનવિજયજી મહારાજના શિષ્ય ઉત્તમવિજયજી મહારાજના શિષ્ય પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી રૂપવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજના શિષ્ય શ્રી જીવવિજયજી મહારાજે આ સજ્ઝાય રચી.

**છેવટે :-** અંતના પ્રવાસ બંધ કરીને અનંતના પ્રવાસ આદરી, પછી એને પૂર્ણ કરી અનંતના મથકે પહોંચી, અનંતાનંત કાળ માટે સ્વયં અનંતના માલિક બન્યા, અને એમ જ સ્વજનોને અનંતના માલિક બનાવ્યા. તેવો અનંતનો પ્રવાસ આપણે ખેડીએ ! એ માટે અંતવાળા જગતની મમતા આપણે સ્વયં છોડીએ; અને મમતા છોડવા તૈયાર થયેલાઓનાં વધામણાં કરીએ, એમ કરી કરીને આપણેય અનંતના પ્રવાસમાં વધતાં ધ્યાનની શ્રેણિ પર ચઢી એવો દિન ક્યારે આણીએ કે આપણે પણ મહર્ષિઓ પૃથ્વીચંદ્ર અને ગુણસાગર ભગવંતોની જેમ અંતથી વીરમી અનંતના મહાસાગરમાં ભળી જઈએ. એજ એક સ્વપર માટેની મંગળ આકાંક્ષા.

❖ ❖ ❖







૨૩

# માનવનાં તેજ

**(અંધેરી-કરમચંદ પૌષધશાળામાં અપાયેલ મનનીય જાહેર વ્યાખ્યાન.)**

**જગતની દૃષ્ટિએ તેજ :-**

અનંત ઉપકારી જ્ઞાની મહાપુરુષો "જગતના અનેકાનેક જીવોમાં જે જીવો તેજસ્વી બને છે, એ આત્માઓ મુક્તિપદના સાધકો બને છે," એમ કહે છે. જગતની દૃષ્ટિમાં પણ તેજસ્વી વસ્તુનાં મૂલ્ય જે અંકાય છે, તે તેજરહિતનાં નહિ. જગતની બીજી વસ્તુઓનાં તેજ જેમ તે તે વસ્તુની ખાસિયતના હિસાબે હોય છે; ત્યારે **માનવનાં તેજ તેની કોઈ તથા પ્રકારની વિશિષ્ટતાથી છે.** જગતની દૃષ્ટિમાં પણ આ તેજ સરખાં નહિ, **જેવી ખાસિયત તેવું તેજ !** હીરો તેજસ્વી છે. એટલે ? એ નિષ્કલંક છે, બનાવટી નથી, જાત્યરત્ન છે. એનો ચમકાર એને મૂલ્ય ઊંચુ છે, એમ ગણાય. પણ મોતી પાણીદાર છે ! તો તેની વિશિષ્ટતાઓ જુદી જ ! તાત્પર્ય એ છે કે એકલી ચળકાટ-ઉજળામણ તે તેજ નથી, તેમ કાળાશ તે પણ તેજ નથી. જે વસ્તુમાં જેવી ખાસિયત તેવું તેજ.

**પદાર્થ સૃષ્ટિમાં તેજના જુદા જુદા હિસાબ :-**

**કસ્તૂરી** તેજવાળી છે, એટલે સારી, રૂપાળી, ધોળી, સફેદ દૂધ જેવી ? ના, એ તો વધારે કાળી અને ગરમ હોય, એમ તેજસ્વી ગણાય. **સોનું** બહુ તેજસ્વી ! એટલે ધોળું નહિ પણ પીળું અને ચમકદાર. ભેળસેળ વિનાનું **સુખડ બહુ** તેજસ્વી તે શીતલતા અને સુગંધીને લઈને. **કેરી** બહુ તેજસ્વી માલદાર હોય છે, તે તેના મીઠા રસને લઈને. કઠણ પથરા જેવી હોય તો માલદાર નહિ, કાચી ગણાશે. કેરી પોચી અને રસદાર હોય તો માલદાર ! ત્યારે સોનું ? કઠણ અને રસ વિનાનું છતાં માલદાર !

**પ્રાણી સૃષ્ટિમાં વળી જુદા ધોરણ :-**

**ઘોડો** તેજદાર છે, પાણીદાર છે, એટલે ? વાહનમાં જોડ્યો અને લગામ નાખી કે વાયુવેગે ઉપડે ! માઈલોના માઈલો દોડ્યે થાકે નહિ ! **રાજહસ્તિ** છે, તે

તેજસ્વી રત્ન છે. તેની તેજસ્વિતા ઘોડાની જેમ ન ગણાય. ઘોડાની જેમ જો તે દોડે તો ? જંગલી ગણાય. એનાં તેજ તો એની પ્રૌઢતા, ગંભીરતા અને વિવેક પર મપાય. આમ જુદા જુદા તેજ માપવાં હશે તો લેખુ ને કોષ્ટક જુદા જોઈશે. **માનવનાં તેજ** તરીકે એના લેખા અને કોષ્ટક પ્રમાણે ગુલાબી રંગ ચામડીનો નહિ આવે, બોલવાની વાચાળતા નહિ આવે, કે આંખેથી કરાતા ભિન્ન ભિન્ન જાતિનાં નખરાં નહિ આવે. કેમકે આ વસ્તુઓ તો જગતના તુચ્છ પદાર્થોમાં પણ હોય છે. આ ગુલાબ કેવું મજેનું ! કેવો ગુલાબી રંગ ! અને ખુશબો ! તો ગુલાબી રંગ તો આમાં પણ છે. પણ જો માનવના તેજમાં માત્ર ચામડીની ગુલાબી જેવા જઈએ, તો તે માનવનાં તેજ માપ્યા નહિ ગણાય.

**વાણીની પટુતા એ માનવનાં તેજ નહિ :-**

કંઠ બહુ સારો ! પણ એ તો પોપટ કે કોયલ પણ એવા કેળવેલા હોય છે, કે રાજાઓ સભામાંથી કંટાળીને આવેલા હોય, તે આનંદ માટે પોપટ કોયલને બોલાવે. એ કેવું બોલે ? જો માનવ માટે ભાષા કાલી ને વહાલી ! જો માનવ માટે સુંદર મધુર ઉચ્ચારવાળી વાણીની પટુતામાં તેજ ગણીએ, તો તો તે પોપટ જેવામાં પણ હોય છે ! વાણીની મિઠાશ કોયલ જેવામાં પણ હોય છે. આજની દુનિયાએ જડ ગણાતી રેકર્ડ, તેમાં પણ મિઠાશ ઉતારી દીધી. એટલે વાણીની પટુતામાં માનવનાં તેજ નહિ.

**માનવનાં તેજ શાના પર માપવાં ?**

જુદી જુદી જાતના ભાવ પલટવા, તે પણ માનવનાં તેજ નથી. સરકસનાં પંખેરાંને પણ ભાવ પલટતાં આવડે હલકી જાતનાં સ્ત્રીપુરુષોને પણ ચમકારા કરતાં આવડે ! તેને તેજ ગણીએ તો ? ના, તે માનવનાં તેજ નથી. તો માનવનાં તેજ શું ગણાય ? પૈસા ગણાય ? તે પણ નહિ ? જો તેને તેજ ગણીએ તો તો પૈસાવાળી તિજોરી પણ તેજવાળી ગણાય ! ઘરમાં બે તિજોરી હોય. એકમાં બે પાંચ લાખ પડ્યા હોય, ને એકમાં બસો પાંચસો પડ્યા હોય, તો પેલી લાખવાળીને જ માલદાર કહેશો ને ? બેંકનું ખાનુ ય માલવાળું કહેશો ? એમાં જો રીતસર ભંડોળ પડેલું છે ! બે પાંચ દુકાનો છે, એમાંથી આ દુકાન તો માલવાળી, કેમકે એમાંથી ધરખમ આવક થાય છે. તો પછી પૈસાનો ભંડોળ તિજોરી પાસે છે, જમાવટ બેંકમાં પણ છે, પૈસાની કમાઈ મોખરા પરની દુકાનમાં પણ છે, તેની જેમ શું તે સ્થાનોથી માનવને તેજવાળો માનવો ? આ માણસ બહુ તેજસ્વી ! કેમકે મહિને તેને દશહજારની કમાઈ છે ! માનવનાં તેજ આ રીતે માપવાં ? તો તો કમાઈ તે દુકાનમાં પણ છે ! એટલે બંનેના તેજ સમાન થયાં.



**અજ્ઞાનતાની રૂએ :-**

માનવનાં તેજ શાના પર માપવાં ? આ વિચાર કરતા નથી, એનું પરિણામ જગતની મામુલી વસ્તુ આપણને અવસરે નચાવી, રોવરાવી જાય છે. શુદ્ધિ-બુદ્ધિ ગુમાવરાવે છે. **'હું માનવ છું. મારું તેજ શામાં ?'** આ વિચાર હોય તો જગત પર બાદશાહી ભોગવતા હોત. તેવી વાતો આજે બતાવવી છે, પણ તે વાતો ગળે ત્યારે ઉતરશે કે જ્યારે અજ્ઞાન માણસો જેને તેજસ્વી, પાણીદાર કે માલદાર નથી એ શમજાશે ? કેમકે તે રીઝર્વ થઈ ગયાં છે. સહુને તેજસ્વી થવું ગમે છે. પાણીદાર થવું ગમે છે. હું પાણીદાર, પ્રભાવવાળો થાઉં ! એવું કોને નથી ગમતું ? નાનાથી મોટા બુઝર્ગ સુધીનાને ગમે છે. ઝંખના છે તેજસ્વી થવાની ! માત્ર દિશા ઊંધી છે. શું ? 'અજ્ઞાનતાની રૂએ હું તેજસ્વી થાઉં !' એટલે શું ઊઠે છે મનમાં ? 'જગત પર મારો રોફ ચાલે !' તેજસ્વી થાઉં એટલે 'જગત મારું ગુલામ થઈને રહે ! હું એક અક્ષર બોલું ને જગતે ચૂપ થઈ જવું જોઈએ.' આવી આવી ઊંધી ગણતરીઓમાં અથડાવાના યોગે માનવની સાચી તેજસ્વિતા ભૂલાઈ જવાય છે. સમજ સાંકડી એટલે વાત નથી બની આવતી. તેજસ્વિતાની સાચી સમજ જેને છે, એને તો એ તેજસ્વિતા ન ખીલવામાં હૈયે કલેશનો પાર નહિ. 'હું તેજસ્વી થાઉં.' એટલે વિચારો, અંદર શું ઊઠે છે ?

**તેજસ્વિતાની જુદી જુદી કલ્પના :-**

બાળકના મનમાં શું ઊઠે ? 'મારા ભાઈઓ કે પાડોશીના છોકરામાં હું આગેવાન થાઉં, જરૂર પડે હું બે ઠોંસા મારી શકું !' વિદ્યાર્થી શું ઇચ્છે ? 'યેનકેન પ્રકારેણ હું ક્લાસમાં પહેલો નંબર રાખું ! ને મોનિટર થાઉં ! માસ્તર પણ મને પૂછીને કામ કરે.' આ માપ એનાં. એથી આગળ કોલેજીયન ઇચ્છે, "હું તેજસ્વી થાઉં એટલે હું બેરીસ્ટર, એમ.ડી. ને ફર્સ્ટ ક્લાસ પાસ થાઉં !' કોઈ સ્થાન મળ્યા પછી 'હું તેજસ્વી થાઉં' એટલે શું વિચારે ? 'બધા પર સરમુખત્યારી મારી ચાલે ! સલાહ મારી ચાલે, મારો પડ્યો બોલ ઝીલાય ! ને જગતના બોલ ઝીલવા હું તૈયાર નહિ !' આ તો દાનવનાં તેજ છે. રાક્ષસના તેજ. 'હું એટલે બધા પર વર્ચસ્વ જમાવનારો થાઉં, સત્તા ચલાવનારો થાઉં; મારા તાબામાં બધા રહે, હું કોઈના તાબામાં નહિ !' આવું દાનવને આવડે, જગતના દુષ્ટમાં દુષ્ટ માનવીને આવડે. 'મારે ત્યાં પૈસાની ટંકશાળ પડે ! અમન-ચમનના પદાર્થો મારે ત્યાં જોઈએ !' આ અવિવેકીને આવડે. જાતે કઢેલું પીએ, અને સગો ભાઈ કાળી ચા પીએ તો વાંધો નહિ ! આ તો જગતના હલકા જીવોને પણ આવડે છે. તો તેને આપણે માનવનાં તેજ માનીએ ? ના, **તો સાચાં તેજ કયાં ? તેના ઉપાય કયા ?**

ને તેનાં દૃષ્ટાંત કયાં ?

**માનવનું પહેલું તેજ જડની નિરપેક્ષતા :-**

અંધકારમાંથી અજવાળામાં આવવાનું છે. માયકાંગલી સ્થિતિમાંથી પરાક્રમી સ્થિતિમાં આવવાનું છે. ગુલામી છોડી સાચા સમ્રાટ જેવી સ્થિતિમાં આવવાનું છે. એટલે જ વિચારવાનું છે કે માનવનાં તેજ શામાં ? શું લાગે છે કહો જોઉં ? આપણે મનુષ્ય છીએ, તો આપણી જાત માટે જ કોઈ પૂછે કે 'તમારું તેજ કયું ? તમારામાં માલ કયો ?' તો શું જવાબ આપો ? તેજ એટલે ખાસ માનવની બીજાના કરતાં સર્વોપરી સ્થિતિ, બીજા કરતાં શ્રેષ્ઠ સ્થિતિ, ક્યારે ગણાય ? શું હોય તો ગણાય ? **જગતના પદાર્થોની વધુ પડતી અપેક્ષામાં કે જરૂરી એવા ય જગતના પદાર્થોના નિરપેક્ષતામાં ?** એક દર્દી એવો છે કે જેને દવાનાં દશ પડીકાં લેવાં પડે છે, એને વળી પાછાં જુદાં જુદાં અનુપાન સાથે લેવાં પડે છે. બીજા દર્દીને એવો વૈદ્ય મલ્યો છે કે એક જ પડીકું આપે છે, તેય લેવાનું પાણીમાં ! બેમાંથી **સારો ને સ્વસ્થ** કોણ લાગે ? પડીકાં લેવાના છે બીમારી કાઢવા માટે, તે જરૂરી છે, પણ જરૂરી છતાં જ્યાં અપેક્ષા વધુ છે, ત્યાં સ્થિતિ નીચી; અને જરૂરી છે છતાં જ્યાં અપેક્ષા ઓછી, ત્યાં સ્થિતિ ઊંચી દેખાય છે. એમ જે માનવ જડ પદાર્થોની ઓછી અપેક્ષાવાળો, અર્થાત્ વધુ નિરપેક્ષ, તે વધારે તેજવાળો, માલવાળો ને સુખી.

**તેજમાં ખામી શા માટે ? :-**

જગતની ઓછામાં ઓછી અપેક્ષામાં અર્થાત્ વધુ નિરપેક્ષતામાં માનવનું તેજ છે. એને જગતની અપેક્ષા ઓછી, તે તેજસ્વી; જેને અપેક્ષા બહુ તે માલ વિનાનો. અજ્ઞાન જગત અજ્ઞાનતાના માર્ગે દોડ્યું જાય છે. એની પાછળ આપણે દોડીએ તે જુદી વાત છે. પણ **વસ્તુગત્યા વિચારીએ તો જગતની પૂંઠે દોડવામાં આપણું તેજ, પાણી અને માલ વધતાં લાગે છે કે આવરાતાં લાગે છે ?** કોઈએ વિચાર નથી કરતું કે કેમ દોડો છો ? ના એ તો આગળના દોડે છે માટે અમારે દોડવાનું. શા માટે તમે જગતની આટલી પૂંઠ પકડો છો ? અમારા બાપાજીના બાપાજી પડતા આવ્યા છે માટે... એ મુખી થયા તો મુખીના લીસ્ટમાં અમારો એક નંબર વધારે ! આના પર એક કુંભારના ગધેડાનું દૃષ્ટાન્ત છે.

## • જોગેસર ગધેડાનું દૃષ્ટાંત •

**આંખ મીંચીને જગતની પૂંઠે ચાલવાનો મેનીયા :-** કુંભારના ઘરની પાસે એક પંડિત રહેતા. સવારે ઊઠીને એ નિયમિત ગાયત્રીનો મંત્ર જપે અને બાજુમાં કુંભારનો પાસે બાંધેલો ગધેડો પણ બરાબર તે સમયે જ ભૂંકે ! એક દિવસ ભૂંક્યો,



બીજે દિવસે ભૂંક્યો, ત્રીજે દિવસે ભૂંક્યો...આમ રોજને રોજ ગધેડાને ભૂંકતો જોઈ પંડિતને લાગ્યું કે આ જીવ કોઈ ઊંચો લાગે છે, પરભવની કમાઈ સારી કરીને આવ્યો લાગે છે. કુંભારે ગધેડાનું નામ 'જોગિયો' રાખેલું. જડી ગયું હશે ગમે ત્યાંથી નામ ! આમ દિવસો સુધી ચાલ્યું.

એક દિવસ પંડિત સવારે ઊઠ્યા. મંત્ર શરૂ થયો, પણ ગધેડાનો અવાજ આવ્યો નહિ. એટલે પંડિતને પડ્યો વહેમ ! "કેમ આજે અવાજ નહિ આવ્યો." રહેવાયું નહિ, એટલે પંડિત ગયા કુંભારની પાસે 'અલ્યા...ક્યાં ગયો પેલો ગધેડો ?' કુંભાર કહે, 'કયો પેલો જોગિયોને ?'

'હા, ભાઈ હા,'

'પંડિતજી ! એ તો મરી ગયો કાલે.'

'હેં શું મરી ગયો ?' પંડિતજી મનમાં શોક કરે છે, 'અરરર, ઘણો સારો જીવ...હવે આપણે શું કરવું ? આવો ઉત્તમ જીવ મરી જાય, ને એની પાછળ આપણે કંઈ ન કરીએ તો તો આપણી ધીઢ્ઢાઈ કહેવાય. આપણી પાસે બીજું તો કાંઈ નથી કે ચાલો પુણ્યદાન કરીએ, કે એના નામનો ચબુતરો ચણાવીએ. તો ચાલો નદીએ માથું મુડાવીને સ્નાન તો કરીએ.' પંડિતજીએ માથું મુંડાવી નદીએ જઈ સ્નાન કર્યું. પછી પાછા ફર્યા ત્યાં બજારમાં વેપારીએ માથે ઈસારો કરતાં પૂછ્યું, "કેમ પંડિતજી ! આમ ? આજે શું છે ?"

**"ભાઈ ! એ તો પેલા જોગેસર મહારાજ મરી ગયા !"** જો જો, હવે દુનિયાની આંધળી દોટ ! **માનવ તરીકે આપણાં તેજ શા છે, તેનો વિચાર નથી કરતા, અને જે તેજ લેવામાં શોભા કે અધિકાર નથી. કેમકે તે તેજ તે તે સ્થાનોમાં જ યોગ્ય કે રીઝર્વ્ડ છે, તે લેવા મથીએ છીએ ! તેથી જ્ઞાનીની દૃષ્ટિમાં હલકા થવું પડે છે, અને કર્મ અને કાળની થપાટ ખાવી પડે છે !** તેવી થપાટો અનંતવાર ખાધી, છતાં આશ્ચર્ય છે કે જગતનાં તે તેજ તફડંચી કરવાનો મેનિયા મૂકાતો નથી ! અજ્ઞાનતાની સાથે આ પણ એક કારણ છે, કે જગત આંધળું થઈને દોડે છે, તેની પાછળ આપણે પણ દોડીએ છીએ !

**આંધળીયા કરીને દોટ મૂકી છે :-**

વેપારી પૂછે છે, "જોગેસર મહારાજ મરી ગયા, તો મારે કંઈ કરવું પડે ?"

"જરૂર કરવું પડે. એમાં પૂછો છો શું ?"

"શું કરવું પડે ?"

પંડિતજીએ કહ્યું, "અરે દુકાન વેચીને ધર્માદા કરો તો પણ ઓછું છે ! ઓછામાં ઓછું માથું તો મુંડાવી જ નાખવું જોઈએ." પંડિતજીની વાત સાંભળીને



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

વેપારીએ પણ પંડિતજીનું અનુકરણ કર્યું.

ત્યાં તો દુકાને ઘરાક આવ્યા. ઘરાક, વેપારીને માથા તરફ આંગળી કરી પૂછે છે, "શું થયું ભાઈ ! આ શું છે આજે ?"

"અરે મહેરબાન ! જેટલું કરીએ એટલું ઓછું ! જીવ ઊંચો, છેવટે માથું મુંડાવવામાંથી જવાય ?"

ત્યાં કેટલાય લોકોએ મુંડાવા માંડ્યું ! એમ કરતાં ચાલ્યું બજારમાં.

ત્યાં નગરશેઠ આવ્યા. એમણે બધાનાં માથાં મુંડાયેલાં જોયાં.

શેઠ પૂછે છે, "કેમ ભાઈ ! શું છે આજે ? બધાએ આ...?"

"અરે શેઠ, ખબર નથી ? આ પેલા જોગેસર મહારાજ મરી ગયા ! તમારા જેવાએ તો પહેલું મુંડાવવું પડે !"

નગર શેઠે પણ મુંડાવ્યું.

શેઠને વળી જવાનું થયું મંત્રીને ત્યાં. શેઠનો કેશ વિનાનો ચહેરો જોઈ, પ્રધાને પૂછ્યું, "શું છે શેઠ આજે ? કેમ કોઈ કુટુંબમાં મરી ગયું ?"

"અરે, ના રે ના, આ બીજું તો કોઈ નહિ, પણ પેલા જોગેસર મહારાજ મરી ગયા."

**માનવનાં સાચાં તેજ વિસરીને, આપણા જીવનમાં આમ લોકની પાછળ આંધળીયા કરીને તો કાંઈ નથી બની રહ્યું ને ? એમજ આંધળે દોટ તો નથી મૂકીને ?** કેમકે, મનને એમ થયા કરે છે કે "પણ આખું જગત કરે છે, તે ખોટું હશે ? તે વળી તમે જુદી જુદી વાતો લાવીને મૂકો છો ?" જગત એમ માને છે કે 'દુનિયામાં ઊભા રહેવા ગમે તેમ કરીને બધું ભેગું કરો, ને તમે વળી કહો છો પરિગ્રહનું પરિમાણ કરો !' જગત કહે છે કે "બધું લેઈટેસ્ટ ફેશનનું વસાવવું. લોક તેની પાછળ ડોકાં ધૂણાવે છે ! સ્પેશિયલ રેડિયો ! ને એરોપ્લેઈનનો પ્રવાસ ! તમે સાદું પ્રાચીન જીવન બતાવો છો ! જગત પોલીસીબાજ, સ્વાભિમાનવાળા, સત્તાધીશ વગેરે થવાનું કહે છે, ને તમે વળી જુદું ગાવા બેઠા ! એ રાખો તમારી પાસે. અમારે એ પોસાતું નથી." આવું આવું જે મનને થયા કરે છે, એ કોના જેવું છે ? આ મુંડાવનાર લોક જેવું. કદાચ કોઈ કહે કે 'ભલે ફલાણે મુંડાવ્યું, મારે નથી મુંડાવવું' - તો સામો ઝટ શિખામણ આપે કે 'અરે તમે વળી બહુ ડાહ્યા ! આટલા લોકે મુંડાવ્યું તે ખોટું, તે તમે ના કહો છો ?'

નગરશેઠે મુંડાવ્યું હતું, એટલે મંત્રી પૂછે છે, "મારે પણ કંઈ કરવું પડે ?"

શેઠ કહે છે, "સારા મહાત્માની પાછળ જેટલું કરો તેટલું ઓછું છે. ઓછામાં ઓછું..."



મંત્રી કહે છે, "હા, હા, હું સમજી ગયો, એટલું પણ ન કરીએ તો મહાત્મા પ્રત્યે શી સારી લાગણી ધરાવી કહેવાય ?" મંત્રીએ પણ મુંડાવ્યું.

હવે આવ્યો રાજાનો વારો. પણ રાજા એટલી બધી ટૂંકી બુદ્ધિવાળો નહિ, એટલે પ્રધાનનું મુંડાવેલું માથું જોઈ પૂછ્યું, "કેમ પ્રધાનજી, આ શું ?"

"એ તો પેલા જોગેસર મહારાજ મરી ગયા !"

ત્યારે અત્યાર સુધી બધા પૂછતા હતા કે "આપણે શું કરવું જોઈએ ?" ત્યાં રાજાએ પૂછ્યું, "કયા જોગેસર મહારાજ ?"

શું કહે પ્રધાન ? હવે પાછું વળવાનું ! "એ કયા, તે મને ખબર નથી. નગરશેઠને ખબર હશે !" નગરશેઠ કહે, "મને ખબર નથી. બજારમાં ખબર હશે !" બજારમાંથી પેલા વેપારીને બોલાવ્યો. તો વેપારી કહે, "મને ખબર નથી, પંડિતને ખબર હશે ! ઉપાસન ત્યાંથી થયેલું છે." **માથા મુંડાવાના આ ખોટા ઉપાસનની જેમ જગતની અંદર માનવના તેજ આવરનારાં કેઈ ઉપાસન ન થયા હોત તો કેવું સારું ?** શું ? યુગલિક કાળમાં જે ધાંધલ નહોતી, તે પછીના કાળમાં ખૂબ વધી ગઈ ! એ ધાંધલ કેવી ? આંધળીયાં કરીને દોટ મૂકવાની ! 'એની પાછળનો પરમાર્થ શું ?' કે 'જીવની હાલત શું ?' 'એ શા માટે કરવું જોઈએ ?' તેના પરિણામે શિરપાવ શું મળશે ?' આમાંનું કંઈ નહિ વિચારવાનું !! કેવા ખતરનાક આંધળીયા !

**માનવનું તેજ શું સત્તા-શ્રીમંતાઈમાં છે ? :-**

જગતમાં તો પૈસા, અને સત્તા હોય તો માલવાળા ગણાઈએ-પણ પૈસા અને સત્તા શા માટે ? અને પૈસા તથા સત્તા મેળવ્યા પછી આપણા આત્માની વર્તમાન અને ભવિષ્યમાં હાલત કેવી, તે કોણ વિચારશે ? એનાથી પરિણામ શું ? 'વર્તમાન અને ભવિષ્યમાં સુખ' એમ કહીએ છીએ. પણ જગત સામું તો જુઓ કે **એ મેળવીને જગતે સુખ કેટલાં મેળવ્યાં ? શા સારુ તમને સામાન્ય રીતે મળેલાં તેજ, તેને મૂકી અંધકારને જગાવી રહ્યા છો ?**

રાજાએ પંડિતને બોલાવ્યો, "પંડિતજી કયા જોગેસર મહારાજ મરી ગયા ? ક્યાં છે એમનો આશ્રમ, કયા કયા શિષ્યો પાછળ મૂકી ગયા છે ?" રાજાએ પ્રશ્નોની ધારા છોડી.

આનો કોઈ જવાબ ? ના, ભોળો પંડિત ! તેણે તો કહી દીધું કે 'જોગેસર મહાત્મા એ માણસ નહિ, પણ ગધેડાના અવતારે હતા, ફલાણા કુંભારને ત્યાં. જીવ ઊંચો, તે રોજ મારી ગાયત્રી વખતે સૂર પુરતા, કોઈ સારી ગતિના મહેમાન હશે ?'



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

પંડિતજીના આ ખુલાસા વખતે બધા જ હાજર હતા ! પ્રધાન અને નગરશેઠ ! બધાનાં મોઢાં કેવાંક થયાં હશે ? કેમ વારૂ એમ ? કહો કે, **આંધળિયા દોટમાં અંતે પસ્તાવાનું.**

**માનવનું તેજ નિરપેક્ષતામાં :-**

ત્યારે કોઈ સારા જ્ઞાની પુરુષ પૂછે કે 'તમે આ અજ્ઞાન બચ્ચાના ખેલ જેવી સંસારની રમત કેમ રમી રહ્યા છો ?' તો શું કહેશો ? 'આખું જગત એમ કરે છે' એજ ને ? એટલે ? એ આંધળી દોટ કે બીજું કાંઈ ? અજ્ઞાની ભલે માને કે 'આપણે જગત તરફ અપેક્ષાવાળા થઈએ તેટલા વધુ સુખી.' પણ **ખરી રીતે જેટલા જગત તરફ આશાથી વધુ દોડ્યા જઈએ, તેટલા પ્રમાણમાં સુખ, શાંતિ કે માનમરતબો નહિ, પણ ઊલટું મળે છે !** એમાં માનવનું તેજ નથી. તો બોલો, માનવનું તેજ શામાં છે ? નિરપેક્ષતામાં. એ શી રીતે, એમ પૂછો છો ? એ એ રીતે કે તેજ તેને કહેવાય, કે જેનાથી બીજા પર ઓજસ પડે. તો નિરપેક્ષ રહેવામાં જગત પર ઓજસ પડે છે; પણ **સાપેક્ષ થવામાં અર્થાત્ આશરાવાળા અને ઓશિયાળા બનવામાં તો નિસ્તેજ થવું પડે છે.** ઊલટું સામેથી જગતનું આપણા ઉપર ઓજસ પડે છે.

**માનવનું તેજ તૃપ્તિમાં :-** ન મલેલી વસ્તુ માટે લહારા નહિ, પણ નિરપેક્ષતા, એ પહેલું તેજ છે. દેખીતી રીતે રાજા ભલે સુખી હોય, પણ એને **જેટલી જગતની અપેક્ષા છે, તેટલો વધુ કલેશમાં રીબાય છે.** ત્યારે સંતોષી ગરીબ ? લઈ આવ્યો દિવસ પૂરતું, એટલે બસ ! હવે કોઈની પાસે ચાપલુસી કરવાની નહિ. અરે ! પેટ ન મલ્યું હોત, તો એટલી પણ ચાપલુસી ન કરત. માનવનું તેજ નિરપેક્ષવૃત્તિમાં છે. એની સાથે માનવનું તેજ મળેલાની તૃપ્તિમાં છે. **નિરપેક્ષતામાં** "મારે જગતની અપેક્ષા કરવાની નહિ." અને **તૃપ્તિમાં** "મારી પાસે જે છે, તેને ઘણું મળ્યું માની, તેમાં જ આનંદ અને કલ્લોલ કરવાનો." અબજોપતિ હોય, અને તૃપ્તિ ન હોય તો ? અને શ્રીમંતાઈ ન હોય, પરંતુ તૃપ્તિ હોય તો ? બેમાં કોણ સુખી, શાંતિવાળો, દીર્ઘાયુ, નિરોગી, બોલો કોણ ?

**અબજો પતિનું દૃષ્ટાન્ત :-**

**અમેરિકાનો અબજોપતિ** રોકફેલર પણ શરીરે દુબળો ! વર્ષો બહુ નહિ વિતેલાં, છતાં શરીરે પળિયાં આવી ગયેલાં ! કેમ વારું ? અબજોપતિ છતાં તૃપ્તિ નહોતી, નિરપેક્ષ નહોતો. એ હતો જગતની બહુ અપેક્ષાવાળો, માટે બહુ ચિંતાખોર ! એક વખત માલ ભરીને એના વહાણ બીજે ગામ રવાના થયેલા.

મુનિમને પૂછ્યું : "વીમો ઉતરાવ્યો છે કે નહિ ?"

'ના, સાહેબ.'



'શું, ના સાહેબ. જાઓ જાઓ જલદી વીમો ઉતરાવી આવો. જોજો ગમે તેમ કરીને વીમો ઉતરાવી દેજો.' મુનિમે તેમ કર્યું. પ્રિમિયમ બધું ભરી દીધું. ત્યાં તો પહોંચવાના સ્થાનેથી સમાચાર આવ્યા કે 'સહીસલામત રીતે વહાણો કાંઠે ઉતરી ગયાં છે.' અબજપતિને શોક થયો ! 'અરેરેરે ! આ હમણાં જ નકામો વીમો ઉતરાવ્યો.' મનમાં બળતરા ચાલી. ખાવું ભાવ્યું નહિ મનને ખેદ, શાથી ? પહેલાં વીમો ઉતરાવવાની અપેક્ષા હતી, પછી ન ઉતરાવવાની અપેક્ષા હતી. આવી અપેક્ષાઓ એ અંધકાર, અપેક્ષા નહિ એ તેજસ્વિતા. **તેજસ્વી માનવ ગાંજ્યો જાય નહિ, દીનદુઃખી થાય નહિ, પશ્ચાત્તાપ કરવો પડે એવી સ્થિતિ લાવે નહિ. જગતથી કચરાય નહિ, ને દોરવાય નહિ; કેમકે જગતથી એ નિરપેક્ષ છે, થોડું મળેલામાં બહુ તૃપ્ત છે.**

**૧લું, ૨જું તેજ નિરપેક્ષતા અને તૃપ્તિ :-**

**તેના નવ ઉપાય :-** પહેલા નંબરનું તેજ નિરપેક્ષતા અને બીજું તૃપ્તિ. તે લાવવા શું જોઈએ ? સચોટ સમજ અને પ્રબળ પુરુષાર્થ. તેમાં સમજ એ, કે

(૧) મારો આત્મા જગત કરતાં અધિક મૂલ્યવાળો છે.

(૨) જગત મને ન દોરે, હું જગતને દોરું.

(૩) વિષયોથી આત્મતેજની હાનિ છે-કેમકે, એનાથી ખણજ, આતુરતા, આધીનતા, અપેક્ષાભાવ, વિહ્વલતાદિ વધે છે. વિષયોની જરા જેટલી ખામીમાં આત્મા પોતાને દુઃખી, નિરાધાર અને માલ વિનાનો સમજે છે, એ એની મૂર્ખતા છે.

(૪) આ સમજી જગતનો અને વિષયોનો ઓછામાં ઓછો પરિચય અને વિચારણા કરવી અને પરિચય ઘટાડતા આવવું.

(૫) સામાન્ય વિષયોમાં જ બાદશાહી માનવી.

(૬) મન, વચન અને કાયાને બગાડનારા ઘર્ષણ, કલહ, નિંદા, ઈત્યાદિથી દૂર રહેવું.

(૭) સંતોષ રાખી, ઓછામાં બહુ માનવું.

(૮) વિષયોની ધૂન આત્માના ધર્મ-સમયને પણ ચોરી ખાય છે, એને બદલે હવે આત્માએ વિષયના સમયમાંથી પણ આત્મચિંતનનો સમય કાઢી લેવો.

(૯) જગત અને વિષયો તરફ દર્પણવૃત્તિ કેળવવી. અર્થાત્ શુદ્ધ જ્ઞાતાદૃષ્ટા બનવું.

હવે એક વાત નક્કી કરો કે "**સારાયે જગત કરતાં મારો આત્મા કિંમતી અને ઊંચો છે ! જડ જગતને સુધારવા માટે હું નથી, પણ મારે સુધરવા માટે જડ**

**જગત છે !** મારો આત્મા સારાયે જગત કરતાં વધુ સંભાળવા યોગ્ય છે !

**પ્ર.**- આવી માન્યતા ઘડી તેથી શું ?

**ઉ.**- અધિક મૂલ્યવાળો માન્યો આત્માને, ત્યાં પછી આત્મા, પોતાના મૂલ્ય ઘવાય અને જગતનાં મૂલ્ય વધે, એવું કરનારો નહિ બને. મારા આત્માની કિંમત અને અસ્તિત્વ જગત કરતાં ઊંચું ! કોની આગળ આ સ્વવિશેષતા છે ? જગત એટલે જડ પદાર્થો આગળ. સામે હીરાના મૂલ્યવાન હાર આવે, પણ જો સમજી રાખ્યું હોય કે એના કરતાં મારું પુણ્ય ઊંચું છે, **એથી ય વધુ ઊંચો મારો ધર્મવાસિત આત્મા છે, કેમકે પૂર્વ પુણ્યને જન્મ આપનાર તે છે,** તો પછી એવી સાવધાની રાખે કે 'અવસરે હીરાનો ઉપયોગ કરીશ. પણ મારું મૂલ્ય ઘટાડીને નહિ' ઊંચી વસ્તુઓ જીવ તરફ આકર્ષણ કરીને આવશે, પણ જીવ આકર્ષણ કરીને તે તરફ નહિ જાય. એટલે જગતને આવવું હોય તો ભલે આવે, પણ પોતાને જવાનું નહિ. એટલે હીરાનો હાર સવારે જોઈને સાવચેતીથી સ્થાને મૂક્યો છે, પણ સાંજે નજરે ન પડ્યો અને લાગ્યું કે ચોરાઈ ગયો; એટલે હવે ખોટી પોક નહિ મૂકવાની. તપાસ કરવી હોય તો કરી લેશે, પણ એની પાછળ ઠેઠ આપઘાત કરવા સુધીના વિચાર કે વર્તાવ નહિ કરે. એ જાગ્રત એવો છે કે સમજે છે કે એની જ જપમાળા ગણનારા નહિ બનવાનું. કેમકે **એ ધાંધલમાં અટવાઈ જાઉં તો મારું વિરાગનું આત્મતેજ રૂંધાઈ જાય !** કેમ ? એમ જ ને ? કે આહાર અને વિષયો એ **તેજ** અને જીવન ? સમજજો કે ચક્રવર્તીના છ ખંડના રાજ્ય પણ એનું આત્મતેજ નહિ, જીવન નહિ ! ધારો કે કોઈ ચક્રવર્તી બહાર ફરવા ગયો છે, એવા તેજસ્વી ઘોડા પર સવાર થયેલો છે, કે જે ઘોડો જોતજોતામાં માઈલો વટાવી દે છે, એમાં કોઈ અટવીમાં જઈ ચડ્યો ! તરસ જોરદાર લાગી છે. ત્યાં કોઈ જંગલના માનવ પાસે પાણી છે. ચક્રવર્તી પૂછે છે- "ભાઈ તરસ લાગી છે, પાણી આપે છે ?" પેલો માણસ એવો જ મળ્યો કે એ કહે છે, "હા, આપું તો ખરો, પણ છ ખંડનું રાજ્ય આપે તો !" તો ત્યાં ચક્રવર્તી શું હિસાબ ગણે ? 'મારા છ ખંડ જતા હોય તો ભલે જાઓ, પણ મને તો જીવતો રહેવા દે. જો એ ખંડ સાચવવા જઈશ, તો એ તો જશે જ, પણ સાથે હું પણ જઈશ !!' એટલે **કોઈ વસ્તુ ઓછીવત્તી મળી, પણ તેની પાછળ આત્મા જો પોતાનું મૂલ્ય સમજતો હોય તો તે એવા કલેશ કરનારો નહિ બને, કે "આ હોય તો જ મારું જીવન."** આ ક્યારે બને ? જ્યારે માનવને પોતાનું તેજ શું તે સમજાયું હોય તો !

કાલે જતા હો તો આજે જાઓ :-



**સંતોષ માટે શું જોઈએ જે પોતાને મળ્યું, તેને અધિક માનવાનું.** 'મળવા જોઈતા કરતાં આ મને વધુ મલ્યું !' એવું હૃદયથી માનવાનો ગુણ જેનામાં હોય, તેનામાં સંતોષનું તેજ વધે. તેજ વધ્યું એટલે એનું ઓજસ બીજા પર પડે, પણ બીજાનું એના પર નહિ. **જગત એ ભોગ્ય છે અને અમે ભોક્તા છીએ. ભોગ્ય એટલે અમારા તાબાની વસ્તુ** અને અમે એના ભોક્તા એટલે માલિક. તો તાબાની વસ્તુ કોઈ દિવસ રીસાય તો શું તેની પાછળ અમે પોક મૂકીએ ? તમારે ત્યાં કોઈ નોકર હોય અને તમને દબડાવીને ચાલી જવા માગતો હોય અને તમે શેઠ બરાબર હો, તો કહોનો કે "ચાલ હેઠો ઉતર, રસ્તો પકડ, કાલે જતો હોય તો આજે જા.' કેમ ? નોકર હતો પણ તાબાનો ! આજ્ઞામાં રહેતો નથી. તો કહી દો છો કે 'એ રસ્તો પકડે ! એવી ગુલામી હું ન કરું !' એ તો કહે કે હેઠો ઉતર, નોકર તો ઘણા મળશે નહિ મળે તો જાત મહેનત ઝીંદાબાદ !' એમ આ પદાર્થો આપણા તાબાના છે તેને આપણે કહી શકીએ કે 'અમને દબડાવીને જો કાલે જતા હો, તો આજે જ જાઓ ! તમારી પાછળ પોક હરગીજ નહિ મૂકું.'

## • લક્ષ્મીનું દૃષ્ટાંત •

**મોહનો કંગાળ ગુલામ** - કોઈ વાર લક્ષ્મીએ કોઈ શેઠને સ્વપ્ન આપ્યું કે "હું તમારે ત્યાંથી સાતમે દિવસે જઈશ." શેઠ સમજી ગયા અને વિચાર કર્યો કે કદી નહિ, ને આજ આ સ્વપ્નું ! જરૂર સાચું. તો ફિકર નહિ.' શેઠે કુટુંબ ભેગું કર્યું, અને કહ્યું કે "સાતમે દિવસે લક્ષ્મી જવાનું કહે છે, પણ સાત દિવસ તો છે જ આપણા હાથમાં. હવે શું કરવું ? એને જો તિજોરીમાં પૂરશું, તોય એ હવે ટકશે નહિ ! ત્યારે આપણને નાલાયક ઠરાવે અને રોવરાવીને જાય, લાત મારીને જાય, એના કરતાં આપણે એને લાત મારીને કાઢીએ, તો શું ખોટું ? શોભા શામાં ?" નોકર ધમકી આપે છે કે 'ધ્યાન રાખજો શેઠ, હું ચાલી જઈશ.' અને શેઠ દીન થઈને કહે, "અરે ભાઈ, એમ તારા વિના કેમ ચાલશે ? તું તારે રહેજે, રહેજે." આમ શેઠ કહેતા રહે પણ સાતમે દિવસે નોકર શેઠને ધૂતકારીને ચાલ્યો જાય છે. ત્યારે બીજો શેઠ એવો છે કે નોકર જ્યાં આમ બોલે, ત્યાં એ શેઠ કહે કે "ચાલ ઊઠ, સાતમે દહાડે શું ? આજે જ ઉત્તર અહીંથી, આજે જ ચાલતો થા," કહી નોકરને રવાના કરે અને જાતે કામ ચલાવી લે છે, તો બેમાં કયો શેઠ ડાહ્યો ? કહેશો કે બીજો. બસ, એજ રીતે આ લક્ષ્મી, આ જગત આપણને લાત મારી કાઢે, એમાં શી શોભા છે ? મોહનો કંગાળ ગુલામ બનેલો માનવ, બજાર લાખ રૂપિયા ખેંચી જાય છે, ઈન્કમટેક્ષ પાંચ લાખ ઓકાવી લે, સંસાર વ્યવહાર હજારોનું પાણી

કરાવે, એ બધું કબુલ મંજુર રાખે, પણ સારા સુકૃત માટે પોતાની જાતે 'હું લક્ષ્મીને લાત મારું' આ સદ્‌ભાગ્ય નહિ ! તેનું કારણ એજ કે સાચું માનવનું તેજ એનામાં નથી. **પોતાના આત્મા કરતાં લક્ષ્મીનું મૂલ્ય વધુ આંક્યું તેથી લક્ષ્મીનો ઉપયોગ આત્માના હિત ખાતર નહિ, પણ આત્માનો ઉપયોગ લક્ષ્મી ખાતર કરે છે !** લક્ષ્મીને કહે છે કે તો તને ત્રણવાર દિવસમાં ગણું ! તારી ખાતર લાખ જુઠાણા હાંકુ ! તું કહે, તો રાત્રે પણ ખાવામાં છૂટ ! શ્રાવકપણાને કહે તો તિલાંજલી આપું. અનીતિ કુડ, કપટ બધું કરું; તારી પાછળ સામાયિક વ્રતપચ્ચકખાણ બધું ભૂલું ? કહો એ અનીતિ કરવામાં, ઝગડા જમાવવામાં શ્રાવકપણું રહે કે નહિ ? પતિ હોય તે પત્નીને મૂકી ગમે ત્યાં રઝળવામાં શ્રાવક રહે કે નહિ ? શું તમને શ્રાવકપણું મળ્યું નથી ? ચુસ્ત શ્રાવક જીવન જીવવામાં કેમ વાંધા છે ? કહો કે, જગતનું મૂલ્ય આત્મા કરતાં ઊંચું આંક્યું છે માટે.

**મૂર્ખ માનવ પોતાનું તેજ સંહરે છે :-**

માલ વિનાનો મૂર્ખ આત્મા કાળ અને કર્મના સપાટામાં ચપટીમાં ચોળાઈ-રોળાઈ જવા ખૂશ-મિશાલ પોતાના હાથે જ પોતાના આત્માને જ જગતના કાબુમાં સોંપે છે ! જગતની બહુ ઋદ્ધિ મળે, બહુ સત્તા મળે, એટલે ચપટીમાં ચોળાવાની તૈયારી કરી ! પાછો તેમાં ખુશ થાય છે !! મદદ કરે છે. કહે છે કે "પૈસા તો આમ કમાવાય ! મૂર્ખ છે, લોક, એને શું ખબર પડે ? સત્તા તો આમ અજમાવાય ! આ મારી આડે આવશે, એના લમણા તોડી નાખવામાં આવશે ! અમે દેશના સાચા સેવક છીએ, તારણહાર છીએ." એવી એવી બાંગ પુકારનારા પાછા નવી ચૂંટણી માટે ફરે છે, નમ્રતાથી આવું પુકારે છે ! "ચૂંટણીમાં અમને ચૂંટો, અમે કમર કસીને સેવા કરીશું !" પણ જો જો હોં, આ નથી ચૂંટાયા ત્યાં સુધી ! મોટા ધર્માદા ખાતામાં ટ્રસ્ટી ચૂંટાયા પછી તો ટ્રસ્ટ એટલે જાણે પોતાના બાપની મિલકત ! પછી કોઈ ફરીયાદ કરે કે શેઠ સાહેબ કહીને વાત કરે કે 'આ પૂજારી પ્રભુની આશાતના કરે છે,' તો પેલો ટ્રસ્ટી સંભળાવી દે છે કે "કચકચ કરવાની ટેવ પડી છે તમને ! પૂજા કરવી હોય તો કરો, નહિતર રસ્તો પકડો..." નમ્રતા ગઈ અને ઘમંડ આવ્યું. કોણ કરાવે છે આ બધું ? આત્મા કરતાં જગતનું મૂલ્યાંકન વધારે તે. એ નમ્રતા, સાચો સેવાભાવ, વગેરે માનવાનું તેજ સંહરી લે છે. એવા પ્રકારની વૃત્તિ નક્કી થવી જોઈએ કે **મારે મારા આત્માને નિસ્તેજ બનાવતી જગતની એક વાતનો ખપ નથી** અરે ! જો ખાધા વિનાય ચાલે એમ હોય, તો મારે હાથ, મોં અને પેટ બગાડવાની જરૂર નથી. ધન અને સમય બગાડવાની જરૂર નથી. એની ગુલામીમાં કલાક શા સારુ બગાડું ?



**વીર વજબાહુનો પ્રસંગ :-**

**શ્યામસુંદરને બનેવીનું કૌતુક કરવાનું મન થયું :-**

તેજસ્વી વજબાહુ શ્યામસુંદર સાળાને રોકડું પરખાવે છે. વજબાહુ પરણીને ચાલ્યા આવે છે. જાનમાં રાજકુમારો સાથે છે. પરણ્યો શા માટે ? સંસારનો મોહ બેઠો છે, તેથી મર્યાદામાં રહી સંસારના સુખ લેવા માટે. જાન સાથે એ આવે છે ભર જંગલમાં, ત્યાં દૂરથી પર્વતપર મુનિને જોયા ! પોતે રથમાં બેઠેલા છે, પત્ની બાજુમાં છે. અને સાળો રથ હાંકે છે. સાળાને પણ થાય છે કે 'હું સારથીપણું કરું !' **પુણ્યના વિચિત્ર પ્રકાર છે ! અશુભ કર્મના ઉદયમાં આ જીવનું કાંઈ ચાલતું નથી. પોતે સારો ગુણીયલ કે હોશિયાર હોય, પણ યશ-સૌભાગ્ય કર્મ ન હોય તો દુનિયા લાતે મારે !** આ બેન બનેવીનું પુણ્ય એવું કે શ્યામસુંદરને રથ હાંકવાનું મન થાય છે. મુનિને જોયા કે રથ જરા ઊભો રાખવા વજબાહુએ સૂચના કરી.

સાળાએ રથને ધીમો પાડતાં પૂછ્યું ,'કેમ ?'

વજબાહુ કહે છે કે 'સામેના પર્વત પર મુનિ છે, વંદન કરી આવીએ.'

આશ્ચર્ય થયું સાળાને ! એને મનમાં થયું કે 'અત્યારે મુનિના, વિરાગીના દર્શન ? કયો અવસર છે આ ? મારી બહેન રૂપરૂપનો ભંડાર...એની સાથે આનંદ, કલ્લોલ અને રંગરાગના સરોવરમાં ઝીલવાનું મૂકી આમને આ શું સૂઝે છે ?'

કહો સાળો ઠીક વિચારે છે ? અહીં અમારી આગળ તો તમે ના કહેવાના. પણ વિચારો કે કોઈ પ્રસંગમાં કોઈને કહો છો કે નહિ કે 'એવું હતું તો ભલા માણસ ઉપાસરામાં જ બેસી જવું હતું ને ?' સાળાને બનેવીનું કૌતુક કરવાનું મન થયું.

એ પૂછે છે કે 'કેમ કાંઈ વૈરાગી થયા કે શું ?'

એટલે વજબાહુ કહે છે "કેમ આમ પૂછો છો ? શું ખબર નથી કે શ્રાવક માત્ર વિરાગી હોય ?"

વજબાહુના આ ઉદ્‌ગારમાં તમને વિરોધાભાસ દેખાશે કે વિરાગી હોય તો આ સંસારનો ઉપાડો શા માટે કરે ? પણ તમને ખબર છે કે માણસ દુશ્મનના કિલ્લામાં હોય, અને ત્યાં ખાનપાન, સુખચેન બધું મળતું હોય ! છતાં પણ એના પ્રત્યે એને પ્રેમ નથી હોતો. **તેમ સંસારને દુશ્મનનો કિલ્લો સમજ્યા પછી એના ખાનપાન, સુખચેન પ્રત્યે પ્રેમ-રાગ ન થાય.** શક્તિના અભાવે આ સંસારરૂપી દુશ્મનના કિલ્લામાંથી બહાર ન નીકળી શકે, એ જુદી વાત. બાકી રાગ કે પ્રેમ ન હોય, એટલે કે એના પ્રત્યે વિરાગી હોય.



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

**વજ્રબાહુએ પ્રગટાવેલાં માનવનાં તેજ :-**

સાળો પૂછે છે "એટલે તમે વિરાગી છો જ ?

એમાં પૂછો છો શું ?"

પૂછું છું એ કે "તો સંસારમાં કેમ રહ્યા છો ? કોણ રોકે છે ?"

સાળાનો આ ટોણો વજ્રબાહુને એવો હતો, કે જો તેના સ્થાને તમે હોત, તો કહેત કે 'માતપિતા રોકે છે, સ્ત્રી રોકે છે, દુઃખી દીલે સંસારમાં રહ્યા છીએ, ભોગાવલી બાકી છે. ઉપાધી ઘણી છે, વીર્યોલ્લાસ નથી જાગતો, ભણતર નથી ચડતું, મનની સ્થિરતા નથી.' આવા આવા કેઈ લોચા તમે વાળત. **'આ પરમાત્મા !! આવો પરમાત્માનો માર્ગ ! શોધ્યો ન જડે, માગ્યો ન મલે ! ચૌદ રાજલોકના વિશાલ પટમાં ક્યાં હાથ લાગે ? આજ એ ચાલીને સામે આવે ત્યારે હું ગલ્લાતલ્લાં કરું તો તો મૂર્ખાઈ થાય !** નક્કી એકવાર કાળ લાત મારશે જ, અને અહીંથી કાઢશે. ત્યાં ભવિષ્યમાં કદાચ જાતિસ્મરણ થશે, તો પણ મોહાંધ મનનું ઠેકાણુંય નહિ હોય. તેથી આ શાસન, આવા ગુરુ, આવી સમજ નહિ મલે ! ચિંથરેહાલ નહિ પણ નગ્ન કરીને મને સંસાર કાઢે, અપમાન ભરી રીતે કાઢે, એના કરતાં હું જાતે સંસારને લાત કેમ ન મારું ?' આવી આવી વિચારણામાં શ્રાવક રમતો હોય. વજ્રબાહુ પણ એવા વિચારમાં છે.

**શેઠે સાત દિવસ લક્ષ્મીને દાનમાં ધક્કે ચડાવી !**

પેલા શેઠે પણ એમજ લક્ષ્મીના સ્વપ્ન પર કુટુંબ ભેગું કરીને કહ્યું કે "જુઓ વાત આમ બની છે. લક્ષ્મી જવાની છે. એ લાત મારે એના કરતાં આપણે મારીએ, તો બેમાં શોભા કયી ? શું કરવું ?"

કુટુંબ કહે 'આપજ ફરમાવો, શું કરવું ?'

શેઠ કહે 'સાત દિવસ સુધી લક્ષ્મીને ધક્કા માર્યા કરીએ !

કુટુંબ કહે 'પછી શું ?

"પછી કોઈ ભૂખ્યું રહેવાનું નથી. પછી ચારિત્ર લેવાનું !"

કુટુંબને વાત ગમી. કુટુંબ કોનું હતું ? વિચારક શેઠનું-નિર્ણય કરી લીધો. કુટુંબ કેવું મલ્યું હશે ? આખા કુટુંબે સાત દિવસ સુધી છૂટે હાથ ધન ઉછાળ્યું ! કોઠારો અને ખજાના ખાલી થઈ ગયા. તળિયાં દેખાયાં.

સાતમે દિવસે લક્ષ્મીએ આવીને કહ્યું, "આ તો તમે જુલ્મ કર્યો. હું તો જતી હતી, પણ શેઠ, તમે મને લોખંડની સાંકળે બાંધી છે."

શેઠે કહ્યું, 'મેં ક્યાં બાંધી છે ? મેં તો છૂટી મૂકી છે !'

'અરે ભલેને તમારી તિજોરીનાં તળિયાં દેખાયાં, પણ ધન **જે તમે**



**દાનમાં ઉત્કૃષ્ટ ભાવનાથી ઉછાળ્યું, તેથી તમારા પુણ્ય વધી ગયા !** તે તરત ઉદયમાં આવ્યા ! તમારાં ડૂબેલા, ગુમ થયેલાં વહાણ આવી લાગ્યાં છે. પુણ્યથી તમે સાંકળે મને બાંધી લીધી છે."

શેઠ કહે છે, "ગમે તે હો, પણ કાલે સવારે અમારા આખા કુટુંબની દીક્ષાનો વરઘોડો છે ?"

લક્ષ્મી વિલખી પડી. કુટુંબે પ્રભાતે ચારિત્ર માર્ગે સધાવ્યું. માનવનાં તેજ ક્યાં ? આવતી લક્ષ્મીને પડતી મૂકવાના ! આવતી કે ન માટે અભખરા અને અખતરા કરવાના ?

**સાળાને મશ્કરી ભારે પડી ગઈ :-** વજ્રબાહુ કહે છે 'શું કહ્યું ? કોઈ રોકતું નથી, એમ ? બહુ સરસ.' કહેતાં જ વજ્રબાહુની આંખમાં તેજ ચળક્યું. સીધા જ ગિરિ તરફ ચાલવા માંડ્યું જાણે કોઈ મુનિ ચાલતા હોય તેવા દેખાતા હતા. ઉપર જઈને કપડાં ઉતારી નાખ્યાં. મુનિને વંદન કરીને કહે છે 'પ્રભુ ! ચારિત્ર આપો.'

સાળો તો ગભરાઈ ગયો. જોયું ઠઠ્ઠો ભારે પડી ગયો.

પૂછે છે "શું કરો છો, વજ્રબાહુ ?"

"એ કરવા યોગ્ય જ કરું છું ભાઈ !"

"પણ હું તો મશ્કરી કરતો હતો."

"પણ હું તો તમારો ઉપકાર માનું છું,"

'અરે પણ મારી બહેનનું શું ? આમાં મને તો કંઈ સમજણ પડતી નથી.'

**જગતને આધારે રહેવામાં અને વિષયના ભોગવટા મલે તે ઉડાવવામાં આનંદ અને વિનોદ થાય, એમ નહિ, પણ જગતને** મેળવ્યા વિના મારે અંદરથી આનંદ મેળવવો છે ! એમ નિર્ધાર કરી જગતથી નિરપેક્ષ બનવામાં મહા આનંદ મળે. **માનવનાં તેજ વાસના અને વિકારો પર કાબુ મેળવવામાં છે, ચામડાની રમતને ફગાવી દેવા છે, મોહમાયાના બંધનને તોડવાની મળેલી તકને વધાવી લેવામાં છે, કાઢેલા સુબોલને વળગી રહેવામાં છે.**

વજ્રબાહુ કહે છે, 'તારી બહેન કુલિન છે કે અકુલિન ? આ કુલિન ન હોય તો તને મુબારક ! હું તો કુલિન ધારીને લાવ્યો હતો. ભળતો માલ વેપારીને પાછો આપી શકાય. જો કુલિન હશે તો મારી પાછળ ચાલી આવશે, અગર ઘરમાં રહી ધર્મધ્યાન કરશે.' કેવાં આ વચન છે ! કુલિનને દમયંતીની જેમ ગુફામાં આનંદ ને કલ્લોલ ! વજ્રબાહુનું બ્રહ્મચર્યનું માનવતેજ કેવું ? કામની વાસના પર કાબુ કેવો હશે ? એ સાળો, પત્ની અને રાજકુમારોને એમ શરમાઈ જવું પડ્યું કે 'અમે જઈએ એમને એમ આને મૂકીને, તો લોકો અમારી સામે ટીસીઓ કરે !' એટલે



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

વજ્જબાહુની સાથે બધાએ ચારિત્ર માર્ગે ઝુકાવી દીધું. વિચારો માનવનાં **તેજ** ખીલવવાં હોય તો કયા સંયોગમાં અને પોતાની કઈ સ્થિતિમાં ખીલવી શકાય ? પત્ની હજી સુધી કયા મનોમંથનમાં હશે ! એમાં આ પતિની પાછળ જીવનભરનાં બ્રહ્મચર્ય અને કઠોર ચારિત્ર ! હવે આગળ વજ્જબાહુના પિતાના તેજ જુઓ.

**પિતાની હૃદયવ્યથા ! ધન્ય છે, એ રાજકુંવરને :-**

રાજા દરબાર ભરીને બેઠા છે. જાન મુરતિયા વિના પાછી આવી ! નોકરોને એકલા આવેલા જોયા; એટલે રાજા મુંઝવણમાં પડી ગયો.

પૂછે છે, "કેમ કુંવર ક્યાં ?"

નોકરો અવાક્ થઈ ગયા, રાજા વધુ ગુંચવાયો. ફરી પૂછે છે. "કેમ કંઈ બોલતા નથી ? કોઈ અકસ્માત્ ?"

"સાહેબ, ભારે વાત થઈ ગઈ !"

"શું થયું ? જલદી કહો."

"કુંવરસાહેબ, રાણીબા, શ્યામસુંદરસાહેબ, અને રાજકુમારો બધાએ દીક્ષા લીધી." એમ કહીને એ કિસ્સો કહ્યો.

આ સાંભળીને રાજાને શું થયું, જાણો છો ? શું સાધુ પર ગુસ્સો આવ્યો, કે 'આ સાધુઓને બીજો ધંધો જ નથી ?' અથવા શું સાળા પર ગુસ્સો થયો કે 'મૂર્ખાએ છોકરાને ખોટો ચઢાવ્યો ?' કે છોકરા પર ગુસ્સો ચઢ્યો કે 'નાદાને આ શું કર્યું ? આ મને ઘરડે ઘડપણે રઝળાવ્યો ?' આવું કશું રાજાને થયું નહિ. **માનવનાં તેજની ખબર ન હોય, એનાં આ તોફાન છે. પણ જ્યાં સંસ્કૃતિમાં સાચા માનવાનાં તેજના વારસા મળે છે, ત્યાં એ તેજ ખીલવાની વાતો હોય છે, તેજ આવરવાની વાત નહિ.** ખોટો ગુસ્સો, સારી વસ્તુની અનુમોદનાને બદલે દ્વેષ, ઈત્યાદિ તો માનવનાં તેજ નહિ પણ માનવનાં તેજમાં અપૂર્વ દિવ્ય વિચારણા, કર્તવ્યનાં ભાન, ગુણાનુરાગ એવું બધું આવે.

રાજાને તો સાંભળીને ખેદ થયો, મોં વિલખું પડી ગયું. કેમ ? હૃદય એમ ખિન્ન થયું, ચહેરો એમ ઉતરી ગયો, કે મનમાં વિચારધારા ચાલી કે **"આ મને ધોળા આવી ગયા, અને હજુ મને વૈરાગ્યનાં ફાંફાં છે !!** અને **આ યૌવનના ઉંબરે ઊભેલો, આવી સુંદર કાયાવાળો, આવી દેવાંગના સમી કન્યા પોતાની પત્ની તરીકે પામેલો, ત્યાં જેને કશો ધર્મનો ઉપદેશ નહિ, એવો એ માત્ર એક ટોણા પર ઊભો થઈ ગયો." પરણવા ગયો હશે ભોગસુખના કેવા કોડ સાથે, ત્યારે પરણતી વખતે શું મનમાં કંઈ સંસારસુખના સ્વપ્ન નહિ સેવ્યા હોય ? રૂપવતી કન્યાનો હાથ પકડતાં હૈયામાં કેઈ વિષયની ઊર્મિઓ નહિ જાગી હોય ? આવું બધું છતાં નાની**



**વયમાં આ એણે કેવું મહાન ચમત્કારિક પરાક્રમ કર્યું !! અંતરાત્માથી એ લક્ષ્મી, લલના પ્રત્યે નિરપેક્ષ કેવો ! તૃપ્ત કેવો !** એને સમજાઈ ગયું કે આ સુંદર ભવ પામીને તરવાનો આ માર્ગ છે. **જો આરાધનાની રાધાવેધ ચૂક્યો તો શિવસુંદરી કાંઈ વરમાળા એમને એમ પહેરાવે એમ નથી.** રાધાવેધ ક્યારે મળે ? હાલતાં ચાલતાં અર્થાત્ ગમે તે ભવમાં ન મલે ! માનવ ભવમાં જ મળે. તેય અવસરે જ મલે. **આરાધનાની તકનો રાધાવેધ જ્યારે મલ્યો ત્યારે જો સાધી લીધો, તો તો મોટા મોક્ષના સોદા ! ન સાધ્યો, તો એજ પાછી સંસાર-કેદખાને કર્મની ગદ્ધામજુરી !** વીરનાં પરાક્રમ કરવામાં કુમારે પાછું વાળીને જોયું નહિ, ત્યારે શું હું હવે અહીં બેસી રહું ?"

ચોક્ખી ઋતુનો સૂર્ય પ્રકાશી ઉઠે, અને જેમ ઝગમગાટ હોય, તેમ આ માનવનાં તેજ જેનાં ખીલી ગયાં, તે ઉપસ્થિત થયેલા રાધાવેધને ચૂકે ? રાજા તો કરોડો ધન્ય પોકારે છે, 'ધન્ય છે એ રાજકુંવરને, માનવજીવનનો અદ્ભુત લહાવો લીધો ! અને હું આ ? ચાલ ચાલ જીવ ઊઠ ! તુંય કુમારની પાછળ પ્રભુના પંથે લાગી જા !!" ઊભા થઈ ગયા. મુકૂટ ઉતારી દીધો.

મંત્રી પૂછે છે "આ શું મહારાજા..."કંઈ નહિ મંત્રી ! આ ધોળામાં ધૂળ પડી હતી, તે ખંખેરી નાખું છું ! હું ય જાઉં છું એજ કુમારના માર્ગે !

**અંધકાર અને તેજ :-** વિષયોની રમણીયતા, ભોગની વિપુલતા, જગતની સંપત્તિની વિશાળતા, તે માનવના તેજ નહિ; તે તો અંધારું છે, માનવની નિર્બળ કડીઓ છે. **માનવનાં તેજ બ્રહ્મચર્યમાં છે ! જગત આગળ અદીન અને ઉદાસીન બનવામાં છે.** 'જગત અમને શું હસાડી કે રોવડાવી શકતું હતું ? અમે અમારામાં સ્થિર રહેવાના.' **જગત પર વાત્સલ્ય અને કરુણાભાવ વરસાવવામાં માનવનાં તેજ છે !** વિશ્વના જીવો પ્રત્યે **મૈત્રીભાવ કેળવવામાં છે ! વિકારી સંયોગોમાંય નિર્વિકાર રહેવામાં છે !** विकार हेतौ नहि विक्रियन्ते, चेतांसि येषां त एव धीराः । વિકારના કારણ વખતે જેનાં ચિત્ત વિકૃત ન થાય, તે જ ખરા ધીર છે, તેજસ્વી છે ! તેજસ્વિતા **દીર્ઘદૃષ્ટા બનવામાં છે, દોષોથી રહિત થવામાં અને ગુણોનું આધિપત્ય મેળવવામાં છે.**

યાદ રાખજો કે **જગતથી જેટલા નિરપેક્ષ થશો, પરાઙ્મુખ થશો, એટલાં તમારાં તેજ ખીલશે.** જગતથી નિરપેક્ષ થવામાં જગતનો પરિચય અને જગતની વિચારણા ઓછી કરવી પડશે. પરિચય એટલે ? કાયિક સમાગમ અને માનસિક ચિંતન. તે બંને કાપવામાં માનવનાં તેજ ખીલે છે ! ભૂલશો નહિ કે **માનવનાં તેજ સામે પૌદ્ગલિક સૃષ્ટિનો અનાદિનો હલ્લો છે.** એટલે જ આપણે જો સામા પુરુષાર્થમાં

સતત મચ્યા રહીશું, તો તેજ પ્રગટ થશે. છતાંય કદાચ હલ્લો કરશે, પણ આપણે તો બાહ્ય અને અંતરથી આઘા રહેવાનું છે.

**બીજું બાહ્યથી અને અભ્યંતરથી તૃપ્ત બનવાનું છે.** કેમ બનાય ? મળેલાને અધિક માનવાથી. આપણને કોઈ ગાળ દે તોય સંતોષ કે 'ચાલો સદ્‌ભાગ્ય ! એટલેથી પત્યું ! વળી સાવધાન થવા મળ્યું !' કોઈ કહે 'અરે પણ તમારી મહેનત અને કેટલા ભોગ પછી તમને એણે તો કથીરનું જ આપ્યું !' તોય આપણે તો સચોટ માનવાનું કે ભલે, જગતમાં એવું પણ કેટલાયને નથી મલતું. **કાળ ધર્મ અને જગત પર હક-દાવો રાખવો ખોટો છે. એમાં આત્માનાં તેજ હણાય છે, આત્મામાં અંધકાર પથરાય છે.** કેટલાય જીવો એક ટંક પણ પૂરું નથી પામતા. રોટલો ને દાળ પણ પૂરાં નહિ ! ત્યારે મને તો ત્રણેય ટંક મલે છે. **મને મળેલું ઘણું મલ્યું માનું છું તે ભૂલું તો હરાયા ઢોર જેવો થાઉં !** કુતરા જેવો કંગાલ ! માટે આપણે તો પરમ સંતોષ,' આ બીજું તેજ.

**ત્રીજું તેજ કોઈની દીનતા નહિ.** એટલે એના પર બીજાનો પ્રભાવ ન પડે, બીજાની ચાપલુસી એ ન કરે, હજી પડવો હોય તો બીજા પર એનો પ્રભાવ પડે પણ તે પોતાની નિસ્પૃહ વૃત્તિના લીધે, પોતાનાં સંસ્કારી અને નિરપેક્ષ જીવનના લીધે.

**ભૈયાનું દૃષ્ટાંત : નોકરી ક્ષણિક હૈ... ધર્મ ચિરકાલકા હૈ ! :-** વર્તમાનકાળનો કેટલાક વર્ષ પૂર્વનો આ એક પ્રસંગ છે. એક નગરમાં એક સુખી શ્રાવકને ત્યાં ઘણા નોકરમાં એક ભૈયો પણ હતો. શેઠ સારા, એટલે ભૈયાને કહે "તુમકું માસિક પગારકા ચૌદા રૂપિયા મીલતા હૈ, ઇનમેસે પાંચ સાત રૂપિઆ ખાનેમેં જાતા હોગા. તો ક્યું ઈતના ખર્ચ કરના ? તુમ હમેરા રસોડા પર જિમ લેના. ઔર પગાર તુમકો પૂરા મિલ જાયગા." ત્યારે ભૈયો શું કહે છે, અને આટલી ઉદારતા દાખવનારા શેઠ પર એનો શું પ્રભાવ પડે છે; તે જુઓ ! એ કહે છે કે "દેખો, શેઠ સાહબ, જો નિયમિત સંધ્યા પાઠ ન કરે, ઈસકી બનાઈ હુઇ રસોઈ હમ નહી ખાતે હૈ. આપકી નોકરી તો આજ કલકી હૈ, લેકિન હમારા ધર્મ હમારી સાથ ચલનેવાલા હૈ. યહાં હમારા ધર્મ હમ ચૂકે, તો પીછે આગે કે લીએ હમેરી પાસ ક્યા બચા ? આપ તો ઉદાર હૈ, લેકિન ક્ષમા કરના" શેઠ તો આ સાંભળીને દિંગ થઈ ગયા ! કહો, દીનતા નહિ, તો પ્રભાવ કેવો ?

**જગત એટલે વિષયો, માન મરતબા વગેરે. એને કહો કે "તમે તો આજ કાલના અને પાછા અહીં જ રહેવાના ! અહીં પણ અકસ્માત દગો દેનારા ! જ્યારે**



**અમારો ધર્મ તો અમારી સાથે દીર્ઘકાળ ચાલનારો ! એને છોડીને તમને ન ભજું"** એમ કહો એને આવડશે કહેતાં ? દુકાનને કહી દો કે તારી ખાતર રાત્રે ખાવાનું નહિ ! દયા, દાન ભૂલવાના નહિ. તું મને જેમ નચાવે તેમ નાચવાનું હવે નહિ !' કુદરતે બે વિભાગ કર્યા; રાત્રે ખાનારા જુદા, અને દિવસે ખાનારા જુદા. રાતના રાજા ઘુવડ, ચામાચીડીયા ચોર, રાક્ષસ વગેરે. માનવ અને શ્રાવકપણું મળ્યા પછી શું ? એનું તેજ શું ? શું એ કે પેલા પ્રાણીઓ દિવસ-રાતમાંથી એક ઠેકાણે નંબર રખાવે, પણ આ જૈન બબ્બે ઠેકાણે નંબર નોંધાવે એમ ? ભૈયો કહે છે, "કદાચ કલ હી આપકી નોકરી મેસે નિકલ જાના પડે ! ઐસી ક્ષણિક નોકરી કે લીયે, કયા હમારા ચિરકાળકા ધર્મ હમ છોડે ?" એવી નિરપેક્ષતા દાખવી, તો કોનો પ્રભાવ કોના ઉપર પડ્યો ? શેઠને ભૈયા માટે માન ઉપજ્યું ! માનવનું તેજ શામાં ? જગતની દીનતા કરવામાં નહિ, પણ બેપરવાઈ કરવામાં ! પોતાનો પ્રભાવ જગત ઉપર પાડવામાં !

**ચોથું તેજ વિશ્વમૈત્રી અને કરુણા :-** માનવનું ચોથું તેજ ગમે તેવી પરિસ્થિતિમાં પણ સારાય વિશ્વપર પવિત્ર હૈયાના હેત અને લાગણી વરસાવવામાં છે. કહો જોઉં, તમને ગુસ્સાવાળો વહાલો લાગે કે હેત અને લાગણીવાળો ? **માનવનું તેજ વાત્સલ્ય અને કરુણા વરસાવવામાં છે.** નિર્દય બનતા તો જગતના વાઘ વરુનેય આવડે છે. **તમારા જીવનની ગાડી પુરપાટ દોડી રહી છે, પણ કયા પાટા ઉપર તે જરા થોભીને વિચારવાની જરૂર છે.** જીવન તો જીવાશે, અને પૂરું પણ થશે. **પણ ક્યાં જઈ રહ્યા છીએ, એ બધું બુદ્ધિપૂર્વક, અને જ્ઞાનીના વચને વિચારવાની ખૂબ જરૂર છે.** મૈત્રીભાવ, કરુણાભાવ, પ્રમોદભાવ રાખવામાં માનવનાં તેજ છે ! જયાં ત્યાં ઈર્ષા, ટંટા, ક્રૂરતા. દુશ્મનાવટ વગેરેમાં પ્રવીણ બનવામાં માનવની તેજસ્વિતા નહિ, તિમિરમયતા છે. જંગલી પશુઓનેય એ ઘણું વરેલું હોય છે. **પ્રભુ પરમ તેજસ્વી !; કેમકે શું શત્રુ કે મિત્ર, આખા જગતને પ્રેમ અને કરુણાથી નવરાવી** દેનારા ! ઉપસર્ગ-ઉપદ્રવમાં પીડાતા **મહાત્મા મહર્ષિઓ** મહા તેજવાન, કેમકે ઉપદ્રવ કરનાર જીવલેણ શત્રુ ઉપર પણ એમને મૈત્રીભાવ. આ મૈત્રી, કરુણા, અને ગુણ પ્રમોદના તેજ એવાં સુંદર છે, કે એનો અનુભવ કર્યા પછી બીજું ગમે નહિ ! પછી મોક્ષે ન જાય ત્યાં સુધી ભવોભવ એ જ સ્વભાવ ! વૈરી **અગ્નિશર્માનો જીવ** જેમજેમ જન્મે જન્મે વધુને વધુ ઉપસર્ગ કરતો આવે છે, તેમ તેમ **સમરાદિત્યનો જીવ** વધુને વધુ મૈત્રી ભાવનું તેજ વધારતો આવે છે. **બલભદ્રમુનિના** આ મૈત્રીભાવના તેજમાં સિંહ જેવા અંજાઈ જતા ! તે જંગલમાં એમની સામે આવી સેવકભાવે બેસી જતાં ! અને એમની તેજસ્વી મુદ્રાનું દર્શન કરતા !



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

**નિર્વિકાર દશામાં અખંડ નક્કર આનંદ :-** તમેય તેજસ્વી માનવ છો. ફક્ત એ તેજને પ્રગટ કરવાની ધૂન લગાઓ. એવા **માનવના તેજ અખંડ આનંદમાં અને નિર્વિકાર દશામાં છે.** ભલે ઈષ્ટ સંયોગો વગેરે જીવનમાં હેરફેરી કરે, હિંડોળા લે, પણ જીવે એની વચમાં સ્થિર નિર્વિકાર રહેવાનું. હિંડોળો હીંચે એની સાથે જેની પર હિંડોળો બાંધ્યો છે, તે લાકડું પણ જો હિંડોળો લેવા માંડે તો ? તો શું ? અવસરે તૂટે. તેમ વિકારના હિંડોળા લેતા રહેવાય, તો અવસરે આત્મા તૂટે, વિષયોના ભારથી ક્યાંય દૂર ફેંકાઈ જાય ! **વિકારીને સદા દુઃખ, દુઃખ અને દુઃખ !** નિર્વિકાર દશામાંજ અખંડ આનંદ રહી શકે. પકવાન્ન આવ્યું ગિલગીલીયાં થયાં, અને લોભથી વધારે ખવાઈ ગયું તો ? તો શું ? પેલો લૂલો આનંદ તૂટી જતાં વાર નહિ ! ખરો અખંડ આનંદ તો નિર્વિકાર દશામાં ! આ બધું લાવવા માટે ઉપાયો શું ?

**ફરીથી યાદ કરો :- "મારો આત્મા જગત કરતાં મહામૂલ્યવાળો છે. જગત મને ન દોરે, હું જગતને દોરું ! જગતના વિષયોથી અને ક્રોધાદિ લાગણીઓથી આત્મતેજની હાનિ થાય છે.** એનાથી આત્મામાં ખણજ આતુરતા, વિહ્વળતા અને ઉકળાટ વધે છે; તેથી પરાધીનતા પણ વધે છે, કુબુદ્ધિ વધે છે, પછી જાતનું ભૂલી જગતનું સુધારવાનો મેનીયા જાગે છે, એ માટે ભેખ લેવાય છે !" આ ખૂબ યાદ રાખો. આવી વિષયોની સ્થિતિ છે.

**માટે જ હવે અનાદિના ધોરણ ફેરવવાં પડશે.** નિર્વિકારની દિશાએ પ્રયાણ આદરવા જોઈશે. અને એ પ્રયાણ તે એકે પહેલાં બાદશાહી શામાં અને ગુલામી શામાં, તેનો સાચો ખ્યાલ કરો. જગતના આકર્ષક વિષયોથી ભડકી ઉઠવું જોઈએ !

**બાદશાહી શામાં ? ગુલામી શામાં ? :-** 'પગે ચાલીને જવું પડે તો બાદશાહ ! અને મોટરમાં જવું પડે તો હું ગુલામ ! રસદાર તીખાં મીઠાં ભોજન પર જ મારી તલપ રહે, તો હું ગુલામ. અને લુખ્ખા ફિક્કા પર આનંદ રહે તો હું બાદશાહ !' આવા આવા કેઈ ખ્યાલો, કેઈ આદર્શો નક્કી કરવા પડશે ! તો આયંબિલના ભોજનને સ્વેચ્છાથી હોંશથી ખવાય ! તો સાદા જીવનને ચાહીને વધાવાય ! તો માન મળે ત્યાં ગભરામણ થાય, અને કોઈ ભાવ ન પૂછે ત્યાં ઠીક લાગે. કેમકે **મળતાં સ્વાગત સન્માનમાં પોતાની લૂંટ દેખાય છે, કોઈ ભાવ ન પૂછે તેમાં સુરક્ષિતતા લાગે છે.** માનવનાં તેજ જાતની સાચી સ્વતંત્રતામાં છે, આત્મગુણના વિકાસમાં છે.



**વિજયશેઠનો કામ પર વિજય :-**

માનવનાં તેજ બહુ સ્થૂલ સ્વરૂપમાં અને ટુંકાણમાં જોયાં. આજે વિશેષ કરીને માનવના તેજમાં **વિજયશેઠનું બ્રહ્મચર્ય**નું તેજ જોવાનું હતું. પણ સમય બહુ થયો હોવાથી સંક્ષેપમાં જોઈશું કે વિજયશેઠે એ તેજ કેવુંક ઝગમગાવ્યું ! ઉત્પન્ન થયા પછી **લુહારની ધમણ પણ હવા લે છે, અને કાઢે છે,** તેમ શું આપણે પણ શ્વાસમાં હવા લેવી-મૂકવી, અને એમ જ જીવન પૂરું કરવું ? એ તો જગતનાં તુચ્છ જીવો પણ કરે છે. **ઉદાર અને ઉમદા જીવોનાં તેજ અજબ હોય છે, તેથી એના કર્તવ્ય ઊંચા હોય છે.**

**વિજયનો નાની વયે પરાક્રમી નિર્ણય :-** સમુદ્રના કાંઠા પર મનોહર કચ્છ દેશ હતો. ત્યાં એક વિજય નામે શ્રેષ્ઠીપુત્ર હતો. બુદ્ધિશાળી અને સારો સુખી એ ! એને કુળના સારા સંસ્કારમાં ઉછરવાનું એવું સદ્ભાગ્ય મળ્યું હતું કે એના પ્રતાપે એણે નાની ઉંમરમાં જ જીવનભરને માટે કૃષ્ણપક્ષમાં બ્રહ્મચર્ય પાળવાનો નિશ્ચય કર્યો હતો. કેમ વારૂ ? એટલા માટે કે 'ચાલો, **જિંદગીના અડધા ભાગ માટે તો વિષયસેવાના પાપથી બચી જવાશે !'**

**કર્તવ્ય અને કમાણીનાં લક્ષ :-** વિચારજો, સંસાર-સુખનો સ્વાદ હજી તો ચાખ્યો ય નથી, ત્યાં જૈનને કોડ કેવા ? **માનવનાં સાચાં તેજને જો ઓળખો, તો એમ જ લાગશે કે એ વિચારણા બરાબર યોગ્ય કરે છે.** જીવને અનાદિકાળથી વાસના તો વળગેલી જ હતી, વિકારોની ભારે સતામણી હતી, વિષયસેવામાં અનંતકાળ વીતાવ્યા હતા, એમાં જિનશાસનની નજીકમાં આ માનવભવ મળી ગયો. **'એમાં શા કર્તવ્ય બજાવી લેવા જોઈએ,'** અને **'શી કમાણી કરી લેવી જોઈએ'** કે જેથી **તેજસ્વી માનવ બની જીવન સફળ કર્યું ગણાય,'** ઇત્યાદિ વિચારણા કરી લેવી જોઈએ. તેથી જીવન કેવું જીવવું, મનોરથ કેવા ઘડવા, કેવી કેવી ભાવનામાં રમતા રહેવું, વગેરે નક્કી થાય. સંસારમાં જીવની અતિ દુર્દશા જે સમજ્યો છે, એને તો મોક્ષ પામવાની લત લાગેલી હોય છે; અને **મોક્ષ પામવાની લત એટલે 'મોક્ષ ક્યારે મળે, કેમ મળે, શી શી સાધના કરું,' વગેરેની અહર્નિશ રટણા.**

**મોક્ષનો પ્રયત્ન કેવો હોય ? :-** ત્યારે કહો જોઉં કે મોક્ષ એ શું **વાસના-વિકાર અને વિષયસેવાના સંસ્કારને** આ જીવનમાં મજબુત કરવાથી થાય કે ઢીલા કરવાથી ? ભૂલશો નહિ કે **એની મજબુતાઈથી તો આત્માપર સંસાર અનાદિકાળથી અખંડ પ્રવાહે ચાલ્યો આવ્યો છે ! એ પર તો જીવને અનંત અનંત ભવના પરિભ્રમણ થયા છે ! આ ઉત્તમ જીવનમાં એ કામવાસના, એ ક્રોધાદિ કષાયના વિકારો, અને**



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

**એ પૌદ્ગલિક વિષયોનું આસેવન - એ પાછા એના કુસંસ્કારોને દૃઢ કરે છે ! જેથી આ જીવન-દીવો ઓલવાઈ જતાં એ કુસંસ્કારો એવા બેફામ રીતે ફાલેફૂલે છે, અને આત્માને પીડે છે કે જ્યાં આત્માનું કાંઈ જ ચાલતું નથી, અને ક્રૂર કર્મ હલકા ભવોમાં એની ભારે કત્લેઆમ ચલાવે છે !** છતાં એ કુસંસ્કાર છૂટતા નથી, બલ્કે એ તો જીવને કુપ્રવૃત્તિમાં જ રચ્યોપચ્યો રાખે છે ! એના **છુટકારાને માટે યોગ્ય એકમાત્ર ભવ માનવનો.** તો એમાં શક્યતાએ શું એ કુસંસ્કારને દૃઢ કરવા કે દોદરા કરવા ? શ્રેષ્ઠીપુત્ર વિજય એ વિચારી રહ્યો છે, કે આ જીવનમાં વિષયસેવાથી જેટલા બચ્યા, એટલા આપણે ફાવ્યા ! એટલી માનવજીવનમાં કમાઈ કરી !

**ભાગ્યવતી વિજયા :-** બીજી બાજુ, એ નગરમાં વિજયા નામે એક શ્રેષ્ઠી કન્યા હતી. સંયોગવશાત્ નગરમાં કોઈ સાધ્વીજીના સત્સમાગમમાં એ આવી. પછી પૂછવાનું શું ? **સંસારના કિચડમાંથી બહાર નીકળી, સંયમના ઉદ્યાનમાં જે વિહરતા હોય, એની પાસેથી વિષયવિલાસના કિચડની વાતો ન મળે, પણ નિર્મળ બ્રહ્મચર્યરૂપી પુષ્પસુવાસની વાતો મળે, એ સહજ છે !**

**'જોને બહેની, આ જીવે અનંતકાળમાં ક્યાં ઓછું જોયું, ભોગવ્યું છે ? છતાં આજેય તૃપ્તિ લાગે છે ? હવે એની ઈચ્છા મટી ? ના, આજેય જાણે નવી જ ભૂખ છે. જાણે આજસુધીમાં કશું જોયું, ભોગવ્યું નથી, એવું આજે લાગે છે !** અને તે એમ જ થાય. **કામની ઈચ્છાનો ભીષણ રોગ તો સંયમથી જ મટે, સંસારથી નહિ. માનવનાં તેજ તો, વાસના, વિકાર અને વિષયસેવાના ભીષણ રોગ મટાડી બ્રહ્મતેજ ખીલવવામાં છે.**

**વિજયાની પ્રતિજ્ઞા :-** સાધ્વીના આવા કોઈક ભવ્ય ઉપદેશે વિજયાના હૃદયને વલોવી નાખ્યું !! એને એમ થયું કે 'અહો ! આ હું શું સાંભળી રહી છું ? કેવો દિવ્ય પ્રકાશ ! કેવું મનોરમ માર્ગદર્શન ! બસ જાણે એમ જ થાય કે મૂકી દઉં આ અનાદિની લપ ! છોડી દઉં આ ભયાનક લત !' એ તો ચઢી આંતરમંથનમાં અને પવિત્ર ભાવનામાં ! પરિણામે એણે નિયમ લીધો કે 'જીવનભરને માટે શુક્લપક્ષમાં બ્રહ્મચર્ય પાળવું.' **ધન્ય છે આર્યકુળ અને આર્યસંસ્કૃતિને કે જે માનવને માત્ર ખોખા થઈ નહિ, પણ ગુણથી, સુપરાક્રમથી માનવ બનાવે છે !**

**વિજય-વિજયાના લગ્ન ! :-** હવે ભવિતવ્યતાનો એવો યોગ આવ્યો કે શ્રેષ્ઠીપુત્રી વિજયના પિતા પાસે માંગણી મૂકી કે 'વિજય માટે વિજયાનો સ્વીકાર કરો.' માગણી કબૂલ રખાઈ, તથા લગ્ન નક્કી થયા, અને લગ્ન પણ થઈ ગયા ! સમજો છો ને કે પરસ્પર શુક્લ-કૃષ્ણપક્ષના બ્રહ્મચર્યના નિયમવાળા આ બંનેના લગ્ન એટલે સંસાર શો ?



**આધુનિક વિષમ વિચારસરણી ! :-** ત્યારે આજના યુગવાળાને તો અહીં ઝટ એ પ્રશ્ન થશે કે "પણ આમ વિવાહ થાય ? વર-કન્યાને પૂછવું તો જોઈએ ને ? વર-કન્યા અરસપરસ મળે, પોતપોતાના ગુણદોષને સમજે, સ્વભાવના પરિચય આપે, પોતાના જીવનમાં શી શી ખાસીયતો, શી શી વિશેષતાઓ રહેશે, એ કહે, એમાં બંને દિલથી મળે અને રાજી હોય તો વિવાહ થાય. આવું જો અહીં થયું હોત તો એક બીજાને પોતાનો ખાનગી નિયમ કહેત, અને તરત જ વિવાહ અટકી જાત. અહીં આવું ન થયું, તો કેટલો બધો અનર્થ થયો ? હવે તો, કાં તો પ્રતિજ્ઞાભંગનું પાપ, અથવા તો બંનેને જિંદગી સુધી સલવાયા કરવાનું, વિષય ઝંખનામાં ઝુરતા રહેવાનું ! પછી માબાપ પર ધિક્કાર વરસાવ્યા કરે, અને હાયહોયમાં જીવન પૂરું કરે ! અથવા બંને સંસારસુખના જુદા સ્થાન જમાવી બેસે ! આવો અનર્થ થાય નહિ એટલા માટે જ સ્નેહલગ્ન આશીર્વાદરૂપ છે." આ આધુનિક વિચારસરણી છે.

**યોગ્ય વિચાર દશા :-** આ વિચારસરણીમાં માનવનાં તેજ નહિ, પણ અંધકાર છે, કેમકે આ વિચારણામાં માત્ર પશુ ક્રિયા અને વાસનાના આનંદની જ મુખ્યતા રખાઈ છે. માનવે તો વાસના, વિકાર અને વિષયસેવાના સંસ્કાર ભુંસી નાખવામાં જીવન સફલ કર્યું ગણાય, એ વસ્તુ સરાસર વીસરી જવામાં આવી છે. ત્યારે તમે કહેશો કે 'પણ એકબીજાના મન દુભાતા રહે એનું કેમ ?' તો સમજવાનું એ છે કે પહેલેથી જ સારા સંસ્કારના પોષણ કર્યા હોય તો આવી દુર્દશા ઊભી જ ન થાય. આજે **મુખ્યતાએ સુસંસ્કારના જીવન જીવવાનું ભૂલી જવાયું છે, તેથી મહા વિષમતા અને વિટંબણા ઊભી થઈ છે.** અહીં આપણને આ ભાગ્યવંતા દંપતીના જીવનમાં અદ્ભુત જાણવા મળશે.

**પરણીને વિજયા પતિ પાસે : રહસ્ય ખૂલે છે :-**

અર્ધ અર્ધ માસના સુંદર બ્રહ્મચર્યની શ્રીમંતાઈવાળા આમને આપણે વિજય શેઠ અને વિજયા શેઠાણી તરીકે ઓળખીશું. હવે લગ્ન થયા પછી વિજયા સાસરે આવી. દિવસની કાર્યવાહી પતાવી રાતના પતિના શયનગૃહમાં એ આવે છે. કેવી છે એ ? રૂપ અને લાવણ્યની મૂર્તિ. કેળના જેવા કોમળ અંગવાળી, કમળના જેવા મુખવાળી, પાછી યુવાનીના ઉંબરે ઊભેલી, એમાં વળી શૃંગાર સજેલા ! પછી તો જાણે સ્વર્ગમાંથી અપ્સરા જ ન ઉતરી આવી હોય ! 'સોવનવર્ણી, શશીવયણી, મૃગનયણી, મનહરણી,' એવી એને જોઈને ભલભલાના પાણી ઉતરી જાય. પણ અહીં તો વિજયશેઠ છે ! જેવી એ પલંગ પર ચઢવા આવી, કે તરત વિજય કહે છે કે, 'જરાક થોભજો. મારે પૂર્ણ કૃષ્ણપક્ષનો બ્રહ્મચર્ય પાળવાનો નિર્ણય છે. ચાલુ



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

કૃષ્ણપક્ષમાં ત્રણ દિવસ બાકી છે. માટે ત્રણ દિવસ પછી વિષયસુખ ભોગવીશું.'

**વિજયાને ખેદ :-** આ સાંભળતાં જ દેવાંગના સમી વિજયા શેઠાણી વિલખી પડી. એનું મોં ઉદાસ થયું. શાથી ? તમે જે સમજો છો એવા કારણે નહિ. એનું કારણ આગળ સમજાશે. વિજય પૂછે છે 'કાં આટલામાં ઉદાસ કેમ ?' વિજય બિચારો શું જાણે વિજયાનો ભેદ ! એને તો કદાચ એમ હશે કે 'આ બાળા અત્યારે જે કોડથી આવી હશે, એ પુરા ન થવાના હિસાબે, કે ભવિષ્યમાં કૃષ્ણપક્ષના સંસારસુખમાં વિઘ્ન આવવાના હિસાબે વિજયાને ખેદ થતો હશે.' પરંતુ **આર્યકુળની ખાણમાં પાકેલા આ રત્નનો જુદો જ પ્રકાશ એને જોવા મળ્યો !**

**વિજયાનાં વેધક વચન :-** વિજયા કહે છે કે "ખેદ બીજો કોઈ નથી, પરંતુ મારે શુક્લપક્ષના બ્રહ્મચર્યનું વ્રત છે, તેથી ત્રણ દિવસ પછી પણ, તેમજ ભવિષ્યમાં કોઈપણ શુક્લપક્ષમાંય, મારી પાસેથી તમને વિષયસુખ નહિ મળી શકે. છતાં હું એટલું કહું છું કે તમે બીજી સ્ત્રી પરણી લો, અને તમારા કૃષ્ણપક્ષના નિયમને સાચવી લો. બાકી મારે તો આજથી હવે કૃષ્ણપક્ષના પણ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા છે. એટલે **તમારા જેવા સૌભાગી પતિને પરણી જીવનભરને માટે પૂર્ણ બ્રહ્મચર્યનો મહાન લાભ મળ્યો છે, તે બદલ મારી જાતને મહાન ભાગ્યશાળી સમજું છું !!"**

**જગત સુલભ વિચારણાથી દુર વિજયા :-**

વિજયાનાં સ્ત્રીહૃદયની આ સાત્ત્વિક વિચારણા અને આ નિર્ણય પુરુષને ટક્કર મારે તેવા હતા. **સાત્ત્વિક માનવનું તેજ જોવા, વિચારવા અને અનુસરવા જેવું છે.** શું આમાં ક્યાંય એ વિચાર છે કે 'હાય ! આવા પતિને પનારે ક્યાં પડી ? માબાપે કેવું ઊંધું માર્યું ? હવે આ મારા વિષયસુખનું શું થશે ? બસ, એ તો હવે નહિ જ મળે ? અરે ! મારા કેવા પાપના ઉદય ? શું ત્યારે મારું યૌવન વેડફાઈ જવાનું ? ના, ત્યારે મારું શુક્લપક્ષનું વ્રત ફેરવીને કૃષ્ણપક્ષનું કરું, શુક્લપક્ષની છૂટ લઉં, અથવા એમને (પતિને) કૃષ્ણપક્ષનું વ્રત શાનું ? નહિ ચાલવા દઉં હું એ !' ના, આ પૈકીની એક પણ વિચારણા નથી, નિસાસો નથી, દિલગીરી નથી, પશ્ચાત્તાપ નથી ! દુ:ખ તો એને એ થયું કે 'પતિ રહ્યા હશે વિશ્વાસે કે ચાલો પોતાને કૃષ્ણપક્ષ પુરતો નિયમ છે, એથી શુક્લપક્ષના સુખ મળશે, પરંતુ મને પરણીને એમાં એ ફસાયા ! તેથી લાવ એમને બીજી સ્ત્રી પરણવા મારા તરફથી સંમતિ આપી દઉં.'

**વિજયશેઠનું લોકોત્તર વિચાર ધોરણ :-**

પરંતુ આ તો પતિ વિજયશેઠ છે ! એ કાંઈ પોતાની જાતને ફસાયા માને એમ નથી. એમ નથી થતું કે 'હું વળી આવી સ્ત્રીમાં ક્યાં ફસાયો ? મારા માબાપે



આ કેવી આફત ઊભી કરી ? ત્યારે મેં જરા પૂછીય ન લીધું ? અને આને વળી શુક્લપક્ષના બ્રહ્મચર્ય સુઝે છે !! મારી જેમ પાળે એ કૃષ્ણપક્ષનું બ્રહ્મચર્ય ! આપણે સગવડ આપેલી જ છે ને ? શુક્લપક્ષનું બ્રહ્મચર્ય ? એ નહિ બને અહીં !' અથવા 'આપણે તો બીજી સ્ત્રી પરણી ભોગીના બાદશાહ બનવાના !!' આમાંનું કાંઈ જ એને મનમાં આવતું નથી.

વિજયાને એ તો કહે છે કે 'તમે સંપૂર્ણ બ્રહ્મચર્યનું કહ્યું તે તો બહુ સરસ કહ્યું ! મને બહુ ગમ્યું ! પરંતુ મારા માટે તમને જે દુ:ખ થયું તે ઠીક નથી. કેમકે **ભોગસુખ તો હળાહળ ઝેર જેવા છે ! એ ઝેર પીવા બાકી રહી ગયા એના શોક શા ? તમને બ્રહ્મચર્ય ખપશે, તો શું મને નહિ ખપે ?** કવિ કહે છે કે,

**"તવ વળતું રે તસ ભરતાર કહે ઈશ્યુ, વિષયારસ રે કાલકૂટ હોય જિસ્યુ,**
**તસ છોડી રે શિયળ સબળ બેઉં પાળશું, તસ વારતા રે માતપિતાને ન જણાવશું."**

**આત્માના ભાવ પ્રાણ હરી લેનાર એ કાળકૂટ ઝેર ખાવાનું કામેય ત્યારે શું છે ?** સહેજે સહેજે બ્રહ્મચર્ય પાળવાનો મનેય સુવર્ણ અવસર મળ્યો. તો આ જન્મમાં મારે પણ અબ્રહ્મસેવન જોઈએ નહિ. આપણે બંને જોરદાર સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળીશું. માતાપિતા કદાચ એમાં રોકે, માટે એમને વાત જ નહિ કરીએ. અને જ્યારે એ કદાચિત્ જાણી જશે, ત્યારે આપણે દીક્ષા લઈશું.'

**પતિ-પત્ની અન્યોન્યને અનુમોદે છે :-**

**નારીરત્ન વિજયાશેઠાણી પ્રત્યેની પુરુષરત્ન વિજયશેઠની આ વેધક વાણીએ આખું વાતાવરણ અને આખું જીવન પલટી નાખ્યું !** બંને ઉલ્લાસમાં છે. ઉભયને એકબીજાની ભારે અનુમોદના છે. બંનેને પરસ્પર માટે એમ થાય છે કે "ઠીક થયું આમને પરણ્યા તો, જેથી સંપૂર્ણ બ્રહ્મચર્યનો અનુપમ અણમોલ લાભ મળ્યો ! માનવજીવન કૃતાર્થ થયું ! યૌવન લેખે લાગ્યું ! કેમકે જ્ઞાનીઓ યૌવનમાં બ્રહ્મચર્યાદિવ્રતનું બહુ ફળ કહે છે. **"संपत्तौ नियमः यौवने व्रतम् ।"**

**વિકારી સંસારમાં નિર્વિકાર ! :-**

પછી તો એકબીજામાં જાણે ભાઈબહેનની કલ્પના કરીને ખડ્ગની ધારા સમાન એ શીલવ્રતને પાળે છે. માતાપિતાને જાણવા નથી દેવું, તેથી શય્યા એક છે. છતાં રંચ માત્ર વિકાર નથી ! આંગળી માત્રનોય સ્પર્શ નથી. **માનવતેજમાંનું એક બ્રહ્મચર્યતેજ, તેને આ શ્રાવકશ્રાવિકાની જોડલીએ એવું ખીલવ્યું કે એની પ્રશંસા કેવળજ્ઞાની ભગવંતના મુખે થઈ !** તે શી રીતે ? આમ......

**કેવળજ્ઞાની વિમળસ્વામી અને જિનદાસ :-**

આજ ક્ષેત્રમાં ચંપા નામની નગરી હતી. એ નગરીમાં જિનદાસ નામનો



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

શ્રાવક વસે. તેના પ્રબળ પુણ્યે એકવાર નગરના ઉદ્યાનમાં વીતરાગ સર્વજ્ઞ ભગવંત **શ્રી વિમળકેવળી મહારાજ** પધાર્યા. લોકના ભેગો આ શ્રાવક પણ દેશના સાંભળવા ગયો. ત્યાં એની ભાવના એવી વધી ગઈ કે એને એમ થયું કે 'ચોરાશી હજાર સાધુની ગોચરીની ભક્તિ-પારણું કરવાનો લાભ લઉં' એ ભાવના એણે કેવળીપ્રભુ આગળ વ્યક્ત કરી, અને એ લાભ આપવા પ્રાર્થના કરી.

**શ્રાવકના મનોરથ :-**

કેવળજ્ઞાની કહે 'એ કાંઈ બની શકે ? એટલો બધો **નિર્દોષ** આહાર તું શી રીતે પુરો પાડી શકે ? અને શી રીતે સાધુને ગોચરી નિર્દોષ રહે ?'

જિનદાસ નિરાશ થઈને બોલ્યો 'તો પ્રભુ, મારે લાભનું કેમ ? એવો બીજો કોઈ રસ્તો બતાવો, જેથી મને એટલો જ લાભ મળે.' **શા શ્રાવકના મનોરથ ! કેમ જાણે આ અથિર સંપત્તિ રહેશે કે નહિ રહે, ફરી મળશે કે નહિ મળે ! માટે એમાંથી આત્મહિતનો નક્કર લાભ હાલ જ ઉઠાવી લઉં.**

**વિજયવિજયાની ભક્તિથી ૮૪૦૦૦ સાધુ ભક્તિનો લાભ :-** કેવળજ્ઞાની વળતાં એમ કહે છે કે 'તો જુઓ, કચ્છદેશમાં વિજયશેઠ અને વિજયાશેઠાણી નામે યુવાન પતિપત્ની છે. વળી તે લગ્નથી જ નિર્મળ બ્રહ્મચર્ય પાળે છે. તો એમની ભક્તિ કરવાથી તમને ચોરાશી હજાર સાધુની ભક્તિનો લાભ મળશે.'

જિનદાસને ચમત્કાર થયો. પૂછે છે "એમ પ્રભુ ! તે એવું તે કેવું વ્રત છે એમનું કે આટલી બધી વિશેષતા ?"

**જિનદાસ કચ્છમાં : વિજયાના માબાપ હવે જાણે છે :-** કેવળજ્ઞાનીએ મૂળથી માંડીને વિજયવિજયાની વાત કહી. ત્યારે જિનદાસને ખરેખર લાગ્યું કે વિશેષતા બરાબર છે. મનમાં એકદમ ખૂબ જ ભક્તિ એ દંપતી પ્રત્યે ઉભરાઈ. પછી તો ચંપાથી સામગ્રી લઈને આવ્યો કચ્છ દેશે. વિજયવિજયાને નમસ્કાર કરી ખૂબ ભાવનાથી ભક્તિ કરે છે. વિજયના માતાપિતા ચકિત થાય છે કે 'આ છે શું ? ઠેઠ ચંપાદેશથી આટલે દૂર આ ભાગ્યશાળી ભક્તિ કરવા આવે છે !!' જિનદાસને પૂછ્યું ત્યારે જિનદાસે કેવળજ્ઞાનીની વાણી સુણાવી. એમાં ખાસ કહ્યું કે, **'આ કૃષ્ણ, શુક્લપક્ષના નિયમવાળા દંપતીની ભક્તિ ચોરાશી હજાર સાધુને પારણું કરાવ્યાનો લાભ આપે, એવું સર્વજ્ઞ ભગવાને કહ્યું છે.'** ત્યારે માબાપને પુત્રરત્નના અને પુત્રવધુના અલૌકિક પ્રભાવની ખબર પડી.

ઘરમાં, શેરીમાં, અને આખા નગરમાં વખાણ વખાણ થયાં. પણ અહીં તો વિજયવિજયાને સંકેત ભરાઈ ગયો. કેમકે માતાપિતાને વ્રતની ખબર પડી. તેથી



વિજયશેઠ અને વિજયશેઠાણીએ ચારિત્ર લીધું. અતિચારને સેવ્યા વિના અખંડ ચારિત્ર પાળી કેવળજ્ઞાન ઉપાર્જ્યું, આયુષ્યની પૂર્ણાહુતિએ મોક્ષે પહોંચ્યા.

**માનવનાં તેજ અને વિજયનો વિજય,** એ વ્યાખ્યાન પૂરું થાય છે. વિજયશેઠ, વિજયાશેઠાણીએ કામ પર તમોવૃત્તિ પર, વિજય મેળવી એક બ્રહ્મચર્યનું તેજ ખીલવ્યું; તો એમાંથી સર્વ તેજ પ્રગટ થયા. આપણે પણ શક્ય એટલાં માનવતેજ પ્રગટ કરીએ, એ શુભેચ્છા.

❖ ❖ ❖





E:/Divya-Darshan(part-12).pmd/prf.4

**શ્રી સાધના આશ્રમ- વિલેપારલેમાં અપાયેલ જાહેર વ્યાખ્યાન.**

(૨૪)

# બંધન અને મુક્તિ

**अप्पा चेवदमेयव्वो, अप्पा हि खलु दुद्दमो ।**
**अप्पा दन्तो सुही होइ, अस्सिं लोए परत्थ च ॥**

અનંત ઉપકારી જગત્‌દયાળુ શ્રી સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા, અનાદિ અનંત કાળથી આત્મા પર લાગેલા અનેક પ્રકારના બંધનોમાંથી મુક્તિ મેળવવા માટે એક મહાન અદ્‌ભુત પણ ટૂંકામાં ટૂંકો ઉપાય બતાવે છે,

**'નિજના આત્માને જ દમો,' કે જે ખરેખર દુઃખે દમાય એવો છે. દમાયેલો આત્મા આ લોક પરલોકમાં સુખી થાય છે.'**

શું કરવાનું કહ્યું ? સ્વાત્મદમન. પ્રશ્ન થશે, શાના માટે ?

ઉ. : **અનાદિ કાળથી લાગેલા બંધનોમાંથી મુક્તિ મેળવવા માટે !** તો જ સુખી થઈ શકાય. વિચારક માણસ ભાગ્યે જ કહી શકે કે મારે મુક્તિ નથી જોઈતી કારણ કે બંધન કોઈને ગમતું નથી. એટલા જ માટે અજ્ઞાન માણસ પણ બોલી ઊઠે છે કે હું તમારો બંધાયેલો નથી. એને પૂછોને,

'અરે પણ તેમાં તને શું લાંછન લાગી ગયું ?'

તો એ કહેશે, **"બંધન એ લાંછન છે."** તમને કેમ બંધન નથી ગમતું ? તો અમે પણ બંધાયેલા નથી તમારા ! તમે કરોડપતિ તમારા ઘરના ! અમને શું ?" આ બતાવે છે કે બંધન કોઈને ય ગમતું નથી.

**મહાન પ્રશ્ન :-**

**બંધન બે જાતના છે :- (૧) બાહ્ય, અને (૨) આભ્યન્તર, અથવા (૧) દ્રવ્યબંધન અને (૨) ભાવબંધન. હવે અહીં મોટો પ્રશ્ન છે કે, દુનિયાદારીના બંધન બાહ્ય બંધન, દ્રવ્ય બંધન કહેવાય; તે તો આત્માને નથી ગમતાં; પણ રાગદ્વેષાદિ આભ્યન્તર બંધનો જીવને જે જકડી બેઠા છે, તેનો વિચાર કેમ નથી ?** અરે, કદાચ વિચાર આવે તો ય તેનો તીવ્ર અણગમો કેમ નથી ? એમ થાય છે કે એમાં બંધન



શાનું ? કેમ આમ ? શેઠ મન માન્યો પગાર આપે છે, તોય શેઠની ગુલામીનું બંધન ખૂંચે છે !! ત્યારે રાગાદિના આંતર બંધન ભયંકર દુર્દશા કરે છે; છતાં તે ખૂંચતાં નથી !! કેવુંક આશ્ચર્ય ! શેઠ ૫૦૦ રૂા. નો પગાર આપે છે. બહાર ૧૦૦ પણ મલે નહીં, તેની જગાએ ૫૦૦ !! છતાં આ નોકરી એટલે બંધન છે; માટે તે પણ ગમતું નથી. માણસ પોતાની રાજી ખુશીથી બધું કરી આપે; પણ જો શેઠ એને ઓફીસમાંથી નીકળતાં શાકની ઝોળી પકડાવે ને કહે કે લઈ જજો ઘેર ! તો મનને કેટલું ખોટું લાગે ! અહીંયાં બોલી શકાય તેમ ન હોય, તેથી કામ કરે ખરો; પણ મનમાં શું લાગે ? "આ મોટો પગાર પણ કૂચા ! આપણી કિંમત આટલી જ !" ન કહેતા કે આવા શેઠ હોય ? હા, આજે પણ છે ! મનમાં મોજ આવે તો કહી દે, કે 'ચાર આનાના ગાંઠીયા લઈ આવો !' પગાર મોટો મળે છે છતાં નોકરીનું બંધન ગમતું નથી ! ત્યારે વાત આટલી જ છે કે દુનિયાદારીનાં બંધન જેમ નથી ગમતાં જેવાં હાર્દિક રીતે ખૂંચે છે, તેવા આભ્યન્તર ભાવબંધનો ખૂંચે છે ખરાં ? જો નહીં, તો તેનો જો કે અહીં વિચાર થશે, વર્ણાવાશે, બંધનનાશના ઉપાયો પણ કહેવાશે, તે બધું સાંભળશો; પણ પ્રગતિ કરવાની તૈયારી નહિ હોય તો શું થાય ?

**આંતરબંધન પણ ખૂંચે છે કિંતુ ક્યારે ? :-**

ત્યારે એટલું બધું નાસ્તિક હૃદય નથી કે આપણને અંતરના બંધનો પીડી રહ્યા છતાં 'તે બરાબર છે; તેમાં વાંધો નથી, એમ માનીયે ? આંતરિક બંધનો ય કેટલીકવાર ખૂંચે છે તે તમને ખબર છે ? લાડમાં ઉછરેલો છોકરો પણ તમારો ન થાય તો શું લાગે ? "આ મારા ભોગ લાગ્યા, કે આને ઉછેરીને મોટો કર્યો !" લાડમાં ઉછેર્યો એ તો રાગનું બંધન ઊભું કર્યું ! તે જ પીડાકારી થયું ! નવી સાસુ બનનારે ઘણી સાસુઓ જોઈ છે કે જેને વહુના ભારે ત્રાસ લાગે છે ! છતાં દિકરાની વહુ લાવવાના કેટલા કોડ ! શું લગ્ન વખતે ખબર ન હતી કે આવનારી માથે છાણા થાપશે તો ? પણ પછી રાગના આંતર બંધન આત્માને કેવા પીડે છે તે સમજાયું;- "આ પાપ પર ક્યાં પસંદગી કરી, તે આ ત્રાસ જોવાના દહાડા આવ્યા ! હે ભગવાન !" શું છે આ ? પોતાની પસંદગી, પોતાની રાગ-રતિ ખૂંચે છે. જગતમાં સૌને અનુભવ છે, તે સારો કહેવાય તેમ નથી, કે એનો ઈન્કાર કરી શકાય તેમ નથી. ઘણાં કુટુંબીઓની પોક સાંભળીને વાંઢા વાંઝીયાને એમ થાય છે - "અમે સારા છીએ એમના કરતાં ! ભલે એકલદોકલ છીએ !" પણ પેલા પોક મૂકનારને એમ થાય ? દુનિયામાં દુઃખ છે, છતાં મનને બંધન નથી લાગતા ! દુનિયામાં અપમાન થાય છે, છતાં બંધન નથી લાગતું ! એ કેવું કારમું અજ્ઞાન !



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

**બંધનથી શું વધ્યું :-**

આગળ વધીને કહીએ તો મળેલા **માનવ-જીવનની બરબાદી જ બંધનથી છે ! અહીં જન્મ્યા પછી આપણો જીવ જેટલા બંધન વધારતો ગયો, તેટલો પરમાત્માથી દૂર થતો ગયો ! તેટલી ક્લેશ-ચિંતાઓ વધારતો ગયો ! એટલે માનસિક અસમાધિ વધતી ગઈ ! એટલે જ દુઃખ વધતું ગયુ ! તેમ બીજી બાજુ બંધનો વધારતા ગયા, તેમ તેમ વર્ષ-પ્રતિવર્ષ પાપ વધતા ગયા ! કહો ત્યારે દુન્યવી બંધન વધવાથી શું વધે છે ? પરમાત્માથી દૂર થવાપણું ! દુઃખ ! અને પાપ !** આવી જો સ્થિતિ હોય તો, એમાંથી જેણે મુક્તિ મેળવી, તેને ક્રોડ વંદન કરીયે !! ભગવાન જિનેશ્વરદેવ વડે શાસન સ્થાપવામાં આવતું હોય તો તે બંધન તોડીને મુક્તિ મેળવવા માટે; પણ આ મોટી મુશ્કેલી છે કે મનુષ્ય-જીવનમાં એવું અનુપમ શાસન મળ્યું છતાં મરતાં સુધી રાગનો ધંધો ! એટલે કે બંધન વધારનો ધંધો ! પરિણામ આત્માની સ્થિતિ ઘણી ભયભરી ! એટલા જ માટે પહેલાં વિચાર કરી લેવો જોઈએ કે **'બંધન કેમ ઘટે.'** અહીં પ્રથમ એ સમજો કે બંધન કેટલા પ્રકારનાં હોય ? એનો વિસ્તૃત વિચાર કરવા બેસીયે, ને જો હૃદય સાબુત હોય તેમ ભેજું ગેપ ન હોય, તો આત્મા કકળી ઊઠે, **'હાય, આટ આટલાં ઢગલો બંધન ?' રેશમના કોશેટાને ક્યાં ખબર છે** કે **'રૂપાળા બંધનમાં છું ?'** પણ એ જે કકળતા પાણીમાં બફાય છે, એ રેશમી તારના બંધનના યોગે જ ને ? હૈયામાં જે ત્રાસ ઊભો થવો જોઈએ તે થતો નથી, કે ક્યાં ઊભા છીએ આપણે ?

**બંધન અનિવાર્ય અને સ્વીકાર્ય :-**

આજની કેટલીયે વિટંબણા કેટલાક **અનિવાર્ય** ને કેટલાક **સ્વીકાર્ય** બંધનોથી. શું સમજ્યા ? બંધનો સ્વીકારી લીધા છે. કોઈ બળાત્કાર નથી કરતું; આપણે જ સ્વીકારી લીધા છે ! તો એ જોવું જોઈશે કે અનિવાર્ય બંધનો કયા છે ? અને સહર્ષ સ્વીકારેલાં બંધનો કયા છે ? પછી એમાં અનિવાર્ય બંધનોને કઢાવી ન શકીયે પણ સ્વીકારેલામાં ઘણું ઓછું કરી શકીયે. સ્વીકારેલામાંથી જે નવું ઉત્પન્ન થાય છે તેના પર ચેક મૂકી શકીએ. બંધનોનો વિચાર કરીએ તો આશ્ચર્ય થાય એમ છે કે **સર્વ આપત્તિનું મૂળ બંધન છે !** સંસાર છે બંધનના કારણે ! એ ક્યાંથી આવ્યા ? આપણે જ ઊભા કર્યા !

**પ્ર.**- એની પહેલાં તો સારું હતું ને ?

ઉ.- ના, ઊભા કરેલા બંધનો પણ પૂર્વના બંધનને લઈને ઊભા કર્યા હતા, તો,

**પ્ર.**- તો એ બંધનો ક્યાંથી આવ્યા ?



ઉ.- એ પણ આપણે જ ઊભા કર્યા હતા. એની પૂર્વના બંધનથી. આમ અનાદિ કાળની ઘટમાળમાં આ જીવે આ વેપલો કર્યો છે. બંધનોની ઈજારદારી ! સંસારી આત્મા એટલે બંધનોનો ઈજારદાર ! આપણા જીવે ઘણી દુનિયા જોઈ છે. બીજું બધું વેઠવા તૈયાર છે ! પણ એક મિનિટ માટે બંધન છોડવા તૈયાર નથી ! દુઃખમાં ઘસડાય તો પણ છોડવા તૈયાર નથી ! કેમકે એની ભયંકરતા લાગતી જ નથી ! ને **જૈન શાસનનું રહસ્ય આ છે કે તું બંધન છોડ ! તો તારું કામ થઈ ગયું !** સ્વીકારેલાં બંધનોને રવાના કર; ને અનિવાર્ય બંધન પર ચેકીંગ રાખ. આ જીવનમાં જ લાગશે કે મારા જેવો કોઈ સુખી નથી. સ્વીકારેલાં બંધનોની કાંચળી ફેંકી દે, કે અપૂર્વ જોમ ખીલશે ! ત્યારે જો બંધનોની ભયંકરતા સમજાય તો એ ટાળવા મથાય. એ માટે,

**અનિવાર્ય બંધન બે જાતના :-**

આપણે એ જોઈએ કે બંધનો કયા કયા છે ? એમાં અનિવાર્ય ગણાય તેમાં પહેલું મોટું કર્મનું બંધન છે. આત્મા પર કર્મનું બંધન હોય નહીં, તો બીજાં કોઈ પણ બંધન હોય નહીં ! સંસાર જ હોય નહીં ! આત્મા પર કર્મનું બંધન હોય નહીં તો દુઃખનું નામ-નિશાન પણ હોય નહીં ! સંસારની ચોરાશી લાખ યોનિમાં તેનાથી ભટકવું પડે છે. બીજું અનિવાર્ય બંધન તે કાયાનાં બંધન ઉપાડી લેવા પડે છે. આ બે અનિવાર્ય બંધનો છે ! આજને આજ કર્મનાં કે કાયાનાં બંધન નહીં જાય; પણ એની ભયંકરતા સમજી લેવી જોઈએ.

**કર્મબંધનની ભયાનકતા ! :-**

જીવતા મનુષ્યને ચાવી ખાનારા ભયંકર રાક્ષસ કરતાં પણ આ બંધન ભયાનક છે. જીવ કર્મથી ભૂલો પડીને વાઘ-વરૂનું એવું ખોળીયું લે છે કે એ ભવનાં યોગે જ જીવોને ફાફેડી ખાઈ નરકમાં જાય છે. તે કાયાનું બંધન છે. આર્ય મનુષ્યને કોઈ પણ ઈચ્છા નહીં કે જેમ જામફળને કચડી જાય, તેમ પેલા પંચેન્દ્રિય જીવોને ચાવી ખાય. આર્ય માનવની કાયાનો એ પ્રભાવ છે. તો પણ એ માનવ-કાયાથી ખુશી થવા જેવું નથી; કેમકે એ પણ સાતમી નારકી સુધી લઈ જઈ શકે છે; ને અહીં પણ દુઃખ દે છે. કાયાનાં બંધન કર્મના યોગે જ મળેલા છે ! કર્મના બંધનોએ આત્મા પર શું શું કેર નથી વર્તાવ્યો ? એવાં વિચિત્ર એ બંધન છે કે થોડુંક સારું દેખાડી, પછી કપરૂં એવું દેખાડે કે રોઈ રોઈને છાતી ને માથું પીટી પીટીને દિવસ પસાર કરવા પડે. લક્ષ્મી તો ભરચક આવી, પણ સરકારી હોદ્દેદારની એવી કરડી નજર હોય કે ગભરાઈ ગભરાઈને દહાડા પસાર કરવા પડે ! કર્મનું બંધન કેવુંક વિચિત્ર કે રૂપ સારામાં સારું આપ્યું હોય, પણ એના જ કારણે આપદા એવી થાય

કે દુઃખનો પાર નહીં, સીતાનું રૂપ કેવું ? રૂપના કારણે જ સીતાને ઉપાડી ગયો રાવણ ! આ બન્યું કાયા અને કર્મના બંધનના યોગે. ઓછા રૂપવાળી ઘરમાં કલ્લોલ કરે છે ગરીબની ઘણી સ્ત્રીઓ ! જ્યારે રામ જેવાની પત્ની છતાં એને રાવણ ઉપાડી જાય ! કેમ વારૂ ? કર્મનાં બંધન !! જગતને મહાન સુખશાતા આપે છે તેવા પણ પરમાત્માને કર્મના બંધનથી ગોશાળાની તેજોલેશ્યા છ મહિના સુધી વેદના આપે ! જીવનમાં મહાનિર્દોષ હરિશ્ચંદ્ર, નળરાજા વગેરેને કર્મ બંધનના લીધે જ જંગલમાં ભટકવું પડ્યું ! કર્મ બંધનના કારણે જ આપણે એવી સ્થિતિમાં પડ્યા છીએ કે કર્મે કહ્યું કે તમે આટલે સુધી જ જઈ શકો. ઊંચે ચોથા દેવલોક સુધી જ. પછી મોક્ષની વાત ક્યાં ? ધર્મ રુચે, ઘણો રુચે, પુરુષાર્થ કરવાનું અપૂર્વ જોમ હોય. માસખમણ કરું ! સૂત્રોના સ્વાધ્યાય કરું ! પણ કર્મ કહે છે કે તારું સંઘયણ છેલ્લું છે માટે ચોથા દેવલોક સુધી જ જઈ શકશે. આ ઓછી પરાધીનતા છે ? એવા જ કર્મના બંધનના કારણે ખૂબી જુઓ કે જે દેવતા મનુષ્યલોકની ચારસો જોજન ઊંચે સુધી દુર્ગંધ ઉડવાના હિસાબે દૂરનાં દૂર રહે છે; તે જ દેવતાને આ કર્મનાં બંધન માતાની ગંધાતી ગટર જેવી કુક્ષીમાં કેદ કરી દે છે. કર્મનાં બંધન શું કામ કરે છે ? જાણે જીવની કોઈ કિંમત નથી કર્મ આગળ, એમ એની ભારે વિટંબણા કર્મ કરે છે ! એટલે વિટંબણામાંથી અંતિમ મોક્ષ ત્યારે થાય કે જ્યારે સર્વ કર્મનો ક્ષય કરો. સર્વ કર્મનાં બંધનનો નાશ, તેનું જ નામ મોક્ષ. આ થઈ વાત કર્મનાં બંધનની ભયાનકતાની.

(૨) **કાયાના બંધનની ભયાનકતા ! :-**

કેટલી સમાલવી પડે છે કાયાને ? એક ધોરી નસ પર નાની ફુડગી થઈ છે તે શમતી નથી ને ફાટતી નથી ! તણાય છે ! બહાર જવા-આવવાનું બંધ થઈ ગયું છે. સાડા ત્રણ મણની એટલે કે એકસો ચાલીસ રતલની કાયા બરાબર છે; માત્ર નાનકડી ફોલ્લી હેરાન હેરાન કરે છે. પ્રત્યેક અવયવની કાળજી રખાવે તેવું આ બંધન છે. પેશાબ નીકળવામાં એક દિવસનો વિલંબ થઈ જાય તો ડૉક્ટર પાસે દોડવું પડે ! જરાક આંખમાં કસ્તર ભરાણું છે તો પહેલાં તેને સલામત રાખો ! આ કાયાના એવા બંધન છે કે એક વાંકુ થાય કે ઝટ ઊભો રાખે. આટલું છતાં મૂઢને થાય છે કે,

**પ્ર.**- એમાં બંધન શાનું ? બધું સલામત સાચવીને ય પછી સુખ મળે છે ને ? મોઢું બરાબર હોય તો પક્વાન્નની લહેજત ઉડાવી શકે છે. આંખ બરાબર હોય તો સારું રૂપ જોઈ શકે છે. એમાં બંધન શાનું ?

**ઉ.**- પણ એ વિચારો કે સુખ કેટલું મલે છે, ને વેઠ કેટલી કરાવે છે ? જ્યાં



લેશ સુખને દુઃખ ઘણું ત્યાં બંધન જ ગણાય ! મજૂરને સાંજ પડે આઠ આના મલે, પણ મજૂરી કેટલી ? કાયા છે માટે જ ને ? તો કાયા એ બંધન જ ગણાય ! પણ સાંજે સુખ મળે છે ને ? તે સુખ...જંબુસ્વામી કહે છે કે,

**'જંબુ કહે સુખ વિષયનું, અલ્પ, અપાય અનંત !'**

હજી હમણાં જ પરણી આવેલી સ્ત્રીઓને જંબુકુમારે આ કહી દીધું કે **વિષયોના પરિણામ અનંત દુઃખ છે !** કાયાના બંધન તો આત્મા પર એવા છે કે કાયાનું પુરૂં કરવા કલાકો જોઈએ છે. દેવ-ગુરૂ-ધર્મની સેવામાં દેવાળું ! કાયા જીવને તગડે છે, 'જા બજારમાં, જા ખાવા, જા પીવા;' કાયાને સારું પહેરવા, સારું ઓઢવા, સારું જોવા...જોઈએ છે. અહીં દેખાય છે ને, ખાવાનું ન હોત તો કંઈ ન હોત. પણ કાયાનું બંધન ખાવા ભોગવવા પાછળ કેટલીય માગણી ઓર્ડરો છે. માટે એ વેઠ જ છે ! પાછું આવું કરાવનારી કાયા ચોપડામાં પાછળનું કાંઈ જમે બતાવે નહીં, ને માગણી મોટામાં મોટી મૂકે ! જે માણસ આપણે રૂપીયા ઘણા આપીએ છતાં કાંઈ જમે બતાવે નહીં, તો તે દેવાળીયો કહેવાય ને ? તો કાયા શું છે ? સોમથી શનિ સુધી એને આપ્યું છે, તો હવે રવિવારે ઉપવાસ કરો તો ચાલે ને ? ના. તો ક્યાં ગયું બધું ? અરે ગયું શું, હવે તો રવિવારે પક્વાન્ન જોઈએ છે ! સુરતી ડોસા હતા; છોકરાને ગમ્મત કરાવતા ! કહે, 'જુઓ તમારી પરીક્ષા લેવાની છે. એમાં જે પાસ થશે તેને ઇનામમાં દાળભાતનું જમણ આપવામાં આવશે.' કહો, કબૂલ રાખે છોકરા ? ના, કાયાને તો મિઠાઈ ગમે છે. પાછા એ ડોસા ગમ્મત કરે, "જુઓ, હું વીશીમાં મોડો જમવા જાઉં તો કહી દઉં કે રોટલી ન હોય તો ભલે, શીરાથી ચલાવી લઈશ !" જીવને રોજ ચાર વાર જોઈએ છે; તે પણ ઊંચું ઊંચું. દર સોમવારે ઉપવાસ ખરો કે ? પૂછશો, શા માટે ? એટલા માટે કે ૨-૩ દિવસનો ખરચ રવિવારની પત્રાવળીમાં હોય છે ! છતાં શું કાયા સોમવારે કહે કે ઘણું આપ્યું ? ના, માટે દેવાળીયાપણું ! તેમ થોડેથી ધરાય જ નહીં, માટે દુકાળીયાપણું ! કુદરતે કંટ્રોલ મૂક્યો છે તે સારું છે કે પક્વાન્ન પણ પોટ ભરાઈ ગયા પછી લેવો હોય તો લઈ શકાતો નથી. બાકી તો વહી ગયેલી એટલી દશા છે કે તેનો પાર જ નથી !

આંધળાને મન જે મહાકિંમતી આંખ, તે આપણે મેળવ્યા પછી આપણો એનાથી શું ઉપયોગ છે ? સારું જોવાનું બે કલાક જોઈ લીધા પછી પણ થાય છે કે 'હેં એટલામાં ફિલ્મ પૂરી થઈ ગઈ ?' 'અરે ? હવે ન થાય તો બીજું શું થાય ?' આ કેવી દુકાળિયાગિરી ? આ બંધનો એવા છે કે મદારીના માંકડાની જેમ રમાડે છે ! માથાથી ને ગળાથી, આંખથી ને નાકથી, પોતે ને પોતે કેટલી ગુલામી

કરાવે ! સારું રૂપ જોયા પછી શું મળ્યું ? રસ્તે જતી સ્ત્રી પર ૧૦-૨૦ વાર નજર તમરાવ્યા પછી શું ? બળતરા ! 'હાય હાય, આપણે ત્યાં આવું નહીં !' મળવાનું કંઈ નહીં, ને ગુલામી આટલી કરાવે ! 'આ કાયાના બંધન મારી પાસે શું શું કરાવે છે ?'- આ સમજાયા પછી એમાંથી કાયમ માટે છોડાવનારા અરિહંત પરમાત્માના શાસનનો મહાન ઉપકાર સમજાય.

કર્મનાં બંધન આંખે નથી જોતા; પણ પરિણામથી કલ્પીએ છીએ; ત્યારે કાયાના બંધન પ્રત્યક્ષ જોઈએ છીએ. કાયાના બંધને એના એજ દહાડે પરચો દેખાડ્યો ! જીભ શા માટે ના પાડે ? મીઠું ને મીઠું જ લાગે છે, તો આવવા દે ! પણ જમ્યા પછી ભાઈને પેટ તણાવા લાગ્યું. આ તરત પરચો. હવે જુઓ સ્વીકારેલા બંધનો. એમાં પહેલાં.

(૩) **વાસનાના બંધનો :-** વાસનાના બંધનમાં શું આવે છે ? મુખ્ય ત્રણ !

(૧) **આહારસંજ્ઞા :-**

(૨) જગતના જડ પદાર્થો ભોગવવાની **વિષયસંજ્ઞા,** અને

(૩) **પરિગ્રહસંજ્ઞા.** શ્રી જ્ઞાનવિમળસૂરિજી મહારાજ કહે છે,

**રસના, રામા (સ્ત્રી) ને રમા (લક્ષ્મી)જી, એ ત્રણ પાતક મૂલ.** લક્ષ્મી, વિષયો ને ખાંઉ ખાંઉની સંજ્ઞા ! - ત્રણ વાસનાના બંધન છે. આખા સમસ્ત સંસારમાં જે પ્રવૃત્તિ ચાલે છે, તે આ વાસનાના નાટકનું જ રૂપક છે. બેકારી છે, લોક દુઃખી છે ! આ પોકો પડે છે. કેમ ? જેણે વેપાર છોડવા જેવા છે તે છોડતા નથી. પછી ગરીબો ભૂખે જ મરે ને ? મોટા વેપારો જ એમના છે !

**દુનિયાનું નાટક વાસના પર ચાલી રહ્યું છે !**

## • રુક્મી રાજાની કથા •

રુક્મી રાજાનો પ્રસંગ આવે છે. મરીને એને લાખ ભવ થયા હતા ! કેમ ? વાસનાના પાપે ! રુક્મી રાજપુત્રી ચોરીમાં જ વિધવા બની ! કારણ ? કર્મનાં બંધન ! રાજાએ આશ્વાસન આપ્યું. પણ આ કહે છે,

'હું તો આપઘાત જ કરીશ !'

'શા માટે ?'

'દુન્યવી સુખ લૂંટાઈ ગયું છે માટે નહિ; પણ હું તમારા કુળમાં જન્મેલી; યુવાવસ્થા ખીલે છે; અને પાપ કરી બેસું તો ? પાપનો પ્રસંગ ન આવે માટે મરી જાઉં.'

**પ્ર.**- આ વિચાર તો સારો ને !

**ઉ.**- મરવાનો નહિ પાપ ન થાય એવું જીવવાનો વિચાર સારો.



રાજા કહે છે, 'તને જો આટલો કુળ પર કલંક લાગવાનો તિરસ્કાર છે, તો તારાથી કંઈ અજુગતું નહીં થાય. છતાં ધર્મમાં હજી પણ ઓતપ્રોત રહે; તો કંઈ નરસું નહીં થાય !' ધર્મની ઓતપ્રોતતા ચીજ એવી છે કે એમાં દુનિયા ભૂલી જવાય ! પણ વાસનાના બંધન કેવુંક કરાવે છે ! "મારી બાજુના શેઠ પાસે ૫૦ લાખ છે ! આપણી પાસે કંઈ નહીં ! બસના સ્ટેન્ડ પર કલાક ઊભા રહેવું પડે છે !" જો આ થયું તો આના પછી ઈર્ષ્યા, દ્વેષ ને અજુગતા આરોપ ! **જીવ ધર્મમાં સાચી અને સારી રીતે ઓતપ્રોત નથી થતો એટલે જગતનું ઘણું જુએ છે ! તેથી જ ઘણો દુઃખી થાય છે.** ન જોયામાં નવગુણ છે ! **જેટલું જગતનું ઓછું જુઓ એટલા તમે સુખી !** તમે છાપામાં વાંચો કે નવા એરોપ્લેનની શોધ થઈ, તે સીધું અગાશીમાં ઉતરે છે, ને ત્યાંથી ચઢી શકાય ! બસ, પછી વલખાં ચાલુ ! ભલું હોય તો એ મળવા પહેલાં મરી પણ જાય ! પણ આ તૃષ્ણાની લત ન છૂટે ! **તમને દેખાતું નથી કે જો આપણે આપણામાં મસ્ત છીએ, તો દુઃખનું કોઈ કારણ નથી ?** બળવાનો નકામો ધંધો કોણ કરે ?

બાપે સમજાવી દીધું, ને રુક્મી ખૂબ ધર્મસાધનામાં રહે છે. બ્રહ્મચર્ય માટે તો એક્કો ! કોઈ પુરુષ સામે જોવાની ય વાત નહીં. એકાંતવાસ સેવે છે ને સ્વાધ્યાયમાં મસ્ત રહે છે ! રાજા મરી ગયો ! પ્રધાનોને ચિંતા થઈ. હવે શું થાય ? આ રાજ્યની આબાદી કોઈ પુણ્યશાળી પર છે. સાચો પુણ્યશાળી તે કે જે બહુ જ ધર્મિષ્ઠ હોય ! મંત્રીઓ આ વિચાર કરતા, બીજો નહીં ! આ રુક્મી રાજપુત્રી છે તેને રાજા બનાવીએ તો બસ ! કેવો એનો તપ છે ! ધર્મની લેશ્યા ! ખરું તો એનું બ્રહ્મચર્ય કેવું સરસ છે ! રાજા તરીકે યોગ્ય ગણી લીધી ! પણ પેલી ના પાડે છે ! 'મને સ્ત્રી જાતને રાજાગીરી ?'

'હા, તમારા વ્રતથી આખી પ્રજાની આબાદી, એજ હેતુ છે ! મંત્રીઓ હોશિયાર છે. રાજસિંહાસન પર બેસાડી દીધી.

એક વાર પરદેશથી કોઈ રાજકુમાર આવ્યો. એ હતો મહા સદાચારી ! બ્રહ્મચારી ! એણે સાંભળેલું કે રુક્મી મહાબ્રહ્મચારી છે. તે દર્શનાર્થે આવ્યો. અહીં મોટી સભા ભરી છે. આ રાજકુમારે પણ પોતાનું સ્થાન લીધું. રુક્મી વ્યવહારની રૂએ જુએ છે 'કોણ કોણ આવ્યું છે ?' એમાં આ રાજકુમારને જોયો ને બસ પીગળ્યું હૃદય ! સાધનામાં કોઈ ખામી રાખેલી તે ભૂલી પડી ગઈ. એવું આ રાજકુમારનું રૂપ હતું. આંખો ચમકારા કરે ! ભાલની ભવ્યતા ઊભરાઈ ઉઠતી ! ને મુખની સુંદરતાનું તો પૂછવું જ શું ? ટસીને સ્નિગ્ધ હૃદયે જોઈ રહી. કુમારને લાગ્યું કે આ રાજકુમારીની આંખમાં વાસનાનું ઝેર છે. ઊભો થઈને ચાલતો થઈ ગયો ! બીજા



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

રાજાના રાજ્યમાં ગયો. મિત્ર તરીકે રહેવા ગયો.

'ક્યાંથી આવો છો ?'

'એક રાજ્યમાંથી ચાલી આવું છું; પણ એ રાજાનું નામ લેવા જેવું નથી ! એનું નામ લઈએ તો ખાવા ન મળે !'

રાજાને તાન ચઢ્યું, 'અખતરો કરવો છે.'

'પણ સાર નહીં નીકળે. જગતમાં સદાચારી કહેવાતા હોય તે અંતરથી દુરાચારી હોય, ને તેનું નામ લઈએ તો ખલાસ-ખાવાનું ન મળે.'

રાજાએ આગ્રહથી કહ્યું ને જમવા બેઠા. કોળીયો હાથમાં લીધો ને કહ્યું,- 'નામ લ્યો ?'

'રહેવા દ્યો ને ?'

'નહીં, તમે કહો છો તે મારે જોવું છે !'

'તો સાંભળો, એનું નામ રુક્મી.'

ત્યાં જ દરવાજામાં જાસુસ આવીને ઊભો ! 'મહારાજ, જુલમ થઈ ગયો ! દુશ્મન રાજા ચઢી આવ્યો છે ! અને નગરમાં પ્રવેશ કરી ગયો છે !' રાજા અગાશીમાંથી જુએ છે, તો બરાબર. રાજા ગભરાયો. તે ખાનગી વાટે જંગલમાં ભાગી ગયો ! પણ **આ રાજકુમારને થયું કે આ તો મિત્રનું રાજ્ય ! તેને મારે બચાવવો જ જોઈએ.** આવ્યો બહાર, ને કહ્યું, "મારા શીલનો પ્રભાવ હોય તો બધા સૈનિકોના હાથ થંભી જાવ." બસ, થંભી ગયા. પ્રધાનને કહ્યું, "રાજાને બોલાવી લાવો." કેવું બ્રહ્મચર્ય ! નૈષ્ઠિક બ્રહ્મચર્ય જેને કહીએ તે ! આવું આજે હશે ? નહીં હોય એવું ન બોલતા. ધર્મનો જયકાર આર્યદેશોમાં આજે પણ છે. અનાર્ય દેશમાં એ ઓછું. તેથી જુલમગારી, બેકારી ઘણી જ છે ! આંતરિક જીવનમાં મહાન ભયંકરતા છે. ત્યારે આઘા જવાની જરૂર નથી. અમારા ગુરુદેવ આચાર્ય મહારાજની સાથે રહો ! ખબર પડશે કેવું સુંદર બ્રહ્મચર્ય છે ! કેવી બ્રહ્મચર્યની કટીબદ્ધતા છે ! ભક્તાણી કહેવાતી સ્ત્રીઓ પણ ઊભી રહી શકે નહીં ! મંત્રીઓ રાજાને પાછા બોલાવી લાવ્યા. રાજ સલામત થઈ ગયું. પછી 'મારે શું કામ છે આવા સંસારનું ?' એમ કરી રાજકુમારે દીક્ષા લીધી. આચાર્ય થયા. એકવાર વિહારમાં રુક્મી રાજાનું નગર આવ્યું. રુક્મી વૈરાગ્યની દેશના સાંભળી ચારિત્ર લેવા તૈયાર થઈ ગઈ ! કામની વાસના ક્યાં ગઈ ? ગઈ. પણ માયા કપટનું બંધન આડું આવ્યું ! છ આંતર શત્રુઓ કામ-ક્રોધ-લોભ-માન-મદ-હર્ષ એમાં માનમાં 'હું કેમ હલકો પડું ?' એની પાછળ માયા આવીને ઊભી રહે છે; જીવને એમાં માયાનું



બંધન નડે છે. 'ચારિત્ર લે તે બરાબર, પણ તારા જીવનની આલોચના કર !' આચાર્ય મહારાજે કહ્યું. પેલીએ બધું કર્યું. પણ પેલી દૃષ્ટિ બગાડી હતી તે ન કહ્યું ! શું ત્યારે ભૂલી ગઈ હતી ? ના, યાદ હતું. પણ માનહાનિના ભયથી છૂપાવ્યું; પણ દીક્ષા તો થઈ. દીક્ષા લીધા બાદ જ્ઞાન ધ્યાન, ત્યાગ તપસ્યાદિ આરાધવા માંડ્યું. પણ પેલું શલ્ય હજી ય અંદર જ પડ્યું રહ્યું છે. એમાં એકવાર આચાર્ય મહારાજને હવે પોતાનો અંતિમકાળ આવ્યો. ત્યાં સમેત શિખર ગયા. અહીં હવે અંતિમ અનશન કરવું છે. ક્ષમાપનાદિ વિધિ થાય છે. બીજાઓ પોતાના દોષની આલોચના કરે છે. રુક્મી સાધ્વી પણ પેલા દૃષ્ટિદોષ સિવાય આલોચે છે. **'અહો આ રુક્મીનો આત્મા ન બૂડે તો સારું !'** એમ આચાર્ય મહારાજ વિચારીને એને બોલાવી કહે છે,"

"તમારે કંઈ બીજી આલોચના, અતિચાર આલોવવા બાકી રહે છે ?"

રુક્મી ના કહે છે.

"જુઓ, જુઓ કાંઈ રહી જતું ન હોય."

"પ્રભુ ! હવે કોઈ વાત બાકી રાખવાની હોય ? તે ય આપ જેવા તરણતારણ મળ્યા પછી ?"

એક પાપમાંથી લાખ ભવ કેમ થયા ? આવા પાપરૂપી વિષને વધાર્યું હોય છે માટે ! આચાર્ય મહારાજે રોકડું કહ્યું :-

"હું રાજસભામાં આવેલો ને મારા પર તમે નજર ઠેરવેલી, તે કેમ ભૂલી ગયા ?" હવે અહીં જુઓ કે રુક્મી સ્વમાનની મારક ભૂખમાં કેવી ભૂલી પડે છે ! 'ના' કહેવાનું જૂઠ માત્ર નહિ, કિંતુ આગળ વધી કહે છે,

"અરે સાહેબ ! એ તો આપની પરીક્ષા કરવા માટે કર્યું હતું !" આ માનનું બંધન છે. એને લાગે છે કે "દુનિયાને એમ થાય ને કે આવી બ્રહ્મચારી તરીકે ગણાયેલી હું રુક્મી આવી દૃષ્ટિની ચોર હશે ? બસ, બધાની વચ્ચે મારી આબરૂ જાય તો શું થાય ? આચાર્ય મહારાજને થયું કે 'આનો આ અસાધ્ય રોગ છે; ખલાસ ! હવે એની દયા ચિંતવો.'

**એ રુક્મીના એ ભવમાંથી લાખ ભવ થયા.** કેમકે ઠેઠ આચાર્ય મહારાજની ગૃહસ્થપણે પરીક્ષા લેવાનો ડોળ ઊભો કરી દેવા સુધીનું જૂઠ જન્માવ્યું, હૃદયને ભારે કાળું કર્યું. એ કાળાશ ભવે ભવે કૂદતી ચાલી !



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

# ૨૫ બંધન અને મુક્તિ

વાસનાનાં બંધન ને આંતરશત્રુના બંધન આવા ભયંકર છે ! તે આપણા સ્વીકારેલા છે ! ક્રોધ કરી કરીને વધાર્યો છે ! અભિમાન સેવી સેવીને મોટો કર્યો છે ! શક્ય છતાં કંટ્રોલ જ નથી રાખ્યો ! જેને મામુલી મામુલી બાબતમાં ખુશી તેને મામુલી મામુલી બાબતમાં નાખુશી ! વાત વાતમાં જેને હર્ષનાં ઉમળકા, તેને વાત વાતમાં શોકનાં રોદણાં ! એટલે જ કેટલીયવાર હીન કે સામાન્ય સ્થિતિના જીવોમાં આ ક્ષુદ્રતા હોય છે, એમાં સારા ય જીવો હોય છે જે એવું ન કરે પરંતુ બીજા જે એ ક્ષુદ્રતા કરે છે, તેને મળવા-ખોવાનું બહુ નહિ છતાં ક્ષુદ્રતા એવી કે અતિ તુચ્છ લાભ-હાનિમાં ય ચળ વિચળ ! ઘડી ઘડીમાં હર્ષ-ઉદ્વેગ ! ઉત્તમ જીવો તો ઉદાર અર્થાત્ ઊંચા ભોગો તરફ પણ નિસ્પૃહ હોય છે ! એમનાથી ઉતરતા વચલા ગાળાના જીવો તુચ્છ જે ભોગો કહેવાય, તેની સ્પૃહા વગરના હોય છે, એટલે એ રોજીંદી વસ્તુ પર હર્ષ શોક નહિ કરે. અધમ જીવને તો પરલોકનો વિચાર નહીં; ને આ લોકના એને બધા જ વિચાર કરવા જોઈએ ! તેથી જ થાય હર્ષ-ઉદ્વેગ ! તે જ મોટો ગુન્હો ! મહર્ષિઓનાં ખૂન કરી નાખનારા પણ કેવળજ્ઞાન પામ્યાનું આ શાસન કહે છે ને ? તે હૈયાં જુદાં ! મધ્યમ કક્ષાનો માણસ મધ્યમ ભોગની કિંમત આંકનારો ન હોય. રોજનાં ચીથરા એના એ જ ઓઢવાનાં હોય. એનું એ જ આઠ બાય બારનું મુકામ હોય. એની બહુ કિંમત આંકવાની નહીં ! તો એ વાત વાતમાં દુઃખી ન થાય. નજીવી વાતમાં ઘેલો થતો હોય તે નજીવી વાતમાં રોકકળ કરતો થાય ! આ સ્વીકારેલાં બંધન છે. વાસનાના અને અંતરશત્રુના.

બાકીના તો બંધન જાણો છો ને ? **કુટુંબનું બંધન !** આઘા પાછા ચસકવા ન દે ! પાછું **વટવ્યવહારનું બંધન !** કુટુંબનાં બંધન સ્વીકાર્યા પછી બજાર અને બીજા-ત્રીજા કેટલાંય બંધન સ્વીકારવા પડે છે !

**પ્ર.**- સંસાર હોય તો સંભાળવો પડે ને ?

**ઉ.**- પણ કોઈ દિ એ વિચાર્યું કે આવા બંધન છે તો મારે સંસાર જ શાને માટે ? એ મૂળ જ ઊંધું માંડ્યું છે. બે દુ પાંચ કર્યા છે ને પછી એના પર બધા સરવાળા, ગુણાકાર-ભાગાકાર સાચા કર્યા, છતાં જવાબ ક્યાંથી સાચો આવે ? આ જીવનો તારણહાર ગોરાણી કે ગુરુ ? કોને વળગી બેઠા છો ? ગુરુને ? ના, ઘરવાળાની વધારે ચિંતા રાખો કે ગુરુની ? કેમ નહીં ગુરુની ? એ પાયો જ ખોટો માંડ્યો છે. એ પાયો જ ખોટો ન માંડ્યો હોત તો દેવગુરુને સમર્પિત ન થઈ જાત ! વિચાર નથી કે કુટુંબ ક્યાં નથી મળતું ? પંખેરાને પણ તે મળે છે ! પણ તેથી તેનો દિ શું વળ્યો ? આત્માનું કલ્યાણ થઈ શકે એક જન્મમાંથી અનેક જન્મોની બાદબાકી થઈ શકે, ને આ **માનવ જીવનમાં !** ત્યારે શું કરવાનું ? બધું જાતનું અને કુટુંબના આત્માનું સમજી વિચારીને કુટુંબની ફરજ બજાવવાની. જેમ કર્માદિના બંધન છે, તેમ કુટુંબનું બંધન છે; તેવા વ્યવહારનાં બંધન છે !

**આઠમું બંધન છે આબરૂનું.** ભયંકર હોળી ! તળીયા સાફ હોય છતાં મોટર દોડતી રાખવી પડે ! નહીં તો ઉપડી ગયા સમજો ! આ તો મોટી મોટી વાત કરીએ છીએ. બાકી તો જુદા જુદા ગણ્યા ગણાય નહિ એવા કેટલા બંધનમાં જકડાયા છીએ, તેનો જો વિસ્તાર કરીએ તો પાર જ ન આવે ! એક એક બંધનની પાછળ આત્માઓ ખુવાર થઈ ગયાના દાખલા છે ! ચારિત્રની સારામાં સારી ભાવના હોય, પણ જો બંધન માથે રાખ્યું હોય કે એ મારા વિના ધર્મ સાધના કેમ કરી શકશે ? તો ય માણસ અટકી પડે છે. ગુરુ ગૌતમ સ્વામી મલ્યા હોય, પણ આ સ્ત્રીનું બંધન જબરજસ્ત હોય છે ! સ્ત્રીને પુરુષનું ને પુરુષને સ્ત્રીનું ! અન્યોન્ય બંધન છે ! પરલોકના દીર્ઘકાળ પર દૃષ્ટિ નાખો. આ મહાન બંધનો વાસનાના મૂળમાંથી ઊભા થયેલાં છે. આબરૂનાં બંધનોનો તો પાર જ નથી ! 'હું પણ મારા ચાર ઓળખીતાની વચ્ચે બરોબર દેખાઉં'- તે માટે ભયંકર માયા સેવે છે ! આ બધા બંધનોના કારણોને લીધે ઉત્તમમાં ઉત્તમ સામગ્રીથી વંચિત રહી ગયા છે. જો આમાંથી મુક્તિ મેળવવામાં આવે તો આ જીવનનો ઊંચામાં ઊંચો ઉપયોગ કરી શકાય. ધર્મની સાધનાગણો, યોગની સાધના ગણો, કે જ્ઞાન-ક્રિયા માર્ગ ગણો, એનું **અન્તિમ સાધ્ય આ છે કે તમે તમારા બંધનમાંથી મુક્તિ મેળવતા આવો.** તમારી વિશેષતા, શક્તિ, બુદ્ધિ વગેરે બંધનો ઘટાડતા આવો એમાં છે.

**ચોરનું દૃષ્ટાન્ત :-**

એક ચોર હતો. મરતી વખતે જીવ નહોતો જતો, એટલે છોકરો પૂછે છે, "કેમ શું થાય છે ?"

"મારા મનમાં એક વસ્તુ છે. તેનો ડુમો છે. તું એક પ્રતિજ્ઞા કરે તો આ જીવ સરળતાથી જાય."

"શું છે એ ?"

"તારે સત્સંગ ન કરવો." એ સમજતો હતો કે સત્સંગ કરવાથી જોમ આવી જાય છે. એટલે એમ થાય તો તો પછી આ ચોરી નહીં કરે ! બાપનો જીવ

જતો નથી એટલે છોકરાએ કબૂલ કરી લીધું ! કહો જો એ શું બાપ કહેવાય, કે શ્રાપ કહેવાય ? જો બાપ, દિકરો આ જીવનમાંથી નરક-એકેન્દ્રિયમાં ભટકતો થાય, એવી કરણીમાં એને રોકે; જો પોતાના ઘેર આવેલાને પાછો નીચેના ભવમાં જવાની સગવડ થાય, આવા કોલ લેવરાવે તે બાપ નહીં, પણ શ્રાપ છે !

**માનવની વિશેષતા :-**

જગતમાં પશુ પંખીઓની સંખ્યા કેટલી ? એકેન્દ્રિય જીવોની સંખ્યા કેટલી ! મચ્છર-માખી-કીડીઓ કેટલી ? ગણી શકાય ? ગણાય જ નહીં ! માણસની વસ્તી કેટલી આ દુનિયા પર ? લગભગ ૨ા અબજ જેટલી ! માણસોની વસ્તી કેમ આટલી થોડી ? તો એમાં કંઈ વિશેષતા નથી દેખાતી ?

મોટા હાથીને પણ ૧૨ વર્ષનો છોકરો ખેલાવી શકે ! પશુ પર વર્ચસ્વ જમાવવાની બુદ્ધિ માણસ પાસે ! વિશિષ્ટ ગાત્ર માણસ પાસે ! છોકરાના માએ હાથ-પગ બાંધ્યા હોય તો એ હાથ વડે છોડી શકે; જો ચાલતું હોય તો ! મોટા હાથી કે સિંહ પાસે એવા હાથ નથી. ત્યારે જ્ઞાનનું તો પૂછવું જ શું ? મોટા શાસ્ત્રો રચ્યા માણસોએ ! આમ જુઓ તો ચોક્ખું દેખાશે, બુદ્ધિ, શક્તિ અને સંખ્યાની દૃષ્ટિએ માનવનું ઊચ્ચમાં ઊચ્ચ જીવન છે. આ માનવ દેહ મળ્યો ! જેમ, પરાર્ધોમાંથી એક આપણો નંબર લાગવો, તે કેટલી મહાસુનસીબી છે; તેમ અસંખ્ય જીવોની સામે આપણી માનવ તરીકે ચૂંટણી થઈ, નિમણુંક થઈ એ સદ્‌ભાગ્યની બલિહારી સમજો છો ? તે દેહ પાછો નંદાતા વાર નહીં લાગે !

ચોરના બાપને કંઈ હતું જ નહીં ! છોકરો ચોરી કરવા ગયો ત્યાં રસ્તામાં કોઈ કથા બેઠેલી. બાપે ના પાડી છે, 'સત્સંગ નહીં કરવાનો !' તો કાનમાં આંગળી ઘાલીને ચાલ્યો. પણ રસ્તામાં લાગી ઠેસ ! તે કાનમાંથી આંગળા નીકળી ગયાં. ત્યાં સંભળાઈ ગયું કે 'દેવને છાયા હોય નહીં !' પાછો કાનમાં આંગળાં ખોસી, તરત ભાગ્યો ! તે પછી તો એણે રાજાની જ ચોરી કરી; કિંમતી ચોરી ! ચોરી કરીને ગયો, પણ ઉપાડવું શી રીતે ! ઉંટના ઉપર લઈ ગયો. ઠેઠ ઘેર માલ લઈ ગયો. પછી બિચારા ઉંટને મારી નાખ્યું. અહીં રાજા કહે, 'ચોરને પકડી લાવો.' ક્યાંથી પકડી લાવવો ? રાજાની વેશ્યા તૈયાર થઈ, 'હું પકડી લાવું.' વેશ કર્યો પોતે ભિખારીનો. ચોરના મોહોલ્લામાં માગતી માગતી ગઈ. ચોરની ગેરહાજરીમાં એના ઘરમાં ઉંટનું માંસ રાંધેલું તે આપ્યું ! પેલી સમજી ગઈ. 'બસ ! ઘર આ જ છે !' ઘર બહાર ચોકડી મારી. પછી બહારથી ચોર આવીને જુએ છે કે ચોકડી છે. સમજી ગયો કે જરૂર કોઈ ઘર જાણી ગયું. તેથી તરત એણે આજુબાજુના ઘરો પર ચોકડીઓ કરી દીધી ! બંધન કેટલા ભયાનક છે, ને તેમાંથી આત્મા જાગે તો



શું સીધું ન કરી શકે ? આ ઊંધું કરવાનો પ્રસંગ છે. વેશ્યાએ એની અને ચોરે એની બુદ્ધિ લડાવી. હજી વેશ્યાને ખબર નથી તે પ્રધાનને બહાદુરીથી ચોરના ઘરની નિશાની બતાવે છે; પણ જ્યાં જડતી માટે પ્રધાન આવ્યો, ને જુવે છે તો બધાં જ ઘર ચોકડીવાળા ! જાઓ પાછા. પણ બુદ્ધિશાળી વેશ્યા કહે છે, "હજી થોડીક વિધિ બાકી છે, તે કરી લઈશ." રાત્રે એણે પોતાનું ભવાનીદેવી જેવું રૂપ કર્યું. ચાર હાથ કર્યા ! બનાવટી બે હાથ હલાવવા ન પડે તે માટે એમાં ત્રિશુળ વગેરે પકડાવી દીધું. ચાલુ હાથમાં મશાલ સગડી વગેરે લઈને રાતે પાડા પર બેસી ખાંઉ, ખાંઉ કરતી આવી ! ચોરનો મોહોલ્લો ! એમાં બીજા ચોરો તો ગભરાઈ ગયા ! "ઓ મા ! શાંત થાઓ ! ઓ ભવાની માતાજી ! ઓ જગદંબે ! માફ કરો!"

"શાનું માફ કરે ! માલ તો ઉપાડી લાવ્યા, પણ બળી આપી ગયા છો ?" બીજાઓ તો બિચારા સજ્જડ થઈ ગયા છે. પણ પેલા મૂળ ચોરને વિચાર આવે છે કે 'આ દેવી સાચી કે ખોટી ?' ત્યાં પેલું વચન યાદ આવ્યું કે 'દેવને છાયા ન હોય ! બસ, હવે ગભરાઉં નહીં ! કેમકે અહીં તો છાયા છે.' ઘરમાંથી તલવાર લઈને નીકળ્યો બહાર ! કહે છે, 'ઉતર નીચે, નહીં તો ખલાસ જ કરી દઉં. મારી જ નાખું !' કંઈક સજ્જન હતો. એણે વેશ્યાને મારી નહીં; ભોંયરામાં ઘાલીને દબાવી રાખી. પૂરી રાખી ! સવારે વેશ્યા ગૂમ. મલતી જ નથી. રાજા થાકી ગયો. આ ઝવેરાત જશે તો રાજ્ય જશે, તેના કરતાં અડધું રાજ્ય જવા દો ! આવી ચબરાક વેશ્યા પણ ગઈ ! માટે હવે વાણીયા બુદ્ધિ વાપરી લેવા દે. સવારે ડીંગ ડીંગ વગડાવી દીધું કે જે કોઈ ચોર પકડી લાવે એને, કે જાતે ચોર હાજર થાય એને અડધું રાજ્ય આપું ને છોકરી પરણાવું ! ચોર હાજર થઈ ગયો ! માલ લાવી આપું. રાજા મનમાં સમજી ગયો કે 'આવા બુદ્ધિશાળીને રાજ આપતાં વાર નહીં, વાંધો પણ નહીં.' માલ હાજર કર્યો. રાજા ગોરને બોલાવે છે. એક રાજ્યાભિષેક માટે ને એક છોકરી માટે ! આ કહે છે,

"રહેવા દેજો !"

"કેમ ?"

"મારે તો રાજ્યે ય નથી જોઈતું ને કન્યા પણ નથી જોઈતી ! હવે તો ભગવાનના ઘેરથી ચોરી કરીશ ! એક મામુલી વાતમાં મારા બાપે મને અવળે માર્ગે ચઢાવ્યો, જો તેમ કર્યું હોત, સત્સંગ વચન ન સંભળાયું હોત, તો મારી કતલ થઈ જાત ! રાજ્ય, સત્તા, લક્ષ્મી અને સ્ત્રીઓને જ્ઞાનીઓ નરકની ખાણ કહે છે ! હાથમાં આવેલો મનુષ્ય-જન્મરૂપી હીરો, તેને આવી મામુલી પાપવસ્તુ પાછળ હવે ગુમાવું ? ના, હવે તો એ રાજ્ય, કે કન્યા, કે મારું ઘર પણ નથી જોઈતું !



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

સંસારમાં જકડી રાખનારા એ બધાં વાસનાના બંધનો છે. હવે તે ન ખપે. માફ રાખો.'' બ્રહ્મદત્ત ચક્રવર્તીને એના ભાઈએ આજ કહ્યું હતું : ''તું ભૂલો પડે છે, આપણે બંને પૂર્વે સાધુ હતા. ચિત્ત અને સંભૂતિ. તેને ચક્રવર્તીની પત્નીના વાળ પગે અડી ગયા. એમાં તે વાસનાનું બંધન વધારી મૂક્યું ! 'આવું રૂપ ! સોના જેવા ચમકતા વાળ ! ને પાછા આવા મૃદુ ! આપણને આ ન મળે ? આવી તપસ્યાનો કષ્ટ ઉઠાવીયે ને આ ન મળે ? બસ, આ તપ-ચારિત્રના પ્રભાવે આ મળો.' કર્યું નિયાણું ! મેં ના કહી છતાં વાસના ન છોડી. તે ચક્રવર્તી થયો તો ખરો, પણ હવે આ લપમાં ચોંટ્યો છે !'' જો જો હોં ચક્રવર્તીને જાતિસ્મરણ થયું છે. પોતાના ભાઈને શોધી કાઢવા પાદપૂર્તિ કરવા માટે ત્રણ લાઈનો પૂર્વના ભવોની વહેતી મૂકી છે. નગરમાં સૌ આ ગોખતા હતા. એમાં એક ખેડૂત બોલતાં, મુનિ બોલ્યા ને પાદપૂર્તિ કરી.

રાજાએ મુનિને કહ્યું : 'તમે મને ઓળખો છો ?'

''હા, તારે સુખ જોઈતા હતા તે તને મળી ગયા. વિષયની વાસનાનું તે બંધન સ્વીકારી લીધું છે, તે હવે મૂકીશ કે ? વાસનાનું બંધન એવું તે સ્વીકાર્યું છે કે તેની વૃદ્ધિ થતી જાય છે. તને ભલે ગમતું હોય, પણ પરિણામ જોતાં એટલી બધી દયા આવે છે કે એક જે ભૂલ તેં કરી છે, તેને સુધારે તો ઠીક ! નહીં તો મહાન તક હારી જશે. આનું પરિણામ ખબર છે ? ચક્રવર્તીપણામાં મરે તો નિયમા નરકે જાય. મારી પાસે ચક્રવર્તીની ઋદ્ધિ નથી તે સારા માટે ! વાઘરીના મોહોલ્લામાંથી રત્નોની ગઠડી લઈને જવાનું હોય તો શું થાય ? તો ગળું કેવું કપાય ? ને કોઈ લંગોટો પહેરીને જતો હોય તો ? બંનેમાં ગળું કોનું કપાય ? તો આ દુન્યવી ઋદ્ધિ વિલાસના સંગ પરિણામ એ લાવી મૂકશે. ચારિત્ર મળ્યું. વાસનાનાં બંધનનું પાપ નહોતું, એટલે સંસાર પર દિલ ઠર્યું નહીં. એક જ વિચાર કર્યો, ''શુભ માનવભવ પામીને કોણ મુરખ હારે ?'' શી રીતે હારી જવાય છે ? દુશ્મનભૂત વિષયોમાં રાત-દિ' રચ્યાપચ્યા રહીયે તો ! ત્રણ ચીજ છે ! અર્થ, કામ અને કષાયો. હજી લૂણ મોંઘું ! એ કરતાં પણ કષાયો સસ્તા છે. બ્રહ્મદત્ત હચમચતો નથી, તેને કહે છે :-

**''ઈણે સંસારે રાચીયા, વિષય રસમાં ભૂલેજી,**
**તારણ નાવ તણી પરે, ધર્મ ન લે તે ડૂબેજી, હો બંધુ બોલ માનોજી.''**

મરવાનો છે તે જાણો છો ને ? પછી શું નરકમાં સુખના ડેરા છે ! ના, પણ છૂટતું નથી ! અરે, લાત મારી દે ને ? કોણે તને પકડી રાખ્યો છે ? માયાને તો જાતે જ ઊભી કરેલી છે ! ભારે કર્મી બન્યો છે વાસનાના બંધન પર ! બધું નજરે



દેખે; પણ પાપ ગળીયા બનાવી દે છે ! પરિણામ શું આવ્યું ? ચિત્તમુનિ ત્યાંથી વળ્યા. સાધના કરીને કામ કાઢી ગયો ! કેટલું આંતરું પડી ગયું ? એક મોક્ષમાં ને એક ૭મી નરકમાં ! ક્યાંથી ફેર પડ્યો ? જો માયાની દુનિયા વહાલી કરી, તો તે કહે છે 'તું, મારે ત્યાં સલામત !' **જગતને જે વહાલું કરે છે, તેને જગત વહાલું કરે છે,** જગતને જો અળખામણું કરે તો જગત એનાથી ઝટ છૂટાછેડા લે ! મોટા દેવેન્દ્ર-નરેન્દ્રના પણ સુખમય સંસારને અળખામણું કરો, તો જ જગત તમારો પાલવ મેલે.

**મુક્તિના ઉપાયો તમને બતાવવાના છે :-**

**(૧) પહેલું બંધન છે કર્મનું. તો પહેલો ઉપાય જૂનાં કર્મ કેમ છૂટે અને નવાં કર્મ કેમ ના આવે. એવું કરવાનો છે. જૂનાં કર્મને કાઢવા બાહ્ય અને આભ્યન્તર તપ છે. નવાને રોકવા સંવર તત્ત્વ છે. આનો વિસ્તાર અહીં મુશ્કેલ છે; પણ પહેલું આ આ કરવાનું, - અશુભ મનમાંથી છૂટકારો ને શુભ મનમાં પરોવાવાનું. જાણો છે, 'ઉપયોગ ધર્મ, પરિણામે બંધ.' જેવી મનની ભાવના તેવો બંધ. કર્મના બંધનમાંથી છૂટવાનો આ ઉપાય છે. ચાલે ત્યાં સુધી આપણે આપણું મન બગાડવું નહીં. મનનો ઉપયોગ ધર્મમાં લગાડી રાખવો.**

**(૨) કાયાના બંધનનો બીજો નંબર ગણ્યો છે. એમાંથી છૂટવા શું કરવું ? આંગળીના પાકા નખ કપાય, - કાચા નહીં, તેમ અકાળે કાયાને કાપી ન નખાય, આત્મઘાત ન થાય. પરંતુ કાયાની મમતાને બદલે પરમાત્માની મમતા ઊભી કરી દેવાની !**

**(૩) વાસનાના બંધનમાંથી છૂટવા દાન-શીલ-તપ ખૂબ ખૂબ આરાધવાના, આહારની લત તપથી, વિષયની લત શીલથી, અને પરિગ્રહની લત દાનથી છૂટે.**

**(૪) આંતર શત્રુઓથી છૂટવા ભાવધર્મની સાધના છે. એમાં વૈરાગ્ય-ક્ષમા-નમ્રતાદિનો અભ્યાસ; સદાચાર-બ્રહ્મચર્યનું પાલન-અનિત્ય-અશરણ વગેરે તેમ મૈત્રી આદિ શુભ ભાવનાનું ચિંતન, મહાપુરુષોના ચરિત્રોનું અધ્યયન.**

**(૫) કુટુંબના બંધનમાંથી છૂટવા માટે સહેલામાં સહેલું છે ! પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે :- ધર્મહેતુ સિદ્ધ કરવાના ત્રણ ઉપાય છે - (૧) સદા ભક્તિથી સાધુસેવા, (૨) જીવો પર મૈત્રી, (૩) મારું મારું એવી મમતાની પકડનો ત્યાગ. આમાં કુટુંબનું બંધન છોડવા માટે આ ત્રીજો ઉપાય છે, એ કેળવો; પછી તમારો વર્તાવ એવો જ થાય ! કુટુંબીઓ સમજે કે 'આ વડેરા પરાણે રહેલા છે. બરાબર સાચવો નહિતર નીકળી જશે.' ખોટી મમતા કાઢી નાખ્યા પછી વધારે પડતા ગુના આચરવાનું કે આચરાવવાનું નહીં બને.**



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

(૬) સ્ત્રીની સામે ગુરુનું બંધન સ્વીકારવાનું. અર્થાત્ હૃદયમાં સ્ત્રીનું સ્થાન ગુરુને આપવાનું. અખંડ રાગ ગુરુ પર મૂકી દેવાનો. ગુરુ એટલે સાધુ-મહારાજ જે આપણી હાજરી લે તે ! ઘરના માણસને જાત સોંપી છે તો હાજરી લે છે ને ? એમ ગુરુને આત્મા સોંપવાનો.

(૭) વ્યવહારની સામે સંઘના બંધન-સંઘની સેવા; શાસનની સેવા.

(૮) આબરૂનું જે બંધન છે, તેની જગાએ જિનવચનનું કડક બંધન ઊભું કરવાનું.

આ આઠ ઉપાય કેવા સરસ છે ! આ પ્રમાણે જીવ ઉપરનાં કારમા બંધનો છોડવાના આ ઉપાયો છે. તે પ્રાથમિક છે તેનો જે વિકાસ છે એમાં મુક્તિનું સ્વરૂપ પ્રગટ થઈ જાય છે, ને જીવ શાશ્વત સ્થાને પહોંચી જાય છે.

❖ ❖ ❖







(૨૬)

# પુરુષાર્થ અને પ્રારબ્ધ

(એક તલસ્પર્શી વિચારણા)

"પૈસા કમાવા તે સહેલું કામ નથી, એ માટે તો ઘણી ઘણી વિટંબણાઓમાંથી પસાર થવું પડે છે." દુનિયાના માણસોનું આ કથન છે. પણ જેવી રીતે એ જોવાય છે કે, 'પૈસા કમાવા એ સહેલું નથી...' તેમ 'પૈસા કમાવા તે આપણું ધાર્યું કામ નથી.' એ નથી જોવાતું !

"હું આમ બજારમાં જાઉં...આમ ધંધો કરું...ને ઝટ આટલા પૈસા લઈ આવું..." એ વિચારાય છે પણ "આમાં મારું કંઈ ઉપજશે કે નહિ ?" એ વિચારાતું નથી !

પરંતુ એના પર પ્રશ્ન થાય છે કે- ભાઈ ! દુનિયામાં તો સ્પષ્ટ છે કે 'દુકાન ખોલીયે...માલ લાવીયે, ઘરાક આવે...ઠીક ભાવે માલ લે...તો પૈસા મલે.' આ બધું પુરુષાર્થથી સાધ્ય છે. જ્યારે બીજી બાજુ ધર્મમાં દેખાય છે કે 'ઘણા લોકો ધર્મ તો કરે છે પણ ઉજમાળતા દેખાતી નથી ? ને કેટલાકનું જો ભાગ્ય ખીલ્યું હોય છે, તો ધર્મમાં આગળ ધપે છે !' આનો અર્થ એ છે કે- પૈસા મહેનતથી મળે અને ધર્મ ભાગ્યથી. પણ પાછું વિચારતાં એક કોયડો ઊભો થઈ જાય છે ! કે તો પછી બધે ધાર્યું કેમ નથી બનતું ? અને ધર્મની વાતમાં કેમ હાથ જોડીને બેસી રહે કામ પતી નથી જતું ?

આના સ્પષ્ટીકરણમાં વસ્તુસ્થિતિ એવી છે કે દુન્યવી સગવડ-અગવડનો મુખ્ય આધાર પ્રારબ્ધ છે.

**પ્ર.**- "એટલે શું પ્રારબ્ધ છે માટે મોંમાં કોળીયો આવી જાય ઘેર બેઠાં ?"

ઉ.- હા ! તમારી શ્રદ્ધા જો એવી હોય તો તે પણ થાય. પણ તે શ્રદ્ધા નથી માટે બજારમાં દોડવું પડે છે !

**પ્ર.**- બજારમાં પણ રોજી ક્યાં મલે છે ? નહિતર આટલી બેકારી હોય ?

ઉ.- માટે જ કહો કે પુરુષાર્થનું કંઈ ઉપજતું નથી, જો પ્રારબ્ધ નબળું છે તો.



E:/Divya-Darshan(part-12).pmd/prf.4

દહીંમાંથી માખણ કાઢવા દહીંમાં પાણી નાખવું પડે છે. તો દહીં જેટલું સ્થાન પ્રારબ્ધનું છે અને પાણી જેટલું સ્થાન પુરુષાર્થનું છે. માખણ પાણીમાંથી આવે કે દહીંમાંથી ? જેમ ધન તો તિજોરીમાં જ છે, ચાવીમાં નહિ. પણ ચાવી નિમિત્ત બને છે. તેમ સગવડ-સંપત્તિ પ્રારબ્ધમાં છે. પુરુષાર્થ એને ખોલવા નિમિત્ત બને છે. પરંતુ જો પ્રારબ્ધની તિજોરીમાં ધન નહિ, તો પુરુષાર્થની ચાવી નકામી.

પ્રારબ્ધ બે પ્રકારનાં હોય છે (૧) નિમિત્ત આપો તો ઉઘાડાં થાય. (૨) વિના નિમિત્તે ઉઘાડા થાય. ચોમાસાની ઋતુ છે. પેટ ભરીને ખાઈ લીધું છે પણ મરચું મીઠું ભભરાવેલી, પાણીથી ભરચક કાકડી જોઈ, ને ઉડાવી ગયા. સાંજ પડી ને તાવ આવ્યો તો તાવરૂપી પ્રારબ્ધ તો જ ઉદયમાં આવ્યું, જો કાકડી ખાધી. તાવ આવે પ્રારબ્ધથી જ; પણ અસત્ પુરુષાર્થનું નિમિત્ત મલ્યું. પ્રારબ્ધના બીજા પ્રકારમાં માણસ ઘણુંયે આરોગ્ય સાચવતો હોય છતાં અવસરે ડાક્ટર કહી દે છે -તમને ક્ષય છે કેન્સર છે, આ વિના-નિમિત્તે માંદો પડ્યો તે ય પ્રારબ્ધ પણ નિમિત્ત કોઈ નહિ. તમે દુકાને જાઓ છો કે નોકરી-મહેનત કરો છો, તો પૈસા મેળવો છો. આ તમારો પુરુષાર્થ તો ખરો;

પરંતુ તેનું સ્થાન કેટલું ને પ્રારબ્ધનું સ્થાન કેટલું ? આ પ્રારબ્ધ સનિમિત્તિક છે, તે જે ઉદયમાં આવે છે તેમાં વિશેષતા પ્રારબ્ધની કે પ્રારબ્ધને ઉઘાડનારની ? જેમ ઝવેરી ઝવેરાતનું માપ કાટલાં મૂકીને કરી આપે છે. પણ કિંમતી કોણ ? કાટલાં કે ઝવેરાત ? સોનાને સો ટચનું બતાવે છે કસોટીનો પાષાણ પણ કિંમતી કોણ ? જેમ ઝવેરાત અને સોનું કિંમતી તેમ પ્રારબ્ધ જ કિંમતી કહેવાય. સેઈફડીપોઝીટને ચાવી લગાડી, ને પૈસા નીકાળ્યા તો શું પૈસા ચાવીએ આપ્યા ? ના, એ તો અંદરમાં થાપણ મૂકેલી હતી તો મલ્યા. તેમ પુરુષાર્થ કામનો ખરો પણ તેનું સ્થાન ચાવી જેટલું ! ચાવી જેમ પૈસા ન આપે તેમ પુરુષાર્થ પૈસા નથી આપતો, પરંતુ પ્રારબ્ધની થાપણ પૈસા આપે છે ! આ વસ્તુની જો મનુષ્યને ખબર હોય તો જરૂર તે ઘણા વલોપાતમાંથી મુક્તિ મેળવે.

સવારમાં ઉઠીને બાઈ સીધી જ દહીંની ગોળીમાં પાણી નાખી મંથન કરવા લાગી જાય, પણ એ ખબર ન રાખી હોય કે અંદર દહીં છે કે નહિ ! પછી એક કલાક થયો છતાં માખણ નીકળતું ન જોતાં, અંદરમાં જુએ કે 'ઓહો ! આ તો અંદર દહીં જ નથી ?' તેમ અહીં બજારમાં પુરુષ દોડ્યો. છ કલાક ટીચાયા પણ પૈસા ન મલ્યા !' ત્યાં એણે અંદરમાં જોવું જોઈએ કે પુરુષાર્થનું પાણી લઈને જ છ કલાક મથ્યો, પણ અંદરમાં પ્રારબ્ધરૂપી દહીં નથી, તો પૈસારૂપી માખણ ક્યાંથી



મળે ? અહીં એ પૈસા ન મલ્યા, તે બદલનો શોક નહિ કરે; પરંતુ નવું પ્રારબ્ધ ઊભું કરવાની તાલાવેલી જગાવશે.

આ જગાએ 'છ કલાકનો પુરુષાર્થ કરવા છતાં પૈસા ન મલ્યા' આ શોક હશે તો છ ના બદલે ૧૨ કલાકનો પુરુષાર્થ કરવા તૈયાર થશે ? પણ એ તો પેલી ગોળીમાંથી માખણ ન નીકળતું જોઈ, બાઈ જો 'પાણીની ખામીથી માખણ નથી નીકળતું માટે લાવ બીજું પાણી ઝીંકું' એમ કરીને પાણી નાખે-તો તે જેવી મૂર્ખ ગણાય તેવો આ છના બાર કલાક કરનારો મૂર્ખ ગણાય. ખેડૂત ગમે તેટલી મહેનત કરે પણ અંદરમાં બીજ જ ન હોય તો ? અને જો બીજ હોય- તો તે બીજ જેવું હોય તેવો માલ નીકળે ! તેમ અહીં જેવું સારું-નરસું પ્રારબ્ધ હોય તે મુજબ સુખ-દુઃખ મળે. એ સમજી રાખો કે પૈસા પ્રારબ્ધની ધારણા પર આવે છે. આપણી ધારણા પર નહિ. આપણી ધારણા મુજબ દુન્યવી ધન આવતું, ટકતું કે વર્તતું નથી. ગમે તેટલા દવાના ટંક રાખ્યા હોય છતાં શરીર એની ધારણા મુજબ ચાલતું નથી ! કેમ આમ ? કહો કે પ્રારબ્ધ વાંકું એટલે બધું જ વાંકું ! પ્રારબ્ધની ચીઠ્ઠી પર દુન્યવી સુખ-સગવડો આવવાની, રહેવાની અને વર્તવાની. તેની આગળ પુરુષાર્થ સાવ ફિક્કો પડી જાય છે. જો પ્રારબ્ધ અનુકૂળ તો પુરુષાર્થ મામુલી જ જોઈએ. આજે રોટલોદાળ ખાઈને જીવનારા અલમસ્ત શરીરના પ્રારબ્ધવાળાં છે, જ્યારે કેટલાક એવા શરીરના પ્રારબ્ધ વિનાના છે કે દૂધની મલાઈઓ ઉડાડવા છતાં ટાંટીયા લથડતા હોય છે ! આપણે તેને પૂછીયે કે- 'કેમ આમ ?' કહેશે એ 'ભાઈસા'બ ખબર નથી પડતી !' બસ, એ જ, ખરાબ પ્રારબ્ધ !

માટે, આ પરિસ્થિતિમાં એક માત્ર પ્રારબ્ધને ધર્મથી જ પુષ્ટ કરવાનું કામ રાખો, **જો પ્રારબ્ધ વાંકુ છે તો તેને સીધું કરવા ધર્મનું શરણ લ્યો; અને પ્રારબ્ધ જો હોવા છતાં તે ખવાઈ રહ્યું છે, તો પણ ધર્મનું જ શરણ લ્યો.** સુખી કે દુઃખી સર્વ કોઈ ધર્મના શરણે રહેનારા હોય, જીવનમાં જેટલી ભરચક ધર્મની સાધના, તેટલી શુભ પ્રબળતા અને ભાવી દીર્ઘકાળમાં આબાદી.

**-(કલ્યાણના સૌજન્યથી)**





E:/Divya-Darshan(part-12).pmd/prf.4

(૨૭)

# કથા કથન કૌશલ્ય

- પૂ. મુનિરાજ શ્રી કલ્યાણબોધિવિજય મ.

નીતરતા સંવેગ અને વિરાગનો જીવતો-જાગતો પિંડ એટલે પૂજ્ય ગુરુદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા. તેથી જ, તેઓશ્રીના પ્રવચનમાં જોવા મળતા સમ્યગ્દર્શનના ઝગ-ઝગારા એ શબ્દ વિલાસ નહોતો પણ તેઓશ્રીના અંતરમાં ઝળહળતા સમ્યગ્દર્શનનું પ્રતિબિંબ હતું. તેઓશ્રીના પ્રવચનમાં નીતરતો અને રેલાતો વિરાગ એ કાંઈ નટ-માયા નહોતી પણ હૃદયગંગામાંથી વહીને રેલાતુ પવિત્ર ઝરણું હતું, વાણીમાં સઘનતા હતી, શબ્દોમાં અર્થનું ઊંડાણ હતું, ઉપદેશમાં વેધકતા હતી, વદનારવિંદમાંથી ઝરતા અમૃતકણોમાં, જીવનવિકાસના ભાવોની અભિવ્યક્તિ હતી. તેનું કારણ એ જ હતું કે, તેમની વાણી જ નહિ, જીવન પણ બોલતું હતું. આમ તો તેઓશ્રી સ્વયં જીવતું-જાગતું વ્યાખ્યાન હતા તેથી જ પ્રવચનસભામાં તેઓશ્રીની અવિરત વાગ્ધારા વહેતી ત્યારે એમ જ લાગતું કે આ સુધર્માપીઠ ઉપર બિરાજીને કોઈ અજબનો ગારુડી ગારુડીમંત્રનું ઉચ્ચારણ કરી રહ્યો છે, કારણ કે સભામાં બેઠેલા શ્રોતાજનો ઊતરતા જતા મોહવિષથી ભાવ-નિરામયતા તરફ ધપી રહ્યાની અનુભૂતિ કરતા...કહેવાય છે કે, વાણી જેટલે ઊંડેથી નીકળે તેટલા ઊંડાણ સુધી પહોંચે.

અસીમ ગુરુકૃપા હોય, અજોડ બુદ્ધિપ્રતિમા હોય, પ્રકાંડ પાંડિત્ય હોય, વિપુલ અને વિશદ શાસ્ત્રબોધ હોય, જીવો પ્રત્યે તીવ્ર કરુણાનો ભાવ અને પ્રકર્ષપ્રાપ્ત પરાર્થવૃત્તિ હોય, મંત્રમુગ્ધ કરી દે તેવી વક્તૃત્વશક્તિ હોય, ઔત્પત્તિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી એ ચાર પ્રકારની બુદ્ધિનો સુભગ સમન્વય થયેલો હોય અને અપાતો ઉપદેશ જીવનમાં સંપૂર્ણ વણાયેલો હોય અને પછી જે પ્રવચનધારા વહે તે મોહચંડાલના કેવા બૂરા હાલ કરી દે તે તો પૂજ્યશ્રીનાં પ્રવચનો સાંભળનાર હજારો શ્રોતાઓએ અનુભવેલો આસ્વાદ છે. દ્રવ્યાનુયોગ કે ગણિતાનુયોગના તો તેઓશ્રી અચ્છા નિષ્ણાત હતા જ, ગ્રન્થસ્થ ચરણકરણાનુયોગને પોતે જીવનસ્થ બનાવ્યો હતો અને ધર્મકથાનુયોગથી શેષ ત્રણ અનુયોગનો પણ વિનિયોગ કરવાની



અદ્‌ભુત કળા હતી. શ્રાવક પ્રતિક્રમણસૂત્રની પેલી ગાથા પૂજ્યશ્રી ઘણી વાર સંભારતા :

**चिर-संचिअ-पाव-पणासणिई, भव-सय-सहस्स महणीए**
**चउवीस-जिण-विणिग्गयकहाइ, वोलन्तु मे दिअहा ॥**

ચિરસંચિત એવાં પાપોનો પ્રકર્ષથી નાશ કરનારી અને લાખો ભવોને છૂંદીને નાંખનારી, ચોવીસ જિનેશ્વર પરમાત્માના મુખમાંથી નીકળેલી કથાઓના શ્રવણમાં મારા દિવસો પસાર થાઓ. તેથી, પ્રવચનોમાં મહાપુરુષોના ચરિત્રનું આલંબન લઈને પૂજ્યશ્રી બોધ પીરસતા. સેંકડો શાસ્ત્રીય કથાઓ પૂજ્યશ્રીને સુસ્પષ્ટ ઉપસ્થિત હતી. સંવત ૨૦૦૬/૭/૮ દરમ્યાન લાલબાગ-શાંતિનાથ-નમિનાથ આદિ સ્થાનોમાં તેમનાં પ્રવચનોએ મોહમયી મુંબઈના નવલોહિયા યુવાનો પર ગજબનું કામણ કર્યું હતું. બબ્બે કલાક સુધી અવિરત પ્રવચનધારા વહેતી. અડધા કલાક પહેલા ઉપાશ્રય હાઉસફુલ થઈ જતા. પૂ. પદ્મવિજયજી ગણિવર્ય મધુર કંઠે ધન્ના, શાલિભદ્ર, ઝાંઝરિયા મુનિ, ખંધક ઋષિ વગેરેની સજ્ઝાયોના પદો લલકારતા, જે સાંભળતા જ રોમાંચ ખડા થઈ જતા. તે પછી તે પદો ઉપર પૂજ્યપાદશ્રી પ્રવચન ફરમાવતા ત્યારે સૌ ડોલી ઊઠતા.

વિહારનાં ગામોમાં તથા ચાતુર્માસ આદિમાં પણ રવિવાર જેવા દિવસોએ પૂજ્યશ્રીનાં વિશિષ્ટ વિષયો પર વ્યાખ્યાનો થતાં. આ વિષયોમાં મોટે ભાગે કથાનું આલંબન રહેતું.

❖ ❖ ❖



E:/Divya-Darshan(part-12).pmd/prf.4